
શ્રી અનુયોગદ્વાર સૂત્ર



લેખક : ન્યા.વ્યા.કા.તીર્થ
પંન્યાસ શ્રી પૂર્ણાનંન્દ વિજયજી મ.સા.
(કુમારશ્રમણ)

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુ
નમો નમઃ શ્રી ગુરુધર્મસૂરયે

શ્રી અનુયોગદ્વારસૂત્ર

(સમ્પૂર્ણ)

★★★★

સમ્પાદક,
પંડિતપ્રવર, શ્રી વસંતલાલભાઈ
(ધાર્મિક પ્રાધ્યાપક)

પ્રસ્તાવના લેખક :-
પંન્યાસ પ્રવર શ્રી અરૂણવિજયજી મ.સા.ગણિવર્ય

પુસ્તક લેખક :-
ન્યા. વ્યા. કા. તીર્થ
પંન્યાસ શ્રી પૂર્ણાનન્દ વિજયજી (કુમાર શ્રમણ)

પ્રકાશક :-
જગજીવનદાસ કસ્તૂરચંદ શાહ સંઘવી
મૂ.પો. સાઠંબા. ૩૮૩૩૪૦.
ગુજરાત.

પ્રથમાવૃત્તિ : ૨૦૦૦


મહાવીર સં.૨૦૧૭. ધર્મ સં.૬૯. સન્. ૧૯૯૧.
વિક્રમ સં.૨૦૪૭.
ભાદરવાસુદિ ૧૪.
(સ્વ. વિજયધર્મસૂરિસ્વર્ગવાસ દિવસ)

મૂલ્ય - ૩૫=૦૦

મુદ્રકઃ- સુપર ઈમેજશોટિંગ સેંટર,
મલાડ(વેસ્ટ),મુંબઈ-૪૦૦ ૦૬૭.
ફોન:૬૯૧૮૩૪

મૂળનાયક

ભાવન જિનાલય (ભાયંદર)



શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ

દ્રવ્ય સહાયકોની નામાવલી

૩૧૦૦૦/- ભાયંદર (વેસ્ટ) બાવનજિનાલય ના જ્ઞાન ખાતામાંથી.

૨૫૦૦૦/- શ્રી સંભવનાથ જૈન દેરાસર ટ્રસ્ટ, જમળી ગલી, બોરીવલી (વેસ્ટ)

૨૧૦૦૦/- શેઠ શશિકાંત રતિલાલ શાહ, ૨/૫૭ શશિકાંત નગર, ભાયંદર (વેસ્ટ)

૨૦૦૦/- વાલચંદજી અંધેરી (વેસ્ટ)

૧૦૦૦/- ધીરજબેન રતિલાલ સલોત જુહુસ્કિમ,

૫૦૦/-મંજુલાબેન રતિલાલ શાહ કાંદિવલી (વેસ્ટ)

સમર્પણ

મોહમહારાજાના સૈનિકોથી જકડાયેલો,
માયાના અન્ધકારમાં તરફડીયા મારનારો,
માટે જ સર્વથા અનાથ બની ગયેલો,
હું કરાંચી મુકામે આપશ્રીના ચરણોમાં,
શિક્ષિત થવા માટે દીક્ષિત થયો.

અને સારા કારીગર પાસે ઘડાયેલી મૂર્તિની જેમ કંઇક બનવા પામ્યો છું.

તે મહાન લેખક. પ્રખરવકતા. શાસનદીપક તથા સમાજ સુધારક. સ્વ. ગુરૂદેવ ૧૦૦૮

શ્રી વિધાવિજયજી મ.ના. કરકમળોમાં

આ ગ્રન્થ સમર્પિત કરીને ધન્ય બનું છું

આપશ્રીનો સદૈવ ઋણી.
પૂર્ણાનન્દ વિ. (કુમારશ્રમણ)
ની વન્દના



શ્રી બિઘા વિજય મહારાજ

ગુરુ વંદન

જગત્પૂજ્ય શાસ્ત્રવિશારદ,જૈનાચાર્ય,



સ્વ. શ્રીમદ્વિજય ધર્મસૂરીશ્વરજી મ.સા.

'પ્રકાશકીય નિવેદન'

શાસ્ત્રવિશારદ. જૈનચાર્ય શ્રી વિજય ધર્મસૂરીશ્વરાય નમ:

૭૨. વર્ષની પાકટ ઉમ્રે પણ આગમ ગ્રન્થોના પાઠક અને વિવેચક પૂ.પં.શ્રી પૂર્ણાનન્દ વિજયજી મહારાજ (કુમારશ્રમણ) ની અનુમોદના જ કરાવની રહેશે કે, શરીર સ્વાસ્થ્ય બરાબર ન હોવા છતાં પણ અત્યન્ત પરિશ્રમ પૂર્વક અનુયોગ દ્વારસૂત્ર (મૂળ ચાર આગમ માંથી એક) સંઘના કરકમળોમાં સમર્પિત કરી રહયાં છેં. જૈનાગમો માં પ્રવેશ કરવા માટે દ્વાર સમા આ સૂત્રનું વાંચન, મનન અને નિદિધ્યાસન કરી સૌ કોઈ સમ્યગ્જ્ઞાન મેળવે. એજ આશા છે. પંડિત શ્રી વંસતલાલ ભાઈના અમે ઋણી છીએ. પ્રેસના માલિકોને તથા ખુબજ ઉદારતા પૂર્વક દ્રવ્ય સહાયક બનનારા. ભાયંદરસંઘ (બાવન જિનાલય) ના ટ્રસ્ટીઓના અમે સદૈવ ઋણી રહીશું.

મુંબઈ મલાડ (વેસ્ટ) શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ ના મંદિરે ચાતુમસિ બિરાજમાન સમાજ અને શાસનની અનેક પ્રવૃતિઓમાં એકાગ્ર હોવા છતોં પણ આ પ્રસ્તુત પુસ્તક માટેની હૃદયંગમ્ય વિદ્વદ્ભોગ્ય. પ્રસ્તાવના લખી આપવાની જે ઉદારતાના દાખવી છે. તે માટે તેમનો ઉપકાર ભૂલાય તેમ નથી.

લિ. સંઘવી જગજીવન દાસ કસ્તૂરચંદ શાહ

સાઠંબા:- ૩૮૩૩૪૦

૨૦૨૭, આસો મહિનાની શાશ્વતીઓલી

जैनी वाणी स्तुतिः

जीयाद जीयात् सदाजीयाद जैनी वाणी जगत्त्रये !
संसारताप दग्धानां जीवानां सौख्यदायिनी ॥१॥
अर्हद्वक्त्र प्रसूता या कर्मौघदाहने क्षमा
मोहक्रोध शमे मुख्या. मोक्षमार्ग विधायिका ॥२॥
जैनी वाणी प्रथयतु सुखं माद्शेभ्यो जनेभ्य;,
'पूर्णानन्दा' जिनवरमुखे शोभमाना सदैव.
पापासक्तै र्विनयवंतैः क्रोधमायासु बध्धै.
सेव्या पूज्या नहि भवति या दुर्जनैः सा सतीव ॥३॥
मन्मतिज्ञानलाभार्थे. भाषायां परिवर्तितम् ।
अनुयोगस्य सूत्रं तत्. पूर्णानन्दं ददातुमे ॥४॥

पं. पूर्णानन्द विजय (कुमारश्रमण)

ગ્રન્થ લેખક ન્યા. વ્યા. કા. તીર્થ પંન્યાસજી શ્રી



શ્રીમત્ પૂર્ણાનન્દ વિજય મ. (કુમાર શ્રમણ)

દીક્ષાઃ- વિ. સં. ૧૯૯૪ માગશર સુદિ ૧૦ કરાંચી (સિન્ધ)

લેખક નિવેદન

વિ.સ. ૧૯૨૮,૨૯.૩૦ ના ત્રણ ચાતુર્માસો પૂનાસિટિ માં પૂર્ણ કરી, સંગમનેર ની પ્રતિષ્ઠા પતાવી હું બોરીવલી (વેસ્ટ) આવ્યો, અને વર્ષાવાસ (ચાતુર્માસ) ત્યાં જ પૂર્ણ કર્યો. ભગવતી સૂત્રસાર સંગ્રહ નો પહેલો ભાગ ત્યાં પ્રકાશિત થયો. પછી તો ક્રમશઃ ભાગ બીજા ત્રીજા અને ચોથા માં પંચમાંગ ભગવતી સૂત્રને પૂર્ણ કર્યું, દશમાંગ પ્રશ્ન વ્યાકરણ (પન્હાવાગરણં) પરપણ ઠિકઠિક પરિશ્રમ થયો અને સફળ બન્યો.

૨૫-૨૬ વર્ષના મારા સાથીદાર શિષ્ય તપસ્વી મુનિ શ્રી દેવવિજયજી મ. ભિવંડી ના ચાતુર્માસ માં અને સંઘાણી એસ્ટેટ માં તપસ્વી ગૌતમ વિજયજી મ. સ્વર્ગવાસી બન્યા પછી પ્રાપ્ત થયેલી હતાશાના કારણે. થાણા- દાદર અને મરીન ડ્રાઈવ ના ચાતુર્માસો માં લખવાની ક્રિયા મુદલ થઈ નથી. ગત વર્ષ નો ચાતુર્માસ ભાયન્દર (વેસ્ટ) માં હતો. પાછો ઉત્સાહ આવ્યો. ભાવનજ્ઞાનલય ન્યાસ્ટીઓની પણ ઉદારતા પ્રાપ્ત થઈ અને અનુયોગ દ્વાર સૂત્ર પર જે કઈ લખાયું. જેટલું લખાયું તે મારા જેવા ટુંક પુજ્યા માટે પર્યાપ્ત છે. યદ્યપિ આસૂત્રની વાંચના બે ત્રણ વાર આપેલી, પણ સ્કન્ધના નિક્ષપ થી આગળ વધી શકાયુ નથી. પણ લખવાનો જ્યારે પ્રારભ કર્યો. ત્યારે ઠંડા દિમાગે આ ગ્રન્થ જેમ જેમ જોવાતો ગયો તેમ તેમ હૃદયંગમ થતો ગયો.

ગુરૂ દેવની મેહરબાની હોય, અભ્યાસમાં નકકરતા હોય, સરસ્વતી માતાની કૃપાદષ્ટિ હોય, મકકમતા સાથે નો નિર્ણય હોય અને ક્ષયોપશમ સાથે દોસ્તી સધાઈ ગઈ હોય તો પ્રારબ્ધેલ કાર્યમાં પૂર્ણતા પ્રાપ્ત થયા વિના બીજે ક્યાં જવું ?. [illegible]

થોડી વાર લાગે તે બનવા જોગ છે.

આશાતીત અને કલ્પનાતીત વાવાઝોડાઓ સહ્યા પછી પણ ચતુર્વિધ સંઘના ભાગ્યયોગે અત્યારે ૪૫, આગમ બચવા પામ્યા છે. આગમ, આગમ જ હોય છે. જેમાં જ્ઞાન ની અગાધતા હોવા ના કારણે તેમાં પ્રવેશ કરવા માટે આ પ્રસ્તુત આગમ. મૂળ આગમ સ્વરૂપે કહેવાયો છે. તેનો અભ્યાસ કર્યા પછી જ યદિ સંસ્કૃતાદિ ભાષાની કઠિનતા વિઘ્નરૂપે બનવા ન પામે તો આગમોમાં પ્રવેશ સુલભતા થી થઈ શકશે કેટલાક ટીકાકારો ની ભાષા અત્યન્ત સરળ હોવાના કારણે આગમ જ્ઞાન ના જિજ્ઞાસુ ઓને પ્રવેશ કરતા વાર લાગતી નથી. આગમ ના એક સૂત્રને બીજા સૂત્ર સાથે સંબંધિત કરવામાં ભદ્રબાહુ સ્વામી રચિત નિર્યુકિતઓ નો ઉપકાર કયારેય ભૂલાય તેમ નથી છતાં તે નિર્યુકિતઓ નિક્ષેપ પૂર્વકની હોવાથી તેની દુર્ગમતા ને ટાળવા માટેજ અનુયોગ દ્વાર સૂત્ર મૂળાગમ રૂપે માન્ય રહયો છે. ઈત્યાદિ કારણોને લક્ષ્યમાં રાખીને પ્રારંભમાં અનુયોગ દ્વાર સૂત્રનું મનનનિદિધ્યાસન કરી લેવામાં આવે તો વાંધો આવે તેમ દથી.

લાબ્ધિ લક્ષમણ શિશું, સ્વ. જૈનાચાર્ય ૧૦૦૮ વિજયકીર્તિ ચન્દ્રસૂરીશ્વર મ.સા. નો ઉપકાર ભૂલાય તેમ નથી કેમકે ભગવતી સૂત્રાદિની ઝેરોકોપી તથા પ્રિન્ટેડ મેટર અક્ષરશ તપાસી લેવાની સાથે સાથે પ્રસ્તાવના દ્વારા પણ મારા પુસ્તકો ને દીપાવ્યા છે. હવે તેઓ દિવંગત છે. માટે સંસ્કુત પ્રાકુત અને આગમ જ્ઞાનના જ્ઞાતા પંડિત વસંતલાલ ભાઈએ આ પ્રસ્તુત પુસ્તકની મેટર અક્ષરશ; તપાસી છે. તેમના સુધારા વધારા ને મેં માન્ય રાખ્યા છે. છતા એકાદસ્થાને અસંગતિ દેખાય તેમાં મારો પ્રમાદ છે. તે મારે કબૂલ કર્યાવિના બીજો માર્ગ નથી મારા ખૂબ ખૂબ પંડિતજીને આશીર્વાદ છે.

ભાયંદર (વેસ્ટે) બાવન જિનાલય ના ટ્રસ્ટીઓ ને ધન્યવાદ

આપ્યા વિના શી રીતે રહેવાય? જેમની ઉદારતા એ મને લેખન કાર્યમાં પુન; પ્રોત્સાહિત કર્યો છે.

નાના મોટા સૌ કોઈને મારા ધર્મલાભ છે.

પ્રેસના માલિકોને ખૂબ ધન્યવાદ છે.

ઓછવત્તા પ્રમાણે દ્રવ્યસહાય કરનારાઓ ને ધન્યાવદ છે.

આમાંથી વધેલી રકમ આગળના બીજા પુસ્તકમાં લેવામાં આવશે.

શાસ્ત્રવિરૂદ્ધ જે કાંઈ લખાયું હોય તે માટે ત્રિકરણ યોગે મિચ્છામિ દુક્કડં આવી ને વિરામ પામું તે પહેલા પ્રસ્તાવના લેખક પંન્યાસ શ્રી અરૂણવિજયજી મ. ને અભિવન્દન, અભિનન્દન આપ્યા વિના રહું તો હું નગુણો કહેવાઉ.

સૂત્રોના નંબર આગમોદય સમિતિના અનુયોગદ્વાર સૂત્ર પ્રમાણે જાણવા. છતાં પણ સૂત્રોના ક્રમમાં કે અભાવમાં હું જરૂર પ્રમાદી બન્યો છું તે માટે ક્ષમા યાચના.

શુદ્ધિપત્રક જોઇને પુસ્તક વાંચવામાં આવશે તો. વાંચનારને આનન્દ આવશે.

છેવટે ફરીથી મારા હિતેચ્છુઓનો આભાર અને ક્ષતિઓની ક્ષમાચના સાથે વિરામ પામુ છું.

લિ. પં પૂર્ણાનન્દ વિજય (કુમાર શ્રમણ)
સી/ઓ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ મંદિર
જુના નાગરદાસ રોડ,
અંધેરી (વેસ્ટ), મુંબઇ - ૪૦૦ ૦૬૯

—: શ્રદ્ધેય ગુરુદેવોનું પુણ્ય સ્મરણ :—

૨૦ મી શતાબ્દીનો પૂર્વાર્દ્ધ ભારતદેશને માટે સુવર્ણયુગ હતો, તેમાં પણ સૌરાષ્ટ્ર ભૂમિનો ઉપકાર ન ભૂલાય તેવો હતો. કારણ કે ૫-૬ શતાબ્દીઓથી રાજ નૈતિક, ધર્માન્ધતા અને રૂઢિચૂસ્તતાના અભિશાપે. ભારતભૂમિએ જે ગુમાવ્યું છે તેની ભરપાઈ સ્વતંત્રતા પ્રાપ્ત થયા પછી પણ અશક્ય દેખાય છે. મહાત્મા ગાંધી, દયાનન્દ સરસ્વતી અને પૂ.વિજય ધર્મસૂરિજી મહારાજ આ ત્રણે રત્નોને જન્મ દેનારી સૌરાષ્ટ્ર ભૂમિ છે. પોતાની અદમ્ય પુરૂષાર્થ શક્તિ વડે જે કાર્યોને ભારત તથા પાશ્ચાત્ય દેશના ભાગ્યશાળીઓએ પ્રત્યક્ષ કર્યા છે. તે ચિર સ્મરણીય બનવા પામ્યા છે. જ્યારે આ શતાબ્દિનો ઉત્તરાર્દ્ધ જેવો જોઈએ તેવા ફળો ન આપી શક્યો તેવો અનુભવ આપણે સૌ કરી રહ્યાં છીએ. આ ત્રણે રત્નોમાંથી પ્રસ્તુત વિજય ધર્મ સૂરીશ્વરજી મહારાજ હોવાથી તેમનું જીવન કવન અને કાર્યોની રૂપરેખા જ આ નિબંધમાં બતલાવવાની રહી.

"વીશમી સદીના પ્રખર સુધારક, શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય શ્રી વિજય ધર્મ સૂરીશ્વરજી મહારાજ ના નામથી ભાગ્યે જ કોઈ વિદ્વાન અજાણ્યો હશે. વીશ વર્ષની ભરજુવાનીમાં સંસારની અસારતા પારખી, પારસમણી સરખા પ્રશાન્તમૂર્તિ શ્રી વૃદ્ધિ ચન્દ્રજી મહારાજ પાસે તેમણે દીક્ષા અંગીકાર કરી હતી. ગુરુકૃપાથી જૈન શાસ્ત્રોનું અવગાહન કરી ત્યાગ-તપ અને ઉત્કૃષ્ટતમ સંયમની આરાધનાથી તેઓશ્રીએ પાતાના જીવનને ઉન્નત બનાવ્યું હતું. તેમના ગુરૂદેવ ના સ્વર્ગ ગમન બાદ એક દિવસે તેમનાં હૃદયમાં જૈન સમાજના કલ્યાણની મહાન ભાવના ઉત્પન્ન થઈ તેમને લાગ્યું કે, જૈન સમાજ આર્થિક દૃષ્ટિએ સાધન સંપન્ન હોવા છતાં

જ્ઞાનના વિષયમાં ઘણો જ પછાત છે, તે ઉપરાન્ત ખોટી રૂઢિઓથી જકડાયેલો છે. આ અજ્ઞાનતા ને દૂર કરવા તેમણે ખૂબ જહેમત લઈ બનારસમાં જૈન પાઠશાળાની સ્થાપના કરી અને જૈન વિદ્વાનોને તૈયાર કરાવા કટિબદ્ધ બન્યા. વિષમ વાતાવરણમાં પણ પોતાની હૃદયની ઉદાત્ત ભાવનાથી અને પોતાના ચારિત્ર બળથી ત્યાંના વિદ્વાનો અને નરેશનો (કાશીરાજનો) પણ પ્રેમ તથા ભક્તિ સમ્પાદન કર્યા. મોટા મોટા પંડિતોને રાખી જૈન શ્રાવકોને ધાર્મિક જ્ઞાન તેમ જ વ્યાકરણ અને સાહિત્યાદિ વિષયોનું તલસ્પર્શી જ્ઞાન કરાવવા માંડ્યું. પ્રાકૃત ભાષાનું પણ જ્ઞાન આપવું શરૂ કર્યું. પરિણામે તે પાઠશાળામાંથી પંડિત સુખલાલજી, પંડિત બેચરદાસજી, પંડિત હરગોવિંદદાસ, પં લાલચંદ્રભાઈ, ભગવાનદાસ ભાઈ અને વેલજી ભાઈ જેવા મહાન પંડિતો તૈયાર થયા. જેમણે ભારત વર્ષમાં જૈન ધર્મને ગાજતો કર્યો છે.

સાથે સાથે તેમણે એમ પણ લાગ્યું કે જૈન ધર્મ જેવા મહાન ધર્મને જૈનોની સંકુચિત મનોવૃત્તિને લીધે કોઈ જાણતું નથી. જૈન શાસનનું સર્વશ્રેષ્ઠ તત્ત્વજ્ઞાન આજે ભંડારોમાં જ ભર્યું પડ્યું છે. માટે તે અમૂલ્ય ગ્રન્થોને પ્રકાશમાં લાવવા બનારસમાં જ વિવિધ ગ્રન્થમાળા નામની એક પ્રકાશન સંસ્થા ઉભી કરી. જે આગળ જતાં શ્રી યશોવિજયજી જૈન ગ્રન્થમાળા ભાવનગરના નામે પ્રસિદ્ધ થઈ. તેના માધ્યમથી અપ્રકાશિત ન્યાય, વ્યાકરણ કાવ્ય અને તત્ત્વજ્ઞાન આદિના ઉચ્ચ કોટિના ગ્રન્થોનું પ્રકાશન કાર્ય શરૂ કર્યું તથા ભારતના ખ્યાતનામ પંડિતોને તથા પાશ્ચાત્ય દેશોના સ્કોલરોને પણ મોકલવામાં આવ્યા. જેથી તે પંડિતોને જૈન શાસનના મૌલિક તત્ત્વોથી સભર સ્યાદ્વાદ, પ્રમાણ, નય, અહિંસા સંયમ ના ગૂઢ તત્ત્વોને જાણીને પોતપોતાની ભાષામાં અનુવાદિત કર્યા.

જ્યાં જ્યાં શંકા પડતી, ત્યાં ત્યાં વિજય ધર્મ સૂરિજી પાસેથી પત્રવ્યવહાર થી દૂર કરવામાં આવતી. ડૉ. હર્ટલ, હર્મન જેકોબી, ડૉ. શુબ્રીંગ, થોમસ ટેસીટોરી, ડૉ. કાઉજે, (સુભદ્રા દેવી) મીસ જેનસન આદિ ૫૦,૬૦ તે તે દેશોના વિદ્વાનો આચાર્યશ્રી ના અનન્ય ભકત બની ગયા હતાં. જર્મન જેકોબીએ તો અંગ્રેજી ભાષામાં એક નિબંધ લખી, ડંકાની ચોટ સાથે જાહેર કર્યું કે, "જૈન ધર્મ ભારત વર્ષનો સર્વોત્તમ ધર્મ છે, સ્વતંત્ર ધર્મ છે. તથા અહિંસા અનેકાંત તથા કર્મના સિદ્ધાન્ત આદિ મૌલિક સિદ્ધાન્ત અનુપમ અને અનુભવમાં ઉતરે એવા છે. આજ સુધી અમે જૈન ધર્મને બૌદ્ધ ધર્મની કે વૈદિક ધર્મની શાખા સમજતા હતાં. તે ભ્રમણા આ ગુરુદેવની કૃપાથી ચાલી ગઈ છે." આમ તેઓએ જૈન ધર્મને પ્રકાશમાં લાવવા સાથે જૈન ધર્મની મૌલિકતા જગતના વિદ્વાનોને સમજાવી છે. તે સમયે ભારત દેશમાં અંગ્રેજી રાજય હતું માટે તેઓનું વાક્ય બ્રહ્મવાકય મનાતું હતું. આ નિબંધના પરિણામે ભારતના વિદ્વાનો પણ જૈન ધર્મ પ્રત્યે આકર્ષાયા અને અભ્યાસ કરવા લાગ્યા.

ગુજરાતના મહાન સાક્ષર સ્વ. આનન્દ શંકર બાપુભાઈ ધ્રુવે, કલિકાળ સર્વજ્ઞ હેમચન્દ્રાચાર્ય રચિત સ્યાદ્વાદ મંજરી ગ્રન્થને અંગ્રેજીમાં સંપાદન કરવા સાથે તે ગ્રન્થની પ્રસ્તાવનામાં લખ્યું કે, શ્રી શંકરાચાર્ય જેના પણ અનેકાન્તના સિદ્ધાન્તને સમજવામાં થાપ ખાઈ ગયા છે. વાસ્તવમાં અનેકાન્ત વસ્તુને સમજવા માટે એક સાચી દષ્ટિ આપે છે. જેથી કર્મકલેશોથી મુકત થઈ શાન્તિનો અનુભવ થાય છે. આચાર્ય શ્રી વિજય ધર્મ સૂરિજી મહારાજ સાહેબે જોધપુરમાં ત્યાંના રાજાની સંરક્ષતામાં એક જૈન સાહિત્ય સમ્મેલન ભર્યું હતું. જેમાં જૈન ધર્મના ઉત્તમોત્તમ હસ્તલિખિત પ્રતાકાર તેમ

જ પુસ્તકાકાર ગ્રન્થોને પ્રકાશનમાં મૂક્યાં હતા. યુરોપથી ડૉ. હર્ટલ અને હર્મન જેકોબી આ સમ્મેલનમાં પધાર્યા હતા. કલકત્તા સંસ્કૃત એસોસીએશનના પ્રિન્સીપાલ બહુશ્રુત સતીશચન્દ્ર વિદ્યાભૂષણ ઉપરાન્ત ભાવનગરથી શેઠશ્રી કુંવરજી ભાઈ આણંદજી આદિ જૈન આગેવાનો પણ પધાર્યા હતા. અને ખૂબ જ પ્રભાવિત થયા હતા.

તેઓશ્રીનું શિષ્યમંડળ પણ એટલું જ શક્તિશાળી અને ચારિત્ર સમ્પન્ન હતું. ઈતિહાસ તત્ત્વ મહોદધિ આચાર્યશ્રી વિજયેન્દ્રસુરિજી, સત્ક્રિયાભરૂચિ આચાર્ય શ્રી વિજયભક્તિ સૂરિજી, ન્યાય વ્યાકરણ કાવ્ય તીર્થ ઉપાધ્યાય મંગળ વિજયજી મ. શાસનદીપક, મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી મ., ન્યા. ન્યા. તીર્થ મુનિરાજ શ્રી ન્યાય વિજયજી મ. શાન્ત મૂર્તિ મુનિરાજ શ્રી જયન્ત વિજયજી મ. આદિ તેઓના શિષ્યો પોતપોતાના વિષયોમાં સમર્થ હતાં. જેઓએ જૈન શાસનની અને સમાજની સર્વતોમુખી સેવા કરી છે.

આચાર્ય શ્રી વિજય ધર્મસૂરિજી મહારાજે સ્થળે સ્થળે બાળાશ્રમોની સ્થાપના કરી સમાજમાં જ્ઞાનની જ્યોત પ્રગટાવી છે. રાજા મહારાજાઓ ને પ્રતિબોધિત કરી ધર્મના રાગી બનાવ્યા છે. જાહેરમાં ઉપદેશ આપવાની પ્રથા શરૂ કરી આમ જનતાને જૈનધર્મની મહત્તા સમજાવી. આબૂ તીર્થની મહાન આશાતના ટાળી શાસનની અભૂતપૂર્વ સેવા બજાવી છે. દ્રવ્ય ક્ષેત્ર-કાળ અને ભાવ ને જોઈને સમયાનુસાર બધી વસ્તુઓનો વિચાર કરવાનું સમજાવી સમાજને સાચી દૃષ્ટિ આપી છે.

આવા સમ્યગ્દૃષ્ટિ સમ્પન્ન, જ્ઞાન ચારિત્રના પાલક અને ઉપદેશક, સમ્પૂર્ણ અહિંસક ખાદીના વસ્ત્રમાં શોભતા આચાર્યદેવને ભૂરિ ભૂરિ ભાવવન્દના.

તેમના ઘણા શિષ્યોમાં શાસન દીપક પ્રભાવશાળીવક્તા, અહિંસા ધર્મના પ્રચારક, સત્યનિષ્ઠ, શિક્ષણના પક્ષપાતી ઉપરાંત આગમ, સાહિત્ય, ઈતિહાસ, તત્ત્વજ્ઞાન નાટક આદિ ઘણા ગ્રન્થોના લેખક મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી મ. જેઓ ભારત દેશના ખ્યાતનામ મહાપુરૂષોમાં એક હતાં. માટે ગુરૂદેવના માનમાં તે સમયના કરાંચીના ગવનરિ એકમાસને માટે પછી ચાહે ગમે તેટલા પુસ્તકો રજીસ્ટરમાં, બુકપોસ્ટમાં તથા તાર ટપાલ આદિનો પોસ્ટ ચાર્જ રદ્દ કર્યો હતો. વ્યક્તિત્વ -વક્તૃત્વ સંયમપૂર્ણ હોવાથી ઈતિહાસના પાને શુક્રના તારાની જેમ ચમકેલા પૂ. ગુરૂદેવને ભૂરિ ભૂરિ ભાવ વન્દના.

વિ. સં. ૧૯૯૪ ના માગસર સુદિ ૧૦ ના દિવસે સિન્ધપ્રાન્તસ્થ કરાંચી નગરે અત્યારના પૂ. પંન્યાસજી શ્રી પૂર્ણનન્દ વિજયજી મ. (કુમાર શ્રમણ)ને દીક્ષા આપી હતી. તે સમયે ભારત દેશ પર બ્રિટીશ રાજય હતુ. પઠનશીળ મુનિરાજ શ્રી અપ્રમાદી બન્યા અને ન્યાય વ્યાકરણ તથા કાવ્ય તીર્થની પરીક્ષામાં ઉતીર્ણ થયા. ઘણાઓના પાઠક પણ બન્યા. દ્વાદશાંગીમાં સર્વશ્રેષ્ઠ ભગવતી સૂત્ર પર વિશદ વ્યાખ્યા કરી ચારભાગમાં તથા પ્રશ્ન વ્યાકરણ (દશમાંગ)ને પણ વિવેચિત કરી શ્રુત ભક્તિના પાકા રસિયા બનેલા તે પંન્યાસશ્રી એ આ પ્રસ્તુત આગમ અનુયોગ દ્વાર સૂત્ર પણ પ્રકાશિત કરી. સંઘના કરકમળોમાં અર્પિત કર્યો છે. આ વી રીતે આગમ સાહિત્યની સેવા કરનારા પૂ. પંન્યાસશ્રીને પણ ભાવ વન્દના કરી વિરામ પામું છું.

— લે. પં. અમૃતલાલ તારાચંદ દોશી.
વ્યાકરણ તીર્થ.
ભાંડુપ (વેસ્ટ)

પ્રસ્તવાના

(લેખક:- પંન્યાસ અરૂણવિજયજી ગણી
(રાષ્ટ્રભાષારત્ન-વર્ધા. સાહિત્યરત્ન-પ્રયાગ જૈનન્યાય દર્શનાચાર્ય મુંબઇ)

માનવ મન વિચારશીલ છે. જ્ઞેય પદાર્થો જે દષ્ટિ સમક્ષ ઉપસ્થિત થાય છે. તેતે પદાર્થો ના વિચારો મનમાં સમુદ્રના મોઝા ની જેમ નિરંતર ચાલ્યાજ કરે છે. જ્ઞેય પદાર્થોના સ્વરૂપની જાણકારી માટે જ્ઞાનની આવશ્યકતા રહે છે. જ્ઞાનપ્રાપ્તિ કરવામાટે જ્ઞાનના આધારભૂત શાસ્ત્રો સાચું દિશાસૂચન કરી શકે, અને તે માટે શાસ્ત્રરૂપી રત્નાકરમાં અન્ત:પ્રવેશ કરવો પડે છે. એનું ઉંડાંણ માપવું પડે છે. શાસ્ત્ર- ગ્રન્થોનું જેટલું અવગાહન પરીશીલન જે કરી શકે તે જ આત્મા સચ્ચિદાનન્દ પરમાનન્દ પણું પાપ્ત કરી શકે છે.

જ્ઞાન આત્માનો ગુણ છે. સ્વભાવ છે. અને આત્મા જયારે સ્વભાવદશામાં થી બહાર નિકળી વિભાવદશામાં પર પદાર્થો પ્રત્યે ભોગોપભોગપણા ની બુદ્ધિ નિર્માણ કરી તેને ભોગવવા જાય છે પરન્તુ તેમાં જે આનન્દ મળવાનો તેના કરતા જ્ઞાનસાધનામાં મંથન કરતા જે જ્ઞાનાનન્દ પ્રાપ્ત થશે તે સદાકાળ રહેનાર નિત્યાનન્દ હશે. પર પૌદગલિક પદાર્થોના ભોગવટામાંથી ક્ષણિકાનન્દ પ્રાપ્ત કરવાના બદલે જીવે નિત્યાનન્દી બનવા માટે જ્ઞાનોપસના ની જ દિશા પકડવી જોઈએ. અને એ માટે સાધકે સદા શાસ્ત્ર - ગ્રન્થોનું અવલોકન અવગાહન કરતાજ રહેવું જોઈએ તેના વ્યાસંગી બનવું જોઈએ.

આ જગતમાં બધાજ પ્રકારનું સાહિત્ય છે. સર્વોત્તમ સર્વોત્કૃષ્ટ કક્ષાનું સાહિત્ય પણ છેઅને સર્વથા નિકૃષ્ટ કક્ષાનું સાહિત્ય પણ છે. કયા પ્રકારનું સાહિત્ય વાંચવુ તેનો આધાર સાધક ની ભૂમિકા ઉપર છે કામુક વાસના વૃતિવાલા કામોત્તેજક કામપોષક અધમકક્ષાનું સાહિત્ય જ વાંચશે જયારે આત્માર્થી આત્મસન્મુખ બનેલો જીવ જ્ઞાનપિપાસુ બનીને સર્વોત્તમ કક્ષાનું સાહિત્યજ વાચશે. જૈન આગમ શાસ્ત્રો સર્વોત્કૃષ્ટ - સર્વોત્તમ કક્ષાનું સાહિત્ય છે. જૈનાગમ શાસ્ત્રોમાં અદૂભૂત જ્ઞાન ખજાનો છે. જે કે નન્દિસૂત્રમાં

જેટલા નામો ઉપલબ્ધ છે. તેટલા આગમો આજે પ્રાપ્ત નથી કાળનાગર્તમાં કેટલાય વિલીન થઈ ગયા છે. છતા પણ સાંપ્રતકાળે ૪૫ આગમો નું અસ્તિત્વ છે. તે પણ અણમોલ ખજાનો છે.

જિનાગમો નો પ્રવેશ દ્વાર :-

એક વિશાળ ઘરમાં પ્રવેશ કરવો હોય તો તે માટે પ્રવેશ દ્વાર હોય છે તેમ ૪૫, આગમો રૂપી શાસ્ત્ર મહેલમાં પ્રવેશ કરવો હોય તો તે માટે "અનુયોગ દ્વાર સુત્ર" ને પ્રવેશ દ્વાર સમાન ગણ્યો છે. પરદેશ જનાર મુસાફર જેમ આખો બંગલો કે ઘર સાથે ઉપાડીને નથી લઈ જતો. માત્ર ચાવી જ લઈ જાય છે. તેમ આ ૪૫ આગમ શાસ્ત્રો ની ચાવી એક માત્ર અનુયોગદ્વાર સૂત્ર માં છે. આ અનુયોગદ્વાર સૂત્ર નું સુવ્યવસ્થિત પરિશીલન કરનારો જ્ઞાનસાધક આત્મા બધા આગમો માં સહેલાઈ થી પ્રવેશ કરી શકે છે.

કાશીમાં અભ્યાસક્ષેત્રે કહેવાય છે. કે 'काणादं पाणिनीयं च सर्वशास्त्रोपकारकं"- અર્થાત કણાદપ્રણીત ન્યાય-તર્ક શાસ્ત્ર અને પાણિનિ પ્રણીત વ્યાકરણ શાસ્ત્ર સર્વ શાસ્ત્રોના અભ્યાસ માટે ઉપયોગી છે. આ બન્ને ના અભ્યાસ વિના અભ્યાસ ક્ષેત્રના કોઈ પણ શાસ્ત્રોમાં પ્રવેશ-પ્રગતિ દુષ્કર બની જાય છે. તે જ પ્રમાણે અહીયાં પણ વિચારવાનું છે. અનુયોગ દ્વારસૂત્ર એક એવા પ્રકારનું શાસ્ત્ર છે. કે જેના સુવ્યવસ્થિત અભ્યાસ વિના બીજા આગમોમાં પ્રવેશ અને પ્રગતિ દુ:ષ્કર બની જાય છે. એટલે અનુયોગ દ્વારસૂત્રને આગમ રત્નાકરમાં ઉતારવાની અવતરણિકા નિ:સરણી કહી શકાય છે. જેમ નિ:સરણી વિના ચઢવું ઉતરવુ અશક્ય લાગે તેમ અનુયોગદ્વાર સૂત્ર આગમરૂપી પ્રાસાદના રહસ્યો પામવા સુધીની ગહરાઈમાં ઉતરવા માટે અવતરણિકાનીષ્ઠતમ- નિ:સરણી છે. અને એજ દ્વારોદ્ઘાટન ની ચાવી સ્વરૂપ છે. એ રીતે પ્રસ્તુત આગમ સર્વાગમ- શાસ્ત્રોપકારક છે.

૪૫ આગમો માં અનુયોગ દ્વારસૂત્રનું સ્થાન :-

સાંપ્રત કાળે શાસ્ત્રક્ષેત્રે જૈન શાસનમાં આગમ શાસ્ત્રો એ સર્વોપરિસ્થાને સર્વોત્કૃષ્ટ શાસ્ત્રો છે. તે ૪૫ ની સંખ્યામાં અત્યારે ઉપલબ્ધ

છે. તેમનું વર્ગીકરણ આપ્રમાણે કરવામાં આવ્યું છે. આચારાંગસૂત્ર થી વિપાકસૂત્ર સૂધી ૧૧ અંગસૂત્રો છે. ઉપવાઈ (ઓપપાતિક) સૂત્ર થી વણ્હીદશા સૂત્ર સૂધી ના-૧૨ ઉપાંગસૂત્ર છે. નિશીથ સૂત્રથી મહાનિશીથ સૂત્ર સૂધીના ૬ છેદ સુત્રો છે. ચતુ:શરણ પ્રકીર્ણક થી- શ્રી મરણસમાધિ પ્રકીર્ણક સૂત્ર સૂધીના ૧૦ પ્રકીર્ણક સૂત્રોછે. ૧ આવશ્યક સૂત્ર, ૨, દશવૈકાલિક સૂત્ર, ૩ ઓઘનિયુક્તિ અને ૪ ઉત્તરાધ્યથન સૂત્ર આદિ ૪ મૂળ સૂત્રો કહેવાય છે. અને અન્તે નંદી સૂત્ર તથા અનુયોગ દ્વાર સૂત્ર આ-૨ ચૂલિકા સૂત્રો છે. આ પ્રમાણે -૧૧ અંગસુત્રો +૧૨ ઉપાંગસૂત્રો +૬ છેદ સૂત્રો +૧૦ પયન્ના સૂત્રો, +૪ મૂળ સૂત્રો +૨ ચૂલિકા સૂત્રો મળીને કુલ ૪૫ આગમ શાસ્ત્રો થાય છે. જે સાંપ્રત કાળે પ્રાપ્ય છે. આ ૪૫ આગમોમાં અનુયોગ દ્વાર સૂત્ર ચૂલિકા સ્વરૂપે છે.

અનુયોગદ્વાર સૂત્રનું સ્વરૂપ:-

આગમ શાસ્ત્રોની વ્યવસ્થિત વ્યાખ્યા માટે, નય, નિક્ષપ આદિ દ્વારા સવિસ્તર માહિતી આપનાર તરીકે અનુયોગદ્વાર સૂત્ર ઉપયોગી છે. માટે આ સૂત્ર ને વ્યાખ્યાગ્રંથ કહી શકાય છે. આ સૂત્રની મંહત્તા એટલી બધી છે. કે એ આગમરૂપ તિજોરી ને ખોલવાની ચાવી રૂપ છે. આના વ્યવસ્થિત અભ્યાસ વિના જૈન આગમોના સાચા પરમાર્થ ને કોઈ પણ પિછાણી શકે નહી.

ગ્રંથપ્રમાણ :-

અનુયોગ દ્વારસૂત્ર નું મૂળ ૧૮૭૯ શ્લોક પ્રમાણ છે. ચૂર્ણિ ૨૨૬૫ શ્લોક પ્રમાણ છે. બૃહદ્વૃતિ ૫૮૦૦ શ્લોક પ્રમાણે છે. અને લઘુવૃતિ 3000 શ્લોક પ્રમાણ વર્તમાનકાળે ઉપલબ્ધ છે.

રચયિતા :-

આગ્રન્થના સ્પષ્ટ કર્તા તરીકે નો પુરો ઈતિહાસ તો પ્રાપ્ત થતો નથી. છતા પણ પૂ.આચાર્ય શ્રી આર્યરક્ષિત સૂરીશ્વરજી મહારાજે આ સૂત્ર

ની વ્યવસ્થિત સંકલના કરી હોય તેવા મત છે. કર્તા-રચયિતા ના મુખ્ય નામ બાબત પ્રશ્નચિન્હ હજી પણ છે. "सिरि अज्जरक्खियथेर विरइयाइं" આ ઉલ્લેખ પ્રવાદને આધારે છે. આર્યવજ્રસ્વામી પહેલા અનુયોગનું જેટલું પાર્થક્ય નહોતુ તેટલુ પછી થી આર્યરક્ષિત સૂરિએ અનુયોગ દ્વારસૂત્ર ના માધ્યમ થી વિશેષ પાર્થક્ય કર્યું છે. નંદી સૂત્ર ની સ્થવિરાવલી ની ૨૮મી ગાથા માં આ પ્રમાણે છે.-वंदामि अज्जरक्खियखमणे रक्खियचारित्त सव्वस्से रयणकरंडगभुओ अणुओगो रक्खिओ जेहिं !

આ પ્રમાણે સ્પષ્ટ થાય છે. કે આર્યરક્ષિત સૂરીજી એ બહુ મુલ્ય અનુયોગ ની રક્ષા કરી છે. કદાચ એ કારણે તેમનું નામ કર્તા તરીકે બહાર આવ્યુ હોય. બીજે કોઈ આધાર મળતો નથી.

અનુયોગ મીમાંસા :-

अणुवयणमणुओगो सुयस्स नियएण जमभिहिणं
वावारो वा जेत्तो जेऽणुरूवोऽणुकूलो वा !८४१।।
अहवा जमत्थ ओ थोव पच्छभावेहि सुयमणुं तस्स!
अभिहेअे वावारो जेत्तो तेणं व संबंधो !!८४२।।

શ્રી વિશેષાવશ્યક ભાષ્ય ની ૮૪૧ મી ગાથા માં "अणुवयणमणुजोगो" પાઠ આપ્યો છે. અને વ્યાખ્યાના સંદર્ભમાં બીજીવાર ફરીથી એજ વ્યાખ્યા ને "अणुवयणमणुजोगो" શબ્દ થી ૧૩૮૬ મી ગાથા માં કરી છે. બંનેમાં અલગ અલગ શબ્દો વાપરીને અનુયોગ શબ્દોનો અર્થ કર્યો છે. સારાંશ એ છે. કે શ્રુત=શબ્દનો તેના અર્થની સાથે યોગ તે અનુયોગ કહેવાય છે. અથવા સૂત્રનો પોતાના અર્થ વિશે જે અનુરૂપકે અનુકૂળ વ્યાપાર તે અનુયોગ. અર્થાત શબ્દનો કે સુત્રનો યથાયોગ્ય અર્થ કરી આપવાની પ્રક્રિયાતે અનુયોગ છે. અનુયોગ શબ્દ નું પ્રાકુતરૂપ 'अणु+योग' છે. अणु શબ્દનો અર્થ સ્તોક-થોડુ એવો થાય છે. અને અનુ એટલે પશ્ચાત પણ થાય છે. સૂત્ર-શબ્દ અર્થ કરતાં अणुं=સ્તોક-થોડું છે. તેથી તે अणुं કહેવાય છે. અને વક્તાના મનમાં અર્થ પ્રથમ આવે છે. અને પછી તેના પ્રતિ પાદક શબ્દનો પ્રયોગ

થાય છે. અથવા-''અત્થં ભાસઇ અરિહા સુતં ગુથન્તિ ગણહરા'' તીર્થકર ભગવંતો અર્થથી ઉપદેશ આપે છે. અને અર્થથી જ ધર્મ શાસ્ત્રવતો છે. અર્થથી અપાયેલી દેશના ને ગણધર ભગવંતો સૂત્રબધ્ધ ગુથે છે. પ્રથમ અર્થ અને પછી સૂત્ર રચના. એટલે સુત્ર=શબ્દ અર્થથી પશ્ચાત પછી છે. આથી સૂત્ર અનુ કહેવાય, અને એ અનુ=શબ્દોનો સાથે યોગ તે અનુયોગ કહેવાય. અથવા અનુ=અણુ= સૂત્રનો જે વ્યાપાર અર્થ પ્રતિપાદન તે અનુયોગ કહેવાય. તાત્પર્ય એ છે. કે શબ્દ (સૂત્ર) ની વ્યાખ્યા કરવાની પ્રકિયાતે અનુયોગ કહેવાય છે.

એક સુત્રના અનન્ત અર્થ છે. તીર્થંકર ભગવંતો એ અનેક અર્થો પ્રતિપાધા હોય છે. સુત્રો સંક્ષિપ્ત નાના હોય છે. તે સાથે નો પોતાના અભિધેય ની સાથે જે વ્યાપાર અથવા અર્થની સાથેના સંબંધ વિશેષ ને અનુયોગ કહેવાય છે. અર્થથી અપાયેલી દેશના ના આધારે અથવા તેને અનુસાર વક્તાનો જે અનુકૂળ અનુરૂપ કથન અનુયોગ થાય છે. વિશેષાવશ્ક ભાષ્ય માં પૂ. શ્રી જિન ભદ્રગણિ મહાપુરૂષ આ અનુયોગનો અર્થ પ્રતિપાદિત કરે છે.

અનુયોગના દ્વારો અર્થાત વ્યાખ્યાના દ્વારો. વિવેચનની કે વ્યાખ્યાનાની પધ્ધતિ વિશેષને અનુયોગ થી દર્શાવી છે. અનુયોગ દ્વાર એ મુખ્યરૂપે અનુયોગના અર્થાત વ્યાખ્યાના દ્વારો નું નિરૂપણ કરતો ગ્રન્થ છે. આને આગમ વ્યાખ્યાની પદ્ધતિનું નિરૂપણ કરતો ગ્રન્થ કહી શકાય. આથી 'અનુયોગ દ્વાર' નામકરણ સાર્થક છે. કારણ કે તે વ્યાખ્યા દ્વારો નું નિરૂપણ કરે છે. અનુયોગ દ્વાર માં જે શબ્દની વ્યાખ્યા કરવાની હોય તેના નિક્ષેપો કરીને અનેક અર્થોમાં તે કેવી રીતે વપરાય છે. તેનું નિદર્શન કરી તે શબ્દ નો પ્રસ્તુતમાં કયો અર્થ ,લેવો તે દર્શાવવાની પધ્ધતિ અપનાવવામાં આવી છે.

છેદસુત્ર આગમ બૃહત્કલ્પભાષ્ય માં ૧૯૦-૧૯૩ ગાથામાં અનુયોગ ની વ્યાખ્યા કરવામાં આવી છે. શબ્દ કરતા અર્થનું બહુત્વ કેમ મનાય ? આ રીતે શિષ્ય ની શંકા છે. જેમ પેટી અને તેમાં ભરવામા કપડા હોય

છે. અહીં પેટી જેવુ સૂત્ર છે. અને અર્થ જેવી વસ્ત્રાદિ વસ્તુઓ છે. પેટી એક અને વસ્તુઓ અનેક છે તેમ સૂત્ર એક છે અને અર્થો અનેક છે પ્રથમ શબ્દ (સૂત્ર) છે. અને પછી તેનો અર્થ છે. કારણ કે સૂત્ર વિના અર્થ કોનો ? વ્યવહારમાં પણ પ્રથમ સૂત્ર જ મનાય છે.અને પછી તેનો અર્થ વૃતિ-વાર્તિક આદિ રૂપે છે. પ્રશ્નોના ઉત્તરમાં પૂ. ટીકાકાર જણાવે છે. અત્થં भासइ अरिहा, सुत्तं गुंथंति गणहरा.'' કે પેટીમાં ભરવાની વસ્તુઓ કપડા આદિ કરતા પણ પેટી મોટી કહી છે. તે પણ બરાબર છે. કારણ કે એ પેટી માં ભરેલા કપડામાંથી એક કપડુ કાઢીને અનેક પેટીઓને તે વડે બાંધી શકાય છે, ઢાંકી શકાય છે. તો અહીં અંદરના વસ્ત્રાદિ વસ્તુઓ પેટી કરતા મોટી થઈ. તેવી જ રીતે અર્થને આધારે જ સૂત્રોની રચના થઈ છે. એકાદ અર્થ ને આધારે અનેક સૂત્રો ની રચના થઈ છે. તેથી સૂત્ર કરતા અર્થની મહત્તા વધી જાય છે. એમ અપેક્ષા દષ્ટિએ કહ્યું છે.

અનુયોગના પર્યાયો —

अणुयोगो अणियोगो भासा विभासा य वत्तियं चेव ।
एते अणुओगस्स तु णामा एगट्ठिया पंच ॥

વિશેષાવશ્યક ભાષ્યની ૧૩૮૨ મી આ ગાથામાં (આવશ્યક નિર્યુક્તિ ની ૧૨૬ મી) પૂ. ભદ્રબાહુ સ્વામીએ અનુયોગ, નિયોગ, ભાષા, વિભાષા, અને વાર્તિક આ બધા અનુયોગના પર્યાયો છે. આ બધાનું નિવરણ પૂ. જિનભદ્રગણિએ વિશાષાવશ્યક ભાષ્યમાં કર્યુ છે. તથા પૂ. સંઘદાસ ગણિએ બૃહત્કલ્પ ભાષ્યમાં કર્યુ છે. —

अहिगो जोगो निजोगो जहाडइदाहो भवे निडाहोति ।
अत्थ निउत्तं सुत्तं पसवइ चरणं जओ मुक्खो ॥ गा. १९४

બૃહત્કલ્પભાષ્યમાં નિયોગની વ્યાખ્યા દરમ્યાન જણાવે છે કે સૂત્રની સાથે જ્યારે અર્થ જોડવામાં આવે છે ત્યારે જ તેનું મુલ્ય મહત્ત્વ વધી જાય છે. આ અર્થનો સૂત્રની સાથે જોડાયેલા અર્થનું મહત્ત્વ છે અને અર્થની સાથે જોડાયેલા સુત્રનું હાર્દ પ્રકટ થાય છે. અને તેના ફળ સ્વરૂપે ચારિત્રની નિષ્પત્તિ થાય છે. જેથી આગળ મોક્ષની પ્રાપ્તિ થાય છે. દાખલા તરીકે

- ગાયની સાથે વાછરડુ જોડવામા આવે ત્યારે દોહતા દૂધની પ્રાપ્તિ થાય છે. તેમ સૂત્રની સાથે અર્થ જોડી સમજવામાં આવે તો ચારિત્ર રૂપી ફળ (દૂધ)ની પ્રાપ્તિ થાય છે.

જેવી રીતે રાજા લાખો રૂપીયા માટે પત્ર લખી આપે પરન્તુ તેની સહી કે સિક્કો ન હોય તો તેની કીમત કેટલી ? લાખ રૂપીયાના પત્ર સાથે સહી-સિક્કા કરી આપે તો જ દ્રવ્યની પ્રાપ્તિ થાય. તેવી જ રીતે સૂત્રની સાથે જોડાયેલા અર્થથી આગળ ચારિત્રાદિ ફળોની પ્રાપ્તિ થાય છે - આ પ્રક્રિયા અનુયોગની છે. અનુયોગ પદ્ધતિ સૂત્રની સાથે અર્થને જોડી આપવાની પ્રકૃતિ છે. જેથી આગમોનાં બધા સૂત્રો - સિદ્ધાન્તોના અર્થો ખુલી જાય.

વિશેષાવશ્યકભાષ્ય તથા બૃહત્કલ્પભાષ્ય આદિમાં જે અનુયોગ ના પર્યાયો ની વિચારણા કરી છે એ સિદ્ધ કરે છે કે - પ્રસ્તુતમાં અનુયોગ ના પર્યાયો સર્વથા એકાર્થક નથી. પણ અનુયોગ ના જે વિવિધ પ્રકારો છે તેને પણ પર્યાયો ગણવામાં આવ્યા છે. તેથી એમ કહી શકાય કે સામાન્ય રૂપે એ પર્યાયો એક જ અર્થ ઘરાવે છે. પરન્તુ તે બધામાં પોતાની આગવી વિશેષતા છે જ. તેથી આ પર્યાયો અનુયોગના વિવિધ પ્રકારો છે. વિશેષો છે. અર્થાત્ અનુયોગરૂપ દ્રવ્ય - અર્થના તે વિવિધ પર્યાયો પરિણામો છે. વિશેષો છે. અને વ્યાખ્યા કરવાના વિવિધ પ્રકારો છે.

સ્થાનાંગ સૂત્રના ૭૨૭ માં દ્રવ્યાનુયોગના ૧૦ પ્રકારો દર્શાવ્યા છે. તે પ્રકારોમાં દ્રવ્યની અનેક પ્રકારે સમજ આપવાનો પ્રયત્ન દષ્ટિગોચર થાય છે. દ્રવ્યાનુયોગ સંબંધી છે. સમગ્ર ભાવે અનુયોગ - વ્યાખ્યા પ્રકારની ચર્ચા છે. તેમાં એકાર્થકાનુયોગ જેવી બાબતનું અનુસરણ - અનુયોગદ્વારમાં જયાં તે તે શબ્દ ના પર્યાયો આપ્યા છે, તેમાં જેવા મળે છે. તે ઉપરથી એમ કહી શકાય કે પર્યાય નિર્દેશ એ પણ અનુયોગનું એક અંગ મનાયું છે. (અનુયોગ દ્વાર સૂત્ર ૨૯, ૫૧, ૩૨)

સર્વ આગમ શાસ્ત્રોની વ્યાખ્યાના પ્રાચીન પ્રકારો જાણવાનું એક માત્ર સાધન તે અનુયોગ દ્વાર સૂત્ર છે. સર્વ આગમ શાસ્ત્રોમાં અનુયોગ દ્વાર સૂત્રમાં અપનાવેલી પદ્ધતિનો આદર-સ્વીકાર કરવામાં આવ્યો છે. આગમોની

પ્રાચીન ચૂર્ણી - ટીકાઓ ના પ્રારંભના ભાગમાં સમગ્ર નિરૂપણમાં એક જ પદ્ધતિ અપનાવવામાં આવી છે. જે અનુયોગદ્વારમાં છે. એટલું જ નહીં ષટ્‌ખંડાગમાદિ દિગંબર ગ્રન્થોમાં પણ અપનાવવામાં આવી છે.

અનુયોગ દ્વાર સૂત્રમાં સૂ. ૧ થી ૫ માં મંગળરૂપે પાંચ જ્ઞાનનો નિર્દેશ કરી તેમાંના શ્રુત જ્ઞાન સાથે વ્યાખ્યાના શાસ્ત્રનો સંબંધ દર્શાવવા આવ્યો છે. આવશ્યક સૂત્ર ના સામાયિક આદિ ૬ અધ્યયનમાંથી પ્રથમ સામાયિક નામના અધ્યયનના ૪ અનુયોગ દ્વારો - વ્યાખ્યાદ્વારોનો નિર્દેશ કર્યો છે. (સૂ. ૭૫)

(૧) ઉપક્રમ, (૨) નિક્ષેપ, (૩) અનુગમ, (૪) નય. (સૂ. ૭૫-૯૧) ઉપક્રમ ની વ્યાખ્યા, નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર કાળ અને ભાવ દ્વારો વડે કરવામાં આવી છે. અનુયોગદ્વાર સૂત્રમાં અધિકાંશ ભાગ ઉપક્રમની ચર્ચામાં આવરી લેવાયો છે. અને છેલ્લે શેષ ત્રણ નિક્ષેપાદિ અનુયોગ દ્વારો ની સંક્ષેપમાં ચર્ચા છે. આ ઉપરથી એવુ સિદ્ધ થાય છે કે આ ગ્રન્થની રચના એ પ્રકારની છે કે તેમાં ઉપક્રમની ચર્ચામાં જ જ્ઞાતવ્ય વસ્તુનો સમાવેશ કરી દેવામાં આવ્યો છે. જેને આધારે પછીની ચર્ચા અત્યન્ત સરલ થઈ જાય છે.

(૨) નિક્ષેપદ્વાર - અનુયોગ વ્યાખ્યાનું બીજુ દ્વાર છે - નિક્ષેપ. ઉપક્રમ થયા પછી નિક્ષેપની વિચારણા સરલ થઈ પડે છે. તેથી તેને બીજા ક્રમે સ્થાન આપવામાં આવ્યું છે. ત્રીજા ક્રમે અનુગમ દ્વારની વિચારણા છે. ૧) સૂત્રાનુગમ અને ૨) નિર્યુકત્યનુગમ એવા બે ભેદો કરવામાં આવ્યા છે.

૪ થા નય દ્વાર - માં આ સૂત્રમાં ૭ નયો અને તેની વ્યાખ્યા દ્વારા વિવેચન કરવામાં આવ્યું છે. અનુયોગ દ્વારમાં ક્રમે સમુદાયાર્થ અને અવયવાર્થ નિરૂપણ ની પદ્ધતિ છે. તેનું મૂળ પ્રાચીન વ્યાખ્યા પદ્ધતિમાં પણ જોવા મળે છે.


આ પ્રમાણે અનુયોગ દ્વાર સૂત્રમાં પાંચ જ્ઞાનના વિષયથી શરૂઆત કરી - આવશ્યક ના વિષયાદિની ચર્ચા કરતા-કરતા અન્તે સાત નયો ની પ્રરૂપણા સૂધી અનેક વિષયોની વિચારણા કરવામાં આવી છે. જેનું વિવેચન

પ્રસ્તુત ગ્રન્થમાં સાધન્ત સારાંશ રૂપે કરવામાં આવ્યુ છે. આ રીતે અનુયોગ દ્વાર સૂત્રની રચના અનુયોગના દ્વારો ના વિવરણ માટે છે. નહિ કે કોઈ ગ્રંથ કે આગમની ટીકા રૂપે. તેમાં પ્રારંભમાં આવશ્યક સૂત્રનો ઉલ્લેખ એ ઉદાહરણ રૂપે છે.

પ્રસ્તૃત આગમ દ્રવ્યાનુયોગની અંતર્ગત ગણના પામે છે. ૧) દ્રવ્યાનુયોગ ૨) ગણિતાનુયોગ, ૩) ચરણકરણાનુયોગ, તથા ૪) ધર્મકથાનુયોગ એમ ચાર અનુયોગોમાં બધા આગમોં શાસ્ત્રો વિભકત થઈ જાય છે. જેમાં સર્વથા સાધ્ય દ્રવ્યાનુયોગ છે. મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ વિરચિત "દ્રવ્ય-ગુણ-પર્યાય ના રાસ" ગ્રન્થની પ્રથમ ઢાળ વાંચતા દ્રવ્યાનુયોગની ઉપયોગિતા તથા મહત્વ સમજાઈ જશે. આગમના અભ્યાસુ - જિજ્ઞાસુ ને માટે સર્વ પ્રથમ અનુયોગ દ્વાર સૂત્રની ઉપયોગિતા ઘણી છે. અને તેમાં પણ આવા સંસ્કરણ ઘણાં સહયોગી - ઉપયોગી બનશે.

પરમારાધ્યપાદ શુભનામધેય જગત્પૂજય જૈનાચાર્ય શ્રીમદ્ વિજય ધર્મસૂરીશ્વરજી. મ. સા. (કાશીવાલા) ના વિદ્વાન શિષ્યરત્ન પૂ. મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી મ. સા. ના પટ્ટપ્રભાવક વિદ્વદ્વર્ય પૂ. પંન્યાસજી શ્રી પૂર્ણાનન્દ વિજયજી (કુમાર શ્રમણ) મ. સા. જેઓ વયથી પણ વૃદ્ધ છે અને જ્ઞાનથી પણ વૃદ્ધ છે તેઓશ્રીએ પ્રસ્તુત સંસ્કરણમાં સારાંશ રૂપે વિવેચન કરીને આગમાભ્યાસી વર્ગ સમક્ષ આ પુસ્તક મુકીને જ્ઞાનક્ષેત્રે સાચો એવો ઉપકાર કર્યો છે. પ્રસ્તાવના લેખનાર્થે મારા જેવાને આદેશ કરી મહાન ઉપકાર કર્યો છે. આગમરૂપિજિજ્ઞાસુઓ પ્રથમ આ સંસ્કરણ નો દોહન કરીને આગમ પ્રવેશ કરવો. એ સર્વની મતિમાં વૃદ્ધિ કરનારૂ નિવડે એ જ અભ્યર્થના....

C/o **શ્રી મલાડ જૈન સંઘ.**
દેવકરણ મૂળજી વાડી. મલાડ (વે.) મુંબઈ.
૨૬-૯-૧૯૯૧



દેવચંદ શેઠ જેઠાલાલ શાહ

કૃશકાય શરીરમાં વજ્ર જેવા આત્માના માલિકોમાંથી દેવચંદ શેઠ પણ એક હતાં જેઓ પોતાની અદમ્ય પુરૂષાર્થ શક્તિ વડે સર્વથા શૂન્યમાંથી અકલ્પનીય સર્જનકાર, ગ્રામજીવનમાં પોષાયેલા છતાં પણ અમીરવંતા બની ગયેલા દેવચંદ શેઠ જૈન સમાજના ઇતિહાસમાં અમર બની ગયા છે. ભારત દેશ મહારાષ્ટ્ર પ્રાન્તના નકશામાં જ્યાં સુધી ભાયંદર શહેર અમર રહેશે ત્યાં સુધી દેવચંદ નગર, બાવન જીનાલય, માલાડ ઈસ્ટનું દેવચંદ નગર તથા ઠાકુરદ્વારના જૈન મંદિરના સર્જક દેવચંદ શેઠ પણ શુક્રના તારીની જેમ ચમકતાં રહેશે.

'મોઢુકાં ગામમાં જન્મ્યા અને દેવગુરૂ તથા ધર્મના પ્રતાપે મુંબઈમાં ફૂલ્યાફાલ્યા અને જૈન શાસનની, સમાજની તથા પોતાના પ્રાન્તીયના જ્ઞાતિભાઇઓના મદદગાર બન્યા વિ. સં. ૨૦૪૬ નો સ્મરણીય મારો ચાતુર્માસ દેવચંદ નગર બાવન જીનાલયના પ્રાંગણના જૈન ઉપાશ્રયમાં ચાતુર્માસ હતો. તેની સ્મૃતિ સ્વરૂપે જ્ઞાન ખાતા માંથી પ્રસ્તુત ગ્રન્થને ૩૧, હજારની માતબર રકમ પ્રાપ્ત થઈ છે. તે માટે ટ્રસ્ટીઓને મારા ખૂબ ખૂબ ધર્મ લાભ છે.

વિ. પં. પૂર્ણાનન્દવિજય (કુમાર શ્રમણ)
૨૦૪૭, આસો માસની શાશ્વતી ઓળી





ભાયંદરના પ્રતિષ્ઠિત શેઠ સાહુકાર **શ્રી શશિકાંત રતિલાલ શાહના** માતુશ્રી ધર્મપરાયણ અને દયાળુ **શ્રી લીલાવતી બહેન રતિલાલ શાહ** તથા **નિશા શશિકાંતભાઈ શાહ,** શશિકાંત નગર, સ્ટેશન રોડ, તરફથી આ પુસ્તક પ્રકાશમાં માતબર રકમની મદદ મલેલી છે. તે માટે ધન્યવાદ.

—પ્રકાશક....

અનુક્રમણિકા

[૧]	મંગળચરણ (ટીકાકારકૃત)	(૨)
[૨]	ઊત્થાનિકા	(૨)
[૩]	અનુયોગ એટલે શું!	(૪)
[૪]	પ્રસ્તુત આગમનું પ્રથમ સૂત્ર	(૫)
[૫]	આભિનિ બોધિકજ્ઞાન	(૮)
[૬]	શ્રુતજ્ઞાન	(૧૦)
[૭]	અવધિજ્ઞાન	(૧૧)
[૮]	મનઃપર્યવજ્ઞાન - કેવળજ્ઞાન	(૧૪-૧૫)
[૯]	અંગબાહ્ય કે અંગપ્રવિષ્ટ	(૨૦)
[૧૦]	નિક્ષેપસશાનો કરવાનો છે.!	(૨૬)
[૧૧]	નિક્ષેપાની આવશ્યકતા શા માટે!	(૨૭)
[૧૨]	નિક્ષેપ.	(૨૯)
[૧૩]	વિધિની આવશ્યકતા	(૩૦)
[૧૪]	આવશ્યકનો નિક્ષેપ	(૩૧)
[૧૫]	નામનિક્ષેપનું લક્ષણ	(૩૨)
[૧૬]	નામનિક્ષેપની સાર્થકતા,નામાવશ્યક	(૩૪-૩૫)
[૧૭]	સ્થાપના નિક્ષેપ, સ્થાપનાનિક્ષેપનું લક્ષણ	(૩૮-૩૯)
[૧૮]	સ્થાપના નિક્ષેપની ફળશ્રુતિ	(૪૧)
[૧૯]	તીર્થકર સ્થાપના	(૪૨)
[૨૦]	દ્રવ્યનિક્ષેપ	(૪૭)
[૨૧]	સામાજિક ભય ના કારણે	(૫૮)
[૨૨]	શરીર દ્રવ્યાવશ્યક	(૬૬)

[૨૩] આગમશાસ્ત્ર તથા બીજા પણ શાસ્ત્રોનો પાઠક (૬૭)
[૨૪] ભવ્ય શરીર દ્રવ્યાવશ્યક. (૬૮)
[૨૫] લોકોત્તર દેવ લૌકિક દેવ (૭૫-૭૬)
[૨૬] હવે લોકોત્તરિક દ્રવ્યાવશ્યક શું છે.? (૭૮)
[૨૭] નો આગમ થી ભાવાવશ્યક એટલે? (૮૩)
[૨૮] લૌકિક ભાવાવશ્યક એટલે? (૮૩)
[૨૯] પ્રાવચતિક એટલે ? લોકોતર ભાવાવશ્યક એટલે? (૮૪-૮૫)
[૩૦] હવે શ્રુત શબ્દનો નિક્ષેપો (૮૯)
[૩૧] તદ્વ્યતિરિકત દ્રવ્ય શ્રુત એટલે? (૯૧)
[૩૨] તે દ્રવ્ય સૂત્ર પાંચ પ્રકારે છે. (૯૩)
[૩૩] ભાવશ્રુત (૯૬)
[૩૪] બીજું વિશેષણ મિથ્યા દષ્ટિ મૂકયું છે. (૯૯)
[૩૫] નો આગમ લોકો ત્તર ભાવશ્રુત એટલે ? (૧૦૨)
[૩૬] તે અરિહંત પરમરત્માઓ કેવા હોય છે.? (૧૦૨)
[૩૭] શ્રુત શબ્દના પર્યાયો, આવશ્યક શ્રુત સ્કન્ધ (૧૧૨-૧૧૩)
[૩૮] ભાવસ્કન્ધ એટલે શું ? (૧૨૧)
[૩૯] ષડાવશ્યકનો અર્થાધિકાર એટલે શું? (૧૨૫)
[૪૦] પુરૂષ વિશ્વાસે વચન વિશ્વાસ (૧૨૯)
[૪૧] ગુરૂવન્દના,પ્રતિક્રમણ,કાયોત્સર્ગ,પ્રત્યાખ્યાન (૧૩૮-૧૩૯)
[૪૨] ઉપક્રમ, ઉપક્રમનો નિક્ષેપ. (૧૪૨-૧૪૩)
[૪૩] ક્ષેત્રોપક્રમ, કાળોપક્રમ, ભાવોપક્રમ. (૧૪૭-૧૪૮)
[૪૪] પ્રશસ્ત ભાવોપ ક્રમ એટલે? (૧૫૪)
[૪૫] શાસ્ત્રીય ઉપક્રમ (૧૫૬)
[૪૬] ભંગ સમુત્કીર્ણતા (૧૬૪)

[૪૭] સમવતાર (૧૬૭)
[૪૮] અનુગમ (૧૬૮)
[૪૯] સત્પદ પ્રરૂપણા (૧૭૦)
[૫૦] પ્રમાણદ્વાર (૧૭૫)
[૫૧] ક્ષેત્રદ્વાર, સ્પર્શના દ્વાર,કાળદ્વાર (૧૭૬-૧૭૭)
[૫૨] અન્તરદ્વાર,ભાગદ્વાર (૧૭૮-૧૭૯)
[૫૩] ભાવદ્વાર (૧૮૧)
[૫૪] અલ્પબહુત્વ (૧૮૬)
[૫૫] ઔપધિકી દ્રવ્યાનુ પૂર્વ્વી એટલે શું? ૧૮૭)
[૫૬] ઔપનિધિકી ક્ષેત્રાનુ પૂર્વ્વી એટલે ? (૧૯૭)
[૫૭] ગણના પૂર્વ્વી (૨૦૪)
[૫૮] ભાવાનુ પૂર્વ્વી (૨૦૯)
[૫૯] નામનું સ્વરૂપ (૨૧૦)
[૬૦] સંક્ષપે થી પણ ભાવો ને જાણી લઈએ (૨૨૪)
[૬૧] ઔપશમિક ભાવ, ક્ષાયિકભાવ (૨૩૨-૨૩૩)
[૬૨] ક્ષાયોપ શમિક ભાવ (૨૩૫)
[૬૩] પારિણામિક ભાવ (૨૩૭)
[૬૪] સાન્નિપાતિક ભાવ (૨૩૯)
[૬૫] ત્રિક,ચતુષ્ક પંચ સંયોગી (૨૪૦-૨૪૧)
[૬૬] સાતનામ આઠનામ (૨૪૨-૨૪૫)
[૬૭] નવનામ (નવરસોનું વર્ણન) (૨૪૬)
[૬૮] ટીકાકારના મતે નવે રસોનો પરિચય (૨૫૦)
[૬૯] ચૂર્ણકાર ના મતે નવે રસોનો પરિચય (૨૫૬)
[૭૦] તે બંને શા માટે ગ્રાહ્ય છે. ? (૨૬૫)

[૭૧] ગૌણનામ (૨૬૭)
[૭૨] નામ પ્રમાણ (૨૭૬)
[૭૩] ઉપક્રમાન્તર્ગત એટલે શું? (૨૮૫)
[૭૪] ક્ષેત્ર પ્રમાણ (૨૯૦)
[૭૫] પ્રમાણાંગુલ એટલે શું? (૩૧૩)
[૭૬] કાલ પ્રમાણ સમય એટલે શું ? (૩૨૪)
[૭૭] ઔપમિક કાલ (૩૨૮)
[૭૮] ઉદ્ધાર પલ્યોપમ એટલે શું ? (૩૩૦)
[૭૯] સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમ. (૩૩૧)
[૮૦] અદ્ધા પલ્યોપમ. (૩૩૨)
[૮૧] સાતે નરક ભૂમિની આયુષ્ય સ્થિતિ (૩૩૩)
[૮૨] ક્ષેત્ર પલ્યોપમ. (૩૪૩)
[૮૩] અદ્ધાસમય. (૩૫૦)
[૮૪] જીવદ્રવ્યની અનન્તા કેવી રીતે ? (૩૫૨)
[૮૫] તો પરમાત્માઓ પણ અનન્તા હોઈ શકશે ? (૩૫૩)
[૮૬] હે પ્રભો ! શરીર કેટલા પ્રકારે કહ્યાં છે.? (૩૫૯)
[૮૭] જીવઅને શરીર નો સંબંધ. (૩૫૯)
[૮૮] ઔદારિક શરીર. (૩૬૩)
[૮૯] વૈક્રિય શરીર, આહારક શરીર. (૩૬૪-૩૬૫)
[૯૦] આવા વિશિષ્ટ જ્ઞાનિઓને શંકા શા માટે પડે? (૩૬૬)
[૯૧] તૈજસ શરીર. (૩૬૭)
[૯૨] કાર્મણ શરીર (૩૭૦)
[૯૩] જગત ભરના ઔદારિક શરીરોની સંખ્યા કેટલી ? ૩૭૪)
[૯૪] ઔદારિક શરીર ની અસંખ્યયતા. (૩૭૮)

[૯૫] આહારક શરીર (૩૮૧)
[૯૬] તૈજસ શરીર (૩૮૨)
[૯૭] ૨૪, દંડક જીવોમાં ક્રમશ: એની વિચારણ (૩૮૩)
આ પ્રશ્નો તરફનું રહસ્ય શું છે.? (૩૮૫)
જીવગુણ પ્રધાન ત્રણ ભેદે છે. (૩૮૬)
ઈન્દ્રિય પ્રત્યક્ષ (૩૯૨)
અનુમાન પ્રમાણ (૩૯૭)
પૂર્વવત્ અનુમાન એટલે શું ? (૩૯૮)
શેષઅનુમાન પાંચ પ્રકારે છે. (૩૯૯)
આગમ પ્રમાણ (૪૦૧)
વૈધર્મ્ય પ્રમાણ (૪૦૧
દર્શનગુણ પ્રમાણ (૪૦૬)
મન:પર્યવજ્ઞાન (૪૧૧)
ચારિત્રગુણ પ્રમાણ ચારિત્ર એટલે શું ? (૪૧૨)
સમ્યક ચારિત્ર (૪૧૪)
નય પ્રમાણ (૪૧૬)
વ્યવહાર સંગ્રહ ઋજુસૂત્ર નય. (૪૨૧)
વસતિદૃષ્ટાન્ત. (૪૨૨)
પ્રદેશ દૃષ્ટાન્ત. (૪૨૩)
સંખ્યા પ્રમાણ એટલે શું ? (૪૨૪)
ઔપમ્ય સંખ્યા. (૪૨૭)
પરિમાણ સંખ્યા (૪૩૨)
ગણણ સંખ્યા (૪૩૩)
ઉત્કૃષ્ટ સંખ્યા તું (૪૩૪)

ભાવશંખ (૪૩૫)
વક્તવ્યતા એટલે શું ? (૪૩૫)
નયો વડે આ ત્રણે ની વિચારણ (૪૩૭)
અર્થાધિકાર સમાવતાર (૪૪૬)
ક્ષેત્ર થી સમાવતાર (૪૪૮)
કાલસમાવતાર ભાવ સમાવતાર (૪૪૯)
નિક્ષેપદ્વાર (૪૫૬)
અક્ષીણ (૪૬૦)
આય (૪૬૧)
ભાવનિક્ષેપે આય (૪૬૨)
ભોગવ્યા વિના કર્મો નોક્ષય કરી શકાતો હશે ? (૪૬૫)
ક્ષપણાનો નિક્ષેપ (૪૬૮)
જૈન શ્રમણ કેવો હોવો જોઈએ ? (૪૬૯)
અનુગમ દ્વાર. (૪૭૨)
નિર્યુક્તિ રૂપે ત્રણ ભેદ છે. (૪૭૩)
સામાયિક કથં પ્રાપ્યતે. (૪૮૧)
સૂત્રસ્પર્શક નિયુકિત અનુગમ. (૪૮૩)
સૂત્રના બત્રીશ દોષ કયાં? (૪૮૪)
નય પ્રમાણ. (૪૯૧)
સમ્યગ્ દર્શન જ્ઞાન ચારિત્રાણિ મોક્ષ માર્ગ. (૪૯૩)
ટીકાકાર પ્રશસ્તિ (૪૯૫)
લેખક ની પ્રશસ્તિ (૪૯૫)
ગુરૂ પરમ્પરા. (૪૯૬)

શુદ્ધિપત્રકમ

પેજ.	લાઈન	અશુદ્ધ.	શુદ્ધ.
૩	૧૮	પૂવાચાર્યો	પૂર્વાચાર્યો
૧૩	૨૦	પ્રત્યવિકક	પ્રત્યયિક
૧૪	૫	જ અરૂપી	જે અરૂપી
૧૯	૯	ગોખલા	ગોખેલા
૧૯	૧૩	અનુયોજની	અનુયોગની
૨૧	૧૪	દેવવિર્મિત	દેવનિર્મિત
૨૧	૧૭	સમાહાશ્રોતિ	સમાહારશ્ચેતિ.
૩૭	૮	તે	ને
૩૭	૧૩	જભે	જાભે
૩૯	૧૭	વાડન્ય	વાડન્ય
૪૪	૪	નાવેલા	લાવેલા
૪૬	૬	ક્ષેટોનું	ક્ષેટાનું
૪૭	૧૩	અનુભવતી	અનુભવાતી
૧૨	૧	ઠજરા	ઠજરો
૧૩	૮	જવાત્મા	જીવાત્મા
૭૦	૨	પઅશં	પ્રશં..
૭૨	૧	વશ્ય	અવશ્ય
૭૩	૫	સામયે	સમયે
૭૩	૧૦	અન્તત	અનન્ત
૭૫	૮	યાતન	યાપન
૭૯	૫	યુકત	મુક્ત
૮૩	૪	ભાવવશ્યક	ભાવાવશ્ક
૮૯	૩	નામસુઅઠ	નામસુઅં
૧૦૦	૧૨	શકયાને	શકવાને
૧૦૦	૨૦	રહેતે	રહેતો
૧૦૮	૨૧	પણ	છતાં પણ
૧૦૮	૨૧	માટે	જેવા અને

૧૧૦	૧૬	આવેલા	ઘરમાં વપરાતાં
૧૧૧	૨૧	દેતાનથી	દેતું નથી
૧૩૦	૫	દ્ધાય	દ્ધાર
૧૩૩	૧૨	ભાવે	ભવે
૧૪૬	૧૩	વિનાન	વિનાના
૧૪૬	૧૪	નાય	નામ
૧૬૦	૪	ભંગાય	ભંગોપ
૧૬૯	૭	નાખત્રાના	નાખવાના
૧૯૭	૧૭	અદ્રુપદ	સત્પદ
૨૦૫	૧૩	અપે	અને
૨૨૭	૧૧	તોપણ	ત્યારે જ
૨૩૦	૧૩	જીવાઘ	જીવઉદ્ય
૨૫૧	૧૪	દ્યરમ્ય	હૃદ્યરમ્ય
૨૮૪	૧૧	તરક:વતી	તરંગવતી
૨૮૬	૧૪	લત્રણ	લક્ષણ
૨૯૩	૨૧	દા થશે	દશા થશે
૨૯૪	૨	થયા	થવા
૨૯૪	૧૦	નામો	નામે
૨૯૬	૭	સન્યના	સત્યના
૨૯૬	૯	ઉપદે	ઉપદેશ
૨૯૮	૪-૮	બાલાગ્ન	બાલાગ્ર
		(આ પેઝમાં	સર્વત્ર બાલાગ્ર સમજવું)
૨૯૯	૫	સ્થઉળતા	સ્થૂળતા
૩૦૧	૧૪	અપ્રસ્તૃત	અપ્રસ્તુત
૩૧૪	૧	પ્રકષ	પ્રકર્ષ
૩૩૬	૧૩	આદર	બાદર
૩૩૬	૧૬	ઘન્ય	જઘન્ય
૩૪૬	૧૮	જીવસોના	જીવોના
૩૫૩	૧૦	પણ	પણ અનન્ત
૩૫૩	૧૧	અન્ત	અનન્ત
૩૮૧	૨૨	બીજુ	બીજી

શાસનપતિ, શ્રી મહાવીર સ્વામિને નમ:

શાસ્ત્રવિશારદ, જૈનાચાર્ય શ્રી વિજયધર્મસૂરીશ્વરાય નમ:

અથ અનુયોગદ્વાર સૂત્ર

રાજસ્થાન પાલી જીલ્લાન્તર્ગત રાણકપુર સાદડીના ભવ્ય જિનાલયમાં બિરાજમાન શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ પ્રભુને, દાદાગુરૂ, શાસ્ત્રવિશારદ, જૈનાચાર્ય **શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મ.**ને, તથા મારા દીક્ષા અને શિક્ષા ગુરૂ દેવ શાસનદીપક મુનિરાજ **શ્રી વિદ્યાવિજયજી મ.**ને દ્રવ્ય તથા ભાવ વન્દન કરી. શ્રી અનુયોગદ્વાર સૂત્ર પર કંઈક લખવાનો પ્રયાસ કરૂં છું.

આનાથી પૂર્વ ૪૧ શતક સુધી પંચમાંગ શ્રી ભગવતી સૂત્ર સારસંગ્રહભાગચાર અને દશમાંગ શ્રી પ્રશ્નવ્યાકરણને જે પદ્ધતિએ વિવેચિત કર્યા છે. તે પ્રમાણે જ આ અનુયોગ સૂત્રને પણ વિવેચિત કરીશ.

ગણધર શ્રી ગૌતમસ્વામીની વાચનાનુગત પ્રસ્તુત સૂત્ર હોવાથી ગણધર રચિત જ કહેવાય... તેના પર શ્રીમલધારીય હેમચન્દ્રસૂરિમહારાજની ટીકા છે. તેને દષ્ટિ સમક્ષ રાખીને જ વિવેચન કરાશે.

મંગળાચરણ (ટીકાકારકૃતઃ)

જે પરમાત્માના ચરણકમળો દેવો અને દેવેન્દ્રોથી સારી રીતે સ્તવાયેલા છે, દુર્જય કામરૂપી હાથીને માટે સિંહ જેવા, યથાર્થ ધર્મના ઉપદેષ્ટા, કેવળજ્ઞાન ને પ્રાપ્ત કરેલા, ત્રિશલાપુત્ર ભગવાન મહાવીર સ્વામીને હું પણ (ટીકાકાર) વંદન કરૂં છું.

અનુયોગધારક, નિષ્કારણ બંધુ, જીવમાત્રને ધર્મ દેનારા શ્રી ગૌતમ સ્વામી આદિને વન્દન કરૂં છું

જેમની કૃપાદષ્ટિ ને પ્રાપ્ત કરીને ભવ્યજીવાત્માઓ અનુયોગમાં સમ્યક્ પ્રકારે પ્રવૃત્તિ કરે છે. તે શ્રુતદેવતાને પ્રવત્નપૂર્વક નમસ્કાર કરૂં છું.

ઉત્થાનિકા :-

મહાસમુદ્રમાં પડી ગયેલા અમૂલ્ય રત્નની જેમ સંસારસમુદ્રમાં રખડતા જીવાત્માઓને માટે માનવયોનિ મેળવવી અત્યન્ત દુર્લભ છે. તેમાં પણ ત્રિભુવનમાં રહેલ, જીવોનું એકાન્ત હિત કરનારા જિનેશ્વર દેવ કથિત બોધિલાભ (સમ્યક્ત્વરત્ન)ને પ્રાપ્ત કરી, વિરતિ (ત્યાગ પ્રધાન)ને અનુકૂળ પરિણામોને મેળવી; જૈનાગમોનો અભ્યાસ કરી. તેના પરમાર્થ રહસ્યને જાણી તથાપ્રકારે કર્મોના ક્ષયોપશમ દ્વારા વિશદ (શંકા આકાંક્ષા રહિત) પ્રજ્ઞાને અર્થાત્ મતિજ્ઞાન ને મેળવીને જિનવચનનો અનુયોગ જ માનસિક જીવનના

સકળ અભિલક્ષિત અર્થસાધનમાં સાધકતમ છે અને સમ્પૂર્ણ સાધનાનું અદ્વિતીય ફ્રળ છે. યદ્યપિ અનુયોગ અનેક ગ્રન્થોના વિષયભૂત પણ હોઈ શકે છે, તથાપિ પ્રતિશાસ્ત્ર પ્રતિ અધ્યયન, પ્રતિ ઉદ્દેશ, પ્રતિ વાક્ય, અને પ્રતિપદ વિષયમાં મહાન ઉપકારી હોવાથી સૌપ્રથમ અનુયોગ દ્વારોનું વિધાન કરવાનું છે.

જિનેન્દ્ર વચનમાં આચારંગાદિ શ્રુતજ્ઞાન પ્રાયઃ કરી અનુયોગના દ્વાર સમા ઉપક્રમ, નિક્ષેપ, અનુગમ અને નયપૂર્વક મનાયા છે. અર્થાત્ તે અનુયોગ આ ચાર દ્વારોથી વિચારાયા છે. પ્રસ્તુત શાસ્ત્રમાં પણ ઉપક્રમાદિ દ્વારોનું વિવેચન કરવામાં આવશે. તે કારણથી આવશ્યક સૂત્રનો અનુયોગ યદિ હૃદયંગમ કરી લેવામાં આવે તો તથા ગુરૂકુલમાં રહીને તેની પદ્ધતિ સારી રીતે હૃદયંગમ કરી લીધી હોય તો સમ્પૂર્ણ જિનવચનમાં અનુયોગને લાગુ કરતાં વાર લાગતી નથી. માટે આ પ્રસ્તુત સૂત્રના વાંચન, મનન અને નિદિધ્યાસનના માધ્યમથી જૈનાગમનું તાત્ત્વિક નિરૂપણ સમજવામાં શીઘ્રતા અને સરળતા આવી જાય છે. યદ્યપિ ચૂર્ણી, ટીકા આદિથી આ પ્રસ્તુત સૂત્રને પૂવાચાર્યોએ સમૃદ્ધ બનાવ્યું છે. તથાપિ તેમની ભાષા અતિગહન હોવાથી સમજવામાં કઠિનતાનો અનુભવ થાય છે. તે કારણે યદ્યપિ મન્દમતિનો માલિક હું (ટીકાકાર) છું તો પણ શ્રુતજ્ઞાનની ભક્તિ વિશેષથી પ્લાવિત થઈને, અલ્પબુદ્ધિજીવોને માટે મારો આ પ્રયાસ છે.

અનુયોગ એટલે શું ?

અનુઉપસર્ગ પૂર્વક સંબંધ અર્થમાં 'યુજ' ધાતુને 'ઘઞ્' પ્રત્યય લગાડવાથી અનુયોગ શબ્દ બને છે; સારાંશકે વીશ સ્થાનકોની આરાધના દ્વારા ઉપાર્જન કરેલ તીર્થંકર નામકર્મ નો ઉદય ત્રીજા ભવે થાય છે, અને તે પણ સાત્ત્વિક તપશ્ચર્યા રૂપી અગ્નિમાં ઘાતી કર્મોને સર્વથા નિર્મૂલ કર્યા પછી, સૌ પ્રથમ કેવલજ્ઞાનની પ્રાપ્તિ અને તત્કાળ જ તીર્થંકર નામકર્મનો ઉદય થતાં તે અરિહંત પરમાત્મા તીર્થંકર શબ્દથી વાચ્ય બને છે. તે સમયે ઈન્દ્રો ઈન્દ્રાણીઓ, કરોડોની સંખ્યામાં દેવદેવીઓ કેવળજ્ઞાનનો મહોત્સવ કરે છે, સમવસરણની રચના કરે છે. તેમાં બિરાજમાન થયેલા તે દેવાધિદેવો ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યાત્મક આર્થિક દેશના આપે છે. તેને લબ્ધિનિધાન ગણધર ભગવંતો દ્વાદશાંગીમાં ગૂંથે છે. સમ્યગ્જ્ઞાન, દર્શન ચારિત્રાદિ મૂળ ગુણોને દબાવનારી, અનાદિ કાળથી આત્મા સાથે જોડાયેલી કર્મ સત્તા સમ્પૂર્ણ રૂપે અર્થાત્ ઘાતીકર્મનો એક પણ પરમાણું રહેવા ન પામે. તેવી રીતે નાશ થઈ જવાથી તે અરિહંત પરમાત્માની દેશના જ યથાર્થ દેશના છે. જે જીવમાત્રને ઉપકારક છે.

પરમાત્માના કહેલા તે અર્થની સાથે સંબંધ કરાવે. તેને અનુયોગ કહેવાય છે. અર્થાત્ જે શબ્દનો અર્થ, ભગવાનની વાણીના યથાર્થ, સત્યાર્થ અવિસંવાદિતાર્થનું પ્રતિપાદન કરે. તે અનુયોગ છે. જેમાં એક પણ શબ્દ ન્યૂન, અધિક વિપરીત નથી અને ભાવનું વૈલક્ષણ્ય પણ નથી.

તેવી ભગવાનની વાણીને ગણધરો જેમાં ગૂંથે છે તે જૈનાગમો જ જીવાજીવાદિ તત્ત્વોને યથાર્થ કહે તે અનુયોગ છે.

જિજ્ઞાસુ શિષ્યે પૂછેલી વાતની યથાર્થ રૂપે પ્રરૂપણા કરવી તે અનુયોગ છે. જેના ઉપક્રમ, નિક્ષેપ, અનુગમ, અને નય નામે ચાર દ્વાર છે. માટે આ પ્રસ્તુત સૂત્રનું નામ અનુયોગ દ્વાર છે. આમાં સૌથી પ્રથમ આવશ્યક શબ્દનો અનુયોગ કરવામાં આવશે. કારણ કે જે બુદ્ધિમાન સાધક આવશ્યકનો અનુયોગ કરવામાં પૂર્ણ સફળ બને છે. તે બીજા બધા ય આગમોના અનુયોગમાં સમર્થ અને સફળ બને છે.

આ કારણે જ અતિગહન, અતિદુર્ગમ એવા જૈનાગમોમાં પ્રવેશ કરવા માટે આવશ્યક નો અનુયોગ જાણવો, એટલે હૃદયંગમ કરવો જોઈએ.

બોલાતા કોઈ પણ શબ્દનો સત્યાર્થ જાણવા માટે અનુયોગ પદ્ધતિએ જે નિર્ણય કરવામાં આવે તો બોલાતા શબ્દનો સત્ય અર્થ જાણવાનો સરળ બને છે :

પ્રસ્તુત આગમનું આ પ્રથમ સૂત્ર છે.

'नाणं पंचविहं पण्णतं, तं जहा - आभिणिबोहियं णाणं, सुयनाणं, ओहिणाणं, मण पज्जवणाणं, केवलणाणं.... (સૂત્ર ૧)

તીર્થંકર પરમાત્માઓનું સ્મરણ, નમન કરી મંગળાચરણ ન કર્યું. પણ **'नाणं'** આ પદથી મંગળાચરણ કરવાનો આશય એટલો જ છે કે જ્ઞાન અને જ્ઞાની અપેક્ષાએ અભિન્ન છે એટલે કે જ્ઞાની-આત્માનો જ્ઞાન સાથે સમવાય

સંબન્ધ નથી પણ તાદાત્મ્ય સંબંધ હોવાથી જ્ઞાન શબ્દ અત્યન્ત મંગળદાયક છે.

અનન્ત સંસારમાં પરિભ્રણ કરતાં આત્માને સમ્યગ જ્ઞાન ની પ્રાપ્તિ દુર્લભતમ જ રહેવા પામી છે. કારણકે સુક્ષ્મનિગોદના જીવો ને પણ યદ્યપિ જ્ઞાનનો અનંતમો ભાગ તો ખુલો હોય છે. પછી ઉત્તરોત્તર જ્ઞાનની માત્રા આગળ વધતાં કદાચ. તે આત્મા પંડિત, મહાપંડિત પણ થઈ શકે છે. લાખો કરોડોની સંખ્યા માં શ્લોકોની રચના પણ કરી શકે તો પણ તેવા પ્રકારના જ્ઞાનથી અહિંસા. સંયમ અને તપના તત્વો નો સમ્યગ્ નિર્ણય થતો ન હોવાથી, તે જ્ઞાન ને મિથ્યાજ્ઞાન કહેવાયું છે. આપણો આત્મા પણ અનાદિકાળથી મિથ્યાજ્ઞાન માં રચ્યો પચ્યો હોવાથી અહિંસાદિ તત્વોને આત્મસાત્ કરી શકયો નથી.

જયારે સમ્યગ્જ્ઞાન એક પ્રકાશ છે. તત્વોની યથા થતા સુધી પહોંચી અને પહોંચાડી શકવાની ક્ષમતાવાળું છે. સ્વપ્રકાશ હોવા ઉપરાન્ત પરપ્રકાશકત્વ પણ તેમાં (ભાડુતી નહીં પણ) સ્વાભાવિક રહેલું હોવાથી સમ્યગ્જ્ઞાન જ પ્રમાણ પદ ને ધારણ કરે છે.

જ્ઞાન શબ્દ ની વ્યુત્પત્તિ ભાવસાધન કરણ સાધન અને કર્તૃ સાધન થી પણ શકય બને છે. 'જ્ઞાતિર્જ્ઞાનમ્' આમાં ભાવ સાધન થી જ્ઞાનની વ્યાખ્યા છે. એટલકે જણવું તે જ્ઞાન, શું જણવું? કેટલું જણવું? કેવું જણવું? કોની પાસે થી જણવું? આના જવાબો કેવળજ્ઞાન પ્રરૂપિત

ધર્મશાસ્ત્રો સિવાય બીજા એકેય શાસ્ત્ર આપી શકવાની ક્ષમતા વાળા નથી. 'જ્ઞાયતે અનેનાત્મા જ્ઞાનમ્' એટલે જે કરણ (સાધન) વડે જ્ઞાન થાય. અને તે કરણ જ્ઞાનાવરણીય. કર્મનો ક્ષય કે ક્ષયોપશમજ હોય છે. કેમકે તે કર્મ અનાદિકાળ થી આત્માના પ્રતિ પ્રદેશે સ્થિત છે.

જયારે તે સાધક મુનિઓનો સંમાગમ કરે છે. ત્યારે તે આવરણીય કર્મ સર્વથા ક્ષય પામે છે. અથવા ક્ષયોપ શમ પામે છે. ત્યારે જીવાત્માને યથાર્થજ્ઞાન નો સર્વાંશ કે અલ્પાંશ પ્રાપ્ત થાય છે.

'જ્ઞાયતેઽસ્મિન્નિતિ આ વ્યાખ્યા પણ સુસંગત એટલામાટે છે કે આત્મા પોતે જ જ્ઞાનવંત છે. કેમકે. સૂર્ય વિના ના કિરણો, અને કિરણો વિના નો સૂર્ય કયારેય હોતો નથી. અત્યારે પણ નથી અને ભાવિ માં પણ રહેશે નહી. આ સત્ય અનુભવમાં યદિ કોઈ તાર્કિક શિરોમણી પણ તર્ક દ્વારા આનું ખડંન કરે તો રબારીનો છોકરો પણ તે પંડિત ની મશ્કરી કર્યાવિના રહેવાનો નથી. આવી રીતે જયાં આત્મા છે. ત્યાં જ્ઞાન છે. અને જયાં જ્ઞાન ચેતન ચલન. વૃદ્ધિ હાનિ પ્રત્યક્ષ દેખાતી હોય. ત્યાં આત્મા અને ચેતન શકિત ની વચ્ચં બિચારા ભાડુતી. સમવાય ને લાવવા થી કયો ફાયદો?

સૂક્ષ્મનિગોદના જીવોને પણ જ્ઞાન છે. અને સિદ્ધ શિલાપર બિરાજમાન અનન્ત પરમાત્માઓ પણ જ્ઞાની છે. કીડા-મકોડા, ચારપગા, બેપગા, વનસ્પતિ-પૃથ્વી, પાણી, ઘેટા, બકરા, દેવો, દેવીઓ અને નારકો પણ જ્ઞાનવંત છે. બેશક ! કોઇનું જ્ઞાન સમ્યકૃત્વ વિશેષણથી વિશેષિત હોય

અને બીજાઓના જ્ઞાનને મિથ્યાત્વનું વિશેષણ હોય આ કારણે જૈન શાસને જ્ઞાન ને આઠ પ્રકારથીમાન્ય રાખ્યું છે. પાંચ સમ્યગ્જ્ઞાન અને ત્રણ (મતિઅજ્ઞાન શ્રુત અજ્ઞાન અને વિભંગજ્ઞાન) મિથ્યા જ્ઞાન આ આઠ પ્રકારના જ્ઞાનમાંથી કોઇપણ પ્રકારે જીવમાત્રમાં જ્ઞાન હોય જ છે.

જ્ઞાન ના પાંચ ભેદ :-

(૧) આભિનિબોધિકજ્ઞાન (મતિજ્ઞાન)
(૨) શ્રુતજ્ઞાન
(૩) અવધિજ્ઞાન
(૪) મનઃપર્યવજ્ઞાન
(૫) કેવળજ્ઞાન

આભિનિબોધિક જ્ઞાનઃ-

આપણા શરીર રૂપી મકાનને ઇન્દ્રિયોરૂપ પાંચ બારીઓ લાગેલી છે, જે જ્ઞાનેન્દ્રિયો હોવાથી આત્માને, ૨૩, વિષયોનું જ્ઞાન કરાવે છે. ઇન્દ્રિયોની સંખ્યા પાંચની છે. અને જીવાત્માએ ઓછાવતા અંશેકરેલા પુણ્યકર્મોના ભૌગવટા માટે કામ અને ભોગ ના વિષયો મુખ્યતાએ ૨૩ જ છે. હાથ -પગ, ઉપસ્થ(જનનેન્દ્રિય) ગુદા અને પેટ આદિ કર્મેન્દ્રિયોનો સમાવેશ જૈન શાસન માન્ય સ્પર્શેન્દ્રિયમાં થઇ જાય છે, અન્યથા ઇન્દ્રિયોની સંખ્યાનો પાર રહેવા ન પામે પ્રત્યેક ઇન્દ્રિયોના સ્વભાવ એટલે વિષયોને ગ્રહણ કરવાની શક્તિ નિયત હોવાથી સ્પર્શનેન્દ્રિય (ચામડી) કેવળસ્પર્શનું, રસનેન્દ્રિય (જીભ) રસનું ઘ્રાણેન્દ્રિય (નાક) કેવળ

સૂંઘવાનું, ચક્ષુરિન્દ્રિય(આંખ) રૂપનું અને શ્રોત્રેન્દ્રિય (કાન) સાંભળવાનું કરતી હોવાથી આત્માને પણ તે તે વિષયોનું જ્ઞાન થશે.

આ બધિય ઇન્દ્રિયો પૌદ્‌ગલિક છે. માટે જડ હોવાથી કર્મ સત્તાને આધીન રહીને જેટલો ક્ષયોપશમ હશે તેટલા પ્રમાણમાંજ જ્ઞાન થશે. આમાં એટલે કર્મ સત્તાના વિપાકમાં ફળાદેશમાં પુરૂષવિશેષ કે ઇશ્વર વિશેષની પણ દખલગિરિ કામે આંવતી નથી.

આ કારણે જ ઇન્દ્રિયોની ક્ષયોપશમ જન્યશક્તિ જયાં સુધી પહોંચે. તેવા નિયત સ્થાનમાં રહેલા પદાર્થોનું જે જ્ઞાન થશે. તેને આભિનિબોધિક જ્ઞાન કહેવાય છે. અભિનિબોધ શબ્દને સ્વાર્થિક 'ઇકણ' પ્રત્યક્ષ લાગવાથી આભિનિબોધિક શબ્દ બને છે.

આ જ્ઞાન થવામાં નિમિત્તરૂપે પાંચે જ્ઞાનેન્દ્રિયો અને મન છે, જેમ કે પોતાના મકાનમાં રહેલો માલિક બારીઓ વડે જ સડક પર ચાલનારાઓને જોઇ જાણી શકે છે. તેમ ઇન્દ્ર એટલે આત્મા સર્વશક્તિમાન હોવાથી ઇચ્છિત કે અનિચ્છિત પદાર્થોને પોતાની ઇન્દ્રિયો અને મન વડે જોવે છે. જાણે છે, મન પણ પૌદ્‌ગલિક હોવાથી જડ છે.

આવરણીય કર્મોના ક્ષયોપશમમાં તારતમ્ય હોવાને લીધે ઇન્દ્રિયોની શક્તિ કોઇની પણ એક સમાન રહેતી નથી.

તે આવરણીય કર્મો પણ પાંચ પ્રકારે છે.

સ્પર્શનેન્દ્રિયા વરણીય કર્મ..

રસનેન્દ્રિયાવરણીય કર્મ..
ઘ્રાણેન્દ્રિયાવરણીય કર્મ..
ચક્ષુરિન્દ્રિયાવરણીય કર્મ..
અને શ્રોત્રેન્દ્રિયા વરણીય કર્મ..

આ પાંચે ઇન્દ્રિયો વડે પોતપોતાના વિષયોને ગ્રહણ કરવાની શક્તિ મળેલી હોવા છતાં પણ ક્ષયોપશમાવરણીય ક્ષય કર્મના કારણે ઉપયોગ નામની શક્તિ પણ કોઇને એક સમાન રહેતી નથી, આ કારણે કોઇને આ જ્ઞાન શીઘ્ર થાય. કોઇને અમૂક સમય લાગ્યા પછી થાય. કોઇને બહું થાય, કોઇને અલ્પ થાય, કોઇને બહુતર થાય, કોઇને એકતર થાય, કોઇને ચિહ્ન જોઇને થાય, કોઇને ચિહ્ન વિના જ થાય છે.

શ્રુતજ્ઞાન

શ્રુતજ્ઞાનાવરણીય કર્મના તારતમ્યે, સાંભળેલા, બોલેલા કે વાંચેલા શબ્દોવડે શ્રુત જ્ઞાન પણ તેટલા પ્રમાણમાં થશે. મતિજ્ઞાન ના ભેદોમાં 'ધારણા' પણ મતિજ્ઞાનનો વિષય હોવા છતાં પણ, તે ધારણા સૌને એકસમાન રહેતી નથી. આ રસ મોસંબીનો છે કે લીંબુનો ? તેના નિર્ણય માટે ધારણા મજબુત નહીં હોવાના કારણે એકવ્યકિત નિર્ણય કરવામાં ગોથા ખાય છે. જયારે બીજો ઝટપટ નિર્ણય કરે છે. તે રીતે શ્રોત્રેન્દ્રિયાવરણીય કર્મના કારણે કાન પણ સાંભળવામાં ગોથાં ખાઇ જતો હોવાથી શ્રુતજ્ઞાનમાં પણ કમજોરી રહેવા પામે છે.

જે સંભળાય છે, જેના વડે સંભળાય છે તેને શ્રુતજ્ઞાન કહેવાય છે. આમાં પણ ઇન્દ્રિયો અને મન જ કામ કરે છે, પત્થરની ગાય થી પણ સાચી ગાયનું જ્ઞાન થાય છે, તેવી રીતે શબ્દો જડ હોવા છતાં જેટલા પ્રમાણમાં ધારણા શક્તિનો સંચય કર્યો હશે. તેટલું જ શ્રુતજ્ઞાન થવા પામશે. જે મનન શક્તિને આભારી છે. મતિજ્ઞાન ની શુદ્ધતા શુદ્ધતરતા કે શુદ્ધતમતા ઉપર શ્રુતજ્ઞાનની શુદ્ધતા આદિ રહેલ છે. કહ્યું છે કે મતિજ્ઞશનના સદ્‌ભાવમાં જ શ્રુતજ્ઞાન થાય (મતિવિણા શ્રુત ન લહે કોઇ પ્રાણી, સમકિતિવંતની એહ નિશાની'') સારાંશકે શ્રુતજ્ઞાનને શુદ્ધ, પવિત્ર, નિસ્પૃહ, નિર્માયી અને મોક્ષ ફળ પ્રદ બનાવવાની યદિ ભાવના હોય તો મતિજ્ઞાન ને જ શુદ્ધ બનાવવાની ટ્રેનિંગ લેવી જોઇએ, પૌષ્ટિક આહાર વડે શરીર ઇન્દ્રિયો પુષ્ટ થાય છે. પણ મતિજ્ઞાન પુષ્ટ થતું હશે કે કેમ ? તે વૈદ્યો કે મહાવૈદ્યો જાણે ? ત્યારે મતિજ્ઞાનને શુદ્ધતમ બનાવવા માટે નિર્વિકારી જીવન નિસ્પૃહભાવ, ઇન્દ્રિયોનું મારણ, કષાયનું તાડન, વિષયોનું દમન, અને મોહમાયાનો ત્યાગ અતિ જરૂરી છે.

૧૪, પૂર્વધારીઓને પણ નિ:શક થવા માટે આહારક શરીર થી કેવળજ્ઞાની પાસે જવા માં કારણ મતિજ્ઞાન ની કચ્ચાસ સિવાય બીજું કયું કારણ ?

અવધિજ્ઞાન

દ્રવ્ય, ક્ષેત્ર કાળ અને ભાવની મર્યાદાને લઇ, ઇન્દ્રિયો અને મનની અપેક્ષા રાખ્યા વિનાજ આત્મા‌વડે જેજ્ઞાન થાય તે

અવધિજ્ઞાન છે. અવધિજ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી કે ભાવથી જેટલા પ્રમાણમાં થયો હશે, તેટલી મર્યાદાનું જ અવધિજ્ઞાન થવા પામશે, જેમ કે એક વ્યક્તિને આ જ્ઞાન કાલબાદેવીની મર્યાદા સુધીનું થયું. તો તે ભાઇ પોતાના સ્થાન થી કાલબાદેવીની મર્યાદા સુધીમાં રહેલા ત્યાંના મકાનો, બારીઓ, લાલબત્તી, હાથ ગાડીઓ કે આવાગમન કરનારા સ્ત્રી પુરુષોને સારી રીતે પોતાની અવધિજ્ઞાન ની શક્તિ વડે જોઇ શકશે. કોઇને પોતાના સ્થાન થી ૨-૩-૪-૫ મકાનો સુધી કે બઝારો સુધી. કોઇને પાકિસ્તાન સુધી. કોઇને અઢીદ્વીપ પ્રમાણ મનુષ્ય લોક સુધી. કોઇને દેવલોક અને નરક લોક સુધી જ્ઞાન થાય. અને તેઓ તે તે સ્થળોમાં રહેલા પ્રાણીઓ કે વિવિધ પદાર્થોને આરામથી જોઇ શકે છે.

આ જ્ઞાનમાં ચડતી પડતી થવાના કારણે કોઇ સમયે. અવધિજ્ઞાનમાં ઘટાડો અને કોઇ ક સમયે બધારો પણ થાય છે અને કોઇક સમયે પરસ્ત્રીની જેમ હાથ તાળી દઇ ભાગી પણ જાય છે.

મનુષ્ય અને તિર્યંચ યોનિના જીવોને ક્ષયોપશમલબ્ધિ વડે અવધિજ્ઞાન થાય છે, જયારે નારક અને દેવોને તે તે ગતિ (ભવ)માં પગ મૂકતાં જ અવધિજ્ઞાન થાય છે, કેમ કે જન્મ ધારણ કરતાં જ પાપ કર્મોના ભારી આત્માઓ નરક ભૂમિમાં ઉત્પન્ન થતાં જ પોતાના વિભંગજ્ઞાન વડે સામે દેખાતો કે આવતો બીજો નારક (નરક જીવ) તેને ઠડહડતો દુશ્મન જેવોજ લાગે છે. જેથી કોઇક ભવમાં પોતાની સાથે બાંધેલા

કે બંધાયેલા પરસ્પરના વૈરઝેર ના અભિશાપે ત્યાં 'સામે વાળાને મારૂ, તેની આંખો ફોડ છરીના ઘા કરૂ, તેને સણસામાં દબાવી મારૂ, ટૂકડા થયેલા તેના શરીરમાં મીઠું મરચું ભરી નાખ.' આદિ મારકાટમાં પોતાનું આયુષ્ય પૂર્ણ કરવાનું કહે છે.

જો કે પાપકર્મના ઉદયથી સમ્યગ્દષ્ટિ આત્મા પણ નરકગતિમાં જન્મે છે. અવધિજ્ઞાની હોય છે. માટે જ્ઞાનથી ભવાંતરના દુષ્મનોને જાણે છે પરંતુ સમ્યક્ત્વના પ્રભાવથી માનસિક પરિણામ મિથ્યાદષ્ટિ જેવા ભયંકર થતા નથી બીજા દ્વારા અપાતા કષ્ટને સમતાથી સહન કરે છે. જયારે પુણ્ય કર્મોના ભારને લઇ દેવગતિ પ્રાપ્તદેવો પણ અવધિજ્ઞાન કે વિભંગજ્ઞાન વડે જોઇ, જે પદ્ધતિએ અર્થ અને કામના ભોગવટા કરવાના હોય છે. તેમાં પણ અવધિજ્ઞાનની આવશ્યકતા રહેલી છે.

સારાંશ કે: પુણ્ય કે પાપ કર્મો બાંધ્યા પછી (અધ્યવસાય વિશેષથી બાંધેલા કર્મમાં ફેરફાર થયો ન હોય કે થવાની શકયતા જ ન હોય તો) તે તે કર્મોના ફળને ભોગવવા સર્વથા અનિવાર્ય છે. મનુષ્ય તિર્યચોનું અવધિજ્ઞાન લબ્ધિપ્રત્યયિક (ગુણપ્રત્યયિક) છે અને દેવ, નારકોનું ભવપ્રત્યયિકક છે. ક્ષયોપશમ જન્ય મનુષ્ય-તિર્યચોના આ જ્ઞાનને આયારામ અને ગયારામ કરતાં વાર લાગતી નથી. કેમકે જીવોના અધ્યવસાયો (પરિણામો-લેશ્યાઓ) એક સમાન રહેતા ન હોવાથી અવધિજ્ઞાનમાં ઘટવધ અને છેવટે હાથ તાલી દેતા પણ વાર લગાડે તેમનથી આ જ્ઞાન મતિ,

શ્રુતજ્ઞાન કરતાં અપેક્ષાએ ચઢીયાતું છે. રૂપી દ્રવ્ય આ જ્ઞાનનો વિષય છે.

અલોકમાં પણ લોક જેવડા અસંખ્યાત ખંડો જોઇ શકે તેવું સામર્થ્ય આ જ્ઞાનના ક્ષયોપશમમાં હોય છે (અલોકમાં માત્ર આકાશાસ્તિકાય દ્રવ્ય જ છે જ અરૂપી છે.) ગુણ પ્રત્યયિક અવધિજ્ઞાનના ક્ષયોપશમના તરત - મતાથી અસંખ્ય ભેદ થઇ શકે પરંતુ મુખ્ય છ ભેદ બતાવેલા છે.

મનઃ પર્યયજ્ઞાન

આમાં પણ મનઃ પર્યાયાવરણીય કર્મોના ક્ષયોપશમની અત્યન્ત આવશ્યકતા રહેલી છે. અઢી દ્વીપમાંરહેલા સંજ્ઞિ જીવોના માનસિક ભાવોને સારી રીતે જાણી શકે છે.

આત્માની આટલી બધી શુદ્ધિ, પંચમહાવ્રત ગ્રહણ કરી, મન-વચન અને કાયાની અ પ્રમતાવસ્થા પ્રાપ્ત કર્યા વિના થતી નથી. માટે જ આ જ્ઞાનમાં બાહ્યા ચારની શુદ્ધિ કરતાં ભાવાચારની શુદ્ધિ હોય છે, તેમની પ્રત્યેક ક્રિયામાં જ્ઞાનાચાર મુખ્ય હોય છે. મન-વચન અને કાયાનું મૌન તેમનું જીવન હોય છે, વૈષયિક, કાષાયિક અને વિકથા ભર્યું જીવન તેમનું હોતું નથી. આહાર શુદ્ધિ, વચન શુદ્ધિ અને સત્વશુદ્ધિ જ અપ્રમાદી જીવનનું મૌલિક કારણ છે; જે ભાગ્યશાળીઓ ગુરૂકુળવાસમાં સ્થિર રહી બ્રહ્મનિષ્ઠ રહે છે. તેઓ જ તીર્થંકરદેવોના વારસદાર બને છે. અને પોતાના અપ્રમત્ત જીવનમાં આ જ્ઞાન મેળવી શકતા હોય છે.

બાહ્યક્રિયાચાર જેમ કે ઉંધે મસ્તક રહેવું. પાણીમાં ગળા સુધી ઉભા રહેવું, પંચાગ્નિ તપ તપવું અને દિગ્ગજ વિદ્વાન થઇ લાખોની સંખ્યામાં શ્લોકોની રચના કરવી. અથવા મંત્રશકિત વડે આકાશમાંથી દેવદેવીઓને નીચે ઉતારવા આ બધું સમ્યગ્જ્ઞાનાચાર ને શુદ્ધતમ કરે તેમ નથી. તેથી જ સંજ્ઞિ(મનયુકત) જીવોના માનસિક પરિણામોને સાક્ષાત્કાર કરતું મનઃપર્યવજ્ઞાન તેઓ મેળવી શકતા નથી.

મન-વચન-કાયાથી, ક્રોધ-માન-માયા લોભથી કૃત-કારિત અને અનુમોદનથી જીવહિંસાનો ત્યાગ કરનારા, ઇર્ષ્યા, વૈર, વ્યગ્યં, દ્વેષ યુકત અને બદલો લેવાની ભાષાઓનો ત્યાગ કરનાર, સ્મરણ-કીર્તન કેલી પ્રેક્ષણ, ગુહ્ય ભાષણ, સંકલ્પ અધ્યવસાય રતિક્રીડા આદિ આઠે પ્રકારના મૈથુનનો ત્યાગ કરનાર, બાહ્ય અને આભ્યન્તર પરિગ્રહ પ્રત્યે નિર્મમત્વ ભાવ રાખનાર મુનિ જ મનઃપર્યવ જ્ઞાનનો માલિક બને છે. આ જ્ઞાનના ઋજુમતિ અને વિપુલમતિ નામે બે ભેદમાંથી પહેલું જ્ઞાન પણ વિશ્વાસ કરવા લાયક નથી. જયારે વિપુલમતિ, કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરાવ્યા પછી જ અદ્રશ્ય થાય છે.

કેવળજ્ઞાનઃ-

આ જ્ઞાનમાં કર્મોનો ક્ષયોપશમ કામ નથી આવતો પણ ક્ષય શકિત જ કામ આવે છે. આત્માની અનન્ત શકિતઓને દબાવી દેનાર જ્ઞાનાવરણીય કર્મ. દર્શનાવરણીય કર્મ,

અન્તરાય કર્મ અને મોહનીયકર્મ નામે ચાર ઘાતી કર્મોતા મૂળીયા સર્વથા બાળી નાખ્યા પછી જ આ જ્ઞાન પ્રાપ્ત થાય છે.

ત્યારે કેવળજ્ઞાની (સર્વજ્ઞ) કહેવાય છે તેમાં પણ કેવલજ્ઞાનસાથે તીર્થંકર નામકર્મનો વિશિષ્ટ પુણ્યોદય જે સર્વોત્તમ આત્માઓને શરૂ થાય છે તેઓ અરિહંત, દેવાધિદેવ પરમાત્મા આદિનામોથી પ્રસિદ્ધ થાય છે. જયાં સુધી આત્મામાં બીજાઓને શાપ કે આશીર્વાદ દેવાના પરિણામ હોય, નાટક, ખેલ કૂદ, તમાશા કરવાથી ઇચ્છા હોય, સ્ત્રીઓના ભોગ વિલાસોમાં અને પોતાના પુત્રો પ્રત્યેની માયા હોય, ત્રિશૂલ, ગદા, બાણ કટાર કમંડલું, જપમાળા આદિ રાખવાના હોય, રૂદ્રમાળાકે મુંડમાળા પહેરવાની ઘગશ હોય સંસારનું સર્જન રક્ષણ અને મારણ કરવા માટે જૂદા જૂદા અવતારો લેવાનું ભાગ્યમાં લખાયું હોય. ત્યાં સુધી કોઇ પણ જીવાત્મા કેવળજ્ઞાન મેળવાવાનો અધિકારી બનતો નથી. કુહાડા થી ઝાડની ડાળો કાપવાવાળા કરતા ઝાડને મૂળમાંથી ઉખેડનારા ને વધારે તાકાત પરસેવો અને શ્રમ કરવો પડે છે, તેવી રીતે આત્મામાં પણ ક્ષપકશ્રેણીના પરમવિશુદ્ધિ અધ્યવસાયોની અભૂતપૂર્વ શક્તિ પ્રાપ્ત થાય ત્યારે તે ભાગ્યશાળી અનાદિ કાળથી આત્માના પ્રદેશો માં પોતાની મજબુત સ્થિતિને સ્થાપિત કરનારા મોહરૂપ કર્મરાજાના મૂળીયા બાળી નાખે છે. એટલે કે સર્વથા તેના મૂળીયા ને મૂળ માંથી ઉખેડી નાખે છે. જયારે બીજા પાસે શસ્ત્ર નથી બાવડામાં બળ નથી તેવો માનવ ઝાડને મૂળમાંથી ઉખેડી

શકે તેમ નથી તેવી રીતે આત્મામાં પણ સંસારની, પરિવારની, ભોગવિલાસની, ખાવાપીવાની, સંસારને કે શરીરને શણગારવાની થોડી પણ લાલસા હશે. તે કર્મો નો ક્ષય કેવી રીતે કરશે ? માટે જ કેવળ જ્ઞાન સર્વશ્રેષ્ઠ જ્ઞાન છે.

કેવળ, પરિપૂર્ણ, સમગ્ર, અસાધારણ, નિરપેક્ષ વિશુદ્ધ, સર્વભાવ જ્ઞાયક, લોકાલોક વિષયક અને અનન્ત પર્યાયાત્મક આ બધા કેવળજ્ઞાનના પર્યાયો છે. તેને સ્પષ્ટ કરી લઇએ.

(૧) કેવળજ્ઞાન થયા પછી તેની સાથે ચારે ક્ષાયો પશમિક જ્ઞાનોની જરૂર નથી.

(૨) પરિપૂર્ણ, જયારે ઉત્પન્ન થાય છે ત્યારે એકી સાથે ઉત્પન્ન થાય છે.

(૩) સમગ્ર - સંસારભરના બધાય જ્ઞેયોને જાણવાની શકિત વાળું છે.

(૪) અસાધારણ - આની તુલનામાં બીજું એકેય જ્ઞાન નથી:

(૫) નિરપેક્ષ - સ્વયં પ્રકાશી હોવાથી. તેને બીજાની મદદ સર્વથા અનાવશ્યક છે.

(૬) વિશુદ્ધ કર્મોની સત્તા ક્ષય પામેલી હોવાથી હવે પછી એકેય કર્મ પરમાણું તેનો અવરોધક બનવા પામતો નથી.

(૭) સર્વભાવજ્ઞાયક -સૂક્ષ્મ અને સ્થૂળ પદાર્થોને જાણવાની શકિત ધરાવનારા છે.

(૮) લોકા લોકવિષયક - લોકાકાશ અને અલોકા કાશને

યથાર્થરૂપે જાણી શકે છે.

(૯) અનન્ત પર્યાય - જ્ઞેય અનન્ત હોવાથી કેવળ જ્ઞાન ના પર્યાયો પણ અનન્ત છે.

આ બધા કારણોને લઇ 'સ્વપર વ્યવસાયિજ્ઞાનં પ્રમાણં' ''યથાર્થ જ્ઞાનં પ્રમાણમ્'' આદિ વિષયક સમ્યગ્જ્ઞાન પ્રમાણની કોટિમાં આવે છે. અને સ્મૃતિ, પ્રત્યભિજ્ઞાન, તર્ક, અનુમાનાદિ બીજાઓના માનેલા પ્રમાણોને જૈનશાસને મતિજ્ઞાનમાં સામાવિષ્ટ કરેલા છે. કેમ કે તે બધાય પદાર્થ-દ્રવ્યની સાથે ઇન્દ્રિયોના સન્નિકર્ષથી પ્રાપ્ત થાય છે. તે કારણે સન્નિકર્ષ જ્ઞાન અપ્રમાણ છે.

આમ અવ્યાપ્તિ, અતિવ્યાપ્તિ અને સંશય દોષથી સર્વથા રહિત સમ્યગ્જ્ઞાન જ પ્રમાણ છે.

સૂત્ર-૨ ,શ્રુતજ્ઞાનને છોડી બીજા ચારે જ્ઞાનોને ઉદ્દેશ, સમુદ્દેશ અને અનુજ્ઞા ન હોવાથી તે વ્યવહારને યોગ્ય નથી. અર્થાત્ અમુખર છે. જયારે શ્રુતજ્ઞાનને ઉદ્દેશ, સમુદ્દેશ અને અનુજ્ઞા હોવાથી જ મુખર છે, એટલે વ્યવહાર માં શ્રુતજ્ઞાન જ કામે આવે છે, કેમ કે શ્રુતજ્ઞાન નો આધાર લીધાવિના મતિ, અવધિ મનઃપર્યાય અને કેવળજ્ઞાનની પ્રવૃત્તિ દેખાતી નથી. જેમ કે મતિજ્ઞાનથી ગમે તે વસ્તુનું જ્ઞાન થયું હોય, કે અવધિજ્ઞાનાદિથી બીજા પદાર્થોનો નિર્ણય થઇ ગયો હોય, તો પણ બીજાઓને સમજાવવા માટે તે જ્ઞાનોને પણ શ્રુત જ્ઞાનનો આશ્રમ લીધા વિના બીજો માર્ગ નથી, કેવળજ્ઞાની પરમાત્મા પણ પોતાના મુખ કમળથી ઉદ્ભૂત ભાષાને

બોલ્યાવિના બીજાઓને શીરીતે ઉપદેશ આપશે ? આ કારણે જ શ્રુતજ્ઞાન મુખર છે. વાચાલ છે. જેના માધ્યમથી બીજાઓને સમજાવી શકાય છે.

મતિજ્ઞાનના કારણે જ શ્રુતજ્ઞાન થાય છે, અને તેનાથી જેમ જેમ ચારિત્રપરિણામો વધે છે. તેમ તેમ છેવટે કેવળ જ્ઞાનની ભૂમિકાની પણ પ્રાપ્તિ થાય છે. માટે શ્રુતજ્ઞાન અનેકાર્થ , અતિ ગંભીર અને અતિશય સમ્પન્ન હોવાથી ગુરુદેવ પોતાના શિષ્યોને શ્રુતજ્ઞાનનો ઉપદેશ કરે છે.

તું આ સૂત્રને ભણ આ ઉદ્દેશો કહેવાય છે ગોખલા સુત્રને આત્મામાં સ્થિર કર તે સમુદ્દેશ છે અને આસૂત્ર તું પોતે સારી રીતે ધારીને બીજાને પણ ભણાવજે. તે અનુજ્ઞા કહેવાય છે. આ કારણે જ આ પ્રસ્તુત સૂત્રમાં શ્રુતજ્ઞાન ના અનુયોજની જ ચર્ચા કરાશે.

અંગબાહ્ય કે અંગપ્રવિષ્ટ !

અનાદિ સંસારમાં પરિભ્રમણ કરતા અમૂક જ જીવોને જયારે તેવા પ્રકારની ભાવદયા થાય કે આ સંસારના જીવાત્માઓ સ્વયંકૃત કર્મોને ભોગવતા હેરાન પરેશાન થય છે. તો તેનો ઉદ્ધાર કરું, તેમને મિથ્યાત્વના ઘોરાતિઘોર અન્ધકારમાંથી બહાર કાઢીને સમ્યક્ત્વના પ્રકાશમાં લાવું. અજ્ઞાનસ્વરૂપમૃત્યુમાંથી સમ્યગ્જ્ઞાનરૂપી અમર પદના માર્ગે લઇ જાઉં ઇત્યાદી ભાવદયાના કારણેજ પોતાના આત્મામાં અનપવર્તનીય પુરુષાર્થ શક્તિનો સંચય કરવા માટે ઉત્કૃષ્ટતમ વિશંતિ સ્થાનક પદોની આરાધના કરવા માટેની તૈયારી કરે છે. અને પોતાના રોમ રોમમાં, લોહીના બુંદ બુંદમાં પ્રત્યેક શ્વાસોશ્વાસમાં, અરિહંત પરમાત્માના ૧૨ ગુણો અને સિદ્ધપરમાત્માના ૩૧ ગુણો મારા જીવનમાં કયારે આવે અર્થાત્ હું પોતે જ અરિહંત સ્વરૂપ બનીને સિદ્ધશિલા પર મારૂં સ્થાન કયારે પ્રાપ્ત કરનારો થાઉં ? પ્રવચનપદ, આચાર્યપદ, સ્થવિરપદ, ઉપાધ્યાયપદ અને સાધુપદ જેવું પવિત્રતમ જીવન મારૂં કયારે બને ? જ્ઞાન, દર્શન વિનય ચારિત્ર અને બ્રહ્મચર્યપદની એક નિષ્ઠતાને હું શા માટે ન મેળવી શકું ? ગણધર અને વિહરમાન તીર્થંકરોને ભાવવન્દનાનો ઉત્તમ લાભ પ્રાપ્ત કરી ધન્ય કયારે બનીશ ? સત્તર પ્રકારનો સંયમ અને જ્ઞાન ધારામાં હું અણિશુદ્ધ શા માટે ન બની શકું ? ઇત્યાદી ૨૦, સ્થાનકો

ને તપશ્ચર્યા સાથે આરાધિત કરી લીધા પછી તે ભાગ્યશાળી કેવળજ્ઞાનની ભૂમિકામાં પ્રવેશ કરી. ત્રીજા ભવે ભાવદયા પૂર્વક રાજપાટ, પરિવાર, કાયાની માયાનો ત્યાગ કરી સંયમ માર્ગ પર આવે છે. કેમ કે:- સંસારના કોઇપણ સંસ્થાનની સત્તા અને શ્રીમંતાઇ એ બંને ભયંકર તમ આત્માના રોગો છે. જે રોગી હોય તે બીજાને નિરોગી ન બનાવી શકે. માટેજ તીર્થંકર પરમાત્માઓના આત્માઓ સર્વ ત્યાગપ્રધાન સમતિ ગુપ્તિ ધર્મને સ્વીકારે છે. આરાધિત કરે છે અને ઘાતિકર્મોનો મૂલોચ્છેદન કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે; અને તેજ સમયે તીર્થંકર નામકર્મ નો ઉદય થાય છે. ફળસ્વરૂપે સર્વથા અચલ દેવેન્દ્રોના આસનકંપે છે. પોતાના અવધિજ્ઞાન થી જાણી લે છે. અને કરાડોની સંખ્યામાં દેવો, દેવીઓ સાથે આવી કેવળજ્ઞાનનો મહોત્સવ કરે છે. અને દેવવિર્મિત્ત સમવસરણમાં બિરાજમાન થઇ ભવ્ય જીવોના કલ્યાણાર્થે એટલે કે અવ્યાબાધ સુખ માટે ઉપદેશ આપે છે. જે આર્થિક પૂર્ણ હોવાથી ત્રિપદી કહેવાય છે. (ત્રયાણાંપદાનાં સમાહાશ્રોતિ ત્રિપદી) તેને લબ્ધિ સમ્પન્ન ગણધર ભગવંતો દ્વાદશાંગી (દ્વાદશાનામંગાનાં સમાહારશ્ચેતિ દ્વાદશાંગી) માં વિસ્તાર પૂર્વક શબ્દો થી ગૂંથી લે છે. તે અંગપ્રવિષ્ટ કહેવાય છે. તેમના શિષ્યો અથવા ચતુર્દશ પૂર્વધારિઓ તે દ્વાદશાંગીના અર્થને અનુકૂળ જે શાસ્ત્રોની રચના કરે છે તે અંગબાહ્ય કહેવાય છે તેના કાલિક અને ઉત્કાલિક રૂપે બે ભેદ છે. તેમાં દિવસ રાત્રિના પહેલી

અને છેલ્લી પૌરસીએ જેનું અધ્યયન થાય તે ઉત્તરાધ્યયનાદિ કાલિકશ્રુત અને કેવળ કાળવેળાનો ત્યાગ કરીને ગમે ત્યારે જેનું અધ્યયન કરાય તે આવશ્યકાદિ ઉત્કાલિક સૂત્ર કહેવાય છે. આ બધાય સૂત્રોના નામ પકૃખી સૂત્રમા તથા નંદીસૂત્ર માં આવે છે.

આ પ્રસ્તુત સૂત્રમાં ઉત્કાલિકનો અનુયોગ કરાયો છે. જેમાં આવશ્યક સૂત્રનો પણ સમાવેશ હોવાથી તેનો અનુયોગ કરવો મુખ્ય ઉદ્દેશ છે.

આવશ્યક એટલે શું ? અનન્તભવોની આરાધનાને, તથા અનુષ્ઠાનોને બગાડી મારવાની તાકાત ધરાવનારા અનન્તાનુબંધી કષાયોને દબાવી દેનાર કે નાશ કરનાર ભાગ્યશાળી ક્ષાપોપશમિક કે ક્ષાયિક સમ્યક્ત્વના પ્રકાશમાં આવી જાય છે. ત્યારે કરેલા કરાવેલા કે અનુમોદેલા પાપો તેમને પાપરૂપે ખટકે છે,

ત્યારે પાપોથી મલિન બનેલા આત્માની શુદ્ધિ માટે સાધુ, સાધ્વી, શ્રાવક કે શ્રાવિકાને બંને ટાઇમ પ્રતિક્રમણ કરવાનું ફરજીયાત બને છે. તે કારણે અવશ્ય કરવાનું હોવાથી તેને આવશ્યક કહે છે.

(૨) આત્માને ચારે તરફથી વશ્ય એટલે સ્થિર કરાવે તે આવશ્યક છે. સારાંશ કે:- અનાદી કાળથી આત્મા, પુદ્ગલોનો સહવાસી રહ્યો હોવાથી પોતાના સમતાદિ ગુણો તરફ બેદરકાર રહ્યો છે, માટે દુર્ગણોથી

પરાધીન બનેલા આત્માને સ્વતન્ત્ર બનાવવા માટે આવશ્યક પ્રતિક્રમણ કરવાનું છે. સ્વ એટલે આત્મા અને તંત્ર એટલે અધીન આત્માને સ્વાધીન રહેવું તેને સ્વતન્ત્ર કહેવાય છે.

(૩) નિકાચિત, અનિકાચિત કર્મોનો અન્ત-નાશ કરાવે તેને આવશ્યક કહે છે.

(૪) આવશ્યક શબ્દ સંસ્કૃત છે, તેનો પ્રાકૃતમાં આવાસક શબ્દ બને છે. આમાં વસ્ઘાતૂ રહેવા અર્થમાં છે. તેથી આવૃત ગુણવાળા આત્માને ચારે તરફથી ગુણીયલ બનાવે તેને આવશ્યક કહે છે. તેના છ અંગો છે. સામાયિક, ચતુર્વિંશતિસ્તવ, ગુરુવન્દન, પ્રતિક્રમણ, કાર્યોત્સર્ગ અને પ્રત્યાખ્યાન.

જ્યારે ભવભવાન્તરના કરેલા પાપોને ધોવા જ છે તો સૌ પ્રથમ નવા પાપોં ને રોકવા માટે નિયમની મર્યાદા કરી સામાયિક લેવું જોઇએ ૪૮ મિનિટ માટે પણ ફરીથી આત્મા પાપ તરફ જવા ન પામે તે માટે જીભ, આંખ અને કાન ને મૌન આપવાનું જરૂરી એટલા માટે છે કે સૂક્ષ્મ કે સ્થૂળ દષ્ટિએ આત્રણે ઇન્દ્રિયો પાપકારક, પાપવર્ધક હોવાથી તેને બંધ કર્યા પછી, તેટલા સમય માટે પણ હું કોઇનો નથી, વ્યાપાર રોજગાર કે કુટુંબ પરિવાર ૪૮ મિનિટ ને માટે મારા નથી. આમ કરવાથી આત્મા જાગૃત રહેવા પામશે. ચતુર્વિંશતિ સૂત્રથી એકએક તીર્થંકર દેવનું

નામોચ્ચારણ કરી વન્દના કરવાથી અને પછી જે ગુરુદેવે તીર્થંકર પરમાત્માનું શાસન દેખાડ્યું છે તેમને વન્દન કરવાથી આત્મામાં વિશેષ પ્રકારની જાગૃતિ આવશે. ત્યાર પછી પાપોની આલોચના, નિંદા, ગર્હા રૂપ પ્રતિક્રમણથી અને મન, વચન, કાયાની સ્થિરતારૂપ કાયોત્સર્ગની વિશિષ્ટ પ્રક્રિયાથી શુદ્ધિ કરાશે. અને પ્રત્યાખ્યાન દ્વારા ફરીથી પાપો ન કરાય તે પ્રમાણે નિર્ણય લેવાશે.

આ પ્રમાણે પ્રસ્તુત આવશ્યક સૂત્ર અંગ બાહ્ય, એકશ્રુતસ્કન્ધાત્મક અને છઅધ્યયનાત્મક છે. અનુયોગની વક્તવ્યતા સાથે નીચે પ્રમાણે થોડો વિચાર કરવો પડશે તે આ પ્રમાણે.

(૧) નામસ્થાપનાદિ અનુયોગનો નિક્ષેપ કરવો.

(૨) અનુયોગના અર્થ ને બતાવનારા પર્યાયો કહેવા જેમકે: અનુયોગ, નિયોગ, ભાષા, વિભાષા, વાર્તિક, આ શબ્દો અનુયોગના પર્યાયો હોવાથી સમાનાર્થ છે.

(૩) અનુયોગની નિર્યુક્તિ કહેવી જેમકે તીર્થંકર પરમાત્માઓના ઉદ્દિષ્ટસૂત્રને સર્વાંશે લાગુ પડે તેવા અર્થ સાથે સૂત્રનો સંબંધ જોડવો યદ્યપિ સૂત્ર લઘુ હોય છે પણ તેનો અર્થ મોટો હોય છે. છતાં પરમાત્માએ નિર્દિષ્ટ તત્વોની પદાર્થોની કે દ્રવ્યોની સમુચિત અને સત્ય અર્થ સાથે ઘટના કરવી તેને નિર્યુક્તિ કહે છે.

(૪) અનુયોગનો વિધિ કહેવો, જેમ કે ગુરુઓએ પોતાના નૂતનશિષ્યોને પ્રથમ સૂત્રાર્થ કહેવો. પછી નિર્યુકિત પૂર્વક અર્થ કહેવો અને પછી પ્રસંગાનુસાર બધો અર્થ કહેવો.

(૫) અનુયોગની પ્રવૃતિ કહેવી એટલે કે તેનું પ્રર્વતન કયાં સાર્થક બનવા પામશે ? ગુરુ અને શિષ્ય બંને પ્રમાદી હોય ત્યાં અનુયોગનું પ્રવર્તન ન થાય. પણ ગુરુ ઉદ્યમી અને શિષ્ય પણ ઉદ્યમી હોય ત્યાં અનુયોગનું પ્રવર્તન બરાબર થશે. જયારે ગુરુ ઉદ્યમી શિષ્ય પ્રમાદી, અથવા ગુરુ પ્રમાદી અને શિષ્ય ઉદ્યમી હોય ત્યાં કથંચિત કદાચિત અનુયોગનું પ્રવર્તન ઘરડા થયેલા હાથીની જેમ થશે.

(૬) સૂત્રોનો અનુયોગ કરનાર એટલે કે સૂત્રોને ભણાવનાર આચાર્ય, ઉપાધ્યાય કે સ્થવિરમાં કયાં અને કેટલા ગુણો હોવા જાઇએ તેની સ્પષ્ટતા દશવૈ કાલિક સૂત્રની નિર્યુકિતની ગાથાઓથી જાણવી.

(૭) અનુયોગ કરવા માટેની પર્ષદા પણ ત્રણ પ્રકારની છે. તેમાંથી દુર્વિદગ્ધા નામની પર્ષદા અયોગ્ય જાણવી. કેમકે આ પર્ષદામાં બેસનારાઓ ઉંઘણશી, નિંદક અવળ ચંડા, પૂર્વગ્રહ કે દષ્ટિરાગના કાળા ચશ્મા પહેરેલા હોવાથી પરિશ્રમ બેકાર છે.

નિક્ષેપ શાનો કરવાનો છે ?

પ્રસ્તુત સૂત્રમાં આવશ્યક, સૂત્ર, સ્કન્ધ, અને અધ્યયન આ ચારેનો નિક્ષેપ કરાશે આમાં પણ બુદ્ધિનો વિકાસ જે પ્રમાણે થયો હોય તે પ્રમાણે નામ-સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભવ અને ભાવ આ પ્રમાણે સાતે નિક્ષેપોનો પ્રયોગ કરવો, છતાં પણ કદાચ સાતે નિક્ષેપા સુધી ન પહોંચાય તો પણ નામ-સ્થાપના દ્રવ્ય અને ભાવ આ ચારેનો ઉપયોગ કરવો અત્યાવશ્યક છે. કેમ કે:- સંસારનો કોઇ પણ પદાર્થ તેવો નથી જેમાં આ ચારે નિક્ષેપા લાગુ પડતા ન હોય. ચાહે તીર્થંકર શબ્દ હોય, ધર્મ હોય, ગુરુ હોય કે બીજે ગમે તે શબ્દ હોય ચાર નિક્ષેપે તેને નિક્ષિપ્ત કરવાનું રહેશે. શબ્દ યદિ સાર્થક હશે તો ચાર નિક્ષેપોની પ્રવૃત્તિ ચોક્કસ થવાની છે. જેમ કે તીર્થંકર શબ્દ સાર્થક છે. તેથી નામતીર્થંકર, સ્થાપના તીર્થંકર, દ્રવ્ય તીર્થંકર અને ભાવ તીર્થંકર. તેવી રીતે નામગુરુ, સ્થાપનાગુરુ, દ્રવ્યગુરુ અને ભાવગુરુ કાગળમાં કાષ્ઠમાં કે પાષાણમાં ગુરુનો આકાર હોય તો તે સ્થાપના ગુરુ સૌને માન્ય છે. તેમ પાષાણમાં પિત્તલમાં કે કાગળમાં સમચતુ રસ્ર આદિથી શાસ્ત્રોમાં વર્ણિત આકારવાળી તીર્થંકર પરમાત્માની મૂર્તિ પણ સ્થાપના તીર્થંકર કહેવાય છે અને દેવ, દાનવ તથા બુદ્ધિશાળી સમ્યક્ત્વ ધારીઓથી પૂજય છે. કાશીમાં જન્મેલ જોડા સિવનાર ચમાર પણ ગુરુ શબ્દથી

સંબોધાય છે. માટે તે નામગુરુ છે.

નામ અધ્યાત્મ, સ્થાપના અધ્યાત્મ, દ્રવ્યઅધ્યાત્મ અને ભાવ અધ્યાત્મ, નામ સેવક, સ્થાપના સેવક, દ્રવ્ય સેવક, ભાવ સેવક આમ પ્રત્યેક શબ્દોમાં ચારનિક્ષેપા લગાડવા જ જોઇએ.

નિક્ષેપાની આવશ્યકતા શા માટે ?

બોલવાવાળો સાધક પોતાના શબ્દો નો આશય બીજાઓને સમજાવવા માંગે છે અને બીજો સમજી જાય છે. ત્યારે બોલવાવાળો પ્રત્યેકમાનવ પોતાનો ભાષાવ્યવહાર વિશદ અને ઉદાર બનાવે તો કોઇનેપણ વાંધો આવતો નથી. જેમ કે ધર્મ શબ્દ આપણે બોલીએ છીએ પણ બોલવા વાળાને કે સમજવા વાળાને, જ્યારે ધર્મ શબ્દનો માર્મિક અર્થ સમજાતો નથી ત્યારે જ પક્ષાપક્ષી, વાગયુદ્ધ અને છેવટે ડંડાડંડી યુદ્ધ ભાગ્ય માં રહે છે. સમજી લેવાનું છે કે: દેવદુર્લભ મનુષ્યાવતાર, ગમે તેવી શ્રદ્ધેય પૂજ્ય કે આદરણીય વસ્તુ માટે પણ વૈરઝેર કે ધર્મના નામે કલેશ વધારવાની ચૌકકસ મનાઇ ફરમાવે છે. પરન્તુ આવું બને છે શા માટે ? જવાબ એક જ છે બોલવાવાળાને તથા સાંભળવાળાને પોતાને જ ઉચ્ચારાતા શબ્દ પ્રત્યે સાચી સમજ હોતી નથી અને તેના પરિણામે બન્ને શબ્દના ખોટા અર્થમાં તણાઇને વાગયુદ્ધમાં ફસાઇ જાય છે. અને દેવદુર્લભ માનવ જીવનને કોડીની

કિમતમાં સમાપ્ત કરે છે.

આવા પ્રકારના બધાય કલેશોને સમાપ્ત કરાવવા માટે ભાવદયાથી પરિપૂર્ણ અરિહંત પરમાત્માઓનો તેમજ તેમના માર્ગે ચાલનારા મુનિરાજે નો વાણીવ્યવહાર સ્યાદ્વાદમય, નયમય પ્રમાણમય અને નિક્ષેપામય જ હોય છે.

ખૂબ ઉંડાણથી સમજી લેવાનું છે કે સંસારમાં પ્રચલિત શબ્દ વ્યવહારને જે તમારા માન્ય સિદ્ધાન્ત સાથે સંબંધિત કરી ન શકયા તો તમારા ભાષા વ્યવહારમાંથી કે ધર્મની માન્યતા માંથી તમે પોતે પણ કયારેય ધાર્મિક (**धर्मचरतीतिधार्मिकः**) બની શકવાના નથી. ગ્રામ્ય કે નગર શહેરમાં સાક્ષર કે નિરક્ષર કયા આશયે ભાષાવ્યવહાર કરે છે તે બધાયને આપણે જે સમજવા જેટલી બુદ્ધિનો ઉપયોગ કરી ન શકીએ તો પરિણામે આપણા આત્માને ગેરમાર્ગે જવા સિવાય બીજો માર્ગ રહેવાનો નથી અને આમ થયું તો આપણો બધો ધર્મવ્યવહાર વાંઝીયો રહેવા પામશે.

સત્ય વસ્તુનો અપલાપ કરવા વાળી અને અસત્ય પદાર્થને, બીજા ભોળાભદ્રિક માણસના મગજમાં ઠસાવી દેવાની ભાષાને, જૈન શાસનની દષ્ટિએ ભાષા સમિતિ કહી શકાય તેમ નથી. માટે જ મૃષાભાષાનો તથા સત્યમૃષા ભાષાનો વ્યવહાર કરી ધર્મના સાચા અર્થને દૂષિત દૂર્ગમ કરવો ઠીક નથી. જયારે સત્યા અને અસત્યા મૃષા, ભાષાને

જૈન શાસને ભાષા સમિતિમાં ગણાવી છે. કેમ કે અસત્યા મૃષા ભાષાને બોલવા વાળાના મનમાં કોઈ જાતનો કે કોઈના પ્રત્યે પણ વ્યંગ્ય નથી, પાપ નથી, ઈર્ષ્યા નથી, છળ નથી, કેવળ લોક વ્યવહારમાં જે ભાષાવ્યવહાર થાય છે તે પ્રમાણે જ તે તેવી ભાષા બોલે છે માટે તે ભાષા સર્વથા અહિંસક અને પ્રામાણિક હોવાથી ભાષા સમિતિની છાપ તેના પર લાગી જાય છે માટે લોક વ્યવહારમાં બોલાતી ભાષા અસત્ય નથી.

નિક્ષેપ

શબ્દના માર્મિક રહસ્ય સુધી પહોંચવામાં યદિ નિક્ષેપનો પ્રયોગ કરવાની આવડત ન કેળવી શકયા તો તે જ્ઞાન અજ્ઞાન જ કહેવાશે, કેમ કે જેનાથી ઈષ્ટ સિદ્ધિ ન થાય તેવા ભાષા વ્યવહારથી અર્થોની સંગતિ ન થતાં ગેર સમજ ઉત્પન્ન થશે અને ભદ્રિક, ભોળા, અપઠિત માનવોને ધર્મના નામે પાપના માર્ગે જતાં વાર ન લાગે, અને તેમ થયું તો ધર્મના ચોપડાઓ પંડિતોને માટે ભાર રૂપે જ રહેવા પામશે. ઉદાહરણ રૂપે વ્યવહારમાં બધાય બોલે છે કે **'ભાવના ભવનાશિની'** ભવ એટલે સંસારનો નાશ કરવાવાળી ભાવના છે. હવે તે ભાવના શબ્દને ચારે તરફથી જૂદા જૂદા અભિપ્રાયો દ્વારા સ્પષ્ટ કરવામાં ન આવે તો સૌ કોઈના મનમાં શંકા ઉત્પન્ન થશે અને ભાવનાનો બીજો અર્થ પણ સ્વીકારી લેશે. કેમ કે વિષય ભાવના, માયા

ભાવના, લોભ ભાવના, હિંસકભાવના આદિમાં પણ ભાવના શબ્દનો પ્રયોગ થયો છે. પરન્તુ આવી ભાવનાથી ભવનો નાશ થશે ? કે સંસારને કલેશમય બનાવાશે ? અને આમ થયું તો પંડિતાઈનો અર્થ શો ?

માટે જ સર્વજ્ઞ, તીર્થંકર, અજર, અમર, અરિહંત પરમાત્માઓએ સત્ય-અર્થના ઉંડાણમાં ઉતરી પોતાની ઈષ્ટ સિદ્ધિ માટે નિક્ષેપની પદ્ધતિ સ્વીકારીને જગતના જીવો ઉપર અનહદ ઉપકાર જ કર્યો છે.

વિધિની આવશ્યકતા

સંસારના વ્યવહારસંચાલન માટે પણ વિધિવિધાનની આવશ્યકતા નકારી શકાતી નથી. દ્રવ્યોપાર્જન, દ્રવ્યરક્ષણ, તથા કામોપાસના ઉપરાન્ત, ચૌર્યકર્મ, નાટ્યકર્મ, નૃત્યકર્મ આદિ માટે વિધિવિધાનના સૂત્રો પુસ્તકો, આજે પણ ઉપલબ્ધ છે. તો પછી જેનાથી સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કરવાનું છે, આત્મોન્નતિ સાધવાની છે અને તેમ કરી આત્મકલ્યાણની તીવ્રેચ્છા છે, તો પછી અધ્યાત્મજ્ઞાન મેળવવા માટે અને તે જ્ઞાનને આત્મસાત્ કરી લેવા માટે વિધિ-વિધાનની આવશ્યકતા શા માટે નહીં ? સારાંશ કે અધ્યાત્મવાદની પ્રાપ્તિ માટે પણ પ્રત્યેક ક્રિયા ઉપયોગપૂર્વક, સાવધાનીપૂર્વક અને જ્ઞાનપૂર્વક કરવામાં આવશે તો નૂતન પાપોના દ્વાર બંધ થશે અને

જૂના પાપો નિર્જરિત થવામાં વાર કરશે નહીં. જ્ઞાનદાતા ગુરૂ હોય અને જેમની પાસેથી જ્ઞાન લેવાનું હોય તેમનો વિનય કરવો, બહુમાનપૂર્વક વિનય કરવો, આદર કરવો, તેમની સામે વિવેકથી બેસવું આદિ વ્યવહારોને વિધિવિધાનો કહેવાય છે. દીક્ષાની વિધિ સમયે જેમ, ૨૧ ખમાસમણ અને ત્રણ કાર્યોત્સર્ગ કરવાના હોય છે. તેવી રીતે યોગોદ્વહન કરતાં કે યોગ ક્રિયા કરતાં પણ ગુરૂનો વિનય સાચવવો અને નતમસ્તકે તેમની પાસે શબ્દ, અર્થ અને તદુભયની ધારણા કરવી જરૂરી છે.

અનુયોગ એટલે જૈનાગમોમાં પ્રવેશ કરવા માટેનું દ્વાર તેમાં પ્રવેશ કરીને એક જ શબ્દને જૂદી જૂદી પદ્ધતિએ જાણવાનો અને જાણ્યા પછી તેનો સત્યાર્થ મેળવવો તે માટે આ સૂત્રની આવશ્યકતા છે. કેમ કે જૈનાગમો, તથા તેની નિર્યુક્તિઓની રચના પદ્ધતિ જ નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ રૂપ ચાર નિક્ષેપાત્મક છે. આનાથી ટૂંકા સૂત્રોનો યથાર્થ જાણવાની સરળતા રહે છે. જેનાથી શિષ્યના મતિજ્ઞાનનો વિકાસ તેમ જ કલ્પના શક્તિનો પણ વિકાસ સુલભતમ બને છે.

આવશ્યકનો નિક્ષેપ

से किं तं आवस्सयं ? आवस्सयं चउव्विहं पण्णत्तं तं जहा नामावस्सयं, ठवणावस्सयं, द्रव्वावस्सयं भावावस्सयं

(સૂત્ર ૮)

જૈન શાસન રૂપી વૃક્ષનું મૂળ જ આવશ્યક સૂત્ર છે કેમ કે:- સાંભળીને, વાચીને કે સંતો પાસે બેસીને શ્રુતજ્ઞાન ગમે તેટલું ધારી લીધું હશે, ધર્માસ્તિકાયાદિ તથા આત્માના દ્રવ્ય, ગુણ, પર્યાયોને સારી રીતે જાણી લીધા હશે, તથાપિ સમ્યક્ચારિત્રની આરાધના વિના કોઇ કાળે પણ સાધકઆત્મોન્નતિ ના માર્ગે એક ઇચ પણ આગળ વધી શકે તેમ નથી. આવશ્યક સૂત્ર જ સમ્યક્ ચારિત્ર રૂપે છે. તેમાં સામાયિક નામનું પ્રથમ અધ્યયન આવશ્યક, ૪૮ મિનિટ કે જીવન ના છેલ્લા શ્વાસ સુધી નવા પાપોં ને રોકી રાખે છે. ચતુર્વિંશતિ સ્તવન તથા ગુરુવંદન દ્વારા આત્મામાં અભૂતપૂર્વ પુરુષાર્થ બળ પ્રગટ થાય છે, પ્રતિક્રમણ અને કાર્યોત્સર્ગ પાપોની આલોચના દ્વારા જૂના પાપોને ખંખેરી નખાવે છે. જયારે પ્રત્યાખ્યાન આત્માને ફરીથી પાપોના માર્ગે જતા અટકાવે છે. આ કારણે જ આવશ્યક, પ્રતિ ક્રમણ, પ્રતિલેખના આદિ ક્રિયાઓ જૈન શાસનનું મૂળ છે. માટે જ અનુયોગ સૂત્રમાં સૌ પ્રથમ આવશ્યક શબ્દનો અનુયોગ વિચારાયો છે, જે નામાવશ્યક, સ્થાપનાવશ્યક, દ્રવ્યાવશ્યક અને ભાવાવશ્યક રૂપે ચાર પ્રકારે છે.

નામાનિક્ષેપનું લક્ષણ

अन्यार्थे स्थितमर्थनिरपेक्षं, पर्यायानभिधेय वस्तुनोऽ

भिधानम्, पर्यायानभिधेयत्वे सति अन्यार्थे अन्वर्थे वा स्थितं सत् तदर्थ निरपेक्ष सापेक्षान्यन्तररूपं वस्तुनोऽभिधानं स्वेच्छानुरुपं वस्तुनोऽभिधानं वा नाम्नोलक्षणम्

(આર્હતદર્શન દીપિકા પેજ. ૧૪૭)

મૂળ શબ્દના અર્થથી અન્ય અર્થમાં રહેવું, મૂળ અર્થથી નિરપેક્ષ, પર્યાયોરહિત, વસ્તુનુંનામ તે નામનિક્ષેપા નો અર્થ છે: જેમ કે:- કોઇનું નામ ઇન્દ્રમલ રાખવામાં આવ્યું છે, તે દેવેન્દ્ર ઇન્દ્રથી ભિન્ન અર્થમાં રહેલું છે, ઇન્દ્ર મહારાજના વૈભવથી નિરપેક્ષ છે. અર્થાત દેવોના ઇન્દ્ર મહારાજના ઐશ્વર્યાદિ ગુણોથી રહિત છે. અને ઇન્દ્ર મહારાજના જે અમરપતિ શચીપતિ, સુરેન્દ્ર, પુરન્દર અને શતમખ આદિ પર્યાયોથી, આપણા ઇન્દ્રમલજીને કંઇપણ લેવા દેવા છે જ નહીં એટલે ઇન્દ્રમલને દેવલોકના ઇન્દ્ર મહારાજના જ બીજા નામો છે તેની સાથે ઇન્દ્રમલજીને કંઇ પણ સ્નાન સૂતક નથી કેવળ દેહસંબંધી ધર્મનો ઇન્દ્રનામમાં ઉપયોગ કરાયો છે. માટે અસલી ઇન્દ્ર નહીં પણ ઇન્દ્રના સાંકેતિક શબ્દથી બોલાવાય છે. **यद्वस्तुनोऽभिधानं स्थितमन्यार्थे तदर्थ निरपेक्षम् पर्यायानभियंच नाम यादच्छिकं चतथा ।।** આનો ભાવ પણ ઉપર પ્રમાણે જ છે. ઇન્દ્ર શબ્દમાં વર્ણોજ સમાન છે. ગોપાલદારકમાં કેવળ ઇન્દ્રનો આરોપણ જ છે. પણ ઇન્દ્રના પરમૈશ્વર્યાદિ રૂપથી ગોપાલદારક રહિત છે. સ્વેચ્છાએ વ્યુત્પતિશૂન્ય ડિત્થડવિત્થઆદિ શબ્દોમાં પણ નામનિક્ષેપ જાણવો.

નામનિક્ષેપની સાર્થકતા

અમુક વ્યક્તિનું નામ જ્યારે મહાવીર, રામ, કૃષ્ણ, રાજીમતી, સીતા, કે ચન્દન બાળા આદિ રાખવામાં આવે છે, પણ તેઓમાં મહાવીર સ્વામી આદિનો એકેય ગુણ, શરીરની આકૃતિ, તેમજ તેમના તપો ગુણાદિ રતિમાત્ર પણ ન હોય, ત્યારે તેમનું નામ મહાવીરાદિ રાખવાથી કયો ફાયદો ? આવી સ્થિતિમાં નામ નિક્ષેપાની આવશ્યકતા ક્યા રહી ? જવાબમાં જણવાનું કે, તે વ્યક્તિમાં ગુણોનો સર્વથા ભાવ હોવો જોઇએ, તે નામનિક્ષેપાનું ફળિતાર્થ નથી. કેમ કે સંસારના વ્યવહારમા જે આપણી આંખે જોઇ રહ્યા છીએ. તેમાં પણ જન્મેલા પ્રત્યેક વ્યક્તિનું નામ રાખવાની પ્રથા અનાદિકાળથી છે, તે વિના સંસારનો વ્યવહાર પણ ચાલીશકે તેમ નથી. માટે નામકરણ જેમ માનવો ને માટે જરૂરી છે તેમ ભરવાડ કોમમાં પણ પોતાના ચાર પગા ગાય ભેંસોનું નામ, ગોમતી સરસ્વતી આદિ રાખેજ છે અરે ! જડ ગણાતા પર્વતો તથા નદીઓનો પણ ગંગા - યમુના સરસ્વતી આદિ નામો કયાં નથી ? આ બધો નામ નિક્ષેપાનોજ ફળિતાર્થ છે.

વ્યવહારમાં ભોળા-ભદ્રિક માનવોના ભાષાવ્યવહારને પણ જૈન શાસને માન્ય રાખ્યું છે, યદ્યપિ તે ભાષામાં પંડિતાઇ ચમકતી નથી, તર્કો નથી, તેમજ સાહિત્યિક અલંકોરો પણ

નથી. તો પણ તેમની સત્યતામાં ક્યાંય વાંધો આવતો નથી.

ચતુર્વિંશતિ સ્તવનમાં ઋષભદેવ પરમાત્માથી લઇને મહાવીર સ્વામી સુધીના ૨૪, તીર્થંકરોના કેવળ નામોજ છે. છતાં તે પરમાત્માઓનું નામોચ્ચારણ કરતાં પણ ભવિતવ્યતાનો પરિપાક થયેલા ભાવુકોને શું આનન્દ નથી આવતો ? વર્ધમાન કુમાર કે પાર્શ્વકુમાર હજી તો બાલુડા છે અને તીર્થંકરો ના ગુણોથી રહિત છે તો પણ ત્રિશલામાતાને કે વામામાતાને ઘડી ઘડી, પળેપળ રોમે રોમમાં મારો વર્ધમાન, મારો પાર્શ્વકુમાર આદિ નામો લઇ લઇને પણ તે માતાજીઓને આનન્દનો પાર રહેતો નથી. યશોદામાતા કે કૌશલ્યાજીને હર ઘડીએ કૃષ્ણ અને રામની સ્મૃતિ થતાં જ તે માતાઓને પણ આનન્દ આવતો જ હતો. ઇત્યાદી પ્રસંગો સૌ ને માટે અનુભવગમ્ય છે.

નામાવશ્યકઃ

'से कि तं नामावस्सयं ? जस्स णं जीवस्स वा अजीवस्स, वा जीवाणवा अजीवाण वा तदुभयाणंवा तदुभयस्सवा आवस्स एति नामं कज्जइ सेतं नामावस्सयं (સૂ. ૯)

ઉંડાણમાં ઉતરીને અને ઉતારીને પ્રશ્નનો જવાબ આપતા સૂત્રકાર ફરમાવે છે કે એક જીવનું કે અજીવનું, ઘણા જીવોનું કે અજીવોનું અથવા એક જીવ અજીવનું, ઘણા

જીવો અજીવોનું આવશ્યક, તે નામાવશ્યક છે. આ કેવળ નામમાત્રથી જ આવશ્યક છે.

જીવનું નામ આવશ્યક શી રીતે સંભવિત બની શકે છે ? જવાબમાં કહેવાયું કે જે રીતે લોકમાં કોઇ પિતા પોતાના પુત્રનું નામ સિંહદત્ત કે દેવદત્ત રાખે છે, તે સંતાનોમાં સિંહના કે દેવના લક્ષણો મુદ્દલ હોતા નથી તો પણ નામ તે પ્રમાણે રાખે જ છે. અને પ્રત્યેક જીવો તેને સિંહદત્ત કે દેવદત્તના નામે સંબોધે છે, તેવી રીતે પોતાના સ્વાભિપ્રાયના વશે પોતાના પુત્રનું નામ 'આવશ્યક' રાખી શકે છે. જેમ સ્વપ્નમાં પોતાના પડખેખી નીકળેલા સર્પના અભિપ્રાયે અશ્વસેન રાજા પોતાના પુત્રનું નામ પાર્શ્વકુમાર રાખે છે. આવી રીતે કદાચ કોઇ ગર્ભવતી સ્ત્રી સામાયિકમાં બેઠી હોય અને સુવાવડ થઇ જાય તો આ સંકેતે પણ પોતાના પુત્રનું નામ 'આવશ્યક' રાખે તેમાં કયો વાંધો ?

અજીવનું નામ આવશ્યક કઇ રીતે ? જવાબમાં કહેવાયું કે આવશ્યક અને આવાસક શબ્દોની એકાર્થ તા પહેલા કહેવાઇ ગઇ છે. માટે ઊંચો, શુષ્ક અચિત્ત અને ઘણા કોટરો થી આકીર્ણ વૃક્ષ અથવા તેના જેવું બીજું કંઇ પણ હોય તેને જોઇને જનસમુદાય કહે છે કે આ તો સર્પનું ઘર છે. યદ્યપિ આ વૃક્ષના કોટરમાં એકલો સર્પ જ રહેતો નથી પણ કીડિઓ, ઉંદરડા, ખીસકોલી, કબૂતર, કાગડાના માળા

પણ છે. છતા લોકો સર્પનું ઘર કહે છે. આવા પ્રકારની વ્યવહારની ભાષામાં તર્કકર્કશ બુદ્ધિવાળો મહાપંડિત દર્શનશાસ્ત્રની ભાષા લગાડીને લોકવ્યહારને બગાડવા માંગે તો તેવા પંડિત રાજેની મશ્કરી જ થવાની છે. જયારે ભાવદયાના માલિક મહાવીર સ્વામીએ લોકની નાડ ને બરાબર ઓળખી લીધા પછી ઇર્ષ્યા અદેખાઇ રૌષ, શૈતાની કે ગર્વિષ્ઠ ભાષાને છોડી લોકોમાં બોલાતી ભાષાને અસત્યામૃષામાં સમાવિષ્ટ કરી તે માન્ય કરી છે, કીડામકોડા આદિ કરતા સર્પરાજ ક્રૂર છે બળીઓ છે માટે જ.

''જબરાઇ કા પેડા ન્યારા મત કોઇ માનો રીષ''।
સર્વ દેવતા સીસ પૂજવે લિંગ પૂજવે ઇશ ।।

આ કારણે જ સર્પ સૌ કોઇની જાભે ચડી ગયો હશે ? યદાપિ તે વૃક્ષ અનન્ત પુદ્ગલ પરમાણુંઓથી નિર્મિત છે. તથાપિ એકાદ શાખાને આશ્રય કરી બેઠેલા સર્પનું લક્ષ કરી. આ વૃક્ષ સર્પનું ઘર છે. આ રીતે અજીવને લઇ આવાસક (આવશ્યક) કહેવાય છે. જયાં કુંભાર વડે ઇંટો પકાવાય છે ત્યાં અગ્નિમૂષક જીવો સંમૂર્ચ્છે છે. માટે નિંભાડાને અગ્નિમૂષિકોનું આવાસક કહેવાય છે. અજીવોનું પણ, જેમ કે, આ માળો પક્ષીઓનો આવાસ છે, પક્ષી તો બે ચાર જ હોય છે પણ ઘણા તૃણાદિ અજીવ પદાર્થથી

માળો બંધાય છે. તેથી આ માળો ઘણા અજીવોનો આશ્રય છે.

હવે તદુભય આવાસક સંજ્ઞા આ રીતે બનશે. જેમ જયાં વાવડી હોય, અશોક વાટિકા હોય. આદિ થી શોભિત મહેલ આદિને જોઇ કહી શકાય છે કે આ રાજાજીનો આવાસક છે. સૌધર્માદિ વિમાન, દેવોનો આવાસક કહેવાય છે. બહુ વચન ને લઇ આવાસક આ રીતે બનશે જેમ આખું એ ગામ રાજાનો આવાસક છે. સૌધર્મ કલ્પ ઇન્દ્રાદિનો આવાસક છે. આ પ્રમાણે જીવ અજીવ આદિની આવાસક સંજ્ઞા સમજી લેવાની.

૨) સ્થાપના નિક્ષેપ

શિષ્યના પ્રશ્નનો જવાબ આપતાં સૂત્રકારે કહ્યું કે ઇન્દ્ર, મહાવીર, ગુરુ, પાર્શ્વનાથ પ્રભુ આદિનો અભિપ્રાય રાખીને, તેમને અમુક કાષ્ઠ, પાષાણ, કોડી, શંખ આદિમાં, આકાર કે અનાકારમાં સ્થાપાય તે સ્થાપના નિક્ષેપ કહેવાય છે. જેમ કે પાલીતાણા, સમ્મેત શિખર, અષ્ટાપદાદિ તીર્થોના કાપડ ઉપર કે પાષાણ ઉપરના પટ્ટો પણ સ્થાપના છે. ગુરુ આદિ કે પોતાના ક્ષોટાઓ સારી ફ્રેમમાં મંડાવીને રાખીએ કે રખાવીએ તે ગુરુઆદિની સ્થાપના છે. નરક ભૂમિમાં ઉપજતા કષ્ટોને તથા પરમાધામીઓ દ્વારા અપાતા કષ્ટોને

કાગળ ઉપર ચિત્રામણમાં રાખીએ કે રખાવીએ તે નારકની સ્થાપના છે. પૂર્વદિશા તરફ મુખ રાખીને સીમન્ધર સ્વામીનું બોલાતું સ્તવન તે સ્થાપના નિક્ષેપને આભારી છે. સામાયિકાદિ આવશ્યક ક્રિયાને કરતો શ્રાવક કે શ્રાવિકા પોતાના આત્મિક ધ્યાનના અવલંબન માટે અમુક પદાર્થમાં ગુરુની સ્થાપના કરે તે પણ સ્થાપના છે, છેવટે રજો-હરણની દશીઓ પર કે શ્રાવક મુહપતિ પર મસ્તક અડાડીને 'અહોકાય' સૂત્ર વડે ગુરુવન્દન કરે છે. તે સમયે ઓઘાની દશીઓમાં અને મુહપતિમાં ગુરુચરણની સ્થાપના કરાતી હોય છે. આવશ્યકાદિ ક્રિયા અને તેને કરનાર સાધક બંનેમાં અભેદોપચાર હોવાથી તે આવશ્યક સ્થાપના કહેવાય છે.

સ્થાપના નિક્ષેપનું લક્ષણ

तदर्थवियुक्तत्वे सति तदभिप्रायेण तत्सदृशं यल्लेप्यादि कर्मरूपं, तत्स्थापनाया लक्षणम्. यत् सद्भूतार्थ शून्यं सत् तदबुद्धया तादृशाकारेण निराकारेण वाडन्य स्मिन्नारोपकारणं तद्वा

(આર્હત્ દર્શન દીપિકા પેઝ ૧૪૮)

અર્થાત્ :- ઇન્દ્ર, મહાવીર ગુરુ કે આવશ્યક શબ્દના અર્થથી રહિત, પરન્તુ તે ઇન્દ્રાદિ મૂળ વસ્તૂના અભિપ્રાયથી

તેના જેવું ચિત્ર, પટ્ટ, પાષાણ કે લેપ્યાદિ કર્મ તે સ્થાપના છે. અથવા વાસ્તવિક અર્થથી શૂન્ય, તેમજ તદ્‌બુદ્ધિથી તેના જેવા આકાર રૂપે પ્રતિમા આદિ, અનાકારરૂપે કોડી-શંખ આદિ અન્ય પદાર્થમાં તે પ્રઇન્દ્રાદિનો આરોપ કરવો તે સ્થાપના છે, સારાંશ કે કોઇ વસ્તુમાં ઇન્દ્રની સ્થાપના કરાય તે સ્થાપના ઇન્દ્ર છે, આ પાર્શ્વનાથ છે, મહાવીર છે, ગૌતમ સ્વામી છે. આ મારા પરમ શ્રદ્ધેય ગુરુદેવ છે, આ પટ્ટોમાં સિદ્ધાચળાદિ તીર્થો છે. યદ્યપિ આસ્થાપના ઇન્દ્ર કે મહાવીર સ્વામી આદિ શબ્દના અર્થથી રહિત છે. તો પણ ઇન્દ્રાદિના અભિપ્રાય, આશય ભાવના આદિને લઇને તેમના જેવું ચિત્ર કે મૂર્તિ બનાવવી તે સ્થાપના છે. સાકાર સ્થાપનામાં ઇન્દ્રનો કે તીર્થંકર પરમાત્માઓનો આકાર, વર્ણન, અતિશયો રંગ, સમચતુરસ્ર સંસ્થાન આદિનું જે વર્ણન સૂત્રોમાં છે તે પ્રમાણેજ મૂર્તિ બનાવાય છે, ઇન્દ્ર આદિના હાથમાં જે વજ્ર આદિ શસ્ત્રો છે. તે મૂર્તિમાં પણ હોય છે. ગુરુમહારાજના હાથમાં જે પ્રકારની મુહપતિ છે તેની મૂર્તિ પણ તેવા પ્રકારે બનાવાય છે. તે સાકાર સ્થાપના છે. જ્યારે અનાકાર સ્થાપનામાં આકાર હોતા નથી અને આમ જોઇએ તો ગમે તે પત્થર પર સિંદુર વરખ કે મારીપના લગાવીએ તેમા પણ આકાર કયાં હોય છે ? છતાં પણ ત્યાં અમુક દેવ છે, ગણપતિ છે, હનુમાન છે, કૂળ દેવતા છે, ગોત્રદેવી છે, તેવી ભાવના પણ તે પત્થર

પર ક્યાં નથી રાખતાં ? આમાં સ્પષ્ટ રૂપે સ્થાપના નિક્ષેપનો જ પ્રભાવ છે.

આમાં પણ નંદીશ્વર આદિ દ્વીપો મંદિરો તેમજ મૂર્તિઓ શાશ્વતી છે, યાવત્કથિક છે જ્યારે કોડિ આદિદમાં સ્થાપના અલ્પકાલિક છે.

સ્થાપના નિક્ષેપની ફળશ્રુતિ

સ્થાપના થવાના કેટલાક સ્થાનોને સૂત્રકાર ફરવામે છે.

૧) લાકડા પર કોઇની પણ આકૃતિ બનાવવી.
૨) વસ્ત્ર પર મયૂર, કબૂતર આદિ ના ચિત્રો બનાવવા.
૩) ઢીંગલા ઢીંબલી ઓ બનાવવી.
૪) પીંછીથી પુસ્તક પાનાઓ ચિતરવા.
૫) ભીની માટીમાંથી કોઇ આકારવિશેષ બનાવવો.
૬) તાંબા-પિત્તલ કથીર આદિ ધાતૂઓમાંથી ઇચ્છિત આકાર બનાવવા.
૭) પાશા- કોડીને માધ્યમ બનાવી તેમાં કોઇની સ્થાપનાની કલ્પના કરવી.
૮) આવશ્યક ક્રિયા કરનાર શ્રાવક એક હોય અથવા વધારે હોય તેઓ ભેગામળીને કે જૂદા જૂદા પુસ્તક આદિમાં ગુરુની સ્થાપના કરે છે. તે સ્થાપના આશ્યક કહેવાશે.

તીર્થંકર સ્થાપના

જ્યારે પદાર્થ માત્રમાં નામ-સ્થાપના-દ્રવ્ય અને ભાવ ના ચારે નિક્ષેપાઓ બરાબર લાગુ પડી શકતા હોય. તો પછી તીર્થંકર પરમાત્માની પણ સ્થાપના શા માટે નહી ? યદ્યપિ ભરતક્ષેત્રમાં અત્યારે એકેય તીર્થંકર પરમાત્મા નથી. તો પણ સાધક માત્ર પોતાના આત્મિક અધ્યવસાયમાં તીર્થંકર પરમાત્માની કલ્પના કરી, મૂર્તિમાં તેમની સ્થાપના કરી શકવાને માટે પૂર્ણ અધિકારી છે. જેમ કે :- પોતાના ઉપકારી માતાપિતા અત્યારે અવિદ્યમાન હોય. પણ ક્યારેય સાધકને જ્યારે પોતાના જીવનના મહાઉપકારી માતાપિતાની સ્મૃતિ થઈ આવે, ત્યારે તેમની તસ્વીર બનાવીને કે બનાવરાવીને તેમાં પોતાના માતાપિતાની કલ્પના કરાય છે અને તેમના ચરણે પુષ્પ, ધૂપ, દીપ, લાપસી, પેંડા આદિ મૂકીને તેમની ભક્તિ કર્યાનો સંતોષ માને છે. આવા પ્રકારનો સંતોષ, છલના નથી, અજ્ઞાન નથી, અથવા મિથ્યાત્વનો પ્રકાર પણ નથી. પરન્તુ માતાપિતાના ફોટાના માધ્યમથી તેમની ભક્તિ સત્યસ્વરૂપ છે. હૈયાના ભાવ ન કલ્પી શકાય તેવા હોવાથી, ઉપકારીનો ઉપકાર જ્યારે સ્મૃતિમાં આવે ત્યારે ભક્તિ સભર તે ભાગ્યશાળી શક્ય પ્રયત્ન કરીને આત્મસંતોષ માને છે. તેવી જ રીતે અપાર સંસારમાં રખડપટ્ટી કરતાં આ જીવને પણ કોઈક સમયે તીર્થંકર પરમાત્મઓનો ઉપકાર સ્મૃતિમાં આવે છે, ત્યારે શુદ્ધ ભાવે

સમ્યગ્‌ભાવે ઉપકારી પરમાત્માની પૂજા કરવા તેનું મન લલચાયા વિના રહેવાનું નથી. ભલે તે પરમાત્માઓ અત્યારે શરીરથી વિદ્યમાન નથી, તો પણ શાસ્ત્રોમાં તેમનું શરીર, પ્રમાણ, સંસ્થાન આદિનું વર્ણન વિસ્તારથી આલેખાયેલું છે જ, તે શાસ્ત્રો ને જ્યારે વાંચીએ સાંભળીએ અને નિદિધ્યાસન કરીએ ત્યારે રોમાંચનો ચમત્કાર સર્જાઈ જવાનો અનુભવ સૌ કોઈને એક સમાન છે, તેવી સ્થિતિમાં તે કોઈની પણ સલાહ માનવા તૈયાર થાય તેમ નથી. અને પરમાત્માની મૂર્તિ આગળ દીપ ધૂપ મૂકશે, અને અષ્ટ દ્રવ્યે પરમાત્માની પૂજા કરશે. તેમ કરી આત્માની પ્રસન્નતા, મનની ખુશી, આદિનો અનુભવ કરી જીવનને ધન્ય બનાવશે.

તે સમયે તે સાધક મૂર્તિને પત્થર નથી માનતો પણ તેના રોમે રોમમાં તીર્થંકર પરમાત્માનું સાક્ષાત્ દર્શન થાય છે. જે હૃદયંગમ છે. સત્યસ્વરૂપે છે, તે મૂર્તિ ચાહે આરસપાન પત્થર વિશેષની બનેલી હોય. હીરા, નીલમ, સ્ફટિક કે સુવર્ણની હોય અથવા અન્ય પદાર્થની પણ હોય. સતીત્વ ધર્મધુર્ય્યા દમયંતી એ માટી દ્રવ્યમાંથી શાન્તિનાથ પરમાત્માની મૂર્તિ બનાવીને, વનવાસ દરમ્યાન બાર વર્ષ સુધી તેની પુષ્પ, ધૂપ, દીપ આદિથી પૂજા કરીને આત્માનો અભૂતપૂર્વ આનન્દ મેળવ્યો છે. પાંચ પાંડવોની ભાર્યા, સતીધર્મ પરિપૂર્ણા દ્રૌપદીજી પણ અરિહંત પરમાત્માની

મૂર્તિને સાક્ષાત્ પરમાત્મા સમજી દીપ, ધૂપ આદિ ઉત્તમોત્તમ દ્રવ્યોથી ત્રિકાળપૂજા કરતી હતી, જે આગમગમ્ય છે. છેવટે તીર્થંકર પરમાત્માના ફોટા અથવા આર્ટીસ્ટો પાસેથી નાવેલા ફોટાઓ ને આજે પણ ઘણા મુનિરાજો અને સાધ્વીજી મ. પોતાના પુસ્તકોમાં રાખે જ છે અને નિયત સમયે દર્શન કરે છે.

ઇત્યાદી કારણોને લઇ તીર્થંકર પરમાત્માની ગેરહાજરીમાં પણ તેમની મૂર્તિઓ, આપણા જેવા હુંડાઅવસર્પિણી છદ્મસ્થોને માટે શત-પ્રતિશત આલંબન રૂપે બનીને, વિકારોને, મલિન ભાવોને સાફ કરાવી સાત્વિકતા (સમ્યગ્દર્શન) લાવનારી બનવા પામે છે.

બેશક ! પંચમહાવ્રતધારી સાધુઓને કે સાધ્વીજીઓને તે મૂર્તિની દ્રવ્યપૂજા કરવાની હોતી નથી અને આજે પણ મુનિસંસ્થા દ્રવ્ય પૂજા કરતી પણ નથી તેમના માટે કેવળ ભાવપૂજા, જેમાં તીર્થંકરોના ગુણોનું વર્ણન, તેમના અતિશયોનું વર્ણન હોય છે. અને છેવટે 'નમુત્થુણં' સૂત્રથી તીર્થંકર પરમાત્માઓને ભાવવન્દન કરીને અભૂતપૂર્વ હૃદયાનન્દને મેળવે છે. આ પ્રમાણે મુનિસંસ્થા ભાવપૂજા કરે છે.

જ્યારે ગૃહસ્થમાત્ર ધર્મપત્ની, પુત્ર પરિવાર, વ્યાપાર રોજગાર, લેવડદેવડ, કોર્ટ કચેરીની માયા જાલમાં

પૂરેપૂરો રોકાયેલો હોવાથી છકાય ના ફૂટામાં ડુબેલો છે. પોતાના ઘર વપરાશ માટે પાણી, અગ્નિ, વનસ્પતિ, દીપ ધૂપ પુષ્પ, પુષ્પમાળા આદિનો ઉપયોગ કરનારો જ છે, અને ગમે તેટલી સ્વર્ગ, નરકની વાતો સમજાવવા છતાં તે સંસારના માયા પ્રપંચમાંથી બહાર આવે તેમ નથી, તો પછી ઘરમાં વપરાતા દ્રવ્યોમાંથી તીર્થંકરોની દ્રવ્ય પૂજા કરનાર ગૃહસ્થને માટે કોઇપણ ૪૫ કે ૩૨ આગમોમાં પણ નિષેધ શા માટે હોઇ શકે ? મતલબ કે જૈનાગમોમાં પૂજા પાઠનો નિષેધ હોઇ શકે જ નહીં. તદુપરાંત તીર્થંકરો જ ગૃહસ્થધર્મ અને સાધુધર્મરૂપે ધર્મના બે પ્રકાર ફરમાવે જ છે, ત્યારે જૈનધર્મના અનુયાયી ગૃહસ્થોને છકાય ના ફુટામાં જ રહેવા દેવા કરતાં જેવી રીતે તેનું મન રાજી રહે તે પ્રમાણે સારા કાર્યો કરવા દેવામાં મુનિસંસ્થાને કંઇ હાનિ થઇ જવાની હતી ?

સામાયિક પ્રતિક્રમણ તો બહુજ ઉંચી કક્ષાની વાત છે. તે સૌ કોઇને ભાગ્યમાં નથી હોતી, અને સામાયિક તો ૪૮, મિનિટ જ છે પછીના ૨૩ કલાકને ૧૨ મિનિટ સંસારના કાળાધોળા વ્યાપરમાં જીન્દગી પૂરી કરવાની છે. તો પછી તેમને મૂર્તિપૂજા થી રોકવાનો કોઇ અર્થ નથી.

આજે પણ જૈન સમાજનું કોઇ પણ શહેર કે ગામ નાના, મોટા જૈન દેરાસર વિનાનો નથી અને તે દેરાસરો આપણાજ પૂર્વજોએ બંધાવ્યા છે.

તો માન્યા વિના રહેવાશે નહીં કે તે દેરાસરોને સમ્યગ્દર્શન સમ્પન્ન ભાગ્યશાળીઓએ બંધાવ્યા છે. આવી સ્થિતિમાં તેમને મિથ્યાત્વી સમજયાની કે દ્રવ્યપૂજા કરનારા ગૃહસ્થોને મિથ્યાત્વી, હિંસક સમજવાની ઉતાવળ કરવાની જરૂર નથી. મૂર્તિપૂજા ના વૈરી દયાનન્દ સરસ્વતીના ભકતો પણ તેમના ફોટોનું બહુમાન કરી માળાઆદિથી સત્કારે છે. મુસલમાનો કે ઇસાઇઓ પણ પોતાની મસ્જીદ કે ચર્ચમાં પણ અમુક આકારા વિશેષની સ્થાપના કરે છે. અને તેના પ્રત્યે અતૂટ શ્રધ્ધા રાખીને, દીપ ધૂપ સાથે મસ્તક નમાવીને શ્રદ્ધાપુષ્પ ક્યાં નથી ચઢાવતાં? છેવટે માથા ઉપર નો હેટ (ટોપો) ઉતારીને પણ તે પૂજય સ્થાનોની અદબ તો સાચવેજ છે.

સ્મરણ, દર્શન અને સ્પર્શન રૂપે ભકિત ત્રણ પ્રકારે છે. જેમ કે એક પિતાનો પુત્ર, ગમે તે કારણે ઘર છોડી ભાગી જાય છે. ૧૫-૨૦ વર્ષ સુધી ઠામ-ઠેકાણું પણ બાપ(પિતા) મેળવી શક્યો ન હોય. ત્યારે પણ પોતાના પુત્રને યાદ કરી. તેના ગુણોને સ્મરીને પણ ખુશ ક્યાં નથી થતો ? અને એક દિવસ પોસ્ટમેન આવીને તેના પિતાને, પુત્રનો લખેલો કાગળ આપે છે, બેટાના હસ્તાક્ષર જોતાં જ બાપને આનન્દનો પાર રહેતો નથી. લખ્યા સમય પ્રમાણે મોટર લઇને, બાપ સ્ટેશન પર જાય છે. અને પ્લેટફોર્મ પર ગાડીની રાહ જુએ છે, ગાડી આવે છે. ડબ્બામાંથી પુત્ર

બાપને અને બાપ પુત્રને જુએ છે, ચાર આંખ ભેગી થતાંજ બાપને કેટલો બધો આનન્દ થતો હશે ? ગાડી ઊભી રહે છે પુત્ર નીચે ઉત્તરે છે. બાપ ના પગમાં માંથુ મૂકી ધ્રુસકે ધ્રુસકે રાવે છે. તે સમયે પત્થર દિલ બાપ પણ રોવે છે. આ પ્રમાણે પુત્રનું સ્મરણ, દર્શન અને સંસ્પર્શન સૌને આનન્દ આપે છે. તેવી જ રીતે શ્રદ્ધાસંપન્ન ગૃહસ્થને તીર્થંકર પરમાત્મા યાદ આવતાં, તેમનું સ્મરણ કરે, પણ સ્મરણથી મન ધરાતું નથી. એટલે એ ખુશી પણ અધુરી છે. માટે શરીર અને વસ્ત્રની શુદ્ધિ કરી ગભારામાં પ્રવેશી પરમાત્માના ચરણોમાં માંથું નમાવી આનન્દ વિભોર થાય છે. પછી અષ્ટ-દ્રવ્યે પૂજા કરી મંગળદીવો આરતી ઉતારી ખુશ ખુશ થતો ઘર તરફ આવે છે. આ બધી જીવનમાં અનુભવતી વાતોમાં મિથ્યાત્વ શી રીતે મનાય, ? (ઇત્યલં વિસ્તરેણ)

દ્રવ્યનિક્ષેપ

अतीतानागत परिणाम कारणत्वम्, इदानीमसत्वेऽपि भूतभविष्यत्परिणाम योग्यत्वंवा द्रव्यस्य लक्षणम् ।।

– આર્હતદર્શનદીપિકા પેઝ ૧૫.

સંસારભરના દાર્શનિક, તાત્વિક વિચારોને સ્યાદ્વાદના માધ્યમથી શાન્ત કરવામાં પૂર્ણ સમર્થ અરિહંત પ્રભુએ કહ્યું કે:- દ્રવ્ય અને પર્યાયનો સંબંધ એકાન્તે ભિન્ન

પણ નથી અને એકાન્તે અભિન્ન પણ નથી કેમ કે દ્રવ્યમાત્રમાં પર્યાય અને પર્યાયમાત્રમાં દ્રવ્ય તાદાત્મિક સંબંધથી સ્વાભાવિક જ રહેલા છે. જીવ, માટી, સુવર્ણ, કાપડ, આદિ દ્રવ્યો છે અને માનવ શરીર, ઘટ, બંગડી, ખમીશ આદિ પર્યાયો છે. જે કંઇ ફેરફાર દેખાય છે તે પર્યાયોમાં દેખાય છે. દ્રવ્યમાં નહીં તથાપિ પર્યાય સાથે સંબંધિત હોવાથી દ્રવ્યમાં ફેરફાર વ્યવહાર દષ્ટિએ બોલાય છે. દ્રવ્ય એટલે મૂળ વસ્તૂ અને દ્રવ્યના આકારમાં જે ફેરફાર દેખાય છે તે પર્યાય છે. જીવ એ દ્રવ્ય છે. તેમાં પણ કરેલા કર્મોને વશ બનીને તેમાં સમયે સમયે જૂદી જૂદી જાતના પર્યાયો (આકારો) થતાં રહે છે. આ કારણેજ જીવને પરિણામી ધર્મવાળો કહ્યો છે. એકાન્ત નિત્ય અને પરિણામ વિનાનો આત્મા કોઇ કાળે પણ હોઇ શકે નહીં અને જ્યારે આત્મા માં પરિણામિત્વ છે તો પોતાના સુખ દુ:ખોના, સંયોગ વિયોગ આદિ પર્યાયોના દ્વન્દ્વોમાંથી અમુક પર્યાયો આત્મામાંથી છુટાપડે છે અને બીજા પર્યાયોથી આત્મા ઘેરાઇ જાય છે.

'દ્રુઘાતું'માંથી દ્રવ્ય શબ્દ બન્યો હોવાથી - દ્રવતિ ગચ્છતિ તાન્ તાન્ પર્યાયાનિતિ દ્રવ્યમ્ કર્મની સત્તામાં રહેલો જીવ જ્યારે જ્યારે કર્મોનો ઉદય થાય છે, તે સમયે અમુક (ભૂતકાળ) પર્યાયોને મૂકી દે છે અને ભવિષ્યત્ એટલે ભાવી માટે અમુક પર્યાયો સ્વીકારી લે છે અને તેમ થતાં સંસારને

વ્યવહાર આનાદિકાલથી કોઇની પણ રોક ટોક વિના અબાધ રૂપે ચાલે છે. ભૂતકાળમાં રાજાને ત્યાં મંત્રીપદ કે સરસેનાપતિ પદને ભોગવતો. અને આજે તે પદથી નિવૃત્ત થયા છે. તો પણ સંસારનો વ્યવહાર તેમને મંત્રીજી કે સરસેનાપતિ રૂપે માને છે. અને સંબોધે છે, રાજાને ત્યાં જન્મેલો રાજકુમાર હજી નાનો બાલક છે અને ભવિષ્યમાં રાજા થવાની યોગ્યતા ધરાવે છે. તો પણ સંસારનો વ્યવહાર તેમને રાજારૂપે જ માન આપે છે. તીર્થંકર પરમાત્માનો જીવાત્મા અત્યારે માતાના ખોલામાં રમતો હોય છે તો પણ ભાવી કાળે તીર્થંકર થવાનો હોવાથી. સંસારનો પ્રત્યેક માનવ તેમને ભગવાન રૂપેજ જુએ છે અને બહુમાન કરે છે. તેવી રીતે અત્યારના ભાવતીર્થંકર પણ નિર્વાણ પામી સિદ્ધશિલામાં બિરાજમાન થાય છે. તો પણ તેમને અરિહંત તીર્થંકર પરમાત્મા જ કહેવાય છે, માટે આજે પણ તેમના અનુયાયિઓ તેમની મૂર્તિરૂપે સ્થાપના કરીને પણ દ્રવ્ય અને ભાવ પૂજા કરી આત્માનો અનહદ આનન્દ મેળવે છે.

ભવિષ્યકાળમાં બીજા રૂપે થવાની યોગ્યતા તે દ્રવ્યમાં હોવી જરૂરી છે. જેમકે જે ક્રિયા વડે કુંભાર પોતાની માનસિક કલ્પનાના આધારે માટીના પિંડમાંથી ઘટ (ઘડો) બનાવી શકશે, તેમાં માંટી દ્રવ્ય જ ઘટ બનવાની લાયકાત ધરાવે છે, જેમાં પાણી ભર્યા પછી ઠંડુ અને સ્વાદુ રહેવા પામે તેવી યોગ્યતા માટી સિવાય બીજા એકેય દ્રવ્યમાં નથી.

ભૂતકાળે કે ભવિષ્યકાળે અમુક પર્યાયોમાં પરિણત થવાનું જે કારણ છે. તેને દ્રવ્ય કહેવાય છે, અથવા અત્યારે ઘડો તૈયાર નથી છતાં પણ કુંભારના પરિશ્રમે જે માટીમાંથી ઘડો બન્યો છે બને છે અને બનશે. આ પ્રમાણે ઘડાના આકારમાં પરિણત પામવાની યોગ્યતા માટીમાં છે માટે તે દ્રવ્ય કહેવાય છે.

આટલી આનુષંગિક ચર્ચા કર્યાપછી આપણે આવશ્યક શબ્દ જે આ આગમને માટે પ્રસ્તુત છે. તેને દ્રવ્યનિક્ષેપે થોડું જણી લઇએ.

નવા બંધાતા પાપાનો દ્વાર બંધ કરી જૂના પાપોને ખંખેરી નાખવા માટે પ્રબળ પુરુષાર્થના સ્વામી બનેલા આત્મામાં જાગૃતિ છે, શ્રદ્ધા છે, મન-વચન અને કાયાથી સશકત છે. તો પણ આત્મિક પરિણામોમાં તથા પ્રકારની સ્વાધ્યાય શકિત, તપશ્ચર્યાનું બળ અને ગુરુકુલ વાસમાં ધીમે ધીમે પ્રમાદ, કષાય અને શરીરની વક્રતાનો પ્રવેશ થતાં જ એકાગ્રતા તૂટતી જશે અને તેમ થતાં ની સાથેજ આંખોમાં, કાનમાં, જીભમાં અને સ્પર્શેન્દ્રિયમાં ચંચલતા વંધતી જશે જેના કારણે આત્મા ઉપયોગ ધર્મથી દૂર ને દૂર થતો જશે. કૂળસ્વરૂપે આવશ્યક ક્રિયા કરતો પણ જશે. અને મનજી ભાઇ બેધ્યાનમાં ૪૮ મિનિટ પૂર્ણ કરશે. ભગવાન મહાવીરનું શાસન આવી ક્રિયાને દ્રવ્યક્રિયા કહે છે, કારણ કે ઉપયોગ શૂન્ય આવશ્યક ક્રિયાઅને

પડિલેહનાદિ અનુષ્ઠાનોમાં આત્માની મસ્તી અને ચિત્તની સ્થિરતા ટકતી નથી, પ્રમાદી આત્મા તેને ટકાવી શકતો નથી અને ટકાવવા જેટલી શ્રદ્ધાપણ ધીમે ધીમે હાથ તાલી આપી દે છે.

તે દ્રવ્યાવશ્યક આગમ થી અને નોઆગમથી બે પ્રકારનો છે. જૈન સૂત્રકારોની આ એક વિશિષ્ટ અને સર્વથા અદ્વિતીય પદ્ધતિ છે. જે બીજે કયાંય નથી પોતાના શિષ્યોને ગુરુદેવો જણાવવા માંગે છે કે, એક જ શબ્દ કંઇ પદ્ધતિએ, કેવા આશયથી કયાં કયાં ગોઠવી શકાય છે. સારાંશ કે આત્મકલ્યાણ કરવાની ભાવનાથી પોતાની પાસે દીક્ષિત થયેલા મુનિઓને કઇ રીતે શિક્ષિત કરવા જેથી તેઓ અનાદિકાળના પાપ સંસ્કારોનો, પાપી ભાષાનો, તથા કદાગ્રહીભાષા અને અજ્ઞાન પોષક ભાષાનો પણ ત્યાગ કરવા સમર્થ બનવા પામે.

આવશ્યક શબ્દનો ઉપયોગ કયાં અને કેવા કેવા જૂદા પ્રકારે થઇ શકે છે. તેનું જ્ઞાન પ્રાપ્ત કરાવવા માટે જ આગમીય જ્ઞાનની આવશ્યકતા સૌને માટે ગ્રાહ્ય અને માન્ય છે.

હવે તે આવશ્યક શબ્દને આગમ અને નોઆગમની પદ્ધતિએ વિચારશે તેમાં સૌથી પ્રથમ આગનો આશ્રય કરી દ્રવ્યાવશ્યકની વ્યાખ્યા કરે છે.

से कि तं आगमओ दव्वा वस्सयं ? जस्सणं आवस्स एति पदं सिक्खितं ठ्ठितं जितं.... आदिसेणं तत्थ वायणाए पुच्छणाए, परिअट्टणाए धम्मकहाए, नो अणुपेहाए जम्हा? अणुवओगो दव्वमिति कट्ट (સૂત્ર.૧૩)

અર્થાત્. જે કોઇ ભાગ્યશાળીએ આવશ્યક પદને કહેવાવાળુ શાસ્ત્ર શિખ્યું હોય યાવત્ વાચના, પ્રચ્છના, પરિવર્તના અને ધર્મકથાવડે તેમાં વર્તમાન હોય તો પણ કરાતી આવશ્યક ક્રિયા પ્રત્યે કે બોલાતાં આવશ્યક સૂત્રોના અર્થો પ્રત્યે ઉપયોગ રહિત હોય તે આગમથી દ્રવ્યાવશ્યક છે. શંકા-આગમ આશ્રિત દ્રવ્યાવશ્યક.... કહો છો, તો તે વાત ઠીક નથી, કારણ કે આગમ એ જ્ઞાન છે. જ્ઞાન એ ભાવ છે. તો પછી એને દ્રવ્યાવશ્યક શી રીતે કહેવાય ? જવાબમાં કહેવાયું કે, આગમનું કારણ આત્મા છે, તે શરીર અધિષ્ઠિત છે અને ત્રીજું કારણ ઉચ્ચારાતા શબ્દો છે. આ ત્રણે વિદ્યમાન છતાં સૂત્રો ને બોલતો સાધક ઉપયોગ વિના જ સૂત્રોનું ઉચ્ચારણ કરી રહ્યો છે. આ કારણે જ તે સાક્ષાત્ આગમ નથી. યદાપિ આ ત્રણે આગમનું કારણ જરૂર છે. તેથી કારણ માં કાર્ય નો ઉપચાર કરવાથી આગમ કહેવાય છે અને ભાવ એટલે ઉપયોગ પૂર્વક કાર્ય માટે કદાચ આ દ્રવ્યક્રિયા પણા કોઇક સમયે નિમિત્ત કારણ બની શકે છે.

જેમ - જળ, પુષ્પ, ચન્દન, બરાસ, દીપ-ધૂપ અને

નૈવેદ્યાદિ દ્રવ્ય પૂજા કરતા સાધકને એક દિવસ, એક ઘડી તેવી પણ આવી શકશે, જેનાથી જન્મજન્મના ફેરા મટી જતા વાર લાગવાની નથી.

આના પહેલા દ્રવ્યક્રિયા, દ્રવ્યપૂજા કે દ્રવ્ય વેષનો નિષેધ કરનારા સૌ કોઇને સમજી લેવું જોઇએ કે અગણિત કાળચક્રના ભવભવાન્તરમાં ફેરા ફરતા અનંત પાપરાશિથી ઘેરાયેલા આત્મામાં કંઇક પુણ્ય કર્મનું પણ મિશ્રણ થયું હશે. જેનાથી આર્યદેશ, આર્યખાનદાન મળવા ઉપરાંત જૈન શાસન ને મેળવવા માટે આપણે સૌ ભાગ્યશાળી બન્યા છીએ. અનન્ત અવસર્પિણીઓ વીત્યા પછી કોઇક સમયે ઠુંડા અવસર્પિણી પણ આવે છે, જે બધીય અવસર્પિણીઓ કરતા સાવનિકૃષ્ટ અને રાગદ્વેષ, વિષય વાસના અને કષાયાદિની તીવ્રતમતાથી પરિપૂર્ણ છે, છતાં જૈનશાસન આપણને મલ્યું છે. તો પછી આવા કપરા કાળમાં નિરાલંબ ધ્યાનની સાતમાં ગુણસ્થાનકની કે સમ્પૂર્ણસ્વાર્થોના બલિદાન દેવાની આશા રાખવી તે સર્વથા હાસ્યાસ્પદ છે, પાણીમાંથી આગ ઉત્પન્ન કરાવે તેવી વાત છે. માટે અરિહંત પરમાત્માના દેરાસરો, મૂર્તિઓ, સામાયિક, પોષધ અને કીર્તિદાનની અપેક્ષા રાખીને પણ દાન-પુણ્ય કરતો હોય તો પણ સાધકને વાંધો નથી. કેમ કે આજે પ્રથમ કક્ષામાં છે તો આવતી કાળે કોલેજની ડીગ્રી પણ મેળવી શકશે.

બેશક ! આવશ્યક ક્રિયાઓમાં કે દ્રવ્યપૂજામાં શુદ્ધતા,

પવિત્રતા રાખવી અત્યન્ત જરૂરી છે, છતા દરેક જીવાત્માઓના કર્મો એક સમાન હોતા જ નથી. ભગવતી સૂત્રમાં ફરમાવ્યું છે કે. હે ગૌતમ... ઝાડ એકજ હોય તો પણ તેનાં પાંદડા એક સમાન હોતા નથી, શા માટે નથી હોતા ? તો કારણમાં જણવાનું કે **'पुढोसत्ता...'** પ્રત્યેક પાંદડામાં જીવ જૂદા છે અને તેમના કરેલા કર્મો પણ સર્વથા જૂદા છે. તેવી રીતે માનવોમાં પણ સમજવાનું કે. કોઇને જ્ઞાનાવરણીય કર્મોનો ભારો વધારે હોવાથી શ્રદ્ધા હોવા છતાં પણ અર્ધીગાથા પણ તે શા માટે અને કેવી રીતે કરશે ? મોહનીય કર્મનો ભારી આત્મા પ્રતિક્રમણમાં કે એક નવકારના કાઉસગ્ગમાં નિશ્ચલ શી રીતે રહેશે. અને વાતો કર્યા વિના કે ગપ્પામાર્યા વિના પણ શી રીતે રહેશે ? દર્શના વરણીયકર્મના ઉદયે ક્રિયામાં ઉંઘ્યાવિના પણ રહેશે નહીં. આ કારણે તેવા અને તેના જેવા સાધકોને દ્રવ્યપૂજામાં, સંગીતમાં, નૃત્યદિમાં જે પ્રકારે રસ હોય તેને મિથ્યાત્વી કહેવાય તો સંઘવ્યવસ્થા પણ કમજોર બનશે.

ઘણામાનવો આપણી નજર સામે છે કે શરમના માર્યા ગામના જૈન દેરાસરમાં જવાથી ડરતા હોય છે. પણ તેવા જ ભાગ્યશાળીઓ જયારે પાલીતાણા, શંખેશ્વર આદિતીર્થોમાં મન વચન અને કાયાની શ્રદ્ધા સાથે જયારે ચંદનપૂજા, પુષ્પપૂજા, મંગલદીવો કે આરતી ઉતારતા, જયારે આપણે જોઇએ છીએ ત્યારે ભાવોલ્લાસ પૂર્વક કરાતી ક્રિયાનો નિષેધ

કરવો. તે આપણી અજ્ઞાનતાને જ સુચિત કરે છે. હવે ઉપરના સૂત્રમાં શિક્ષિતાદિ શબ્દો નો ભાવાર્થ સમજી લઇએ.

सिक्खिअं :- ગુરુપાસે જે મુનિએ સવિનય અભ્યાસ કર્યો છે.

दृढियं :- ગોખેલોપાઠ, બરાબર સ્મૃતિમાં ઉતારી લીધો છે.

जियं :- શબ્દોના અર્થોને પણ જાણી લીધો છે.

मियं :- કંઇ ગાથા કેટલામી છે ? તેની ધારણા પણ કરી છે.

परिजियं:- સૂત્રની પહેલી ગાથાથી લઇ છેલ્લી ગાથા કયાંય અટકયાવિના બોલવી તે આનુપૂર્વી અને છેલ્લી ગાથાથી ઉલ્ટાક્રમે પહેલીગાથા બોલવી તેને અનાનુપૂર્વી કહે છે. મતલબ કે ઉલ્ટી સુલ્ટી રૂપે ગમે તે રીતે બોલવાની ધારણા કરી લીધી છે.

नामसमं :- પોતાના નામની જેમ ગાથાઓ યાદ રાખવી.

घोससम :- ઉદાત્તાદિ સ્વરોનું ઉચ્ચારણ બરાબર કરવું.

अहीणक्खर:- એક પણ અક્ષર તૂટે નહીં.

अणच्चक्खरं :- બીજો એક પણ અક્ષર ઉમેરવો નહીં.

अवाद्धक्खरं:- અક્ષરોનું વ્યતિક્રમ ન થાય.

अक्खलियं:- પાણીના પ્રવાહની જેમ અસ્ખલિત બોલવું.

अमीलिय:- બીજા સૂત્રોના શબ્દોનું મિશ્રણ કરતો નથી.

अवच्चामेलिय:- છન્દ અને રાગ તૂટતો નથી.

पडिपुण्णं:- સૂત્રને બિન્દુમાત્ર પણ વધારે ઓછું ન બોલવું.

पडिपुण्णघोस:- યથાસ્થાને ઉદાત્તાદિ ઘોષોનું જ્ઞાન મેળવી

પરિવર્તન બરાબર કરવું તે.

कंठोट्ठविप्पमुक्कं :-ઉચ્ચારણ એકદમ સ્પષ્ટ કરવું.

गुरुवायणो वगयं :- ગુરુ પાસે જ ઉચ્ચારાદિ બરાબર મેળવ્યા છે.

ઉપરોકત પ્રમાણે અભ્યાસમાં આવૃત્તિમાં ઉચ્ચારણમાં કયાંય વાંધો નથી તે ઉપરાંત...

वायणाए, पुच्छणाए, परियट्ठणाए અને धम्म कहाए, આ ચારેનો ભાવાર્થ નીચે પ્રમાણે છે.

૧) **वायणाए** :- પોતાના શિષ્યોને અભ્યાસ કરાવનારા.

૨) **पुच्छणाए** :- સૂત્રોના અર્થાદિમાં રહેલી શંકાઓનો ગુરુપાસે ખુલાસો મેળવનાર.

૩) **परिणट्टणाए** :- વારંવાર સૂત્રોનું તથા અર્થોનું મનન કરનાર.

धम्मकहाए:-અહિંસાદિ ધર્મની પ્રરૂપણા કરનાર.

ઉપર પ્રમાણે સારામાં સારો અભ્યાસ કરનાર અને કરાવનાર, સ્વયં પોતે ઉપયોગ વિનાનો હોવાથી સૂત્રકારે આવા અઠંગ અભ્યાસીને તથા સર્વથા સ્પષ્ટ ઉચ્ચારણ કરનાર મુનિને દ્રવ્યાવશ્યકમાં મૂકયો છે.

શંકા:- યદિ વાચના, પ્રચ્છના પરિવર્તના અને ધર્મ કથાદિને કરનારા સાધક મુનિની આવશ્યકાદિ ક્રિયાને તમે દ્રવ્યાવશ્યક કરો છે, તો પછી સ્વાધ્યાયના પાંચમાં ભેદરૂપે

અનુપ્રેક્ષાના સાધકને પણ દ્રવ્યાવશ્યકમાં શા માટે કહેતા નથી ?

સમાધાનઃ- જેમ પરમાત્માની સ્તુતિમાં, ધ્યાતા, ધ્યેય અને ધ્યાનની એકાગ્રતા આવશ્યક છે, તેવી રીતે અનન્ત શક્તિના ધારક આત્માનું લક્ષણ ઉપયોગ હોવાથી (અનુપ્રેક્ષાધારક) તે સાધકની સ્પર્શનેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય અને શ્રોત્રેન્દ્રિય) પૌદ્ગલિક હોવાથી જડાત્મક છે, જયારે ઉપયોગેન્દ્રિય ચેતનસ્વરૂપ આત્માનું લક્ષણ હોવાથી ભાવેન્દ્રિયો આત્મા જ છે. આત્મા પોતાની અત્યુત્કૃષ્ટ સંયમની આરાધનાથી, દ્રવ્યેન્દ્રિયા વરણીય અને નોઇન્દ્રિયાવરણીય કર્મોનો ક્ષયોપશમ કે ક્ષય જેમ જેમ કરતો જાય છે. તેમ તેમ તેની એકાગ્રતા પણ હજારો લાખો ગુણા વધતી જાય છે. ફળસ્વરૂપે તેની અનુપ્રેક્ષા એટલે ગ્રન્થોના સૂક્ષ્મમાર્થ તથા રહસ્યાર્થની ચિન્તન મનન સ્વરૂપા હોવાથી તે આત્મા પોતાના ઉપયોગને શત પ્રતિશત ટકાવી શકે છે અને વધારી શકે છે. જયાં જયાં ઉપયોગ હોય ત્યાં ભાવક્રિયાની હાજરી જૈન શાસને ટંકાની ચોટ સાથે માન્ય રાખી છે. જીવાત્માના જ્ઞાનમય વ્યાપારને જ ઉપયોગ કહેવાયો છે.

સુત્રોચ્ચાર સ્પષ્ટ અને શુદ્ધ છે, વન્દનાદિક્રિયા પણ સ્પષ્ટ અને શુદ્ધ છે. છતા તેને દ્રવ્યાવશ્યક કહેવાનો આશય એટલોજ હશે કે સ્પર્શનાદિ પાંચે ઇન્દ્રિયો દ્રવ્ય

અને ભાવથી બે પ્રકારે છે તેમ મન (નોઇન્દ્રિય) પણ દ્રવ્ય (બાહ્ય) અને ભાવ રૂપે (આન્તર) બે પ્રકારે છે. જીવમાત્રને દ્રવ્યેન્દ્રિયો અને ભાવેન્દ્રિયોની જેમ બાહ્યમન અને આન્તરમન પણ હોય છે. બાહ્યમન પૌગલિક હોવાથી જડ છે અને આન્તર મન ચેતન સ્વરૂપ છે.

ભવભાવાન્તના ફેરા ફરતાં કેટલાય ભવોના પાપ મિથ્યાત્વ, કષાય અને વિષય વાસનાના કુસંસ્કારો આત્માના પ્રત્યેક પ્રદેશ પર ચોટલા છે, જેના કારણે ભાવમન (આન્તરમન, સૂક્ષ્મમન) તે જીવોના સંસ્કારોને કેવી રીતે ? કોનાનિમિત્તે ? ક્યાં ક્ષેત્રે ? ક્યા કાળે ? ભડકાવશે, તોફાને ચડાવશે અને આત્માની બધી સાધનામાં ચંચલતા, અસ્થિરતા લાવી મૂકશે તેની ખબર ભલભલા સાધકને પણ પડતી નથી; અન્યથા કેવળ જ્ઞાનની સાવ નજદીક અગ્યારમે ગુણસ્થાનકે પહોંચી ગયેલા અને ચતુર્દશ પૂર્વધારીઓ પણ અધ:પતનના માર્ગે ચઢીને અધોગતિગામી શી રીતે બનતા હશે ? આ કારણે જ બાહ્યમન કરતા ભાવમન ને જ શિક્ષા દેવાની આવશ્યકતા સૌ કોઇએ માન્ય રાખી છે.

સામાજિક ભયના કારણે

મિથ્યા પ્રતિષ્ઠાને ટકાવી રાખવાના કારણે, મિથ્યા યશ કે કીર્તિને મેળવવાની દુરાશાના કારણે, પોતાનો વટ

કોઇ રીતે પણ ઓછો ન થાય તે કારણે અથવા પોતાના બ્રહ્મવ્રતમાં કે ક્રિયાકાંડમાં કોઇને પણ શંકા ન પડે તે કારણે પણ બાહ્યમનને અમુક સમયને માટે કે આ જીવન માટે પણ મર્યાદામાં રાખી શકાય છે જ્યારે ભાવમનના તોફાનો, રેસના ઘોડાની જેમ જૂદી રીતે કૂદકા મારતા હોય છે. બસ ! આવા અને આના જેવા બીજા કારણોને લઇને પણ શુદ્ધોચ્ચારણ પૂર્વક શુભક્રિયા કરવા છતા પણ તેનું ભાવમન (સૂક્ષ્મ મન આન્તર મન) એકાગ્રતા સાધી શકતું નથી માટે તે દ્રવ્યાવશ્યક કહેવાય છે.

બાહ્યમન અને બાહ્યક્રિયાની શુદ્ધતા અને અશુદ્ધતાને જેવા માટે સૌ કોઇ સમર્થ છે, જ્યારે ભાવમનની શુદ્ધતા અશુદ્ધતાને જેવા માટે કેવળજ્ઞાની સિવાય બીજો એકેય સમર્થ નથી, મોહકર્મની ગ્રન્થિમાં જકડાયેલા સાધકને, પોતાનું અજ્ઞાન, ભ્રમજ્ઞાન કે મિથ્યાજ્ઞાન, પણ અજ્ઞાનાદિ રૂપ; નથી દેખાતું, માટે જ જેમ પોતાના બાહ્ય ક્રિયા કાંડને, કે દ્રવ્યાવશ્યકના માલિકને પણ પોતાની ક્ષતિઓ કે શિથિલા ચારો દેખાતા નથી અને જીન્દગી આમનેઆમ પૂર્ણ કરે છે.

દ્રવ્યાવશ્યકનું વર્ણન ચાલે છે. ત્યારે જાણવાનું રહે છે કે તેનો સમાવેશ કયાં કયાં નયમાં કેવી રીતે થશે ? આ વાતને સૂત્રકાર ફરમાવે છે.

'नेगमस्सणं एगो अणवउत्तो आगमओ एगं दव्वावस्सयं...

(સૂત્ર. ૧૪)

દ્રવ્ય માત્રમાં અસ્તિત્વ, નાસ્તિત્વ રૂપે અનન્ત ધર્મો વિદ્યમાન છે. યદ્યપિ આપણા જેવા છદ્મસ્થો અને મતિ જ્ઞાનની કચાસ વાળાઓ, અનન્તધર્મો ન જોઇ શકે કે ન કલ્પી શકે. તે વાત જૂદી છે. પણ જે ધર્મો કેવળજ્ઞાની કે વિશિષ્ટ જ્ઞાનીઓ જોઇ શક્યા છે, તેમાં શંકાનું સ્થાન નથી. જૈન શાસને પ્રત્યેક પ્રસંગમાં 'સ્યાત્' એટલે કથંચિત શબ્દનો પ્રયોગ કરીને સૌ કોઇના મતિજ્ઞાનના દ્વાર ઉઘાડા જ રખાવ્યા છે. જયારે બીજા દર્શનોએ **'एवमेव'** એટલે **'ऐसा ही है!** આમ જ છે. આવી રીતના ભાષા વ્યવહારથી સૌ કોઇના મતિજ્ઞાનના દ્વાર જ બંધ કરી દીધા છે. માટેજ ભારત દેશમાં ધર્મના નામે , ઇશ્વરના નામે તત્ત્વના નામે કોઇ કાળે પણ ઝઘડા મટયા નથી.

અનન્ત ધર્માત્મક વસ્તુના કેવળ એક ધર્મ ને જણવાણી સાથો સાથ બીજા ધર્મ (પર્યાય)નો અપલાપ ન કરવાની બોલવાની રીત ને નયવાદ કહેવાય છે. અસ્તિત્વ કે નાસ્તિત્વરૂપે અનન્ત ધર્મો (પર્યાયો) દ્રવ્યમાત્રમાં છે કે નહીં ? સાધકને લાલ રંગના ઘડાને જ જણવાની ઇચ્છા છે. જણવાવાળો સાધક બરાબર જણે છે કે, ઘડાના વ્યાપારીને ત્યા ઘડાઓ, લાલ, પીલા, કાળા અને સફેદ આદિ રંગના પણ હોય છે. માગસર, પૌષ આદિ મહિનાઓમાં ઘડાયેલા છે, રામજી, શામજી કે દામજી આદિ કુંભારના

હાથે ઘડાયેલા છે, પાટણ ખંભાત છાણી અમદાવાદ આદિ ક્ષેત્રોંમાં બનેલા હોય છે. આ પ્રમાણે અસ્તિત્વરૂપે અનન્ત ધર્મો (પર્યાયો) ઘડાંમાં સગી નજરે જોઇ શકાય છે, તેમ છતાં તેના પિતાએ ઘડો ખરીદકરી લાવવા માટે પુત્રને આદેશ આપ્યો છે, ત્યારે ખરીદનાર પણ કુંભારને નાસ્તિત્વરૂપે પૂછવાનો હકદાર છે. તે આ પ્રમાણે આ ઘડો ખંભાત આદિ ક્ષેત્રોનો તો નથી, પીલા આદિ રંગનો તો નથી, સુવર્ણાદિ દ્રવ્યનો તો નથી, ચૈત્રાદિ મહિનાઓમાં તો ઘડાયેલો નથી. સારાંશ કે તેના પિતાએ પોતાના પુત્રને નીચે પ્રમાણે ની આજ્ઞા આપી હતી કે: અમદાવાદનો, લાલરંગનો, માટીનો, મહાસુદિ ૧૫ ના દિવસે તૈયાર થયેલો, અને લાલજી કુંભારે ઘડેલા ઘડાને ખરીદી કરી લાવવાનો છે. ત્યારે ખરીદનાર પુત્ર પણ અસ્તિત્વ અને નાસ્તિત્વરૂપે પૂછતાછ કરી. પિતાની આજ્ઞા પ્રમાણે ઘડો ખરીદશે કદાચ કોઇ કહેશે કે, ગધેડાના શિંગડાની જેમ નાસ્તિત્વ નામનો પદાર્થ છે જ નહીં તો પણ તેમના કહેવા માત્રથી સંસારનો ભાષાવ્યવહાર લોપાતો નથી. અથવા દર્શન શાસ્ત્રોના જ્ઞાતાઓના દર્શન તર્કો વડે પણ ભાષા વ્યવહાર ને બદલાવી શકાતો નથી. સ્વયં તે પંડિતો જયારે નાતની પંગતમાં જમવા માટે જાય છે ત્યારે પીરસનારને પૂછે છે કે આ લાડવા (મોદકો) બાજરીના લોટના તો નથી, મકાઇ ના લોટ ના તો નથી, વાસી અને દુર્ગન્ધ મારતા તેળમાં તો બનાવેલા નથી, ગંદા અને સ્નાન કર્યાવિના કંદોઇ પાસે તો બનાવ્યા નથી. ઇત્યાદી

નાસ્તિરૂપે હજારા પ્રશ્નો અને ઉત્તરો થી સંતોષ માન્યા પછી જ તે પંડિતો ચતુર્વેદીઓ, ત્રિવેદીઓ પણ થાલીમાં ખીરસાયેલા ૧૦-૧૨ મોદકોને પોતાના પેટમાં પધરાવે છે. સારાંશ કે, પ્રત્યેક પદાર્થમાં અસ્તિત્વ અને નાસ્તિત્વરૂપે અનન્ત ધર્મો વિદ્યમાન છે. પણ તે જાણવાની અત્યારે ઇચ્છા નથી. કેવળ તેમાનો પોતાના સ્વાર્થ પૂરતો એક ધર્મ ને જ સાધક જાણવા માંગે છે. તેને નય કહેવામા આવે છે.

નૈગમ, વ્યવહાર, સંગ્રહ, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઠ અને એવંભૂત ભેદે નયો ના સાત પ્રકાર છે;

સૂત્ર હોય કે અર્થ હોય, શ્રોતાની અપેક્ષાએ નય દ્વારા તેનો વિચાર કરવામાં આવે છે; નૈગમનય કેટલા પ્રમાણમાં દ્રવ્યાવશ્યક ઇચ્છે છે ? જવાબમાં જાણવાનું કે આનય ઉપયોગ વિનાનો એક દ્રવ્યાવશ્યક આગમથી દ્રવ્યાવશ્યક કહેવાશે, તેવી રીતે ઉપયોગ રહિત બે, ત્રણ કે તેનાથી પણ વધારે દ્રવ્યાવશ્યકના માલિકબનશે. કેમકે આ નય સામાન્ય અને વિશેષાદિ ઘણા પ્રકારે વસ્તુનો સ્વીકાર કરે છે.

સંગ્રહની જેમ કેવળ સામાન્યને, તથા લૌકિક પ્રવૃત્તિ સ્વરૂપ જેનો વ્યવહાર છે, તેવા વ્યવહાર નયની જેમ કેવળ વિશેષ ને જ ગ્રહણ કરતો નથી.

વસ્તુમાત્રમાં સામાન્ય અને વિશેષ ધર્મો, સ્વત:

સિદ્ધ છે, સમવાય ને લઇ સામાન્યત્વ કે વિશેષત્વને માનવાની જરૂર નથી કારણ કે તે બંને ધર્મો પદાર્થ માત્રમાં બીજાની અપેક્ષા વિનાજ રહેલા છે.

જેમકે:- વસ્તુની સત્તાને માનનાર, ઘટત્વ, પટત્વ, મનુષ્યત્વ આદિ સામાન્ય ધર્મને સૂચવે છે. કારણ કે ઘટમાં ઘટત્વ. પટમાં પટત્વ અને મનુષ્યમાં મનુષ્યત્વ કોઇની રોકટોક વિના અબાધ વિધિમાન છે જ કુંભારના હાથે ઘટ, વણકરના હાથે પટ, અને જવાત્મા સ્વકર્મ વશ જયારે મનુષ્ય શરીર ધારણ કરે છે ત્યારે જ ઘટત્વ, પટત્વ, અને મનુષ્યત્વાદિ સામાન્ય ધર્મો ઘટાદિના સાથેજ હોય છે, સુવર્ણ, ચાંદી, માટી, પિતલ આદિના ઘડાઓમાં ઘટત્વ નામનું સામાન્ય ધર્મ સર્વથા અને સર્વદા વ્યાપક જ છે: જયારે વ્યવહાર નય પદાર્થ માત્રમાં વિશેષ સ્વરૂપને માને છે, અને કહે છે કે:- 'વનસ્પતિમાનય' આવા પ્રકારના ભાષાવ્યવહાર થી વિશેષતા વિનાની કંઇ વનસ્પતિ કેવી રીતે લાવશે ? કેમ કે વનસ્પતિ માત્ર આમ્ર, નિંબ, રાયણ, ભીંડા, કારેલા આદિ જ હશે. માટે વનસ્પતિને લાવ એના કરતા આમ્ર લાવ, રાયણ લાવ, ભીડાં કારેલા લાવ આવી રીતે વ્યવહાર નયની માન્યતા છે. જળને લાવવા માટે ઘટત્વ શબ્દના પ્રયોગ કરતા માટીનો ઘડો લાવ આમ બોલવું વધારે ઠીક છે. આ નય પણ નૈગમ નયની જેમ અનુપયુકત દ્રવ્યાવશ્યક ને માને છે. સામાન્ય નય સામાન્યની સત્તાને

જ માને છે અને પ્રબોધે છે કે જે કંઇ છે તે સામાન્ય જ છે. આ પ્રમાણે સંગ્રહ નય કેવળ એક અનુપયુકત દ્રવ્યાવશ્યકને માને છે.

ઋજુસૂત્રના મતે ભૂતકાળ ચાલ્યો ગયો છે અને ભાવી કાળ દૂર છે માટે કેવળ વર્તમાનની અપેક્ષા એ એક જ અનુપયુકત દ્રવ્યાવશ્યક છે: શેષ ત્રણ નયો શબ્દ પ્રધાન હોવાથી ત્યા અર્થ ગૌણ હોય છે, માટે તેઓ કહે છે કે જે સાધક આવશ્યક સૂત્રોનો જ્ઞાતા હોય તે ઉપયોગ વિનાનો સંભવી શકે નહી. કેમ કે જયા જ્ઞાન છે તે ઉપયોગ વિના હોઇ શકે નહીં. માટે શબ્દ, સમભિરૂઠ અને એવંભૂત નય ના મતે દ્રવ્યાવશ્યક છે જ નહીં.

યદાપિ આ સાતે નયોની માન્યતા જૂદી જૂદી છે. તથાપિ તેઓ સ્વ:દ્ધાદ નામના મહારાજની આજ્ઞામાં હોવાથી. પોત પોતાની વાતને જાહેર કરશે પણ કયાંય બીજા નયોનો અપલાપ કરવામાં તેઓ માનતા નથી ઘટ નિત્યજ છે આમ જ લગાડીને બોલવાથી તો તમે કયારેય ચૌર્યાસિના ચકકરમાંથી બાહર આવવાના જ નથી, કેમ કે જો ઘડો નિત્ય જ હોય તો તે ફૂટે શા માટે ? અને ફૂટયા પછી તે ઠીકરાઓને કોઇ પણ ઘડો કહેતા નથી માટે હે પંડિતો ! તમે તમારી ભાષામાંથી ''જ'' શબ્દ લગાડીને બોલવાની અસત્યઆદતને છોડી ઘડો નિત્ય પણ છે અને અનિત્ય પણ છે. જીવ શાશ્વત પણ છે અને અશાશ્વત પણ છે,

ઘડામાં અત્યારે અસ્તિત્વ ધર્મ પણ છે અને નાસ્તિત્વધર્મ પણ છે. આ બધી વાતો સર્વથા અનપઢ માણસને પણ સમજવામાં આવી જાય છે. ત્યારે તેવી જ ભાષા બોલવી જોઇએ જેનાથી કલેશ કંકાસ નું સમાપન થાય રાગદ્વેષનું હનન થાય, કામ ક્રોધાદિનું દમન થાય અને અજ્ઞાનનું નિર્ગમન થાય છે. ત્યારે સત્યજ્ઞાનની પ્રાપ્તિ સુલભ બનશે.

ઉપર પ્રમાણે આગમથી દ્રવ્યાવશ્યકની ચર્ચા થઇ ગયા પછી હવે નોઆગમથી દ્રવ્યાવશ્યકનું સ્વરૂપ કેવું છે ?

से किं तं नोआगमओ दव्वावस्सयं... (સૂત્ર ૧૫)

અર્થ:- નોઆગમથી, જ્ઞશરીર, ભવ્ય શરીર અને તે બંનેથી વ્યતિરિકત દ્રવ્યાવશ્યક ત્રણ પ્રકારે છે. નોઆગમમાં સ્થિત 'નો' શબ્દ, સર્વ નિષેધ અને દેશનિષેધ અર્થમાં વપરાયો છે, તેમાંથી જ્ઞશરીર અને ભવ્યશરીરને વર્તમાનમાં આગમનો સર્વથા અભાવ છે. જેનું સ્વરૂપ આગળ કહેવામાં આવશે. તદ્વ્યતિરિકત (બંનેથી જૂદી વ્યકિત) સાધકમાં વન્દન, પ્રતિ ક્રમણાદિ સૂત્રો જે બોલાય છે. તે આગમ છે, અને 'અહોકાય કાય આદિ આવર્તાદિક અને મુહપતિ પડિ લેહન આદિ ક્રિયાઓ છતાં ઉપયોગ વિનાના તે સાધક ને નોઆગમથી દ્રવ્યાવશ્યક કહ્યો છે. અર્થાત્ સૂત્રો આગમ છે અને ક્રિયાઓ નોઆગમ છે.

જ્ઞશરીર દ્રવ્યાવશ્યક....

से किं तं जाणयसरीर दव्वावस्सयं... (સૂ. ૧૬)

માનવમાત્રનો ભાષાવ્યવહાર, સર્વ દેશોમાં એક સમાન જ રહ્યો છે. જેમ કે: મુનિવેષમાં વિદ્યમાન સાધક જ્યારે સ્વર્ગવાસી બને છે, ત્યારે મૃતશરીર ને જોઇને પણ સાક્ષર કે નિરક્ષર એક જ વાત કહેશે કે આ મુનિરાજ જ્યારે જીવિત હતા ત્યારે ષડાવશ્યક, આચારંગ, દશવૈકાલિક આદિ આગમોના સારામાં સારા જ્ઞાતા હતા, પાઠક હતા, ઉપદેશક હતા, આવા પ્રકારના ભાષાવ્યવહરને અસત્ય શી રીતે કહેવાય ?

હવે સૂત્રનો અર્થ વિચારીએ, શરીરમાત્ર પ્રતિ સમયે શીર્ણથાય છે માટે શરીર કહેવાય છે. તે જ્ઞાનવંતનું હોવાથી અર્થાત્ ચૈતન્ય પર્યાથી અચૈતન્ય પર્યાયને પ્રાપ્ત થયું છે, માટે જ શ્વાસનિશ્વાસ રહિત છે, કેમ કે શ્વાસાદિ ક્રિયા જીવિતને હોય છે. મૃતને નહી.

ટ્રેન, પ્લેન, બસ, કાર આદિ એક્ષીડેન્ટના કારણે અથવા વિષ પ્રયોગ આદિના કારણે પણ ઘણીવાર તે મરતો નથી કારણે કે જ્યાં સુધી બેડીસમાન આયુષ્ય કર્મના પરમાણુંઓની સત્તા છે ત્યાં સુધી કોઇ પણ મરતો નથી, એટલે કે મૃત્યુ સ્વાભાવિક નથી પણ આયુષ્ય કર્મને આ

ભારી છે. ગમે તેવી પરિસ્થિતિમાં પણ આયુષ્ય કર્મનો છેલ્લો પરમાણું જયાં સુધી હશે ત્યાંસુધી કોઇ પણ માણસ કે તિર્યંચ નારક કે દેવ મરવાનો નથી અને તે કર્મ ક્ષીણ થતાં જ સર્વથા નિરોગી માણસ પણ આંખના પલકારે સમાપ્ત થશે. અને ચાલુ વાર્તમાનિક શરીર અને શરીર સાથે જોડલી વધારેલી માયાનો ત્યાગ કરી બીજો અવતાર, શરીર અને સંસારની માયાને (નાટકને) નવે સર થી પ્રાપ્ત કરશે. આહાર પરિણતિથી ઉત્પાદિત શરીરના ચયથી ત્યક્ત શરીર તે જીવિતાવસ્થામાં આવશ્યક ભાવનું કારણ હોવાથી દ્રવ્યાવશ્યક કહેવામાં અને માનવામાં કોઇને પણ વાંધો નથી.

આગમશાસ્ત્ર તથા બીજા પણ શાસ્ત્રોનો પાઠક

ભાષક અને ઉપદેશક, મુનિ, આચાર્ય કે ઉપાધ્યાયનું મૃત શરીર, સર્વાંગ પ્રમાણ શય્યાપર અઢીહાથ પ્રમાણ આસન પર અથવા શબને જયા મૂક્યું હોય તે મૂમિપર સ્થાપિત મૂનિના શરીરને જોઇ અહો ! આવો અઠંગ અભ્યાસી મુનિદિવંગત થયો ! પૌદ્ગલિક શરીર ધારણ કરીને પણ સૂત્રોના રહસ્યને જાણનારો હતો. જેમણે આખી જીન્દગી પઠન પાઠન તથા કર્મોની નિર્જરામાં પૂર્ણ કરી છે. તે મહાપુરુષ હવે આપણી સામે નથી. આ પ્રમાણે સૌ

કોઇ બોલે છે, વન્દે છે. તેમ છતાં અત્યારે તે મુનિનું શરીર અનુપયોગી હોવાથી નો આગમ થી દ્રવ્યાવશ્યક કહેવાય છે. જે માટી ના ઘડામાં એક સમયે ઘી તથા મધ ભરાતું હતું હવે ખાલી છે છતાં પણ લોકો કહે છે કે આ ઘીનો અને મધનો ઘડો છે.

ભવ્ય શરીર દ્રવ્યાવશ્ય..

નો આગમ થી દ્રવ્યાવશ્યકના બીજા ભેદને ફરમાવતા સૂત્રકાર કહે છે.

'से कि तं भविसरीरदव्वावस्सयं.. (સૂત્ર ૧૭)

અર્થ: સૂત્રનો અને પ્રસ્તુત નિક્ષેપાનો ભાવ આ પ્રમાણે છે. ઉચ્ચીખાનદાનમાં માતાની કુક્ષિમાં, નવમહિના પૂર્ણ કરીને સંસારની સ્ટેજપર જન્મેલો બાલક, ભવિત વ્યતા ના યોગે દીક્ષા સ્વીકાર કરે છે. ચંચલ છે તો પણ પઠન શીલ છે. રોજની બે ચાર ગાથાઓ પણ કરે છે. યથા પરિસ્થિતિ પડિલેહનાદિ ક્રિયાઓ શ્રદ્ધાપૂર્વક કરે છે. આવા મુનિને જોઇ સંઘના કોઇ પણ ભાગ્યશાળી શ્રાવકના મનમાં એકજ વિચાર આવે છે. 'આ મુનિ આગળ જતાં સારામાં સારો વિદ્વાન, વકતા અને પાઠક થઇ સંઘના ભારને વહન કરી શકશે. જો કે અત્યારે તો તે સાધ નાની ઉમ્રમાં છે, ભવિષ્ય કાળ લાંબો છે. તો પણ આપણા સૌ નો ભાષાવ્યવહાર એક

સમાન જ છે કે, આ મુનિ આગળ વધીને પોતાનું અને પોતાના ગુરુનું નામ દીપાવશે. માટે નોઆગમ થી તે ભવ્યશરીર દ્રવ્યાવશ્યક કહેવાય છે. કુંભારને ત્યાંથી આવેલા નવા ઘડાને જોઇ કહેવાય છે કે આ ઘડો ઘી ભરવા માટે અને આ ઘડો મધ ભરવાને માટે ઉપયુકત થશે.

હવે શાસ્ત્રાનુસાર આનો ભાવ જણીએ, આ બાળમુનિ ભવિષ્યમાં આપણી વિવક્ષાને અનુસાર વિદ્વાન, વક્તા કે આચાર્ય થશે. અત્યારે આગમનો અભાવ હોવાથી નોઆગમ માનવું રહ્યું. કારણ કે અહિ પણ નો શબ્દ સર્વ નિષેધ અર્થમાં છે.

શકાં:- ભાવ આવશ્યકનું કારણ દ્રવ્યાવશ્યક છે, તો પછી આ બાળમુનિમાં આગમનો અભાવ છે તો તેના પ્રતિ તે કારણ શી રીતે બનશે ? કાર્ય નો જ અભાવ દેખાતો હોય તો તેમાં કારણની યોજના કરવાથી શો ફાયદો ?

જવાબમાં જણાવાનું કે, ભાવીમાં થનારા પર્યાયમાં અત્યારે પણ અસ્તિત્વનો ઉપચાર સૌને માન્ય છે. જેમ **'भाविनि भूतवदुपचार'** આ પ્રમાણે ભવ્ય શરીર દ્રવ્યાવશ્યક નોઆગમ થી કહેવાય છે. બન્નેથી વ્યતિરિકત દ્રવ્યાવશ્યક ત્રણ પ્રકારે છે. લૌકિક, કુપ્રાવચનિક અને લોકોત્તરિક.

લૌકિક દ્રવ્યાવશ્ય:-

સ્યાદ્વાદસિદ્ધાન્ત ને આત્મસાત્ કરી, તેવીજ ભાષા બોલવામાં જૈન શાસનની પદ્ધતિ સર્વથા પ્રશંસનીય રહી છે. પોતાના શિષ્યોને સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કરાવવાની ભાવના ના માલિક સૂત્રકારો પણ શબ્દની વ્યાખ્યા કરવામાં સદૈવ ઉદાર દિલવાળા જ રહ્યાં છે, આવશ્યક શબ્દની વ્યાખ્યા કરવાના પ્રસંગમાં તે શબ્દ ક્યા સ્થાને કેવી રીતે ઉપયુક્ત કરી મિથ્યાજ્ઞાનમાંથી શિષ્યોને સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કરાવી શક્યા છે. નોઆગમથી તદ્વ્યતિરિક્ત આવશ્યક શબ્દને સમજાવતાં કહ્યું કે,

'सेकितं लोइअं दुव्वावस्सयं.... (સૂત્ર ૧૮)

અર્થ અને કામના નિયાણા પૂર્વક જેમણો માનવાવતાર મેળવ્યો છે, તે ભાગ્યશાળીઓ પણા આવશ્યક એટલે પ્રતિદિન કરવાના પોતાના શારીરિક ભોગવટાને કરે છે, તે કોણ કોણ ?

૧) રાજા- ચક્રવર્તી, વાસુદેવ, બલદેવ અને મહામંડલિક રાજા.
૨) ઇશ્વર- યુવરાજ અને સામાન્ય મંડલિક અમાત્ય.
૩) તલવર- તુષ્ટ થયેલા રાજાએ સુવર્ણ પટ્ટકાદિ આપ્યા હોય.
૪) ઇભ્ય- હાથી પ્રમાણા દ્રવ્યનો માલિક શેઠ.
૫) પૂરજયેષ્ઠ- ગામનો આગેવાન વણિક શેઠ.

૬) સેનાપતિ- હાથી-અશ્વ આદિ સેનાનો અધિપતિ.
૭) સાર્થવાહ- ગણ્ય, ધાર્ય, મેય પરિચ્છેદ્ય દ્રવ્ય લઇને વ્યાપારાર્થે બીજા દેશમાં જનાર.
૮) સામાન્ય પ્રજા.

ઉપરોકત આઠે પ્રકારના મોટા માણસો, જેમની પાસે અગણિત સંપત્તિ છે, સત્તા છે. તે બધાય, પાછળની રાતે, પ્રકાશવાળી રાતે, વિશેષ પ્રકાશવાળા સમયમાં જયારે સૂર્યોદય થવાની તૈયારી છે. સૂર્યોદય થઇ ગયો હોય. અથવા તેની રોશની પૃથ્વીપર પડી ગઇ હોય. ત્યારે તે માનવો, જેને કર્યાવિના ન ચાલે તેવા આવશ્યકોને કરવામાં લાગી જાય છે. જેમ કે દાંત સાફ કરવા, મોઢું ધોવું, તેલનીમાલીશ કરવી, સ્નાન કરવું, શરીર સારી રીતે સાફ કરવું, ધોયેલા વસ્ત્રોનું પરિધાન કરવું, શરીરના શણગાર માટે લેપો કરવા, માથાપર, હાથપર અને કમર પર આભૂષણો પહેરવા, સરસવ દૂર્વા આદિથી મંગળ કરવું, કાચમાં મોઢું જોવું, વસ્ત્રોને ધૂપિત કરવા, ભિન્ન ભિન્ન પુષ્પોને, માળાઓને ધારણ કરવા, ઇત્યાદી દ્રવ્યાવશ્યક કરીને, રાજાઓના દરબારમાં જાય છે, વ્યાપાર માટે દુકાને જાય છે. ત્યાર પછી જૂદી જૂદી જાતની ક્રીડાઓ માટે ઉદ્યાનમાં, તળાવમાં અને તેવા પ્રકારના રમણીય સ્થાનોમાં જઇ હાસી-મજાક કરે છે. આ બધા કાર્યો પ્રાત:કાળમાં બપોરમાં

અને સાયંકાળે પણ વશ્ય કરતા હોવાથી નોઆગમથી દ્રવ્યાવશ્યક જાણવું.

अवश्यं क्रियते इति आवश्यकम् - 'આમાં કેવળ-વ્યુત્પત્તિમાત્ર થી જ આવશ્યક શબ્દ છે, તો તેને દ્રવ્ય શા માટે કહો છો ? કેમ કે વિવક્ષિત ભાવનું કારણ દ્રવ્ય છે. ઉપરની બધી ક્રિયાઓ કયારેય પણ ભાવાવશ્યકનું કારણ બનવાની નથી જવાબમાં જાણવાનું કે આમાં જે દ્રવ્ય શબ્દ મૂકાયો છે. તે દ્રવ્યના લક્ષણવાળું દ્રવ્ય શબ્દ માનવાનું નથી. પરન્તુ અ પ્રધાન વાચક દ્રવ્ય શબ્દ જાણવો. કારણ કે ઉપરની ક્રિયાઓમાં યોજેલ આવશ્યક શબ્દ કયારેય મોક્ષનું કારણીભૂત બનવાનું નથી. પરન્તુ આ બધાય સંસાર વૃદ્ધિના જ કારણો છે. માટે જ અપ્રધાનભૂત દ્રવ્યશબ્દ યોજવામાં આવ્યો છે.

ત્યારે શું, સ્નાનાદિ ક્રિયાઓ ધર્મ નથી ? જવાબમાં જાણવાનું કે, જે શરીરને આપણે સુન્દર બનાવવા માંગીએ છીએ. તેની મૂળોત્પતિ માતાની કુક્ષીમાં મિશ્રણ થયેલું પિતાનું શુક્ર અને માતાના રજ, જેવા અદર્શનીય અને ગંધાતા પદાર્થો દ્વારા થયેલી હોવાથી શરીર સ્વયં અશુદ્ધ જ છે. તેમાં હાડ, માંસ, ચરબી, પિત્ત, કફ અને રકત ની ભરમાલ હોવાથી સર્વથા અને સર્વદા શુદ્ધિવિનાનુંજ રહેવાનું છે. તો પછી શરીરના ધર્મો આત્માના શી રીતે થઇ શકવાના

છે ? બેશક ! આત્મોન્નતિ માટે શરીરને માધ્યમ માનવામાં કોઇને પણ વાંધો નથી તેને ગંદુ રાખવાનું તો જૈન શાસન જેવું અદ્વિતીય અને માતબર શાસન પણ કહેતું નથી. શરીર ભાડાના મકાનની સમાન હોવાથી તેને સાફસુફ રાખવું જોઇએ. તથાપિ ભાડાનું અને પ્રતિ સામયે જીર્ણ થવાવાળું શરીર છે. તે પણ કોઇએ ભૂલવું ન જોઇએ. આવા ભાડાના શરીર ને જ તમારું પોતાનું એટલે કે શરીરને જ આત્મા માનવાગયા તો પરમાત્મ સ્વરૂપ આત્માની કંઇ દશા થશે ? ભાડાના મકાનથી ભાડુતી જેમ પોતાનું સ્વાર્થ સાધી લે છે, તેમ શરીરદ્વારા તેમાં બિરાજમાન, અનન્ત શક્તિના માલિક આત્મારામનું હિત સધાય. નવા પાપોના દ્વાર બંધ થાય. જન્મજન્મના ફેરા ફરતા લાગેલા જૂના પાપો ધોવાય તેની કાલજી રાખવી સર્વશ્રેષ્ઠ અને સૌપ્રથમ ઉપાદેય ધર્મ છે.

ઉપનિષદોં માં પણ કહેવાયું છે કે ''બ્રહ્મચારી સદા શુચિ'' શર્વાશે કે અલ્પાશે પણ બ્રહ્મચર્ય ધર્મની આરાધના કરનાર આત્મા સદૈવ પવિત્ર જ છે. સમ્યગ્જ્ઞાન દ્વારા બ્રહ્મચર્ય ધર્મની (સમ્યક્ચારિત્રની) આરાધના કરીને બ્રહ્મનિષ્ઠ કે પરમાત્મનિષ્ઠ થઇ શકાતું હોય તો. જીવ હત્યાનું પાપ શા માટે વધારવું જોઇએ.

કેવળજ્ઞાન ના માલિક અરિહંત પરમાત્માએ પોતાના

જ્ઞાનથી પૃથ્વી, પાણી, અગ્નિ, વનસ્પતિ આદિમાં સૂક્ષ્મરૂપે કે બાદરરૂપે વિદ્યમાન અનન્ત જીવોને જોયા છે. જે વાતને આજનું સાયન્સ પણ સ્વીકારે છે; તો પછી બે કે ત્રણ લોટા પાણીથી શરીર ઉપર ઉપરથી સાફ થઇ જતું હોય તો બે ત્રણ ડોલ (બાલ્ટી)નો વપરાશ અહિંસક માર્ગ નથી. છેવટે જીવહિંસા પાપ તો છે જ. તેને ચાહે આપણે માનીએ કે ન માનીએ પોતપોતાના મનકલ્પિત શાસ્ત્રો તેમાં જીવહિંસા માને કે ન માને તેથી જીવહત્યા ધર્મ થવાનો નથી જ.

दया धर्म का मूल है । धम्मस्सश्रवणणी दया આવા પવિત્ર સિદ્ધાન્તોને ધ્યાનમાં રાખી દયા ધર્મદ્વારા શરીરની શુદ્ધિનું લક્ષ્ય રાખવું, જે આત્મશુદ્ધિનું શ્રેષ્ઠતમ માર્ગ છે.

છેવટે 'વપુવિનાશી...' ગમે તેટલું શણગારેલું શરીર શ્મશાનના લાકડા ભોગુ જ થવાનું છે. ત્યારે '..તૂ અવિનાશી' તારો આત્મા સદૈવ અવિનાશી. અજર, અમર. સચ્ચિદાનન્દ સ્વરૂપ અને દર્શન જ્ઞાન ચારિત્રમય હોવાથી આત્માને જ શણગારવાનું લક્ષ્ય કલ્યાણ કારણ છે. આ રીતે તદ્વ્યતિરિક્ત દ્રવ્યાવશ્યકનો પ્રથમ ભેદ લૌકિક આવશ્યક પૂર્ણ કર્યું.

કુપ્રાવચનિક દ્રવ્યાવશ્યક :-

''કુત્સિતં પ્રવચનં શાસ્ત્રં ઇતિ [illegible] કુપ્રાવચનિકા:''

જેમનું શાસ્ત્ર, અહિંસા - સંયમ અને તપોધર્મ સાથે અનુબંધ ન ધરાવી શકે તે કુપ્રવચન અને તેને માનનારા કુપ્રાવચનિકો કહેવાય છે. તેમને સમ્યગ્જ્ઞાનનો અભાવ અને મતિ-અજ્ઞાનનો ભરમાલ હોવાથી ગમે તેવી કલ્પના કરી અને ગમે તેની પૂજા કરી જીવન યાતન કારનારા હોય છે.

દેવના બે પ્રકાર છે, લોકોત્તર અને લૌકિક...

(૧) લોકોત્તર દેવ

જેમણે પોતાના ઉત્તમોત્તમ પુરુષાર્થ દ્વારા, ઋદ્ધિગારવ, રસગારવ, સાતાગારવ, લોકૈષણા, ભોગૈષણાઅને વિત્તૈષણા, કામરાગ, સ્નેહરાગ દૃષ્ટિરાગ, ક્રોધ, માન, માયા અને લોભાદિ ઉપર સમ્પૂર્ણ કંટ્રોલ કરીને, માયાશલ્ય, નિદાનશલ્ય અને મિથ્યાત્વશલ્ય વિનાની સર્વથા અદ્વિતીય તપશ્ચર્યારૂપી અગ્નિમાં ભવભવાન્તરના ઘાતિકર્મોને સમૂળ બાળીનાખ્યા છે. અને કેવળજ્ઞાનના માલિક બની સાધુ-સાધ્વી-શ્રાવક અને શ્રાવિકારૂપ સંઘની સ્થાપના કરી લીધા પછી શેષ અઘાતિ કર્મોને પણ નાશ કરી અનન્ત સુખના સ્થાનરૂપ સિદ્ધશિલાને પ્રાપ્ત કરી

શક્યા છે. હવે પછી તેમને જન્મ, મરણ અને શરીર નથી કોઇને શાપ કે આશીર્વાદ દેવાના નથી. કર્મોના બીજ દગ્ધ થયા હોવાથી ફરીથી અવતાર લેવાનો નથી. માટે સત્યસ્વરૂપે, નિરંજન, નિરાકાર, દેવાધિદેવ સર્વજ્ઞ તીર્થંકર અને પરમાત્મપદને સાર્થક કરનારા અરિહંતો અને સિદ્ધ ભગવંતો જ લોકોત્તરદેવો કહેવાય છે.

(૨) લૌકિકદેવઃ-

ચારગતિરૂપ સંસારના સ્વર્ગલોકમાં રહેનારા છે. યદાપિ મનુષ્ય યોનિના જીવો કરતાં તેમના આયુષ્ય, રૂપ, સ્વરૂપ, અને શરીર લાખો ગુણા વધારે સારા હોય છે. બીજાઓને આશીર્વાદ અને શાપ દેવાની શક્તિવાળા હોય છે. રાજી અને નારાજીને વશ થતા વાર લગાડતા નથી. છતાં પણ **''क्षीणे पुण्ये मर्त्यलोकं विशन्ति''** આ ન્યાયે તેમને પણ ફરી ફરીથી માતાની કુક્ષિમાં અવતાર લેવાનું ફરજીયાત છે. મનુષ્ય યોનિના માનવોની જેમ તેમને પણ રાગ, દ્વેષ, માયા, લોભ વિષય વાસના, લડાઇ ઝઘડા, ઇર્ષ્યા અ દેખાઇ આદિના સંસ્કારો હોવાથી અવસર આવ્યે માનવો કરતા પણ વધારે ક્રૂર ઘાતક અને ખતરનાક બની શકે છે. માવન યોનિપ્રાપ્ત માનવો તો હજી પણ સંતોષી બ્રહ્મચારી, તપસ્વી, ત્યાગી, ગૃહસ્થાશ્રમની મર્યાદાના

બ્રહ્મચારી હોઇ શકે છે. જ્યારે દેવો, દેવીઓ, ઇન્દ્રાણીઓ, મહાદેવીઓ અને જગદમ્બાઓ કયારેયં બ્રહ્મચારી હોતા નથી. ઉપનિષદે પણ સાક્ષી આપતાં કહ્યું કે

''नहि मानुषात् श्रेष्ठतरं हि किञ्चित्''

હવે સૂત્રનું તાત્પર્ય જોઇ લઇએ, સમ્યગ્જ્ઞાનથી હજારો માઇલ દૂર રહેલા કેટલાક જીવોને આ વાતની મુદ્દલ ખબર પણ નથી હોતી કે પૂજા-જપ-ધ્યાન-દર્શન આદિ અનુષ્ઠાનો શા માટે કરવા ? કયાં દેવના કરવા ? તેઓ આ વાતની જાણકારી પણ લેવા નથી માંગતા કે મળતી દાળચોટલી કે દૂધ રોટલીમાં દેવ-દેવીઓની મહેરબાની છે કે પૂર્વ ભવમાં કરેલા અમારા સત્કાર્યોની મહેરબાની છે ? આનાથી જાણી શકાય છે કે અજ્ઞાનમાં મિથ્યાજ્ઞાનમાં, વિપરીતજ્ઞાન, પૂર્વગ્રહીત જ્ઞાનમાં, કેટલી બધી અજબ ગજબની શક્તિ રહેલી છે. માટે તેઓ ઇન્દ્ર, કામદેવ, કાર્તિકેય, હર શિવ (વ્યંતરવિશેષ) યક્ષ, ભૂત આદિ દેવો અને દેવીઓની મૂર્તિઓ, મંદિરો જયાં છે, તે સ્થાનોને લીપવા, કચરો સાફ કરવો, પુષ્પ, ધૂપ અને દૂધથી તેમને પૂજવા આદિ અનુષ્ઠાનો કરે છે, કોણ કોણ કરે છે ?

चरग :-૫-૧૦ ભેગા મળીને ભિક્ષા માટે ફરે છે. અથવા ખાતાપિતા ચાલે ફરે છે.

चिरिका :-શેરીમાં પડેલા વસ્ત્રોને પહેરનારા,

चर्मखंडिका :-ચામડાને પહેરનારા,

भिक्षाण्डा :-કેવળ ભિક્ષામાં મેળવેલું ખાય છે. પણ પોતાની ગાયોનું દૂધ પણ પીતા નથી.

पाण्डुरागा :-રાખને ચોલનારા

गोतमा :-શિક્ષા દીધેલા બળદોને શણગારીને તેમને ક્ષોડીઓની માળા પહેરાવી, સીંગડાને રંગી તેમને ગામમાં ફેરવીને જે કંઇ મળે તેનાથી સંતોષ માનનારા.

गृहीधर्मा :-ગૃહસ્થધર્મને જ શ્રેષ્ઠ માનનારા.

धर्मचिंतका :-પોતાના માનેલા પોથીપાના વાંચનારા.

वैनयिक :- સૌ કોઇના વિનય કરવામાં ધર્મ માનનારા.

ઇત્યાદિ જૂદા જૂદા વેષે, રૂપે, ઇન્દ્રાદિ દેવોને પૂજનારા છે. અને તેમ કરી પોતાની જીવિકા ચલાવે છે. ઇન્દ્રાદિદેવોનું પૂજન, લેપન આદિ કરવું તે કુપ્રાચનિક દ્રવ્યાવશ્યક છે, આમાં દ્રવ્યત્વ, આવશ્યકત્વ અને નો આગમત્વ છે. માટે આને લૌકિક દ્રવ્ય અને લૌકિક આવશ્યક જાણવું.

હવે લોકોત્તરિક દ્રવ્યાવશ્યક શું છે ?

'से किं तं लोगुत्तरियं दव्वावस्सयं...? (સૂત્ર ૨૧)

અર્થ:- લોકની અન્દર ઉત્તર એટલે પ્રધાન તે લોકોત્તરિક કહેવાય છે. અને જૈન શાસન જ લોકોત્તર છે.

આત્માના ઉત્કૃષ્ટ પરિણામોથી સમ્યક્ચારિત્ર સ્વીકારેલ છતાં પણ સ્વાધ્યાયમાં પ્રમાદ, ગુરુકૂળ વાસનો ત્યાગ, ગપ્પી બાજેનો સહવાસ અને તપોધર્મથી દૂર રહેનારા જૈન મુનિઓ પણ ધીમે ધીમે શિથિલ બને છે. અને શ્રામણ્યથી યુકત થયેલા તેઓ અવસર આવ્યે જિનેશ્વર દેવની કે ગુરુની આજ્ઞાનો પણ ત્યાગ કરી આન્તરિક જીવનમાં સ્વચ્છન્દી બનતા વાર કરતાં નથી. તેમ છતાં વ્યવહાર દૃષ્ટિએ પ્રતિક્રમણ કરવા માંડલીમાં આવી જાય છે. આવા મુનિઓનું પ્રતિક્રમણ લોકોત્તરિક દ્રવ્યાવશ્યક છે. કારણમાં જાણવાનુ, કે : ગૃહસ્થોને રાજી રાખવા માટે સ્તવનાદિથી લોકોને ખુશ કરવા માટે જ પ્રતિક્રમણ કરે છે. આવા મુનિઓ જીવવધની વિરતિ રૂપ મૂળગુણ અને પિંડ વિશુદ્ધિ આદિ ઉત્તર ગુણો તરફ, આન્તરિક જીવનમાં બેદરકાર રહેનારા માટે જ ઘોડાની જેમ તોફાની ચાલે ચાલનારા દૌડતા દૌડતા જનારા અને દુષ્ટ હાથીની જેમ ગુરુઆજ્ઞાના અંકુશ વિનાના, વારંવાર હાથ-પગ-સાથળ-મોઢું, જંઘ ને ઘોનારા, સાફ કરનારા, સ્નાન કરનારા, વાળોને સાફ રાખનારા, તેમાં સુગંધી દ્રવ્યો નાખી તેમને સુધારવા, સારી પથારી અને સારા કપડા રાખનારા મુનિઓનું ભાવશૂન્ય આવશ્યક અપ્રધાન જાણવું આગમનો અભાવ હોવાથી દ્રવ્યાવશ્યક જાણાવું.

ટીકાકારે એક દૃષ્ટાંત થી સમજાવ્યુ કે: વસંતપુર નગરમાં, સ્વયં અગીતાર્થ, અસંવિજ્ઞ, મુનિઓનો ગચ્છ રહેતો હતો, તેમાં શ્રામણ્ય ધર્મથી સર્વથા વિમુકત, સંવિજ્ઞાભાસ એક મુનિ જૂદી જૂદી રીતે દોષોનું સેવન કરીને ગોચરી પાણી વાપરવાળા હતો. અને સાંજે પ્રતિક્રમણમાં બધાઓની વચ્ચે ભૂલોનું પ્રાયશ્ચિત પણ કરતો હતો. અને સાથોસાથ દોષોને છોડી દેવા માટે પણ તૈયાર ન હતો. ગચ્છનાયક સ્વયં સૂત્રોના જ્ઞાનથી રહિત હોવાના કારણે પ્રતિદિન તે મુનિની પ્રશંસા કરતા હતા. આ જોઇને પાસે રહેનારા બીજા મુનિઓને થયું કે, દોષોનું જાણી બુજીને સેવન અને પ્રતિક્રમણ સમયે આલોચન કરવામાં કંઇ બાંધો નથી તેમ માનીને બીજા મુનિઓ પણ શિથિલતાના માર્ગે જવા લાગ્યા.

તેવા સમયે એક સંવિજ્ઞ મુનિ મંડળ તે ગામમાં આવ્યું ૨-૪ દિવસમાં તે અગીતાર્થ ટોળાના તે સાધુને જોયો અને લાગ્યું કે હર હાલતમાં પણ સારૂં નથી તેમ જાણીને કહ્યું કે તમે આવા શઠ અને જાણી બુઝીને દોષોના સેવન કરનારા સાધુને પોષી રહ્યા છે અને પ્રશંસી રહ્યા છે તે ઠીક નથી. આનાથી બીજા બધાય સાધુઓનું અકલ્યાણ થશે. અને ગચ્છની મર્યાદા લોપાઇ જશે. તેથી આ સાધુને સમુદાયથી દૂર કરવામાં વાંધો નથી. આટલું કહ્યાં છતાં તે ગચ્છાધિપતિ

ન માન્યા. ત્યારે બીજા મુનિઓને સંબોધી કહ્યું કે આવા અગીતાર્થની પાસે રહીને તમે તમારા આત્માનું શા માટે બગાડો છો ? તેમ છતાં તે અગીતાર્થ આચાર્ય ન માન્યા અને સંવીગ્ન ગીતાર્થો બીજે દિવસે વિહાર કરી ગયા.

આ કારણે જ આવા મુનિનું પ્રતિક્રમણ દ્રવ્યાવશ્યક તરીકે મનાયું છે.

દ્રવ્યાવશ્યકના ત્રણે ભેદોનું નિરૂપણ કર્યા પછી હવે ભાવાવશ્યકને સવિસ્તૃત જણાવંતા સૂત્રકારે ફરમાવ્યું કે :-

से किं तं भावावस्सयं ? दुविहं पण्णतं, तं जहा आगमतो नो आगमतोअ... (સૂત્ર ૨૨)

ભાવાર્થ:- આગમથી અને નોઆગમથી ભાવાવશ્યક બે પ્રકારનો છે.

જે શબ્દનો પ્રયોગ કરાય છે. તેના સત્યાર્થમાં તે શબ્દ બંધ બેસતો થાય, તે ભાવ કહેવાય છે. જેમ કે:- ''**इन्द्रतीति इन्द्रः** ઇન્દ્રાસન પર બેઠેલા દેવલોકની બધી ઋદ્ધિ સમૃદ્ધિથી યુકત, એટલે કે પરમૈશ્વર્યની ક્રિયાના અનુભવથી, તેવા પ્રકારના પરિણામ થી પરિણત ઇન્દ્ર, ભાવઇન્દ્રછે.

चन्द्रति - दीप्य ते - आहलादयतीति चन्द्रमाः

પોતાની સમ્પૂર્ણ ચાંદનીથી જીવ લોકને જયારે ખુશકરે ત્યારે તે ચન્દ્રમા કહેવાય છે. જે સમયે ભૂમિનું રક્ષણ કરતો હોય ત્યારે ભૂમિપતિ, પ્રજાનું રક્ષણ કરતો હોય ત્યારે પ્રજાપતિ, નરપતિ, અને રાજયદિના ચિહ્નોથી યુકત હોય ત્યારે તે રાજા કહેવાય છે. તેવી રીતે આવશ્યક સૂત્રોનો અને ક્રિયાનો જ્ઞાતા ઉપયોગ પૂર્વક પ્રતિક્રમણ કરે તેને ભાવાશ્યક કહે છે. એટલે કે પ્રતિક્રમણ અને પ્રતિક્રમણ કરનારમાં અભેદ જયારે સધાય ત્યારે તે સાધક ભાવાવશ્યકનો માલિક કહેવાય છે. આ વાતને સાતે નયોમાં એવંભૂત નય સ્વીકાર કરે છે.

आगम थी भावाश्यक એટલે ?

से किं तं आगमतो भावावस्सयं ? जाणए उवउते सेतं भावावस्सयं

(સૂત્ર ૨૩)

ભાવાર્થ:- ન્યૂનાધિક શબ્દોથી રહિત સર્વથા અણિશુદ્ધ આવશ્યક સૂત્રોને જાણનાર તથા રજોહરણ મુહપતિ આદિ દ્વારા કરાતી ક્રિયામાં પૂર્ણ ઉપયોગ વંત સાધક ભાવાશ્યકનો માલિક બનવા પામે છે. સારાંશ કે: આવશ્યક સૂત્રોનો જ્ઞાતા સુત્રોચ્ચરણ સમયે પાપોના પ્રાયશ્ચિત પૂર્વક જયારે સંવેગ અને વૈરાગ્યના પરિણામ થી પરિણત અને જ્ઞાન તથા ક્રિયામાં લગભગ અપ્રમાદી સાધુ આગમથી

ભાવાવશ્યકનો માલિક બને છે. કેમ કે સૂત્રો અને તેના અર્થોમાં ઉપયુક્ત મુનિમાં આગમનો સદ્‌ભાવ છે. અને તેનાથી તે સાધક બોલાતા સૂત્રો તથા તેના અર્થોમાં તલ્લીન હોવાથી ભાવવશ્યકમય જાણવો. કેમ કે આવશ્યક અને ઉપયોગના પરિણામમાં સર્વથા ઐક્ય ભાવ છે.

સાધક માત્ર કરાયેલા કે કરાતા પાપોમાં પાપની ભાવના કરે, તેને પ્રાયશ્ચિત દ્વારા આલોચનાદ્વારા, નિંદા કે ગર્હા દ્વારા અને ફરીથી તેવા પાપોમાં મારી બુદ્ધિ ન થાય તેવી રીતની આત્મજાગૃતિ જ ભાવાવશ્યક છે. માટે જ તેના અનુષ્ઠાનોમાં પ્રતિક્રમણાદિ ક્રિયાઓમાં અપ્રમાદ અવસ્થાનો પ્રવેશ થતાં જ પાપોને નિર્મૂલ થતાં વાર લાગતી નથી.

નો આગમથી ભાવનાશ્યક એટલે ?

'से किं तं नोआगमतो भावावस्सयं ? (સૂત્ર ૨૪)

અર્થ:- લૌકિક, કુપ્રાવચનિક અને લોકોત્તરરૂપે નોઆગમથી ભાવાવશ્યક ત્રણ પ્રકારે છે.

લૌકિક ભાવાવશ્યક એટલે ?

લોકમાં થયેલું તે લૌકિક-પુરુષો દિવસના પૂર્વ

ભાગમાં મહાભારત અને પાછળના ભાગે રામાયણનું વાંચન અને શ્રવણ કરે છે. કેમ કે તેમને ત્યાં તેવા પ્રકારની રૂઢિ છે. આનાથી વિપરીત કરાય તો દોષ લાગે છે. આ કરણીય તેમના માટે અવશ્ય કરવાનું હોવાથી આવશ્યક કહેવાય છે. તેમજ તે બંને ગ્રન્થોના વાચક અને શ્રોતા ભાગવત અને રામાયણમાં ઉપયોગના પરિણામવાળા હોવાથી ભાવની વિદ્યમાનતા સ્પષ્ટ અનુભવાય છે, તથા પુસ્તકોના પાનાઓનું પરાવર્તન, હોથોનો અભિનય, શરીરનું નમાવવું, તથા ભાવાવેશમાં આવવાથી પોતાના હાથોને મસ્તક પર રાખવાની ક્રિયાઓને ભાવ પૂર્વક કરે છે. અને ક્રિયામાત્રમાં નોઆગમત્વ રહેલું છે. નોશબ્દ અહિ દેશથી નિષેધ બતાવનાર છે. તેથી તેમાં આગમત્વ છે જ કારણ કે લૌકિક અભિપ્રાયથી ભારતાદિ ગ્રન્થો આગમ છે. અને યથા સમયે લૌકિકો પણ ઉપયોગવાળા થઇને. તે તે ગ્રન્થોને વાંચે છે, સાંભલે છે અને મન-વચન, કાયાથી હર્ષાન્વિત થાય છે. આ રીતે તે લૌકિક ભાવાવશ્યક છે.

પ્રાવચનિક એટલે ?

અર્થ:- ચર, ચીરિક આદિ જેમનું વર્ણન પહેલા કરી દેવામાં આવ્યું છે. તેઓ પણ અવસર આવ્યે. ઇજયા અંજલી હોમ આદિ આવશ્યક કર્ત્તવ્યો કરે છે. માટે તે ભાવાવશ્યક

કહેવાય છે.

ઇજ્યા:- યજન યાગ એટલે યજ્ઞ કરવો.

અંજલી:- યજ્ઞમાં પણ, યાગના દેવનું પૂજન કરવાનો અવસર આવ્યે, હાથમાં પાણી લઇને જળાંજલી આપવી તે અંજલી કહેવાય છે.

હોમ :- અગ્નિહોત્રિકો દ્વારા અગ્નિનું હવન એટલે હોમવાના પદાર્થો અગ્નિદેવને સ્વાહા કરવા.

જપ :- મંત્રાદિનો જાપ કરવો.

ઉન્દુરૂક :- અમુક વાંજિત્ર દ્વારા બળદઆદિના શબ્દો કરવા, શંખધ્વનિ આદિ વાજિંત્રોનો ઉપયોગ કરવો.

નમસ્કાર :- નમો ભગવતે દિવસ નાથાય' આદિ મંત્રોનું ઉચ્ચારણ કરવું તથા તે સંબંધી સ્તવ, સ્તોત્રાદિ બોલવા તે નમસ્કાર કહેવાય છે.

ઇત્યાદીક કાર્યો ચરક ચીરિકોને અવશ્ય કરવાના હોવાથી. તથા તેમના અર્થો, સ્તોત્રોમાં શ્રદ્ધાદિ પરિણામોનો સદ્‌ભાવ હોવાથી તે ભાવવશ્યક છે.

અને યથાવસરે નમનાદિમાં હાથ, પગ, મસ્તકાદિનો પ્રયોગ કરવો. આદિ ક્રિયામાં આગમનો અભાવ હોવાથી નોઆગમથી કુપ્રાવચનિક ભાવાવશ્યક કહેવાય છે.

લોકોત્તર ભાવાવશ્યક એટલે ?

से किं तं लोगुत्तरिअं भावावस्सयं ? (સૂત્ર. ૨૭)

અર્થ:- પંચમહાવ્રત ધારી સાધુ - સાધ્વી, દેશવિરતિ ધારક શ્રમણોપાસક શ્રમણોપાસિકા (શ્રાવક અને શ્રાવિકા) આ પ્રમાણે ચતુર્વિધ સંઘને ઉભય કાળ પ્રતિ ક્રમણની આવશ્યક ક્રિયા કરવી ફરજીયાત છે. અને આજે પણ તે ક્રિયા યથા વિધિ કરાય છે. તે આવશ્યક સૂત્ર અને ક્રિયામાં:

तच्चित्त :-સામાન્ય ઉપયોગ.

तन्मना :-તે ક્રિયામા વિશેષ ઉપયોગ.

तल्लेश्य :-લેશ્ય- એટલે શુભ પરિણામાદિ ભાવયુક્ત આવશ્યકમાં અર્થાત્ પ્રસંગની ક્રિયાના સમ્પાદનમાં અધ્યવસિત પ્રારંભથીજ પ્રતિક્ષણ પ્રકર્ષતા, એટલે પ્રયત્ન વિશેષ અધ્યવસાય સૂત્ર અને અર્થમાં ઉપયુક્ત, અર્થાત્ પ્રશસ્તતમ સંવેગ અને વૈરાગ્ય પૂર્વકની વિશુદ્ધિ, પ્રતિસૂત્ર અને પ્રતિક્રિયામાં અર્થો પ્રત્યે ઉપયોગિતા તથા શરીર રજોહરણ મુખવસ્ત્રિકા (મુહપતિ) આદિનો યથા સ્થાને શુદ્ધોપયોગ અને અવ્યવચ્છિન્ન સંસ્કારોની પૂનઃપુનઃ પ્રાપ્તિની ભાવના પૂર્વક આવશ્યક ક્રિયામા મન-વચન તથા કાયા થી ઉપયોગ રાખનાર સાધક એટલે આવશયક (પ્રતિક્રમણાદિ થી વ્યતિરિક્ત બીજે કયાંય પણ મન-વચન અને કાયાને જવા નહીં દેનાર લોકોત્તરિક ભાવાવશ્યકનો

સ્વામી બને છે. અહીં પણ ક્રિયામાં નોઆગમ સમજવાનું છે.

ઉપર પ્રમાણે નામ, સ્થાપના દ્રવ્ય અને ભાવનિક્ષેપે આવશ્યક શબ્દનો નિક્ષેપ કર્યા પછી પણ જૂદા જૂદા દેશનાં તથા જાતિના શિષ્યોને સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કરાવવાના ઇરાદે, અત્યન્ત ઉદાર બનેલા સૂત્રકાર સ્વયં તે આવશ્યક શબ્દના પર્યાયોનું વર્ણન કરે છે. આ વિશિષ્ટ તમ પદ્ધતિ જૈનાચાર્યો સિવાય બીજે ક્યાંય દેખાતી નથી.

तं जहा तस्स णं एगट्ठिआ णाणा घोसा...(સૂત્ર. ૨૮)

આ પર્યાયોમાં યદ્યપિ જૂદા જૂદા અક્ષરો અને ઉદાત્તાદિ ઉચ્ચારો છે, તો પણ અર્થના પ્રતિપાદનમાં ક્યાંય વિરોધ નથી. માટે એકાર્થક છે. તે આ પ્રમાણે...

(૧) **आवस्सयं** :-આવશ્યક સંસ્કૃત છે, તેનું પ્રાકૃતમાં આવસ્સયં થાય છે.

૧) શ્રમણાદિ ચતુર્વિધ સંઘને અવશ્ય કરવાયોગ્ય.

૨) જ્ઞાનાદિ ગુણોને અથવા મોક્ષને સ્વાધીન કરાવે.

૩) તીર્થંકર ગોત્રને બાંધવાને માટે ઘણા કારણોમાંથી આવશ્યક પણ એક કારણ છે.

૪) નવા પાપો રોકાય અને જૂના પાપોને આલોચના, નિંદના, ગર્હા અને પ્રાયશ્ચિત દ્વારા નિર્જરિત કરાય.

૫) ચારે તરફથી ઇન્દ્રિયોના ૨૩ વિષયો, અનન્તાનું બંધી કષાયો તથા નોકષાયોને વશ કરાવે.

૬) સમ્પૂર્ણ દુર્ગુણોનો ત્યાગ કરાવવા પૂર્વક અનન્ત જ્ઞાનાદિગુણો પ્રાપ્ત કરાવે.

૭) મુમુક્ષુઓને માટે નિયમપૂર્વક કરવા યોગ્ય.

આ પ્રમાણે આવશ્યક શબ્દના આ સાતે અર્થો છે.

ધ્રુવનિગ્રહ :-ધ્રુવ એટલે કર્મ અને તેનું ફળ સંસાર વૃદ્ધિ છે. માટે તેનો નિગ્રહ કરાવવામાં શ્રેષ્ઠ ઉપાદેય માર્ગ આવશ્યક છે.

ષડ્વર્ગ :-સામાયિક, ચતુર્વિંશતિ, વન્દન, પ્રતિક્રમણ કાયોત્સર્ગ અને પ્રત્યાખ્યાન રૂપે અધ્યયનો જેમાં રહેલા છે. તે ષડ્વર્ગ પણ આવશ્યક છે.

ન્યાય :-અભિષ્ટાર્થ સિદ્ધિ એટલે મુક્તિનો સરળમાર્ગ આવશ્યક છે અથવા અનાદિ કાલીન જીવ અને કર્મોના સંબોધોને તોડાવે તે આવશ્યક છે.

આરાધના:- મોક્ષની આરાધનામાં મુખ્ય હેતું આવશ્યક છે.

આ રીતે આવશ્યક શબ્દનો નિક્ષેપો પૂર્ણ કર્યો છે.

હવે શ્રુત શબ્દનો નિક્ષેપો કહેવાય છે

से किं तं सुत्तं १
चउव्विहं पण्णतं तं जहा नामसुअठ ठवणसुअं,
दव्वसुअं, भावसुअं (સૂત્ર - ૨૯)

શ્રુત શબ્દની પણ ચાર નિક્ષેપા પૂર્વકની વ્યાખ્યા આવશ્યક શબ્દની જેમ જાણવી. વિશેષ વક્તવ્યતાને છોડી બાકી બધી વાતો પૂર્વવત્ સમજી લેવાની.

જે જીવ હોય કે અજીવ, જીવો હોય કે અજીવો અથવા જીવ અજીવ હોય કે જીવો અજીવો હોય જેમનું નામ શ્રુત રાખવામાં આવ્યું હોય તે કેવળ નામમાત્ર થી જ શ્રુત કહેવાય છે, ચાહે ગમે તે કારણે કોઇનું પણ નામ શ્રુત રાખવામાં આવ્યુ હોય તે કેવળ નામ નિક્ષેપા થી શ્રુત શબ્દ વાચ્ય રહેશે.

કાષ્ઠ, કોડી, વસ્ત્ર, કે પુસ્તક આદિમાં શ્રુતની સ્થાપના કરી હોય તે સ્થાપના શ્રુત છે, તે થોડા કાળ માટે પણ હોય, કે લાંબા કાળ માટે પણ હોઇ શકે છે. (સૂત્ર. ૩૧)

આગમથી દ્રવ્યશ્રુત બે પ્રકારે છે. (સૂત્ર.૩૨)

જે ભાગ્યશાળી સાધકે આચારંગાદિ શ્રુત શાસ્ત્રશિક્ષિત, સ્થિત, જિત યાવત્ વાચના, પ્રચ્છના,

પરિવર્તના આદિ ધર્મ કથામાં વર્તમાન હોવા છતા ભણતા ભણાવતાં, ઉપદેશ કરતા, પરાવર્તન કરતા-કરાવતા પણ પોતે સ્વયં શ્રુતજ્ઞાનમાં ઉપયોગ વિનાના હોવાથી આગમને આશ્રય કરી તેને દ્રવ્યશ્રુત કહેવાય છે. શાસ્ત્રોના પાનાઓના નંબર યાદ રાખવા છતાં, કયો વિષય ક્યાં આગમમાં છે ? તેની બીજાઓને આશ્ચર્ય પમાડે તેવી માહિતી ધરાવનારા છતાં, શિષ્યોને ભણાવતા ક્યાંય પણ ભૂલ ચૂક ન થાય તે પૂરે પૂરી કાલજી રાખવા છતાં પણ પોતે પોતાના માનસિક અધ્યવસાયોમાં તે શ્રુત પ્રત્યે ઉપયોગ વિનાના હોવાથી તેઓ દ્રવ્યશ્રુતમાંજ અટવાઇ ગયેલા હોય છે, (સૂત્ર ૩૩)

સર્વથા નિષ્પક્ષપાત જૈન શાસને ઉપયોગ રહિત ગમે તેવા અકાટય વિદ્વાન, વક્તા, લેખક, ઉપદેશક કે શ્રોતાને પણ ભાવ શ્રુતના માલિક બનાવ્યા નથી.

નોઆગમથી દ્રવ્યશ્રુત જ્ઞશરીર, ભવ્યશરીર અને તે બંને થી વ્યતિરિક્ત આ પ્રમાણે ત્રણ પ્રકારે છે. (૩૪)

આયુષ્ય કર્મની બેંડીમાંથી મુક્ત થયેલા જીવો જે જીવિતાવસ્થામાં બહુશ્રુત, આગમોના પાઠક અને ઉપદેશક હતા, તેમનું મૃતશરીર શય્યા-સંસ્તાર કાદિપર મૂકેલું હોય, તે સમયે સૌ ના મુખમાંથી એકજ શબ્દનું ઉચ્ચારણ થાય છે કે અહો ! આ મુનિ શ્રુતજ્ઞાનના જોરદાર અભ્યાસી હતા, માટે તેને જ્ઞશરીર નોઆગમ થી દ્રવ્યશ્રુત કહેવાય છે. યદાપિ

આગમત્વ આત્મામાં હોય છે. મૃત શરીરમાં નહીં તો પણ ભૂતપૂર્વમાં તે આગમ જ્ઞાતા હંતા માટે શ્રુત કહેવાય છે. અત્યારે મૃતશરીરમાં અને અનુપયોગી આત્મામાં તેનો અભાવ હોવાથી તેમને નોઆગમથી દ્રવ્યશ્રુત માનવામાં આવે છે.

બાળમુનિને જોઇને. સૌ કોઇ એકજ શબ્દ કહેતા હોય છે. કે, આ મુનિ એક દિવસે શ્રુતજ્ઞાનના અઠંગ અભ્યાસી થશે. માટે તે ભવ્ય શરીર દ્રવ્યશ્રુત છે. અત્યારે તો ક્રિયાસૂત્રો ભણી રહ્યા છે. ભણતર ચાલુ છે. પઠનમાં કાલજી છે, ગુરુની આજ્ઞામાં ચૂસ્ત છે. માટે સૌ કોઇનો ભાષાવ્યવહાર આ બાળમુનિ માટે તેવા પ્રકારનો થાય તે માનવા જેવી વાત છે. (૩૬)

તદ્વ્યતિરિક્ત દ્રવ્યશ્રુત એટલે ? (૩૭)

જ્ઞ અને ભવ્ય શરીરને છોડી બીજા પ્રકારે દ્રવ્યશ્રુત કોને કહેવાય ? જવાબ માં જાણવાનું કે તાડપત્રના પાનામાં તથા વસ્ત્રો આદિમાં લખેલા શાસ્ત્રો, વ્યતિરિક્ત દ્રવ્યશ્રુતરૂપે સંબોધાય છે અહીં પુસ્તક કે તાડપત્ર જડ છે, અક્ષરો પણ જડ છે. તથાપિ ભાવશ્રુતનું કારણ બનવા પામે જ છે. યદાપિ આગમના કારણો આત્મા, શરીર અને શબ્દો છે. તો પણ તાડપત્રમાં તેનો અભાવ હોવાથી જ તેને નોઆગમથી દ્રવ્યશ્રુત કહે છે.

હવે બીજા પ્રકારે પણ નોઆગમથી દ્રવ્યશ્રુત આ પ્રમાણે સિદ્ધ થશે. 'સુય' શબ્દ પ્રાકૃત છે. તેની સંસ્કૃત છાયા જેમ શ્રુત થાય છે અને સૂત્ર પણ થાય છે. એટલે હવે સૂત્રની પ્રરૂપણા, સૂત્રકાર પોતેજ કરે છે. યદ્યપિ આવશ્યક શ્રુત સ્કંધમાં શ્રુતશબ્દ આગમ વાચક છે. માટે શ્રુતની વ્યાખ્યા કરતાં સૂત્રને વચ્ચે લાવવાની શી જરૂર પડી ?

જવાબમાં કહેવાયું કે તમારી વાત સત્ય છે. તો પણ આગમ કારક જ્ઞાની પુરુષો ભાવદયાના સાગર હોવાથી યેન કેન પ્રકારેણ પોતાના શિષ્યોને શબ્દોની વ્યુત્પત્તિ જૂદી જૂદી રીતે સમજાવવાના આશયથી અને તેમને વિશિષ્ટ તમ જ્ઞાનની પ્રાપ્તિ થાય તે માટે પણ એક જ શબ્દના જૂદા જૂદા અર્થો બતાવી પોતાની ઇષ્ટ સિદ્ધિ માં કયો અર્થ ગ્રહણ કરવો અને કયો અર્થ છોડી દેવો તેની સમજણ દેવા માટે પણ સૂત્રકાર ઉદાર બનવા પામે છે.

યદિ આમ ન માનીએ તો ઇષ્ટ સિદ્ધિ દાયક ભાવશ્રુત સાથે જ આત્માનો સંબંધ હોવા છતા નામશ્રુત, સ્થાપના શ્રુત અને દ્રવ્યશ્રુતની વ્યાખ્યાનો અર્થ શો ? આવા પ્રકારની શંકા માટે પણ જણવાનું કે અનાદિકાળના સંસાર ચક્રમાં રખડતો ભટકતો ભૂખે મરતો અને વિના મોતે મૃત્યુને પામતો આત્મા જ્ઞાનાવરણીયાદિ કર્મોના ભારથી અત્યન્ત વજનદાર બનેલો છે, તથાપિ અકામ નિર્જરાના કારણે ફરીથી

માનવાવતાર મલ્યો, જ્ઞાની ગુરુમલ્યા. તેમના ચરણોમાં યદ્યપિ જીવન અર્પિત કરી ચૂક્યા છીએ તો પણ સમજવાનું સરળ બનશે કે આપણા આત્મ પ્રદેશો ઉપર મતિજ્ઞાન કે શ્રુતજ્ઞાન કરતાં અગણિત એટલે હજારો લાખો અને કરોડો ગુણા વધારે મતિ-અજ્ઞાન તથા શ્રુત અજ્ઞાન પોતાનુ સ્થાયી આસન જમાવીને બેઠું છે. આવી પરિસ્થિતિમાં સૌ કોઇને મતિ અજ્ઞાનનું વાદળ ખસે અને સમ્યગ્જ્ઞાનનો પ્રકાશ પ્રાપ્ત થાય, તેવા પવિત્ર આશયથી જ આચાર્ય ભગવંતો ઉદારદિલે શ્રુતજ્ઞાનની પ્રભાવના કરી રહ્યાનો ખ્યાલ આવ્યા વિના રહેતો નથી.

ભાવશ્રુતના પ્રતિપક્ષે નામાદિ નિક્ષેપો છે. તો પણ વિરોધીઓને જણ્યા વિના નામ, સ્થાપના અને દ્રવ્યની વ્યાખ્યા કેટલી ગ્રાહ્ય છે તેનો ખ્યાલ આવશે અને જાણકારી પણ થશે કે ભાવશ્રુતને હૃદયંગમ કરવા માટે જ નામ સ્થાપના અને દ્રવ્યશ્રુતને સૌથી પહેલી જાણવાની આવશ્યકતા શા કારણે છે ? આ કારણે જ 'સૂય' શબ્દમાંથી બનેલ સૂત્ર શબ્દની વ્યાખ્યા કરવામાં પણ સૂત્રકાર બેધ્યાન બન્યા નથી.

તે દ્રવ્યસૂત્ર પાંચ પ્રકારે છે.
અંડજ, બોંડજ, કીટજ, બાલજ અને વલ્કજ.

૧) અંડજ :-હસંગર્ભમાં ઉત્પન્ન થયેલ સૂત્ર અંડજ કહેવાય

છે. ચતુરિન્દ્રિય હંસવિશેષ, તે કોશ (કોથળી) બનાવે છે. તેમાંથી જે સૂત્ર ઉત્પન્ન થાય તે અંડમાંથી ઉત્પન્ન થયેલ હોવાથી અડંજ છે. જેને આપણે રેશમી વસ્ત્ર કહી શકીએ. ટીકાકાર હંસને ચતુરિન્દ્રિય કહે છે. કેટલાકો પંચેન્દ્રિય કહે છે.

૨) બોંડયં કલિહમાઇ :-જે ખેતરમાં કપાસ થાય છે. તેનું ફળ, જેને ગુજરાતમાં 'કાલા' તરીકે અને હિન્દીમાં 'બોંડીયો' તરીકે સંબોધાય છે. તેમાંથી કપાસિયા કાઢીને જે સૂત્ર બને તે બોંડજ કહેવાય છે.

૩) કીટજ :- ચાર ઇન્દ્રિય જીવ વિશેષ કીડાઓમાંથી આ સૂત્ર બને છે. તેના પાંચ પ્રકાર છે.

૧) પટ્ટજ એટલે પટ્ટસૂત્ર, તે માટે વૃદ્ધો કહે છે કે જે સ્થાનમાં પટ્ટસૂત્ર બને છે તે જંગળમાં વૃક્ષ અને લત્તાઓના સમૂહથી યુકત સ્થાનને નિકુંજ કહે છે, ત્યા માંસ વગેરે પાથરી દેવાય છે. તેની પડખે ઉંચે, નીચે ખીલા ઠોકી દેવામાં આવે છે. ત્યા પતંગીયાના જીવો માંસથી આકર્ષાઇ ને આવે છે. માંસનું ભક્ષણ કરે છે. અને ખીલાઓની ચારે તરફ ભટકે છે. પોતાની લાળ, ખીલાઓ પર છોડે

છે. તેને એકત્ર કરી તેમાંથી લોકો પટ્ટસૂત્ર બનાવે છે.

આજ રીતે મલય દેશમાં થતા સૂત્રને મલયજ ચીન દેશમાં ઉત્પન્ન થતાં સૂત્રને અંશુક અને ચીનદેશમાં અંદર ના ભાગમાં ઉત્પન્ન વસ્ત્રને ચીનાંશુક કહેવાય છે. જયારે કૃમિરાગ સૂત્રને માટે કહેવાય છે કે કોઇ દેશમાં મનુષ્યોનું લોહી લઇ એક પાત્રમાં જમાવી દે છે. તે પર છિદ્ર વાળું વસ્ત્ર ઢાકી દે છે. તેમા ધીમે ધીમે કીડાઓ ઉત્પન્ન થાય છે અને છિદ્ર વાળા કપડામાંથી બહાર આવી તે રકતપાત્રની આસપાસ ભટકે છે. અને પોતાની લાળ છોડતા જાય છે. તેને લોકો લઇ લે છે તેમાંથી બનેલું વસ્ત્ર કૃમિરાગ સૂત્ર કહેવાય છે.

૩) **वालयं पंचविह पण्णतं** તે આ પ્રમાણે
ઘેટા આદિના વાળમાંથી બનેલું વસ્ત્ર ઔર્ણિક,
ઉંટના વાળમાંથી બનેલ વસ્ત્ર ઔષ્ટ્રિક,
મૃગની રૂંવાટીમાંથી બનેલ વસ્ત્ર મૃગ લૌમિક સૂત્ર
ઉંદરની બારીક રૂંવાટીથી બનેલ કૌતવ સૂત્ર
આ પ્રમાણે કિટિસ સૂત્ર પણ જાણવું.

૪) વલ્કજ સૂત્ર એટલે સણમાંથી બનેલ સૂત્રને વલ્કજ કહેવાય છે

ઇત્યાદિ નો આગમથી તદ્વ્યતિરિકત દ્રવ્યસૂત્ર જાણી લેવું.

ભાવશ્રુત

से किं तं भावसुअं... (सूत्र ३८)

આગમ અને નોઆગમથી ભાવશ્રુત પણ બે પ્રકારે છે. આગમથી ભાવશ્રુત તેને કહેવાય છે કે, તીર્થંકર પરમાત્માના શ્રીમુખે પ્રરૂપિત શ્રુતજ્ઞાનનો જ્ઞાતા અને તેમાં મન વચન અને કાયાથી ઉપયોગી હોય. તે ભાવશ્રુત છે. તેમાં શ્રુતના ઉપયોગનો સદ્‌ભાવ હોવાથી આગમને આશ્રય કરી તે સાધક ભાવશ્રુતનો માલિક બનવા પામે છે. (૩૯)

જ્યારે નોઆગમથી ભાવશ્રુત, લૌકિક અને લોકોત્તર રૂપે બે પ્રકારે છે. (સૂ.૪૦)

से किं तं लोइअं नोआगमतो भावसुअं (સૂ.૪૧)

સમિતિ ગુપ્તિ રહિત મહાવ્રત વિનાના લૌકિક પંડિતોએ બનાવેલા ગ્રન્થો. તે લૌકિક કહેવાય છે તે કંઇ રીતે ?

अण्णाणिएहिं : અજ્ઞાનીઓએ બનાવેલા ગ્રન્થો
मिच्छदिट्ठीहिं મિથ્યાદર્શીઓએ બનાવેલા ગ્રન્થો.

લૌકિક શ્રુતને આપેલા બંને વિશેષણોને જરા વિસ્તારથી સમજી લઇએ.

૧) અજ્ઞાન એટલે જ્ઞાનનો સર્વથા અભાવ નહીં સમજવાનું કેમ કે નિગોદના જીવોને પણ જ્ઞાનનો અનન્તમો ભાગ તો ઉદ્‌ઘાટિત હોય જ છે, માટે **'कुत्सितं ज्ञानमज्ञानम्'** એટલે જેમાં સમ્યક્‌ત્વ, સમ્યગ્‌દર્શન ન હોય તેવા જીવોનું જ્ઞાન જ અજ્ઞાન કહેવાય છે. જેમા સંશય, વિપર્યય અને અનધ્યવસાય રહ્યા હોય તે જ્ઞાન નથી પણ અજ્ઞાન છે. કેમ કે આનાવડે કોઇ એકાદ પદાર્થનો પણ સમ્યગ્‌ બોધ થઇ શકે તેમ નથી ''લોક છે કે નહીં ?'' શાશ્વત છે કે આશાશ્વત ? તે સાદિ છે કે અનાદિ ? ઇત્યાદી તત્વોનો નિર્ણય લૌકિક ગ્રન્થકાર પોતેજ કરી શકતો નથી. ત્યારે તેવા ગ્રન્થો બીજાઓને સંશય વિનાના શી રીતે બનાવશે ? ''સંસાર શી રીતે બન્યો ?'' તેમાં પણ પૌરાણિકો એક મતે નિર્ણય કરી શક્યા નથી. આત્મા કેવો છે ? ક્યાં રહે છે ? સંસારમાં પરિભ્રમણ શા માટે કરે છે ? ભોગવાતાં કર્મોનો કર્તા આત્મા છે. કે નહીં ? ઇશ્વર આપણા સૌને માટે પૂજ્ય છે કે કુંભારની જેમ સંસારનો રચયિતા ? ઇત્યાદી અગણિત પ્રશ્નો તેમના શાસ્ત્રોમાં અણ ઉકેલ્યાજ પડી રહ્યા છે. અને તે ગ્રન્થોના ટીકાકારો પણ જૂદી જૂદી મતિકલ્પના થી જૂદી જૂદી દિશાઓમાં ભ્રમજ્ઞાન વધારતાં જ ગયા છે. માટે જ તે ગ્રન્થકાર સ્વયં સંશય શીલ હોય તો તેમના ગ્રન્થો બીજાઓને

સંશયવાળા કરશે ? કે સંશય વધારશે ? કે સંશયવિના ના કરશે ?

વિપર્યય જ્ઞાન વિપર્યય અર્થાત્ સંસારમાં વિદ્યમાન જડ ચેતન પદાર્થ જે સ્વરૂપે છે. તેનાથી વિપરીત માનવું તેને વિપર્યય કહે છે. આવો જ્ઞાની જયારે ચેતન સ્વરૂપ આત્માને જડ પાણીમાં ઉત્પન્ન થયેલા પરપોટા જેવો. કર્મોનો અકર્તા વિશ્વવ્યાપી માનીને બેઠો હોય, ત્યારે તેના બનાવેલા ગ્રન્થો સંહિતાઓ, સ્મૃતિઓ બીજાને સત્ય સ્વરૂપે આત્માનો ભાન શી રીતે કરાવશે ?

અનધ્યવસાય અનધ્યવસાય નો માલિક જ્ઞાની, જયારે પોતાનો, પોતાના કર્મોનો પણ નિશ્ચય કરી શકતો નથી, ત્યારે બીજાઓને તત્વોની સંખ્યા કેટલી ? તત્વ કોને કહેવું ? તેનું લક્ષણ શું ? સ્વયં કલ્પિત તત્વ સત્ય સ્વરૂપે તત્વ છે કે કેમ ? આવા બીજા અગણિત પ્રશ્નોનો ઉત્તર શી રીતે આપશે ? આનો નિર્ણય કોણ કરશે ? આ કારણે જ આ વિશેષણ મૂકવામાં આવ્યું

છે. તેમના રચેલા ગ્રન્થો પ્રકારાન્તરે પણ માનવને ઇશ્વર, અહિંસા,સંયમ, સદાચાર અને જ્ઞાન, વિજ્ઞાન પ્રત્યે સાચી શ્રદ્ધા કરાવી શક્યા નથી.

જગન્મિથ્યા, આ સૂત્ર ચાહે ગમે તેનું હોય તો પણ સંસારના સર્વથા અનપઢ અને પશુતુલ્ય માનવને પણ પૂછીએ કે જે સંસારમાં તૂં રહે છે તે કેવો છે ? ત્યારે તેનો જવાબ સાંભળવા જેવો છે, તે કહે છે કે હું નાનો હતો ત્યારે રમત ગમતમાં મને ઘણોજ આનન્દ આવતો હતો. પરણ્યો અને સંસારના વિલાસમાં મને અનહદ મજા પડી છે. છોકરા છૈયા થયા તેમને રમાડ્યા ખંભે બેસાડીને નાચ્યો, પછી વ્યાપાર કર્યો કમાયો અને ખાતા પીતા આનન્દની કોઇ સીમા રહી નથી આવા પ્રકારનો અનુભવો તો ગ્રન્થકારોને, ટીકારોને, ભણવાવાળાને ભણાવવાવાળા સૌ કોઇને થયો હશે ? થતો હશે ? આવી પરિસ્થિતિમાં સંસાને મિથ્યા શી રીતે માની શકાય ? માટે જ તેમના રચેલા ગ્રન્થો કેવી રીતે માન્ય થઇ શકશે ?

૨ બીજું વિશેષણ મિથ્યાદૃષ્ટિ મૂક્યું છે.

જે વસ્તુ પદાર્થ કે તત્વ જેવા સ્વરૂપે છે, તેનાથી ઉંધી રીતે એટલે કે અન્યથારૂપે જોવાની આદત હઠાગ્રહી કદાગ્રહી પૂર્વગ્રહીને હોય છે. માટે તેવાઓને મિથ્યાદૃષ્ટિ

કહ્યા છે. આવા મિથ્યાત્વના મૂળમાં અનન્તાનુબંધી કષાયોની હાજરી નકારી શકાતી નથી. ''**अनन्तान् भवान् अनुबध्नन्तीति अनन्तानुबन्धिन कषायाः** '' કષ એટલે સંસારના મૂળિયા જેનાથી દઢતમ થાય તે અનન્તાનુબંધી કષાય છે. આંખોની સામે જ્યારે ગાઢતમ ઘુમ્મસ આવી જાય છે. ત્યારે સારામાં સારી આંખો પણ જોઇ શકતી નથી. તેવી રીતે અનન્તાનુબંધી કષાયોમાં વર્તમાન જીવ પણ પોતાને, પરમેશ્વરને, સત્યતત્વને સમજવા જેટલી શક્તિ ગુમાવી બેઠો હોય છે, કેમ કે તે કષાયી છે, અને જે ઇન્દ્રિયોનો ગુલામ છે, તે પૂરા સંસારનો ગુલામ છે. ઇન્દ્રિયાધીન જીવન જીવનાર માનવ ઇન્દ્રિયોની ગુલામી નહીં છોડી શકયાને કારણે, જ્યારે ત્યારે પણ, ઇન્દ્રિયોના કામ ભોગોમાં તૃપ્ત ન થતાં. તેને ગમે ત્યારે પણ ''**कामात् क्रोधः संजायतेः**'' એટલે ફરી ફરીને પણ તે આત્માને કષાયાધીન બનવાનો અવસર આવશે. અનન્તાનુબંધી કષાયોની વિદ્યમાનતામાં તેઓ મિથ્યાત્વ નામના પ્રથમ ગુણ સ્થાનકમાંથી ક્યારેય ઉપર આવી શકવાના નથી. તો પછી જ્યારે પોતે જ તેવી સ્થિતિમાં હોય તો તેની લેખિની (કલમ) જીભ, વિચાર આદિમાં સમ્યક્ત્વ આવવાનો એકેય માર્ગ ઉઘાડો રહેતે નથી, ફળસ્વરૂપે તેમના લખેલા, બનાવેલા ગન્થોના કારણે જ આજનો ભારત દેશ અન્ધશ્રદ્ધા, હિંસા, દુરાચાર, શરાબ, અને

પરસ્ત્રિગમનમાં મસ્ત બનીને પોતાનો તથા સંસારનો પણ શત્રુ બનીને બેઠો છે. અને MAN ITS MAN ના ન્યાયને ચરિતાર્થ કરી રહ્યો છે. ઇન્દ્રિયોના ભોગવિલાસોમાં ફસાઇને કષાયાધીન બનેલો પંડિત, મહાપંડિત પોતાની મતિ કલ્પનામાં જે આવ્યું. તે જ તેમના ગ્રન્થોમાં ઉતરશે: આ કારણેજ ત્રીજુ વિશેષણ **''स्वच्छन्द बुद्धि विकल्पितं''** મૂકવામાં આવ્યું છે. તેમને બનાવેલા ગ્રન્થો નીચે મુજબ છે.

''મહાભારત, રામાયણ, ભીમાસુરરચિત ગ્રન્થ ચાણક્ય રચિત ગ્રન્થ, અથવા અર્થ શાસ્ત્ર ઘોટક નામનો ગ્રન્થ શકટ-ભદ્રિકા, કાપોસિક, નાગસૂક્ષ્મ કનકસપ્તતિ કામશાસ્ત્ર વૈશેષિકસૂત્ર, બુદ્ધનું ધર્મ શાસ્ત્ર કપિલનું સાંખ્યશાસ્ત્ર ચાર્વાકનો નાસ્તિકવાદ, ષષ્ઠિતંત્ર માઠર, પુરાણ વ્યાકરણ દશ્ય તથા શ્રવ્ય કાવ્ય વેદાન્ત આદિ શાસ્ત્રો, આગમત્વ વિનાના એટલા માટે છે કે તેમના બનાવનારા, અપૂર્ણજ્ઞાની અસંયમી અને હિંસક હતા. વેદોમાં હિંસક મંત્રોથી બકરા, ઘેટા, પાડા, બળદ, આદિચાર પગા, મુરઘા, તીતર આદિ બે પગા પશુઓનું બલિદાન દેવાય છે. અશ્વમેધ યજ્ઞમાં જીવતા ઘોડાઓને તથા નરમેધ યજ્ઞમાં બત્તીસ લક્ષણા બાળકોને હોમી દેવાય છે. કદાચ આ કારણે જ વેદાન્ત ધર્મના ચૂસ્ત ભકત દયાનન્દ સરસ્વતીજીએ પણ હિંસક

મંત્રોના વેદોને તથા પુરાણોના ગપ્પાઓને સર્વથા અપ્રામાણિક માન્યા છે.

લોક પ્રસિદ્ધિના કારણે તે સૂત્રોમાં આગમનો સદ્‌ભાવ છે અને અમુક ક્રિયાઓના વિધાનો હોવાથી નોઆગમતા પણ સિદ્ધ છે.

નો આગમ લોકોત્તર ભાવશ્રુત એટલે ?

જન્મ જરાઅને મૃત્યુને પુનઃપુનઃ આપનારા કર્મ કલેશોને જેમને તપશ્ચર્યારૂપી અગ્નિમાં બાળી નાખ્યા છે. માટે જ સંસારમાં સર્વોત્કૃષ્ટ અરિહંત પરમાત્માના શ્રીમુખથી પ્રસારિત બાર અંગ વાળું (દ્વાદશાંગ) અંગ પ્રવિષ્ટ આગમને લોકોત્તર ભાવશ્રુત કહેવાય છે.

તે અરિહંત પરમાત્માઓ કેવા હોય છે ?

૧) વિશ્વોપકારકીભૂત તીર્થંકૃત્કર્મ નિર્મિતિ:

સંસારના ચરાચર જીવોનું ઐકાન્તિક અને આત્યન્તિક કલ્યાણ મંગળ થાય તેવા આશય થી વીશસ્થાનક તપની ઉત્કૃષ્ટતમ આરાધનાથી તીર્થંકર નામગોત્ર જેમણે બાંધ્યુ છે અને ત્રીજા ભવે જેનો ઉદય થયો છે. તે તીર્થંકર પરમાત્મા અરિહંત કહેવાય છે. અનંત શક્તિ સમપન્ન જીવાત્માના

પ્રત્યેક પ્રદેશ સાથે ચોંટેલા. જ્ઞાના વરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાયરૂપ ઘાતિકર્મોનિ સમૂળ નાશ કર્યા પછી જ કેવળજ્ઞાનની પ્રાપ્તિ થતા. તીર્થંકરનામ કર્મનો ઉદય થાય છે, જે પુણ્યકર્મની ચરમસીમા કહેવાય છે. માટે જ

૨) **અસુરગરૂલ પરિવંદિય** :- અસુરો અને અસુરેન્દ્રો, સુવર્ણ કુમારો, અને તેમના ઇન્દ્રો, તથા ઇન્દ્રાણીઓ, પણ તે અરિહંત પરમાત્માના ચરણોને વંદે છે.

૩) **કિન્નરોરગનમંસિઅં** -કિન્નરો, વ્યંતરો, ગધર્વો અને તેમના ઇન્દ્રો તથા ઇન્દ્રાણીઓ પોતાના પ્રત્યેક શ્વાસમાં અરિહંત પરમાત્મા ને ભાવ નમસ્કાર કરે છે. અને દ્રવ્યસેવા માટે સદૈવ હાજર કહે છે.

૪) **દેવકોડિ સય સંથુઅં** - દેવઋદ્ધિના ભોગવટામાં પૂર્ણમસ્ત બનેલા છતાં પણ કેવળજ્ઞાન પ્રાપ્ત થયેલા તીર્થંકર પરમાત્માઓની દેશના સમયે સમવસરણની રચના સમયે તથા વિહાર દરમ્યાન ભૂતળપર રહેલા, કાંટા-કાંકરા પત્થર આદિને દૂર કરી સુગંધી પાણીનો છટકાવ કરતા કરોડોની સંખ્યામાં દેવો, દેવીઓ નતમસ્તકે પરમાત્માની સેવામાં ઉપસ્થિત જ રહ્યા હોય છે.

૫) **પંચમહાવ્રતની** ઉત્કૃષ્ઠતમ આરાધના દ્વારા

પાપદ્ધાનોને બંધ કરનારા, સમિતિ ગુપ્તિધર્મના આરાધક બની ઘણી ઘણી લબ્ધિઓને પ્રાપ્ત થયેલા મનઃપર્યવજ્ઞાન અવધિજ્ઞાન તથા શ્રુત કેવળીની લબ્ધિ તથા જંઘાચારણ વિદ્યાચરણની લબ્ધિ વડે ગગનગામિની વિદ્યાના બળે આકાશમાં વિહાર કરનારા, ઉત્કૃષ્ટતમ તપશ્ચર્યા થી જેમના હાડકા માંસ અને લોહી પણ સુકાઇ ગયા છે. તેવા મુનિરાજે પણ અરિહંત પરમાત્માની સેવામાં, સવિનય સવિવેક અને સપ્રેમ રહેવામાં પોતાનું કલ્યાણ સમજે છે.

૬) **વિબુહાહિવ** - ચક્રવર્તીઓની તથા વાસુદેવોની સમ્પૂર્ણ શક્તિઓને આંખના પલકારે નેસ્તનાબુદ કરનારા ૬૪,ઇન્દ્રો તથા ઇન્દ્રાણીઓ, ચામર છત્ર લઇ પ્રભુની સેવા કરે છે.

૭) **ધણવઇ** - અગણિત સંપત્તિના માલિક કુબેરદેવ તથા આનંદ કામદેવ આદિ ક્રોડાધિપતિઓ પણ પ્રભુની સેવામાં હાજર રહી પોતાના જીવનને ધન્ય માનનારા હતાં.

૮) **નરવઇ** -એટલે પૃથ્વીના છખંડ ઉપર આધિપત્ય ધરાવનારા, બહોતેર હજાર શહેરો જેના તાબામાં છે. છત્રીસ હજાર મુગટ બંધી રાજાઓના સ્વામી ચૌદરત્નો

અને નવે નિધાનના સ્વામી, જેમની પાસે ચોરાશી લાખ ઘોડા, હાથી અને રથો છે, છન્નુ કરોડ ગામના અધિપતિ એવા ચક્રવર્તી રાજાઓ પણ અને ત્રણ ખંડના સ્વામી વાસુદેવો, પ્રતિ વાસુદેવો અને બલદેવો પણ જે પરમાત્માની સેવા ચાહનારા છે. ઉપરોકત સેવકો દ્વારા જે સેવ્ય છે, પૂજય છે, આરાધ્ય છે. વંદનીય છે. તે અરિહંત પરમાત્મા જ દેવાધિદેવ છે.

અરિહંતો પણ સામાન્ય કેવળી અને તીર્થંકર પદ પ્રાપ્ત કેવળી રૂપે બે પ્રકારે છે; તેમાં સર્વથા અદ્વિતીય અતિશયો થી પૂર્ણ તીર્થંકર પરમાત્માઓના ઉપદિષ્ટ આગમો જ ભાવશ્રુત છે.

સમસ્ત ઐશ્વર્ય, નિરૂપમ રૂપરાશિ તથા યશ અને સૌભાગ્યના સ્વામી, તીર્થંકર પરમાત્મા હોય છે. આવા તીર્થંકરો જન્મતાંજ કેવળજ્ઞાન ના માલિક હોતા નથી. પરન્તુ દેવગતિ અથવા નરક ગતિનો ત્યાગ કરી ઉત્તમ રાજવંશમા જન્મેલી માતાની કુક્ષિમાં અવતરિત થઇ નવ મહિના ત્યાં રહે છે. જન્મે છે, મોટા થાય છે, અને ભોગાવલી કર્મની સત્તા હોય તો પરણે છે અને પુત્રો પણ થાય છે, જયારે તે કર્મો સત્તામાંથી ખરી ગાય છે. ત્યારેઈ ઉત્કૃષ્ટ વૈરાગ્ય પૂર્વક, સંસારની સમ્પૂર્ણ માયાનો ત્યાગ કરીને નિર્મત્વ મૂલક સંયમ -સમિતિ ગુપ્તિ ધર્મનો સ્વીકાર કરે છે, ત્યાર

પછી તપશ્ચર્યા રૂપી અગ્નિમાં જન્મ જન્માન્તરના કરેલા યાતિ કર્મોનો ક્ષય કરી કેવળજ્ઞાનની જ્યોત પ્રગટ કરે છે. સર્વથા નિશ્ચલ દેવેન્દ્રોના સિંહાસન કંપાયમાન થતાં કરોડોની સંખ્યામાં દેવો, દેવેન્દ્રો આવે છે. કેવળજ્ઞાનનો મહોત્સવ કરે છે, સમવસરણમાં બિરાજમાન થાય છે. અને સંઘની સ્થાપના કરે છે. આવી રીતના ભગવંત પદના સમ્પૂર્ણ ગુણોને ધારણ કરનારા તીર્થંકર પરમાત્મા જ હોય છે.

(૯) સર્વજ્ઞ - કેવળજ્ઞાનના માલિક હોવાથી જીવમાત્રના ભૂતકાળ વર્તમાનકાળ અને ભવિષ્યકાળના ભાવોને, કર્મોને, કર્મોના ફળોને **'करामलकवद्विश्वं कलयन् केवलश्रिया'** પ્રત્યક્ષ જાણવાવાળા હોય છે.

જેમણે ભૂતકાળનું અને ભવિષ્યકાળનું જ્ઞાન નથી. તથા એકાન્તે ક્ષણિકવાદ કે નિત્યવાદને માનનારા હર હાલતમાં પણ સર્વજ્ઞ વિશેષણથી વિશેષિત થતા નથી. કારણ કે સંસારનો એક પણ પદાર્થ સર્વથા ક્ષણિક કે નિત્ય છે જ નહી, જેમ કે :-

આકાશ પણ ઘટાકાશ કે પટાકાશરૂપે બે ભેદે છે. જીવ પણ દ્રવ્ય અને પર્યાયરૂપે બે ભેદે છે. પૃથ્વી આદિ પદાર્થો પણ નિત્ય અને અનિત્યરૂપે બે પ્રકારે

છે.

ઘટાદિ પદાર્થો પણ નિત્ય અને અનિત્યરૂપે બે પ્રકારે છે. એકાંત, નિત્યવાદ અને ક્ષણિકવાદના વદનારા પોતે પણ કયારેય નિત્ય કે ક્ષણિક પણ ન હતાં. બુદ્ધ પણ સંસારમાં લાંબા કાળ સુધી જીવતાં રહ્યાં અને બાળત્વ, યૌવનત્વ અને વૃદ્ધત્વ *અવસ્થાને પ્રાપ્ત થયેલા છે. આ પ્રમાણે બુદ્ધદેવ* પોતે શ્રણિક ન હતાં તો પછી તેમની ક્ષણિકવાદની માન્યતા સત્ય શી રીતે હોઈ શકશે ? આ કારણે જ અનેકાન્તવાદ અમર છે.

(૧૦)સર્વદર્શી - ૮૪ લાખ જીવાયોનિના જીવોમાંથી પર,લાખ જીવાયોનિના જીવો, જેમાં પૃથ્વી પાણી, અગ્નિ, વાયુ તથા વનસ્પતિ નામે ચાર એકેન્દ્રિય યોનિમાં અનંતાનન્ત જીવોને કેવળજ્ઞાની પ્રત્યક્ષકરે છે અને કેવળદર્શી પોતાના કેવળદર્શન વડે જુએ છે. ત્યાં રહેલા સાધારણ વનસ્પતિમાં અનન્તાનન્ત અને શેષમાં અસંખ્યાત જીવોને પોતાના નિકૃષ્ટતમ પાપોના કારણે કર્મોના ફળોને ભોગવે છે. ફરી ફરીથી કર્મોને બાંધે છે. આ બધી વાતોને જાણનારા કેવળી ભગવંત સિવાય બીજાને માટે તેવી જાણકારી સર્વથા અશકય છે. આવી રીતના ભૂતકાળના ભાવોને કોઈ

તપસ્વી વિશેષ કે પ્રતિભા સમ્પન્ન પણ કદાચ જાણી શકે છે. તો પણ તેઓ કેવળજ્ઞાનના માલિક ન હોવાના કારણે સ્પષ્ટ અને સત્યસ્વરૂપે જોઈ શકતા નથી. માટે તેઓ ભગવંત તીર્થંકર પદને પ્રાપ્ત કરી શકતા નથી. માટે જ કેવળજ્ઞાન અને કેવળદર્શન સર્વોત્કૃષ્ટ જ્ઞાન છે. જેઓની પાસે આવું જ્ઞાન ન હોય તેઓ ભગવંત, સર્વજ્ઞ પરમાત્મા આદિ શબ્દોને સાર્થક પણ કરી શકતા નથી. માટે અરિહંત પરમાત્મા જ સર્વજ્ઞ **(सर्व लोकान्तवर्ति वस्तुमात्रं जानातीति सर्वज्ञः)** **सर्वदर्शी (लोकान्तवर्ति वस्तुमात्रं पश्यतीति सर्वदर्शी)** હોય છે.

(૧૧) **तिलुक्कवहियमहिये** -

એટલે અધોલોક, મધ્યલોક અને ઉર્ધ્વલોકમાં રહેલા દેવો, દેવીઓ, ઈન્દ્રો-ઈન્દ્રાણીઓ જ્યોતિષ દેવોના સૂર્યઈન્દ્ર અને ચન્દ્રઈન્દ્ર દેવોને જ્યારે પોતાના અવધિજ્ઞાન વડે તીર્થંકર પરમાત્માઓને તથા તેમના સમવસરણને જુએ છે ત્યારે અમન્દ આનંદ વડે તેમની આંખો હર્ષના આસુઓથી ભીની થાય છે. હૈયામાં, મનમાં અને છેવટે તેમના આત્માઓ પણ હર્ષ પૂર્ણ થઇને. દેવલોકના સ્વર્ગીય સુખોને પણ તુચ્છ સમજે છે, તૃણ સમાન સમજે છે. અભૂતપૂર્વ ઋદ્ધિ-સમૃદ્ધિ પણ સંસાર કારાવાસ માટે બેડી સમાન લાગે છે. અને

પોતાના વિમાનો છોડી નાચતા-કૂદતા તીર્થંકર પરમાત્માઓની સુગન્ધી પુષ્પો વડે, સુગન્ધી જળ વડે, ધૂપ વડે મંગળદીપ વડે, દ્રવ્ય પૂજા કરે છે. અને પરમાત્માના સાધારણ ગુણો તથા અતિશયોથી ગર્ભિત ભાવ પૂજા કરી પોતાની જાતને ધન્ય ધન્ય માને છે.

મનુષ્ય લોકના માનવોની જેમ દેવો પણ પોત પોતાની દેવીઓથી યુકત હોય છે. અગણિત પુણ્યકર્મી હોવાથી, પોતાની મોજ મજા માટે વાવડીઓમાં સ્નાન-જળ ક્રિડા, ઉદ્યાનમાં ફરવું ફરવું તેમજ દેવીઓની સાથે ગમે ત્યા જઇ, પોતાની વૈક્રિય લબ્ધિ વડે વિમાનની રચના કરી. ભોગ વિલાસોમાં પૂર્ણ મસ્ત હોય છે. તેઓ આ પ્રમાણે વિચારે પણ છે. કે: આપણે બધાય સંસારી જીવો હોવાથી, શરીર શણગાર માટે અગણિત આરંભ સમારંભ કરતા હોઇએ છીએ. તો પછી તેવા ઉત્તમ પદાર્થોથી એટલે ઉત્તમોત્તમ તીર્થસ્થાનોના, ક્ષીર સુમદ્રના, તેમજ તેવા પ્રકારના નદી નદ અને કુંડોના પાણી વડે પરમાત્માઓ, જાણે આજે જ જન્મ્યા છે. તેવી કલ્પના કરી. અભિષેક કરીએ તો તેનાથી બીજે ઉત્તમોત્તમ ધર્મ શું હોઇ શકે ? અને જળ વડે અભિષેક પૂજા, કેશર, બરાસ, કસ્તૂરી અને સુખડ (ચન્દન) મિશ્રિત પદાર્થોથી અંગવિલેપન આદિ સત્કાર્યો, પુણ્યકાર્યો અત્યન્ત શ્રદ્ધાથી કરે છે, નૃત્યપૂજા નાટક પૂજા આદિ પણ કરે છે. અને છેવટે 'નમુત્થુણં' સ્તોત્ર વડે પરમાત્માનું ગુણોત્કીર્તન

કરી આનંદ વિભોર બને છે.

તેવી રીતે ગૃહસ્થાશ્રમમાં રહેલા ગૃહસ્થો પણ જયારે પોતાનું સમ્પૂર્ણ જીવન આરંભ સમારંભના કાદવમાં ગળેડુબ થયેલું છે. જેમકે પોતાના વ્યાપાર માટે ગમે તેવા કાવા દાવા કરે છે. અનાજના વ્યાપારીઓ લાખો-કરોડો ઘાનેરા ઇયલો આદિ જીવોને મોતના ઘાટે ઉતારે છે. ભેલસેલમાં નીતિ ન્યાયના ધોરણોને ફગાવી દે છે. કામ ક્રીડામાં મસ્ત બનીને ગમે તેવા શૃંગારો અને કામસેવા માટે ગમે તેવા અભક્ષ્ય અનન્ત કાય તથા કોડલીવર ઓઇલ જેવા પ્રાણીજ પદાર્થો અને છેવટે બે બે વર્ષે એકાદ છોકરાને જન્મ દેતાં પાપનો વિચાર થતો નથી. ગંદી હલકટ અને ઢેંડ -ભંગીને પણ શરમાવે તેવી ભાષાઓ બોલે છે. વ્યાજ વટામાં હડહડતું જૂઠ બોલે છે આદિમાં પાપની ભાવનાનો ખ્યાલ પણ રહેતો નથી, તો પછી પરમાત્માની પૂજામાં પવિત્ર ભાવે, ત્યાગ ભાવે અને આપણામાં પણ અરિહંતપદનું બીજારોપણ થાય તેવી શ્રદ્ધાથી આવેલા પદાર્થોમાંથી સાવ થોડા પદાર્થો થી અરિહંત પરમાત્માનું પૂજન કરવામાં વાધો કયાં આવે એમ છે ? માટે તેવા ઉત્તમોત્તમ અનુષ્ઠાનોમાં પાપની કલ્પના કરવી અને અગણિત પાપોમાં રહ્યા પચ્ચા, ભોલા ભાલા શ્રદ્ધાલુ ગૃહસ્થોને પૂજા-પાઠથી દૂર કરવામાં કદાચ જ્ઞાનનું અજીર્ણજ કામ કરતું હશે ?

अपडिहय वरणाणदंसण धरेहिं

આવરણીય કર્મો ક્ષય થવાથી અપ્રતિહત એટલે મૂર્ત (પૌદ્ગલિક પદાર્થો)ના જ્ઞાનમાં અમૂર્ત (જીવાત્માઓ) નાજ્ઞાનમાં સર્વથા અસ્ખલિત, માટેજ સર્વ શ્રેષ્ઠ, કેવળજ્ઞાન અને કેવળ દર્શન લક્ષણથી લક્ષિત જ્ઞાન દર્શનને ધારણ કરનારા તીર્થંકર દેવો સમવસરણમાં બિરાજમાન થઇ જે દેશના આવે છે, તેને ગણધર ભગવંતો શબ્દોમાં ગૂંથે છે: તે દ્વાદશાંગી છે.

આવું કેવળજ્ઞાન સહજ સિદ્ધ હોતું નથી. પણ પ્રચંડ પુરુષાર્થથી મોહનીય કર્મનો સંપૂર્ણ ક્ષય કર્યા પછી જ આ જ્ઞાન ઉત્પન્ન થાય છે. અવધિજ્ઞાનની જેમ. જેની ઉત્પતિ છે તેનો નાશ પણ સંભવી શકે છે, માટે અપડિહય વિશેષણ મૂકવામાં આવ્યું છે. કેમ કે અવધિજ્ઞાન થયાં પછી પણ અવધિજ્ઞાનાવરણીય કર્મોની સત્તા જીવનાપ્રદેશમાં વિદ્યમાન હોવાથી અવધિજ્ઞાન નાશ પામી શકે છે. જયારે કેવળજ્ઞાનાવણીય કર્મોનો ક્ષયોપશમ થતો નથી પણ, જયારે થાય છે ત્યારે ક્ષય જ થાય છે. મતિજ્ઞાનાદિ ચાર જ્ઞાન ક્ષયોપશમથી થતાં હોવાથી તેમાં વધ-ઘટ થાય છે. તેમજ ચાલ્યા પણ જાય છે. તેથી અપડિહય (અપ્રતિહત) આ વિશેષણ માત્ર કેવલજ્ઞાન કેવલ દર્શનને ઘટે છે. માટે કેવળજ્ઞાન કયારેય પણ હાથતાલી દેતા નથી.

તીર્થંકર પરમાત્માઓ સશરીરી અને

સાકારાવસ્થાવાન છે. દાઢ કાડી નાખેલા સર્પની જેમ નામ-ગોત્ર વેદનીય અને આયુષ્ય કર્મો શેષ હોવાથી નામ કર્મના કારણે. તેમને શરીરની વિદ્યયમાનતા છે. અને શરીર છે. તો મૂખ પણ છે. તેમજ ભાષાના પુદ્ગલો પણ શેષ રહેલા હોવાથી. તે પરમાત્માઓ પોતાના શ્રીમુખે જ દેશના આપે છે. અને સૌ ભાગ્યશાળીઓ વચના તિશના કારણે પોત પોતાની ભાષામાં સમજી જાય છે.

મનુષ્ય શરીરમાં બાર અંગો હોય છે. તેવી રીતે જૈનાગમ પણ દ્વાદશાંગ કહેવાય છે. તે આ પ્રમાણે.:-

આચારંગ, સૂત્રકૃતાંગ સ્થાનાંગ, સમવાય, વિવાહ પન્નતિ, જ્ઞાતાધર્મ કથા, ઉપાસક દશાંગ, અન્તકૃત દશાંગ, અનુત્તરોપાત દશાંગ, પ્રશ્નવ્યાકરણ, વિપાક સૂત્ર અને દષ્ટિવાદ

આ બધાય આગમથી લોકોત્તરિક ભાવશ્રુત છે. તેમ છતાં તેમાં ચરણ ગુણનું પણ પ્રતિપાદન હોવાથી નોઆગમ પણ કહ્યું છે.

શ્રુત શબ્દના પર્યાયો

'तस्सणं इमे एगट्ठिआ) (સૂત્ર ૪૩)

આવશ્યક શબ્દની જેમ શ્રુત શબ્દના પણ પર્યાયો એટલે એકાર્થક શબ્દો આ પ્રમાણે છે :-

ગુરૂ ભગવંતો પાસે સાંભળવું તે શ્રુત કહેવાય છે.

અર્થોનું સૂચક હોવાથી સૂત્ર કહેવાય છે.

તીર્થંકર પરમાત્માઓના વચનનો સમૂહ હોવાથી ગ્રન્થ.

પ્રમાણ પ્રતિષ્ઠિત અર્થને પ્રમાણમાં મૂકે તે સિદ્ધાન્ત

મિથ્યાત્વ, અવિરતિ અને કષાયાદિ પ્રમાદી જીવો પર શાસન કરતું હોવાથી શાસન.

સર્વ શ્રેષ્ઠ, પ્રધાન વચન જેમાં હોય, તે પ્રવચન

મોક્ષને માટે જ આજ્ઞા આપે - તે આજ્ઞા

હિતની પ્રવૃતિ, અહિતની નિવૃત્તિનો ઉપદેશક હોય તે ઉપદેશ કહેવાય છે.

જીવાદિનું યથાર્થજ્ઞાન કરાવનાર હોવાથી- પ્રજ્ઞાપના

આચાર્ય પરમ્પરાથી આવેલ હોય તે આગમ. ઉપરોકતરીત્યા શ્રુત શબ્દનો નિક્ષેપ પૂર્ણ થયો.

★★★★

આવશ્યક શ્રુત સ્કંધ

પ્રતિજ્ઞાનુસારે આવશ્યક અને સૂત્રનો નિક્ષેપો કહેવાઇ ગયા પછી, ક્રમાગત સ્કન્ધનો નિક્ષેપ કરવાનો અવસર પ્રાપ્ત થતાં સૌ પ્રથમ એટલું જાણી લેવાનું કે વિશેષ વક્તવ્ય વિના શેષ વાતો આવશ્યક નિક્ષેપની માફક જાણી લેવી.

શિષ્યના જવાબમાં સૂત્રકાર ફરમાવે છે કે ના. સ્કન્ધ, સ્થાપના સ્કંધ, દ્રવ્યસ્કન્ધ, અને ભાવસ્કંધ રૂપે સ્કન્ધના ચાર ભેદ છે, તેમાં નામ અને સ્થાપના માટે પૂર્વની જેમ સમજી લેવું, દ્રવ્ય સ્કન્ધ આગમ અને નોઆગમ રૂપે બે પ્રકારે છે. જ્ઞશરીર અને ભવ્ય શરીર થી વ્યતિરિકત દ્રવ્ય સ્કન્ધના ત્રણ પ્રકાર છે. સચિત સ્કન્ધ, અચિત્ત સ્કન્ધ અને મિશ્રસ્કન્ધ (સૂત્ર ૪૬)

જેમાં ઘણા પુદ્ગલ પરમાણુઓ ભેગા મલ્યા છે. તેને સ્કન્ધ કહેવાય છે, સંઘટ્ટન અને વિઘટ્ટન થવાનો ધર્મ પુદ્ગલમાં જ હોય છે. સંઘાતમાંથી છુટા પડતા પડતા કેવળ એક પરમાણું શેષ રહી શકે છે. અને પાછા એક માં બીજો, ત્રીજો યાવત્ સંખ્યાત અસંખ્યાત અને અનંત પરમાણું મળતા પાછો સ્કન્ધ બને છે. આમાં પણ અપેક્ષા કૃત નાના મોટા આકારો થઇ જાય છે. ત્યારે નાનાની અપેક્ષાએ મોટો સ્કન્ધ અને મોટાની અપેક્ષાએ નાનો સ્કન્ધ વ્યવહારમાં બોલાય છે, જેમ આપણા શરીરમાં રહેલું નાક અનન્ત પરમાણુંઓથી બનેલો સ્કન્ધ છે. તેના કરતા મોઢાનો સ્કન્ધ મોટો, તેના કરતા પૂરા શરીરનો સ્કન્ધ મોઢાના સ્કન્ધ કરતા ઘણો મોટો સ્કન્ધ કહેવાય છે.

જડ (પુદ્ગલ) અને ચેતન (જીવ) નું મિશ્રણ જ સંસાર છે. અને તેનું સંચાલન પણ આ બે દ્રવ્યોને જ આભારી છે. જીવમાં જેમ અનન્ત શકિત છે તેમ પુદ્ગલોમાં

પણ અનન્ત શક્તિ રહેલી છે. જેના કારણે સંસારના કાર્યોમાં ક્યાંય ગરબડ નથી, તેમ અવ્યવસ્થા પણ નથી, ચૈતન્ય સમ્પન્ન જીવમાં સ્પર્શ રસ, ગન્ધ અને વર્ણ નથી, જ્યારે પુદ્ગલોમાં આ ચારે ધર્મો રહેલા છે. દેવ-મનુષ્ય-નારક અને તિર્યંચમાં જે સ્પર્શાદિ દેખાય છે. તે તેના શરીર સાથે સંબંધિત છે. અને શરીર, ઇન્દ્રિયો, મન અને પાપ ભાવના અને ચેષ્ટાના કારણે ઉત્પન્ન થયેલી દુર્બુદ્ધિ પણ પૌદ્ગલિક હોવાથી જડ છે.

સ્કન્ધ અને અણુ (પરમાણું) રૂપે પુદ્ગલના બે પ્રકાર છે. સ્કન્ધરૂપ કાર્યને માટે અણુ કારણ સ્વરૂપ છે. જેનો બીજો ભાગ ન થઇ શકે. તેથી તે આદિમાં, અન્તમાં અને મધ્યમાં નથી, કેમ કે ત્રણરાશિમાં આદિ મધ્ય અને અન્તની કલ્પના સંભવી શકે છે, જ્યારે પરમાણું સૂક્ષ્મ છે, નિત્ય છે માટે તેનો વિભાગ શક્ય નથી, તેમ છતાં પૌદ્ગલિક હોવાથી તેમાં એક રસ, એક ગન્ધ, વર્ણમાંથી એક અને બે સ્પર્શ કહ્યાં છે, સ્પર્શમાં પણ સ્નિગ્ધ કે રૂક્ષમાંથી એક જાણવાનું છે. એક પરમાણુંને બીજો પરમાણું મળે, ત્રીજો મળે, યાવત્ અનન્ત અણુઓ મળે ત્યારે, પરસ્પર ચૌટેલા પરમાણુઓનો સમૂહ જ સ્કન્ધ કહેવાય છે. મોટા સ્કન્ધમાં પાછો ભેદથાય એટલે કે ઘસડાતા, પછડાતા, તૂટતા, અથવા પ્રાયોગિક કરણે ટૂકડે ટૂકડા થતાં પરમાણુ રૂપે પણ બની શકે છે, આ ભેદ અને સંઘાત બંને સાથે થાય ત્યારે અપેક્ષા

કૃત આ નાનો, આ મોટો આવા નામે વ્યવહૃત થાય છે.

પુદ્‌ગલ દ્રવ્ય કોઇ કાળે એકાન્ત નિત્ય નથી. પણ પરિણામી નિત્ય છે. આકાશ જેવા તત્વને પણ એકાન્તે નિત્ય માનવામાં તાર્કિકોના વિરોધ સામે આવશે. કેમ કે તેઓ પોતે પણ ઘટાકાશ, પટાકાશ આદિની કલ્પનામાં વિરોધી નથી. મતલબ કે એકાન્ત નિત્ય કે એકાન્ત ક્ષણિક નામનો પદાર્થ સંસારમાં છે જ નહીં, જીવાત્માને પણ એકાન્તે નિત્ય માનતાં આ માનવ, આ દેવ, આ નારક, આ દેડકો, ઘોડો કૂતરો, વાઘ આદિનો વ્યવહાર જે સર્વથા સત્ય સ્વરૂપે છે. તેનો લોપ થતા વ્યવહાને વાંધો આવતા વાર લાગશે નહી, સિદ્ધશિલામાં વિરાજમાન થયેલા જીવો ને છોડી બીજે એકેય જીવ પુદ્‌ગલોના સંગ વિનાનો છે જ નહીં, ગોત્યો પણ જડે તેમ નથી. શરીર પગ, હાથ, નખ, નાક, આંખ, કાન, વાળ આદિ પૌદ્‌ગલિક છે. જેનો સંગ્રહ કર્યા વિના કોઇ પણ જીવ પોતાના ઉપાર્જન કરેલા પુણ્ય પાપોને શી રીતે ભોગવશે ?

સારાંશ કે જીવ પણ નિત્ય નથી પણ પરિણામી નિત્ય છે, ત્યારે જ તેમાં પરિણામો થતાં રહે છે. સ્કન્ધો પણ પૌદ્‌ગલિક હોવાના કારણે તેમાં રહેલા પરમાણુઓની ઘટ-વધ પ્રતિ સમયે થતી રહે છે. ચર્મચક્ષુઓના માલિકોથી ન ગણી શકાય તેટલા પરમાણુઓથી સ્કન્ધ બને છે. મતલબ કે સ્કન્ધમાત્ર પૌદ્‌ગલિક હોવાથી જડ છે. સર્વથા ચૈત્યન્ય

સ્વરૂપી આત્મા અનાદિ કાળથી પુદ્ગલોનો સંગી હોવાથી તેને કદાચિત્ પુદ્ગલ પણ કહી શકાય છે. પણ તે મૂળ સ્વરૂપે તો ચૈતન્ય જ છે.

'से किं तं सच्चित्ते दव्वरवंधे ? अणेगविहे पण्णते (સૂત્ર ૪૭)

સચિત દ્રવ્ય સ્કન્ધ અનેક પ્રકારે કહેવાયું છે. જેમ કે હયસ્કન્ધ, ગજ સ્કન્ધ, કિન્નર સ્કન્ધ, કિંપુરિષ સ્કન્ધ, મહોરગ સ્કન્ધ, ગંધર્વ સ્કન્ધ, વૃષભસ્કન્ધ ઇત્યાદિ

સચિત શબ્દમાં 'સત્ અને ચિત્ત' શબ્દ છે, ચિત્તનો અર્થ જેમાં જ્ઞાન હોય તે ચિત્ત, ચિત્ત્ મન વિજ્ઞાન કહેવાય છે. કેમ કે મન-જ્ઞાન-વિજ્ઞાન જડ પદાર્થમાં હોતા નથી. રેલગાડીના એન્જીનમાં કે પ્લેનના એન્જીનમાં પછી ભલે તે હજારો-લાખો ટન માલની હેરફેર કરી શકતા હોય, તો પણ તે જડ છે. માટે જ આગળના પાટા ઉખડી ગયા છે કે, પુલ તૂટી ગયું છે. તેની ખબર ડ્રાઇવરને પડે છે પણ એન્જીનને રતિમાત્ર ખબર પડતી નથી. તે આપણે સૌ કોઇ અનુભવીએ છીએ. હય એટલે ઘોડો. તે વિશિષ્ટ પ્રકારના પરિણામમાં પરિણીત હોવાથી હયસ્કન્ધ કહેવાય છે. ગજ એટલે હાથી, વૃષભ એટલે બળદ આ પ્રકારે કિન્નર, કિંપુરિસ, મહોરગ, ગન્ધર્વ આ ચારે વ્યન્તર દેવો છે.

ગૃહિત શરીરની સાથે જીવોનો અમુક રૂપે અભેદ છે.

માટે સ્કન્ધ જડ હોવા છતાં હય સ્કન્ધાદિ કહેવાય છે. જીવના અ સંખ્યાત પ્રદેશો જૈન શાસને માન્ય રાખ્યા છે. તેથી તે પ્રદેશોના પ્રચયરૂપે પણ જીવમાં સ્કન્ધપણુ ઘટિત થાય છે.

આ સૂત્રમાં ઉદાહરણ રૂપે એકજ હયસ્કન્ધ મૂકવાથી પણ સૂત્રનું તાત્પર્ય સમજી શકાય તેમ છે. તો પછી હાથી, ઘોડો, બળદ અને કિન્નર આદિ આટલા બધા શબ્દો શા માટે મૂક્યા ? જવાબમાં જણવાનું કે: જયાં ચેતનતા દેખાય તે બધાય જીવો છે. અને 'પુઢોસત્તા' સૂત્રાનુંસારે તે બધાય જીવો સર્વથા પૃથક છે, તેમના કર્મો, કર્મોના ફળો, ગતિઓ, આગતિઓ પણ જૂદા જૂદા છે. માટે સૂક્ષ્મ નિગોદના જીવોથી ઇન્દ્ર મહારાજ સુધીના અનન્તાનન્ત શરીરો, તેના આકારો, તેના રૂપરંગો, તેની ચેષ્ટાઓ, સ્વભાવો, ખોરાક, રહેણી કરણી, પણ જૂદા જૂદા છે. તે સ્પષ્ટ પ્રત્યક્ષ સગી આંખે, એક સબારી જેવા અનપઢ માનવને પણ દેખાય છે. તે શરીર ચાલતા ફરતા. નાના મોટા દેખાય છે. તો તેમાં એક એક જીવ અવતરિત થયેલો જ છે. આટલી બધી વાતો પ્રત્યક્ષ દેખાઇ રહી છે. અનુભવાઇ રહી છે. ત્યારે 'આખા સંસારમાં એકજ આત્મા છે.' આવા પ્રકારની આત્મા દ્વૈતવાદીઓની માન્યતા શી રીતે સત્ય હોઇ શકશે ? તેઓ કહે છે કે, આકાશમાં ચન્દ્રમાં એકજ છે, પણ જૂદા જૂદા પાણીના ભરેલા વાસણોમાં ચંદ્ર જેમ જૂદો દેખાય છે, તે રીતે જૂદા જૂદા

શરીરોમાં પણ આત્મા એકજ છે.

જવાબમમાં જણવાનું કે, આકાશમાં સૌ કોઇને ચન્દ્ર એકજ દેખાય છે. અને સૌ કોઇ અનુભવી શકે છે. તો તેના પ્રતિબિંબો પણ એક સમાન જ દેખાય છે, તેવી રીતે આત્મા એકજ હોય તો સૌ કોઇના શરીરો, જાતિઓ, રૂપરંગો અને સ્વભાવો પણ એક સમાન દેખાવા જોઇએ. પણ તેવું કોઇને પણ અનુભવ નથી એક માનવ શ્રીમંત છે અને પોતાના રંગ મહેલમાં મોજ મજા કરે છે. તો તે જ સમયે બીજા માણસોને સુખ મળવું જોઇએ ને ? પણ આવું કોઇએ દેખ્યું નથી, દેખશે પણ નહીં માટે અનન્તાનન્ત શરીરોમાં રહેલા આત્માઓ પણ અનન્તાનન્ત છે. અને સ્વયંકૃત પાપ પુણ્યોના ફળોને ભોગવી રહ્યા છે. આ વાતને સિદ્ધ કરવા માટે જ સૂત્રમાં હ્યસ્કન્ધાદિ શબ્દો મૂક્યા છે. (સૂ. ૪૭)

આવી રીતે અચિત્ત દ્રવ્ય સ્કન્ધ પણ અનેક પ્રકારે છે. જેમ કે: દ્વયધિક ગુણ વધારે એક પરમાણુ રૂક્ષ છે, અને બીજો પરમાણુ સ્નિગ્ધ હોય ત્યારે એકમાં બીજો જોડાય છે અને દ્વિપ્રદેશિક સ્કન્ધ બને છે. આ રીતે ત્રિપ્રદેશિક યાવત્ હજાર લાખ, કરોડ, સંખ્યાત અસંખ્યાત અને અનન્ત પરમાણું ભેગા થઇ બનેલા સ્કન્ધો પણ અનન્ત છે, તે બધાય અચિત્ત છે. એટલે જડ છે. (સૂ.૪૮)

મિશ્ર દ્રવ્ય સ્કન્ધ પણ અનેક પ્રકારે છે. જેમ કે સેનાનો અગ્રિમ સ્કન્ધ, મધ્ય સ્કન્ધ અને છેવટનો સ્કન્ધ

તે મિશ્ર દ્રવ્ય સ્કન્ધ છે. (સૂ.૪૯)

આમાં પણ સૌ થી આગળ ચાલનારી સેના અગ્રિમ કહેવાય છે; વચ્ચે ચાલનારી મધ્ય અને છેવટે ચાલનારી અન્તિમ કહેવાય છે. આમાં, હાથી ઘોડા અને પગે ચાલનારી સેના સચિત્ત છે. જયારે ભાલા તલવાર, બંદુક, છરા, બાણ આદિ અચેતન છે. માટે જીવ - અજીવનું મિશ્રણ હોવાથી મિશ્ર દ્રવ્ય સ્કન્ધ છે. (સૂ-૫૦)

અથવા તદ્વ્યતિરિક્ત દ્રવ્ય સ્કન્ધ બીજી રીતે પણ ત્રણ પ્રકારે છે. કૃત્સ્ન, અકૃત્સ્ન અને અનેક દ્રવ્યસ્કન્ધ તેમાં હયસ્કન્ધ, ગજસ્કન્ધ આદિ કૃત્સ્ન દ્રવ્યસ્કન્ધ છે. આના પહેલા સચિત્ત સ્કન્ધમાં તેનો અધિકાર હોવાથી તથા તે અસંભિત છતાં પણ બુદ્ધિ કલ્પનાથી જીવો કહ્યા હતાં, પણ અહિં તો જીવ અધિષ્ઠિત શરીરાવયવ લક્ષણમાં કૃત્સ્ન સ્કન્ધસ્વરૂપ વિવક્ષિત છે, માટે અભિધેયના આશય ભેદથી પ્રકાન્તર છતાં વાંધો નથી.

તમે ઘોડાના સ્કન્ધને કૃત્સ્ન (પૂર્ણ) કહો છો તે વ્યાજબી શી રીતે બનશે ? કેમ કે ઘોડાથી હાથી મોટો છે. આ તમારી શંકા ઠીક નથી. કારણ કે જીવમાત્ર અસંખ્ય પ્રદેશાત્મક શાસન સિદ્ધ છે, માટે તે પ્રદેશોનો સમુદાય હાથી કીદિ, કુંથુ, વ્યંતરવિશેષના શરીરમાં પણ તુલ્ય છે. નાના મોટા શરીરોમાં એક પણ પ્રદેશનો ફરક પડતો નથી. જીવ અનન્ત શકિત સમ્પન્ન હોવાથી, પોતાની શકિતે

વિશેષથી હાથીના શરીરમાં અસંખ્ય પ્રદેશોનો સમાવેશ શક્ય છે. તેમજ કીડિના શરીરમાં તેટલાજ પ્રદેશોની સંભાવના શક્ય છે, માટે ઘોડા કરતાં હાથીના પ્રદેશો વધારે છે તેવી માન્યતા બરાબર નથી. કારણ કે જીવોના પ્રદેશોમાં હીનાધિક્ય નથી. (સૂ. ૫૧)

અકૃત્સ્ન સ્કન્ધમાં બે પ્રદેશાદિ સ્કન્ધથી અનન્ત પ્રદેશિક સ્કન્ધની કલ્પના કરવામાં આવી છે, જે સ્કન્ધ પરિપૂર્ણ નથી તે અકૃત્સ્ન સ્કન્ધ કહેવાય છે. જેમ કે- બે પ્રદેશિક સ્કન્ધ ત્રણની અપેક્ષાએ અકૃત્સ્ન છે. ચારની અપેક્ષાએ ત્રણ, અસંખ્યાતની અપેક્ષાએ સંખ્યાત સ્કન્ધો અકૃત્સ્ન છે. (સૂ.૫૨)

અનેક દ્રવ્યસ્કન્ધ, આ પ્રમાણે છે. દેહ (શરીર)નો સમુદાય તે અનેક દ્રવ્ય સ્કન્ધ છે. જે સ્કન્ધમાં, નખ, કેશ, દાંત આદિ જીવ પ્રદેશથી રહિત છે. અને પૃષ્ઠ ઉદર આદિ અવયવો જીવ પ્રદેશ સાથે વ્યાપ્ત બનવા પામે છે. (સૂ. ૫૩)

ભાવસ્કન્ધ એટલે શું ?

આ સ્કન્ધ પણ આગમ અને નોઆગમ થી બે ભેદે છે. આગમથી ભાવસ્કન્ધ તેને કહેવાય છે કે જે સાધક આગમથી સ્કન્ધ પદાર્થને જાણે છે અને અનન્ય ભાવે ઉપયોગવર્તી છે. તે આગમથી ભાવ સ્કન્ધ છે. શેષ

આવશ્યકની જેમ સમજી લેવું.

નો આગમથી ભાવસ્કન્ધનું સ્વરૂપ કેવું છે ?

से किं तं नोआगमओ भावखंधे ? नो आगमओ भावखंधे एएसिं चेव सामाइअमाइयाणं छण्हं अज्झययाणं समुदय समिइसमागमेणं आवस्सय सुयखंधे भावखंधेत्ति लब्भइ.... (सू.૫૧)

ભાવાર્થ :- આવશ્યક શ્રુત સ્કન્ધ આમાંથી આવશ્યક અને શ્રુત શબ્દનો નિક્ષેપ પૂર્ણ કર્યા પછી ભાવથી સ્કન્ધનું સ્વરૂપ કેવું છે ? આ પ્રશ્ન છે: જવાબમાં સૂત્રકાર ફરમાવે છે કે, પ્રસ્તુત આવશ્યકના ભેદો, જે સામાયિક, ચતુર્વિંશતિ, વન્દના, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ અને પ્રત્યાખ્યાન સ્વરૂપે છ અધ્યયનો નો સમુદાય, એટલે પરસ્પર એક બીજા થી સંબંધિત છે, પરન્તુ યજ્ઞદત, દેવદત્તમાં જેમ કોઇ જાતનો સંબંધ નથી કેમ કે:- આ બંને વ્યક્તિઓ સર્વથા સંબંધ વિનાની હોવાથી એક ને બીજા સાથે કંઇ પણ લેવા દેવા નથી.. જ્યારે સામાયિકાદિ છ અધ્યયનો એક બીજા સાથે ઘનિષ્ટ સંબંધ રાખનારા છે, જેમ કે સામાયિક છે તો ચતુર્વિંશતિ સ્તવન પણ અનન્ત કર્મોની નિર્જરા કરાવનાર છે, ગુરુ વન્દના, તેનાથી પણ વધારે મહત્વ ધરાવનાર છે, ત્યાર પછીજ પાપોના ઘરમાંથી બહાર કાઢીને, શુદ્ધ સ્વરૂપની ઓળખ આપનાર પ્રતિક્રમણ છે, પાપો પાપભાવનાઓ અને પાપ ચેષ્ટાઓ થવામાં, વધવામાં,

મૂળકારણ શરીર છે, માટે, પાપ જનક, પાપ ફળક અને પાપવર્ધક શરીરને કંટ્રોલમાં લેવા માટે કાયોત્સર્ગ વિના શી રીતે ચાલશે ? આટલું છતાં પણ ફરીથી શરીર, મન, ઇન્દ્રિયો અને આત્માને પાપમાર્ગે ન જવા દેવામાં પ્રત્યાખ્યાનની અત્યાવશ્યકતા શી રીતે નકારી શકાશે ?

માટે જ છ આવશ્યકો યજ્ઞદત્ત અને દેવદત્તની જેમ અસંબંધિત નથી. પણ સંબંધવાળા હોવાથી સામાયિક યાવત્ પ્રત્યાખ્યાન અને પ્રત્યાખ્યાન સામાયિક સાથે સમાહિત છે, યુકત છે, સમાયુકત છે. તેવી રીતે એક સ્થાને મૂકેલી લોખંડની શલાકાઓને એક બીજા સાથે રતિમાત્ર અપેક્ષા ન હોવાથી નિરપેક્ષ છે. પણ સામાયિકાદિ છ આવશ્યકો, પરસ્પર સાપેક્ષ છે. એટલે એક બીજાની અપેક્ષા રાખનારા છ, આવશ્યકો મનાયા છે.

જેમકે :- ચતુર્વિંશતિ એટલે લોગસ્સ સૂત્રથી ચોવિશ ભગવંતો ને ભાવ વંદના કરવીજ હોય તો. સામાયિક દ્વારા પાપોના દ્વાર બંધ કરવાની આવશ્યકતા રહેલીજ છે, અને જે ગુરુદેવે જૈનત્વ અને જૈન શાસનની ઓળખાણ કરાવી છે. તેમને વન્દના કરવાનો અભૂત પૂર્વ આનન્દ ચતુર્વિંશતિ સ્તવન વિના પ્રાપ્ત થઇ શકે તેમ નથી, કેમ કે ગુરુદેવના અનન્ત ઉપકારો યાદ કરી તેમને વન્દના કરવા માટે આત્મામાં શકિત વિશેષની પ્રાપ્તિ ચૌવિસ ભગવંતોને વન્દન કર્યા વિના થઇ શકે તેમ નથી. માટે જ પ્રતિક્રમણ

કાયોત્સર્ગ અને પ્રત્યાખ્યાનમાં એક આવશ્યક ને બીજા આવશ્યક સાથે સાપેક્ષ ભાવે સંબંધ છે. સારાંશ કે એક બીજાનો ભાવ એક બીજા સાથે સમ્મિલિત છે, માટે જ તે આવશ્યકોનું મીલન, અર્થાત્ એક બીજાનો એક બીજાસાથેનો સમાગમ અને તેમાથી પ્રાપ્ત થયેલ, આત્મામાં વિશિષ્ટ આધ્યાત્મિક પરિણામ તેવા પ્રકારનું આવશ્યક જ ભાવ સ્કન્ધ કહેવાય છે.

આવા પ્રકારના ભાવાવશ્યક પ્રત્યેનો ઉપયોગ એટલે બોલાતા સૂત્રોનું મનન, અર્થ ચિન્તન અને ઇન્દ્રિયો તથા મનની પૂર્ણ એકાગ્રતાને જ ભાવ આવશ્યક કહેવાય છે.

જયારે રજોહરણ ચરવળો, મુહપતિ અને યથા સમયે ડાબા અને જમણા ઢીંચણને ઉંચા રાખવા રૂપી ક્રિયા આદિ વિધાનોમાં નોઆગમત્વ સમાયેલું છે. કેમકે 'દેશઆરાધક ક્રિયાકહી સર્વઆરાધક જ્ઞાન એટલે બોલાતા સૂત્રોમાં ઉપયોગ હોવાથી તેમાં આગમત્વ રહેલું છે. જયારે ક્રિયા જ્ઞાન નથી પણ તેને મેળવવા માટે મૌલિક કારણ છે. માટે તેમાં આગમત્વ ન હોવાના કારણે જ નોઆગમથી ભાવસ્કન્ધની ઉપમા આપેલી છે.

અત્યંત સાવધાની પૂર્વક પાપોંપે પાપ સમજી લીધા પછી ષડાવશ્યક કરનાર ભાગ્યશાળીના જીવનમાંથી સૌથી પ્રથમ, નિરર્થક, સાવનિરર્થક પાપોનો, પાપ ભાવનાઓનો, પાપચેષ્ટાઓનો તથા અનાદિ કાળથી પડેલી ખાવાપીવા,

ઉઠવા, બેસવા, બોલવા અને ગમે તેમ સુવાની ખોટી એટલે હિંસક આદતોના દ્વાર બંધ થશે, ધીમે ધીમે બંધ થશે, અને તેમ થતા ભારવાહકના માથા પરથી ભાર ઓછો થતા તે જેમ હળવો બને છે, તેમ પાપોના દ્વાર બંધ કરવા માત્રથી તેનો આત્મા હળવો બનતાજ પરમાત્મા તેને યાદ આવશે અને એક એક તીર્થંકર પરમાત્માનું નામ લઇ 'લોગસ્સ' સૂત્ર દ્વારા પરમાત્માઓને દ્રવ્ય તથા ભાવ વંદન કરવાનો ઉત્તમોત્તમ લાભ તે સાધકના ભાગ્યમાં રહેશે અને તેમ થતાં જ ગુરુદેવોની સ્મૃતિ થશે અને દ્વાદશાવર્ત દ્વારા ગુરુ ચરણોમાં માથું મૂકીને ગુરુઓના અનહદ ઉપકાર ને નતમસ્તકે સ્વીકાર કરશે. આ રીતે આત્મિક દૃષ્ટિએ પૂર્ણ તૈયાર થયેલો સાધક પ્રતિક્રમણ સૂત્રથી થયેલા પાપોની આલોચના કરશે. કાયાની માયાને ઓછી કરવા માટે કાયોત્સર્ગ અને ફરીથી પાપ ભાવના ન થાય તે માટે પ્રત્યાખ્યાન કરી પોતાના આત્માને અધ્યાત્મનો ચોલમજી ઠીયો રંગ ચઢાવી દેશે આ કારણે જ છએ છ આવશ્યક એક બીજાના પૂરક બનવાર પામે છે.

ગણ, કાય, નિકાય, સ્કન્ધ, વર્ગ, રાશિ, પુંજ, પિંડ, નિકર, સંઘાત, આકુલ, સમૂહ આદિ ભાવસ્કન્ધના પર્યાયવાચી શબ્દો છે. (સૂ. પ૭)

ષડાવશ્યકનો અર્થાધિકાર એટલે શું ?

ગમે તે દેશમાં બોલાતી ભાષા (શબ્દપ્રયોગ) નિરર્થક

હોતી નથી. બેશક ! બંગાળી દેશની ભાષાનું તાત્પર્ય ગુજરાતી મનુષ્ય સમજે કે ન સમજે, તેમ ગુજરાતી ભાષાનો અર્થ તામિલનાડમાં સમજાય કે ન સમજાય તે વાત જૂદી છે. તેથી કરી શબ્દો કે તેનો વ્યવહાર જૂઠો નથી હોતો. ઘણી વાર આવું પણ બને છે કે :- બોલાતા અમુક શબ્દોના રહસ્યાર્થ ચુધી બોલનારો પણ ન પહોંચી શકે. સમુદ્રમાં ડુબકી મારનાર ઘણા છે પણ જનના જેખમે સમુદ્રના ઠેઠ તળભાગમાં પહોંચી મોતીને લાવનારા વિરલા છે. જ્યારે સીપ, શંખલા અને કોડાઓને લાવનારા ઘણા છે. આજે પણ આપણે જોઈએ છીએ કે શંખ કોડા આદિના વ્યાપાર કરનારા કરતાં મોતીના વ્યાપારીઓ કરોડોગુણા આગળ છે. તેવી રીતે ૮૪ લાખ જીવાયોનિના અનન્ત જીવોમાં, કેવળ ગર્ભથી ઉત્પન્ન થનારા માનવો પાસે જ વિચારશક્તિ, બુદ્ધિશક્તિ અને જીવનમાં યદિ, શમ, સંવેગ, નિર્વેદ, અનુકમ્પા અને અસ્તિક્ય તત્ત્વોનો પ્રવેશ થઈ જાય તો જબરદસ્ત આધ્યાત્મિક શક્તિનો વારસદાર પણ બનવા પામે છે. યદ્યપિ નરકગતિના જીવો પણ માનવની જેમ પંચેન્દ્રિયત્વ પ્રાપ્ત છે. તો પણ ભવભવાન્તરના કરેલા ચિકકણા, મહાચિકકણા, ઘોરાતિઘોર પાપકર્મોના ભારથી દબાયેલા હોવાથી, મારકાટ, વૈરની વેવડદેવડ સિવાય બીજે એકેય સંકલ્પ કરવા માટેનો સમય તેમની પાસે નથી. જ્યારે દેવો, પુણ્યકર્મોના ભારથી દબાયેલા હોવાથી દિવ્યસુખોના ભોગવટા ઉપરાન્ત બીજે એકેય માર્ગ તેમનાં

ભાગ્યમાં નથી અને તિર્યંચયોનિના જીવો અવિવેકી હોવાથી તેમની જ્ઞાનસંજ્ઞા ઘણી રીતે દબાઈ ગયેલી છે.

માનવયોનિના માનવોનું શરીર, ચડતી, બઢતી, રોગ-શોક, આધિ, વ્યાધિ અને સંયોગ-વિયોગાદિ દ્વન્દ્વોથી ઘેરાયેલા હોવા છતાં, તેમનાંમાં બુદ્ધિશક્તિનો થોડે ઘણે અંશે પણ વિકાસ થયેલો હોવાથી જ કોઈક સમયે તે નીચે પ્રમાણે વિચારી શકે છે કે :-

(૧) આ બધા ભોગવાતા દ્વન્દ્વોના મૂળમાં રહેલા પાપો અને પુણ્યોને મેં કયા ભવમાં કર્યા હશે ?

(૨) તે ભવોમાં મારા આત્માની સ્થિતિ મોહપૂર્ણ, મિથ્યાત્વપૂર્ણ, વિષય વાસનાપૂર્ણ રહી હશે ? જેના કારણે મારે પાપકર્મો કરવા પડયાં હશે ?

(૩) કુદેવ, કુગુરૂ અને દુરાચારપૂર્ણ ધર્મમાં મસ્ત બની મેં શું શું ન કર્યું હશે ?

ઈત્યાદિ વિચારતાં જ આત્માને પાપકર્મો પ્રત્યે ઘૃણા થશે. જેનાથી સુદેવ સુગુરૂ અને દયાપૂર્ણધર્મની તપાસ કરશે અને સદ્‌ગુરૂ એટલે મહાવ્રતધારી ગુરૂઓના સહવાસમાં આવશે. તેમના ચરણોની સેવા કરવા તૈયાર બનશે તેમને સાંભળવા માટે ઉત્સુક બનશે ફળ સ્વરૂપે સમુદ્રમાંથી મોતી કાઢનારાની જેમ તે પુણ્યશાળી અહિંસા-સંયમ અને તપોધર્મમય જિનશાસન પ્રત્યે શ્રદ્ધાળુ બનશે. આ રીતે

આત્મિક દૃષ્ટિએ પુરૂષાર્થી બનતો તે આત્મા સામાયિકાદિ ષડાવશ્યકનો આરાધક બનવા માટે તે આવશ્યકોને સમજવા માટે પ્રયત્નશીલ બનશે. કેમ કે :- મોક્ષના મહેલ સુધી પહોંચવાને માટે પાપોના માર્ગોને બંધ કર્યા વિના બીજો ઉપાય નથી અને પૂરાણા પાપોને ખંખેરવા માટે આવશ્યક ક્રિયા જ મૌલિક કારણ છે.

યદ્યપિ ઈશ્વર, પ્રણિધાન, પ્રત્યાહાર, પ્રાણાયામ, ધારણા, ધ્યાન અને સમાધિ આદિ અનુષ્ઠાનો શાસ્ત્રોમાં સંગ્રહાયેલા છે અને અનાદિકાળના અનન્ત ભવોમાં થોડે ઘણે અંશે પણ આરાધ્યા હશે પણ જન્મજન્માન્તરમાં કરેલા, કરાયેલા અને અનુમોદેલા પાપમાર્ગોના દ્વાર સમ્યગ્જ્ઞાન દ્વારા જ્યાં સુધી બંધ કરવામાં ન આવે ત્યાં સુધી ઈશ્વર પ્રણિધાનાદિથી આત્માની વિશેષ પ્રગતિ થઈ શકે તેમ નથી. કેમ કે આત્માને પરમાત્મા, નરને નારાયણ અને જીવને શિવ બનાવવાને માટે વચ્ચે આવનારા, આંખોને ચલાયમાન કરાવનારા, મનમાં ગંદા ભાવ લાવનારા, પૂર્વભવના કરેલા કર્મો જબ્બરદસ્ત શક્તિ સમ્પન્ન છે. તેથી તે અનુષ્ઠાનો કેવળ વ્યવહાર પૂરતાં જ રહેવા પામે છે. જ્યારે ષડાવશ્યકમાં સૌથી પ્રથમ સામાયિક દ્વારા પાપોને, પાપ ભાવનાઓને, પાપચેષ્ટાઓને, મનથી, વચનથી અને કાયા દ્વારા રોકી લેવામાં આવે છે અને પ્રતિક્રમણ, આલોચના, પ્રાયશ્ચિત્ત દ્વારા, જૂના પાપોને

ખંખેરી દેવામાં આવે છે. જે ઈશ્વરપદ પ્રાપ્ત કરવા માટે શ્રેયસ્કર માર્ગ છે.

જન્મ જન્મના પુણ્ય અને પાપ કર્મોને સમૂળનાશ કર્યા વિના તો મોક્ષની પ્રાપ્તિ પણ અશક્ય છે. માટે જ કહેવાયું છે કે, **'पुण्यपापयोः क्षयो मोक्षः' 'कृत्स्न कर्म क्षयोहि मोक्षः'** એટલે કે પુણ્યપાપરૂપી કર્મોનો સમ્પૂર્ણ ક્ષય કરવો મોક્ષ છે. માટે ઈશ્વર પ્રણિધાનાદિ કર્મો પણ ત્યારે જ સફળ બનશે જ્યારે આત્મા પોતે પોતાના મૂળ સ્વભાવમાં આવવા પામે. આનો મૂળ સ્વભાવ, નિરંજન, નિરાકાર, શુદ્ધસ્વરૂપી સચ્ચિદાનન્દમય છે. તેને પ્રગટ કરવા માટે આત્મા પર ચોંટેલા કર્મોની રજનો નાશ કરવો અનિવાર્ય છે.

પુરૂષ વિશ્વાસે વચન વિશ્વાસ

પુરૂષ વિશેષની સચ્ચારિત્રતાથી તેમના વચનો પણ વિશ્વાસપાત્ર બને છે. આ ન્યાયે આ સૂત્રના રચયિતા ભગવાન મહાવીરસ્વામીના પંચમ ગણધર સુધર્માસ્વામી છે. કેવળજ્ઞાનની ભૂમિકામાં પ્રવેશ કરવાની તૈયારીમાં છે, યદ્યપિ અત્યારે વિપુલમતિ મનઃ પર્યાય જ્ઞાનના સ્ટેજ પર બિરાજમાન હોવાથી, કેવળજ્ઞાન તરફ તેમનું પ્રસ્થાન અવિલંબ ચાલુ છે. માટે આપ્તપુરૂષ હોવાથી તેમના વચનો સર્વથા અને સર્વદા માન્ય છે. જ્યારે ટીકાકાર મલ્લધારી હેમચન્દ્રાચાર્યજી છે. ઉત્કૃષ્ટતમ વૈરાગ્યપૂર્વક સંસારની

બાહ્ય અને આભ્યન્તર માયાનો ત્યાગ કરી દીક્ષિત અને શિક્ષિત બન્યા છે. જૈનાગમો પર અતૂટ વિશ્વાસ હોવાથી સંસારની બીજી માયામાં રંગાઈ જવા કરતાં શ્રુતજ્ઞાનની ભક્તિ જ તેમનું સાચું ધન હતું. આ કારણે જ પરિશ્રમની પરવાહ કર્યા વિના જ આ અનુયોગ દ્વાર સૂત્ર પર ટીકા લખી શક્યા છે. તેઓશ્રી સામાયિકના સત્યાર્થને ફરમાવતાં કહે છે કે...

સામાયિક એટલે **'सावज्जजोगविरई'** આ સૂત્રને વ્યાખ્યા દ્વારા સ્પષ્ટ કરે છે. કેમ કે **'व्याख्यानतो विशेष प्रतिपतिर्भवति'** આ સૂત્રનો અર્થાધિકાર **'प्राणातिपातादि सर्व सावद्य योग विरतिरर्थाधिकारः'** અર્થાત્ પ્રાણાતિપાતાદિ સર્વ સાવદ્ય (પાપોની) યોગોની વિરતિ અર્થાત્ તે પાપસ્થાનકોને યત્નપૂર્વક છોડી દેવાનું સ્વરૂપ સામાયિકનું છે.

'अष्टादशक पापानि स्थीयंतेऽस्मिन्नेति पापस्थानकम्'

સારાંશ કે, ૧૮ પાપસ્થાનકોનો સર્વથા ત્યાગ કરવો એટલે કે નિયમ કે શ્વાસોશ્વાસના છેલ્લા સમય સુધીના સામાયિકમાં, પાપોનો ત્યાગ કરવો તે સામાયિક છે. જ્યાં સુધી તે દ્વારો બંધ નથી કરાતાં ત્યાં સુધી તે સાધકને ધર્મધ્યાનનું આલંબન પ્રાપ્ત થતું ન હોવાથી આર્તધ્યાન તથા રૌદ્રધ્યાન તેના ભાગ્યમાં શેષ રહેશે. માટે સામાયિક દરમ્યાન તે દ્વારોને સર્વથા, અમુક અંશોમાં અથવા અમુક સમયની મર્યાદામાં પણ રોકવા માટેની ટ્રેનિંગ લેવી તે

સામાયિક છે.

જેમાં રાગ-દ્વેષનો પ્રવેશ નથી. શત્રુમિત્ર પ્રત્યે, માટી-સુવર્ણ પ્રત્યે છેવટે પોતાના સુખદુઃખો પ્રત્યે પણ સમાનભાવ છે તે સામાયિક છે. ભગવતી સૂત્રમાં ત્યાં સુધી કહેવાયું છે કે આપણો આત્મા જ સામાયિક છે અને સામાયિક જ આત્મા છે. મતલબ કે સામાયિકની આરાધના જ આત્માની આરાધના છે અને જે આત્માનો આરાધક છે, તે અરિહંત પરમાત્માનો પણ આરાધક છે મન-વચન-કાયાની ચંચલતા આત્માને માટે પરધર્મ છે. અને સ્થૈર્ય, એટલે મન-વચન અને કાયાની સ્થિરતા જ સ્વધર્મ છે, **'स्वधर्मे निधनं श्रेयः'** અર્થાત્ અનાદિકાળથી પાંચે ઈન્દ્રિયોની ગુલામી, કષાયોંની પરાધીનતા, કાયાની માયા આદિ પૌદ્‌ગલિક પદાર્થોની, સેવનાથી આત્માના એક એક પ્રદેશમાં વધેલી, વધારેલી, અને સારી રીતે પુષ્ટ કરેલી ચંચલતાને દૂર કરવા માટે એકી સાથે કે ધીમે ધીમે અભ્યાસ કરવો, પુરૂષાર્થ કરવો તે સામાયિક છે. ભવપરિભ્રમણ કરતા જીવાત્માને લાગેલા થાકને ઉતારવા માટે સામાયિક સિવાય બીજો એકેય માર્ગ નથી. તેવા પવિત્ર સમય દરમ્યાન આત્માને સ્થિર કરવા માટે નીચે પ્રમાણેનો સંકલ્પ કરવો જેમ કે :-

સામાયિક સમયમાં હું કોઈનો શેઠ નથી, પતિ નથી, ગુરૂ નથી, વ્યાપારી નથી, તેમ સંસાર તથા તેની માયા

મારી નથી, હું ઓસવાલ નથી, પોરવાલ નથી, શ્રીમાળી નથી, મારવાડી નથી, ગુજરાતી નથી, અને હું એકેય સંસ્થાનો અધ્યક્ષ નથી, ખજાનચી નથી, સેક્રેટરી નથી, હું શ્રીમંત નથી, ગરીબ નથી, પુરૂષ નથી, સ્ત્રી નથી, પણ શુદ્ધસ્વરૂપી આત્મા છું, કર્મોના કારણે મને જન્મ મરણના દુઃખો ભોગવવા પડે છે. માટે મારા કર્મોનો ક્ષય થાય તે માટે ૪૮ મિનિટ સુધી પણ મન, વચન, કાયાને વશ કરીશ, ક્રોધ, માન, માયા તથા લોભના વિષચક્રથી દૂર રહીશ, લોકૈષણા, ભોગૈષણા અને વિત્તૈષણાના પાપથી મારા આત્માને દૂષિત કરીશ નહી. રસગારવ, સાતાગારવ તથા ઋદ્ધિગારવના સંકલ્પોથી દૂર રહીશ. છેવટે જણવાનું કે સામાયિકના માધ્યમથી અરિહંતપદની પ્રાપ્તિ માટે આનાથી બીજો એકેય મંત્ર નથી, યંત્ર નથી, તંત્ર નથી.

સમતા, દયા, સર્વસ્વત્યાગ, પ્રેમ, કરૂણા ઉપરાન્ત જગતના જીવો સાથે મૈત્રી ભાવના કેળવવી જ હોય તો પાપોથી, પાપમાર્ગોથી, પાપીચેષ્ટાઓથી અને પાપી ભાવનાઓથી પણ જે રીતે દૂર રહેવાય, તેવો માર્ગ સ્વીકારવો. એના જેવો આધ્યાત્મિક માર્ગ બીજો નથી.

નામ અધ્યાત્મ, સ્થાપના અધ્યાત્મ અને દ્રવ્ય અધ્યાત્મની આરાધના તો, સંસારને રાજી રાખવા માટે સન્માનપત્ર મેળવવાને માટે અને વાહ વાહ બોલાવવા માટે પણ ઘણી કરી હશે ? જ્યારે ભાવ અધ્યાત્મની આરાધના

માટે ભાવ સામાયિક ધર્મ જ શ્રેષ્ઠતમ ધર્મ છે.

ભવભવાન્તરના ફેરા ફરતાં અનેકાનેક મનુષ્ય અવતારમાં ભાવ સામાયિકનો માલિક હું બનવા પામ્યો નથી. માટે મેરૂ પર્વત ઢંકાય તેટલા ઓઘા મુહપત્તિ સ્વીકાર કરવા પડ્યા છે, માટે રાઘાવેઘની જેમ ફરીથી આ ભવે મેળવેલા મનુષ્યાવતારમાં સામાયિકને પવિત્ર રાખવા માટે એટલે કે દશ મનનાં, દશ વચનના અને બાર કાયાના દૂષણોથી દૂર રહેવા માટે સામાયિક દરમ્યાન સર્વથા મૌનભાવ રાખીશ. તેવી રીતે આંખને અને કાનને પણ મૌન રાખીશ.

સદ્‌ગુરૂના અભાવમાં કે ગુરૂબળની કચાસમાં કોઈક ભવે વૃત્તિ (માનસિક પરિણામ) સારી રહી હશે તો પ્રવૃત્તિ (શારીરિક ક્રિયા) ખરાબમાં ખરાબ રહી હશે. કોઈક ભાવે પ્રવૃત્તિ સારી રહી હશે તો વૃત્તિ-માનસિક પરિણામો ક્રૂર, ઘાતકી, સ્વાર્થી અને વિષય વાસનામય રહ્યાં હશે. મતલબ કે વૃત્તિ અને પ્રવૃત્તિને બેઘડી માટે પણ પવિત્ર રાખવા માટે સામાયિક ધર્મ જ શ્રેયસ્કર છે.

અનાદિકાળથી પોષાયેલી પરિગ્રહસંજ્ઞામાંથી લોભનામનો રાક્ષસ જન્મે છે. તેની હાજરીમાં મૈથુન સંજ્ઞા ઘટવાની નથી. પરિણામે જીવાત્માને હિંસક જૂઠા અને ચૌર્યકર્મમાં પ્રવેશ કરતાં વાર લાગવાની નથી અને જ્યારે આ પાંચે ય પાપો ભડકે બળતા હોય ત્યારે માનવ ક્રૂર બનશે પણ દયાળુ નહીં બને, દાનેશ્વરી ન બને, મૈત્રીભાવનો

સાધક ન બને, અઢાઇ અક્ષરનો પ્રેમ શબ્દ કેવળ બોલવા પૂરતો જ રહેશે કેમ કે આન્તરજીવનમાં પાપો અને પાપભાવનાઓ ગિલ્લીડંડા રમતા હોય છે. આ બધા ય આત્મા અને પરમાત્માના શત્રુ જેવા દૂષણોને છેવટે ૪૮ મિનિટના સામાયિક દરમ્યાન પણ આપણે સ્વાધીન કરીએ. એ જ આત્મિક ધર્મ છે, ઈશ્વરીય ધર્મ છે, આધ્યાત્મિક ધર્મ છે, આજ સ્વધર્મ છે અને —

'स्वधर्मे मरणं श्रेयः' પોતાના સામાયિક ધર્મમાં મૃત્યુ પણ શોભી ઉઠશે.

હિંસક આદિ પાપોનો માલિક ગમે ત્યારે પણ ગમે તે સ્થાને પણ જગતના જીવોનો શત્રુ બનવા પામશે અને જેના માથા પર શત્રુઓ વધારે હોય તેને સુખી કોણ બનાવશે ? સમતા અને સમાધિ કોણ પ્રાપ્ત કરાવશે ? ઉપરના બધાય કારણોનો ખ્યાલ રાખી ભાવદયાના મહાસાગર સમા જૈન શાસને સામાયિક ધર્મની સ્થાપના કરીને સૌને કલ્યાણનો માર્ગ બતાવ્યો છે.

उक्कित्तण

ષડાવશ્યકમાં પ્રથમ આવશ્યક સામાયિકની વ્યાખ્યા કર્યા પછી બીજા આવશ્યકમાં ચતુર્વિંશતિ સ્તવનનો અધિકાર છે. ચતુર્વિંશતિનો અર્થ ચોવીશ થાય છે. ચાહે ઉત્સર્પિણી કાળ હોય કે અવસર્પિણી હોય. બંનેમાં ૨૪-૨૪ની સંખ્યામાં તીર્થંકરો થાય છે. કાળચક્ર જડ હોવા

છતાં પણ પોતાની મર્યાદાની રેખાને કોઇ કાળે પણ ઓળંગી શકતું નથી માટે ૨૪ તીર્થંકરો, ૧૨ ચક્રવર્તિઓ, ૯ વાસુદેવો, ૯ પ્રતિવાસુદેવો, અને ૯ બલદેવો આ સંખ્યા નિર્ધારિત છે. કોઈના પણ ડમરૂથી કે જગદમ્બાઓના ત્રિશૂલ, બાણ, ગદા આદિ શસ્ત્રો દ્વારા પણ તેમાં ફેરફાર થઈ શકે તેમ નથી. બલદેવ, વાસુદેવ, પ્રતિવાસુદેવ, અને ચક્રવર્તિઓરાજ - મહારાજાના અવતાર હોય છે. તેમાં પણ બલદેવ કે ચક્રવર્તિઓ સંયમ (સર્વવિરતિ) પણ સ્વીકારે છે અને ચારિત્રના પ્રભાવે ઘાતિકર્મનો ક્ષય કરી કેવલજ્ઞાન પામે છે અન્યથા દેવગતિ તો જરૂર પામે છે. બલદેવ કે ચક્રવર્તિઓ સંયમ સ્વીકારી કેવળજ્ઞાનને પ્રાપ્ત કરે તો પરમાત્મ પદના માલિક બનવા માટે હકદાર છે. જ્યારે તીર્થંકરો દેવાધિદેવ જ હોય છે. વર્તમાનભવથી ત્રીજા ભવે વિશતિ સ્થાનકોની અભૂતપૂર્વ આરાધનાથી તથા તે પદોના તે તે ગુણોને આત્મસાત્ કરવાના ઉત્તમોત્તમ ભાવથી દેવગતિ અથવા ક્ષાયિકસમ્યકત્વ પહેલા યદિ નરકાયુષ્ય બાંધ્યું હોય તો નરકગતિમાં જાય છે અને ત્યાંથી નીકળીને ઉત્તમોત્તમ ક્ષત્રીય વંશમાં મનુષ્યાવતાર પામે છે. જન્મતાં જ નિર્મલતમ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાનના માલિક હોવાથી સંસારની માયામાં ફસાયેલા ભવ્યાત્માઓના ઉત્કર્ષ માટે, તેમના કલ્યાણ માટે જ ભાવદયા થી પ્રેરાઈને સંયમ સ્વીકાર કરે છે, કાયાની માયા પ્રત્યે પણ સર્વથા ઉદાસીનતા કેળવીને સાત્ત્વિક તપશ્ચર્યારૂપી અગ્નિમાં ઘાતિકર્મોના મૂળીયા બાળી

નાખે છે અને કેવળજ્ઞાનના માલિક બનવા પામે છે. ત્યાર પછી પોતે જે માર્ગે ગયા અને આરાધના દ્વારા કેવળજ્ઞાન મેળવ્યું છે તે મોક્ષમાર્ગનો ઉપદેશ સમવસરણમાં બિરાજમાન થઈને કરે છે, અને અદ્વિતીય આત્મગુણોને ધારણ કરનારા ચતુર્વિધ સંઘની સ્થાપના કરી ભવ્યાત્માઓને સંઘની લક્ષ્મણ રેખામાં પ્રવેશ કરાવે છે.

આ કારણોને લઈ, તેમનો ઉપકાર કોઈ પણ માનવ ભૂલી શકે નહીં તે માનવા યોગ્ય છે. ઉત્કૃષ્ટતમ મહામાનવ, દેવાધિદેવ, તીર્થંકર, સર્વજ્ઞ, અરિહંત, યથાર્થવાદી પરમાત્માઓનું સ્મરણ, સ્તવન, પૂજન, દર્શન, ધ્યાન અને ચિંતવન પણ જીવમાત્રને અનેરો આનન્દ આપનાર બનવા પામે છે. તેમાં પણ સામાયિક આવશ્યક દ્વારા નવા પાપોના દ્વાર બંધ કર્યા પછી દેવાધિદેવોનું સ્મરણ, નામસ્મરણ પણ કેટલું ફળ આપે છે. તે સૂત્રકારના શ્રીમુખે સાંભળીએ.

(૧) **प्रधानकर्मक्षयकारणत्वात्**

એટલે પાણીમાં નાખેલું મેલું વસ્ત્ર જેમ જેમ મેલને છોડતો જાય છે. તેમ તેમ એક એક તીર્થંકર પરમાત્માનું નામ લઈ તેમને દ્રવ્ય અને ભાવવન્દન કરતો ભાવુક પાપોથી મુકત થાય છે. મયૂરના અવાજને સાંભળીને નાગરાજ (સર્પ) પોતાની ફણાને સંકેલી લે છે અને ગુફામાં જતાં વાર પણ લગાડતો નથી. તેવી રીતે

પરમાત્માનું સ્મરણ પાપરૂપી નાગોને વશ કરવામાં સમર્થ છે.

(૨) **लब्धबोधिविशुद्धिहेतुत्वात्**

અર્થાત્ અનાદિઅનન્ત સંસારમાં પરિભ્રમણ કરતાં જીવને સમ્યક્ત્વરત્નની પ્રાપ્તિ દુર્લભતમ માનવામાં આવી છે, તો પણ નદીના પ્રવાહમાં ઘસાતા ઘસાતાં પત્થરાઓ જેમ ગોળાકારે પોતાની મેળે જ થઈ જાય છે, તેમ વિશુદ્ધ અધ્યવસાયના કારણે સમ્યક્ત્વપ્રાપ્ત ભાવુક પરમાત્માના ધ્યાનથી પોતાના સમ્યક્ત્વને વિશુદ્ધતમ બનાવે છે અને જેમ જેમ તેની વિશુદ્ધિ થતી જાય છે તેમ તેમ સાધકની કષાય અને વિષયની ભાવના ઘટતી જાય છે અને યથાખ્યાત ચારિત્ર સુધી પણ પહોંચી જવાની લાયકાત મેળવી શકે છે.

(૩) **पुनबोधिलाभफलत्वात्**

વિષય કષાયાધીન બનેલો આત્મા, કદાચ સમ્યક્ત્વભ્રષ્ટ થઈ જાય, તો પણ પરમાત્માના નામનું રટણ કરતાં, અરિહંત પરમાત્માઓની મૂર્તિઓનું દર્શન, પૂજન, સ્મરણ, ધ્યાન અને જાપ કરતાં કરતાં ફરીથી તે સાધક સમ્યક્ત્વનો માલિક બનવા પામે છે.

(૪) **सावद्ययोगविरत्युपदेशकत्वेनोपकारित्वात्**

સંસારભરના બધાય શાસ્ત્રોને જોયા પછી જ આપણને ખ્યાલ આવશે કે સર્વસાવદ્ય (પાપ) માર્ગના ત્યાગનો ઉપદેશ આપનારા અરિહંત પરમાત્મા સિવાય બીજો કોઈ નથી. માટે જૈનાગમ અણિશુદ્ધ અહિંસક છે. ચતુર્દશપૂર્વધારી જેવા મહાયોગીશ્વરો માટે પણ જૈનશાસને કયાંય પણ અપવાદ રાખ્યો નથી. અથવા તેમના માટે શાસ્ત્રો, વિધિવિધાનો જૂદા અને બીજાઓના માટે જૂદા પણ રાખ્યા નથી. અણિશુદ્ધ અહિંસા સંયમ અને તપોધર્મની આરાધના જે કરશે તે સિદ્ધિને પામશે. માટે જ હોમ હવનમાં પશુપક્ષિઓને હોમવા, કાપવા, છેદવા, બાફવા અને છેવટે પેટમાં પધરાવવાં આદિ હિંસક કાર્યો જૈનાગમમાં કયાંય પણ જોવા મળતા નથી. આ ચાર કારણોને લઈ કૃતકૃત્ય થયેલા તીર્થંકર પરમાત્માઓના નામોચ્ચારણ વાળા લોગસ્સ સૂત્રનો જાપ અત્યુત્તમ છે.

(૩) ગુરૂવન્દના - અર્થાત્ પંચમહાવ્રતધારી ગુરૂઓને વન્દના કરવી તે ગુરૂવન્દન નામનું ત્રીજુ આવશ્યક સૂત્ર છે.

પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન અને પરિગ્રહના ત્યાગ (વિરમણ)રૂપ મહાવ્રતધારી, પિંડવિશુદ્ધિ આદિ ઉત્તરગુણોના આરાધક હોય તેવા ગુરૂભગવંતોની વન્દના તથા ગોચરી, પાણી આદિથી

વૈયાવચ્ચ દ્વારા તેમની ભક્તિ કરવી. કદાચ મૂળ ગુણો બરાબર હોય અને ઉત્તર ગુણોમાં ઉંમર આદિના કારણે કમજોરી હોય તો પણ તેમની ભક્તિ કરવી જોઈએ. કારણ કે ઉત્તરગુણોમાં તો વિચારભેદ, મતિભેદ અને સંપ્રદાય ભેદે પણ તફાવત જોવામાં આવી શકે છે.

(૪) પ્રતિક્રમણ - કદાચ કર્મોના દોષે મૂળગુણોમાં પ્રમાદ સેવાઈ ગયો હોય તો, વૈરાગ્યપૂર્વક અને પવિત્ર ભાવે તે સ્ખલનાઓને, અતિચારોને, ગુરૂ પાસે આલોચન, પ્રાયશ્ચિત્ત આદિથી તેનું પ્રતિક્રમણ કરી લેવું તે પ્રતિક્રમણ નામનું આવશ્યક છે.

(૫) કાયોત્સર્ગ - ચારિત્રરૂપ પુરૂષના શરીરમાં અતિચારરૂપ ભાવવ્રણ થયું હોય, તેની પ્રાયશ્ચિત્તરૂપ ઔષધિથી ચિકિત્સા કરી, આત્મશુદ્ધિ કરી લેવી જોઈએ.

(૬) પ્રત્યાખ્યાન - ફરીથી તેવા પાપો તેવી ભૂલો થવા ન પામે તે રીતે તે તે માર્ગોને બંધ કરવા જેથી અતિચારોની સંભાવના સમાપ્ત થઈ જાય.

ઉપર પ્રમાણે આવશ્યક, શ્રુત અને સ્કન્ધની નિક્ષેપણા કર્યા પછી, તેના અધ્યયનોનો નિક્ષેપ કરવો જોઈએ. પણ તે ઓઘનિષ્પન્ન નિક્ષેપા-અવસરે કરાશે.

હવે આવશ્યકના વ્યાખ્યાતા અને વ્યાખ્યેય ને બતલાવતાં કહે છે કે

आवस्सयस्स एसो पिंडत्थो वण्णिओ समासेणं ! एत्तो एक्केक्कं पुण अज्झयणं कित्तइस्सामि, तं जहा सामाइअं चउवीसत्थओ, वंदणयं, पडिक्कमणं काउस्सग्गो, पच्चक्खाणं ! तत्थपढमं अज्झयणं सामाइयं, तस्सणं इमे चत्तारि अणुयोगदारा भवंति, तं जहा उवक्कमे, निक्खेवे अणुगमे, नए... (સૂત્ર ૫૯)

અર્થ - સાન્વર્થ આચારંગ શબ્દથી તે સૂત્રમાં ચારિત્રાચારનું વર્ણન જાણી શકાય છે. તેવી રીતે આવશ્યક શ્રુત સ્કન્ધ શબ્દથી સામાયિકાદિ ષડાવશ્યક અવશ્ય કરવા યોગ્ય છે; તેવો સમુદાર્થ આ શાસ્ત્રમાં પ્રતિપાદિત છે. હવે પછી એક એક અધ્યયન કહેવાશે. તે આ પ્રમાણે સામાયિક, ચતુર્વિંશતિસ્તવ, વન્દન, પ્રતિક્રમણ, કાર્યોત્સર્ગ અને પ્રત્યાખ્યાન. આ ક્રમમાં આદિમાં મૂકેલ સામાયિક શબ્દથી જણાય છે કે સમ્પૂર્ણ ચારિત્રાદિ ગુણોનો આધાર જ સામાયિક છે. જેમ કે ધર્માસ્તિકાયાદિનો આધાર આકાશ છે. તેમ સર્વેસદ્‌ગુણોનો આધાર સામાયિક છે. આ કારણે જ અરિહંત પરમાત્માઓએ શરીર અને મનના દુ:ખોને નાશ કરવામાં સામાયિકને સર્વશ્રેષ્ઠ ઉપાય કહ્યો છે. પ્રાણિમાત્રને પોતાની જેમ જે જુએ છે, તેવા સમભાવની ઉત્પત્તિ કરાવે તે સામાયિક છે. આવો સમભાવ, સમતાભાવ જ પ્રતિક્ષણ

અપૂર્વ જ્ઞાનદર્શન અને ચારિત્રના વધતાં પર્યાયો વડે ભવાટવીભ્રમણ કરાવનાર કર્મક્લેશોનો વિચ્છેદ કરાવે છે.

આવા સામાયિકના ચાર અનુયોગદ્વાર છે, જેનાથી શબ્દના તાત્ત્વિક અર્થનું વ્યાખ્યાન થાય તે અનુયોગ દ્વારો છે. જેમ દ્વાર વિનાનો નગર, પ્રવેશ અને નિર્ગમ માટે અયોગ્ય છે. એક દ્વારવાળા નગરમાં પ્રવેશનિર્ગમ કષ્ટ સાધ્ય છે, તેવી રીતે બે કે ત્રણ દ્વાર પણ પ્રવેશ કે નિર્ગમ કરવાવાળાઓને માટે સુગમ હોતા નથી જયારે ચાર દ્વાર હોય ચારે દિશાઓમાંથી આવવાવાળાને અને જવાવાળાને તકલીફ પડતી નથી. આ રીતે સામાયિકાદિ શબ્દોને સમ્યક્ પ્રકારે જાણવા માટે ઉપક્રમ, નિક્ષેપ, અનુગમ અને નય આ ચાર ઉપાય છે. આ ચારેના અર્થની સ્પષ્ટતા કરી લઈએ.

(૧) ઉપક્રમ - આ શબ્દનો અર્થ જૂદી જૂદી રીતે કરતાં ટીકાકાર ફરમાવે છે કે:- નામ સ્થાપનાદિ નિક્ષેપને યોગ્ય જે વસ્તુ બનવા ન પામી હોય, એટલે કે નિક્ષેપની દૂર રહી હોય તેને તે તે પ્રતિપાદન પ્રકારે નજદીક લાવીને નિક્ષેપને યોગ્ય બનાવવી તે ઉપક્રમ છે. કેમ કે :- ઉપક્રમાન્તર્ગતના ભેદો વડે વિચારેલી અને નિક્ષેપને યોગ્ય બનાવેલી વસ્તુ જ નામસ્થાપનાદિ નિક્ષેપને યોગ્ય બને છે.

— અથવા ગુરૂવાણીના યોગે વસ્તુમાત્ર નિક્ષેપને યોગ્ય બને તે ઉપક્રમ છે.

— અથવા જિજ્ઞાસુ શિષ્યને શ્રવણ એટલે તત્ત્વજ્ઞાનના રહસ્યાર્થને જાણવાની ઈચ્છા થયે, ગુરૂ મહારાજ તે વસ્તુનો આરંભ કરે તે ઉપક્રમ છે.

— અથવા વિનય સમપન્ન શિષ્ય, ગુરૂને વિનયપૂર્વક આરાધે છે અને ગુરૂદેવો નિક્ષેપને યોગ્ય શાસ્ત્રને રચે છે તે ઉપક્રમ છે.

— અથવા જેની વ્યાખ્યા કરવાની છે, તે શાસ્ત્રને નિક્ષેપની સમીપે લાવવું તે ઉપક્રમ છે.

— ઉપક્રમણ કરવું એટલે જે શાસ્ત્રની વ્યાખ્યા કરવાની ઈચ્છા છે, તેને નિક્ષેપને યોગ્ય બનાવવી તે ભાવસાધનથી ઉપક્રમ છે.

— ગુરૂવાગ્યોગ વડે ઉપક્રમ કરાય તે કરણ સાધનથી ઉપક્રમ છે.

— શિષ્યને શ્રવણેચ્છા થયે ગુરૂ દ્વારા જે ઉપક્રમ થાય તે અધિકરણ ઉપક્રમ છે.

— અથવા વસ્તુમાત્રને બગાડવી, સુધારવી તે માટે કરાતો પ્રયત્ન તે ઉપક્રમ છે.

(૨) નિક્ષેપ - શાસ્ત્રાદિને નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ વડે સ્થાપિત કરવા તે નિક્ષેપ છે અથવા ઈચ્છિત અર્થને સિદ્ધ કરવા માટે તે તે શબ્દોના નામ

સ્થાપનાદિ ભેદે જૂદા જૂદા અર્થો કરીને ઈષ્ટ સિદ્ધિના અર્થમાં તે શબ્દોનો પ્રયોગ કરવો તે નિક્ષેપ છે.

(૩) અનુગમ-સૂત્રને કે શબ્દને અનુકૂળ અર્થમાં જોડવો, અથવા સૂત્રનું યથાયોગ્ય વ્યાખ્યાન કરવું તે અનુગમ છે.

(૪) નય - જેના વડે, જેનાથી કે જેમાં વસ્તુનો પરિચ્છેદ-જ્ઞાન થાય તે નય છે. અનન્તધર્માત્મક વસ્તુમાં પોતાને ઈષ્ટ, એકાદ ધર્મનો નિર્ણય કરવો તે નય છે. સારાંશ કે જે ઉપક્રાંત હોય તે નિક્ષેપને યોગ્ય છે અને ત્યાર પછી તે વસ્તુ અનુગમ અને નયને યોગ્ય બનવા પામે છે. આ ચારે દ્વારોમાંથી સૌથી પહેલાં ઉપક્રમ શબ્દનો નિક્ષેપ કરવામાં આવે છે. જે શાસ્ત્રીય અને લોક પ્રસિદ્ધરૂપે બે ભેદે છે. તેમાંથી પહેલા લોક પ્રસિદ્ધ ઉપક્રમની ચર્ચા કરાશે.

ઉપક્રમનો નિક્ષેપ :-

નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ. આ છ પ્રકારે ઉપક્રમનો નિક્ષેપ સમજવો. નામ અને સ્થાપનાનો નિક્ષેપ આવશ્યક શબ્દની જેમ જાણવો. આગમ અને નોઆગમથી દ્રવ્યના બે ભેદ છે. તેમાં જ્ઞ અને ભવ્ય શરીરને છોડી તદ્વ્યતિરિક્ત દ્રવ્યોપક્રમ ત્રણ ભેદે જાણવો. તે સચિત્ત - અચિત્ત અને મિશ્ર આ પ્રમાણે છે. જેમ કે:-

કોઈનો નામ ઉપ્રકમ રખાય તે નામ ઉપક્રમ, જીવ અજીવમાં ઉપક્રમની સ્થાપના કરાય તે સ્થાપના ઉપક્રમ: જીવિતાવસ્થામાં આ ભાઈ ઉપક્રમને બરાબર જાણતો હતો. તે જ્ઞ શરીર ઉપક્રમ અને મોટો થયા પછી ઉપક્રમ અર્થાત્ પ્રત્યેક કાર્યનો પ્રારંભ બરાબર કરશે તે ભવ્ય શરીર દ્રવ્યોપક્રમ છે અને તે બંનેથી જૂદો ઉપક્રમ સચિત્ત, અચિત્ત અને મિશ્રરૂપે ત્રણ પ્રકારે છે.

જેનો આશ્રય સચિત્ત હોય તે સચિત્ત ઉપક્રમ છે. તેના ત્રણ પ્રકાર છે. દ્વિપદ, ચતુષ્પદ અને અપદ. આ ત્રણેનાં બે બે પ્રકાર છે.

ઉપક્રમ એટલે આરંભ થાય છે તે વસ્તુમાં ગુણોને ધારણ કરવા સ્વરૂપ પણ હોય અને વસ્તુના વિનાશ માટે પણ હોય છે.

દ્વિપદ સચિત્ત ઉપક્રમ નીચે પ્રમાણે છે. જેને બે પગ હોય તે માનવ દ્વિપદ કહેવાય છે.

નટ - જૂદા જૂદા નાટકોને ભજવનારા.
નર્તક - જૂદા જૂદા અભિપ્રાયો સૂચક નૃત્ય કરનારા.
જલ્લ - દોરી પર ખેલનારા, અથવા રાજાઓની પ્રશસ્તિ ગાનારા.
મલ્લ - કુસ્તી કરનારા.
મૌષ્ટિક - મુક્કાઓ વડે બીજાઓને મારવાનો અભિનય

કરનારા.

વિદૂષક - જૂદા વેષોને લઈ જનરંજન કરનારા.

કથક - જૂદા જૂદા વેષોને ધારણ કરી હસાવા, કૂદાવાની કથાઓને કથનારા.

પ્લવક - ખોદેલા ખાડાઓને ઉલ્લંઘનારા.

લાસક - લટકા-મટકા સાથે રાસડા લેનારા અથવા બીજાઓની જયઘોષણા કરનારા.

આખ્યાક - બીજાઓનું શુભાશુભ કહેનારા.

લંખા - મોટા વાંસ ઉપર ચઢનારા.

મંખા - હાથમાં ચિત્રો લઈ ભીખ માંગનારા.

તૂણવાદક - તૂણ નામક વાચિંત્ર વગાડનારા.

વીણાવાદક - આનન્દ મંગળ શબ્દોને બોલનારા.

ઈત્યાદિ બે પગવાળાઓ, ઘી, દૂધ આદિના ભોજન વડે શરીરમાં બળ તથા રૂપ રંગને વધારનારા છે તથા ખભા આદિમાં તાકાત વધારનારા પ્રયોગો વગેરે સચિત્ર દ્રવ્યોપક્રમ છે.

અને તલવાર આદિ વડે શરીરને મૃત્યુના ઘરે પહોંચાડવું એટલે પોતાની જ તલવાર પોતાના નાશ માટે ઉપયોગમાં લેવી તે વસ્તુના વિનાશમાં સચિત્ત દ્રવ્યોપક્રમ કામ કરે છે. ઉપક્રમનો અર્થ જ પ્રારંભ થાય છે. એક પ્રકારના આરંભથી માનવ માત્ર તુષ્ટ-પુષ્ટ અને શક્તિસમ્પન્ન થાય છે અને બીજા પ્રકારના એટલે ઝેર દારૂ આદિ મરવાના

પ્રયોગને પણ પ્રારંભ કહેવાય છે.

બીજાઓ શાસ્ત્રાભ્યાસ, ગન્ધર્વ નૃત્ય આદિ પરિક્રમને દ્રવ્યોક્રમ કહે છે. તે ઠીક નથી કેમ કે :- શાસ્ત્રાદિનું પરિજ્ઞાન વિજ્ઞાન વિશેષ હોવાથી ભાવોપક્રમ છે. દ્રવ્યોપક્રમ નથી. ચાર પગવાળા હાથી, ઘોડા આદિ પશુઓને જૂદી જૂદી જાતની શિક્ષા દેવી, જેમ કે સરકસ આદિમાં પશુઓને જે રીતે શિક્ષણ દેવાય છે તો શિક્ષિત પશુઓ પણ જનતાને ખુશ કરે છે. જેવી રીતે શિક્ષિત હાથી પોતાની સૂંઢ ઊંચી કરીને રાજાદિને નમસ્કાર કરે છે. ગાય, બળદ, કૂતરા, રિછ બંદર, બકરાઓ પણ આપેલું શિક્ષણ અને તે દ્વારા તેઓ પણ તેવી તેવી ચેષ્ટાઓ કરીને સૌને ખુશ કરે છે.

અપદઉપક્રમ એટલે પગ વિનાન, છતાં પણ સ્થાવરનાય કર્મના કારણે સ્થાવર યોનિ પ્રાપ્ત આમ્ર, ચારોલી, જામફળ, બદામ, સીતાફળ, રામફળ આદિ વૃક્ષોનું આયુ વધે, સારા ફળો આપનારા બને તેવી રીતે તેમની પરિચર્યા કરવી અને તેમનો નાશ કરવો એટલે મૂળમાંથી વૃક્ષો કપાવી નાખવા તે નાશ ઉપક્રમ છે. આ પ્રમાણે સચિત્ત દ્રવ્યોપક્રમ અને નાશ ઉપક્રમની વાતો પૂર્ણ થઈ કેમ કે કોઈ પણ વસ્તુનો નાશ કરવામાં ઉપક્રમ અર્થાત્ આરંભ વિશેષ કરવો જરૂરી છે.

અચિત્ત દ્રવ્યોપક્રમ અર્થાત્ જેનો આશ્રય અચિત્ત હોય

તે અચિત્ત દ્રવ્યોપક્રમ છે. જેમ કે અમુક પ્રકારના મિષ્ટાન્નમાં માધુર્ય વિશેષ લાવવા માટે ઉપાય વિશેષ એટલે વધારે ઘૃત અથવા સાકર ઉમેરવી અને વસ્તુને સ્વાદિષ્ટતમ બનાવવી તથા તેનો સર્વથા વિનાશ કરવો તે અચિત્ત દ્રવ્યોપક્રમ અને નાશ ઉપક્રમ છે. તથા હાથી ઘોડા આદિ પશુઓના ગળામાં કે પગમાં તેવા તેવા આભૂષણો પહેરાવવા અથવા તેમના કપાળમાં કંકુ આદિના ચાંદલા કરવા તે વ્યતિરિકત દ્રવ્યોપક્રમ કહેવાય છે. આમાં પશુ સચિત્ત છે અને આભૂષણ અચિત્ત છે. માટે મિશ્રણ ઉપક્રમ કહેવાય છે.

આદિ વાતો ઉપરની જેમ ઘટાવી લેવી.
આ પ્રમાણે દ્રવ્યોપક્રમ પૂર્ણ થયો.

★★★★★★

ક્ષેત્રોપક્રમ :-

ક્ષેત્રનો પરિક્રમ અને વિનાશ, તે ક્ષેત્રોપક્રમ કહેવાય છે. તેમાંથી પ્રથમ પરિક્રમની વિચારણા કરીએ. ક્ષેત્ર એટલે ખેતરને હળ વડે ખેડવામાં આવે છે. તેના નીચલા ભાગે લોઢાની એક પટ્ટી હોય છે, જે તિરછી હોવાથી જમીનમાં જઈ શકે. કુલિક એટલે નાનું લાકડું જે ઘાસ આદિને કાપી શકે માટે હળ અને કુલિક વડે ખેડાયેલી જમીન બીજા

રોપણની યોગ્યતાવાળી થાય છે, તે પરિક્રમ છે. એટલે કે વૈશાખ અને જેઠ મહિનાની ગરમીથી કઠણ બનેલી જમીનને નરમ કરી ખેતીને લાયક બનાવે છે. જે ક્ષેત્રને સુધારે છે અને એ જ જમીનમાં યદિ હાથીઓને બાંધવામાં આવે ત્યારે તેમનું મૂત્ર અને વિષ્ટા આદિથી જમીન ખેતીને લાયક રહેતી નથી માટે તે ક્ષેત્રનો વિનાશ છે.

આમાં દ્રવ્યોપક્રમની શંકા ન કરવી કેમ કે:- ક્ષેત્ર એટલે આકાશ જે અમૂર્ત હોવાથી. વસ્તુતઃ તેમાં ઉપક્રમ હોતો નથી. કિંતુ તેમાં આધેય રૂપ પૃથ્વી છે. માટે ઉપક્રમ, ક્ષેત્રમાં પણ સંભવિત બનવા પામે છે.

કાળોપક્રમ

નાલિક, શંકુછાયા અને નક્ષત્ર ચાર વડે કાળનું જ્ઞાન થાય છે. આ વર્ષે વરસાદ પાણી સારા થયા છે માટે ખેતી આદિ સારા થશે અને અમૂક નક્ષત્ર અને ગ્રહોની ચાલથી ખેતીને હાનિ થશે એટલે અનાજ નહીં થાય અમુક ઘડી, પહોર આદિ પૂર્ણ થયા છે.

તે કાળોપક્રમ છે.

ભાવોપક્રમ

से किं तं भावोवक्कमे ? भावोवक्कमे दुविहे पण्णते...(સૂત્ર

૭૦)

આગમથી ઉપક્રમ શબ્દના અર્થને જાણવાવાળો અને તેમાં જે ઉપયોગવંત હોય તે ભાવોપક્રમ છે. જ્યારે નોઆગમથી પ્રશસ્ત અને અપ્રશસ્ત રૂપે બે પ્રકારે છે. અહીં અભિપ્રાય નામે જીવ દ્રવ્યનો જે પર્યાય છે. તેને ભાવશબ્દથી જાણવો. તે સ્વભાવ, સત્તા, આત્મા, યોનિ અભિપ્રાય નામે ભાવના પાંચ નામો છે.

સારાંશ કે- પારકાના અભિપ્રાયરૂપ ભાવને જાણવો તે ભાવોપક્રમ છે. તે અભિપ્રાય પ્રશસ્ત પણ હોઈ શકે છે. તે બંનેને જાણનારો નોઆગમથી ભાવોપક્રમનો માલિક બનવા પામે છે. સૌ પહેલા પ્રશસ્ત ભાવોને જાણવા કરતાં અપ્રશસ્ત ભાવોને જાણનારાઓના ત્રણ ઉદાહરણ બતલાવ્યા છે. બ્રાહ્મણી, વેશ્યા અને અમાત્યે. જે પ્રકારે બીજાઓના અભિપ્રાયો જાણીને પરિજ્ઞાન મેળવ્યું તે ઉપક્રમ સંસારવૃદ્ધિના ફળવાળો હોવાથી અપ્રશસ્ત છે.

એક બ્રાહ્મણીને ત્રણ પુત્રીઓ હતી, તેને આવો નિર્ણય કર્યો કે, મારી પુત્રીઓ પરણીને સુખી બને તે રીતે પુત્રીઓને ઉપદેશ દેવો જોઈએ, જેથી સાસરે ગયા પછી, પ્રથમ સુહાગરાતમાં જ શું બને તેના આધારે પુત્રીઓના સુખ-દુ:ખનો નિર્ણય થઈ શકે. તેવા આશયથી જ્યારે મોટી પુત્રી વિવાહને લાયક બની અને હસ્તમેલાપ પત્યા પછી સાસરે જતી પોતાની પુત્રીને કહ્યું કે, 'બેટી ! તારો પતિ

જ્યારે સુહાગરાત સમયે તારી પાસે આવે, ત્યારે કંઈક દોષ બતાવીને તેના માથા પર જોરથી લાત મારી દેજે અને જે બને તે મને કહી દેજે. માતાની શિક્ષા પ્રમાણે પુત્રીએ પતિના માથા પર જોરથી લાત મારી દીધી. પતિદેવ સરળ હોવાથી તરત જ પત્નીનો કોમળ પગ હાથમાં લઈ દબાવવા લાગ્યો અને કહ્યું કે, 'પત્થર જેવા મારા શરીર પર પુષ્પ કરતાં પણ મુલાયમ તારા પગને ઈજા થઈ હશે ?' સવારે માતાને ત્યાં આવેલી પુત્રીએ માતાને રાતની વાત કહી, ત્યારે માતાએ કહ્યું કે, 'બેટી ! તારા ઘરમાં તું ગમે તે રીતે વર્તશે તો પણ તારો પતિ તને કંઈ પણ કહેવાનો નથી. જ્યારે બીજા નંબરની પુત્રી પરણી અને પહેલી રાતે પતિને લાત મારી ત્યારે પતિએ થોડો રોષ બતાવ્યો અને 'ભવિષ્યમાં આવું કરીશ નહીં.' એમ કહી પગ દબાવવા બેસી ગયો. માતાએ કહ્યું કે, 'પુત્રી ! તારે પણ પતિથી ઘણી ચિંતા કરવાની જરૂર નથી, છતાં થોડી સાવધાની રાખજે. જ્યારે ત્રીજી છોકરી પરણી. સાસરે આવી અને માતાની ઉંધી શિક્ષાને વશ બની. તેણે પણ પતિને લાત મારી. પણ સંસારમાં બધાય પુરૂષો એક સમાન હોતા નથી. ફળસ્વરૂપે, ઘરવાળીનો ચોટલો પકડી માર માર્યો, અને રોતા રોતા ઘેર આવી માતાને કહ્યું, ત્યારે માતાએ સલાહ આપી કે, 'બેટી ! હવેથી આવું ક્યારે ય પણ કરીશ નહીં' અને તરત જ જમાઈને ઘેર આવીને કહ્યું કે, 'જમાઈરાજ ! અમારી ખાનદાનીનો આ કુળાચાર છે કે પ્રથમરાત્રિએ પતિને લાત

મારવી અને મારી બેટીએ તેમ કર્યું છે, માટે તમારે રોષ કરવાની જરૂર નથી, આવી રીતે મીઠા વચનોથી જમાઈને રાજી કરી ઘેર આવી. આપણે જાણી શકીએ છીએ પુત્રીઓને આવી શિક્ષા દેવી તે માતા પણ અપ્રશસ્ત છે અને તેની ચાલાકી પણ અપ્રશસ્ત છે.

ગણિકાની કથા આ પ્રમાણે છે. ચોસઠ કળાઓને જાણનારી એક ગણિકાએ પોતાને ત્યાં આવનારા કામુકોના ભાવને જાણવા માટે પોતાના રંગમહેલની ભીંતો પર પોતપોતાના જાતિસ્વભાવ પ્રમાણે રતિક્રીડા કરનારા રાજપૂત્રોના ચિત્રોને ચિત્રિત કરાવ્યા, જેથી ગણિકા જાણી શકે કે, આ કામુક કઈ રીતે રતિક્રીડા કરવામાં હોંશિયાર છે, જેથી ગણિકા પણ તેને લાયક ચેષ્ટા કરતી અને આવનારો કામુક જે પ્રમાણે રાજીરાજી રહેતો તેવા પ્રકારનો વ્યવહાર ગણિકા કરતી હતી અને ભોગવિલાસોના રસ માણનારા તેઓ ગણિકાના માંગ્યા પ્રમાણે ધન આપી ઘેર જતા હતાં. આ રીતે કામુકોના ભાવ જાણવા માટે ગણિકાએ જે ઉપક્રમ કર્યો તે સર્વથા અપ્રશસ્ત હતો.

અમાત્યની કથા આ પ્રમાણે છે. એક રાજા પોતાના અમાત્ય (મંત્રી) સાથે અશ્વ પર બેસી ફરવા ગયો, એક સ્થાને ઉભા રહેલા ઘોડાએ મૂત્ર કર્યું, પણ ઘણો ટાઈમ થવા છતાં પણ તે મૂત્ર સૂકાયું નથી. ફરી ફરીને રાજા પાછો તે સ્થાને આવ્યો. હજી પણ મૂત્ર સૂકાયા વિનાનું તેમ જ

હતું, ત્યારે રાજાના મનમાં આવો વિચાર આવ્યો કે, 'આ સ્થળે તળાવ બનાવી શકાય તો સારું રહેશે.' રાજાજી ઘેર આવ્યા પણ મંત્રીજીએ રાજાની ચેષ્ટાઓથી જ તેમનો અભિપ્રાય જાણી લીધો હતો અને તે જ સ્થળે સારામાં સારું તળાવ તૈયાર કરાવ્યું, પાણી પણ સ્વચ્છ અને સ્વાદુ પ્રાપ્ત થયું છે. કોઈક સમયે રાજાજી ફરીથી તે રસ્તે જ ફરવા નીકળ્યા છે અને તળાવને જોઈ મંત્રીજીને પૂછ્યું, 'આ કોણે બનાવડાવ્યું છે ?' જવાબમાં મંત્રીજીએ કહ્યું કે, 'આપશ્રીએ જ આ તળાવને બનાવડાવ્યું છે.' પછી તો મંત્રીએ બધી વાત કરી અને રાજા પ્રસન્ન થયો. રાજાએ બુદ્ધિવંત મંત્રીના પગારમાં વધારો કર્યો.

આ પ્રમાણે આ ત્રણે ભાગ્યશાળીઓ પારકાનો અભિપ્રાય જાણી, જીવનમાં સારી કમાણી કરી શક્યા છે. પરન્તુ જાણવાનું સરળ રહેશે કે આ પ્રમાણે બીજાઓના અભિપ્રાય જાણ્યા પણ તેનું ફળ કેવળ સંસારના મૂળીયા દઢ કરવા સિવાય બીજે ક્યો ફાયદો ?

આધ્યાત્મિક જીવનની કમજોરીવાળા માનવને કદાચ પૂર્વભવીય પુણ્ય કર્મનો સથવારો મળી જાય અને જગતના જીવોને, આશ્ચર્ય, મહાઆશ્ચર્ય પમાડે તેવી વિદ્યાઓ, લબ્ધિઓ કે હાથની ચાલાકીઓ પ્રાપ્ત થાય, તો પણ થોડીવારને માટે, માનવમાત્ર આંખ બંધ કરી, પોતાની છાતી પર હાથ મૂકી વિચારે કે આવી લબ્ધિઓ કે

હાથચાલાકીઓથી મારા આત્માને કયો ફાયદો ? પેટ ભરવા માટે, મિથ્યાપ્રતિષ્ઠા મેળવવાને માટે અથવા બીજાઓ કરતાં હું કેવો શ્રેષ્ઠ છું, વિદ્વાન છું, તપસ્વી છું. તે માટે પણ હાથ ચાલાકી કે બોલવાની ચાલાકીથી બીજાઓને રાગી બનાવી લીધા તો પણ મારા આત્માને કયો ફાયદો ?

જયારે સંસાર જ અસાર હોય તેની માયા કાચની બંગડી જેવી હોય, શ્રીમંતાઈ કે સત્તા પાણીના પરપોટા જેવી હોય, અને સંસાર પ્રત્યે વધારેલો રાગ કાળા નાગ જેવો હોય તો લબ્ધિઓ વડે, કે પ્રતિભા જ્ઞાન વડે ગમે તેટલી ચાલાકીઓ કરી લઈએ પણ છેવટે શું ? આત્માને કયો ફાયદો ? શરીર અને સંસારની માયા પૌદ્‌ગલિક હોવાથી આજે, કાલે કે પરમ દિવસે પણ નશ્વર જ છે અને હજારો લાખો ઉપાયો કર્યે પણ નશ્વર જ છે. જયારે શરીર વ્યાપી આત્મા સદૈવ અજર છે, અમર છે, અને વિદ્યાઓ કે લબ્ધિઓની શક્તિઓ કરતાં પણ અનન્ત ગુણા શક્તિવાળો છે. તો પછી શરીર કે તેની માયાને ઋદ્ધિ સમૃદ્ધિથી તુષ્ટ પુષ્ટ કરૂં તેના કરતાં આત્માને જ શા માટે તુષ્ટ પુષ્ટ ન કરૂં. આવું વિચારતાં જ માનવને નિર્મમત્વભાવ થતાં વૈરાગ્યનો દીપક આત્માના બગીચામાં પ્રકાશમાન થશે અને તેમ થતાં જ પંચમહાવ્રતધારી ગુરૂઓના ચરણોમાં નતમસ્તક થઈ યૌગિક ક્રિયાઓ વડે પાપોના દ્વાર બંધ કરશે અને અનાદિકાળીન અપ્રશસ્ત ઉપક્રમમાંથી, પુરૂષાર્થ

શક્તિ વડે પોતાના આત્માને બચાવીને, પ્રશસ્ત વિચારોમાં પોતાનું જીવન યાપન કરી, આધ્યાત્મિકતા તરફ આગળ વધશે.

પ્રશસ્ત ભાવોપક્રમ એટલે ?

पसत्थो गुरुमाईणं' એટલે કે સમ્યક્શ્રુતજ્ઞાનની પ્રાપ્તિ, માટે વૃદ્ધિ માટે અને આવતાં ભવે પણ શ્રુતજ્ઞાનના સંસ્કારો ટકાવી રાખવા માટેનું નિમિત્ત ગુરૂ આદિની સેવા છે. પણ કયા ગુરૂ ? જવાબમાં કહેવાયું છે કે, પંચમહાવ્રતધારી, સમિતિગુપ્તિ રૂપ અષ્ટપ્રવચન માતાના ધારક, પૂર્ણ અહિંસક ગુરૂદેવોની સેવા જ પ્રશસ્તભાવોપક્રમ છે. કેમ કે અનાદિકાળના સંસાર ચક્રમાં, મિથ્યાભ્રમ અને મિથ્યાજ્ઞાન વશ નદીઓમાં સ્નાન કરનારા, રાખ ચોળનારા, હિંસા પૂર્ણ પંચાગ્નિસાધક સાધુઓની સેવા કરી છે, પણ હિંસા, દુરાચાર અને ભોગલાલસાનો ત્યાગ કરનારા જૈન સાધુઓનો સમ્પર્ક આ ભવે જ થવા પામ્યો છે.

'असतो मां सद्गमय, तमसो मां ज्योतिर्गमय અને मृत्यो मां अमृततंगमय' એટલે કે અસદ્માર્ગમાંથી સદ્માર્ગમાં લઈ જનાર કોણ ? અજ્ઞાન રૂપી અંધકારમાંથી સમ્યગ્જ્ઞાનનો પ્રકાશ દેખાડનાર કોણ ? અને હિંસા, જૂઠ, ચોરી, મૈથુન અને પરિગ્રહ રૂપ મૃત્યુના મુખમાંથી બચાવીને અહિંસા, સંયમ અને તપરૂપ સ્વધર્મમાં સ્થાપન કરનાર કોણ ?

જવાબમાં જાણવાનું કે મહાવ્રતધારી જૈન સાધુ સિવાય બીજે કોઈ નથી. કેમ કે - જેઓ સમ્યક્શ્રુતજ્ઞાનના માલિક હોય, તેઓ જ બીજાઓને શ્રુતજ્ઞાન દેવા માટે સમર્થ છે. જેમના જીવનમાં દુરાચાર નથી. તેઓ જ બ્રહ્મચર્ય સ્વરૂપ સદાચારની સમજણ આપવા સમર્થ છે અને જેઓ ભોગ લાલસાના ત્યાગી છે તેઓ જ બીજાઓને શુદ્ધ અને સાત્ત્વિક તપનું આચરણ કરાવી શકે છે. આ કારણે જ શ્રુતજ્ઞાનની પ્રાપ્તિ ગુરૂ આધીન હોવાથી તેમની સેવા જ સર્વપ્રથમ અને સર્વશ્રેષ્ઠ ઉપાદેય ધર્મ છે.

શંકા - અનુયોગ દ્વારનો વિચાર પ્રસ્તુત છે, અને અનુયોગ એટલે અર્થ. તેથી જે ઉપકારી હોય તેનું જ વિવેચન કરવું જોઈએ, તો ગુરૂ ભાવોપક્રમ અપ્રસ્તુત હોવાથી, તેને વચ્ચે શા માટે લાવ્યા ? જવાબમાં જાણવાનું કે, ગુરૂભાવોપક્રમ જ વ્યાખ્યાનું મુખ્ય અંગ છે. કારણ કે શાસ્ત્રનો આરંભ જ ગુરૂ આધીન હોય છે માટે કલ્યાણકામી શિષ્યે ગુરૂની આરાધના સર્વ પ્રથમ કરવી જોઈએ. તેઓ જે રીતે પ્રસન્ન થાય તેવી રીતે જ શિષ્યે રહેવું જોઈએ. જો શ્રુતજ્ઞાનના જ અભિલાષી હોય તો ગુરૂની મન-વચન અને કાયાની એકાગ્રતા પૂર્વક ની સેવા અને તેઓશ્રી જે રીતે પ્રસન્ન રહે તે પ્રમાણે જ શિષ્યોએ પોતાનું જીવન બનાવવું એ જ હિતકારી છે.

ગુરૂના આકાર અને ઈંગિતને જાણવાની કુશળતા

રાખનાર શિષ્ય તેમની આજ્ઞાથી ક્યારે ય બહાર જતો નથી. જ્ઞાનના સાગર ગુરૂ કઈ વાત, કેવી રીતે અને કયા સમયે કહેશે તેની ખબર પડતી નથી માટે, ગુરૂ કુળવાસી શિષ્ય જ સમ્યગ્જ્ઞાનને વધારશે અને પોતાનું ચારિત્ર દેદીપ્યમાન બનાવશે. સારાંશ કે શ્રુતજ્ઞાનની પ્રાપ્તિ ગુરૂ આધીન છે.

આ પ્રમાણે ભાવોપક્રમને બતાવ્યા પછી અને લૌકિક દૃષ્ટિએ તેની વ્યાખ્યા કર્યા પછી હવે શાસ્ત્રીય ઉપક્રમ આ પ્રમાણે છે.

શાસ્ત્રીય ઉપક્રમ :-

अहवाउवक्कमे छविऐ पण्णते (સૂ. ૭૧)

પ્રશસ્ત ગુરૂ ભાવોપક્રમને પ્રકારાન્તે એટલે શાસ્ત્રીય પદ્ધતિએ છ પ્રકારે કહ્યો છે. તે આ પ્રમાણે આનુપૂર્વી, નામ, પ્રમાણ, વકતવ્યતા, અર્થાધિકાર અને સમવતાર. આ છએની શબ્દ વ્યુત્પત્તિ આદિ સ્વરૂપ આગળ કહેવાશે. તેમાં સૌથી પ્રથમ આનુપૂર્વીનું સ્વરૂપ કહે છે.

से किं तं आणुपूव्वी ? दसविहा पण्णत्ता, तंजहा

આનુપૂર્વી એટલે અનુક્રમે એક પછી એકની સ્થાપના કરવી. તેને આનુપૂર્વી કહેવાય છે. અનુક્રમ, અનુપરિપાટી અને આનુપૂર્વી આ ત્રણે પર્યાયો છે.

નામાનુપૂર્વી, સ્થાપનાનુપૂર્વી, દ્રવ્યાનુપૂર્વી, ક્ષેત્રાનુપૂર્વી, કાળાનુપૂર્વી, ઉત્કીર્તનાનુપૂર્વી, ગણનાનુપૂર્વી, સંખ્યાનુપૂર્વી, સમાચારીઆનુપૂર્વી અને ભાવાનુપૂર્વી રૂપે દશ ભેદ છે.

અર્થ:- નામાનુપૂર્વી અને સ્થાપનાનુપૂર્વી આવશ્યક શબ્દની માફક જાણી લેવી. દ્રવ્યાનુપૂર્વી પણ આગમ અને નોઆગમથી બે ભેદે જાણવી. આગમથી દ્રવ્યાનુપૂર્વી પણ આવશ્યકની માફક જાણવી. અનુપયોગ હોવાથી જ દ્રવ્યના ભેદમાં સમાવેશ કરી છે. નો આગમથી જ્ઞ અને ભવ્ય શરીર દ્રવ્યાનુપૂર્વી પણ આવશ્યકની જેમ જાણવી.

હવે તેનાથી વ્યતિરિક્ત દ્રવ્યાનુપૂર્વી ઔપનિધિકી અને અનૌપનિધિકી રૂપે બે પ્રકારે છે.

ઔપનિધિકીમાં નિ 'ઉપસર્ગ પૂર્વક' ધા ધાતુ નિક્ષેપ અર્થમાં છે અને 'ઉપ' એટલે સામીપ્ય વડે સ્થાપવું અર્થાત્ વિવક્ષિત એક પદાર્થને સ્થાપિત કર્યા પછી પૂર્વાનુપૂર્વી ક્રમે બીજા અને ત્રીજાની સ્થાપના કરવી, તેને ઉપનિધિ કહેવાય છે, આનુપૂર્વીનું પ્રયોજન જ અનુક્રમે વસ્તુની સ્થાપના કરવી. તેને **इकण्** પ્રત્ય લગાડવાથી ઔપનિધિકી શબ્દ બને છે. સામાયિક ચતુર્વિંશતિ સ્તવન, વન્દન, પ્રતિક્રમણ કાયોત્સર્ગ અને પ્રત્યાખ્યાન આ પરિપાટિએ એક પછી એક ને સ્થાપવું તેને જ ઔપનિધિકી આનુપૂર્વી

જાણવી. અને આગળ કહેવાશે તે પૂર્વાનુપૂર્વી ક્રમથી સ્થાપના ન થાય તે અનૌપનિધિકી જાણવી.

શંકા :- આપશ્રીએ ત્રણુકાદિ અનન્તાણુક સુધી એક સ્કન્ધને અનૌપનિધિકી આનુપૂર્વીરૂપે માન્ય રાખી છે અને સ્કન્ધગત ત્રણુકાદિ પરમાણુઓમાં કોઇ નિશ્ચિત ક્રમ દેખાતો નથી, તો તે આનુપૂર્વી કેવી રીતે કહેવાશે ?

જવાબમાં કહેવાયું છે કે ત્રણુકાદિ પરમાણુઓમાં આદિ મધ્ય અને અવસાન ભાવથી નિયત પરિપાટિ દેખાય છે. માટે તેમાં વ્યવસ્થાની યોગ્યતા હોવાથી તેને આશ્રયી આનુપૂર્વીમાં વાંધો નથી આવતો.

ઔપનિધિકી આનુપૂર્વી; માટે થોડુ કહેવાનું હોવાથી પ્રથમ અનૌપનિધિકીની ચર્ચા કરવાની આવશ્યકતા છે.

સૂત્રકાર ફરમાવે છે કે, અનૌપનિધિકી દ્રવ્યાનુપૂર્વી, નયોની વિચારણાથી કરવામાં આવશે. તેમાં સૌ પ્રથમ દ્રવ્યાસ્તિક નય ના મતે બે પ્રકારે કહેવા ઇચ્છે તે આ પ્રમાણે નૈગમ-વ્યવહાર સમ્મત અને સંગ્રહનય સમ્મત. સારાંશ કે નૈગમ, સંગ્રહ વ્યવહાર, ઋજુસૂત્ર શબ્દ સમભિરૂઢ અને એવંભૂત રૂપે નયોના સાત પ્રકાર છે. તે પાછા દ્રવ્યાસ્તિક અને પર્યાયોસ્તિકરૂપે ભેદાય છે.

કેવળ દ્રવ્યને જ માનનારા એટલે કે પદાર્થ માત્ર પર્યાયાત્મક હોવા છતાં પણ તેમાં કેવળ દ્રવ્યત્વની વિચારણા કરનારા દ્રવ્યાસ્તિક છે. અને કેવળ પર્યાયોને આંખો સામે રાખીને . તેની દષ્ટિએ પદાર્થને માનનારા પર્યાયાસ્તિક નય છે.

આદિના ત્રણ એટલે નૈગમ-સંગ્રહ અને વ્યવહાર, કેવળ દ્રવ્યને લક્ષ્યમાં રાખીને, કે દ્રવ્યની અપેક્ષા રાખીને વાત કરે છે - એટલે દ્રવ્યાસ્તિક કહેવાય છે. જયારે બાકીના ચારે નયો પર્યાયો પૂરતીજ વાત કરતા હોવાથી પર્યાયાસ્તિક કહેવાય છે...

દ્રવ્યાસ્તિક નય પણ વિશુદ્ધ અને શુદ્ધ રૂપે બે પ્રકારે છે. કેમ કે નૈગમ અને વ્યવહાર, અનન્ત પરમાણુઓથી લઇ અનન્ત દ્વયણુકાદિ પર્યન્ત અનેક વ્યકૃત્યાત્મક તથા કૃષ્ણાદિ અનંત ગુણો તથા ત્રિકાળ વિષયક દ્રવ્યને માનતા હોવાથી તે અશુદ્ધ છે. અર્થાત્ આબંને નયોનો વિસ્તાર ઘણો હોવાથી તે અશુદ્ધ છે, જયારે સંગ્રહ નય પરમાણુ આદિને તથા તેમાં રહેલા ગુણાદિના વિભાગને ગૌણ માને છે. માટે તે શુદ્ધ છે, કેમકે અનેકતા આદિના સ્વીકાર રૂપ કલંકથી અકલંકિત હોવાથી સંગ્રહ નય શુદ્ધ છે.

આ સૂત્રમાં દ્રવ્યાનુપૂર્વીનો વિચાર પ્રકાન્ત છે માટે દ્રવ્યાસ્તિકનય ના મતથી તેની ચર્ચા થશે.

से किं तं नेगम ववहाराणं अणोवणिहिआ दव्वाणुपुव्वी.... (સૂ.૧૩)

ભાવર્થ:- નૈગમ અને વ્યવહાર નય મતે અનૌપનિધિકી દ્રવ્યાનુપૂર્વીના પાંચ પ્રકાર છે. તે આ પ્રમાણે અર્થપદ - પ્રરૂપણા, ભંગસમુત્કીર્તનતા, ભંગાપદર્શનતા, સમવતાર અને અનુગમ,

ત્રણુક સ્કન્ધાદિ યુકત અથવા તેને લગતું આનુપૂર્વી આદિ પદનું કથન કરવું તે અર્થપદ પ્રરૂપણા છે. અહિ આનુપૂર્વી સંજ્ઞા છે. અને તેનાથી કહેવાતું ત્રણુકાદિ અર્થ પદાર્થ સંજ્ઞી છે, એટલે સંજ્ઞા અને સંજ્ઞીના સંબંધનું કથન કરવું તે પ્રથમ કર્તવ્ય છે.

આનુપૂર્વીઆદિ પદોના આગળ કહેવાશે તે ન્યાયથી તેના ભંગો (વિકલ્પો) કહેવા, તે ભંગ સમુત્કીર્તનતા છે. જેનાથી ભેદ કરાય તે ભંગ કહેવાય છે. તેમનું સમુચ્ચારણ જ ભંગસમુત્કીર્તના છે. સારાંશ કે આનુપૂર્વીઆદિ પદોથી નિષ્પન્ન થયેલા દ્વયાદિ સંયોગોના પ્રત્યેક ભંગોનું સમુચ્ચારણ કરવું.

તે ભંગોને પ્રત્યેક ત્રણુકાદિ અભિધેયો સાથે ઉપદર્શન કરવું તે ભંગો પદર્શનતાછે. ભંગસમુત્કીર્તનમાં ભાગા વિષયક સૂત્ર જ ઉચ્ચારવાનું છે, જયારે ભંગોપદર્શનતામાં તેમને પોતાના વિષયભૂત અર્થ સાથે ઉચ્ચારણ કરવાનું છે.

તે તે આનુપૂર્વીઆદિ દ્રવ્યોને સ્વસ્થાન કે પરસ્થાનના અન્તર્ભાવે ચિંતવન પ્રકારને સમવતર કહેવાય છે.

તે આનુપૂર્વીઆદિ દ્રવ્યોને સત્પદપ્રરૂપણાદિ અનુયોગ દ્વારોથી વિચારવાનું નામ અનુગમ છે.

હવે તે ભેદોને સૂત્રકાર પોતાની આગમીય ભાષાથી કહે છે.

सें किं तं नेगमववहाराणं अट्ठपदपरूवणया ? (સૂ.૭૪)

નૈગમ વ્યવહાર મતે અર્થ પદપ્રરૂપણા કોને કહેવાય ? જવાબમાં કહેવાયું કે, ત્રિપ્રદેશિકથી લઇ ચાર, પાંચ, દશ સંખ્યેય અસંખ્યેય અને અનન્ત પ્રદેશિક સ્કન્ધ તેને આનુપૂર્વી કહેવાય છે.

એક જ પુદ્ગલ પરમાણુ અનાનુપૂર્વી છે. અને દ્વિપ્રદેશિક સ્કન્ધ અવક્તવ્ય નામે સંબોધાય છે. આ પ્રમાણે બહુવચનથી પણ, એટલે ત્રિપ્રદેશિકોની આનુપૂર્વીઓ સંખ્યાત, અસંખ્યાત યાવત્ અનન્ત પ્રદેશસ્કન્ધોની આનુપૂર્વીઓ અને દ્વિપ્રદેશિક સ્કન્ધોની અવક્તવ્ય, તે નૈગમ વ્યવહાર સમ્મત અર્થપદ પ્રરૂપણા છે. આનુપૂર્વીમાં ત્રણ પ્રદેશવાળું સ્કન્ધ છે, જ્યારે દ્વિપ્રદેશિક સ્કન્ધને અવક્તવ્ય અને એક પરમાણુને

અનાનુપૂર્વી જાણવી. સારાંશ કે ત્રિપ્રદેશિક સ્કન્ધો ૧-૨-૩-૪, સંખ્યેય, અસંખ્યેય અને અનન્ત પણ હોય છે. જ્યારે બીજા પરમાણુથી, અસંસ્કૃત પરમાણુઓ પણ ૧-૨-૪-૪ સંખ્યેય, અસંખ્યેય પરમાણુઓ હોય છે. તેવી રીતે દ્વિપ્રદેશિકો પણ જાણવા.

શંકા, આપશ્રી જ્યારે આનુપૂર્વીની ચર્ચા કરી રહ્યાં છો ત્યારે અનાનુપૂર્વી અને અવક્તવ્યની ચર્ચા વચ્ચે લાવવાથી કયો લાભ ?

જવાબમાં જાણવાનું કે, પ્રતિપક્ષને જાણ્યા પછી જ પોતાના પક્ષની વાત જાણવામાં સરળતા રહે છે. માટે જ આનુષંગિક રીતે તે બંનેનું કથન કર્યું છે.

આનુપૂર્વીને અનુપરિપાટિના પર્યાયે પહેલા કહ્યું છે તે જ્યાં આદિ, મધ્ય અને અન્તે હોય, ત્યાં જ કહી શકાય છે કે, આ પરમાણુ આદિમાં છે. મધ્યમાં છે, અને અન્તમાં છે, આવી આનુપૂર્વી ત્રિપ્રદેશિક સ્કન્ધમાં જ સંભવે છે. જેનાથી પહેલા છે. પાછળ નથી. તેને અંત કહેવાય છે. જેનાથી પાછળ છે પણ પૂર્વમાં નથી તે આદિ અને બંનેની મધ્યમાં રહેલાને મધ્ય કહેવાય છે. આ બધી ગણત્રી ત્રિપ્રદેશિક સ્કન્ધ સિવાય બીજે કયાંય સંભવતી નથી. પરમાણુ એક જ દ્રવ્ય હોવાથી. તેમાં આદિ, મધ્ય અને

અન્તનો વ્યવહાર હોતો નથી, આ કારણે જ તે અનાનુપૂર્વી છે. દ્વિપ્રદેશિક સ્કન્ધમાં મધ્યરૂપે કોઇ નથી કદાચ કોઇ કહે કે દ્વિપ્રદેશિકમાં પણ પ્રથમ પરમાણુ આદિમાં છે અને બીજો પાછળમાં હોવાથી આનુપૂર્વી ઘટિત થઇ શકે છે, પરન્તુ આ વાત ઠીક નથી, કેમકે મેરૂ પર્વત મધ્યમાં હોય ત્યારે આ પ્રદેશ પૂર્વમાં અને તે પ્રદેશ પશ્ચિમમાં છે. સારાંશ કે દ્વિપ્રદેશિકમાં મધ્યમ ભાગે કોઇ નથી. માટે કોણકોનાથી પૂર્વમાં અને કોણ કોનાથી પશ્ચિમમાં ? આ કારણે આનુપૂર્વીનું સંપૂર્ણ લક્ષણ ત્યાં ઘટિત નથી આવી સ્થિતિમાં તેને અવક્તવ્ય કહેવાય છે. આ પ્રમાણે આનુપૂર્વી સંજ્ઞા અને પૂર્વી અર્થપદ પ્રરૂપણતા કહેવાય છે.

શંકા એક વચનના કથન થી જ સંજ્ઞા સંજ્ઞીનું કથન સિદ્ધ હતું. તો પછી બહુવચનનો નિર્દેશ કયાં ઉદ્દેશે કરાયો છે ? જવાબમાં કહેવાયું કે, આનુપૂર્વી આદિ દ્રવ્યોના પ્રત્યેક ભેદોમાં અનન્ત વ્યક્તિઓનો પણ સમાવેશ કરવાના આશયથી, તથા નૈગમ વ્યવહારનય પણ અનન્ત પદાર્થોને માનતો હોવાથી. બહુવચનનો નિર્દેશ સૂત્રમાં કરાયો છે.

શંકા એક એક પરમાણુથી અનાનુપૂર્વી દ્રવ્ય અવક્તવ્ય દ્રવ્ય બે પરમાણુ થી અને જઘન્યથી ત્રણ પરમાણુ વડે આનુપૂર્વી બને છે. તો પરમાણુની વૃદ્ધિથી થતાં ક્રમને લઇ પહેલા અનાનુપૂર્વી પછી અવક્તવ્ય અને

સૌ થી પાછળ આનુપૂર્વી કહેવી જોઇતી હતી, જવાબમાં જણવાનું કે, ત્રિપ્રદેશિક ચતુપ્રદેશિકાદિ આનુપૂર્વી દ્રવ્યો કરતા અનાનુપૂર્વી અને અવકૃતવ્ય દ્રવ્યો અલ્પ છે. આ કારણેજ આનુપૂર્વીનું પ્રથમ કથન ન્યાય્ય છે.

આ પ્રમાણે અર્થપદ પ્રરૂપણાનું પ્રયોજન પણ ભંગ સમુત્કીર્તના કરવાનું છે, કેમ કે, આમાં એટલે અર્થપદ પ્રરૂપણામાં સંજ્ઞા અને સંજ્ઞીનો વ્યવહાર પ્રરૂપિત હોવાથી. તેના ભાંગોઓનું સમુત્કીર્તન શકય બને છે, કેમ કે સંજ્ઞાના અભાવમાં ભાંગાઓ પણ નિર્વિષય બનતા હોવાથી તેમનું પ્રરૂપણ પણ અશકય છે. તેથી નિર્ણીત થાય છે કે અર્થપદ પ્રરૂપણાથી ભંગોનું પ્રદર્શન યુકત છે.

भंग समुत्कीर्णता...

से किं तं नेगमववहाराणां भंग समुक्कित्तणया (સૂત્ર.૭૬)

આ સૂત્રથી નૈમગ અને વ્યવહાર નયે સમ્મત, એકવચન અને બહુવચનનો આશ્રય લઇને અસંયોગી, દ્વિસંયોગી, અને ત્રિસંયોગી રૂપે છવીસ ભાંગાઓ કહ્યા છે. તે આ પ્રમાણે આનુપૂર્વી, અનાનુપૂર્વી અને અવકૃતવ્ય પણ ઘણા હોવાથી તેમના પણ ત્રણ ભેદ થયા. ૩+૩=૬ અસંયોગી ભેદો થયા.

દ્વિકસંયોગીમાં એકવચનમાં બહુચવચન, અને બહુવચનમાં એક વચનનું મિશ્રણ કરી ૧૨ ભેદ થયા છે.

ત્રિકસંયોગો આનુપૂર્વ્વી અનાનુપૂર્વ્વી અને અફ્તવ્યના એક વચન અને બહુવચનના આઠ ભેદો થશે. આ રીતે બધા મળીને ૬+૧૨+૮= ૨૬ ભેદો જણી લેવા. આ ભેદોને કોષ્ઠકથી જણીલેવાનું સુલભ રહેશે.

અસંયોગી આનુપૂર્વ્વી, અનાનુપૂર્વ્વી અને અવફ્તવ્ય = ૩, ભેદ એક વચનમાં.

અસંયોગી આનુંપૂર્વ્વીઓ, અનાનુપૂર્વ્વીઓ અને અવફ્તવ્યો =૩ ભેદ બહુવચનમાં.

દ્વિકસંયોગી, આનુપૂર્વ્વી ૧ અનાનુપૂર્વ્વી ૧

૨,દ્વિકસંયોગી આનુપૂર્વ્વી ૧ અનાનુંપૂર્વ્વીઓ ૩

૩, આનુપૂર્વ્વીઓ ૩ અનાનુપૂર્વ્વી ૧

૪, આનુપૂર્વ્વી ૧ આનાનુપૂર્વ્વીઓ ૩

૫, આનુપૂર્વ્વી ૧ અવફ્તવ્ય ૧

૬, આનુપૂર્વ્વી ૧ અવફ્તવ્યો ૩

૭, આનુપૂર્વ્વીઓ ૩ અવફ્તવ્ય ૧

૮, આનુપૂર્વ્વીઓ૩ અવફ્તવ્યો ૩

૯, આનુપૂર્વ્વી ૧ અવફ્તવ્ય ૧

૧૦, અનાનુ પૂર્વ્વી ૧ અવકત્વ્યો ૩

૧૧, અનાનુ પૂર્વ્વીઓ ૩ અવકત્વ્ય ૧

૧૨, અનાનુ પૂર્વીઓ ૩ અવક્તવ્ય ૧

'જયાં એકનો આંક છે ત્યાં એક વચન અને જયાં ત્રણનો આંક છે ત્યા બહુવચન સમજવું.

ત્રિકસંયોગી ૧ આનુપૂર્વી ૧ અનાનુપૂર્વી ૧ અવક્તવ્ય ૧
૨ આનુપૂર્વી ૧ આનાનુપૂર્વી ૧ અવક્તવ્યો ૩
૩ આનુપૂર્વી ૧ અનાનુપૂર્વીઓ ૩ અવક્તવ્ય ૧
૪ આનુપૂર્વી ૧ અનાનુપૂર્વીઓ ૩ અવક્તવ્ય ૧
૫ આનુપૂર્વીઓ ૩ અનાનુપૂર્વી૧ અવક્તવ્ય ૧
૬ આનુપૂર્વીઓ ૩ અનાનુપૂર્વીઓ ૧ અવક્તવ્ય ૩
૭ આનુપૂર્વીઓ ૩ અનાનુપૂર્વીઓ ૩ અવક્તવ્ય ૧
૮ આનુપૂર્વીઓ ૩ અનાનુપૂર્વીઓ ૩ અવક્તવ્યો ૩

ત્રિકસંયોગના આઠ ભેદ થતાં બધાય ૨૬ ભાંગા જણાવા.

ઉપર પ્રમાણે ભંગોના સમુત્કીર્તનનો આશય એટલો જ છે કે વક્તા, આ ભેદોમાંથી ક્યાં ભંગનું દ્રવ્ય કહેવા ઇચ્છે છે, તેના પ્રતિપાદનથી, તથા બધાય પ્રતિપાદન પ્રકારના અન્ય રૂપોને નૈગમ વ્યવહાર ઇચ્છે છે. માટે આનું કથન પ્રાસંગિક છે. ભંગોના સમુત્કીર્તન દ્વારા સૂત્રકાર ફરમાવે છે કે ભાંગાઓનું ઉપદર્શન જે આગળ જઇ કરવાનું

છે. માટે તે પહેલા તેમનું સમુત્કીર્તન કરવામાં આવ્યું છે. ભંગોપદર્શનમાં વાચ્ય જે ત્રણ સ્કન્ધાદિ છે, તેનું ભંગ સમુત્કીર્તન વાચક દ્વારા જ થશે. કેમકે - વાચક જ ન હોય તો વાચ્યનું કથન શી રીતે કરાશે ? માટે ભંગસમુત્કીર્તનનું સૂત્રવ્યાજબી છે. અને ભંગોપદર્શનતા માટે ઉપયુક્ત છે.

से किं तं नेगमववहाराणं भंगोपदंसणा... (સૂત્ર. ૭૮)

અર્થ:- ત્રણ પ્રદેશ વાળો પદાર્થ આનુપૂર્વી છે.
એક પરમાણુ પુદ્ગલ અનાનુપૂર્વી છે.
દ્વિપ્રદેશિક અવક્તવ્ય રૂપે સંબોધાય છે.

આ પ્રમાણે ૧૪ રજુલોક બ્રહ્માંડમાં ત્રિપ્રદેશિકાદિની ઘણી આનુપૂર્વીઓ છે, તેવી પરમાણુઓની અનાનનુપૂર્વીઓ અને દ્વિપ્રદેશશિક અવક્તવ્યો પણ ઘણા છે. આ છએ ભંગોમાંથી પ્રત્યેક ભંગોનું અર્થ કથન કરવું.

સમવતાર

से कि तं समोआरे ? ... (સૂત્ર ૭૯)

અર્થ:- સમવતાર એટલે શું ? જવાબ માં કહેવાયુ કે: ચોક ટોક વિના સમ્યક્ પ્રકારે પોતાની જાતિમાં અવતરિત

સમવતરિત થવું. તે સમવતાર છે. નૈગમ વ્યવહાર નય મતે આનુપૂર્વીઓ આનુપૂર્વીમાં, અનાનુપૂર્વીઓ અનાનુપૂર્વીમાં અને અવક્તવ્યો - અવક્તવ્યમાં અવતરશે.

અનુગમ

से किं तं अणुगमे ? नवविहे पण्णत्ते (સુત્ર ૮૦)

અનુગમના નવ ભેદ છે, એટલે કે, અનુગમની વ્યાખ્યાનવ પ્રકારે કરવામાં આવશે. તેઆ પ્રમાણે:-

સત્પદપ્રરૂપણ, દ્રવ્યપ્રમાણ, ક્ષેત્ર, સ્પર્શના, કાળ, અન્તર, ભાગ, ભાવ અને અલ્પ બહુત્વ,

સૂત્રને તથા તેના અર્થને બરાબર લાગુ પડે, તેવું વ્યાખ્યાન કરવું તે અનુગમ છે. સૂત્રોચ્ચારણ પછી તેનું યથાર્થ સ્પષ્ટી કરણ એટલે વ્યાખ્યાન કરવું તે અનુગમ છે, બીજી રીતે પણ સૂત્રાર્થને સ્પષ્ટ કરે તેવી ભાષા બોલવી તે અનુગમ છે.

સર્વથા સાત્વિક તપશ્ચર્યા રૂપી અગ્નિમાં ઘાતિકર્મોનિ સમૂળ નાશ કરી કેવળજ્ઞાનના માલિક બનેલા. તીર્થંકર પરમાત્માઓને જાત-પાત, દેશ-વેશ આદિ માયાવી પ્રપંચો સાથેના સંબંધો સર્વથા તૂટી ગયેલા હોવાથી તેમની ભાષા,

વ્યવહાર આદિ કાર્યોમાં પણ અહિંસા સંયમ અને તપોધર્મ ને અનુસરનારી હોય છે. માટે જૈનત્વપરિપૂર્ણ તેમના સૂત્રોમાં, જીવોની હિંસા, ધર્મના નામે પાપાચરણ, સત્યના નામે મૃષાવાદ અને સ્યાદ્વાદના સ્થાને હઠવાદ, કદાગ્રહ, હોતા નથી માટે જ અહિંસાથી પરિપૂર્ણ તેમના સૂત્રોમાં કયાંય પણ દેવ દેવીઓની મિથ્યા કલ્પના કરીને વિચારા મૂંગા પ્રાણીઓને, નિર્દયતા અને ક્રૂરતા પૂર્વક મારી નાખત્તાના ઐકેય મંત્ર-તંત્ર, સ્તોત્ર, સ્તવન, સ્તુતિ કે સૂકિત પણ જોવા મળતી નથી. કેમ કે તીર્થંકર પરમાત્માઓ જ પોતાની સર્વથા અદ્વિતીય આધ્યાત્મિક શકિત વડે અહિંસાના પુરસ્કર્તા તેના સમ્પૂર્ણ પાલક અને બીજાઓને પણ અહિંસામાર્ગે લાવનાર હોવાથી અહિંસાત્મક, સ્યાદ્વાદાત્મક અને સત્યાત્મક તેમના સૂત્રોના અર્થો પણ જીવમાત્રના જીવનમાં અહિંસા, બોલવાની ભાષામાં અનેકાન્તવાદ, અને આચરણમાં સત્યધર્મ લાવનાર છે. માટે જ સૂત્ર અને અર્થને વક્તાદાર રહી વ્યાખ્યાન કરવું તેને અનુગમ કહેવાય છે. તેના નવે ભેદોને અનુક્રમે સ્પષ્ટ કરી લઇએ. વિદ્યમાન પદનું પ્રરૂપણ જેમ કે આનુપૂર્વીઆદિ પદો. સ્તમ્ભ કે ઘટની જેમ વિદ્યમાન છે ? કે ગધેડાના સીંગ યા આકાશના કુસુમની જેમ અવિદ્યમાન છે ? તેનો નિર્ણય સત્પદપ્રરૂપણા થી થશે.

આનુપૂર્વી આદિ દ્રવ્યોની સંખ્યાનું સ્વરૂપ તે દ્રવ્ય

પ્રમાણ.

આધાર ભૂત કેટલા ક્ષેત્રમાં તે રહે છે. કેટલા ક્ષેત્રને સ્પર્શે છે. તેની સ્થિતિ લક્ષણ કાલ, વિરહ એટલે વિવક્ષિત સ્વભાવને છોડયા પછી ફરીથી તે ભાવની પ્રાપ્તિ શેષ દ્રવ્યોના કેટલા ભાગે અને કયા ભાવે રહે છે. ત્યાર પછી અલ્પ બહુત્વનું કથન કરવું.

સત્પદપ્રરૂપણા

नेगमववहाराणं आणुपुव्वाइं दव्वाई किं अत्थि ? नत्थी ?... नियमा अत्थि... (સૂ.૯૧)

ભાવાર્થ:-આનુપૂર્વી અનાનુપૂર્વી અને અવક્તવ્ય દ્રવ્યો છે કે નહીં? જવાબમાં જણવાનું કે આનુપૂર્વી આદિ દ્રવ્યો છે જ એટલે કે ત્રિકાળમાં પણ તેમનું અસ્તિત્વ કયારેક પણ નાશ પામ્યું નથી.

સારાંશ કે સંસારમાં જીવ અને પુદ્ગલને છોડીને ત્રીજો એકેય પદાર્થ નથી, અનાદિકાળથી બંનેનું મિશ્રણ જ સંસાર છે. જીવ માત્ર ચૈતન્ય સ્વરૂપ છે. અને પુદ્ગલ જડ છે, અર્થાત્ ચૈતન્ય રહિત છે. શરીર, ઇન્દ્રિયોં સ્થૂળમન તથા મતિજ્ઞાનાવરણીય કર્મના ઉદયે પ્રાપ્ત થતી દુર્બુદ્ધિ આદિ પૌદ્ગલિક હોવાથી જડ છે. પોતાના શુભાશુભ કર્માને ભોગવવા માટે જીવમાત્ર પુદ્ગલોને ગ્રહણ કરે છે; અને છોડી

મૂકે છે. જ્યાં સૂધી તેમાં બીજો જીવ ઉત્પન્ન ન થાય ત્યાં સુધી તે જડ પદાર્થો તૂટતાં તૂટતા યાવત્ પરમાણુત્વ ને પણ પ્રાપ્ત થાય છે. અને સંયોગ મળતા પાછા ભેગા થઇ સ્કન્ધરૂપે પણ બનવા પામે છે. કોઇની શક્તિ વિશેષ થી પણ વણથંભ્યો આ ક્રમ ચાલુ જ છે. અને અનન્ત કાળ સુધી આમનું આમ ચાલતુ રહેશે.

જન્મ જન્મના કરેલા, કરાવેલા અને અનુમોદેલા શુભાશુભ પુણ્યપાપ કર્મોને ભોગવવાને માટે જીવ વિશેષને પણ શરીરની રચના માટે ઉપયોગમાં આવતા પુદ્ગલોનો સ્વીકાર ફરજીયાત કરવો પડે છે. જે સ્થૂળ નથી હોતા પણ સૂક્ષ્મ હોય છે, ત્યાર પછી પ્રતિ સમયે આહાર લેતા તે જીવના શરીર અને ઇન્દ્રિયોમાં વૃદ્ધિ અને હ્રાસ થતો જાય છે, અને તે અવતાર પૂરતો પોતાના ઋણાનુબંધોને ભોગવી લીધા પછી તે શરીરનો ત્યાગ કરવો જીવને સર્વથા ફરજીયાત છે.

પ્રચંડશક્તિને તથા આત્મિક બળને ધરનારા પુરુષ વિશેષને પણ કાચી ઘડી એ જ બીજા અવતાર ને ગ્રહણ કરવાનું રહે છે.

કોઇક સમયે હીરા પન્ના, પુખરાજ, સુવર્ણ, ચાંદી, પિત્તલ તાંબુ, પૃથ્વી, પત્થર, રેતી આદિ પુદ્ગલો જીવગૃહીત

હતા. પણ સ્વઅને પર શસ્ત્રો વડે તે સ્કન્ધો જીવમુક્ત થયા, ત્યાર પછી તે સ્કન્ધો શસ્ત્રો વડે અથવા પોતાની મેળે તૂટતાં ગયા અને પરમાણુના રૂપને ધારણ કર્યું.

પુદ્ગલમાત્રમાં વર્ણ, ગંધ રસ અને સ્પર્શાદિ ગુણોની વિદ્યમાનતાના કારણે, એક પરમાણુ સ્નિગ્ધ અને બીજો રૂક્ષ જયારે ભેગા થાય છે. ત્યારે તે દ્વિપ્રદેશિક સ્કન્ધ બને છે. ત્રણ પરમાણુ ભેગા મળતા ત્રિપ્રદેશિક યાવત્ સંખ્યેય, અસંખ્યે અને અનંત પરમાણુઓ ભેગામળતા તે તે પ્રમાણના સ્કન્ધો બને છે. આ પ્રમાણે પ્રયોગ વિશેષથી પરમાણુઓ, સ્કન્ધોના રૂપમાં અને સ્કન્ધો, પરમાણુઓ ના રૂપમાં 'પ્લેગ્રાઉન્ડના ફૂટબોળની જેમ ફરતાજ હોય છે.' સ્કન્ધો હોવા છતાં પણ કેટલાક ચક્ષુગ્રાહ્ય થતાં નથી. જેમ કે માટી દ્રવ્યના એક પરમાણુને કોઇ જોઇ શકતો નથી. ૨-૩-૪-૧૦ -૪૦-૪૦૦ પરમાણુઓનો સ્કન્ધ પણ ચર્મચક્ષુ ગ્રાહ્ય નથી બનતો. પણ જયારે ઇંટના આકારમાં અનન્ત સ્કન્ધો ભેગા મળે છે ત્યારે ચક્ષુગોચર થાય છે. હજારો ઇંટોના હજારો સ્કન્ધો જયારે પુરૂષ પ્રયોગ થી ભેગામળે છે, ત્યારે બિલ્ડીગ રૂપે મહાસ્કન્ધ બને છે. અને પાછો જયારે ક્યારે પણ તે મકાન તૂટે છે, ત્યારે તે પુદ્ગલો ગમે ત્યાં પણ ફેંકાઇ જાય છે. સમુદ્રની રેતીની માફક તે સ્કન્ધો પાછા બહાર આવે છે. અને બીજા સ્કન્ધરૂપે

પરિવર્તિત થાય છે. આરૂપે પુદ્ગલોના સ્કન્ધો પણ અનન્તાન્ત છે.

ઔદારિક વૈક્રિય અને આહારકાદિ શરીરનોને માટે સૂક્ષ્મ ઔદારિકાદિ વર્ગણાઓના પૌદ્ગલિક પરમાણુ ઓ કામે આવે છે. આ રીતે ભાષાવર્ગણા, શ્વાસોશ્વાસ અને સ્થૂળ મન માટે પણ તે વર્ગણાના પુદ્ગલોનો જત્થો ઉપયુક્ત થાય છે. દરિયાની રેતી કે પહાડના પત્થરમાંથી કોઇનું પણ શરીર બનતું નથી અને હજારો પ્રયત્નો કર્યે પણ શરીર બનવાનું નથી. પરિવર્તન શીલ આ સંસારના ક્રમમાં બ્રહ્માજીની, વિષ્ણુજીની, કે શંકરજીના ડમરૂંની પણ દાળ ગળવાની નથી.

આ કારણે જ અતીન્દ્રિયજ્ઞાની તીર્થંકર પરમાત્માઓ એ કહ્યું કે પુદ્ગલ પરમાણુઓ અને સ્કન્ધો છે . અને છે જ.

આ પુદ્ગલોમાં પરિણામ પામવાની શક્તિપણ નિર્બાધ છે. માટી દ્રવ્યમાંથી ઘટ, કુંડી આદિ બને છે. પાછા તૂટે છે. અને બીજા આકારે અને નામે આપણી સામે આવે છે, મતલબ કે આકાર વિશેષમાં રહેલું દ્રવ્ય તત્ત્વ કયારેય નાશ પામતું નથી છતાં પર્યાયો (આકારો)ના ફેરફારને (પરિણમન) રોકવાની શક્તિ કોઇની પાસે છે જ નહીં.

માતાની, ચારે તરફથી દુર્ગન્ધની ભરેલી કુક્ષીમાં નવમાસ પૂર્ણ કરી સંસારના સ્ટેજ પર અવતરેલ બાલકના હાથ, પગ, નાક, કાન આદિ શરીરાવયવો સાવ નાના હતાં અને હવે. જેમ જેમ ઉમ્ર વધતી ગઇ તેમ તેમ મોટા શી રીતે થયા ? હાથના કાંડામાં અને પગની સાથળ તથા જંઘામાં જડાઇ કયાંથી આવી ? ત્યારે કલ્પી લેવાનું જ રહેશે કે, ઔદારિક પુદ્ગલોને પ્રતિસમયે જીવ ગ્રહણ કરે છે, જેનાથી શરીરનો ચય ઉપચય થયા કરે છે. રોટી ખીચડી, દૂધ, દહિ, આમ, નારંગી, સોપારી આદિ દ્રવ્યો ઔદારિક છે, અને શરીરમાં જતાંજ યથા યોગ્ય, લોહી હાડકા, માંસ, મેદ અને છેવટે શુક્ર રૂપે પરિણત થતાં જ હાથ-પગ આદિ અવયવોમાંવૃદ્ધિ થાય છે. માટે જીવ અને પુદ્ગલ ખાણમાં રહેલા માટી અને સુવર્ણની જેમ અનાદિ કાળથી જ છે. છતા પ્રયોગ વિશેષથી એકદિવસ સોનું અને માટી જૂદા પણ પડી શકે છે, તેવી રીતે ચૈતન્ય અને જડ પણ જૂદા થતાં જ આત્માનું ઉર્ધ્વગમન થાય છે, અને જડ તત્ત્વ થી સર્વથા છુટે પડેલા આત્મા મોક્ષમાં પણ જાય છે.

ઉપરોક્ત પ્રમાણે આનુપૂર્વીઆદિ પદોને, સત્યદપ્રરૂપણાથી નિર્ણીત કરી છે.

''**सर्वंजानातीति सर्वज्ञः,**'' ૧૪, રાજ લોક પ્રમાણ

બ્રહ્માણંડમાં અનન્ત દ્રવ્યો, તે પ્રત્યેકના અનન્ત પ્રર્યાયો, તેના ભૂતભાવી કાળની સ્થિતિ, પરિણતિ અને ભવિષ્યકાળે તે પરમાણુ કોની સાથે સંબંધિત થશે આદિ તત્વોને જાણે તે સર્વજ્ઞ છે. સમ્યગ્જ્ઞાનનો ફલિતાર્થ પણ આજ છે કે વસ્તુમાત્રનો નિર્ણય એક જ પ્રકારે નહીં પણ ચારે તરફથી સર્વાંગીણ રૂપે કરવાનો રહેશ. 'જીવ છે' તે કેવો છે ? તેના ભેદો કેટલા ? તે એક છે ? અનેક છે ? કે અનન્ત છે ? તે ક્યા રહે છે ? કે આકાશાસ્તિકાયના કેટલા પ્રદેશોને સ્પર્શ કરે છે ? એક અવતાર પછી બીજે અવતાર લેતા કેટલો સમય લાગશે ? ઇત્યાદિ પ્રકારે પણ જીવનું જ્ઞાન મેળવવું તે અત્યન્ત આવશ્યક છે. આજ સુધીમાં અનન્ત જીવોએ કેવળજ્ઞાન મેળવ્યું છે અને તેઓ પરમાત્મપદને પ્રાપ્ત કરી શક્યા છે. તો પછી પરમાત્મા એકજ શા માટે ? અને તે એકને જ પરમાત્માનો ઠેંકો દેવાથી કયો ફાયદો ? ઇત્યાદી પ્રશ્નોના ઉત્તર કેવળજ્ઞાની સિવાય બીજે કોઇ પણ આપી શકે તેમ નથી. માટે જ અરિહંત પરમાત્માનું સર્વજ્ઞ વિશેષણ સર્વથા સાર્થક છે.

પ્રમાણદ્વાર

આનુપૂર્વીઆદિ પદોનો પ્રમાણદ્વાર વિચારતા કહ્યું કે, પ્રમાણ એટલે સંખ્યા શું તેની સંખ્યા સંખ્યેય છે,

અસંખ્યેય છે કે અનન્ત છે ? પરમાત્મા એ ફરમાવ્યું કે પ્રત્યેક દ્રવ્યો અનંતની સંખ્યામાં છે, અને તે આકાશના એક પ્રદેશમાં રહે છે. માટે સંખ્યેય અને અસંખ્યય ભેદોને છોડી આનુપૂર્વીઆદિ અનન્ત છે. આ પ્રમાણે અનાનુપૂર્વી અને અવક્તવ્ય પણ જાણવા પુદ્ગલ પરમાણુનું પરિણામ અચિન્ત્ય હોવાથી જેમ એક રૂમમાં હજારો દીવાઓની રોશનીને વાંધો નથી આવતો તેમ અસંખ્યેય પ્રદેશવાળા પુદ્ગલો આકાશના એક પ્રદેશમાં પણ આરામથી રહી શકે છે.

ક્ષેત્રદ્વાર

તે દ્રવ્યો લોકના એક સંખ્યાતમે ભાગે, એક અસંખ્યાતમે ભાગે, અથવા ઘણા સંખ્યાતમે ભાગે, ઘણા અસંખ્યાતમે ભાગે, કે સર્વ લોકમાં હોય છે ? આ પ્રમાણે પાંચ પ્રશ્નો છે. જવાબમાં જાણવાનું કે, ત્રિપ્રદેશથી લઇ અનન્ત પરમાણુવાળો સ્કન્ધ સામાન્યથી એક દ્રવ્યને આશ્રીને, તેમા પરિણામોની વિચિત્રતાના કારણે કેટલાક લોકના એક સંખ્યાતમે ભાગે એટલે કે સામાન્યથી આકાશના સંખ્યાતમાંભાગને અવગાહી રહે છે. બીજો અસંખ્યેય ભાગને અવગાહે છે. બીજા સંખ્યેય ભાગોને તથા અસંખ્યેય ભાગોને અને કેટલાક સર્વ લોકને વ્યાપી રહે છે. આ સ્કન્ધ

અનન્તાનન્ત પરમાણુઓથી નિષ્પન્ન છે. પ્રજ્ઞાપના આદિમાં પ્રસિદ્ધ અચિત મહાસ્કન્ધ રૂપે છે, કેવળ જ્ઞાનીના સમુદ્‌ઘાતની જેમ તે સર્વ લોકને વ્યાપીને રહેવાની શક્તિ વાળો છે. કેમ કે લોકાકાશનો એક પ્રદેશ પણ એવો નથી. જયા સૂક્ષ્મપરિણામી અનન્ત આનુપૂર્વી દ્રવ્યો ન રહેતા હોય. અનાનુપૂર્વી પરમાણુ સ્વરૂપ હોવાથી એક પ્રદેશાવગાઢ જ હોય છે. અને અવક્તવ્ય, દ્વિપ્રદેશિક હોવાથી આકાશના એક પ્રદેશ અથવા બે પ્રદેશમાં રહી શકે છે.

સ્પર્શના દ્વાર

ક્ષેત્ર એટલે આનુપૂર્વીઆદિ દ્રવ્યો જેટલા ક્ષેત્રને અવગાઢે છે. તે પ્રદેશમાત્ર ક્ષેત્રથી કહેવાય છે. જયારે સ્પર્શના દ્વારમાં આટલી વિશેષતા છે કે, તે તે આકાશ પ્રદેશમાં રહેલા પરમાણુ પોતાના આધાર આકાશ પ્રદેશ ઉપરાંત અનંતર છ દિશાના અન્ય છ આકાશ પ્રદેશો પણ સ્પર્શે છે.

કાલદ્વાર

નૈગમ વ્યવહાર મતે આનુપૂર્વી કાળની અપેક્ષાએ કેટલા સમય સુધી રહે છે ? જવાબમાં કહેવાય કે

દ્વિપ્રદેશિક સ્કન્ધને જ્યારે ત્રીજો પરમાણુ મળે છે ત્યારે અપૂર્વ કંઇક આનુપૂર્વી દ્રવ્યઉત્પન્ન થાય છે. ત્યાર પછી તેમાંથી એક પરમાણુ પાછો જૂદો પડે છે ત્યારે જઘન્યથી એક સમયનો કાળ અવસ્થિત હોય છે. અને અસંખ્યાત કાળ રહીને જૂદો પડે છે. ત્યારે ઉત્કૃષ્ટથી અસંખ્યેય સમયની સ્થિતિ કહી છે. પરન્તુ અનન્ત કાળ સુધી રહેવાની મર્યાદા નથી. કેમ કે ઉત્કૃષ્ટથી પુદ્ગલોના સંયોગની સ્થિતિ અસંખ્યેય કાળની માનવામાં આવી છે. ઘણી આનુપૂર્વીઓને લઇ સદૈવ તેમની સ્થિતિ છે. સારાંશ કે, પરમાણુ એક સમય સુધી એકાકી રહી બીજા સાથે જ્યારે મળે છે. ત્યારે એક અનાનુપૂર્વી દ્રવ્યને લઇ જઘન્યથી એક સમયનો કાળ છે.

અન્તર દ્વાર

નૈગમ વ્યવહાર મતે આનુપૂર્વી દ્રવ્યોનો વિરહકાળ કેટલો મનાયો છે ? એટલે કે આનુપૂર્વી દ્રવ્ય આનુ પૂર્વીત્વનો ત્યાગ કરી પછી તેનો લાભ એટલે મીલન કેટલા કાળે થશે ? જવાબમાં કહેવાયું કે અહિ વિવક્ષિત ત્રયણુક સ્કન્ધ છે તે વિસસ્રા (સ્વભાવ) અથવા પ્રયોગથી ખંડિત થતાં તે અનાનુપૂર્વીરૂપે કહેવાશે. એક સમય પછી સ્વભાવથી તે પરમાણુઓ પાછા તેમાં મળશે માટે જઘન્યથી

એક સમય અને ઉત્કૃષ્ટથી અનન્ત કાળ છે.

ભાગદ્વાર

પરમાણુ તથા બંને પ્રકારના સ્કન્ધોમાંથી કોણ કોનાથી કેટલામાં ભાગે ઓછા છે અથવા વધારે છે, તેની વિચારણા આ ભાગદ્વારથી કરવામાં આવે છે.

આનુપૂર્વીસ્કન્ધ, અનાનુપૂર્વી અને અવક્તવ્ય કરતા શું સંખ્યાતમે ભાગે, અસંખ્યાતમે ભાગે, અથવા બહુવચનના હિસાબે ઘણા સંખ્યાતમાભાગે કે ઘણા અસંખ્યા તમા ભાગે ઓછો છે ? કે વધારે છે ?

સંખ્યાતમે ભાગે વધારે હોય તો શું સોમાંથી વિશમાં ભાગે હશે ? અસંખ્યાતમે ભાગે વધારે હોય તો શું સો માંથી દશમાં ભાગે હશે ? ઘણા સંખ્યાતમા ભાગે વધારે હોય તો શું સોમાંથી ચાલીસ કે સાઠમે ભાગે હશે ? ઘણા અસંખ્યાતમાગભાગે વધારે હશે તો શું સો માંથી એશીના ભાગે હશે ? આ પ્રશ્ન છે. જવાબમાં જાણવાનું કે નૈગમ અને વ્યવહાર નયના મતે ત્રણુક સ્કન્ધાદિથી અનન્તાણુ સ્કન્ધ પર્યન્ત ના આનુ પૂર્વી દ્રવ્યો શેષ એટલે બંનેથી અસંખ્યાતમે ભાગે કે અનંતગુણ સોમાંથી એશીના ભાગે વધારે છે. સારાંશ કે પરમાણુ (અનાનુપૂર્વી) અવક્તવ્ય

(દ્વિપ્રદેશિક) સ્કન્ધો કરતાં પણ આનુપૂર્વી દ્રવ્યો અસંખ્યેય ગુણ વધારે છે.

પ્રશ્ન - આનુપૂર્વીઓ યદિ વધારે હોય તો ઓછા પણ કેમ ન હોઇ શકે ?

જવાબમાં જણવાનું કે, અનાનુપૂર્વી અને અવક્તવ્ય સ્કન્ધોમાં કોઇ પણ જાતનો એટલે કે આ બંનેના સ્વરૂપમાં ફેરફાર થવાની શકયતા નથી જ. જયારે ત્રણ પરમાણુના સ્કન્ધમાં, ચોથો, પાંચમો, સાતમો, દશમો, યાવત્ સંખ્યાત, અસંખ્યાત અને અનન્ત પરમારણુઓનો પણ સમાવેશ શકય છે. જયારે દ્વિપ્રદેશિક સ્કન્ધમાં હમેશાને માટે બે પરમાણુ અને અનાનુપૂર્વીમાં કેવળ એકજ પરમાણુ હોવાથી તેમાં બીજાનો સમાવેશ શકય જ નથી. માટે આનુપૂર્વી સ્કન્ધોને અસંખ્યેય ગુણ વધારે કહ્યા છે, 'શાસ્ત્રોમાં પણ કહેવાયું છે કે- ''સંખ્યેય પ્રદેશિક, અસંખ્યેય પ્રદેશિક અને અનન્ત પ્રદેશિક સ્કન્ધોમાં કોણ કોનાથી અલ્પ, તુલ્ય અને વધારે છે ? હે ગૌતમ ! અનન્ત પ્રદેશિક સ્કન્ધો સૌ થી થોડા છે, તેનાથી પરમાણુ ઓ અનન્ત ગુણા છે અને તેનાથી પણ અસંખ્યેય પ્રદેશિક સ્કન્ધો અસંખ્યેય ગુણા વધારે છે.'' આ પ્રમાણે ના આગમીય વચન પ્રમાણેજ આ પ્રસ્તુત સૂત્રમાં પણ અસંખ્યાત પ્રદેશિક સ્કન્ધો અસંખ્યાત ગુણા વધારે કહ્યા

છે. આ સ્કન્ધો પણ આનુપૂર્વીમાં જ અન્તર્ગત થાય છે.

ભાવદ્વાર

નૈગમ અને વ્યવહાર નયે આનુ પૂર્વીદ્રવ્યો કયાં ભાવમાં સમાવેશ પામશે ? શું ઔદયિક ભાવમો, ઔપશમિક ભાવમાં, ક્ષાયિક ભાવમાં, ક્ષાયો પશમિક ભાવમાં, અથવા પારિણામિક ભાવમાં ?

જવાબમાં જાણવાનું કે – આ પાંચેય ભાવોનો સંબંધ આત્માની સાથે હોવા છતાં અજીવાત્મક સ્કન્ધોને માટે પણ પ્રશ્ન કરાયો છે. જેનો ભાવ આ પ્રમાણે છે.

૧ ભવભવાન્તરના કરેલા કર્મોના ઉદયકાળમાં રચ્યો પચ્યો આત્મા ઔદયિક ભાવનો સ્વામી બને છે.

૨ પાણીના ભરેલા વાસણમાં નાખેલી રાખ જયારે અમુક સમય પછી નીચે જમી જાય છે અને ઉપરનું પાણી સ્વચ્છ બને. તેવી રીતે આત્માની પુરુષાર્થ વિશેષની શક્તિદ્વારા, કર્મના મેલને અમુક સમયે માટે ઉપશમિત કરે અર્થાત્ સત્તામાં પડેલી અને સમય આવતા બાહ્ય નિમિત્તોથી ભડકવાની સ્થિતિમાં આવેલી મોહકર્મની પ્રકૃતિઓને દબાવી દેનાર ભાગ્યશાળી આત્મા ઔપશમિક ભાવનોમાલિક બને છે.

૩ અને કર્મોના મૂળને ઉખેડી દેનાર આત્મા ક્ષાયિક ભાવવાળો કહેવાશે.

૪ કેટલીક કર્મ પ્રકૃતિને ઉપશમિત અને કેટલીક ને ક્ષય કરતો આત્મા ક્ષાયોપશમિક કહેવાશે.

૫ અને કરેલા કર્મોને ભોગવવાને માટે અમુક અમુક જીવાયોનિમાં ભટકતો આત્મા પારિણામિક ભાવમાં વર્તતો હોય છે.

જીવમાં જેમ અનન્ત શક્તિ માન્ય છે, તેવી રીતે પુદ્‌ગલ પરમાણુઓમાં પણ અનન્ત શક્તિનો પ્રત્યક્ષ અનુભવ આપણે સૌ કોઇ કરી રહ્યાં છીએ. આવા પ્રકારની સંસારની માયામાં ઇશ્વરને વચ્ચે લાવવાથી ઇશ્વરીય તત્વનું ઘોર અપમાન કહેવાશે. જ્યારે જીવમાં પ્રતિક્ષણે સુખ, દુઃખાદિ દ્વન્દ્વો પોતાની મેળે આવે છે. જાવે છે, જીવાત્માને રાવડાવે છે. હસાવે છે. ભૂખે મારે છે. મિષ્ઠાન્ન આપે છે. ઇત્યાદિ ક્રિયાઓના મૂળમાં કૃતકર્મો જ જવાબદાર હોય છે. તેવી રીતે સર્વથા જડ પુદ્‌ગલોમાં પણ ઘટ વધ થતી હોય, રૂપરંગ બદલાતા હોય નામ ઠામ પણ બદલાતા હોય તેમાં પારિણામિક ભાવનો ચમત્કાર છે.

આના કારણે સમયને પરિપાક થતાં જ જીવો અને અજીવોમાં પોતાની મેળે જ ફેર ફાર થઇ જાય છે. અનન્તાનન્ત પુદ્‌ગલ પરમાણુઓ ભેગા મલ્યા, બિલ્ડીંગ

તૈયાર થઇ, કાળવશ પાછી તૂટી, તેમાથી કેટલાક પુદ્ગ, સ્કન્ધો સમુદ્રની ખાડીમાં ફેકાયા, કેટલાક ઉકરડામાં જયારે કેટલાક બંધાતા બીજા મકાનના પાયામાં નખાયા. આ પ્રમાણે પુરુષવિશેષના પ્રયત્ન વિશેષથી પુદ્ગલો ભેગા મળે. છુટા પડે. અને કોઇક સમયે કુદરતી પ્રકોપના કારણે ફરીથી તે પુદ્ગલો ભેગા થાય. આમ જૂદા પડવું ભેગા મળવું આ બધાયમાં પારિણામિક ભાવ કામ કરે છે. તો પછી તેમાં ઇશ્વરને વચ્ચે ફસાવવાથી કયો ફાયદો ?

માટે જ **'तर्कोऽप्रतिष्ठः'** એટલે, તર્કો કુતર્કો કે વિતકાંવાદ આદિના ચક્રાવે ચડીને જીવન બરબાદ કરવું તેમાં મિથ્યાજ્ઞાન, ભ્રમજ્ઞાન સંશયજ્ઞાન કે સર્વથા અજ્ઞાન જ કામ કરી રહ્યું છે.

મોહમિથ્યાત્વ, વિષય વિલાસ અને ક્રોધમાન, માયા લોભ અને દાન-પુણ્યના કારણે ઉપાર્જિત શુભા શુભ કર્મોને બદ્ધ, સુબદ્ધ અને નિકાચિત થવાનું આત્માના પ્રદેશો સિવાય બીજું એકેય સ્થાન નથી, તેથી તે તે કર્મોના ઉદયકાળે જીવાત્માને પણ તેવા તેવા ભાવો થવા અનિવાર્ય છે. સર્વથા અનિવાર્ય છે. પ્રતિ સમયે પ્રત્યેક જીવાત્મામાં જૂદા જૂદા સ્વભાવો, લેશ્યાઓ, વૃત્તિઓ અને પ્રવૃત્તિઓને સૌ કોઇ જોઇ શકે છે. જેવા પ્રકારના કર્મોનો ઉદયકાળ હશે તેવા જ નિમિત્તો મિત્રો, વડિલો, પાડોસિઓની પ્રાપ્તિ થશે

અને ન કલ્પી શકાય તે રીતે જીવને ચક્રાવે ચડાવીને નૃત્યાંગનાની જેમ વિદાય લેશે.

આ સૂત્રમાં તો પુદ્ગલ સ્કન્ધોમાં કયો ભાવ છે, તેના જવાબમાં સૂત્રકાર કહે છે કે:- પુદગલ સ્કન્ધો જડ હોવાથી તેમને ઔદયિક ઔપશમિક ક્ષાયિક અને ક્ષાયોપશમિક ભાવો નથી, કેમ કે કૃતકર્મોના ઉદય કાળમાં જ જીવાત્માઓને જ ભાવ હોય છે. જ્યારે સ્કન્ધોમાં પારિણામિક ભાવની વિદ્યમાનતા છે. જેનો અર્થ આ પ્રમાણે છે. દ્રવ્યમાત્રનું તે તે સ્વરૂપે એટલે કે ભવાન્તર કે ભાવાન્તરરૂપે પરિણત થવું તે પરિણામ છે. અને 'ઇકણ' પ્રત્યય લાગવાથી પારિણામિક શબ્દ બનવા પામે છે.

જીવ પણ કર્મોના કારણે ક્યારેક, દેવ, નારક, તિર્યંચ, કીટ, માનવ, દુ:ખી સુખી, રોગી, શોકી, ચિન્તિત મારક-માર્ય પીડક-પીડય લેણદાર કરજદાર ઘાતક ઘાત્ય આદિ પરિણામોને પામતો તે તે નામથી સંબોધાય છે.

જ્યારે પુદ્ગલોમાં પારિણામિક ભાવ સાદિ અને આનાદિ રૂપે બે પ્રકારે છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશસ્તિકાય માં પરિણામ ભાવ અનાદિકાળનો છે...

કેમકે તેમનું સ્વરૂપ જ કોઇ પણ જાતનો ફેરફાર થયા વિનાનો છે. એટલે કે આકાશાસ્તિકાયના એક પ્રદેશ પર ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયને કયારેય એટલે કે તેત્રીસ કરોડ દેવતાઓ, જગદમ્બાઓ છેવટે શંકર (મહાદેવ)નું ડમરૂં પણ અધર્માસ્તિકાયમાં અથવા અધર્માસ્તિકાયને કયારેય ધર્માસ્તિકાયમાં પરિણત કરી શકશે નહીં. માટે તેમનો પારિણામિકભાવ અનાદિ કાળનો માનવામાં આવ્યો છે. તેમ છતાં પણ ઝઘડવાના સ્વભાવવાળા તાર્કિકોએ, ઘટાકાશ પટાકાશની કલ્પના કરી છે.

વિજલી, ઇન્દ્રધનુષ (મેઘધનુષ્ય) વાદળાઓ આદિમાં પરિણામ થાય છે તે સાદિક છે. કેમ કે અમુક પ્રકારના પુદ્‌ગલ પરમાણુઓનું જયારે સમી કરણ થાય ત્યારે મેઘ(વાદળાઓ) બને છે. અને સૂર્યના કિરણોના મિશ્રણથી મેઘધનુષ બને છે. અને જયારે પાણીના ભરેલા વાદળાઓ પરસ્પર ટકરાય છે. ત્યારે વિજળી અને મેઘનો ઘટાટોપ થાય છે. અને આના જેવી બીજા પદાર્થો સાદિક જેમાં પરિણામ વિશેષ સમયે સમયે થતાં જ રહે છે. અને પાછા વિખરાઇ પણ જાય છે. માટે તેઓ અનાદિ પારિણામિક નથી.

વિશિષ્ટ પ્રકારે એક પરિણામમાં પરિણીત પુદ્‌ગલો સ્વયં તેવા પ્રકારના પરિણામમાં અસંખ્યેય કાળ સુધી

જ રહેવા પામે છે. કારણ કે પુદ્ગલોનો સ્વભાવ જ તેવા પ્રકારનો નિયત થયેલા છે.

અલ્પ બહુત્વ.

આનુપૂર્વીઆદિ દ્રવ્યો, દ્રવ્યાર્થતા પ્રદેશાર્થતા ને મિશ્રણાર્થતાની અપેક્ષાએ કોણ કોણાથી અલ્પ, બહુ અને તુલ્ય છે ? સૌથી પ્રથમ દ્રવ્યાર્થતાની અપેક્ષાએ જવાબમાં કહેવાયું કે નૈગમ વ્યવહાર નય ના મતે અવક્તવ્ય દ્રવ્યો બીજા કરતા અલ્પ છે, અનાનુપૂર્વી દ્રવ્યો વિશેષ અધિક છે. કારણ કે વસ્તુ સ્થિતિનો સ્વભાવ જ તેવા પ્રકારનો છે. આગમમાં પણ કહેવાયું છે કે, હે ગૌતમ ! ''દ્વિપ્રદેશિક સ્કન્ધોથી પરમાણુ પુદ્ગલો વધારે છે, અને તેનાથી પણ આનુપૂર્વી દ્રવ્યો અસંખ્યેય ગુણા છે. કેમ કે દ્વિપ્રદેશિકમાં બે પરમાણુ જ હોય છે અને અનાનુપૂર્વીમાં કેવળ એકજ પરમાણુ હોય છે. એટલે અવક્તવ્ય અવકતવ્યત્વમાં અને અનાનુપૂર્વી કેવળ અનાનુ પૂવ્વિત્વમાં સ્થાન મેળવે છે. જયારે આનુપૂર્વીમાં યાવત્ અનન્ત પરમાણુઓનું પણ સ્થાન છે.

પ્રશ્ન તો પછી તેમને અસંખ્યેય ગુણા કહ્યાં તેના કરતા અનન્ત ગુણા શા માટે કહ્યાં નથી ? જવાબમાં જણવાનું કે અનન્ત પરમાણુઓના સ્કન્ધો અનાનુપૂર્વી દ્રવ્યો કરતા પણ અનન્તમે ભાગે છે.

પ્રદેશાર્થતાને લઇ અનાનુપૂર્વી દ્રવ્યો (પરમાણુઓ) સૌ કરતા થોડા છે. કેમકે પરમાણુમાં પ્રદેશોનો અભાવ છે. યદિ તેમાં પ્રદેશો હોત તો દ્વિપ્રદેશિક સ્કન્ધો કરતા પણ અધિક સંખ્યામાં આવી જત માટે પ્રદેશાર્થતાની અપેક્ષાએ પરમાણુઓ થોડા છે. પ્રશ્ન યદિ તેમાં પ્રદેશ નથી તો પછી તેની વાત કરવાથી કયો લ્હાયદો ? જવાબમાં જણવાનું કે યદ્યપિ **'परमाणुर प्रदेशः'** પરમાણુને પ્રદેશ નથી તો પણ સર્વ સૂક્ષ્મ પુદ્ગલાસ્તિકાય નિરંશ દેશ તો છે જ તેથી પરમાણુને પણ પ્રદેશાર્થતા માનવામાં વાંધો નથી. કેવળ પોતાના સ્વીકૃત પ્રદેશથી વ્યતિરિક્ત બીજો પ્રદેશ તેમને નથી. અવક્તવ્ય સ્કન્ધ અનાનુપૂર્વીથી વિશેષાધિક છે. આરીતે નૈગમ વ્યવહારના મતે આનુપૂર્વીની વક્તવ્યતા પૂર્ણ થઇ.

હવે સંગ્રહનય મતે તેમની વ્યાખ્યા મૂળ અને ટીકામાં સ્પષ્ટ હોવાથી ત્યાંથી જાણી લેવી.

ઔપનિધિકી દ્રવ્યાનુપૂર્વી એટલે શું ?

से किं तं उवणिहिया दव्वाणुपुव्वी ? तिविहा पण्णता तं जहा - पुव्वाणुपुव्वी, पच्छाणुपुव्वी, अणाणुपुव्वीअ... (સૂ.૯૬)

અર્થ:- ઔપનિધિકી દ્રવ્યાનુપૂર્વી ત્રણ ભેદે છે, તે આ પ્રમાણે, પૂર્વાનુપૂર્વી, પશ્ચાનુપૂર્વી અને અનાનુપૂર્વી કમશ: એક પછી એકની સ્થાપના કરાય તે ઔપનિધિની

છે.

અરિહંત પરમાત્માએ છ દ્રવ્યોની પ્રરૂપણા કરી છે. કેમ કે સંસાર ભરમાં આનાથી વધારે અને ઓછું એકેય દ્રવ્ય છે જ નહિ. તેમાં ધર્માસ્તિકાયાદિનો સમાવેશ થઇ જાય છે.

से किं तं पुव्वाणुपुव्वी ? धम्मत्थिकाए अधम्मत्थिकाए, आगासत्थिकाए, पोग्गलत्थिकाए अद्धा समये ... (સૂ.૯૭)

અર્થ: દ્રવ્યાનુપૂર્વીનો અધિકાર હોવાથી, ધર્માસ્તિકાયાદિમાં દ્રવ્યત્વ હોવાથી સૂત્રકારે અને ટિકાકારે તેની વ્યાખ્યા નીચે પ્રમાણે કરી છે.

દ્રવ્યોના નામ

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશસ્તિકાય.
જીવાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને અદ્ધાસમય.

૧) ધર્માસ્તિકાય છ દ્રવ્યોમાંથી કેવળ જીવાસ્તિકાય અને પુદ્ગલાસ્તિકાય બે દ્રવ્યો જ ગતિશીલ હોવાથી તે જયારે ગતિ કરે છે ત્યારે ધર્માસ્તિકાય દ્રવ્ય તેમને સહાયક બને છે, માછલી પોતાની મેળે અને પોતાની શક્તિથી જ પાણીમાં તરે છે. તો પણ પાણીની સહાયતાવિના માછલી તરી શકતી નથી. પક્ષી આકાશમાં ઉડે છે.

તો પણ આકાશની સહાયતા વિના ઉડવાની શક્યતા નથી. તેવી રીતે ગતિશીલ દ્રવ્યોને ધર્માસ્તિકાય સહાયક બનવા પામે છે. આ તેનો સ્વભાવ છે. આમાં ધર્મ અસ્તિ અને કાય આ ત્રણ શબ્દો છે. તેમાં ધર્મ એ દ્રવ્ય છે. અસ્તિનો અર્થ પ્રદેશ થાય છે. અને કાયનો અર્થ સંઘાત છે. એટલે પ્રદેશોનો સમુદાય જેને હોય તે અસ્તિકાય કહેવાય છે. સમ્પૂર્ણ લોકાકાશમાં વ્યાપી, અસંખ્યેય પ્રદેશોનો સ્વામી, ચક્ષુગોચર ન હોવાથી અમૂર્ત છે. તેવો પદાર્થ ધર્માસ્તિકાય છે.

સંસારમાં ઘણા પદાર્થો ચક્ષુગોચર હોતા નથી. આ રીતે આ દ્રવ્ય પણ ચક્ષુગોચર નથી.

૨) અધર્માસ્તિકાય - ગતિ પરિણત જીવ પુદ્‌ગલોને સ્થિર કરે અર્થાત્ આગળ જવા ન દે તે, લોકવ્યાપી, અસંખ્યેય પ્રદેશાત્મક અને ગતિનો રોધક છે. ભલે આ દ્રવ્યો ચર્મચક્ષુ ગોચર ન રહ્યાં તો પણ સંસારના સંચાલનમાં દ્રવ્યો પર નિયામક કરનાર કોઇને કોઇ તત્વને માનવામાં વાંધો નથી.

૩) આકાશાસ્તિકાય - સંસારના બધાય દ્રવ્યોને રહેવા માટે સ્થાન આપે-અવકાશ આપે તે આકાશાસ્તિકાય છે.

મર્યાદાપૂર્વક બીજા પદાર્થો સાથે સંયોગ થવા છતાં

પણ પોતાના સ્વરૂપમાં સદૈવ સ્થિર રહે, અને સૌને સ્થાન આપે છે અથવા સર્વ પ્રકારે પોતે પોતાની મૂળસ્થિતિમાં કાયમ રહે તે આકાશાસ્તિકાય છે. આ દ્રવ્ય લોક-અલોકવ્યાપી, અનન્ત પ્રદેશી, અને અમૂર્ત્ત દ્રવ્ય છે. આકાશના લોકાકાશ અને અલોકાકાશ રૂપે બે ભેદ છે. તેમાં લોકાકાશને તો અસંખ્યેય પ્રદેશ જ છે. તેથી અલોકને લઈ તેને અનન્ત પ્રદેશી કહેવાયું છે.

૪) જીવાસ્તિકાય - જે અત્યારે જીવે છે, શ્વાસ, નિશ્વાસ લે છે. ભવિષ્યમાં પણ જીવશે અને શ્વાસાદિ લેશે તે જીવાસ્તિકાય છે. અસંખ્યેય પ્રદેશાત્મક અને સર્વ લોકમાં વ્યાપ્ત થઈ રહેલા અનન્ત જીવોનો સમુદાય આ દ્રવ્ય છે. મતલબ કે પોત પોતાના કર્મોના કારણે અત્યારે તે ગમે તે યોનિ પ્રાપ્ત થયેલ હોય તો પણ તેઓ જીવે છે,શ્વાસ લે છે માટે જીવ છે.

जीवतीतिजीवः दश प्रकारान् प्राणान् धारयतीति प्राणी, अतति सततं गच्छतीति आत्मा, ઈત્યાદિ વ્યાખ્યાઓથી જ જણાય છે કે જીવ છે અને તેને અસંખ્યેય પ્રદેશો છે. યદ્યાપિ કીટ, કીડી આદિ સૂક્ષ્મ જીવોના શ્વાસ આપણે ન જોઈ શકીયે તો પણ, મનુષ્ય, ગાય, હાથીના શ્વાસની જેમ તેઓ પણ જીવ હોવાના

કારણે શ્વાસ-નિશ્વાસ લે છે. તે વિના કોઈ પણ જીવ જીવતો રહી શકતો નથી. જીવ છે માટે તેમને પણ આહારસંજ્ઞા, ભયસંજ્ઞા, પરિગ્રહસંજ્ઞા અને મૈથુનસંજ્ઞા પણ છે. વનસ્પતિમાત્રમાં જીવન સ્પષ્ટ દેખાય છે. તે વિના અંકુરોપત્તિ પછી વૃક્ષ વધે છે. પાંદડા આવે છે, ખરે છે, ફુલ આવે છે. તેમાંથી ફળ આવે છે અને તેની બીજમાંથી બીજુ વૃક્ષ થાય છે. આ કારણે જ જીવ છે.

૫) પુદ્ગલાસ્તિકાય - બીજા પરમાણુથી રહિતને પરમાણુ કહેવાય છે અને દ્વિપ્રદેશિક સ્કન્ધથી લઈ અનન્ત પરમાણુઓ, સ્કન્ધો પણ અનન્ત છે. તે બધાય પ્રયોગ અને વિસસા (સ્વભાવ)ના કારણે અમુક સ્કન્ધોમાંથી છુટા પડે છે અને પાછા સ્નિગ્ધ અને રૂક્ષતાની યોગ્યતા મળતા ભેગા થાય છે. પ્રતિ સમયે પુદ્ગલોમાં હીનાધિકય થતું રહે છે.

૬) અદ્ધા - નો અર્થ કાળ થાય છે, વ્યવહારમાં તેને સમય શબ્દથી સંબોધાય છે. પરન્તુ તે અનેકાર્થ હોવાથી તેનું શાસ્ત્રીય નામ અદ્ધા છે. એનો બીજો અર્થ નથી, જયારે સમય એટલે સંકેત, શપથ, શાસ્ત્ર આદિ જૂદા જૂદા અર્થો થાય છે. અત્યન્ત જીર્ણ-શીર્ણ સાડીને બે જુવાન માણસો આંખના પડકારે જ ફાડી નાંખે છે. આમાં એક

તંતુ(તાંતણા)થી બીજા તંતુને ફાટતાં જેટલો સમય થાય તેનાથી પણ વધારે સૂક્ષ્મ અને પૂર્વ કે અપરકોટિથી મુક્ત વર્તમાનના એક જ કાળાશંને અદ્ધા કહેવાય છે. માટે તેમાં અસ્તિકાય શબ્દ મૂક્યો નથી. યદ્યપિ ભૂતકાળ વ્યતીત થઈ ગયો છે અને ભવિષ્યકાળ માથા પર આવ્યું નથી, માટે વર્તમાન એક જ કાળ પ્રદેશનો સમયરૂપ સદ્ભાવ છે.

પ્રશ્ન - ઘણા સમયનો સદ્ભાવ પણ માની લેવામાં શો બાધ છે ? કેમ કે - સમય, આવલિકા, મુહૂર્ત, દિવસ, અહોરાત્ર, પક્ષ, માસ, વર્ષમાં સમય બહુત્વ અનુભવાય છે. જવાબમાં કહેવાયું કે આવલિકાદિ કાળ વ્યવહારથી મનાય છે, માટે અહિં તો નિશ્ચયનયના મતે વર્તમાન સમયના કાળાશંને જ અદ્ધા માનવામાં આવ્યું છે. પુદ્ગલસ્કન્ધમાં તો પરમાણુઓનો સંઘાત માન્ય છે, જ્યારે આવલિકાઓમાં સમય સંઘાત નથી.

જીવ અને પુદ્ગલોની ગતિ તથા સ્થિતિમાં ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયની વિદ્યમાનતા સ્વીકાર્ય છે. કદાચ કોઈ કહે કે જીવપુદ્ગલોની ગતિ અને સ્થિતિ ભલે રહી અને ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાયનો અભાવ માની લઈએ તો શો વાંધો ?

જવાબમાં જાણવાનું કે તેમ માનવાથી એક દોષ સ્પષ્ટ

દેખાય છે કે યદિ અધર્માસ્તિકાયને ન માનીએ તો સિદ્ધશિલા પ્રાપ્ત જીવનીગતિને રોકનાર કોઈ ન હોવાથી તેની ગતિ અલોકાકાશમાં થઈ જશે. અર્થાત્ સિદ્ધના જીવોને કયાંય પણ સ્થિર રહેવાનો અવકાશ રહેશે નહીં અને લોકાકાશ - અલોકાકાશમાં જ ભ્રમણ કરતાં રહેશે. જે જૈનશાસનને મુદ્દલ માન્ય નથી. આ કારણે જ ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયની મર્યાદા, લોકાકાશના અન્તિમ ભાગ સુધી જ માન્ય છે. આનાથી આગળ જીવો અને પુદ્ગલો જઈ શકતા નથી.

બીજી વાત આ છે કે આ બંને દ્રવ્યો ન માનીએ તો જીવો અને પુદ્ગલો ધર્માસ્તિકાયના સહકારથી અલોકાકાશમાં જતાં લોક એટલે દશ્યમાન લોક એક દિવસે જીવ અને પુદ્ગલ રહિત થતાં મોટામાં મોટુ અનિષ્ટ થશે. પણ આવું કોઈ કાળે બન્યું નથી, બનવાનું નથી. માટે જ સંસારની વ્યવસ્થાનને વાંધો ન આવે તે માટે આ બંને દ્રવ્યો કેવળજ્ઞાની દષ્ટ હોવાથી માન્ય રહ્યાં છે. કેમ કે કેવળજ્ઞાનના માલિકો-અરિહંત પરમાત્માઓ જ યથાર્થવાદી હોય છે. માટે સંસારગત જીવોને પુદ્ગલોને યથાર્થ રૂપે જુએ છે અને પ્રરૂપે છે. અને છદ્મસ્થ પંડિતો, મહાપંડિતો સંસારની યથાર્થતા સુધી પહોંચવા માટે સર્વથા અસમર્થ રહ્યાં છે.

આ બંને દ્રવ્યો આધાર ભૂત નથી પણ આધેય હોવાથી તેમને સ્થાન આપવા માટે આકાશાસ્તિકાય છે. કદાચ કોઈ કહે કે, આકાશાસ્તિકાયને આધેય માનીએ અને ધર્માદિ બંનેને આધાર માનીએ તો શો વાંધો ? જવાબમાં કહેવાયું કે તે બંનેનું કાર્ય ગતિ અને સ્થિતિરૂપે નક્કી થઈ ગયું છે. જ્યારે આકાશનું કામ બધાય દ્રવ્યોને સ્થાન દેવાનું છે. આ રીતે પ્રત્યેક દ્રવ્યને પોત પોતાનું કાર્ય નિયત છે માટે જ સંસારના સંચાલનમાં ક્યારેય ગરબડ નથી. તેમ ઈશ્વરાદિ દેવોનું પણ કંઈ ચાલી શકે તેમ નથી.

ઘટાદિજ્ઞાન ગુણ પ્રત્યેક પ્રાણીને સ્વસંવેદનસિદ્ધ હોવાથી જીવનું અસ્તિત્વ નિર્બાધ સિદ્ધ થાય છે. ભોગવાતા સુખદુ:ખોનો અનુભવ સૌ કોઈને માન્ય છે. અને ભોગવાતાં પદાર્થો પ્રાય: કરી જડ છે માટે તેનો ભોગવનારો ચૈતન્ય સ્વરૂપી આત્મા છે. પત્થર ઉપર ગમે તેટલું દૂધ નાખીએ અને ગમે તેટલા પ્રયોગો કરવામાં આવે તો પણ જડમાં ભોકતૃત્વ આવી શકે તેમ નથી. માટે આત્મા જ ભોક્તા છે. આવો અનુભવ જ આત્મતત્ત્વને સિદ્ધ કરે છે. જ્ઞાનાદિ ગુણો છે માટે ગુણો જ્યાં રહે તેવા ગુણીની કલ્પના કરવાની રહે છે. કેમ કે જ્ઞાન સ્વયં અમૂર્ત છે. ચૈતન્યસ્વરૂપી છે અને હંમેશાને માટે પાંચે ઈન્દ્રિયોને અપ્રત્યક્ષ છે અને ઈન્દ્રિયો જડ છે, મૂર્ત છે માટે તે જીવ નથી.

તેવી રીતે માતાની કુક્ષિમાં શરીરની રચના થાય છે અને શ્મશાનમાં ભસ્મીભૂત થાય. આ કારણે શરીર પણ ઉત્પન્ન થતું હોવાથી જડ છે માટે તેમાં સચેતનતા આવી શકે તેમ નથી. ચાલવું, ફરવું, ખાવું, પીવું આદિ ક્રિયાઓ શરીરના માધ્યમથી થતી દેખાય છે પણ તે શરીરકૃત નથી પણ આત્મકૃત છે, જ્યાં સુધી શરીરમાં આત્માની વિદ્યમાનતા છે ત્યાં સુધી જ તેમાં ચલનાદિ દેખાય છે. મડદામાં કંઈ પણ દેખાતું નથી. કેમ કે તે આત્મરહિત હોવાથી જડ છે.

પૂર્વભવીય શરીર ભસ્મસાત્ થાય છે અને નવો અવતાર લેવા માટે જીવ ઋણાનુબંધને વશ થઈ માતાની કુક્ષિમાં પદાર્પણ કરે છે. નવ મહિના પછી જન્મ લે છે માટે જેનું ઉત્પાદન છે તેનો નાશ છે જ્યારે આત્મા અજર છે, અમર છે. આ બધા કારણે જ જ્ઞાનાદિ ગુણો શરીરના નથી પણ આત્માના છે.

યદિ ગુણોને અનુરૂપ ગુણીને કલ્પી ન શકીએ તો અનવસ્થા દોષ નામની ડાકણ તૈયાર ઉભી છે. યદિ અરૂપીઆકાશનાં ગુણો રૂપાદિ ગુણોને માનીએ તે પણ બંધ બેસતી વાત નથી. કેમકે રૂપાદિ ગુણો સ્વયં પૌદ્ગલિક હોવાથી મૂર્ત છે અને આકાશ અરૂપી છે. શબ્દ પણ પૌદ્ગલિક હોવાથી રૂપી છે. માટે **'शब्दगुणमाकाशम्'** આ સૂત્ર

બુદ્ધિશાળી તાર્કિકોને હૃદયંગમ થઈ શકે તેમ નથી.

પુદ્ગલાસ્તિકાય - પરમાણુ અને સૂક્ષ્મ પરિણામી પુદ્ગલ સ્કન્ધોને છોડી બીજા બધાય એટલે પુદ્ગલોમાંથી બનેલા ઘટ, પટ, મકાન, શરીર આદિ પદાર્થો સૌને માટે પ્રત્યક્ષ છે.

કાલ - એટલે સમયનો પરિપાક થતાં પદાર્થમાત્ર (જીવ-અજીવ)માં જે ફેરફાર થાય છે. તેમાં સમયનો જ ચમત્કાર છે. જેમ સમય આવતા વૃક્ષના જૂના પાંદડા ખરે અને નવા પાંદડા આવે છે. બાલ્યાવસ્થા, યૌવનાવસ્થા, પ્રૌઢાવસ્થા અને વૃદ્ધાવસ્થા આદિ માનવ શરીરના ફેરફારો સમય એટલે કાળ દ્રવ્યને આધીન છે.

ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોના ક્રમ માટે જાણવાનું કે ધર્મ શબ્દ મંગળવાચક હોવાથી અને સૌ કોઈ મંગળને ઈચ્છતા હોવાથી છ દ્રવ્યોમાં સૌથી પહેલા ધર્માસ્તિકાય મૂકાયો છે. તેનાથી વિપરીત અધર્માસ્તિકાય છે બંનેને આધારભૂત આકાશાસ્તિકાય ત્રીજા નંબરે છે. આ ત્રણે દ્રવ્યો અમૂર્ત છે અને જીવ પણ અમૂર્ત છે, માટે સામ્ય હોવાથી ચોથા નંબરે જીવાસ્તિકાય છે. પરન્તુ પુદ્ગલોને ગ્રહણ કર્યા વિના (સિદ્ધાત્માઓને છોડીને જીવ એકલો રહી શકતો નથી. માટે પાંચમા નંબરે પુદ્ગલાસ્તિકાય છે. જે જીવમાત્રનો સુખદુઃખ ભોગવવાને માટે અનાદિકાળનો મિત્ર છે અને છેવટે

જીવને સુખી દુઃખી તેમ જ પુદ્ગલોમાં અમૂક ફેરફાર કાળદ્રવ્ય વિના શી રીતે થશે ? માટે સૌથી પાછળ કાળ દ્રવ્ય મૂકવામાં આવ્યું છે.

આ પ્રમાણે પૂર્વાનુપૂર્વીની ચર્ચા પૂર્ણ થઈ.

પશ્ચાનુપૂર્વીમાં ક્રમશઃ ગોઠવાયેલા શબ્દોને પ્રતિલોમ પૂર્વક એટલે કે પાછળના શબ્દને આગળ મૂકવો જેમ કે અદ્ધા, પુદ્ગલાસ્તિકાય, જીવાસ્તિકાય, આકાસ્તિકાય, અધર્માસ્તિકાય અને ધર્માસ્તિકાય આ પ્રમાણે કરેલી સ્થાપનાને પશ્ચાનુપૂર્વી કહેવાય છે.

ઔપનિધિકી દ્રવ્યાનુપૂર્વી બીજી રીતે ત્રણ પ્રકારની છે. જેમ કે - પરમાણુ, દ્વિપ્રદેશિક, યાવત્ અનંત પરમાણુઓનો સ્કન્ધ, પશ્ચાનુપૂર્વીમાં પ્રતિલોમ પ્રકારે જાણવું.

ઔપનિધિકી અને અનૌપનિધિકી રૂપે ક્ષેત્રાનુપૂર્વી બે પ્રકારે છે તેમાં ઔપનિધિકી ચર્ચા મૂળ અને ટીકાથી જાણી લેવી નૈગમવ્યવહાર મતે અને સંગ્રહનયમતે પૂર્વવત્ જાણવું. હવે ક્ષેત્રાનુપૂર્વી, અદુપદપ્રરૂપણા, ભંગસમુત્કીર્ણ, ભંગોપ્રદર્શન, સમવતાર અને અનુગમ રૂપે પાંચ ભેદે છે. (સૂ. ૧૦૨)

ઔપનિધિકી ક્ષેત્રાનુપૂર્વી એટલે શું ?

से किं कं उवणिहिआ खेतानुपूव्वी... (સૂ. ૧૦૩)

આમાં પણ ત્રણ ભેદ પૂર્વાનુપૂર્વી, પશ્ચાનુપૂર્વી અને અનાનુપૂર્વી રૂપે ત્રણ પ્રકાર જાણવા. અધોલોક, તિર્યક્‌લોક અને ઉર્ધ્વલોક પૂર્વાનુપૂર્વી છે. વિપરીતે પશ્ચાનુપૂર્વી છે.

દ્રવ્યાનુપૂર્વીના અધિકારમાં ધર્માસ્તિકાયાદિ ષડ્દ્રવ્યોનું વર્ણન કર્યા પછી, ક્ષેત્રાનુપૂર્વીમાં ક્ષેત્રને લઈ અધોલોક, તિર્યક્‌લોક અને ઉર્ધ્વલોકનું વર્ણન કરવામાં આવશે. જે લોક ૧૪ રજ્જુ પ્રમાણ લાંબો, પંચાસ્તિકાયમય, લોકના ત્રણ વિભાગ છે. તેમાં રત્નપ્રભા પૃથ્વીના બહુસમભૂભાગવાળા મેરૂપર્વતના મધ્યભાગના મધ્યમાં આકાશના બે બે પ્રતરો છેતેમાંથી એક પ્રતરમાં આઠ પ્રદેશી રૂચક છે. તે પ્રતરના મધ્યે નીચેના પ્રતરથી લઈ નવસો યોજન છોડીને કંઈક વધારે સાત રજ્જુ પ્રમાણ અધોલોક છે. કેવળ, કેવળી પરમાત્માની બુદ્ધિથી જાણી શકાય તે લોક છે. લોકની નીચે રહેલો હોવાથી અધોલોક કહેવાય છે અને રૂચક પ્રતરના બીજાની મધ્યે ઉપરના પ્રતરથી લઈ નવસો યોજન પાર કર્યા પછી કંઈક ઓછા સાત રજ્જુ પ્રમાણ છે. તે ઉર્ધ્વલોક કહેવાય છે. જ્યારે બંનેની વચ્ચે તિર્યક્‌લોક આવેલો છે. આ બધી વાતો મારા લખેલા ભગવતી સૂત્ર સાર સંગ્રહમાં સારી રીતે ચર્ચાઈ છે. ગુણસ્થાનકોમાં જેમ જઘન્યગુણસ્થાનક મિથ્યાદષ્ટિનો મનાયો છે. તેવી રીતે ત્રણે લોકમાં અધોલોક હીનપરિણામી હોવાથી સૌથી

પહેલા તેને મૂક્યો છે. તેમાં આનુપૂર્વી પ્રમાણે અધોલોકમાં રત્નપ્રભાપૃથ્વી, શર્કરાપ્રભાપૃથ્વી, વાલુકાપ્રભાપૃથ્વી, પંકપ્રભાપૃથ્વી, ધૂમપ્રભાપૃથ્વી, તમઃપ્રભાપૃથ્વી અને તમસ્તમા પૃથ્વીઓ છે. આ સાત ભૂમિઓ નરકભૂમિઓ તરીકે પ્રસિદ્ધ છે. તેની વિશદવ્યાખ્યા ભગવતી સૂત્ર સાર સંગ્રહમાંથી જાણવી.

તિર્યગ્લોક ક્ષેત્રાનુપૂર્વી આ પ્રમાણે છે તે પ્રથમ આટલું જાણવાનું કે, બધાય ક્ષેત્રો અને સમુદ્રોની વચ્ચે થાલીના આકાર જેવો જમ્બૂદ્વીપ આવેલો છે, ત્યાર પછી ઠેઠ સ્વયંભૂરમણ સમુદ્રસુધી વલયાકારે અર્થાત્ સ્ત્રી પોતાના હાથે જે ચૂડી પહેરે છે તે ગોળાકારે અને વચ્ચે પોલાણવાળી હોય છે માટે થાલીના આકાર જેવા જમ્બૂદ્વીપને લવણસમુદ્ર ચારે તરફથી વીંટાઈને રહ્યો છે દ્વીપનો અર્થ આ પ્રમાણે છે, તિર્યંચ તથા મનુષ્ય પ્રાણીઓને સ્થાન દેનાર, આહાર દેનાર, આદિ હેતુઓ વડે પ્રાણીમાત્રની રક્ષા કરે તેને દ્વીપ કહેવાય છે અને મર્યાદામાં રહેલો હોવાથી સમુદ્ર કહેવાય છે, જેમાં પ્રચુર જળ હોય છે.

દ્વીપસમુદ્રોના નામો નીચે પ્રમાણે છે અને એક એકથી દ્વિગુણિત જાણવા.

જમ્બૂદ્વીપ, લવણસમુદ્ર, ઘાતકીખંડ, કાળોદધિ, પુષ્કરદ્વીપ, પુષ્કરોદસમુદ્ર, વરૂણ દ્વીપ, વારૂણોદસમુદ્ર,

ક્ષીરવરદ્વીપ, ક્ષીરોદસમુદ્ર, ઘૃતવરદ્વીપ, ઘૃતોદસમુદ્ર, ઈક્ષુવરદ્વીપ, ઈક્ષુવરસમુદ્ર ઈતિયાદિ શુભનામો અને શુભસ્પર્શોવાળા દ્વીપો અને સમુદ્રો જાણવા યાવત્ સ્વયંભૂરમણ સમુદ્ર સુધી જાણવા.

ઉર્ધ્વલોક ક્ષેત્રાનુપૂર્વી આ પ્રમાણે છે - સૌધર્મ, ઈશાન, સનત્કુમાર, માહેન્દ્ર, બ્રહ્મલોક, લાંતક, મહાશુક્ર, સહસ્રાર, આનત, પ્રાણત આરણ અને અચ્યુત. લોકપુરૂષના ગ્રીવાસ્થાને રહેલા નવગ્રૈવેયક અને અનુત્તર પાંચવિમાન ત્યાર પછી ઈષત્પ્રાગભારા પૃથ્વી છે.

અથવા ઔપનિધિકી ક્ષેત્રાનુપૂર્વી બીજા પ્રકારે પણ છે એક પ્રદેશાવગાઢ, દ્વિપ્રદેશિકાવગાઢ, યાવત્ અસંખ્યેયાવગાઢ છે. જયારે પશ્ચાનુપૂર્વીનો ક્રમ વિપરીત જાણવો.

કાલાનુપૂર્વી - ઔપનિધિકી અને અનૌપનિધિકીની વ્યાખ્યા રૂપે બે પ્રકારે છે. આમાં પણ અનૌપનિધિકીની વ્યાખ્યા નૈગમવ્યવહારનયે અને સંગ્રહનયે મૂળ અને ટીકાથી જાણી લેવી (સૂ. ૧૧૪)

હવે ઔપનિધિકી કાલાનુપૂર્વી પણ પૂર્વોકતરૂપે ત્રણ ભેદે છે. તેમાં પૂર્વાનુપૂર્વી આ પ્રમાણે જાણવી. સર્વસૂક્ષ્મ કાલાંશ (સમય)થી લઈને યાવત્ સાગરોપમ સુધીનો કોષ્ઠક મારા લખેલા ભગવતી સૂત્ર સાર સંગ્રહના ભાગોથી

જાણવો. તે આ પ્રમાણે

સર્વ સૂક્ષ્મ કાલાંશ - ૧ સમય
અસંખ્ય સમય - ૧ આવલિકા
સંખ્યેય આવલિકા - ૧ આણ (ઉશ્છવાસ)
આણ નિશ્વાસ - ૧ પ્રાણ
૭ પ્રાણ - ૧ સ્તોક
૭ સ્તોક- ૧ લવ
૭૦ લવ - ૧ મુહૂર્ત
૩૦ મુહૂર્ત - ૧ અહોરાત
૧૫ અહોરાત - ૧ પક્ષ (પખવાડિયું)
૨ પક્ષ - ૧ માસ
૨ માસ - ૧ ઋતુ
૩ ઋતુ - ૧ અયન
૨ અયન - ૧ વર્ષ
૫ વર્ષ - ૧ યુગ
૨૦ યુગ - ૧૦૦ વર્ષ
૧૦ વર્ષશત - ૧ સહસ્ર
૧૦૦ સહસ્ર - ૧ લક્ષ (લાખ વર્ષ)
૮૪ લાખ વર્ષ - ૧ પૂર્વાંગ
૮૪ લાખ પૂર્વાંગ - ૧ પૂર્વ

સારાંશ કે ૮૪ લાખને ૮૪ લાખે ગુણતા

૭૦૫૬૦૦૦૦૦૦૦૦૦. વર્ષનો ૧ પૂર્વ થાય છે.

૮૪ લાખ પૂર્વ - ૧ ત્રુટિતાંગ
૮૪ લાખ ત્રુટિતાંગ - ત્રુટિત અટટ
આ પ્રમાણે ૮૪ લાખથી ગુણતાં જવું -

અટટાંગ, અટટ, અવવાંગ, અવવ, હુહુકાંગ, હુહુક, ઉત્પલાંગ, ઉત્પલ, પદ્માંગ, પદ્મ, નલિનાંગ, નલિન, અર્થનિપુરાંગ, અર્થનિપુર, અયુતાંગ, અયુત, નયુતાંગ, નયુત, પ્રયુતાંગ, પ્રયુત, ચૂલિકાંગ, ચૂલિકા, શીર્ષપ્રહેલિકા

આ રીતે ત્રુટિતના આગળની સંખ્યાને ૮૪-૮૪ લાખ વર્ષ સાથે યાવત્ શીર્ષપ્રહેલિકા સુધી ગણવાં, આનાથી આગળ પણ સંખ્યેય કાલ છે પરન્તુ આપણા જેવા જ્ઞાનાતિશય વિનાના માનવોને વ્યવહાર્ય નથી. માટે પલ્યોપમ, સાગરોપમની ઉપમાથી કાલ ગણવાની ભલામણ કરાઈ છે.

૧૦ કોડાકોડી પલ્યોપમ - ૧ સાગરોપમ
૧૦ કોડાકોડી સાગરોપમ - ૧ ઉત્સર્પિણી
૧૦ કોડાકોડી સાગરોપમ - ૧ અવસર્પિણી

આવા પ્રકારના અનન્ત ઉત્સર્પિણીઓ અને અવસર્પિણીઓના સમયને પુદ્ગલ પરાવર્તનને અતિતાદ્ધા અને તેટલા જ પ્રમાણવાળા કાળને અનાગતાદ્ધા કહેવાય

છે.

આપણા જીવાત્માએ પણ આવા કાળચક્રો અનન્ત સંખ્યામાં પૂર્ણ કર્યા છે.

ઉત્કીર્તનાનુપૂર્વી – પરિપાટિ અનુક્રમપૂર્વક શબ્દોનું ઉચ્ચારણ કરવું તે ઉત્કીર્તનાનુપૂર્વી છે. તેમાં આ અવસર્પિણી કાળમાં સૌ પ્રથમ ઉત્પન્ન થયેલા હોવાથી ઋષભ દેવનું નામ પ્રથમ મૂકીને છેવટે મહાવીર સ્વામીનું નામ ઉચ્ચારવું. તે આ પ્રમાણે : ઋષભ, અજિત, સંભવ, અભિનન્દન, સુમતિ, પદ્મપ્રભ, સુપાર્શ્વનાથ, ચન્દ્રપ્રભ, સુવિધિ, શીતલ, શ્રેયાંસ, વાસુપૂજય, વિમલ, અનન્ત, ધર્મ, શાન્તિ, કુંથુ, અર, મલ્લી, નમિ, નેમિ, પાર્શ્વ અને મહાવીર સ્વામી. આ ઉત્કીર્તનાનુપૂર્વી છે. દ્રવ્યાનુપૂર્વીમાં કેવળ દ્રવ્યોનો જ વિન્યાસ હતો. ત્યારે અહિ તેમનો તે પ્રમાણે જ ઉચ્ચારણ કરવું કેવળ એટલા પૂરતો જ ભેદ છે. આ પ્રસ્તુત શાસ્ત્રમાં કેવળ સામાયિકાદિ આવશ્યકનું જ ઉચ્ચારણ કરવું ઠીક હતું. ત્યારે અપ્રકાન્ત ઋષભાદિનું ઉચ્ચારણ ઠીક લાગતું નથી. જવાબમાં જણવાનું કે પ્રસ્તુત શાસ્ત્ર સર્વવ્યાપક હોવાથી ઋષભાદિનું ઉચ્ચારણ આદિમાં કરાયું છે. કેમ કે – તીર્થંકર પરમાત્મા જ તીર્થના પ્રણેતા છે માટે તેમનું સ્મરણ, નામોચ્ચારણ પણ કલ્યાણ માટે જ હોય છે.

ગણનાપુપૂર્વી

ઉત્કીર્તનાનુપૂર્વી કેવળ નામ માત્રનું ઉત્કીર્તન હતું જ્યારે આ ગણાનાનુપૂર્વીમાં એક થી લઈ સંખ્યાને ગણવાની છે. જેમ કે એક, દશ, સો, હજાર, દશ હજાર, કરોડ, દશ કરોડ, સો કરોડ આદિ સંખ્યા ગણવાની છે. અનુક્રમે સંખ્યા ગણવી તે આનુપૂર્વી છે.

સંસ્થાનુપૂર્વી - માં સંસ્થાન માટેની વિચારણા કરવાની છે. સમચતુરસ્ર, ન્યગ્રોધ પરિમંડલ, સાદિ, કુબ્જ, વામન અને હુંડક આ રીતે છ સંસ્થાન છે. સંસ્થાનનો અર્થ શરીરાકાર છે. જે જીવ અને અજીવ બંનેમાં સંભવિત છે. આ સૂત્રમાં કેવળ જીવસંબંધી સંસ્થાનની ચર્ચા છે. તેમાં પણ પંચેન્દ્રિય જીવોના સંસ્થાનો કેવા કેવા હોય તેની ચર્ચા જ પ્રસ્તુત છે.

આપણે પ્રત્યક્ષ જોઈ શકીએ છીએ કે, એક જ વૃક્ષ (ઝાડ)ના પાંદડા પણ એક સમાન હોતા નથી. કોઈ પીળા, લીલા, સુકા, નાના, મોટા, નસો દેખાય તેવા અને નસો વિનાના કુણા પાંદડા, કોઈ ખરવાની તૈયારીમાં હોય, કોઈ નવા પાંદડા રૂપે જન્મવાની તૈયારી વાળા હોય છે. આવું શા માટે ?

જવાબમાં જાણવાનું કે - જૈન શાસને વનસ્પતિમાત્રને જીવ રૂપ માનેલી હોવાથી વૃક્ષના મૂળનો, થડનો, મોટી

ડાળનો, નાની ડાળનો અને એક એક પાંદડે એક એક જીવની સિદ્ધિ કરી છે. તે બધાય જીવો કરેલા કર્મોના કારણે એક બીજથી સર્વથા જૂદા છે. સૌની ગતિઓ જૂદી હોવાથી એક જ ઝાડના પાંદડા એક સમાન હોતા નથી. તેવી રીતે સંસારવર્તી જીવમાત્રના કર્મો પણ જૂદા જૂદા હોય છે. આ સૂત્રમાં પંચેન્દ્રિય જીવોની વાત છે તેથી કર્મોના કારણે મનુષ્યો પણ એક સમાન હોતા નથી. કોઈ નાકથી, આંખથી, કાનથી, હાથ પગથી, નખથી, રેખાઓથી, વાળથી, ચામડીથી, રૂપરંગથી અને જ્ઞાન વિજ્ઞાન બુદ્ધિ તારતમ્યથી છેવટે સ્વ...થી પણ જૂદો દેખાય છે. કર્મો શુભ અને અશુભ બે પ્રકારે છે. પૂર્વભવના સારા સત્કાર્યોના ફળે આ ભવમાં રૂપરંગ અને શરીરાકૃતિ દર્શનીય, મોહનીય, આકર્ષણીય, નયનરમ્ય અપે બીજાઓમાં ચમત્કાર કરે તેવી હોય છે. આવા માણસો બેઠા હોય કે ઉભા હોય ચાલતા કે હસતાં હોય તેમની બધીય ચેષ્ટાઓ સૌને ગમશે.

જયારે ઉપાર્જિત કરેલા અશુભ કર્મોના કારણે, શરીરાકૃતિ, રૂપરંગ બોલવાની, ચાલવાની ચેષ્ટાઓ સૌને માટે અદર્શનીય જ રહેવા પામે છે.

તીર્થંકરો, ગણધરો, ચક્રવર્તીઓ, બલદેવો, વાસુદેવો તેમ જ પુણ્ય પનોતા પુરૂષોના શરીરાકારો પ્રાયઃ કરી સૌને આનન્દદાયક હોય છે. કેમ કે તેઓએ પૂર્વભવમાં સત્કાર્યો, દાન, પૂણ્ય, ગુણીયલોની પ્રશંસા, સંતસમાગમ, દેવપૂજા

અને પોતાના ઓટલે આવનાર દીન દુ:ખી તેમ જ અનાથોના પેટ ને ઠારનારા આદિ પુણ્ય કર્મો કરી આ ભવમાં સુંદર, સોહામણા, શરીરના માલિક બનવા પામે છે.

જ્યારે દેવગુરૂ ધર્મના નિંદક, દુર્જન અને દુરાચારીની સોબત કરનારા તથા સૌને માટે વાંકુ બોલનારા માતાપિતાઓના દ્વેષી આવતા ભવને બગાડનારા બને છે.

૧) સમચતુરસ્રસંસ્થાન - પૂર્વભવના ઉપાર્જિત કરેલા શુભકર્મોને લઈ, માનવનું શરીર, સર્વાંગીણ સુંદર, સુવ્યવસ્થિત, પ્રત્યેક અંગ અને ઉપાંગ, સામુદ્રિક શાસ્ત્ર પ્રમાણે પ્રમાણસર, હાથ - પગ - પેટ - છાતી - મસ્તક અને બંધાઓ સૌને ગમે તેવા હોય છે. સમ એટલે સરખા, ચતુર એટલે ચાર અને અસ્ર એટલે ખૂણા. મતલબ કે પળોઠી મારીને બેઠા પછી ડાબા ઢિચણથી જમણા ખભા સુધી અને જમણા ઢિચણથી ડાબા ખભા સુધી શરીરાકાર શોભનીય હોય છે. તેમ જ પોતાના આંગળાથી ૧૦૮ આંગળ ઉંચા હોય. મતલબ કે કોઈ પણ જાતની ખોડખાપણ ન હોય તેમાં સમચતુરસ્રસંસ્થાનનો ચમત્કાર છે.

૨) ન્યગ્રોધસંસ્થાન - સંસ્કૃતમાં વડના ઝાડને ન્યગ્રોધ કહેવાય છે. તેના થડ તરફ નજર કરીએ તો ઉપરનો ભાગ દૂર દૂરથી પણ સારો લાગે છે. તેવી રીતે નાભીથી

ઉપરનું શરીર, મુખ, આંખ, પેટ, છાતી, ભૂજા, પંજે, માથાના વાળ આદિ સમચતુરસ્રસંસ્થાન જેવા સુંદર હોય છે. પણ નાભીથી નીચેનું શરીર સાથળો, જાંઘો, પગ, પગના તળીયા આદિ ભાગો સામુદ્રિક દૃષ્ટિએ હીન લક્ષણવાળા હોય છે.

૩) સાદિસંસ્થાન - એટલે નાભીથી નીચેના શરીરાવયવો સુંદર હોય જ્યારે ઉપરના શરીરાવયવો પ્રમાણસર હોતા નથી.

૪) કુબ્જ - જેમાં હાથ પગ આદિ સારા હોય છે પણ છાતીનો ભાગ (હૃદય), ઉદર (પેટ) અને પાછળનો ભાગ સારો હોતો નથી.

૫) વામન - કુબ્જથી વિપરીત હોય છે.

૬) હુંડકસંસ્થાન - શરીરના લગભગ બધા ય અવયવો ખોડખાપણ વાળા હોય છે. જેમ કે છાતી મોટી તો પેટ નાનું, મોઢુ નાનું તો માથુ મોટું, કાન ટૂંકા અને આંખો ઠેઠ અન્દર ઉતરેલી હોય. ચાલ પણ વાંકી ચૂકી અને બેસવું-ઉઠવું પણ હાસ્યજનક હોય છે.

સમાચારીઆનુપૂર્વી - ના દશ ભેદ છે. ઓઘનિર્યુક્તિમાં કહેલી ઓઘસમાચારી અને નિશીથ કલ્પાદિમાં કહેલી પ્રાયશ્ચિત્ત આદિ પદવિભાગવાળી સમાચારી છે. પરન્તુ આ પ્રસ્તુતસૂત્રમાં ઈચ્છ, મિચ્છાદિક

અર્થવાળી દશ પ્રકારની સમાચારીની ચર્ચા છે. તે આ પ્રમાણે ઈચ્છાકાર, મિથ્યાકાર, તથાકાર, આવશ્યકી, નૈષેધિકી, આપૃચ્છના, પ્રતિ પ્રચ્છન્ના, છન્દના, નિમંત્રણ, ઉપસમ્પદા.

માનસિક, આત્મિક, કાયિક અને વાચિક જીવનમાં સભ્યપુરૂષોને શોભે તેવું વિનયવિવેક પૂર્ણ આચરણ કરવું તેને સમાચારી કહેવાય છે.

અરિહંત પરમાત્માઓના શાસનની આ જ વિશેષતા છે કે છદ્મસ્થ મુનિ, મોહનીય કર્મ, જ્ઞાનાવરણીય કર્મ અથવા મતિજ્ઞાનાવરણીય કર્મોના કારણે ગમે ત્યારે પણ ભૂલ કરી બેસશે ભૂલો થાય તે વાંધાજનક નથી. કેમ કે સત્તામાં રહેલા કર્મોનો ઉદયકાળ આવ્યા વિના રહેશે નહિ. પણ ભૂલોને પ્રમાર્જિત કરવી કે ન કરવી ? તે ખાસ વિચારણીય પ્રશ્ન છે. જૈન શાસનનું માનવું છે કે, પ્રાયશ્ચિત્ત, આલોચના અને છેવટે દંડ ભોગવ્યા વિના કરેલા અપરાધો, કરાવેલા પાપો અને અનુમોદેલી પાપચેષ્ટાઓના સંસ્કારો આત્માથી લાંબા કાળે પણ છુટવાના નથી. તેમ છતાં આત્માને જ્યારે ભાન થાય કે પ્રમાદ, કષાય અને મન-વચન-કાયાની દુષ્ટ ચાલને લઈ, મહાવ્રતોમાં લાગેલા અતિચારોનું પ્રાયશ્ચિત્ત કરીને શા માટે શુદ્ધ ન થાઉં ?

આત્માને સમ્પૂર્ણ શુદ્ધ બનાવવાને માટે, દશ

પ્રકારની સમાચારીનું જ્ઞાન મેળવવું તે સમાચારીને જીવનમાં ઉતારીને તથા પ્રકારે જીવનને ઘડ્યું અને યથાશક્ય ફરીથી તેવા દોષો ન સેવાઈ જાય તેનું ધ્યાન રાખવું જ ભાવ આધ્યાત્મિક જીવન કહેવાય છે.

આત્મકલ્યાણના અર્થીએ. પાપોના આલોચન માટે, ફરીથી પાપોના સેવન પ્રત્યે ભાવ ન થાય તે માટે અને છેવટે વિનય તથા વિવેકની પ્રાપ્તિ સાથે ગુરૂઓનું બહુમાન સચવાય તે માટે પણ કાળજીપૂર્વક સમાચારીનું આરાધન કરવું શ્રેયસ્કર છે.

આ સમાચારીનું વિસ્તૃત વિવેચન મારા ભગવતી સૂત્ર સાર સંગ્રહમાં કરાયેલું હોવાથી ત્યાંથી જોઈ લેવું.

ભાવાનુપૂર્વી

પૂર્વાનુપૂર્વી રૂપે ઔદયિક, ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક, પારિણામિક અને સાન્નિપાતિક ભાવાનુપૂર્વીના આ છ પ્રકાર છે. પરિણામ વિશેષથી વસ્તુ (પદાર્થ)માં જે ફેરફાર થાય છે. તે ઉપર બતાવેલા છ ભાવોના કારણે થાય છે. અથવા જેના કારણે પદાર્થો તેવા તેવા રૂપોમાં પરિણત થાય અથવા ઔદયિક ભાવ વડે અથવા તેમનાથી અથવા તેમો પ્રાણિઓ પરિણત થાય તે ભાવો કહેવાય છે. તેનો ક્રમ તે ભાવાનુંપૂર્વી છે.

ઔદયિક ભાવના કારણે જ જીવોને નરકાદિ ગતિઓ મળે છે. આનો અર્થ એ થયો કે જીવો, કર્મો અને કર્મોનો ઉદયકાળ પણ અનાદિકાળનો છે અને જયારે નરકાદિગતિઓમાં જવા માટેના કર્મોના ઉદયકાળે જીવને નરકમાં જવાનું અનિવાર્ય છે તેથી જ નરકાદિ ગતિઓ પણ અનાદિકાળથી છે. ગતિઓ છે તો તેમાં પરિભ્રમણ કરનારા જીવો પણ છે જ. માટે ઔદયિક ભાવથી જીવોના સ્વભાવોમાં ફેરફાર થતો રહે છે. આ વાતનું ધ્યાન રાખીને જ સૌથી પહેલા ઔદયિક ભાવ મૂક્યો છે. ત્યાર પછી અલ્પ વિષયના કારણે ઔપશમિક ભાવ છે. કેમ કે આ ભાવના માલિકો થોડા છે, ત્યાર પછી ક્ષાયિક અને ક્ષાયોપશમિક ભાવો છે અને સૌથી વધારે વિષય વાળો પરિણામિક ભાવ છે અને બે ભાવોના મિશ્રણરૂપે સાંન્નિપાતિક ભાવ છેલ્લે મૂક્યો છે.

ઉપક્રમના વિવેચનમાં સૌથી પહેલા આનુપૂર્વી હોવાથી તેની વિસ્તૃત ચર્ચા કરી લીધા પછી નામ નામક બીજો ભેદ છે.

નામનું સ્વરૂપ

से किं तं णामे ? णामे दसविहे पण्णते तं जहा एगणामे, दुणामे, तिणामे, चउणामे, पंचणामे, छणामे, सत्तणामे, अट्ठणामे, णवणामे, दसणामे(સૂ. ૧૨૧)

નામના દશ પ્રકાર છે. જે એક સંખ્યાથી દશ સુધી સંખ્યામાં છે.

જીવમાં રહેલા જ્ઞાનાદિ પર્યાયો તથા અજીવોમાં રહેલા રૂપાદિ પર્યાયોના કારણે પ્રતિવસ્તુ એટલે પ્રત્યેક પદાર્થ જૂદા જૂદા ભેદોથી નમે છે. અર્થાત્ તે તે શબ્દો વડે પ્રવર્તિત થાય છે. તે નામ છે. સારાંશ કે પદાર્થમાત્ર જે નામથી સંબોધાય છે તે નામ છે. કેમ કે પર્યાયોના ભેદને કારણે પદાર્થોનું નામ પડે છે. જેમ કે એક નામ, અહિ જે નામ વડે અર્થાત્ એક જ શબ્દથી વિવક્ષિત પદાર્થો કહી શકાય તે એક નામ છે. મતલબ કે ગમે તેટલા દ્રવ્યોની વિદ્યમાનતા હોય તો પણ કેવળ એક શબ્દથી સૌનો બોધ થઈ શકે તે શબ્દ 'सत्' છે. કેમ કે સંસારમાં એકેય પદાર્થ તેવો નથી. જે 'સત્' શબ્દની મર્યાદાનું ઉલ્લંઘન કરી શકવા માટે સમર્થ હોય.

से किं तं एगणामे ? णामाणि जाणि काणिवी दव्वाण गुणाण पज्जवाणं च...(સૂ. ૧૨૨)

અર્થ - જીવ-અજીવ દ્રવ્યોનું, જ્ઞાનાદિ અને રૂપાદિ ગુણોનું તથા નરક, તિર્યંચ, મનુષ્ય તથા દેવ પર્યાયોનું એકાદિ કૃષ્ણત્વાદિ ગુણોનું જે નામ લોકમાં રૂઢ થઈ ગયેલું હોય તે એક નામ છે જેમ કે :-

જીવ, જન્તુ, આત્મા, પ્રાણી આદિ શબ્દોમાંથી એક

જ નામથી જીવોની ઓળખાણ થઈ જાય છે. ઉચ્ચારાયેલા જીવ શબ્દમાં જ જન્તુ, પ્રાણી, આત્મા આદિનો સંગ્રહ થઈ જાય છે. તે એક નામ છે.

આકાશ, નભસ, તારાપથ, વ્યોમ, અંબર આદિ એકાદ નામથી આકાશનું જ્ઞાન થતાં વાર લાગતી નથી.

જ્ઞાન, બુદ્ધિ, બોધ આદિથી જ્ઞાન થઈ જાય છે.

રૂપ, રસ, ગંધથી પુદ્ગલનું જ્ઞાન થાય છે.

આ નારકથી (નરક જીવ) તિર્યંચ શબ્દથી એકેન્દ્રિયથી લઈ પંચેન્દ્રિય જીવોનું મનુષ્ય શબ્દથી મનુષ્યલોકના મનુષ્યનું અને દેવથી ચારે નિકાયના દેવોનું ભાન થાય છે. આ માણસ એક ગુણ,દ્વિગુણ કૃષ્ણ રૂપે છે એટલે કે થોડા કાળા રંગનો છે. આ વધારે છે. આ ઓછે છે. અર્થાત્ તે તે શબ્દોથી તે તે જીવોનું જ્ઞાન સુલભ બને છે. જેમ કાળા રંગની કસોટી પર સુવર્ણ-આદિ પરખાય છે તેમાં પણ આ સુવર્ણ ૧૦૦ ટચનું, આ ૯૮ ટચનુય પરખાતા વાર લાગતી નથી. તેમ જિનાગમ કસોટી, (કષ પટ્ટ) નામોથી જૂદા જૂદા જીવોનું, પદાર્થોનું સ્વરૂપ સ્પષ્ટ કરે છે. મતલબ કે એક જ પર્યાય નામ વડે તે તે જીવોને જાણ વામાં સરળતા રહે છે.

से किं तं दुणामे ? दुविऐ पण्णते तं जहा एगक्खरिए अ अणेगक्खरिए अ

સંસારભરમાં કેટલાક નામો એક અક્ષર વાળા છે અને કેટલાકો બે, ત્રણ, ચાર, પાંચ આદિ અક્ષરોના નામવાળા છે. તેમાં હ્રીઃ (લજ્જા, દેવતા વિશેષવા) શ્રીઃ (લક્ષ્મીદેવી) ધીઃ (બુદ્ધિ) આદિ શબ્દો એકાક્ષરી છે.

બે અક્ષરવાળા કન્યા, વીણા, લતા, માળા આદિ.

ત્રણ અક્ષરવાળા બલાકા, પતાકા આદિ શબ્દો અનેકાક્ષરવાળા તરીકે પ્રસિદ્ધ છે.

અથવા દુનામ જીવ અને અજીવરૂપે બે પ્રકારે છે. જીવમાં યજ્ઞદત્ત, વિષ્ણુદત્ત આદિ અને અજીવમાં ઘટ-પટ-રથ ઈત્યાદિ.

અથવા દુનામ વિશેષિત અને અવિશેષિતરૂપે બે પ્રકારે છે. અવિશેષિત દ્રવ્યરૂપે છે એટલે જેના પેટાવિભાગોના વિશેષણો નથી તે અવિશેષિત જાણવા. જેમ કે જીવ દ્રવ્ય અવિશેષિત છે. જયારે જીવના પેટાવિભાગમાંનારક, દેવ, તિર્યંચ અને મનુષ્ય વિશેષિત દ્રવ્ય છે. આ રીતે જ આગળ પણ જાણવું જેમ કે નારક જીવ અવિશેષિત છે અને તેના પેટાવિભાગો રત્નપ્રભા નરકમાં ઉત્પન્ન થયેલ રત્નપ્રભાનો નારક. આ પ્રમાણે શર્કરાપ્રભાનો જીવ, વાલુકાપ્રભાનો જીવ, પંકપ્રભાનો જીવ, ધૂમપ્રભાનો જીવ, તમઃપ્રભાનો અને તમસ્તમા પ્રભાનો જીવ વિશેષિત છે.

રત્નપ્રભાનો જીવ અવિશેષિત છે અને પર્યાપ્ત તથા અપર્યાપ્ત નારક વિશેષિત છે. યાવત્ તમસ્તમાં પૃથ્વીનો જીવ અવિશેષિત છે અને ત્યાં ઉત્પન્ન થયેલા પર્યાપ્ત અને અપર્યાપ્ત નારકજીવો વિશેષિત જાણવા.

તિર્યંચ જીવ અવિશેષિત છે અને તેના પેટાવિભાગમાં એકેન્દ્રિય, બેઇન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય અને પચેન્દ્રિય તિર્યંચ વિશેષિત છે.

એકેન્દ્રિય જીવ અવિશેષિત છે અને તેના પેટાવિભાગના પૃથ્વીકાય, અપકાય, અગ્નિકાય, વાયુકાય અને વનસ્પતિકાયના જીવો વિશેષિત છે.

પૃથ્વીકાય અવિશેષિત છે અને સૂક્ષ્મપૃથ્વીકાય અને બાદર પૃથ્વીકાયિકો વિશેષિત છે.

બાદરપૃથ્વીકાયિક અવિશેષિત છે અને પર્યાપ્ત તથા અપર્યાપ્ત બાદર પૃથ્વીકાયિકો વિશેષિત છે. આ પ્રમાણે અપ્કાય, વાયુકાય, અગ્નિકાય અને વનસ્પતિકાય માટે અવિશેષિત અને પેટા વિભાગોમાં વિશેષિતની કલ્પના કરવી.

બેઇન્દ્રિય, ત્રિન્દ્રિય અને ચતુરિન્દ્રિય અવિશેષિત અને પર્યાપ્ત અપર્યાપ્તને વિશેષિત સમજવા.

પંચેન્દ્રિય તિર્યંચ અવિશેષિત છે અને જળચર સ્થળચર તથા ખેચર પંચેન્દ્રિયજીવો વિશેષિત છે.

અવિશેષિત જળચર પંચેન્દ્રિય છે અને સંમૂર્ચ્છિમ તથા ગર્ભજ પંચેન્દ્રિયજીવો વિશેષિત છે.

અવિશેષિત ગર્ભજ જળચર પંચેન્દ્રિય છે જ્યારે પર્યાપ્ત અપર્યાપ્ત ગર્ભજો વિશેષિત છે. આ પ્રમાણે સર્વત્ર સમજી લેવા.

અવિશેષિત ગર્ભજ મનુષ્ય છે અને કર્મભૂમિજ, અકર્મભૂમિજ અને અન્તર્દ્વીપજ સંખ્યેય આયુષ્ક, અસંખ્યેય આયુષ્ક તથા પર્યાપ્ત અપર્યાપ્ત મનુષ્યો વિશેષિત છે.

દેવ અવિશેષિત છે અને અસુરકુમાર, નાગકુમાર, સુપર્ણકુમાર, વિદ્યુત્કુમાર, અગ્નિકુમાર, દ્વીપકુમાર, ઉદધિકુમાર, દિક્કુમાર, વાયુકુમાર અને સ્તનિતકુમાર દેવો વિશેષિત છે. આમાં પણ પર્યાપ્ત અને અપર્યાપ્ત ભેદો જાણી લેવા.

વાણમંતર અવિશેષિત છે અને પિશાચ, ભૂત, યક્ષ, રાક્ષસ, કિન્નર, કિંપુરિસ, મહોરગ, ગંધર્વ વિશેષિત જાણવા.

જ્યોતિષમાં ચન્દ્ર, સૂર્ય, ગ્રહ નક્ષત્ર, તારા વિશેષિત છે.

વૈમાનિકોમાં કલ્પોપન્ન અને કલ્પાતીત ભેદો જાણવા.

કલ્પાતીતમાં ગ્રૈવેયક અને અનુત્તર ભેદો જાણવા.

અવિશેષિત અજીવ દ્રવ્ય છે અને ધર્માસ્તિકાયાદિ વિશેષિત જાણવા. (સૂ. ૧૨૩)

से किं तं तिनामे ? तिविहे पण्णते तं जहा दव्वणामे गुणणामे पज्जवणामे अ. (સૂ. ૧૨૪)

અર્થ - દ્રવ્યનામમાં ધર્માસ્તિકાયાદિ છ દ્રવ્ય છે.

ગુણનામ પાંચ પ્રકારે છે. વર્ણનામ, ગંધનામ, રસનામ, સ્પર્શનામ અને સંસ્થાન નામ.

જૂદા જૂદા પર્યાયોને પ્રાપ્ત કરે તે દ્રવ્ય છે.

દ્રવ્યમાં વિશેષતા લાવે અર્થાત્ જેનાથી દ્રવ્ય ઓળખાય, તેના પાંચ ભેદ છે.

વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાન, પાંચ ભેદ છે.

અને જેનાથી વસ્તુ અલંકૃત બનવા પામે-શોભી ઉઠે તે વર્ણ છે. કૃષ્ણવર્ણ, નીલવર્ણ, પીતવર્ણ, રકતવર્ણ અને શુકલવર્ણ. આ પાંચે વર્ણોથી માણસ તથા દ્રવ્યની શોભામાં અને અશોભામાં ફરક પડી જાય છે. આ પાંચ વર્ણ મુખ્ય છે. બાકીના ગુલાબી આદિ વર્ણો મિશ્રિત છે. સુરભિ અને દુર્ગન્ધ રૂપે ગંધના બે ભેદ છે. જેના સુંઘવાથી માનવનું મન પ્રસન્ન થાય, આંખમાં ચમક આવે અને દિલ તથા દિમાગ આનંદીત થાય તે સુરભિ એટલે સુગંધ છે અને તેનાથી વિપરીત દુર્ગન્ધ જાણવી.

જીભથી જેનો આસ્વાદ લેવાય તે રસ છે. જે તિક્ત (તીખો), કટુક (કડવો), કષાય (તુરો), અમ્લ (ખાટો) અને મધુર (મીઠો) પાંચ ભેદે રસ જાણવો.

શરીરને સુંદર, સ્વચ્છ અને નિરોગી રાખવા માટે યથાસમય, યથા પ્રમાણ રસોનો ઉપયોગ આહારમાં કરવો જોઈએ. અતિમાત્રમાં, સમયનું ઉલ્લંઘન કરીને તથા પોતાની પાચનશક્તિનો ખ્યાલ રાખ્યા વિના રસોનું સેવન હાનિકારક પણ બની શકે છે. શરીરમાં લોહી, માંસ, હાડકા ઉપરાન્ત વાયુ, પિત્ત અને કફ આ બધા ય સમભાગે રહે તો શરીર પણ સ્વસ્થ રહેવા પામે છે. રસોનો પ્રયોગ કેવી રીતે અને શા માટે કરવો તેની ચર્ચા છે.

૧) **તિક્તરસ-તીખોરસ** - શ્લેષ્માદિ દોષોને, અરૂચિને, પિત્તને, તૃષાને, કોઢને, વિષને, જવરને પ્રમાણસર લીધેલો તિક્તરસ દૂર કરે છે.

૨) **કટુરસ-કડવોરસ** - ગળાના રોગને તથા સોજાને મંટાડે છે, ખાધેલુ પચાવે છે, આહારની રૂચિ વધારે છે, કફને નાશ કરી શક્તિને આપે છે.

૩) **કષાયરસ-તુરોરસ** - લોહીને, કફને, પિત્તને સ્વચ્છ કરે છે. રૂક્ષ છે, શીત છે, ગુણગ્રાહી અને રોચક છે.

૪) **અમ્લરસ-ખાટોરસ** - જઠરાગ્નિને ઉત્તેજિત કરે છે, સ્નિગ્ધ છે, સોજા, પિત્ત અને કફનો નાશક છે, પરસેવો

લાવનાર છે, ભોજન પચાવનાર તથા ખોરાકની રૂચિને વધારે છે, પ્રતિ લોમ બનેલા વાયુને અનુલોમ કરે છે.

૫) **મધુરરસ-મીઠોરસ** - પિત્ત, વાયુ અને વિષને મટાડે છે, ધાતુઓની વૃદ્ધિ કરે છે, જીવન આપે છે, વૃદ્ધ, જુવાન અને બાળને શક્તિપ્રદ છે.

બીજા સ્થળે લવણ રસ પણ આહારને પચાવે છે, ભોજનમાં સ્વાદુતા લાવે છે છતાં પણ મધુરરસમાં તેને સમાવિષ્ટ કર્યો છે.

સ્પર્શ - કર્કશ, મૃદુ, ગુરૂ, લઘુ, શીત, ઉષ્ણ, સ્નિગ્ધ, રૂક્ષ.

પર્યાયનામ અનેક પ્રકારે છે. એકગુણ, બેગુણ, ત્રણગુણ, દશગુણ, સંખ્યેય, અસંખ્યેય અને અનન્તગુણ કૃષ્ણ. તેવી રીતે બીજા વર્ણોમાં પણ જાણી લેવુ. મતલબ કે કોઈક પદાર્થમાં, એક પૈસા જેટલો કૃષ્ણ, કોઈમાં બે પૈસા જેટલો, યાવત્ કોઈમાં કાળોરંગ સો પૈસા જેટલો હોય છે, કારણ કે બધાય કાળાંશો, પીતાંશો, રકતાંશો, શુકલાંશો માં કૃષ્ણત્વ, પીતત્વ, રકતત્વ કે શુકલત્વ એક સમાન હોતા નથી. માટે જ વર્ણને લઈને દ્રવ્યોમાં પણ ફેરફાર થાય છે અને તે તે નામે સંબોધાય છે. તેવી રીતે બંને ગંધોમાં, આઠે સ્પર્શોમાં પણ તારતમ્ય ભાવ જાણી લેવો.

પરમાણુમાં પણ વર્ણ એક, ગંધ એક, રસ એક,

અને સ્પર્શ બે સમજવા. આમાંથી એક પરમાણુ રૂક્ષ હોય અને બીજો સ્નિગ્ધ હોય. તેવા પરમાણુઓ અનંત આકાશમાં ફરતાં જ્યારે ભેગા થાય ત્યારે દ્વયણુક, ત્રયણુક આ પ્રમાણે સંખ્યેય, અસંખ્યેય પરમાણુઓનો સ્કન્ધ બની જાય છે.

પર્યાયનો અર્થ ચારે તરફથી કોઈક સમયે દ્રવ્યથી છૂટો પડે, કોઈક સમયે પાછો ભેગો થાય તે પર્યવ પર્યાય છે. અથવા ચારે તરફથી વસ્તુત્વ, પદાર્થત્વને પ્રાપ્ત થાય. તે પર્યાય છે.

યદ્યપિ **'द्रव्याश्रया गुणाः'** ગુણમાત્ર દ્રવ્યની સાથે જ રહે છે. તેમ પર્યાયો પણ દ્રવ્યને છોડતાં નથી. તો પણ તેમાં ભેદને બતલાવતાં ટીકાકાર ફરમાવે છે કે ગુણો, અલ્પાંશે કે સર્વાંશે દ્રવ્યોની સાથે જ રહે છે. આત્મા ચાહે સૂક્ષ્મ બાદર, પર્યાપ્ત, અપર્યાપ્ત રૂપે નિગોદમાં રહે કે સર્વાર્થ સિદ્ધ વિમાનમાં વિશ્રામ કરે અથવા અનન્ત સુખોના સ્થાન સિદ્ધશિલામાં સ્થિર થાય તો પણ જ્ઞાન ગુણ આત્માની સાથે જ રહેશે. જ્યારે પર્યાયો આયારામ, ગયારામની જેમ આવતાએ અને જતાએ પણ વાર નથી કરતાં. સુવર્ણદ્રવ્યમાં રહેલ પીળાપણુ જેમ છે તેમનું તેમ રહેશે જ્યારે પર્યાયમાં કોઈક સમયે બંગડી બીજા સમયે કંદોરા આદિના કારણે ફેરફાર થતાં સુવર્ણ પણ પર્યાયોના નામે સંબોધાશે. જીવાત્મામાં ચૈતન્ય અમૂર્તત્વ અને જ્ઞાનાદિ ગુણો સહવર્તી છે અને નારકાદિ પર્યાયો ક્રમવર્તી છે એટલે કે જીવ જ્યારે

નરકભૂમિમાં હોય ત્યારે નારક પર્યાયનો માલિક છે અને આયુષ્ય કર્મની બેડી છુટે ત્યારે ત્યાંથી નીકળે ત્યારે નારક પર્યાયનો ત્યાગ કરી મનુષ્ય પર્યાયમાં આવતો તે માનવ ઈન્સાન, આદમીના નામે સંબોધાય છે. ઔદયિક ભાગમાં વર્તતો જીવ જ્યારે ક્રોધની મર્યાદાને ઉલ્લંઘે છે ત્યારે લાલ અંગારા તરીકે અને પાછો ક્ષાયોપશમ ભાવ આવે અને સમતામય બને ત્યારે શાન્તસ્વભાવી તરીકે સંબોધાય છે.

ધર્માસ્તિકાયાદિને માટે પણ જાણવાનું કે ધર્માસ્તિકાયને ગતિ સહાયક, અધર્માસ્તિકાયને સ્થિતિસહાયક, આકાશસ્તિકાયને અવકાશસહાયક, જીવને ઉપયોગ અને કાળદ્રવ્યને વર્તનાદિ ગુણો અને અગુરૂ લઘુપર્યાયો શાસ્ત્રસિદ્ધ છે. પણ પુદ્‌ગલોના ગુણ પર્યાયો સૌને પ્રત્યક્ષ થવામાં વાર લાગતી નથી માટે જ તેના ગુણ પર્યાયોની વાત કરવામાં આવી છે.

આ નામ પ્રકરણ ચાલે છે. સંસારવર્તી જીવો, અજીવો 'સત્' આ પ્રમાણે એક નામમાં, અને એકાક્ષરી કે અનેકાક્ષરી સ્વરૂપે બે નામમાં તથા દ્રવ્ય ગુણ પર્યાય રૂપે ત્રણ નામોમાં સમાવેશ થઈ જાય છે. આ કારણે જ સર્વનામોનો સંગ્રહ કરી ત્રિનામ કહેવાય છે.

ઉપરોકત દ્રવ્ય, ગુણ અને પર્યાય સંબંધી જે નામો છે. તેમનો સમાવેશ કાં તો પુલ્લિંગમાં, કાં તો સ્ત્રીલિંગમાં અથવા નપુંસકલિંગમાં હશે. જેમ સ્ત્રીલિંગમાં નદી, મહી આદિ, પુલ્લિંગમાં ઘટ પટાદિ અને નપુંસકમાં દધિ, મધુ આદિ જાણવા. આ બધી વાતો પ્રાકૃત ભાષાની દષ્ટિએ સમજવી, પુરૂષાલિંગમાં રહેતા નામના અંતે આકાર, ઈકાર, ઉકાર અને ઓકાર હોય છે. આને છોડીને પ્રાકૃત ભાષામાં પુલ્લિંગના શબ્દો નથી. સ્ત્રીલિંગમાં ઓકારને છોડી આકારાન્ત, ઈકારાન્ત અને ઉકારાન્ત જાણવા. નપુંસક શબ્દના અંતે અંકાર, ઇંકાર અને ઉંકાર આ ત્રણ અક્ષરો જાણવા. ઉદાહરણ :- પુલ્લિંગમાં રાયા, ગિરી, સિહરી, વિષ્ણુ, દ્રુમો. સ્ત્રીલિંગમાં આકારાન્ત માળા, ઈકારાન્ત સિરી-લચ્છી, ઉકારાન્ત જંબૂ વહૂ નપુંસકમાં અન્નં, અત્થિં...

ચાર નામ :- આગમથી, લોપથી, પ્રકૃતિથી અને વિકારથી, સંસારભરના બધાય શબ્દો આ ચારેમાંથી એકાદમાં સમાવિષ્ટ થશે. કેમ કે શબ્દ માત્ર ધાતુજ એટલે ધાતુને (ક્રિયા વર્બ (VERB) જૂદા જૂદા અર્થોમાં લગાડેલા કે લાગે, પ્રત્યયોથી સિદ્ધ થાય છે.

આ ચારે નામોમાં કેટલાક શબ્દો આગમથી, કેટલાક લોપથી. કેટલાક પ્રકૃથિથી અને કેટલાક વિકારથી બનવા પામે છે. વ્યાકરણમાં કૃદન્ત પ્રકરણ ધાતુઓમાંથી શબ્દ

બનાવે છે જ્યારે ઉણાદિ પ્રકરણમાં શેષ કોઈ પણ શબ્દ કયા પ્રત્યયથી બન્યો તેની વાત છે. આ બંને પ્રયોગોથી બનેલા નામોને પદાન્ત કરવા માટે સાત વિભક્તિઓ જૂદા જૂદા અર્થોમાં આવે છે કારણ કે પદાન્ત બન્યા વિનાનો એકેય શબ્દનો પ્રયોગ થતો નથી. જેમ કે, પદ્માનિ, પયાંસિ, અને કુંડાનિ, આમાં પદ્મ, પયસ અને કુંડ શબ્દો છે, તેમને પ્રથમા, દ્વિતીયા વિભક્તિના બહુવચનમાં કરવા માટે વ્યાકરણશાસ્ત્ર મુજબ અમુક આગમ આવીને પ્રત્યયો લાગે છે. અંગ્રેજી ભાષામાં પણ વર્બ (ધાતુ)ને પ્રત્યયો લાગે છે. જેમ કે GO, GOES, GOING, GONE, TO, WITH, FOR, FROM, IN. આદિ પ્રત્યયો છે.

સારાંશ કે નામમાત્રને આગમ આવે છે. તે આગમનામ છે. કેટલાક શબ્દો લોપથી બને છે. જેમ કે **તે+अत्र = तेऽत्र, पटो+अत्र = पटोऽत्र,** ઈત્યાદિ શબ્દોમાં, પદમાં રહેલા એકાર, ઓકારથી પર અકાર આવે તો લોપાઈ જઈ તેના સ્થાને અવગ્રહ (ऽ)નો નિશાન મૂકાય છે.લોપ થયા પછી બનેલા આનામો છે.

પ્રકૃતિથી, એટલે કેટલાક શબ્દોને સન્ધિના નિયમો નહી લાગવાથી પોતાની પ્રકૃતિ અનુસારે જ વ્યવહૃત થાય છે જેમ કે **माले+आनय** નિયમ આ પ્રમાણે છે કે દ્વિવચનમાં દીર્ઘ, ઈકાર, ઉકાર અને એકાર પછી કોઈ પણ સ્વર આવે તો સન્ધિ થતી નથી. એટલે પ્રકૃતિ સ્વરૂપે જ રહે છે.

વિકૃતિથી સમાન સ્વરો, સજાતીય સમાન સ્વરો સાથે દીર્ઘ થાય છે. એટલે પર રહેલો સમાન સ્વર પૂર્વમાં રહેલા સજાતીય સ્વર સાથે વિકૃત થઈને અર્થાત્ પોતાપણાનો ત્યાગ કરી. બંન્ને સ્વરો દીર્ઘતાને પામે છે. જેમ કે **दण्डस्य+अग्रः = दण्डाग्रः, सा+आगता = साऽऽगता, दधी+इदम् = दधिदम्, नदी+इह = नदीइह, मधु+उदकम = मधूदकम्, वधू+ऊहः = वधूहः.**

નામમાત્રથી ધાતુથી ઉત્પન્ન થતા હોવાથી ડિત્થાદિ શબ્દો પણ અનિરૂકત હોઈ શકે છે.

આ પ્રમાણે દુનિયાભરના જીવાજીવાદિ શબ્દોનો સમાવેશ આ ચારે નામમાં થઈ જાય છે.

પાંચ નામ - નામિક, નૈપાતિક, આખ્યાતિક, ઔપસર્ગિક, અને મિશ્રરૂપે પાંચ ભેદે છે.

કળિકાળ સર્વજ્ઞ હેમચન્દ્રાચાર્ય રચિત અભિધાન ચિંતા મણી કોષમાં પુલિંગ, સ્ત્રીલિંગ કે નપુસકલિંગમાં રહેલા નામોને નામકિ કહેવાય છે; ત્યાર પછી પ્રથમાદિ વિભકિતઓ લાગવાથી પદ સંજ્ઞાવાળા બને છે.

નિપાત એટલે અવ્યય પાઠમાં પડેલા ખલુ, નનુ, આશુ આદિ શબ્દો નૈપાતિક કહેવાશે.

ધાવ્ ધાતૂને વર્તમાન ના પ્રથમ પુરુષના એક વચનનો 'તિવ્' પ્રથય લાગવાથી ધાવતિ હધતે - દિવ્યતિ ક્રીડતી

ચોરચ આદિ નામો આખ્યાતિક કહેવાય છે.

પરિ, અપ, પ્રતિ, આદિ ઔપસર્ગિક નામો છે જયારે સંયત આદિ શબ્દોમાં બે નામોનું મિશ્રણ છે.

ઔદયિક, ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક પરિણામિક અને સાન્નિપાતિક રૂપે છનામ છે. શંકા - નામ ના પ્રકરણમાં શબ્દો અને અર્થોનું વિવેચન તો યુકત છે. પણ ભાવોનું પ્રરૂપણ ઉચિત લાગતુ નથી.

જવાબમાં કહેવાયું છે કે: નામ અને નામવાળા પદાર્થમાં અભેદોપચાર હોવાથી ભાવનું પ્રરૂપણ દુષ્ટ નથી.

કેમકે જીવ-અજીવાદિ નામ માત્ર માં આ છ ભાવોની વિદ્યમાનતા યથા યોગ્ય હોય જ છે. અને ભાવોદયવાળા જીવો અને અજીવો પણ તે રૂપે સંબોધાય છે.

સંક્ષેપથી પણ ભાવોને જાણી લઈએ

(૧) ઔદયિક ભાવ રાગદ્વેશની ચિકકાસમાં જ્ઞાનાવરણીયાદિ અષ્ટ પ્રકારની મૂળ અને ઉત્તર પ્રકૃતિઓને, આત્માની સાથે જે રીતે બાંધી છે. અ બાધાકાળ પછી તેમનો ઉદયકાળ થવાનો જ છે. સારાંશ કે કર્મની પ્રકૃતિના વિપાકથી આત્માને તેવા તેવા ભાવોનો અનુભવ થવો તે ઔદયિક ભાવ કહેવાય છે.

જ્ઞાનાવરણીય કર્મના ઉદયે, માનવ, સમ્યગ્જ્ઞાનથી રહિત, બુદ્ધિથી વિપરીત અથવા બુદ્ધિવિહીન થશે.

દર્શનાવરણીય કર્મના કારણે પાંચે ઇન્દ્રિયોથી કમ જોર તથા નિદ્રા, પ્રમાદ આલસ્ય પણ મર્યાદાથી બહાર હોય છે. ઇન્દ્રિયોના જ્ઞાનમાં જડય સારા અને સત્કાર્યોમાં આલસુ તેમજ સ્વ અને પર કર્યોમાં મડદાલ બની જીવન પૂર્ણ કરે છે.

મોહનીય કર્મના કારણે, ક્રોધ માન, માયા અને લોભની પાશવિક શૈતાનિક જલમાં ફસાઇને, માનસિક જીવનના અધ્યવસાયોને દૂષિત માર્ગે લઇ જઇ જીવન સમાપ્ત કરે છે. શરાબ પાનની ઉપમાને સાર્થક કરતો માનવ મોહની માયામાંથી બહાર આવી શકતો નથી.

અન્તરાય કર્મના કારણે પૈસા મેળવાને માટે, મિથ્યા પ્રતિષ્ઠાદિની મહત્વાકાંક્ષા પૂર્ણ કરવાને માટે ભોગ અને ઉપભોગના પદાર્થોનિ મર્યાદાંતીત વધારવાને માટે, તથા અમૃત જેવા સંસારને વિષમય બનાવવા અર્થે પરમાત્મા પાસે આસુરીશક્તિઓને મેળવવા માટે જ તેનું જીવન ગળેડુબ હોય છે.

વેદનીય કર્મના કારણે સાતા (સુખ સાહેબી) સુવાલી માયામાં લપટાયેલા જીવને ક્યારેય ધાર્મિક ભાવના પ્રાપ્ત થતી નથી. પ્રાપ્ત થતી હોય તો ટકતી નથી. ટકી ગઇ હોય તો પણ સારા સત્કાર્યોમાં સ્થૈર્ય લાવી શકવા જેટલી

પણ શક્તિ ઔદયિક ભાવના કારણે લાવી શકતો નથી.

(૨) ઔપશમિક ભાવ:- અત્યન્ત જાગૃત બનેલો આત્મા, આધ્યાત્મિક જીવનમાં જ્યારે ખૂબ જ આગળ વધી ગયો હોય છે. ત્યારે પોતાની પ્રચડ શક્તિ વડે ઉદયમાં આવનારા કર્મોને ઉપશમિત કરે છે. અર્થાત્ ગુરુકાળવાસમાં શિક્ષિત બનેલો આત્મા જ્યારે કષાય કરવાનો અવસર આવે, વિષય વાસનાને ભડકવાનો સમય આવે, ત્યારે પોતાની આત્મિક શક્તિઓને કામે લગાડે છે, અને ક્રોધનો બદલો ક્રોધથી વૈર નો બદલો વૈરથી. ભૂંડાઇનો બદલો ભૂંડાઇથી નુકશાનનો બદલો નુકશાનથી દેવાની અનાદિ કાળની આત્માની કમજોરીને દબાવી દે છે. અને સ્વસ્થ એટલે ''સ્વસ્મિન્ આત્મનિ તિષ્ઠતીતિ સ્વસ્થ'' શાન્ત બને છે. આ પ્રમાણે ઉપશમ રસમાં સ્નાન કરી પોતાની કાયાને મનને અને આત્માને પવિત્ર તમ બનાવે છે, જેમ રાખથી છુપાયેલા અગ્નિમાં યદ્યપિ અગ્નિની વિદ્યમાનતાતો છે જ પણ રાખથી ઢંકાઇ ગયેલો હોવાથી અગ્નિનું અસ્તિત્વ કોઇનું પણ હાનિકારક બનતો નથી. તેવી રીતે કૃત કર્મો સત્તામાં તો છે જ. પણ અત્યારે જાગૃત થયેલી આત્માની શક્તિ વડે દબાઇ ગયેલા હોવાથી. તે ઉપશમનને ઔપશમિક ભાવ કહેવાય છે; ''ઉપશમે ભવ: ઔપશમિક''

બીજા રીતે પણ શ્રુતજ્ઞાન સાંભળીને વાંચીને કે મનન

કરીને સમ્યગ્જ્ઞાનનો પ્રકાશ યદિ થોડા અંશમાં પણ થયો હોય. સંસારની માયા સેવનથી મન ઉબકી ગયું હોય, કાવાદાવાથી પરિપૂર્ણ સંસારથી ઉદાસીનતા આવી ગઇ હોય. અને ફળસ્વરૂપે કર્મોને તોડી નાખવાની સાથો સાથ મોક્ષની ઝંખના ભવભવાન્તરમાં જૈન ધર્મની પ્રાપ્તિ થાય. અને આ ભવની અધુરી આરાધના આવતાં ભવે પૂર્ણ થાય, તે માટેની ઇચ્છા વસ્તુતઃ થઇ ગઇ હોય તો ચાલુ ભવમાં જ જૈન ધર્મને તથા તેના સિદ્ધાન્તોને જીભ ઉપર રમવા દેવા કરતાં જીવનમાં ઉતારીએ, ઉતારવાની ટ્રેનિંગ લઇએ અને તીર્થ યાત્રાદિના સારા નિમિત્તો મળતા એક પછી એક પાપને પણ છોડી દેવા માટેની સજાગતા રાખીએ. તો પણ હડહડતા કલયુગમાં મેળવેલું જીવન ઉપશમિત થશે, અને સફળ બનશે. નવતત્ત્વમાંથી આશ્રવ અને સંવર તત્ત્વને સૌથી પહેલા જાણીને તથા ભેદોને કંઠસ્થ કરી જીવનના અણુ અણુંમાંથી પાંચ પચ્ચીસ મિનિટ માટે પણ આશ્રવ (પાપાનોદ્ધાર) માર્ગ ને બંધ કરવાની ઇચ્છા રાખવી. જેથી આત્મામાં ઉપશમ ભાવની ટ્રેનિંગ આવશે.

સમ્યક્ત્વ પ્રાપ્ત શ્રાવક કે શ્રાવિકા, સમ્યગ્જ્ઞાન પૂર્વક આટલું જ વિચારી લે કે... "એક દિવસ રાતના ૨૪ કલાક, ૧ કલાકના ૬૦ મિનિટ, ૧ મિનિટના ૬૦ સેકંડ અને એક સેંકડના ૬૦ પ્રતિ સેકંડ પર્યન્ત મારા શ્વાસોશ્વાસ ચાલુ છે સાથોસાથ સંસારની માયામાં વિષય

વાસનાની માયામાં પુત્ર પરિવારની માયામાં, મારૂં મન પૂર્ણ રૂપે ફસાયેલું છે માટે જેટલો સમય મારો શુદ્ધ બને પવિત્ર બને તે માટે ૪૮ મિનિટ માટે પણ હું પુરુષાર્થ કરૂં. તે સમય એટલે કે સામાયિક લેતા પહેલા મારૂં મન નીચેની ભાવનાથી દઢ કરૂં. તે આ પ્રમાણે હું કોઇનો બાપ નથી, પુત્ર નથી, પતિ કે પત્ની નથી. સંસારની શણગારેલી માયા પણ મારી નથી. માટે મને ઇશ્વરની પ્રાપ્તિ થાય. મારા મનના વિકારો શાન્ત થાય. અને હું પોતેજ અરિહંત પદ પ્રાપ્ત કરવા શક્તિમાન્ બનું આવી રીતે પણ પોતાના આત્માને જાગૃત કરી ઉપશમ ભાવને જીવનમાં ઉતારવાનો પ્રયાસ કરવો.

(૩) ક્ષાયિકભાવ આત્મામાં જયારે પ્રચંડ શક્તિનો પ્રાદુર્ભાવ સીમાતીત થાય છે. ત્યારે પ્રારંભથી જ આત્મા અનાદિકાળના કર્મોના મૂળીયાઓને ઉખેડતો જાય છે. તે આ ભાવ ને આભારી છે. ઉપશમ ભાવમાં કર્મોને ખાખ કરવાની શક્તિ નહોવાથી ધીમી ગતિ એ ચાલતો તે આત્મા કર્મોના મૂળીયાઓને દબાવતો જાય છે, જયારે શાયિક ભાવમાં મૂળોચ્છેદન કરે છે.

(૪) ક્ષાયોપશમિક ભાવ. ક્ષય અને ઉપશમ મળીને ક્ષયોપશમ બને છે. એટલે કે ઉદયમાં આવનારા કર્મોનો ક્ષય કરે છે. અને જે કર્મો ઉદયમાં નથી આવ્યા કે આવવાની તૈયારીમાં છે તેનો ઉપશમ કરે છે. માટે આ ભાવ

ક્ષાયોપશમિક કહેવાય છે.

(૫) પારિણામિક ભાવ: પદાર્થમાત્રને તેવા તેવા રૂપે થવાનું જેનાથી થાય તે પરિણામિક ભાવ છે. સંસારનો ચેતન કે અચેતન કોઇ પણ પદાર્થ તેવો નથી કે જેમાં ભવાન્તર કે ભાવાન્તર થતો ન હોય. તે આ ભાવને આભારી છે.

(૬) સાન્નિપાતિક ભાવ : બે-ત્રણ કે ચાર પાંચ ભાવો જ્યારે આત્મામાં મિશ્રણ થતાં હોય તેને સાન્નિપાતિક ભાવ કહે છે.

સૂત્રકારની ભાષામાં ભાવોનું નિરૂપણ

से किंतं उदयिए ? दुविहे पण्णते तं जहां...

ભાવાર્થ: કર્મોનો ઉદય અને ઉદય નિષ્પન્ન આ બે ભેદો છે. કરેલા, કરાયેલા અને અનુમોદેલા કર્મોનો ઉદય અને તેનાથી જીવાત્માઓમાં જે પર્યાયો ઉત્પન્ન થાય તે ઉદયનિષ્પન્ન કહેવાય છે. અનન્ત શક્તિ સંપન્ન કર્મોનો ઉદય ક્યારેય નિષ્ક્રિય હોતો નથી પણ સક્રિય હોવાથી તેવા પ્રકારના નિમિત્તો સહકાર અને પરિસ્થિતિ પણ તે રીતે સર્જાઇ જાય છે.

આવતાં ભવમાં જવાની તૈયારી વાળા જીવને આયુષ્ય કર્મનો ઉદય થતાં જ પૂર્વોપાર્જિત નામ કર્મનો પણ ઉદય થાય છે. અને માતાની કુક્ષિમાં આવતા જ શરીરની રચના

યથા યોગ્ય ચાલુ થાય છે, હરહાલતમાં અનિચ્છાએ પણ નરકાદિ ગતિમાં જીવનમાત્રને નરકાયુષ્ય અને નરકાનુપૂર્વીના કારણે જવાનું ફરજીયાત રહે છે. આ ઉદય થયો જ્યારે નારકત્વ ઉદયનિષ્પન્નના કારણે થાય છે. આ કારણે ઔદયિક ભાવના બે ભેદ છે. તેમાં પણ આ ભાવના જીવમાં ઉદય નિષ્પન્ન અને અજીવમાં ઉદય નિષ્પન્ન રૂપે બે ભેદ છે.

જીવમાં ઉદય નિષ્પન્ન ના કારણે નરક તિર્યંચ અવતાર, માનવ દેવ પૃથ્વીકાય યાવત્ ત્રસકાય, ક્રોધ કષાય યાવત્ લોભ કષાય, પુરુષ સ્ત્રી અને નપુંસકવેદ, છ લેશ્યા મિથ્યાદષ્ટિ, અવિરત અસંજ્ઞી, અજ્ઞાની, છદ્મસ્થ સયોગી, સંસાર, અસિદ્ધ આદિ અને ઉપલક્ષણથી દર્શનાવરણીય, વેદનીય, નોકષાયાદિ કર્મો જીવોદય નિષ્પન્ન છે. કેમકે જે કર્મો કર્યા હતા. તેના કારણે તેને ભાવો પણ ઉદયમાં આવ્યા વિના રહેવાના નથી.

શંકા:- લેશ્યાઓનો ઉદય કર્મમૂળક નથી. તો પછી આનો સમાવેશ ઔદાયિક ભાવમાં શા માટે ? જવાબમાં કહેવાયું કે જયાં જયાં મન વચન અને કાયા ના યોગ છે. ત્યાં ત્યાં લેશ્યાનો સદ્ભાવ અવશ્યભાવી છે. અને યોગ (મન-વચન કાયા) ની પ્રાપ્તિ કર્મોદય જન્ય છે. માટે લેશ્યાઓમાં પણ કર્મોદય માનવામાં વાંધો નથી. બીજાઓ એમ કહે છે કે. આઠે કર્મોના ઉદયથી સંસારસ્થ અને

અસિદ્ધત્વની જેમ લેશ્યા પણ યોગજન્ય હોવાથી કર્મોદયની અપેક્ષા રાખે તેમાં વોધો નથી. સિદ્ધ પરમાત્માઓ 'સિદ્ધાણંનત્થિ દેહો' અર્થાત્ શરીર નહી હોવાના કારણે તેમને લેશ્યાઓ નથી. લેશ્યાપ્રકરણને વિસ્તારથી જાણવા માટે ગન્ધ હસ્તીની વૃત્તિ જોઇ લેવી.

અજીવોદય નિષ્પન્નના બીજા ભેદની વાત કરતાં સૂત્રકાર ફરમાવે છે કે: જીવ માત્રને પોતાના કરેલા શુભાશુંભ કર્મોને ભોગવવા માટે શરીર ધાર્યવિના જયારે બીજો માર્ગ નથી જ ત્યારે માતાની કુક્ષિમાં ઉત્પન્ન થતાં જીવને શરીરની રચના માટે 'ઔદારિકશરીર પ્રયોગ' એટલે વિશિષ્ટ આકાર પરિણત જીવાત્મા અનન્ત શકિત સમ્પન્ન કર્મોના કારણે ઔદારિક શરીરની રચનામાં વિશેષ પ્રયોગ (વ્યાપાર) કરે છે અને જેવા પ્રકારે ગતિનામ કર્મ ઉપાર્જન કરેલું હોય તેવું જ શરીર બનવા પામે છે. શરીરની રચનાની સાથે જ શુભાશુભ વર્ણ-ગંધ રસ સ્પર્શ અપાનાદિ વાયુ આદિ પુદ્ગલ દ્રવ્ય લક્ષણમાં ઔદારિક શરીર નામ કર્મના ઉદયથી નિષ્પન્ન હોવાથી. અજીવોદય નિષ્પન્ન ઔદાયિક ભાવ કહેવાય છે વૈક્રિયાદિ શરીર માટે પણ આ પ્રમાણે જાણી લેવું. શરીર માટે ગ્રહણ કરતાં પુદ્ગલોમાં પણ કર્મોના વિપાકને માન્ય કરવાનું રહેશે. તેથી વર્ણાદિ, પુરુષાદિ વેદો લિંગાદિ જાતિઓ. કષાયોની અને નોકષાયાની હાજરી આદિ શરીરમાં રહેલા પરિણામો માં ઔદયિકાદિ ભાવોનો

જ પ્રત્યક્ષ ચમત્કાર છે. આ પ્રમાણે કર્મ સત્તાના કારણે શરીરાદિની રચના સ્પષ્ટ દેખાઇ રહી છે. મતલબ કે આવા પ્રસંગોમાં ઇશ્વરનો હસ્તક્ષેપ કયાંય પણ, કોઇને પણ, ક્યારેય પણ પ્રત્યક્ષ થતો નથી.

ઔપશમિકભાવ

से किं तं उवसमिए ? दुविहे पण्णत्ते तं जहा...

ઉપશમ અને ઉપશમ નિષ્પન્ન રૂપે ઔપશમિક ભાવના પણ બે ભેદ છે. તેમાં પહેલા કહેલા સ્વરૂપવાળા મોહનીય કર્મના ૨૮, ભેદ છે. એટલે કે આની ઉત્તર પ્રકૃતિઓ અઠ્ઠાવીશ છે. તેનો ઉપશમ શ્રેણીમાં ૮-૯-૧૦-૧૧ ગુણસ્થાન કે ઉપશમ થાય છે. અહિં કેવળ મોહકર્મનો જ ઉપશમ સમજવો કેમકે બીજા કર્મોનો ઉપશમ થતો નથી. ઉપશમ એટલે રાખ મિશ્રિત પાણીના વાસણમાં જયારે ચલાયમાનતા મટી જાય ત્યારે રાખ નીચે બેસી જવાથી પાણી સ્વચ્છ દેખાય છે. પણ એની સ્વચ્છતા ક્યાં સુધી ? જયાં સુધી વાસણને ઠોકર ન લાગે ત્યાં સુધી તેવી રીતે ગુરુ કુળવાસ, સ્વાધ્યાય, તપ, ત્યાગ અને સંયમની આરાધનાના કારણે આત્માને મોહકર્મ ઉપશમિત કરવાની શક્તિ પ્રાપ્ત થતાં તેનો આત્મા ક્રમશ: અગ્યારમે ગુણઠ્ઠાણે ચડી શકે છે. પરન્તુ ભવિતવ્યતા ખરાબ હોય અને એક સમયને માટે પણ પ્રમાદ આવ્યે ચંચલ બની જવાય તો

ઉપશમ અવસ્થા વધુમાં વધુ અંતમુહૂર્ત્ત રહેતી હોવાથી ગુણસ્થાનકનો કાળ પૂર્ણ થતાં કોઇપણ જીવનું આ ગુણ સ્થાનક થી પતન થાય છે (જે આયુષ્ય પૂર્ણ થતું હોય તો એક સમયમાં પણ પડે છે.) યદિ આ ભવમાં જ કેવળજ્ઞાન લેવાનું હશે તો અગ્યારમેથી નીચે આવીને પણ પ્રબળ પુરૂષાર્થથી ક્ષપક શ્રેણી માંડશે અને કર્મોના સમ્પૂર્ણ મૂળીયા ઉખેડીને કેવળજ્ઞાન મેળવી લેશે.

ઉપશમ નિષ્પન્ન એટલે ઉપશમના ફળસ્વરૂપે આત્માને કયોલાભ થશે ? જવાબમાં કહેવાયું કે અનન્ત ભવોના સાથીદાર બનેલા ક્રોધનો, માનનો, લોભનો ઉપશમ થશે. તથા મોહકર્મના મોટામાં મોટા સેનાધિ પતિ પદને પ્રાપ્ત થયેલા રાગ અને દ્વેષનો પણ ઉપશમ થશે. દર્શન મોહનીય કર્મ ઉપશમિત થશે અને કામ દેવના નશા પૂરે પૂરા ઉતર જશે. ચારિત્ર મોહનીય પણ ઉપશાન્ત થવા પામશે. આઠે કર્મોમાં મોહનીય કર્મને ભયંકર તમ કહ્યું છે તેનો ઉપશમ થતાં આત્મારામ અનન્ત સુખોની ઝાંખી પણ કરી શકશે.

૩ **ક્ષાયિક ભાવ:-** આઠે પ્રકારના જ્ઞાનાવરણીયાદિ કર્મો અને તેના ભેદાનુભેદોનો સર્વથા ક્ષય કરવો, તે ક્ષાયિક ભાવ છે. ગેહુંના દાણાઓને તવા પર સેકી લીધા પછી તેમાં રહેલા બીજ તત્ત્વનો નાશ થતાં દુનિયાભરના ખેડુતો ભેગા મળીને પ્રયત્ન કરે તો પણ અંકુરોત્પત્તિ કરાવી શકતા

નથી. તેવી રીતે કર્મોના મૂળીયાને તપશ્ચર્યારૂપી અગ્નિમાં બાળી નાખ્યા પછી તેમને ફરીથી કર્મો ચોંટતા નથી. આ ક્ષાયિક ભાવનો ચમત્કાર છે. ક્ષયનિષ્પન્ન ફળસ્વરૂપે કેવળજ્ઞાન અને કેવળ દર્શનની પ્રાપ્તિ થતાં જ તે આત્મા, અરિહંત, જિન અને સર્વજ્ઞ બને છે. વૃક્ષના મૂળને આગ લાગ્યા પછી ડાળ, પાંદડા, ફળ, ફૂલોને પણ નાશ પામ્યા વિના બીજો માર્ગ નથી. આવી રીતે મોહનીય કર્મોનો (મોહનીયની ૨૮ પ્રકૃત્તિઓનો) નાશ થતાંજ જ્ઞાનાવરણીય કર્મ અને તેની ઉત્તર પ્રકૃત્તિઓ-મતિ જ્ઞાનાવરણીય, શ્રુતજ્ઞાનાવરણીય, અવધિજ્ઞાના વરણીય મનઃ પર્યાયાવરણીય અને કેવળ જ્ઞાનાવરણીયનો પણ નાશ થાય છે.

દર્શનાવરણીય કર્મનો ક્ષય થતાં જ નિદ્રા, નિદ્રાનિદ્રા પ્રચલા, પ્રચલા પ્રચલા તથા સ્ત્યાનર્દિનો પણ ક્ષય થાય છે. દર્શનાવરણીય કર્મનો ક્ષય થતાં ચાર દર્શનાવરણીય અને પાંચ નિંદ્રાદિ નવે ઉત્તર પ્રકૃત્તિઓની સત્તા નિર્મૂળ થાય છે.

અનન્તાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની અને સંજવલન તથા હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા, પુરૂષવેદ, સ્ત્રીવેદ અને નપુંસક વેદનો તથા મિથ્યાદર્શનની સમ્યક્ત્વમોહનીય, મિશ્રમોહનીય અને મિથ્યામોહનીય રૂપ અઠ્ઠાવીશ પ્રકૃત્તિઓનો ખાતમો થાય છે. અંતરાય કર્મનો

ક્ષય થતાં અનંતજ્ઞાન આદિ પાંચ અનંત લબ્ધિઓ પ્રગટ થાય છે

આયુષ્ય કર્મમાં દેવાયુષ્ય, મનુષ્યાયુષ્ય, તિર્યંચાયુષ્ય અને નરકાયુષ્યનો ક્ષય થતાં જ મોક્ષ, સિદ્ધ શિલા સિવાય બીજી એકેય ગતિનું બંધન તેમને થતું નથી.

ઉચ્ચ અને નીચ ગોત્રનો ક્ષય થાય છે.

નામકર્મનો ક્ષય થતાં, એકેન્દ્રિયાદિ પાંચે જાતિઓનો ઔદારિકાદિ પાંચે શરીરોનો તથા ઔદારિક, વૈક્રિય અને આહારક શરીરના અંગોપાંગોનો સંઘાત, સંહનન, સંસ્થાન, ત્રસદશક અને સ્થાવરદશક આદિ નામકર્મનો ખાતમો થાય છે. ત્યારે વેદનીય કર્મનો ક્ષય થતાં અનંત અવ્યાબાધ આત્મ સુખની પ્રાપ્તિ થશે.

આમ ઘાતી, અઘાતી આઠે કર્મનાં ભેદોનો સંપૂર્ણ ક્ષય થવાથી અનન્તદુઃખોના ભરેલા સંસારનો ત્યાગ અને અનન્ત સુખ પૂર્ણ સિદ્ધ શિલામાં બિરાજમાન થતાં જ 'નમોસિદ્ધાણં' પદના માલિક બનશે અને આત્મા કૃતકૃત્ય બનવા પામશે.

૪ ક્ષાયોપશમિક ભાવઃ-

આનાં પણ ક્ષયોપશમ અને ક્ષયોપશમનિષ્પન્ન રૂપે બે ભેદ છે. ચારે ઘાતિકર્મોનો ક્ષયોપશમ થવો તે

ક્ષાયોપશમિક છે.

વિવક્ષિત જ્ઞાનાદિ ગુણોનો વિઘાતક કર્મ જે ઉદય પ્રાપ્ત છે તેનો ક્ષય અને અનુદીર્ણ નો ઉપશમ એટલે કે વિપાકથી ઉદયનો અભાવ, ક્ષયથી ઉપલક્ષિત ઉપશમને ક્ષાયોપશમિક કહેવાય છે.

ઔપશમિક ભાવમાં અને ક્ષાયોપશમિક ભાવમાં તફાવત એટલો જ છે કે પ્રથમમાં કર્મોના પ્રદેશોનો પણ ઉદય નથી અને બીજામાં વિપાકથી ઉદય નથી.

ઘાતિકર્મોનો જ ક્ષયોપશમ થાય છે. અઘાતિકર્મોનો નહીં. આ ભાવથી જે ઉત્પન્ન થાય છે તે ક્ષયોપશમ નિષ્પન્ન છે. જેમ કે પોત પોતાના આવરણીય કર્મોનો ક્ષયોપશમ થવાથી મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાનની લબ્ધિઓ પ્રાપ્ત થાય છે, લબ્ધિ એટલે મતિજ્ઞાનાદિની યોગ્યતા. સારાંશ કે તપ અને સ્વાધ્યાયના બલે મતિજ્ઞાનાવરણીયાદિ કર્મોનો જેમ જેમ ક્ષયોપશમ થતો જશે. તેમ તેમ તે તે જ્ઞાનો તેટલા પ્રમાણમાં પ્રાપ્ત થતા જશે. કેવળ જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ નહીં. પણ એકી સાથે ક્ષય જ થાય છે. જ્યારે **'कुत्सितं ज्ञानमज्ञानम् ।'** મતિ જેમની અજ્ઞાનપૂર્વક હોય તે મતિઅજ્ઞાન છે. મિથ્યાદર્શનના ઉદયથી દૂષિત હોવાથી જ્ઞાન પણ અજ્ઞાન બનવા પામે છે. આ પ્રમાણે શ્રુતઅજ્ઞાન વિભંગ જ્ઞાન (અવધિઅજ્ઞાન) દેવલોકમાં પણ જે મિથ્યાદષ્ટિ દેવો છે. તેમને વિભંગજ્ઞાન

હોય છે. વિરૂપ: કુત્સિતો ભંગો વિભંગ.

ક્ષયોપશમ ભાવથી પ્રાપ્ત થતી, ચક્ષુદર્શન લબ્ધિ, અચક્ષુદર્શન લબ્ધિ, અવધિદર્શન લબ્ધિ, સમ્યગ્દર્શન લબ્ધિ, મિથ્યાદર્શન લબ્ધિ, મિશ્ર લબ્ધિ, સામાયિક છે. છેપસ્થાપનીય, પરિહારવિશુદ્ધિ અને સૂક્ષ્મસંપરાય લબ્ધિ ચારિત્રાચારિત્ર લબ્ધિ, દાન-ભોગ-ઉપભોગ- લાભ અને વીર્યલબ્ધિ, પંડિત વીર્ય, બાળ વીર્ય અને બાળપંડિત લબ્ધિ, ઈન્દ્રિયાવરણીય કર્મોના ક્ષયોપશમથી પાંચે ઈન્દ્રિયોની લબ્ધિ. આચારંભ, સૂત્રકૃતાંગ, સ્થાનાંગ, સમવાયાંગ, વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ, જ્ઞાતાધર્મકથા, ઉપાસક-દશાંગ, અંતકૃત દશાંગ, અનુત્તરોપાતિ દશાંગ પ્રશ્નવ્યાકરણ, વિપાકસૂત્ર અને દષ્ટિવાદ લબ્ધિ, નવપૂર્વીલબ્ધિ, ચતુર્દશપૂર્વલબ્ધિઓ આદિ ભાવો ક્ષાયોપશમિક નિષ્પન્ન ભાવ છે.

૫ પારિણામિક ભાવ :-

પૂર્વાવસ્થાને છોડ્યા વિના બીજા રૂપાન્તર વડે પરિણમવું તેને પારિણામિક કહેવાય છે. કહેવાયું છે કે "અર્થાન્તરને પામ્યા પછી પણ જે સર્વથા કાયમ પણ રહેતો નથી અને વિનાશ પણ પામતો નથી." દ્રવ્ય, દ્રવ્યરૂપે કાયમ રહે છે, છતાં બીજા બીજા પરિણામોમાં પરિણમિત થતું રહે છે. બાલ્યકાળ ગયો. યુવાની આવી અને યુવાની

ગઈ. વૃદ્ધાવસ્થા આવી છતાં મનુષ્યત્વને વાંધો નથી આવ્યો. આ ભાવ સાદિક અને અનાદિક રૂપે બે ભેદે છે. સાદિક જેની આદિ છે, અને જેની આદિ નથી તે અનાદિક છે. જીર્ણસુરા, જીર્ણ ગોળ, જીર્ણ ઘી અને જીર્ણ તંદુલ આદિમાં જે જીર્ણ પર્યાય રૂપ પરિણામ આવ્યો છે તે સાદિક ભાવરૂપે છે કારણ કે- જીર્ણતાના કાળની પૂર્વ કોટિ જાણી શકાય છે. અર્થાત્ સુરામાં, ગોળમાં, ઘીમાં, અને તંદુલમાં જે નવીનતા પર્યાય હતી. તે જ હવે જીર્ણ થઈ છે, માટે સુરાદિ દ્રવ્યોના એક નવીન પર્યાય અને બીજો જીર્ણ પર્યાય છે. આ બંને પર્યાયોમાં પણ દ્રવ્ય અનુગત રૂપે રહે છે. જ્યારે નવીનતાનો પર્યાય જાય છે ત્યારે જીણપર્યાયને આવતાં કેટલી વાર ?

આકાશના વાદળા, વૃક્ષાકારે પરિણમિત વાદળા, કાળા, નીલા વાદળાઓની પરિણતી રૂપ સન્ધ્યા, ગન્ધર્વનગર, ઉલ્કાપાત, દિગ્દાહ, ગાજતી વિજલી, યૂપક (શુક્લ પક્ષનો ત્રણ દિવસનો બાળચન્દ્ર) ધૂમિકા મહિકા, ધૂલવાળી દિશા, ચન્દ્ર સૂર્યના ગ્રહણો ઈન્દ્ર ધનુષ્ય આદિ સાદિક પરિણામો છે.

હિમઘર વગેરે વર્ષધર પર્વતો, પાતાલ કળશાઓ આદિ પણ સાદિક પરિણામ છે, યદ્યપિ વર્ષધરાદિ પર્વતો શાશ્વતા છે. તો પણ તેના પર્યાયો બદલાતા રહે છે. કેમ કે પુદ્ગલો અસંખ્યેય કાળ પછી બદલી જાય છે. આ રીતે

દેવવિમાનો પણ સાદિક છે. જ્યારે ધર્માસ્તિકાયાદિ પદાર્થો અનાદિકાલિક છે.

આ પ્રમાણે લોક-અલોક, ભવ્યસિદ્ધિક અભવ્ય સિદ્ધિક પણ અનાદિ પારિણામિક ભાવો છે.

૬ સાન્નિપાતિક ભાવ :-

ઉપરોક્ત ઔદયિકાદિ ભાવોમાં બે, ત્રણ, ચાર આદિ ભાવોનો મેલાપક થાય. તે સાન્નિપાતિક ભાવ છે. યથાશક્ય તેના ૨૬ ભંગો થાય છે, તેમાંથી ૬ ભાંગા જ નારકાદિ જીવોમાં સંભવિત છે. શેષ કેવળ રચના માત્ર છે. આ વાતને સૂત્રકાર જ સમજાવતાં ફરમાવે છે.

૧ ઔદયિક ઔપશમિક.	૨ ઔદયિક ક્ષાયિક.
૩ ઔદાયિક ક્ષાયોપશમિક.	ઔદયિક પારિણામિક.
૫ ઔપશમિક ક્ષાયિક.	૬ ઔપશમિક પારિણામિક.
૭ ક્ષાયિક ક્ષાયોપશમિક.	૮ ક્ષાયિક ક્ષાયોપશમિક.
૯ ક્ષાયિક પારિણામિક.	૧૦ ઔપશમિક ક્ષાયિક.

અહીં મનુષ્યગતિ ઔદયિક છે. કષાયો ઔપશમિક છે. મનુષ્યથી તિર્યંચગતિ જાતિ આદિ સમજવા અને કષાયથી દર્શનમોહનીય તથા નોકષાય મોહનીય પણ સમજવાનું છે.

મનુષ્યગતિ આદિનો ઉદય ઔદયિકભાવ

કષાય આદિનો ઉપશમ ઔપશમિકભાવ

જ્ઞાનાવરણીયાદિના ક્ષયોપશમથી મતિજ્ઞાન આદિ ક્ષાયોપશમિકભાવ

કર્મના ક્ષયથી ક્ષાયિકભાવ

ભવ્યત્વ, અભવ્યત્વ, જીવત્વ પારિણામિકભાવ

સમજવાના છે.

છદ્મસ્થ સંસારીને ઔદયિક, ક્ષાયોપશમિક અને પારિણામિક આ ત્રણ ઓછામાં ઓછા તથા કેવળીને (સયોગી, અયોગી) ઔદયિક, ક્ષાયિક અને પારિણામિક આ ત્રણ ભાવ હોવાથી તથા સિદ્ધભગવંતોને ક્ષાયિક, પારિણામિક આ દ્વિસંયોગી એક ભાંગો ઘટી શકે.

આ બે મળીને સન્નિપાત કહેવાશે પરન્તુ આ કલ્પના સત્ય નથી. કેમ કે જીવમાં પારિણામિક ભાવની છેવટે જીવત્વ, ભવ્યત્વની પણ હાજરી હોય છે. છતાં પણ નવમો ભાંગો, ક્ષાયિક અને પારિણામિકે તે સિદ્ધ ભગવંતને હોય છે કેમ કે તેમને ઔદયિક ઔપશમિક કે ક્ષાયોપશમિક ભાવોની હાજરી હોતી નથી કેવળીને ઔદયિક ભાવે શરીર હોવાથી અશરીરિસિદ્ધ ભગવંતને લીધા છે.

ત્રિક સંયોગી

આ પ્રમાણે ત્રિક સંયોગી ભાંગાઓ પણ સમજવાં તેમાં

પણ ઔદયિક ક્ષાયિક અને પારિણામિક ભાવો કેવળી ભગવંતને માટે છે. સિદ્ધને માટે નથી તથા ઔદયિક, ક્ષાયોપશમિક તથા પારિણામિક ભાવ નિષ્પન્ન, યથાયોગ્ય નારકાદિ ચારે ગતિઓમાં હોય છે.

ચતુષ્ક સંયોગ

ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક અને પારિણામિક ભાવ ચારે ગતિમાં સંભાવનીય છે. તે આ પ્રમાણે મનુષ્યને છોડી નારક, તિર્યંચ અને દેવગતિમાં, પ્રથમ સમય સમ્યક્ત્વલાભ સમયે ઉપશાન્ત ભાવ હોય છે. મનુષ્યને ઉપશમ શ્રેણીમાં પણ જાણવું તથા ઔદયિક ક્ષાયિક, ક્ષાયોપશમિક અને પારિણામિક ભાવ નિષ્પન્ન ચોથો ભાંગો ચારે ગતિમાં હોય છે. કેવળ નારક, તૈર્યંચ અને દેવમાં પૂર્વપ્રતિ પન્ન ક્ષાયિક ભાવ હોઈ શકે. જયારે મનુષ્ય ગતિમાં ક્ષાયિક ભાવ પૂર્વપ્રતિપન્ન અને પ્રતિપદ્યમાન સમજવું.

પંચસંયોગ

ઔપશમિક અને ક્ષાયિક ભાવ ત્યારે જ બનવા પામશે જયારે ક્ષાયિક સમ્યગ્દષ્ટિજીવ ઉપશમ શ્રેણી સ્વીકારે.

શેષ ભાંગાઓ સૂત્રથી સમજી લેવા. છ નામમાં ભાવ પ્રકરણ પૂર્ણ થતાં, છ નામ પણ પૂર્ણ થયા.

સાત નામ

से किं तं सत्तनामे ? सत्तसरा पण्णता, तं जहा-सज्जे, रिसहे-गंधारे, मज्झिमे पंचमे, धैवते, दैवते, सत्तसरा...

सत्तનો અર્થ સ્વર, ધ્વનિ વિશેષ, એટલે મોઢાથી કે વાજિંત્રોથી બોલાતા શબ્દોને સ્વર કહે છે. જેની સાતની સંખ્યા છે.

(૧) **सज्ज** અર્થાત્ ષડ્જ. જેની ઉત્પત્તિ નાક, કંઠ, છાતી, તાલુ, જિહ્વા, દાંત આ છ સ્થાનેથી મનાઈ છે.

(૨) **रिसह** એટલે વૃષભ, બળદની જેમ સ્વર કરે. કહ્યું છે કે બોલવાની ઈચ્છા થતાં જ નાભી મંડળમાં વાયુ ઉત્પન્ન થાય છે અને તે નાભીથી ઉંચે ચડે છે. તથા બોલનારના કંઠ, શીર્ષથી સમાહત થાય છે. ત્યારે માણસ વૃષભની જેમ ગાય છે. તે વૃષભ સ્વર છે.

(૩) **गान्धार** નાભીથી ઊંચે ચડતો વાયુ હૃદય અને કંઠ થી સમાહત થતાં નાના પ્રકારે ગન્ધોને ઉત્પન્ન કરે. તે ગન્ધાર સ્વર કહેવાય છે.

(૪) **मध्यम स्वर** શરીરની વચ્ચે થાય તે મધ્યમ કહેવાય છે. નાભીથી ઊંચકાતો વાયુ છાતી અને હૃદયમાં સમાહત થઈ પાછો નાભીમાં આવતો મોટો અવાજ કરે છે.

અથવા ષડ્જ આદિ નિર્દેશ ક્રમ પ્રમાણે પંચમ છે.

(૫) **ધૈવત** પૂર્વોદિત સ્વરોનું અનુસન્ધાન કરે તે ધૈવત છે.

(૬) **નિષાદ** આનો આદિત્ય દેવ છે માટે બધા સ્વરોને પરાભૂત કરે છે.

શંકા :- બધીય ભાષાઓ જિહ્વામાંથી ઉદ્‌ભૂત હોવાના કારણે બે ઈન્દ્રિયાદિ જીવોને પણ જિહ્વા છે. માટે સ્વરો પણ અસંખ્યાત હોઈ શકે છે ? જવાબમાં કહેવાયું છે કે તે બધાઓનો સમાવેશ આ સાત સ્વરોમાં જ થઈ જતો હોવાથી શાસ્ત્રવચન જ સત્ય છે.

સ્વરસ્થાનો આ પ્રમાણે છે.

ષડ્જ સ્વર જિહ્વાનું અગ્રસ્થાન.
વૃષભસ્વરનું સ્થાન છાતી.
ગાંધારસ્વરનું સ્થાન કંઠ.
મધ્યમસ્વરનું સ્થાન જિહ્વાનો મધ્ય ભાગ.
ધૈવતસ્વરનું સ્થાન દાંત અને ઓષ્ઠ.

આ બધાય સ્વરો જીવ નિર્ગત છે.

ષડ્જમાં મયૂર બોલે છે.
રિષભસ્વર કૂકડો બોલે છે.
ગાંધારસ્વર હંસ બોલે છે.

મધ્યમસ્વરમાં ઘેટો બોલે છે.
બકુલ વૃક્ષના પુષ્પોના સમયે પંચમસ્વરમાં કોયલ બોલે છે.
છઠ્ઠાસ્વરમાં સારસ બોલે છે.
સાતમા(નિષાદ)સ્વરમાં ક્રૌંચ બોલે છે.

અજીવનિશ્રિત સાત સ્વરો.

મૃદંગમાંથી ષડ્જસ્વર નીકળે છે.
ગોમુખીમાંથી ઋષભસ્વર...
શંખની ધ્વનિમાંથી ગાન્ધારસ્વર...
ઝલરીમાંથી મધ્યમ સ્વર...
મહાભૈરીમાંથી સાતમો સ્વર...

ચામડાથી મંડાયેલી ગોધા વાજિંત્રમોંથી છઠ્ઠો સ્વર અને પટહમાંથી સપ્તમ સ્વર.

ષડ્જ સ્વરનો માલિક પૈસાદાર બને છે. સફળ બને છે. તેમ જ ગાયો, મિત્રો, પુત્રો અને સ્ત્રીઓને ગમે છે.

ઋષભસ્વરનો માલિક સેનાપતિ બને છે. ધન, વસ્ત્ર, સુગંધ, અલંકાર અને સ્ત્રીઓનો વલ્લભ બને છે.

ગાંધારનો માલિક કલહપ્રિય, કૃપણ.
મધ્યમસ્વરનો માલિક, સુખપૂર્વક જીવન જીવે છે

અને ખાય છે બીજાઓને ખવડાવે છે.

પંચમસ્વરનો માલિક પૃથ્વીપતિ, શૂરવીર, સંગ્રહશીલ હોય છે.

ધૈવતનો માલિક દુઃખી, ચોર અને ક્રૂર હોય છે.

નિષાદવાળા કલહકારી અને ભટકનારા હોય છે.

આ રીતે સંગીતમાં દોષો તથા ગુણોનું વર્ણન આદિ મૂળ અને ટીકામાં સ્પષ્ટ હોવાથી ત્યાંથી જાણી લેવું.

આઠ નામ :-

તે આઠ વિભક્તિઓ દ્વારા જાણવા. નિર્દેશમાં પ્રથમાવિભક્તિ, ઉપદેશમાં બીજી વિભક્તિ કરણમાં ત્રીજ વિભક્તિ, સમ્પ્રદાનમાં ચતુર્થી વિભક્તિ. અપાદાનમાં પંચમી. સ્વસ્વામી સંબંધમાં ષષ્ઠી વિભક્તિ આધારમાં સપ્તમી. આમંત્રણમાં આઠમી વિભક્તિ. આ રીતે આઠે વિભક્તિઓમાં વિભકત કરેલા નામો જાણવા.

જે કહેવાય તે વચન, અર્થાત્ વસ્તુને કહેનાર શબ્દનો અર્થ વ્યકત કરાય તે વિભક્તિ , વચન વિભક્તિ જાણવી. આમાં આખ્યાત વિભક્તિનો સમાવેશ કર્યો નથી. આ વિભક્તિઓ તીર્થંકર પરમાત્મા અને ગણ ધરોએ પ્રરૂપિત કરી છે. એક વાક્યમાં કર્તા, કર્મ કરણ અને સમ્પ્રદાનાદિનું

ભાન કરાવે તે વિભક્તિ છે.

પ્રાતિપાદિક અર્થ માત્રનું પ્રતિપાદન કરવું તે નિર્દેશ છે.અને તેમાં **'सि औ जस्'** એક દ્વિ બહુવચનાન્ત પ્રથમ વિભક્તિ આવે છે.

અમુક ક્રિયામાં પ્રવર્તિત થવા માટે ઇચ્છા ઉત્પન્ન કરવામાં **'अम् औ शस'** નામે બીજી વિભક્તિ જાણવી. **'टा भ्याम् मिस्'** નામે તૃતીયા વિભક્તિ જાણવી. સંપ્રદાનમાં **'ङ, भ्याम् भ्यस्श्र** નામે ચતુર્થી અપાદાન **'ङ, भ्याम् भ्यस्'** સંબંધમાં **'ङस् ओस् - आम** નામે ષષ્ઠી અને આધારમાં **ङि ओस् सुप्** નામે સપ્તમી જાણવી આમંત્રણમાં આઠમી વિભક્તિ. અષ્ટનામ એટલે. સૂત્રકારે આઠ નામ જે કહ્યા છે. તે ઉપરની વિભક્તિઓમાં સમાવેશ પામે છે. અને આ વિભક્તિ લાગ્યા પછી જ તે શબ્દ (નામ) પ્રાતિપાદિક **(विभक्त्यन्तं पद)** પદ સંજ્ઞાથી સંજ્ઞિત થાય છે. અને તે પદો મળીને વાક્ય બને છે. જેના દ્વારા માનવમાત્ર પોતાના હૃદયના ભાવ જાણવી શકે છે.

નવનામ

से कि तं नवनामे नवनामे कव्वरसा पण्णत्ता तं जहा वीरो सिंगारो अब्भुओ, रोहो वेलणओ बीभच्छो हासो कलुणो पसंतो अ।

વીર શૃંગાર અદ્‌ભુત રૌદ્ર, વ્રીડનક બીભત્સ હાસ્ય કરૂણ અને પ્રશાન્ત.

સૌ પ્રથમ કાવ્ય અને રસ શબ્દોને સમજી લઇએ. જન્મ જન્મના ફેરા ફરતો જીવ પોતાના પૂર્વ ભવના શ્રુતજ્ઞાન કે શ્રુત અજ્ઞાનનાં સંસ્કારોને સાથે લઇ માનવાવતારને પામેલો છે, જેથી માનવ કવિ થાય છે. તે યદિ શ્રુતજ્ઞાનનો વારસદાર હશે તો તેનું જીવન, જીભ, કલમ, અભિપ્રાય અને છેવટે વક્તવ્ય પણ તપ ત્યાગના પ્રેરક હશે. અને તેની રચેલી કવિતાઓમાં સંસારની અસારતા, વિષય વાસનાની ભયંકરતા, કષાયોની ક્રૂરતા. ઇન્દ્રિયોની શેતાનીયતા અને માનવ જીવનની ક્ષણભંગુરતાનું વર્ણન દેખાશે. સાથો સાથ વૈરાગ્ય ભાવની પ્રધાનતા હશે. ફળસ્વરૂપે કવિતાઓના પાઠકો પણ ત્યાગ, તપ, શિયળ શિષ્ટાચાર, દાન, દયા અને કર્તવ્યધર્મને સમજી જીવન યાપન કરશે. અને શ્રુતઅજ્ઞાનનો વારસદાર કવિ સ્વયં શૃંગાર રસનો ભકત બનીને. સંસારના માનવોને સંસારની માયામાં ડૂબાડનાર બનશે. ફળસ્વરૂપે, વ્યભિચાર દુરાચાર, ચોરી, લુંટફાટ, પરસ્ત્રી કે વેશ્યાગમન, શરાબ પાન આદિ ભ્રષ્ટાચારોમાં સંસારનો નકશો બદલાઇ જશે. આ બધો તેવા પ્રકારના કવિઓની કવિતાઓ લેખો તથા ભાષણોનો પ્રભાવ છે, જેનાથી માનવને ઇશ્વરીય તત્વ તરફ પ્રસ્થાન કરાવવાના બદલે શેતાન તત્ત્વો તરફ શીઘ્રગતિથી

આકર્ષણ વધવા પામશે.

આજનો ભારત દેશ જ સાક્ષી સ્વરૂપે છે કે ગંદા અને ભ્રષ્ટ કાવ્યોના ફળ સ્વરૂપે બનેલા ચલ ચિત્રો (સિનેમાઓ) ટેલીવિજનોના દશ્યો એ માનવને માનવ તરીકે પણ રહેવા દીધો નથી. ત્રણ ચાર શતાબ્દીઓથી પરાધીનતામાં રહેલા ભારત દેશને સ્વતંત્રતા અપાવનાર મહાત્મા ગાંધીના જીવનમાં તપ, ત્યાગ સહિષ્ણુતા, અહિંસા, સંયમના સંસ્કારો વિકસ્યા હતાં. વિકસાવ્યા હતા. પણ આજનો એક એક દેશવાસી બચ્ચો પણ કહી રહ્યો છે કે, ગાંધી બાબાના ચેલા ચાપટ્યેએ દેશની અકલ્પનીય દુર્દશા કરી દીધી છે. આ બધાય આસુરી તત્ત્વોના મૂળમાં શ્રુત અજ્ઞાનના માલિક કવિરાજો. તેમની કવિતાઓ અને તેના આધારે બનેલા સિનેમાઓથી અતિરિકત બીજું કયું કારણ ?

હવે આપણે રસનો અર્થ જાણી લઇએ. વ્યકિત માત્ર પોતાના અન્તરાત્મા વડે જેનો અનુભવ કરે છે તે રસ છે. પૂર્વ ભવના પુણ્ય અને પાપ કર્મોના સંસ્કારો વડે જ જેવા તેવા સહકારિઓ મળે છે, જેનાથી પ્રાપ્ત થતાં. માનસિક જીવનમાં જૂદા જૂદા વિકારો, (ભાવો)ને જ રસ કહેવાય છે. 'કહ્યું પણ છે' કે 'ચેતન કે જડ બાહ્ય પદાર્થોનું આલંબન કરી. મનમાં જે વિકારો થાય છે. તેનું ઉત્કર્ષ

સ્વરૂપ જ રસ છે. આ રસો ક્યારે ઉત્પન્ન થાય અને ક્યારે પલટાય તેની ખબર આપણને ઘણીવાર પડતી પણ નથી. છતાં પણ રસોની અનુભૂતિ સ્પષ્ટ કે અસ્પષ્ટ રૂપે પણ થાય છે. જેમ કે દયાના મહા સાગર ભગવાન મહાવીર સ્વામીના વરદ હસ્તે દીક્ષિત અને શિક્ષિત પ્રસન્નચન્દ્ર મુનિરાજ અત્યારે સૂર્યની સામે નજરને સ્થિર કરી તથા એક પગને ઉંચો રાખી અભૂત પૂર્વ પ્રશાન્ત રસમાં શત પ્રતિશત તલ્લીન બન્યા છે.

પણ દુર્મુખના શબ્દો જયારે કર્ણ ગોચર થયા ત્યારે પોતાના પુત્ર પ્રત્યે કરૂણારસ ઉત્પન્ન થયો. અને જેમ જેમ આ રસ વધતો ગયો તેમ તેમ પોતાના પુત્રને બચાવવા માટે વીર રસ તૈયાર થઇ હાજર થયો, અને પોતે જાણે યોદ્ધાના સ્વાંગમાં હોય તેવી રીતે પુત્રના શત્રુઓ પ્રત્યે રૌદ્ર રસ અને તેને સફળીભૂત બનાવવાને માટે વીર રસે મુનિરાજને સર્વથા પરાધીન કરી લીધા, પોતે પ્રશાન્ત રસના સ્થાપી માલિક છે. તેનું ભાન પણ ન રહ્યું અને મનમાં ને મનમાં યુદ્ધના મંડાણ થઇ પણ ગયા. વીરરસ જોરદાર વધ્યો ને રૌદ્રરસ તેનો સાથીદાર બન્યો. શસ્ત્રો ફેંકાતા ગયા. ખૂટતા ગયા. છેવટે માથા પર રહેલા મુગટથી શત્રુઓને મારવાના વિચારોમાં મુનિરાજ ખૂબ ખૂબ આગળ વધ્યા. અને મનમાં ને મનમાં સાતમી નરક ભૂમિ સુધી પણ પહોંચી ગયા. પણ લોચ કરાયેલા માથા પર હાથ જતાં

મુનિરાજ પાછા સ્વસ્થ બન્યા અને હવે 'અનાદિકાળના' શત્રુઓને જ મારી નાખવા. જોઇએ તેવો વીર રસ અત્યુત્કટ સીમાએ પહોંચી ગયો. ફળ સ્વરૂપે ઘાતિ કર્મોનો ખાતમો થયો. અને કેવળજ્ઞાનની જયોત પ્રગટ થઇ. માટે જ કહેવાયું છે કે બાહ્ય નિમિતોના કારણે લેશ્યાઓ જેમ બદલાઇ જતાં વાર લગાડતી નથી. તેમ જીવનના રસો પણ ચિરસ્થાપી રહેતા નથી. પરિણામે રેઇસના ઘોડાઓની જેમ કૂદકા મારતા જ હોય છે ત્યારે જ જૈનશાસને કહ્યું કે માનવ ! ઓ માનવ ! તારે યદિ ઉન્નતિના માર્ગે જવું જ હોય તો ગંદામિત્રો, પડોસિઓ, કાવ્યો કથાનકો સિનેમાઓ તથા ખરાબ દશ્યોનો પણ ત્યાગ કરજે. ખરાબ વિચારો આવતાંજ પાંચ માનવોની વચ્ચે બેસવાનું સુવાનું રાખજે કેમકે વૈરાગ્ય રસને આવતા વાર નથી. જતા વાર નથી. ત્યાગ તપ અને વૈયાવચ્ચના સંસ્કારોને આવતા અને જતા પણ વાર લાગે તેમ નથી.

ટીકાકારના મતે નવેરસોનો પરિચય:

(૧) વીરરસ, પુણ્યાતિશયના કારણે જયારે ત્યારે વીર્યાન્તરાય કર્મનો ક્ષયોપશમ થાય છે. તે સમયે જીવનમાં ત્યાગ તપ અને વૈરિઓના નિગ્રહમાં શકિત અજમાવવાની ભાવના જાગે છે. તથા તેમાં પણ પુણ્યાનુ બંધી પુણ્ય પનોતા અને ચારિત્ર સમ્પન્ન મહાપુરુષોના જીવનકવનને

સાંભળનારા ના જીવનમાં દાનદેવાની બ્રહ્મચર્ય પાળવાની તપશ્ચર્યા કરવાની. તથા સર્વે પ્રાણિઓના હિતને કરવાની સાત્ત્વિક ભાવના ઉત્પન્ન થાય છે, વધે છે. અને ટકાવી પણ રાખે છે. ફ્રળ સ્વરૂપે દાન દેવાના વીર રસથી પ્રેરાઇને પોતાના સર્વસ્વનો અથવા અર્ધીમિલ્કતનો પણ દાન આપે છે. જીવનના છેલ્લા શ્વાસ સુધી પત્ની શ્રીમંતાઇ અને યુવાનીની વિદ્યમાનતામાં પણ સર્વાંશે કે અલ્પાંશે પણ બ્રહ્મચર્ય ધર્મની સેવના કરે છે. ઘરમાં ઘી, ગોળ હોવા છતાં ઉપવાસ આયંબીલ આદિ તપનું આરાધન કરે છે. છેવટે ગૃહસ્થાશ્રમની સમ્પૂર્ણ માયાનો ત્યાગ કરી. સંયમ પણ સ્વીકારે છે.

(૨) શૃંગાર રસ, બધાય રસો કરતા, પરમ પ્રકર્ષ કોટિના લક્ષણને પ્રાપ્ત કરાવે તે શૃંગાર રસ છે, જેની ઉત્પતિ નયન અને હ્રદયરમ્ય શૃંગાર પૂર્ણ કામિની (સ્ત્રી) ને જોઇને થાય છે. તેના સંસર્ગની ચાહના થાય છે, તે સર્વ રસ પ્રધાન શૃંગાર છે. માટે જે કહેવાયું છે કે. ''શૃંગાર હાસ્ય, કરૂણા, રૌદ્ર, વીર, ભયાનક, બીભત્સ, અદ્‌ભુત અને શાન્ત નામે નવરસ નાટય શાસ્ત્રમાં કહેવાયા છે.''

આ પાઠમાં પણ શૃંગાર રસને આદિમાં મૂક્યો છે. પરન્તુ જૈનાચાર્યોને શૃંગાર રસનું પ્રાધાન્ય એટલા માટે લાગતું નથી, કે માનવ જીવનના છેવટે પણ આ રસની

વધારે પડતી આસક્તિને લઇ દેવ દુર્લભ માનવ જીવનમાંથી પુણ્ય કર્મિતા, માનવતા અને શરીરના રૂપરંગ પણ સમાપ્ત થાય છે. સાથો સાથ વૃદ્ધાવસ્થામાં અથવા તેના પહેલા પણ શૃંગાર રસમાં ગળેડુબ રહેલાઓને રોગો, મહારોગો, વ્યાધિઓ જે અસાધ્ય હોય છે. અથવા કષ્ટ સાધ્ય હોય છે તે લાગુ પડતાં તેનું જીવન ધૂળ ધાણી થયા વિના રહેતું નથી. આ કારણે જ જૈનાચાર્યોએ ત્યાગ અને તપોગુણને જ વિશેષ મહત્ત્વ આવ્યું છે. કેમકે જીવનમાં રહેલા કે વધારેલા હજારો ગુણો કરતા પણ ત્યાગ ધર્મ સર્વ શ્રેષ્ઠ મનાયો છે, કારણમાં કહેવાયું છે કે, જેના જીવનમાં ત્યાગ નથી. તેમના જીવનમાં રહેલા બીજા હજારો ગુણો પણ પ્રકારાન્તરે નિષ્ફળ જ જાય છે.

માટે લોક ના સર્વ શ્રેષ્ઠ સ્થાનમાં અર્થાત્ ભવભવાન્તરમાં કરેલા પાપોને સમાપ્ત કરાવી મોક્ષને અપાવનાર ત્યાગ ધર્મ સિવાય બીજો ધર્મ નથી ઇત્યાદિ કારણોને લઇ નવેરસોમાં વીરરસ જ શ્રેષ્ઠતમ છે.

(૩) અદ્‌ભુત રસ

સર્વથા અજોડ શિલ્પ સ્થાપત્યોને જોયા પછી તથા ત્યાગ તપ અને શૂરવીર આદિ ગુણોના ધારક મહાપુરુષોને જોયા પછી સૌ કોઇને પણ એકવાર તો લાગશે કે આ પ્રત્યક્ષ

દેખાતી વસ્તુ સર્વથા અદ્‌ભૂત છે. અજોડ છે વારંવાર જોવા જેવી છે, આવો ભાવ થવામાં અદ્‌ભૂત રસના જ ચમત્કાર છે. સંસારની માયા પણ અત્યન્ત વિચિત્ર છે કે માનવો પોતાના શોખ ને પોષવા માટે પણ દ્રવ્યવ્યયને જોયા વિના અદ્‌ભુત સંસારમાં બેનમૂન, શિલ્પસ્થાપત્યનું સર્જન કરી અમર બને છે. જીવનમાં સંપ્રદાય દ્વેષ ન હોય. માધ્યસ્થભાવ કેળવાયેલો હોય. પક્ષપાત વિનાનો હોય તો આબુ દેલવાડા કે રાણકપુર રાજસ્થાનના જૈન મંદિરોને જ પ્રથમ નંબરે મૂકવાના ભાવ જાગશે. ઇતિહાસકારોના મતે પણ આગ્રાના તાજમહેળ કરતા આબુ જૈન મંદિરોના શિલ્પો લાખવાર ચડિયાતા છે.

સંસારમાં આશ્ચર્યોત્પાદક શિલ્પો, માનવો,માનવોના સત્‌કર્ત્તવ્યો તપસ્વિઓ વિદ્યમાન છે. જેને જોઇ અને તેમનો સહવાસ કર્યા પછી જીવનમાં અદ્‌ભુતતાનો અનુભવ થયા વિના રહેશે નહીં.

(૪) રૌદ્રરસ, આ રસ ઉત્પન્ન થવામાં નીચેના કારણો છે.

(૧) સીમાતીત કર્મોની કઠિનાઇના કારણે અત્યન્ત દારૂણતા પૂર્વક આંખોમાંથી આસુંઓને ટપકાવનાર માનવોને જોઇ.

(૨) સામેથી આવતા હાડવૈરી ને જોઇ.

(૩) મહાભયંકર વનવગડાના અભેદ્ય અન્ધકારને જોઇ આપણા જીવનમાં વિકૃત અધ્યવસાયો કરાવે તે રૌદ્રરસ છે.

(૫) વ્રીડનક, માનસિક જીવનમાં શરમ, લજ્જા ઉપજે તેવા દશ્યોને જોઇ કંઇક વિકલતા જન્મે તે વ્રીડનક રસ છે. વિચિત્ર સંસારમાં ઘણા જીવો કર્મવશ બનીને તેવા પ્રકારનું જીવન જીવી રહ્યા છે. જેને જોયા પછી સહૃદય માનવ ને શરમ આવ્યા વિના રહેતી નથી. સર્વથા નિવસ્ત્ર ગરીબને પોતાની નગ્નતા, તેની બિમારી, તેની ક્ષુધા આદિ જોઇને બીજાઓને જરૂર શરમ આવશે કે ભારત દેશમાં એક બાજુ કરોડો અને અબજો રૂપીઆઓની લેવડ દેવડ છે. રેશમી અને મખમલના વસ્ત્રો છે. ફ્રૂળલાઇટમાં ઝગમગ ફરતા ફ્લેટો છે. મિષ્ટાન્નો અને ફરસાણોનાં કંરડિઆઓ છે. ત્યારે બીજી તરફ ભારત દેશનો માનવ નગ્ન છે, ઠંડી અને ગરમીમાં બે મોતે મરે છે, દૂધનો છાંટો પણ તેના પેટમાં નથી. સ્નાન કર્યા પછી બદલવાનું વસ્ત્ર પણ તેની પાસે નથી. ભયંકર અન્ધકારમાં આવેલા ઝુપડામાં પ્રકાશનો નામોનિશાન નથી. આવી વિકલતા થવામાં આ રસ કામ કરે છે.

આ દેશની તેવા પ્રકારની ગરીબાઇ ને જોયા પછી પણ જેઓ બેશરમ બનીને પોતાના ફ્લેટોના દ્વાર બંધ કરી માલમસાલા, કેસરીયાદૂધ, મેવામિષ્ટાન્ન ખાઇ શકતા હોય

તેવા કાળા પત્થર સમા માનવો ને માટે શું કહેવાનું ?

જ્યારે જેના દિલમાં દયાધર્મ વસ્યો હશે તેવા ભાગ્યશાળિઓ આજે પણ યથા શક્તિ યથા પરિસ્થિતિ દાન પુણ્ય કરે જ છે.

(૬) બીભત્સક, બીજાઓના શરીરમાંથી બહાર આવતા શુક્ર, શોણિત, વિષ્ટા, મૂત્ર, કફ, થૂંક આદિ ગંદા પદાર્થોને જોઇને મનમાં ઉદ્વેગ જન્મે છે ઘૃણા જન્મે છે. તેમાં બીભત્સક રસનો પ્રભાવ છે.

(૭) હાસ્યરસ, સામેવાળાની વિકૃત અને અસંબંધ ભાષાને, વેષ પરિધાનને, વિચિત્ર પ્રકારે પહેરેલા આભૂષણોને તેમની વાંકી ચૂકી ચાલને અથવા ઉભારહેવાના ઢંગ ઘડાને જોઇને હસવું આવે. તે હાસ્ય રસ છે. મૂછોમાં, હોઠમાં અને ખડખડાત હસવું અથવા શરીરમાંથી પસીનો આવીજાય તેવી રીતે હસવું તે હાસ્યના પ્રકાર છે, આમાં કેટલાક હાસ્યોના મૂળમાં ક્રૂરતા, મશ્કરી, પરઅપમાન પણ રહેલું છે.

(૮) કરૂણરસ, પ્રિયજનોના વિયોગથી ઉત્પન્ન થયેલા દુ:ખથી કરૂણા રસનો જન્મ થાય છે. જેનાથી મનમાં શોક સંતાપ અને કરૂણા ભાવ જન્મે તેમાં આ રસ કામ કરે છે. અથવા ગરીબોની ગરીબાઇને, તથા બીજાઓના અંધત્વાદિને જોયા પછી પણ દયાલુ માનવને કરૂણા ઉદ્ભવે

છે.

(૯) પ્રશાન્ત રસ, સનિમિત્ત કે અનિમિત્ત ઉત્પન્ન થયેલા ક્રોધાદિમાં પણ જે ભાગ્યશાળીના જીવનમાં તોફાન નથી. વિકાર નથી. અને બદલો લેવાની ભાવના નથી. અથવા ઉત્કૃષ્ટ વૈરાગ્યથી પોતાના ક્રોધાદિ સ્વભાવને જેઓ સ્વાધીન કરે છે. તેને પ્રશાન્ત રસ કહેવાય છે.

તપ, ત્યાગ અને વૈરાગ્ય પૂર્ણ મહાપુરુષોને જોઇને, સાંભળીને અથના તેમનો સહવાસ કરીને, પોતાના આત્મામાં અપૂર્વ શાન્તિ, સમાધિ જાળવી રાખે તેમાં આ રસનો પ્રભાવ જાણવો.

સૂત્રકારના મતે નવેરસોનો પરિચય

(૧) વીરરસ- સંતસમાગમમાં આવ્યા પછી. પ્રાપ્ત થયેલા અને વૃદ્ધિગત થયેલા સમ્યગ્જ્ઞાનના પ્રતાપે દાનદેવામાં, તપશ્ચર્યા કરવામાં અને શત્રુવિનાશમાં ભાવોલ્લાસ જાગે અને દાન કર્યા પછી ગર્વ તપશ્ચર્યા કર્યા પછી આર્તધ્યાન, તથા શત્રુનો પરાજય કરશે. પણ પીછેહઠ નહીં કરે. આવા ચિહનોથી માનવ વીરરસનો વારસદાર બનવા પામે છે.

શત્રુવિનાશનો અર્થ આ પ્રમાણે છે: બાહ્ય શત્રુઓને

ભગાડવામાં કંઇ બહાદુરી ? કેમકે ઓછાવત્તા અંશે બાહ્ય શત્રુને દબાવવામાં હરાવવામાં અને અવસર આવ્યે ડંડાથી મારવામાં પણ પ્રયત્નો કરનાર હજારો માનવો પ્રત્યક્ષ છે, જ્યારે અનાદિકાળથી આત્માના કામ, ક્રોધ, મદ, લોભ, વિષય વાસના, આદિ અન્તરંગ શત્રુઓ પ્રત્યે કરેલો પુરુષાર્થ જ સાચામાં સાચો વીરરસ છે, રાજવંશમાં જન્મીને પણ ગૃહસ્થાશ્રમની ચુંવાલી માયાનો ત્યાગ કરી દીક્ષિત થયેલા મહાવીર સ્વામી એ સર્વથા અદ્વિતીય પુરૂષાર્થ વડે અનાદિ કાળના કામ, ક્રોધાદિ શત્રુઓને મારી ભગાડ્યા છે અને કેવળ જ્ઞાનના માલિક બન્યા છે. માટે આવો વીરરસ બાહ્ય શત્રુ કરતાં ભાવશત્રુઓને વશ કરવામાં ચરિત્રાર્થ બને છે.

(૨) શૃંગારરસ રતિશબ્દ વડે, મૈથુન કર્મને ભોગવવાના વ્યાપારમાં બીજા સાધનો કરતા લલના (સ્ત્રી) ખાસ સાધન છે, તેની સાથે મૈથુનેચ્છાનો અભિલાષ કરવો તે શૃંગાર રસ કહેવાય છે. તે રસને જગાડવામાં વધારવામાં અને મર્યાદિત તોફાને ચડાવવામાં સ્ત્રીના શરીરમાં રહેલા મંડન, વિલાસ, વિવ્વોક, હાસ્ય, લીલા અને રમણ, આદિ ખાસ ચિહનો છે.

(૧) મંડન - એટલે શણગાર, હાથમાં પરિધાન કરેલી રંગબેરંગી ચૂડીઓ, મેકઅપ. વસ્ત્ર પરિધાન આદિને

મંડન કહે છે.

(૨) વિલાસ - બીજાઓને વશ કરવા માટે કામગર્ભિત આંખના ઇસારા તથા જુવાન સ્ત્રીને જોઇ પુરુષની તથા પુરુષને જોઇ સ્ત્રીની આંખોમાં જે તોફાન જગે તે વિલાસ છે.

(૩) વિવ્વોક - પરસ્પર નાદષ્ટિ મિલાપ પછી શરીરના અંગોમાં ધડકન થાય તેવા કામ દેવના વિકારોને વિવ્વોક કહેવાય છે.

(૪) હાસ્ય - પ્રીતિપાત્રને જોઇ હોઠોમાં હસવું આવે અને આંખોમાં એક ચમક આવે તેવું હાસ્ય આ શૃંગાર રસનું મૌલિક કારણ છે.

(૫) લીલા - કામચેષ્ટાથી પ્રેરાઇને ચાલવામાં ફરક પડે, બોલવામાં ફરક પડે, હાથ - પગ આંગલા અને આંખોના ઇસારાઓ આગળ વધવા પામે, તથા સમયે સમયે સાંકેતિક શબ્દો વડે ઇસારાઓ વડે. પોતાના પ્રેમી પ્રત્યે ગાઢરાગમાં આવવાને માટે એકાન્ત આદિની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરે તેને લીલા કહેવાય છે.

રમણ અને તેવી અનુકૂળતા મળતાં કે મેળવતા તેની સાત્રે મૈથુન ક્રિયા પતાવી લેવી, તે રમણ છે.

ઉપર પ્રમાણેના નિમિત્તો કામ દેવને ભડકાવવાના ચિહ્નો છે. ફળ સ્વરૂપે જૂદા જૂદા શણગારો, મેકઅપો, વસ્ત્ર પરિધાનો, કમર પર લટકેલા કંદોરાને હાથમાં લઇ રમાડવાની. માથાના ચોટલાને વારેવારે ખંભાપર ફેરવતાં રહેવું આંખોને નચાવવી મીઠું મીઠું હસવુ, આદિ પ્રકારો મનુષ્યના જીવનને મોહિત કરનારા છે. રૂપવાન યુવાનને જોઇ શ્યામા એટલે કુમારી કન્યા અને કન્યાને જોઇ પુરુષને ચેષ્ટાઓ કરવાની તમન્ના થશે.

(૩) અદ્‌ભુત રસ- આશ્ચર્ય જનક, ક્યારેય ન થયેલી અથવા બે ત્રણ વાર જોયેલી વસ્તુને ફરી ફરીથી જોતા જ મોઢામાંથી અદ્‌ભુત અદ્‌ભુત શબ્દો સરકી પડે છે. તેમાં મનગમતી વસ્તુ હોય ત્યારે હર્ષનો અતિરેક અને અણગમતી હોય ત્યારે વિષાદનો અતિરેક થાય છે.

આ સંસારમાં બાહ્ય સાધનોથી ઉત્પન્ન થયેલી અદ્‌ભુતતા કરતા પણ જિનેશ્વર દેવના વચનોથી અતિરિક્ત બીજુ શું હોય ? અર્થાત્ કામદેવના નશામાં બેભાન બનેલાને બ્રહ્મચર્યના માર્ગે લાવનાર ક્રોધિઓના ક્રોધને લોભિઓના લોભને દૂર કરવામાં જિનવચન સિવાય બીજી કોઇ પણ વસ્તુ અદ્‌ભુત છે જ નહીં. જેનાથી જીવાદિનું સૂક્ષ્મમાં સૂક્ષ્મજ્ઞાન, તે અદ્‌ભુત કહેવાય છે.

પરમાણુ સૂક્ષ્મ છે, રામ રાવણ યુદ્ધ વ્યવહિત છે.

સુમેરૂ પર્વત તિરોહિત છે. અને જીવ અમૂર્ત છે. માટે આવા અગમનિગમ પદાર્થોનું જ્ઞાન જિન વચન સિવાય બીજે કયાંય થઇ શકે તેમ નથી.

(૪) રૌદ્રરસ - સ્વપ્નમાં કે જાગતાં, અન્ધકારમાં કે ઉજાળામાં શત્રુઓના, રાક્ષસપિશાચઆદિના, વિકરાલ ચહેરાઓને તેમના અટ્ટહાસ્ય પૂર્વક ના શબ્દોને તથા ક્રૂરતા ભર્યા વ્યવહાર આદિ ભયંકરતા ને જોઇ માનસિક જીવનમાં રૌદ્રરસનું ઉદ્‌ભાવન કિંકર્ત્તવ્ય મૂઢતા તથા વ્યાકુળતાની પ્રાપ્તિ થાય છે. ત્યારે આવા વિચારો થાય છે કે આવા ભયંકર બીહામણાં સ્થાનમાં હું શા માટે આવ્યો ?

એક માણસ તલવારથી બીજાનું મસ્તક કાપે છે. અને એક ક્રૂર કસાઇ જેની આંખ અને ભ્રકુટિ વક્ર તથા લાલ થયેલી છે. તે છરાથી બકરા ઘેટા આદિ મૂંગા પ્રાણીને નિર્દયતા પૂર્વક કાપતો હોય ત્યારે સૌ કોઇ ને થશે કે આવા રૌદ્ર સ્વભાવના માણસો આવી રીતે પશુઓને શા માટે કાપતા હશે ? હું આવા માર્ગે કયાંથી આવ્યો ? શા માટે આવ્યો ? આ બધા રૌદ્ર રસના ફળો છે.

(૫) વ્રીડનક - અમુક કૃત્ય કર્યા પછી જીવનમાં શરમ (લજ્જા) આવે તે વ્રીડનક રસ કહેવાય છે. જેમકે

(૧) પૂજય ગુરૂદેવોનો વિનય વૈયા વચ્ચ ચૂકી

જવાના કારણે શિષ્ટશિષ્યને શરમ થશે કે, મેં આ શું કરું ?

(૨) મારા પરમોપકારી ગુરૂદેવોના વિનયમાં હું કેટલો બેદરકાર રહ્યો હવે મારૂં શું થશે ?

(૩) કોઇની પણ ખાનગી - રહસ્ય ભરી વાતોને પ્રમાદ વશ બની બીજાને શા માટે કરી ? મારા પ્રત્યે વિશ્વાસ રાખનારાઓની ખાનગી વાતો પ્રગટ કરી તેનું કેવું અને કેટલું બધું કટુ પરિણામ આવ્યું ?

(૪) વડિલ કલાચાર્ય, ઉપાધ્યાય, શિક્ષક આદિની ધર્મ પત્નીઓ સાથે આવું કુકર્મ મેં શા માટે કર્યું ? તેમને ખબર પડશે તો મારી કંઇ દશા થશે ? અથવા મારા આ કુકૃત્યને બીજા કોઇ જાણી જશે તો, માથું નીચે કર્યા વિના મારા માટે બીજા કયો માર્ગ ?

આમાં ટીકાકારે એક કથાનક આ પ્રમાણે મૂક્યું છે કે કોઇ દેશનો કે કોઇ જાતિનો આવો રીવાજ હશે. જેથી પોતાની પુત્રવધુની પ્રથમ રાત્રિના સમાગમ પછી રકતથી ખરડાયેલ વસ્ત્રને તેનો સસરો ઘેર ઘેર દેખાડતો કહે છે કે જુઓ આ મારી પુત્રવધુ કેવી અક્ષત યોનિવાળી છે. જયારે નવવધુ શરમ ને લઇ ઘરમાં સંતાઇ જાય છે. અને બોલે છે કે આવો અભદ્ર લૌકિક વ્યવહાર શા માટે ? અને પોતાની સહિયરને કહે છે, હું તો લાજે મરૂં છું ઇત્યાદી

(૬) બીભત્સ :- બીજાના શરીરમાંથી નીકળતાં, મૂત્ર, વિષ્ટા, ગળામાંથી બહાર આવતો કફ, નાકની લીંટ, મરેલા માનવનું મડદું, આદિ ગંદા અત્યન્ત ગંદા પદાર્થોને જોવામાં આવે અને વારંવાર જોવામાં આવે ત્યારે તેની દુર્ગન્ધથી નિષ્પન્ન રસ બીભત્સ કહેવાય છે, તેના નિર્વેદ અને અવિહિંસા આ બે લક્ષણો છે. તેમાં નિર્વેદ એટલે ઉદ્વેગ, ઘૃણા, જુગુપ્સા વગેરે જાણવા અને અવિહિંસા એટલે કે બહારની ચામડીથી સુંદર દેખાતાં આ શરીરમાં જે કંઈ છે તે બધાય પદાર્થો ગંદા છે. અથવા મોઢા દ્વારા ખાધેલા અમૃત જેવા પદાર્થોને દુર્ગન્ધમય બનાવી દે છે. આવી વિચારણા થતાં જ ભાગ્યશાળી આત્મા હિંસાદિ પાપોથી જેમ બને તેમ નિવૃત્તિ લેશે. તથા સર્વે પાપોનું અનિષ્ટોનું મૌલિક કારણ શરીર છે. જે કષાયક્લેશોનું ઘર છે. માટે પાપના ભરેલા, પાપોને કરનારા, વધારનારા છેવટે દુર્ગતિમાં પટકી નાખનારા શરીર ઉપરની સમ્પૂર્ણ મૂર્ચ્છાનો ત્યાગ કરી મુક્તિનો માર્ગ શા માટે સ્વીકાર ન કરવો ? આવી ભાવનાથી કેટલાક ભાગ્યશાળીઓ સંસારને છોડી દે છે. કેમ કે શરીર સાથે લાગેલી બધી ઈન્દ્રિયો પણ અશુચિમય છે. અને અશુચિ પદાર્થોને બહાર લાવનાર છે.

(૭) હાસ્યરસ :- નાટકના વિદૂષકની જેમ બીજાઓને હસાવવા માટે, પોતાના રૂપનું પરિવર્તન કરે, જેમ પુરૂષ ગમે તે કારણે સ્ત્રીનું રૂપ અને સ્ત્રી પુરૂષનું રૂપ સ્વીકારે.

તેમ યુવાન માણસ વૃદ્ધનો ભાવ અને વૃદ્ધ માનવ યુવાનનો ભાવ સ્વીકારે, આ રીતે રૂપનું પરિવર્તન અને ભાષાની વિકૃત્તિ બીજાઓને હસવાનું કારણ બને છે. ગાંડાઘેલા વેષ પહેરે કે બનાવટી દાઢી મૂછ લગાવીને વૃદ્ધ બનવાનો પ્રયત્ન કરે, ત્યારે પણ જનતા હસ્યા વિના રહેતી નથી. પોતાના પેટને માટે બીજાઓને હસાવનારા માણસોને જોઇએ ત્યારે કાં તો રૂપ પરિવર્તન, કાં તો અવસ્થાનું પરિવર્તન, કાં વેષનું પરિવર્તન અને ભાષાના પરિવર્તન દ્વારા પણ બીજાઓને માટે હસવાનું કારણ બને છે. કોઈક સમયે બોલવાની પદ્ધતિ જ તેવી હોવાના કારણે સામેવાળાઓને પેટ પકડીને હસાવ્યા વિના રહેતો નથી. આંખના, હાથના અને શરીરના તેવા પ્રકારના સંચાલન પણ હાસ્યરસનું કારણ બને છે. અથવા ગમે તે કારણે હસવું-પેટ પકડીને હસવું તે હાસ્યરસનું ફળ છે.

(૮) કરુણરસ :- પોતાના પ્રીતિપાત્ર માણસનો વિપ્રયોગ તેનો વધ, વ્યાધિ અથવા તેને બાંધવામાં આવ્યો હોય અથવા તેનો વિનિપાત થયો હોય ત્યારે તેવા પ્રકારની અવસ્થામાં ફસાયેલા પ્રેમીને જોઈ કરૂણાની લાગણી ઉદ્‌ભવ્યા વિના રહેતી નથી, તથા શોક સંતાપ કરવો રોવું, જોરજોરથી રોવું, ચહેરો કરમાઈ જવું આ બધા કરુણ રસના ચિહ્નો છે.

પોતાના પતિના વિયોગમાં ભ્રમિત બાળાને જોઈ કોઈક

વૃદ્ધસ્ત્રીને પણ કરૂણા આવે છે ત્યારે તે વૃદ્ધા તે બાળાને કહેશે કે બેટી ! તારૂં મોઢું કરમાયેલું છે. કેમ કે આ નાની ઉમ્રમાં તારા પતિનો વિયોગ તારે સહન કરવો પડે છે. એમ બોલતી વૃદ્ધાની આંખે પણ આંસુ આવે છે. ઇત્યાદિ કરૂણરસનું કારણ છે. કથા લેખક માણસ પણ કોઈક સમયે પોતે જે કથા લખી રહ્યો છે. તેમાં વિયોગાદિ વાતોને લખતાં લખતાં લેખક પણ રોવા બેસે છે. તે કથાને વાંચનારાઓ પણ રોવા બેસે છે. આ બધા કરૂણરસના પરિપાક છે.

(૯) પ્રશાન્તરસ :- હિંસાદિ દોષોથી સમજદારી પૂર્વક જેઓ રહિત થયા છે. તેમનાં જીવનમાં પાંચે ઈન્દ્રિયોના વિષયોની ઉત્સુકતા પણ નિવૃત થઈ ગઈ હોવાથી બાહ્યભાવોનો ત્યાગ કરીને પોતાના આત્મામાં સ્થિર થયેલા મહાપુરૂષોની આંખોમાં ક્રોધાદિના વિકારો શાન્ત થઈ ગયા હોય છે. તે પ્રશાન્તરસ છે. અર્થાત્ સર્વથા નિર્વિકાર અવસ્થાને પ્રશાન્તરસ કહેવાય છે. પ્રશાન્ત મુખના સ્વામી કોઈક મુનિને જોઈ સમીપમાં બેઠેલા ગૃહસ્થો આ પ્રમાણે બોલે છે કે શાન્ત સ્વભાવી સમાધિસમ્પન્ન આ મુનિરાજને જુઓ તો ખરા ! તેઓ કેટલા બધા શાન્ત છે. ભૂક્ષેપમાં વિકાર નથી. બોલવા ચાલવામાં પણ ક્યાંય વિકાર નથી. આવો નિર્વિકાર ભાવ જ પ્રશાન્તરસનો જનક છે. આ નવે રસોમાં વીર અને પ્રશાન્તરસ જ કલ્યાણકારી હોવાથી ગ્રાહ્ય અને ઉપાદેય છે.

તે બંને શા માટે ગ્રાહ્ય છે ?

જવાબમાં જાણવાનું કે બાહ્ય શત્રુઓ પર વિજય મેળવવા માટે પ્રાપ્ત થયેલા વીર રસની આપણે ચર્ચા ન કરીએ કેમ કે કામ, ક્રોધ મૂળક રમાતા યુદ્ધમાં લાખો કરોડો મનુષ્યોનો અને પશુઓનો નિર્દય મરણ કદાચ કોઈને પણ મંજુર ન હોય તો પણ જયારે ક્યારે સંસારની માયા પ્રત્યે ઘૃણા થાય અને કરેલા, કરાયેલા પાપોના નાશ માટે આત્માની જાગૃતિ થાય ત્યારે તેમાંથી ઉત્પન્ન થતો વીરરસ જ પોતાનું, પારકાનું અને સંસારનું પણ ભલુ કરનાર બનવા પામશે, સંસારી જીવો પોતાના જ કરેલા પાપોને લઈ ભૂલો પર ભૂલો કરતાજાય છે અને દુ:ખોના ડુંગરાઓ તેમના માથા પર લટકતાં જ હોય છે. આ કારણે જ હું સંસારના જીવોને સમ્યગ્જ્ઞાન આપનાર થાઉં કે હે ભાગ્યશાળિઓ ! તમારા જીવનમાં વધારી મૂકેલી લોકૈષણા, ભોગૈષણા અને વિત્તેષણા જ તમારા માનસિક, આત્મિક અને શારીરિક દુ:ખોનું કારણ બને છે,, માટે તમે તેને સમજો.

તીર્થંકર પમાત્માઓ જાણે છે કે શ્રીમંતાઇ અને સત્તાથી સંસારની એકેય સમસ્યા પતવાની નથી. જે સ્વયંરોગી હોય, મહારોગી હોય તે બીજાઓને કઈ રીતે નિરોગી બનાવશે ? જે સ્વયં દરિદ્ર હોય તે બીજાઓને શ્રીમંત શી રીતે બનાવશે ? તેથી સંસારને સુખી બનાવવાને માટે

પોતાનો સર્વસ્વ ત્યાગ જ ઉપાદેય છે. તેમ સમજી રાજપાટ, કુટુંબ પરિવાર, ભાઈ, ભાભીના પ્યાર, સંતાનોની માયાને સર્વથા ત્યાગી ત્રિશલાપુત્ર વર્ધમાનકુમાર (મહાવીર સ્વામી) દીક્ષિત થાય છે અને ત્યાર પછી કાયાની માયાનો પણ ત્યાગ કરી. કઠિનતમ તપશ્ચર્યા આદરે છે અને તે તપશ્ચર્યારૂપી અગ્નિમાં જયારે કર્માણુઓ ભસ્મીભૂત થાય છે. ત્યારે કેવળજ્ઞાનની જયોતના માલિક બને છે. કરોડોની સંખ્યામાં દેવો દેવેન્દ્રો તેમનું પૂજન કરે છે સમવસરણની રચના કરે છે. તેમાં બિરાજમાન થઈ પરમાત્મા, દેવાધિદેવ મહાવીર સ્વામી એકાન્ત હિત કરનારી, આત્યન્તિક મંગળ કારી દેશના ભવ્યાત્માઓને આપે છે. ફળસ્વરૂપે તેમના ચરણોમાં હિંસક, મહાહિંસક અર્જુનમાળી આવે છે અને ચરણસ્પર્શ કરતા જ શુદ્ધ ભાવનાના બળે આત્માનું ચરમ લક્ષ્ય પ્રાપ્ત કરે છે. દઢપ્રહારી જેવો ચૌર્ય કર્મને વશ બની ગૌ, બ્રાહ્મણ, સ્ત્રી અને ગર્ભ હત્યા કરનારો પણ પરમાત્માનુ શરણ સ્વીકારીને ઈષ્ટસિદ્ધિનો માલિક બને છે. મતલબ કે, કરેલા પાપકર્મોનો નાશ કરવા માટે જયારે આત્મામાં વીરરસ જાગે છે ત્યારે કેવળજ્ઞાનનો માલિક બનતાં પણ વાર લાગતી નથી. થોડા સમય પહેલા ગરમ થયેલી રેતમાં પણ પગ મૂકવાનું અશકય હતું પણ ગુરૂવચનથી વીરરસના સ્વામી બનેલા અરણિક મુનિને ધમધખતી પત્થરની શિલા પર અનશન કરતાં વાર લાગી નથી ઇત્યાદિ વૈરાગ્યમૂલક વીરરસ ઉપાદેય બને છે.

પ્રશાન્તરસની પ્રાપ્તિના મૂળમાં વિષયવાસના તથા કષાયોનો ક્ષય કે ઉપશમન, મનનું મારણ, ભોગ લાલસાનું તાડન, રહેલું હોવાથી જીવનનાં અણુ અણુમાં આ રસની પ્રાપ્તિ થાય છે. અને જેઓ પ્રશાન્ત હોય તે બીજાઓને પણ પ્રશાન્ત કરે છે ત્યારે.

प्रशमरसनिमग्नं दृष्टियुग्मं प्रसन्नम् ।
वदन कमलमंकः कामिनी संग शून्यः ।
करयुगमपि यत्ते, शस्त्रसम्बन्धवन्द्यः ।
तदसि जगति देवो वीत्तरागस्तत्वमेव ।

દશ નામ :- આ પ્રમાણે છે - ગૌણ, નગૌણ, આદાનપદ, પ્રતિપક્ષપદ, પ્રધાનતા, અનાદિકસિદ્ધાન્તેન, નામેન અવયવેન સંયોગેણે અને પ્રમાણેન, હવે તેનો સત્યાર્થ જાણીએ.

(૧) ગૌણ નામ :- ગુણોવડે નિષ્પન્ન હોય તે ગૌણનામ છે. જે અનેક પ્રકારે છે. જેમ કે જે ક્ષમાગુણને ધારી રાખે છે. તે ક્ષમણ છે અર્થાત્ ક્ષમાલક્ષણ ગુણ વડે બનેલો આ શબ્દ છે. જે તપે તે તપન (સૂર્ય) છે. તપન લક્ષણ ગુણ વડે તપન શબ્દ બન્યો છે. જલતીતિ જવલન અને બીજાને પવિત્ર કરે તે પવન આદિ શબ્દો ગુણોથી બનેલા હોવાથી યથાર્થ છે.

(૨) નગૌણ :- એટલે અયથાર્થ જે શબ્દ ગુણ નિષ્પન્ન નથી. જેમ કે જે અકુંત છે તે સકુંત છે, કુંત એટલે લોઢાનું બનેલું શસ્ત્ર, જેની પાસે પ્રહરણ વિશેષ કુંત નથી તે સકુંત કઈ રીતે થશે ? અહિ પ્રાકૃત ભાષાનો આ સકુંત શબ્દ. સંસ્કૃત ભાષમાં શકુન્ત છે. જેનો અર્થ પક્ષી થાય છે. હવે સકુંત શબ્દ અયથાર્થ એટલા માટે છે કે પક્ષી પાસે કુંત (શસ્ત્ર) નથી. આ રીતે બીજા ઉદાહરણોમાં પણ સમજી લેવું.

જે અમુદ્ર છે તે સમુદ્ર છે. મુદ્રાનો અર્થ હાથમાં પહેરવાની વિંટી થાય છે. અમુદ્ર અર્થાત્ વિંટી વિનાનો અને સમુદ્ર અર્થાત્ વિંટી વાળો પણ અહિ સમુદ્ર અર્થાત્ સાગર, દરિયો સમજવો.

અલાલ પલાલ. અહિ પલાલનો અર્થ જેમાં વધારે પડતી લાળ હોય તે પલાલ અને બીજા અર્થમાં ધાન્ય રહિત ઘાસ થાય છે. જે લાળ વિનાનો છતાં પલાલ કહેવાય છે.

જે અકુલિકા છે તે સકુલિકા કેવી રીતે ? અહિ કુલિકા એટલે ભીંત અને અકુલિકા એટલે પક્ષી.

માંસ નહિ ખાનાર છતાં પલાશ (ખાખરાનું વૃક્ષ). જે પલ અર્થાત્ માંસ ખાતું નથી. બીજા અર્થમાં પલમશ્નાતીતિ પલાશ માંસ ખાનાર.

જે સમાતૃક અર્થાત્ માતાને ખભે બેસનાર છે. તે અમાતૃક કેવી રીતે ? અહિં અમાતૃકનો અર્થ વિકલેન્દ્રિય જીવ જાણવો. આ બધા શબ્દો ગુણ વિનાના હોવાથી નગૌણ છે. અયથાર્થ છે.

(૩) **આદાન પદ :-** અધ્યયનના પ્રારંભમાં જે શબ્દ ઉચ્ચારાય તે આદાન કહેવાય છે. ''આદાનં ચ તત્પદં ચ આદાનપદ''

જેમ કે **आयाणवएणं - आवंती, चाउरंगिज्जं, असंखयं, अहातत्थिज्जं, अवूइज्जं, जणइज्जं, पुरिसइज्जं, उसकारिज्जं, एलइज्जं, वीरियं, धम्मो, मग्गो, समोसरणं, जमईयं** ! મતલબ કે — આચારંગ સૂત્રનું પાંચમું અધ્યય **'आवंती केयावन्ति'** આ પદોથી પ્રારંભાય છે. માટે આ અધ્યય જ આદાનપદથી વિખ્યાત થયું છે.

ઉત્તરાધ્યાયનું ત્રીજું અધ્યયન **'चत्तारि परमंगाणि दुल्लहाणिइ जंतुणो'** આ કારણથી અધ્યયનનું નામ **चाउरंगिज्जं** નામે પ્રસિદ્ધ થયું છે.

ઉત્તરાધ્યયનનું ચોથું અધ્યયન **'असंख्यंजीवियं मा पमायए'** માટે અધ્યયન **असंखयं** નામે પ્રસિદ્ધ છે.

બાકીના ઉદાહરણો ઉત્તરાધ્યયન દશવૈકાલિક અને સૂયગં ડાંગ આદિમાં જોઈ લેવા.

(૪) **પ્રતિપક્ષ દેન** :- વિક્ષિત વસ્તુના ધર્મથી વિપરીત ધર્મ તે વિપક્ષ કહેવાય છે. તેનો વાચક શબ્દ અને તેનાથી નિષ્પન્ન નામ જે કંઈ હોય તે પ્રતિ પક્ષપદ છે. જેમ કે શૃંગાલી એટલે પશુવિશેષ શિયાલણ તે અશિવા શબ્દથી પણ સંબોધાય છે. પણ આ શબ્દ બોલનાર અને સાંભળનારને અમંગળકારી હોવાથી ગાલીને શિવા શબ્દ થી સંબોધાય છે. છતાં તે સર્વદા શિવા જ કહેવાશે તેમ નથી. નીચે લખેલા નવ સંખ્યક સ્થાનોમાં જ શિવા કહેવાશે. એટલે કે નવસ્થાનોમાં અશિવા અમંગળવાચક શબ્દ બોલાતો નથી.

ગામ :- જયાં વાસ કરવાથી બુદ્ધિ આદિ ગુણો હ્રાસ પામે તે ગામ.
આકર :- જયાં લોખંડાદિ ધાતુઓની ઉત્પત્તિ થાય છે.
નગર :- જયાં રાજાદિનો ટેક્ષ લાગુ ન પડે.
ખેટ :- ધૂલનો બનેલો પ્રાકાર એટલે પરકોટો હોય.
કર્બટ :- કુત્સિત નગર જયાં અશિક્ષિતો રહે છે.
મડંબ :- મનુષ્યોનો વાસ જયાંથી દૂર જ હોય છે.
દ્રોણમુખ :- જળ અને સ્થળમાર્ગથી યુકત.
પત્તન :- દૂર દૂરથી જયાં વ્યાપારિઓ આવે, જયાં

જળ અને સ્થળ માર્ગ પણ હોય કેટલાકો પત્તનને રત્નભૂમિ પણ કહે છે.

આશ્રમ :- જ્યાં તાપસો રહેતા હોય. મિથ્યાભાવથી જે તપ કરે તે તાપસ છે અને સમ્યક્ત્વભાવે જે તપ કરે. **प्रशस्तं तपः अस्यास्ति इति तपस्वी** છે.

સંબાધા :- ઘણા લોકોથી સંકીર્ણ હોય, વ્યાપ્ત હોય.

સન્નિવેષ :- સાર્થવાહો જ્યાં સ્થાન જમાવી બેસે છે.

ઈત્યાદિ સ્થાનોમાં શિયાલણને શિવા કહે છે.

આ ઉપરાન્ત અમુક કારણ વશ અગ્નિને શીત, વિષને મધુર શબ્દથી સંબોધે છે. અરફ્તકને અલફ્તક અને પાણીને ઘારી રાખે તે લાબુ છે. પણ વ્યવહારમાં તે અલાબુ તરીકે કહેવાય છે. અલાબુ એટલે તુંબો મર્યાદાને છોડી બકબક રનારાને અભાષક કહેવાય છે. કેમ કે અભાષક એટલે મૂંગો નહી પણ અસાર ભાષાને બોળવા વાળો.

(૫) પ્રધાનતા પદેન :- જે સ્થાનમાં જેની પ્રધાનતા હોય તેનાથી નામોચ્ચારણ ગમે તે થઈ શકે છે. જેમ કે જે વનમાં અશોક વૃક્ષો ઘણા હોય મતલબ કે ત્યાં બીજા વૃક્ષો પણ હોય છે. છતાં આ **અશોકવન** છે,

આમ્રવન છે, સપ્તપર્ણવન છે.

(૬) **અનાદિ સિદ્ધાન્તેન** :- જેમાં વાચ્ય અને વાચકનો પરિચ્છેદ અનાદિકાળથી સિદ્ધ હોય. મતલબ કે અનાદિકાળથી આ વાચ્ય છે અને આ એનો વાચક છે. જેમ કે ધર્માસ્તિકાયાદિ વાચ્ય પણ અનાદિસિદ્ધ છે અને આ નામો પણ અનાદિસિદ્ધ છે.

(૭) **નામેણ** :- યદ્યપિ પિતા-પિતામહ, માતમહાદિ શબ્દો છે. તો પણ વ્યવહાર ખાતર તેમના પણ નામો, જેમ કે પિતાનું નામ યજ્ઞદત્ત, પિતામહનું નામ બન્ધુદત્ત રાખવામાં આવે છે. તેવી રીતે પુત્રોના નામો પણ રાખવા પડે છે.

(૮) **અવયવેન** :- જેમાં અવયવ અને અવયવીના એક દેશથી નામ પડે છે. જેમ કે શૃંગ (સિંઘડા) જેને હોય તે શૃંગી એટલે સિંઘડા વાળો, હસ્ત અવયવને લઈ હસ્તી એટલે હાથી કહેવાય છે. હસ્ત એટલે સૂંઢ.

(૯) **પરિકર બંધેન** :- વિશિષ્ટ પ્રકારે નેપથ્યની રચનાથી અર્થાત્ શૂરવીરને છાજે તેવા નેપથ્યથી તે શૂરવીર કહેવાય. સ્ત્રીના કપડા પહેર્યાથી સ્ત્રી અને પુરૂષના કપડાના પરિધાનથી પુરૂષ કહેવાય છે.

ખીચડીની હાંડીમાંથી એક કણની તપાસ કર્યે ખીચડી રંધાઈ ગઈ તેમ કહેવાય છે.

તેવી રીતે બે ચાર કાવ્યો રચવા બનાવવા માત્રથી કવિ બને છે.

(૧૦) સંયોગન :- 'से किं तं संजोएणं ? संजोगे चउव्विहे पण्णत्ते... ।

દશ પ્રકારના નામોની ચર્ચામાં હવે સંયોગની ચર્ચા કરતાં કહેવાયું કે દ્રવ્ય સંયોગ, ક્ષેત્રસંયોગ, કાળ સંયોગ અને ભાવસંયોગ રૂપે ચાર ભેદ છે. તેમાં પણ દ્રવ્યસંયોગ સચિત્ત, અચિત્ત અને મિશ્રરૂપે ત્રણ પ્રકારે છે. જેમાં જીવતત્ત્વ હોય તે સચિત્ત દ્રવ્ય સંયોગના કારણે, જેની પાસે ગાયો હોય તે ગોમાન કહેવાય છે.

અહિં ગાય, ભેંસ, ઉંટ, ઘેટા આદિ જીવાત્મક દ્રવ્યો હોવાથી તે જેની પાસે હોય તે ગાયો વાળો, ભેંસો વાળો, ઉંટવાળો અને બકરા ઘેંટાવાળો કહેવાય છે.

અનુયોગ દ્વારસૂત્રમાં નામ પ્રકરણની ચર્ચા હોવાથી, આચાર્યશ્રી પોતાના ચરણોમાં રહેલા જૂદા જૂદા દેશોના, જાતિઓના, નાની ઉમ્રવાળા તથા સ્થૂળ બુદ્ધિ સમ્પન્ન

મોટી ઉમ્રવાળાઓને...જૂદી જૂદી પદ્ધતિએ અર્થાત્ વ્યત્પત્તિથી, સમાસથી, તદ્ધિતથી, ઈતિહાસથી, ભૂગોળથી, આગમથી અને છેવટે વ્યાકરણથી પણ જૂદા જૂદા શબ્દોનો તેના અર્થોનું વિશદજ્ઞાન થાય તે રીતે જ્ઞાન આપવામાં ઉદાર બન્યા છે. કેમ કે - આજનો વ્યુત્પન્ન મુનિ પણ એક દિવસે તો નવો નિશાળિયો જ હતો. માટે તેમને વ્યુત્પન્ન બનાવવાનાં અર્થે જ આ પ્રયાસ છે. **गोभिः गोमान्, महिषीभिर्महिषीकः ऊरणाभिः ऊरणिकः उष्ट्रीभिः उष्ट्रीपालः** આવી રીતે બીજા શબ્દો પણ જાણી લેવા.

જેમાં જીવ નથી તે અચિત્ત. જેમ કે છત્રેણ છત્રી, દંડી, પટી, ઘટી, એટલે જેની પાસે છત્ર હોય તે છત્રી, છત્રવાળો, દંડવાળો, ઘડાવાળો તેવી રીતે ઘની, ઘનવાળો, આમાં છત્રાદિ શબ્દો અચિત્ત છે.

જ્યારે મિશ્ર દ્રવ્ય, જેની પાસે હળ હોય તો હલિક, શકટ હોય તે શકટી, રથ હોય તે રથી, નાવ હોય તે નાવિક, આમાં હળ, શકટ, રથ, નાવ આદિ અચિત્ત છે અને બળદો આદિ સચિત્ત છે. આ કારણે બંનેના સંયોગથી મિશ્ર કહેવાય છે.

ક્ષેત્ર સંયોગ - જેનો ક્ષેત્ર સાથે સંયોગ હોય તે ક્ષેત્ર સંયોગ. જેમ કે ભરતદેશમાં જન્મેલો અથવા ભરત દેશમાં જેનો નિવાસ છે. તે બધાય ભારતીયો કહેવાય છે.

મગધ દેશનો માગધ, માલવા દેશનો માલવક, મહારાષ્ટ્રમાં જન્મેલો મહારાષ્ટ્રીય, સુરાષ્ઠ (કાઠિયાવાડ)માં જન્મેલ, સૌરાષ્ટ્રક કહેવાય છે. આ બધા નામો ક્ષેત્રજન્મ છે.

નોંધ :- છતાં આ બધા ય પ્રાન્તો ભરત દેશના હોવાથી, પ્રાન્તોના નામે, ભાષાના નામે, સમ્પ્રદાયના નામે આપસમાં લડવું, ઝઘડવું તે દેશદ્રોહનું લક્ષણ છે. પરન્તુ ભારતદેશની મોટામાં મોટી કરુણતા આટલી જ છે કે ધર્મના નામે ઝઘડા, મઠવાસીઓના ઝઘડાઓના અભિશાપ, દેશના રાજાઓમાં, શ્રીમંતોમાં પણ વૈરઝેરના બી રોપાયા છે. ફલસ્વરૂપે જે દેશમાં મહાવીરસ્વામી, બુદ્ધ અને છેવટે મહાત્મા ગાંધી જન્મ્યા તે દેશ આજે સત્યધર્મ, બ્રહ્મચર્યધર્મ, તેમ જ આર્થિક દષ્ટિએ પણ પાયમાલ થયો છે.

આ પ્રમાણે ઐરાવત, હેમવંત, હરિવર્ષ, રમ્યક, દેવકુરૂ અને ઉત્તરકુરૂમાં જન્મેલા તે તે દેશના કહેવાશે.

કાળ સંયોગ :- સુષમસુષમ, સુષમ, સુષમદુષમ, દુષમ-સુષમ દુષમ અને દુષમદુષમ કાળમાં જન્મેલા, તથા વર્ષા, વસંત, હેમન્ત, શરદ અને ગ્રીષ્મ ઋતુમાં જન્મેલા તે તે કાળના અને ઋતુનો કહેવાશે.

ભાવ સંયોગ :- પ્રશસ્ત અને અપ્રશન્ત રૂપે બે ભેદ છે. દર્શન, જ્ઞાન અને ચારિત્રાદિ પ્રશસ્તભાવ હોવાથી,

તે ભાગ્યશાળી સમ્યગ્જ્ઞાનનો માલિક સમ્યગ્જ્ઞાની, સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્રનો માલિક સમ્યગ્દર્શની અને સમ્યક્ચારિત્રી કહેવાશે અને અપ્રશસ્તભાવ ક્રોધ, માન, માયા, લોભાદિ એટલે જ્યારે ક્રોધનો, માનનો, માયાનો અને લોભનો ઉદયભાવ વર્તતો હોય ત્યારે માનવપણ ક્રોધી, માની, માયાવી અને લોભી કહેવાય છે.

કેમ કે કર્મોના ઉદયથી થનારા વૈકારિકભાવો ક્યારેય આત્માના ધર્મો હોઈ શકે નહીં માટે તે અપ્રશસ્ત છે.

પ્રમાણપદેન.

જેનાથી વસ્તુનો નિશ્ચય થાય તે પ્રમાણ છે. તે નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ ભેદે ચાર પ્રકારે છે.

નામ પ્રમાણ :-

એક વ્યક્તિને બીજી વ્યક્તિથી જૂદી કલ્પવા માટે તેમાં નામનો ઉચ્ચારણ કરવાથી ઈષ્ટ વ્યક્તિની ઓળખાણ થતા વાર લાગતી નથી. વસ્તુની જાણકારીમાં હેતુ હોવાથી તે નામ પ્રમાણ કહેવાય છે. જીવનો, અજીવનો, જીવોનો, અજીવોનો અથવા બંનેનો 'પ્રમાણ' આ પ્રમાણે નામ કરાય તે નામ પ્રમાણ છે. આ કેવળ નામ માત્રથી જ પ્રમાણ છે અને સ્થાપના, દ્રવ્ય તથા ભાવ માટે હેતૂ ભૂત નથી.

સ્થાપના પ્રમાણ - ના સાત ભેદ છે : તે આ પ્રમાણે -

નક્ષત્રનામ, દેવનામ, કુલનામ, પાષંડનામ, ગણનામ, જીવિતહેતુ નામ અને આભિપ્રાયિક નામ, ક્રમશ: તેનો સત્યાર્થ જાણીએ.

નક્ષત્રનામ :- નક્ષત્રનો આશ્રય કરી જેના નામની સ્થાપના કરાય તે સ્થાપના છે. પરન્તુ સ્થાપના નિક્ષેપમાં રહેલ સ્થાપનાનો અર્થ લેવો નહીં. કૃતિકા નક્ષત્રમાં જન્મેલી વ્યક્તિનું નામ કાર્તિક, કૃતિકાદત્ત, કૃતિકાઘર્મ, કૃતિકાશર્મ, કૃતિકાદેવ, કૃતિકાસેન, કૃતિકારક્ષિત આવી રીતે રોહિણી નક્ષત્રમાં જન્મેલ રૌહિણેય, રૌહિણીદત્ત, રોહિણીઘર્મ આદિ નામો કલ્પી લેવા. પુષ્પચંદ્ર, રેવતી દાસ, અશ્વિની કુમાર આદિ ૨૮ નક્ષત્રોમાં જન્મેલાઓના નામ જાણવા. કૃત્તિકા, રોહિણી, મૃગશિરા, આર્દ્રા, પુનર્વસુ, પુષ્ય, અશ્લેષા, મઘા, પૂર્વાફાલ્ગુની, ઉત્તરાફાલ્ગુની, હસ્ત, ચિત્રા, સ્વાતિ, વિશાખા, અનુરાઘા, જયેષ્ઠા, મૂળ, પૂર્વાષાઢા, ઉત્તરાપાઢા, અભિજિત, શ્રવણ, ઘનિષ્ઠા, શતભિષગ્, પૂર્વાભાદ્રપદા, ઉત્તરાભાદ્રપદા, રેવતી, અશ્વિની અને ભરણી રૂપે નક્ષત્ર અઠ્ઠાવીશ છે.

શંકા:- વ્યવહારમાં અશ્વિની, ભરણીનો ક્રમ છે, તો અહિ કૃતિકાને આદિમાં કેમ ગણી ? જવાબમાં જાણવાનું કે જે સમયે અભિજિત નક્ષત્રની સાથે ૨૮ નક્ષત્રોની ગણના કરાય છે. ત્યારે કૃતિકારોહિણીનો ક્રમ ઉપર પ્રમાણે જોવામાં

આવે છે.

કૃતિકા આદિ ૨૮ નક્ષત્રો પણ ૨૮ દેવતાઓથી અધિષ્ઠિત છે માટે કૃતિકા નક્ષત્રમાં જન્મેલાનું નામ અગ્નિ દેવતાના આધારે રખાય છે. જેમ કે અગ્નિક, અગ્નિદત્ત, અગ્નિશર્મા, અગ્નિદેવ, અગ્નિદાસ, અગ્નિસેન, અગ્નિરક્ષિત આદિ નામો જાણવા. નક્ષત્રોના દેવો નીચે પ્રમાણે ક્રમશઃ જાણવા.

અગ્નિ, પ્રજાપતિ, સોમ, રૂદ્ર, અદિતિ, બૃહસ્પતિ, સર્વ પિતા, ભગ, અર્યમા, સવિતા, ત્વષ્ટા, વાયુ, ઈન્દ્રાગ્નિમિત્ર, ઈન્દ્ર, નિઋતિ, અંભ, વિશ્વ, બહ્મા, વિષ્ણુ, વસુ, વરૂણ, અજ, વિવર્દ્ધિ, પૂષા, અશ્વ, યમ, મતલબ કે જે નક્ષત્રમાં જાતક જનમ્યો છે તેના દેવોના નામે તેનું નામ રખાય છે. જેમ કે વસુકુમાર, વરૂણકુમાર, અજય, યમપાલિત, ઈન્દ્રમલ આદિ નામો જાણવા.

કુલનામ :- ઉગ્રકુલ, ભોગકુલ, રાજન્યકુલ, ક્ષત્રિયકુલ, ઐશ્વાકુકુલ, જ્ઞાતકુલ, કૌરવ્યકુલ, ઉગ્રવંશ આદિ જે જે કુલોમાં જન્મ્યો હોય તેનું તેવા પ્રકારે નામ રાખવું. પાષંડનામ - જેવ્યક્તિએ જે પાષંડનો આશ્રય લીધો હોય તેનું નામ પણ તેવા પ્રકારે રાખવું તે પાષંડનામ છે. જેમ કે કોઈએ શ્રમણનો, પાંડુરંગનો, ભિક્ષુનો, કાપાલિકનો, તાપસનો, પરિવ્રાજકનો, આશ્રલ લીધો હોય તે વ્યક્તિ તેના નામે ઓળખાય છે.

શ્રમણના પાંચ પ્રકાર છે, નિર્ગ્રન્થ, શાક્ય, તાપસ, ગૈરિક અને આજીવિક. આ પાંચેનો આશ્રય કરીને શ્રમણ એવું નામ સ્થાપિત થાય છે.

ભસ્મથી લિપ્ત શરીરવાળા પાંડુરંગ જાણવા.
બુદ્ધદર્શનને માનનારા ભિક્ષુ જાણવા.
સ્મશાનની રાખને શરીરે લગાડનારા કાપાલિક છે.

વનમાં રહી તપ કરે તે તાપસ જાણવા.

ઘર છોડી ચાલ્યા જાય તે પરિવ્રાજક છે.

ગણનામ – શસ્ત્રધારિઓનો સંઘ હોય તે ગણ જાણવો. અને તેમના નામો પણ તે પ્રકારે જાણવા, જેમ કે મલ્લ, મલ્લદત્ત, મલ્લધર્મ, મલ્લશર્મા મલ્લદેવ અને મલ્લદાસ આદિ.

જીવિતનામ – જે સ્ત્રીનો જન્મેલો છોકરો મરણ પામે છે. ત્યારે લોકમર્યાદા વિચિત્ર હોવાથી હવે પછીનો છોકરો જીવિત રહે તેવા આશયથી ગમે તે નામ રાખે. જેમ કે જન્મેલા છોકરાને ઉકરડામાં ફેંકી નાખે. પછી તેનું નામ. અવકરક ઉત્કુરૂટક આદિ નામ રાખે. સૂપડામાં મૂકી ત્યજેલા બાળકનું નામ સૂર્પક રાખે.

આભિપ્રાયિકનામ – પોતાના અભિપ્રાય વશ વૃક્ષોના નામ જેવા રાખે. જેમ અંબક, નિબંક, બકુલક, પલાશક, પીલુક, સ્નેહક, કરીરક આદિ-

આ પ્રમાણે સ્થાપના નામ જાણવાં.

દ્રવ્યપ્રમાણ ધર્માસ્તિકાયિકાદિ દ્રવ્યો જે દ્રવ્યપ્રમાણ છે. કેમ કે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને અદ્ધાસમય આ છતત્ત્વોને છોડી દ્રવ્ય નામનો કોઈ પદાર્થ સંસારભરમાં ગોતવા છતાં મળે તેમ નથી. વૈશેષિક દર્શનમાન્ય છ દ્રવ્ય અને નૈયાયિક માન્ય દ્રવ્યો ઉપરના છ દ્રવ્યોમાં સમાવિષ્ટ થઈ જતાં હોવાથી જૈનશાસન માન્ય આ છ દ્રવ્યો જ પ્રમાણભૂત છે.

ભાવપ્રમાણ - ના સામાસિક, તદ્ધિત, ધાતુજ અને નિર્યુક્તિજ રૂપે ચાર ભેદ છે.

(૧) સામાસિક - એટલે બે,ત્રણ, ચાર આદિ પદોનો સમાસ કર્યા પછી બનેલા શબ્દને સામાસિક કહે છે. તેના દ્વન્દ્વ, બહુવ્રીહિ, કર્મધારય, દ્વિગુ, તત્પુરૂષ, અવ્યયીભાવ અને એક શેષ રૂપે સાત ભેદ છે.

બે કે ત્રણ આદિ પદોનું સમસન એટલે સંમીલન સમાસને દ્વન્દ્વ કહે છે. જેમ કે-

दन्ताश्च ओष्ठौ च =दन्तोष्ठं, આમાં દાંતની સંખ્યા બત્રીસ છે અને હોઠની સંખ્યા બે છે. માટે વિગ્રહ સમયે દન્ત શબ્દ બહુ વચનમાં અને ઓષ્ઠ દ્વિવચનમાં છે. બંનેને ભેગા કર્યે અન્તર્વિભક્તિનો લોપ થતાં આ શબ્દ બને છે.

स्तनौच उदरं च = स्तनोदरम् - ઈત્યાદિ શબ્દો પ્રાણીવાચક છે.

वस्त्रं च पात्रं च वस्त्रपात्रम् - અપ્રાણીવાચક શબ્દ છે.

अश्वाश्च महिषाश्चेति अश्वमहिषम्. अहिश्चनकु लश्च... આમાં શાશ્વતિક જાતિવૈર છે.

બહુવ્રીહિ - આ સમાસમાં શબ્દો પોતાનો અર્થ ત્યાગીને ત્રીજો જ અર્થ બતલાવે છે તેથી અન્ય પદાર્થને પ્રધાન આ સમાસ છે. જેમ કે આ પર્વત પર કુડ્ય અને કદંબ ખીલ્યા છે. તો **फुल्लिय कुड्यकयंबोगिरि** - કહેવાય છે.

કર્મધારય - સમાનાધિકરણમાં આ સમાસ થાય છે. જીવમાં કે અજીવમાં તેની વિશેષતા બતાવવા માટે વિશેષણો તેની આગળ મૂકાય છે. ઉચ્ચારિત બળદ (વૃષભ) શબ્દને માટે સૌ કોઈને પ્રશ્ન થશે કે તે સફેદ હશે ? લાલ હશે ? કે કાળારંગનો ? તમને કયા બળદની આવશ્યકતા છે ? જવાબમાં કહેશે કે મને સફેદની જરૂરત છે. ત્યારે બળદ વિશેષ્યને ધવલ વિશેષણ સાથે સમાસમાં જોડવો પડશે. ત્યારે '**धवलश्चासौ वृषभश्चेति धवलवृषभः श्वेतपटःइति श्वेत पटः रक्तश्चासौ घटश्च नीलं च तदम्बरं च** આદિ શબ્દો બનશે.

श्वेतं च तदम्बरं च दिक् च तदम्बरश्चेति इति श्वेताम्बरः दिगम्बरः

દ્વિગુસમાસ – જે શબ્દની આગળ સંખ્યાવાચી શબ્દ હોય તે દ્વિગુસમાસ છે. જેમ

त्रीणि कटुकानि समाहृतानि त्रिकटुकम् त्रीणि मधुराणि समाहृतानि त्रिमधुरम्. त्रीणिफलानि समाहृतानि त्रिफला. આ શબ્દો પાત્રાદિ ગણમાં હોવાથી 'ઈવ્' પ્રત્યય નથી આવ્યો અન્યથા द्वादशानि अंगानि समाहृतानि द्वादशांगी. આ રીતે નવપદી **त्रिपदी**। પાત્રાદિ ગણમાં બીજા શબ્દો ત્રિગુણ, ત્રિપુર, ત્રિસર, ત્રિપુષ્કર, ત્રિબિંદુ, ત્રિપથ, પંચનદ સપ્તગજ, નવતુરંગ, દશગ્રામ, દશપુર.

તત્પુરૂષ – દ્વિતીયાદિ વિભક્ત્યન્ત પદોના સમાસને તત્પુરૂષ સમાસ કહેવાય છે. મૂળ સૂત્રમાં કેવળ સપ્તમી તત્પુરૂષના જ ઉદાહરણો છે. જેમ કે **तीर्थेकाकः, तीर्थकाक, वनहस्ति, वनवराह, वनमहिष, वनमयूर.**

અવ્યયીભાગ – જેમાં પૂર્વપદનો અર્થ પ્રધાન હોય તે આ સમાસ છે. જેમ કે **'ग्रामस्य अनु समीपेन मध्येन वा अशनि र्गता अनुग्रामं'** એટલે કે ગામ પાસેથી કે વચ્ચેથી વિજલી ગઈ. ઈત્યાદિ ઉદાહરણો વૈયાકરણિઓ પાસેથી જાણી લેવા.

એકશેષ – સમાનરૂપ અને એક વિભક્તિ યુકત પદોનો એક શેષ રહેતા, આ સમાસ થાય છે અને બીજા શબ્દો લોપાઈ જાય છે તથા જે એક શેષ રહે છે તે પોતાને

માટે લોપાયેલા શબ્દોના અર્થમાં વર્તે છે. જેમ કે... **'पुरुषश्च, पुरुषश्चेति पुरुषौ,** આ રીતે **पुरुषश्च, पुरुषश्च, पुरुषश्चेति पुरुषा, माता च पिता च पितरौ, साधुश्च, साध्वी च साधू.** આમાં પિતા અને સાધુ પુરૂષ પ્રધાનતાના ન્યાયથી શેષ રહ્યાં છે છતાં શેષ રહેલા પિતરૌ કે સાધૂ શબ્દમાં માતા તથા સાધ્વી શબ્દનો અર્થ સમાવિષ્ટ છે.

તદ્ધિતજ - વ્યાકરણશાસ્ત્રના તદ્ધિત પ્રકરણમાં બતાવેલા પ્રત્યયો જે અર્થમાં વ્યાપૃત થાય છે. તે શબ્દો તદ્ધિતજ કહેવાય છે. તેના કર્મ, શિલ્પ, શ્લોક, સંયોગ, સમીપતઃ, સંયૂથ, ઐશ્વર્ય અને અપત્ય રૂપે આઠ ભેદ છે. તાર્ણભારિક, કાષ્ઠભારિક, પાત્રભારિક, દૌષ્યિકઃ, સૌત્રિક, કાર્પાસિક, ભાંડ વૈચારિક, કૌલાલિક આ કર્મના અર્થમાં આવેલ પ્રત્યયોથી બનેલા છે.

પણ્ય એટલે વેચવા લાયક પદાર્થ. **'तृणभार पण्यं यस्य तार्णभारिक, काष्ठभार पण्यं यस्य काष्ठभारिक.** આ પ્રમાણે બીજા શબ્દો પણ જાણવા. **कौलालानि मृद्भांडानि पण्यं यस्य कौलालिकः** પણ્ય અર્થમાં પ્રત્યયો આવ્યો છે. શિલ્પ અર્થમાં તૌન્નિક, તાન્તુવાયિક, પાટ્ટકારિક, વારૂણિક, મૌજકારિક, કાષ્ઠકારિક, છાત્રકારિક, બ્રાહ્મકારિક, પૌસ્તકારિક, ચૈત્યકારિક, દાંતકારિક, લૈપ્યકારિક, શૈલકારિક, કૌટ્ટિમકારિક ઈત્યાદિ શબ્દો શિલ્પ અર્થમાં તદ્ધિતં પ્રત્યયોથી શબ્દ બન્યા છે. તુન્ન શિલ્પ જેનું છે તે તૌન્નિક

૬૨૭. તાન્તુવાયિક અને પાટકારિક એટલે વણકર, માલિશ કરનાર હજામ ને ઔદ્વૃત્તિક.

શ્લોક એટલે યશ, રૂપ આદિ અર્થમાં તદ્ધિત પ્રત્યય લગાડવાથી શ્રમણ, બ્રાહ્મણ આદિ શબ્દો નિષ્પન્ન થાય છે. શ્રમણાદિ નામો પ્રશંસનીય સાધુ અર્થમાં પ્રસિદ્ધ છે. પ્રશસ્ત બ્રહ્મનો માલિક બ્રાહ્મણ છે.

સંયોગ - સંબંધ અર્થમાં, **राज्ञअयं राजकीय:**

સમીપ - વૈદિશ: વિદિશાની પાસેનું નગર વૈદિશ કહેવાય છે. આ પ્રમાણે તાગર, તગરાતટ, વેન્નાતટ આદિ.

સંયૂથ - ગ્રન્થ રચના રૂપ સંયૂથાર્થમાં તદ્ધિત પ્રત્યય લાગે છે. જેમ **तरक:वती मधीकृत्य कृतकथा तरंगवती कथा.**

ઐશ્વર્ય - ને બતલાવનારા શબ્દોથી તદ્ધિત પ્રત્યયો લાગે છે. જેમ રાજક, ઈશ્વર, તલવરક, મોડવિક, કૌટુંબિક, ઈભ્ય, શ્રેષ્ઠી, સાર્થવાહક, સેનાપતિક. આમાં સ્વાર્થિક પ્રત્યયો જાણવા.

અપત્ય - આનો અર્થ પુત્ર થાય છે. જેમ કે તીર્થંકર માતા- **तीर्थंकर अपत्यं यस्यासा तीर्थंकर माता.** ચક્રવર્તી માતા વાસુદેવ. **(वसुदेवस्य अपत्यंपुमान्)**

त्रिशलाया अपत्यंपुमान् त्रैशेलेय :

सिद्धार्थस्य अपत्यंपुमान् सैद्धार्थि: (મહાવીર સ્વામી)

वामेय: आश्वसेनि: (પાર્શ્વનાથ)

મરુદેવ (मरुदेव्याः अपत्यंपुमान्)

ધાતુજ - **भूसत्तायाम्** - ધ વૃદ્ધૌ આદિ નામો ધાતુથી બનેલા છે. તેમને બીજા પ્રત્યયો લાગવાથી ભૂત, ભૂતિ, ભવનમ્, ભાવ્યં, ભવિતવ્યં, ભવિતા, ભૂયમાન, આહાર, વિહાર, સંહાર પ્રહાર, પ્રહરણમ્, નિર્યુક્તિજ, મહાંશેતે મહિષ: ભ્રમન્ રૌતિ ભ્રમર: આદિ શબ્દો જાણવા.

ઉપક્રમમાં નામ શબ્દની ચર્ચા પૂર્ણ થઈ.

★ ★ ★

ઉપક્રમાન્તર્ગત્ પ્રમાણ એટલે શું ?

से किं तं पमाणे....

જે અસતિ, પ્રસૃતિ આદિ માપવિશેષ વડે ધાન્ય દ્રવ્યાદિનો પરિચ્છેદ થાય તે પ્રમાણ છે અથવા આનું આ આ સ્વરૂપ છે. આ પ્રકારે પ્રતિનિયત સ્વરૂપ વડે વસ્તુ મપાય તે પ્રમાણ છે. અથવા ધાન્યાદિની પ્રમિતિ પરિચ્છેદ એટલે સ્વરૂપ જાણવું તે પ્રમાણ છે. અસતિ, પ્રસૃતિ આદિ માપવિશેષ તેમાં કારણ છે. તે દ્રવ્યવિષયક પ્રમાણ દ્રવ્ય પ્રમાણ, ક્ષેત્રવિષયક ક્ષેત્રપ્રમાણ, આ રીતે દ્રવ્યપ્રમાણ અને ભાવપ્રમાણ રૂપે ચાર ભેદે પ્રમાણ છે.

આમાં દ્રવ્યપ્રમાણ પ્રદેશનિષ્પન્ન અને વિભાગ

નિષ્પન્ન બે પ્રકારે છે. એક બે, ત્રણ આદિ પરમાણુઓથી નિષ્પન્ન તે પ્રદેશ નિષ્પન્ન છે. ત્યાં એક પ્રદેશ નિષ્પન્ન પરમાણુ છે. દ્વિપ્રદેશથી નિષ્પન્ન દ્વિપ્રદેશિક, યાવત્ અનન્ત પ્રદેશોવડે નિષ્પન્ન અનન્ત પ્રદેશિક કહેવાય છે.

શંકા - પરમાણુ આદિ અનન્ત પ્રદેશિક સ્કન્ધ પર્યન્ત દ્રવ્ય જ કહેવાતા હોવાથી પ્રમેયરૂપે છે. માટે તેમાં પ્રમાણતા યુકત નથી. જવાબમાં કહેવાયું કે પ્રમેય સ્વરૂપે દ્રવ્યાદિને પ્રમાણે કહેવાની રૂઢિ છે. જેમ કે એક પ્રસ્થ (માપવિશેષ)થી મપાયેલા ધાન્યના ઢઘલાને જોઈ લોકો કહે છે કે આ ઢગલો (એટલે ઢગલામાં રહેલું ધાન્ય) દ્રોણ પ્રમાણ ધાન્ય છે. સારાંશ કે ધાન્યનો ઢગલો જે પ્રમેય રૂપે હતું તેને જ લોકો પ્રમાણરૂપે કહે છે. જેમ કે આ ધાન્ય એક કીલો છે, આ બે કીલો છે. કીલોએ પ્રમાણ માપ છે. તે પ્રમાણે એક, બે, ત્રણ પ્રદેશોથી નિષ્પન્નત્વ લત્રણ વડે પોતપોતાના સ્વરૂપ વડે પ્રમાયમાન હોવાથી પરમાણુ આદિ દ્રવ્યને પણ પ્રમાણ કહેવાય છે. 'પ્રમીયતે ઈતિ પ્રમાણમ્' માટે જે પ્રમેય છે તે પ્રમાણ કહેવાય.

વિભાગ નિષ્પન્ન એટલે સ્વગત પ્રદેશને છોડી બીજે વિશિષ્ટ ભાગ-ભંગ- વિકલ્પ વડે નિષ્પન્ન છે. ધાન્યનું માપ અસતિ, પ્રસૃતિથી જણાશે તે પાંચ પ્રકારે છે. માન, ઉન્માન, અવમાન, ગણિમ અને પ્રતિમાન. તેમાં માન પ્રમાણે, ધાન્યપ્રમાણ અને રસનામ પ્રમાણ બે ભેદે છે. ત્યાં ધાન્યનું

માપ એટલે માપ ધાન્યમાન પ્રમાણ છે, જેના વડે ધાન્ય મપાય. જેમ કે આ ધાન્ય કેટલું ? ત્યારે કહેવાશે કે ૧ શેર, ૨ શેર, ૩ શેર, ૧ મણ આદિ.

સૂત્રમાં જે માપ અપાયા છે તે મગધ દેશ પ્રસિદ્ધ છે.

૨ અસતિ - ૧ પ્રસૃતિ (હાથની બંને હથેલીઓ ભેગી કર્યા પછી તેમાં જે ધાન્ય મપાય તેને પ્રસૃતિ (ખોબો) કહેવાય છે)

૨ પ્રસૃતિ - ૧ સેતિકા
૪ સેતિકા - ૧ કુડવ
૪ કુડવ - ૧ પ્રસ્થ
૮૦૦ આઢક - ૧ વાહ

આ માપોનું પ્રયોજન ફરમાવતા સૂત્ર કાર કહે છે કે આ મુક્તોલી (કોઠી જે નીચે ઉચ્ચે સાંકડી વચ્ચે પહોલી)માં કેટલું અનાજ છે ? નાની ગુણી, મોટી ગુણી, ગાડામાં મૂકાય તે ગુણી (બોરા)માં અનાજ કેટલા પ્રમાણમાં છે ?

ઘી-તેલ આદિ રસના પ્રમાણ માટે પણ જણવું કે આ વાટકામાં, ઘડામાં, કુંડીમાં, કળશમાં કેટલું ઘી છે. ?

ઉન્માન પ્રમાણ - ત્રાજવામાં મૂકીને જે તોલવામાં આવે તેને ઉન્માન પ્રમાણ કહેવાય છે. પલાશમય, કર્માચિપત્ર,

સાકર આદિ ત્રાજવામાં તોલાય છે. તેનું માપ સૌ કરતાં અર્ધકર્ષ માપ લઘુ છે.

૨ અર્ધ કર્ષ - ૧ કર્ષ
૨ કર્ષ - ૧ અર્ધ પલ
૨ અર્ધ પલ - ૧ પલ
૫૦૦ પલ - ૧ તુલા
૧૦ તુલા - ૧ અર્ધ ભાર
૨૦ તુલા - ૧ ભાર.

અવમાન પ્રમાણ - જે હાથ, દંડ આદિથી મપાય તે અવમાન પ્રમાણ છે. તેનું માપ કોષ્ઠક.

૨૪ આંગળ - ૧ હાથ
૪ હાથ - ૧ દંડ
૪ દંડ - ૧ ધનુષ્ય
૪ ધનુષ - ૧ યુગ
૪ યુગ - ૧ નાલિકા
૪ નાલિકા - ૧ અક્ષ
૪ અક્ષ - ૧ મુશલ

આ માપથી જૂદી જૂદી વસ્તુઓ મપાય છે જેમ કે ખાત, ચિત્ત, સચિત્ત, કૃકચિત્ત, કટ, પટ, ભિતી, પરિક્ષેપાદિ કુપાદિને ખાત, ઇંટાસેથી નિર્મિત પ્રાસાદ-પીઠને ચિત્ત.

કરવતથી કપાયેલું કાષ્ઠ, ક્રકચિત્ત, ભીંતનું નામ, ભિત્તિ, પરિઘિ (નગરની પરિખા)નું નામ પરિક્ષેપ કહેવાય છે. સારાંશ કે ' આ ઘર આટલા હાથ આ ખેતર આટલા દંડ પ્રમાણ છે.' ઈત્યાદિ અવમાન પ્રમાણ છે.

ગણિમ - રૂપીઆ આદિ ગણવામાં આવે તે ગણિમ છે. જે એક, બે, ત્રણ આદિ સંખ્યાથી વસ્તુ ગણાય છે.

પ્રતિમાન પ્રમાણ - જેનાથી માપવામાં આવે તે માન છે અને મેય રૂપે સુવર્ણ છે, માન પ્રતિમાન ગુંજાદિ છે, રત્તી, ઘોંગચી, ચણોટિ, ગુંજના નામ છે. ત્રાજવાના એક પલ્લામાં સુવર્ણાદિ હોય અને બીજા પલ્લામાં ગુંજાદિ હોય તે છે.

૧।, રતીની - ૧ કાંકણી
૧।।।, ગુંજ - ૧ નિષ્પાવ
૩ નિષ્પાવ - ૧ કર્મમાષક
૧૨ કર્મમાષમ - ૧ મંડળ

અત્યારે વ્યવહારમાં મિલિગ્રામ, ગ્રામ અને તોલાનું વજન છે. જેનાથી સુવર્ણ, ચાંદી, મણિ, મૌક્તિક, શંખ, પ્રવાલ આદિ દ્રવ્યોનું માન જણાય છે.

આ પ્રમાણે માનાદિ પ્રમાણોથી પ્રતિમાન પ્રમાણ સુધી પાંચે ભેદ પૂર્ણ થયા અને તેમ થતાં દ્રવ્ય પ્રમાણ જે પ્રમાણનો

પ્રથમ ભેદ છે તે પૂર્ણ થયો.

(૨) ક્ષેત્રપ્રમાણ.

જેનાથી ક્ષેત્ર મપાય તે ક્ષેત્રપ્રમાણ છે. જે પ્રદેશ નિષ્પન્ન અને વિભાગ નિષ્પન્નરૂપે બે ભેદે છે.

એક પ્રદેશાવગાઢ, બે પ્રદેશાવગાઢ, ત્રણ પ્રદેશાવગાઢ, યાવત્ સંખ્યાત, અસંખ્યાત પ્રદેશાવગાઢ ક્ષેત્ર પ્રમાણ જાણવો.

વિભાગ નિષ્પન્ન, ભંગ, વિકલ્પ, પ્રકારાદિ, વિભાગના સમાનાર્થ છે. તે અંગુલ, વિતસ્તિ (વેંત) રત્ની, કુક્ષિ, ધનુષ, ગાઉ આદિથી મપાય છે.

પ્રદેશ નિષ્પન્નમાં પ્રદેશો વડે ક્ષેત્ર જાણવામાં આવે છે અને અંગુલાદિથી વિભાગ નિષ્પન્નતા જાણવી. અંગુલના આત્માંગુલ, ઉત્સેધાંગુલ અને પ્રમાણાંગુલ રૂપેં ત્રણ ભેદ જાણવા.

આત્માંગુલ, પોતપોતાના સમયમાં જન્મેલા ભરત, સગરાદિ ચક્રવર્તિઓની પોતાની, જે અંગુલ હોય તે આત્માંગુલ છે. સારાંશ કે પોત પોતાના કાલવર્તી માણસોના અંગુલ જ આત્માંગુલ છે. ૧૨ અંગુલ - ૧ મુખ. આવા નવ મુખ એટલે જે સમયે જે માણસ હોય તે પોતાના ૧૦૮, અંગુલ પ્રમાણ તે જ આત્માંગુલ છે. આ પ્રમાણયુકત માણસ

શ્રેષ્ઠ કહેવાય છે.

એક મોટી પાણીની ભરેલી જળકુંડીનું નામ દ્રોણી છે. તેમાં પુરૂષ પ્રવેશ કરે અને દ્રોણ પ્રમાણ જળ બહાર નીકળે તો તે પુરૂષમાનયુક્ત કહેવાય છે. અથવા દ્રોણ પ્રમાણ જળ ઉપર આવી જાય તે પુરૂષમાનયુક્ત છે. ત્રાજવામાં બેસાડ્યા પછી જેનું અર્ધભાર પ્રમાણ થાય તે ઉન્માનપ્રમાણ માનવ છે. સારાંશ કે જે માનવ, માન, ઉન્માન પ્રમાણયુકત હોય, શંખ-સ્વસ્તિક, છત્ર, કમળાદિ. લક્ષણ યુકત હોય તથા ઉગ્રાદિકુલોમાં જન્મેલ હોય તે ઉત્તમ પુરૂષ છે, જે પોતાના અંગુલથી ૧૦૮ અંગુલ પ્રમાણ ઊંચા હોય તે ઊત્તમ, ૧૦૪ અંગુલ પ્રમાણ મધ્યમ અને ૯૬ અંગુલ પ્રમાણ અધમ માનવ હોય છે. ઉત્તમ પુરૂષો ધીર, વીર, ગંભીર, સારા લક્ષણોથી યુકત અને મધુર ધ્વનિવાળો હોય છે.

૬ અંગુલ - ૧ પાદ, ૨ પાદ - ૧ વિતસ્તિ,
૨ વિતસ્તિ - ૧ રત્નિ, ૨ રત્નિ - ૧ કુક્ષિ,
૨ કુક્ષિ - ૧ દંડ, ૨૦૦૦ ધનુષ - ૧ ગવ્યૂત.
૪ ગવ્યૂત - ૧ યોજન.

આત્માગુલનું પ્રયોજન ફરવાવતાં સૂત્રકાર કહે છે કે આ અંગુલથી નીચે પ્રમાણે લખેલા સ્થાનોને માપવાના છે. જેમકે અવટ એટલે કુપ, તડાગ - ખોદાયેલ તલાબ, વાપ્ય ચાર ખુણાની વાવડી, પુષ્કરિણી ગોળ વાવડી સરસ,

સ્વયંભુત જળાશય, સરસ્પંકિત તલાબોની પંક્તિ આરામ માધવી લતા (જેમાં દંપતી રમણ કરે છે) ઉદ્યાન જ્યાં ઘણા વૃક્ષો અને લતાઓ હોય. કાનન પુરુષસ્ત્રીઓને અથવા કેવળ પુરુષોને યા કેવળ સ્ત્રીઓને માટે પરિભોગ્ય સ્થાન, અટવી ચારે તરફ પર્વતોની માળા હોય. સભ્ય પુરુષો જ્યાં બેસીને પુસ્તક વાંચનાદિ કરે તે સભા. પરિખા, પ્રતોલી, પ્રાસાદ, શરણ (ઘાસના બનેલા મકાનો) લયન (પર્વતમાં કોતરેલા મકાન, ત્રિપથ, ચતુર્થ, મહાપથ, યાનરથ આદિ જેનાથી મપાય તે આત્માંગુલ છે. આના ત્રણ ભેદ સૂચ્યંગુલ, પ્રતરાંગુલ અને ઘનાંગુલ રૂપે છે. સૂચ્યાંગુલને સૂચ્યાગુલથી ગુણવી તે પ્રતરાંગુલ અને તેને ફરીથી સૂચ્યાંગુલથી ગણવી તે ઘનાંગુલ છે. સૌ થી અલ્પ સૂચ્યંગુલ તેના અસંખ્યાત ગુણા પ્રતરાંગુલ અને તેનાથી પણ અસંખ્યા ગુણા ઘનાંગુલ છે.

(૨) ઉત્સેધાંગુલ - અનેક વિધ છે. તે આ પ્રમાણે = પરમાણુ, ત્રસ, રેણુ, રથરેણુ, બાળાગ્ન, લિક્ષા, જૂ, જવ, ક્રમપૂર્વક ૮-૮ ગુણાવધારે જાણવા આ ક્રમે અભિવર્ધિત થયું. તે ઉત્સેધ છે. આનાથી જે અંગુલ થશે તેને ઉત્સેધા ગુલ સમજવું જેનું પ્રયોજન નારક દેવ મનુષ્ય અને તિર્યંચ જીવોના શરીરની અવગાહના માપવાની છે. જે અનન્ત પુદ્ગલોના સમુદાયથી થાય છે.

પરમાણુની વાત કરતાં સૂત્રકારે કહે છે કે- તે

પરમાણુ, સુક્ષ્મ અને વ્યાવહારિક રૂપે બે ભેદે છે. સૂક્ષ્મ પરમાણુ કારણ રૂપ છે. નિત્ય છે અને એક રૂપ છે. એટલે કે તે કારણ છે કાર્ય નથી. માટે અવ્યવહારિક હોવાથી તેની ચર્ચા કરવાની નથી. પરન્તુ અનન્ત સૂક્ષ્મ પરમાણુ પુદ્ગલોમાં દ્વિપ્રદેશિક સમુદાયો મળે છે તે વ્યાવહારિક પુદ્ગલ રૂપે બનવા પામે છે. તેમાં અનન્ત પરમાણુઓ છતાં પણ હજી સુધી તેમાં સ્થૂલતા આવી ન હોવાથી તે વ્યવહાર પરમાણુ છે. યદ્યપિ તે નિશ્ચયથી સ્કન્ધ જ છે. પણ સૂક્ષ્મતા ને લઇ તેને વ્યવહારિક પુદ્ગલ માનવામાં આવ્યો છે. જે ચક્ષુગોચર નથી.

સ્થૂળતાને પામેલો માટે ચક્ષુગોચર થતો સ્કન્ધ છેદાય છે ભેદાય છે. તેવી રીતે અનન્ત પરમાણુઓનો બનેલો વ્યવહાર પરમાણુ શું. તલવાર કે છરાની ધાર પર અવગાહિત થાય છે. પણ તે ધારથી તે છેદાતું ભેદાતું નથી. તેવી રીતે અગ્નિકાયની વચ્ચે જવા છતાં બળતો નથી. મહામેઘથી પણ ભિજાતું નથી. નદીના પ્રતિકુળ સ્રોતમાં પણ તેને વાંધો આવતો નથી.

પાંચ મેઘોનું સ્વરૂપ આ પ્રમાણે છે.-

અવસર્પિણી કાલના પાંચમાં આરાના અંતમાં બાદર અગ્નિકાયનો લોપ થતાં, માનવ સૃષ્ટિની અત્યન્ત દયનીય દા થશે. વધારામાં ખારાપાણીનો વર્ષાદ, સૂર્યની ભયંકરતમ ગરમી પાણીનો અભાવ થતા. પૃથ્વી પણ સૂકી નિરસ

તથા વનસ્પતિને પણ ઉત્પન્ન કરવામાં અક્ષમતા વાળી થયા પામશે. માનવોના પુણ્યકર્મની અતિ નિકૃષ્ટતમ કચ્ચાસના કારણે તેમના શરીરમાં પણ ભયંકર રોગો વધશે. અને જીવન પશુ તુલ્ય બનશે. આ રીતે છઠ્ઠોઆરો ૨૧ હજાર વર્ષનો થશે અને માનવ સૃષ્ટિને સર્વથા બદલાવી નાખશે. ત્યાર પછી ઉત્સર્પિણી કાલનો પ્રારંભ થતાં પહેલો આરો ૨૧,હજાર વર્ષનો પૂર્ણ થયો. ફરીથી કાળચક્ર બદલાશે અને માનવ તથા તિર્યંચોના અભ્યુદયાર્થે નીચે પ્રમાણે ક્રમશ: વર્ષાદો થશે.

(૧) પુષ્કલ સંવર્તક ઉદક રસ નામો પ્રથમ વર્ષાદ
(૨) ક્ષીરોદ નામે બીજો બર્ષાદ.
(૩) ઘૃતોદ નામે ત્રીજો વર્ષાદ.
(૪) અમૃતોદ નામે ચોથો વર્ષાદ.
(૫) રસોદ નામે પાંચમો વર્ષાદ.

આ વર્ષાદો થતાં જ અશુભાનુ ભાવ મટશે, ભુમિગત બધીય ખરાબી મટશે. પ્રશસ્ત મીઠા જળનો પ્રાદુભવિ થશે. માનવ તથા પશુઓના રોગો મટશે. ભુમિની ઉખરતાં મટશે. આ પ્રમાણે બીજા, ત્રીજા, ચોથા, અને પાંચમાં વર્ષાદ વનસ્પતિ આદિની ઉત્પતિ થશે. ઘન-ધાન્ય પાકશે, વૃક્ષો ફળવાળા થશે. અને માનવ સમૂહ બધી રીતે સુખી થશે.

અને વૃદ્ધિ પામશે. સદૈવ પરિવર્તન શીલ સંસારનો ક્રમ હમેશા અપરિવર્તનીય હોય છે, હાનિવૃદ્ધિ, દુઃખ સુખ રોગ-શોક, આદિ વ્યાધી અને ઉપાધિ જીવ માત્રના કર્મને આધીન છે. પુણ્યકર્મોના પ્રાચુર્ય અને પાપકર્માના પ્રાચુર્યની ગતિ બદલાતી રહે છે. ૪૨,હજાર વર્ષ સુધી બાદર અગ્નિના અભાવે માનવોની દશા માંસાહારી જેવી રહેશે. તેથી ફરીને આદિયુગમાં માનવો માંસાહારી હતા માટે માંસાહાર અનાદિનો છે. તેવી રીતે કલ્પનાતો વિચારમૂઢ પંડિતો મહાપંડિતો સિવાય બીજે કોણ કરે ?

'परिवर्तिनि संसारे...' નો અર્થ એટલોજ છે કે, કોઇ કાળે પણ સંસારનો નાશ નથી પણ તેમાં પૌદ્‌ગલિક ફેરફાર થવાના કારણે આજનો સંસાર સોવર્ષે, હજાર વર્ષે સત્યગુમાં, દ્વાપરયુગમાં, ત્રેતાયુગમાં અને કલિયુગમાં જૂદા જૂદા રૂપો ધારણ કે તે સ્વાભાવિક છે.

સારાંશ કે ૩૩, કરોડ દેવોની જગદમ્બાઓની, કે શિવશંકર મહાદેવની પણ તાકા નથી કે સંસારનો નાશ કરે ! અથવા કોઇની તાકાત નથી કે સંસારને ઉત્પન્ન કરે. આ વાત કેવળજ્ઞાનથી પ્રરૂપિત જૈનશાસનની છે. માટે સંસારની આદિ નથી જ તેમ અન્ત પણ નથી જ કેવળ શુભાશુભ કર્મોના ઉદયકાળે ફેરફાર થતો રહે છે.

વ્યાવહારિક પુદ્‌ગલ જે સૂક્ષ્માકારે છે. તેને હાનિ

પહોંચાડવા માટે અગ્નિદેવ, વાયુદેવ, બ્રહ્મદેવ આદિ પણ સમર્થ નથી. આ બધી વાતો ને કથનારા કેવળ ભગવંતો છે.

સિદ્ધાવસ્થામાં તેઓ કોઇને પણ ઉપદેશ આપી શકતા નથી. માટે સયોગી તીર્થંકર પરમાત્મા જ પોતાના કેવળજ્ઞાન વડે સંસારના સ્વરૂપને જોઇને દેશના આપે છે. તે યર્થાથ છે, સન્યના ચરમ લક્ષમને પ્રાપ્ત કરેલી છે.

સિદ્ધભગવંતો શા માટે ઉપદે આપતા થી ?

કેવળી આવસ્થામાં તીર્થંકર પરમાત્માઓને અઘાતિકર્મો હજી સત્તામાં હોવાથી શરીર ધારી છે. અને શરીર છે તો મુખ છે . દાત છે, ઓષ્ઠ છે, તાલુ છે અને જીભ છે. અથવા મારે ઉપદેશ દેવાનો છે. આ વિચારો થતાંજ નાભી કમળમાં વાયુનો સંચાર થાય છે અને શબ્દોચ્ચારણ કરવા માટે ઉર્ધ્વગતિ કરે છે. ત્યારે શબ્દોને બહાર નીકળવા માટે આ સ્થાનો છે. આમાં થી કેટલાક શબ્દો કંઠને કેટલાક હોઠને, કેટલાક જીભને, કેયલાક દાંત ને સ્પર્શ કરી બહાર આવે છે. માટે સયોગી શરીર ધારી કેવળી ભગવંતોજ ઉપદે આપી શકે છે. જયારે સિદ્ધ પરમાત્મા નિરંજન એટલે સર્વથા રાગ વિનાના છે. નિરાકાર એટલે શરીરાકાર વિનાના હોવાથી. તેમને મુખ આદિ નથી જ અને જેને મુખ નથી.

તેઓ ઉપદેશ શી રીતે આપશે ? માટે વેદો પણ અપૌરૂષેય નથી પણ પૌરૂષેય છે. શરીર વિના મુખ નથી, મુખવિના વકૃતૃત્વ નથી. અને વકૃતૃત્વ વિના શબ્દોચ્ચારણ હોતું જ નથી. આકાશ દ્રવ્ય સર્વથા નિર્જીવ હોવાથી. ગધેડાના સીંગની જેમ તેની પાસે શબ્દોચ્ચારની આશા રાખવી. અથવા શંકરના ડમરૂમાંથી વ્યાકરણના સૂત્રો સરી પડવા આતો ઠોઠ નિશાળિઆઓને સમજાવવા જેવી વાત છે.

શબ્દમાત્ર પૌદ્‌ગલિક છે, કેમ કે તેને ઉત્પન્ન થવાના સ્થાનોં એકે એક વિદ્વાનને માન્ય છે. અને જેની ઉત્પતિ છે તેનો નાશ પણ છ જ આવી પરિસ્થિતિમાં **'शब्दगुणमाकाशं'** નું સુત્ર કે સન્માનનીય વિદ્વાનોમાં હાસ્યાસ્પદ બને તેમાં કોનો દોષ ?

ઉત્સેધાંગુલ એટલે શું ?

અનન્ત વ્યાવહારિક પરમાણું પુદ્‌ગલોના સમુદાયની સમિતિના સમાગમથી જે પરમાણુ જણાય છે. તે અતિશય શ્લક્ષ્ણ, શ્લક્ષ્ણ શ્લક્ષ્ણતાને જ ઉત્ શ્લક્ષ્ણ શ્લક્ષ્ણિકા જાણવી. જે આગળ કહેવાશે તેનાથી લઘુતમ છે.

૮ ઉત્ શ્લક્ષ્ણ શ્લક્ષ્ણિકા	૧ શ્લક્ષ્ણિકા
૮ ઉત્શ્લક્ષ્ણિકા	૧ ઉર્ધ્વરેણુ

૮ ઉતદ્વરેણુ	૧ ત્રસરેણુ
૮ ત્રસરેણુ	૧ રથ રેણુ
૮ રથરેણુ	૧ દેવકુરૂ ઉત્તર કુરૂ મનુષ્યોના બાલાગ્ન
૮ દેવકુરૂ ઉત્તરના બાલાગ્ન	૧ હેમવર્ષ રમ્યક્ મનુષ્યોના બાલાગ્ન
૮ હરિ, રમ્યકૃના બાલાગ્ન	૧ હેમવંત હિરણ્યવંતના બાલાગ્ન
૮ હેમા હિરણ્યના બાલાગ્ન,	૧ પૂર્વ પશ્ચિમ વિદેહના મનુષ્યોના બાલાગ્ન
૮) પૂ. પ. વિદેહના બાલાગ્ન	૧ ભરત ઐરાવત મનુષ્યોના બાલાગ્ન
૮ ભ. ઐ. ના બાલાગ્ન	૧ લિક્ષા
૮ લિક્ષા	૧ યૂકા
૮ યૂકા	૧ જવમધ્ય ભાગ
૮ જવમધ્ય	૧ અંગુલ
૬ અંગુલ	૧ પાદ
૧૨ અંગુલ	૧ વિતસ્તિ
૨૪ અંગુલ	૧ રહિત હાથ
૪૮ અંગુલ (૨ રત્નિ)	૧ કુક્ષિ
૯૬ અંગુલ	૧ દંડ
૨૦૦૦ ધનુષ્ય	૧ ગાઉ

૪ ગાઉ ૧ યોજન

આગળ ચાલતા વાયુથી પ્રેરિત ને રેણુ કહે છે. ચાલતા રથથી રથરેણુ જાણવો દેવકકુરુ ઉત્તર કુરૂ, હરિવર્ષ રમ્યક્ આદિમાં રહેનારા માનવોના ઉત્તર ઉત્તરમાં બાલાગ્રની સ્થઊળતા જાણવી તેમજ અનુભાવ હીનતા પણ જાણવી. આ ઉત્સેધાંગુલનું પ્રયોજન ચારે ગતિના જીવોના શરીરને માપવાનું છે.

જૈન શાસન સર્વગ્રાહ્ય એટલા માટે છષ કે. તેના પ્રરૂપક કેવળજ્ઞાનના માલિક છે. અને જે કેવળજ્ઞાની છે. તેમનાં સર્વઘાતી કર્મો જે આત્માની અનન્ત શક્તિઓને દબાવી દેનારા છે. તે કર્મોનો સમૂળ નાશ થવાથી, અઘાતિ કર્મોને છોડીને બીજે એકેય કર્માણુ હવે સત્તામાં રહ્યો નથી; માટે જ સંસારના દશ્ય પદાર્થો અને છદ્મસ્થોને માટે અદશ્ય તત્વોને પોતાના કેવળ દર્શન વડે જોઇ સંબંધિત હોવાથી આત્માની શક્તિના અવરોધક બનતા નથી. માટે સર્વથા અંકિચિત્કર છે. આ કારણે જ નરક ગતિ કે દેવ ગતિનું વર્ણન તેમનું શરીર શરીરની ઊંચાઇ તેનો વર્ણ (રૂમમરંગ) આયુષ્ય, સુખ દુઃખ ઉપરાંત તેમના રહેઠાણોની તળસ્પર્શી સ્પષ્ટતા જેટલી જૈનાગમોમાં છે. તેનાથી ઘણી ઓછી પણ જાણકારી બીજા શાસ્ત્રોમાં નથી. કેવળ નરકમાં નારકોકે દેવલોકોમાં દેવો છે. અને થોડું વધારે તેમના સુખ દુઃખોનું

વર્ણન કદાચ જોવા મળે પણ જૈનાગમ જેટલું નહીં જ.

કેવળ જ્ઞાનિઓની નજરમાં સંસારવર્તી અનન્તાનન્ત જીવ રાશિ હોવાથી. તેમના શરીરની ઉંચાઇ જ ઘન્યથી અને ઉત્કૃષ્ટથી કેટલી ? જઘન્ય એટલે છેલ્લામાં છેલ્લી અને ઉત્કૃષ્ટ એટલે વધારેમાં વધારે કેટલી ? કર્મો સૌ જીવોના જૂદા જૂદા હોવાથી. તેમના શરીર, ઉચ્ચાઇ, રૂપરંગ તેમજ જન્મ મરણ પણ એક સમાન નથી હોતા. માટે નારકોની શરીર અવગાહના ભવધારણીય અને ઊત્તર વૈક્રિય રૂપે બે પ્રકારે છે. જે ભવધારણીય છે. તે જઘન્યથી અંગુલના અસંખ્યા તમે ભાગે છે અને ઉત્કૃષ્ટથી પાંચસો ઘનુષ્ય પ્રમાણ છે. તથા ઉત્તર વૈક્રિય નારકોની જઘન્ય અવગાહના અંગુલના સંખ્યા તમે ભાગે અને ઉત્કૃષ્ટથી એક હજાર ઘનુષ્ય પ્રમાણ છે.

નોંધ જેની અંદર જીવો રહે છે તે નારક શરીર અથવા નરક ગતિમાં રહેવા વાળા જીવોનું શરીર જેટલા શરીરમાં અવગાઢ છે તેને અવગાહના કહેવાય છે. જે ઉત્સઘાંગુલથી નરકાદિ જીવોની અવગાહના મપાય છે. તે કેટલી મોટી હોઇ શકે છે. ? કેમકે આપશ્રીમાનો એ તથા બીજા તીર્થંકર દેવોએ, દેવ - મનુષ્યોની પરિષદામાં તેનું વર્ણન કર્યું છે. ગૌતમ સ્વામીના પ્રશ્નના જવાબમાં ભગવંતે ફરમાવ્યું કે હે ગૌતમ! મૂળ શરીર એટલે જેટલા પ્રમાણના શરીરમાં તેઓ ઉત્પન્ન થાય તેને ભવધારણીય કહે છે. અને પાપ

કર્મોને, વઅરઝેર, તથા મારફાટ આદિના ઋણાનુબંધશેને ભોગવવામાં નારકોને તથા પુણ્ય કર્મોને ભોગવવાને માટે, અરિહંત પરમાત્માના સમવસરણમાં જવા માટે.

અથવા તીર્થંકર દેવોની વૈયાવચ્ચમાં રહેવા માટે અથવા કેવળજ્ઞાનનો મહોત્સવ કરવા માટે, દેવોને વૈક્રિયલબ્ધિ દ્વારા શરીર બનાવવું પડે છે, તે ઉત્તર વૈક્રિય કહેવાય છે. આ કારણે જ બન્ને પ્રકારે તેમની વ્યાખ્યા કરવાની હોય છે.

સંસારમાં જીવમાત્રના પાપકર્મોની કે પુણ્યકર્મોની રેખા એક સમાન હોઈ શકે જ નહીં. આ વાત કેવળ તીર્થંકર પરમાત્માઓને છોડી બીજાઓને માટે સર્વથા અગમ્ય રહી છે.

શરીરની અવગાહનાના પ્રશ્નમાં તેના બે ભેદોની વાત તો અપ્રસ્તૃત છે. એમ હે ગૌતમ ! તું માનીશ નહીં કારણ કે પ્રસ્તુત ચર્ચાથી વિપરીત વાતની પણ ચર્ચા કરવાથી એટલે કે શરીરની અવગાહનાના પ્રશ્નમાં ભેદની પણ ચર્ચા કરવામાં વાંધો નથી.

નરકગતિ આદિમાં રહેવા વાળા જીવોનો શરીર પર્યાય તેમના આયુષ્યકર્મની અન્તિમ સમાપ્તિ સુધી સમજવાનો છે. માટે તેને ભવધારણીય કહેવાય છે અને તેને ગ્રહણ કર્યા પછી અમુક કાર્યને લઈ બીજું શરીર ધારણ કરવું

પડે તે ઉત્તરવૈક્રિય કહેવાય છે.

ઉત્પન્ન થતાં નારક જીવોની અવગાહના, અંગુલના અસંખ્યેય ભાગ જેટલી અને ઉત્કૃષ્ટથી પાંચસો ધનુષ્ય જેટલી જાણવી. તે સાતમી નરકના જીવોની અપેક્ષાએ જાણવી.

ઉત્તરવૈક્રિય માટે જઘન્યથી અંગુલના સંખ્યાતમાં ભાગે કેમ કે તેવા પ્રકારના પ્રયત્નનાં અભાવ હોવાથી અસંખ્યાતમો ભાગ કરી શકતા નથી. ઉત્કૃષ્ટથી એક હજાર ધનુષ જાણવી.

સામાન્ય રીતે વાત કરી હવે વિશેષ પ્રકારે વાત કહેવામાં આવે છે. કેવળ ઉત્કૃષ્ટઅવગાહનામાં બધી નરકભૂમિઓમાં પોતપોતાના ચરમપ્રસ્તરમાં જાણવી. તથા ભવધારણીય કરતાં ઉત્તરવૈક્રિય શરીરની ઉત્કૃષ્ટ અવગાહના દ્વિગુણિત એટલી બેવડી જાણવી.

રત્નપ્રભા - જઘન્યથી ભવધારણીય અવગાહના અંગુલનો અસંખ્યાતમો ભાગ

ઉત્કૃષ્ટથી સાત ધનુષ, ત્રણ રત્નિ, (ત્રણ હાથ), છ અંગુલ.

ઉ. વૈક્રિય - જઘન્યથી અંગુલનો સંખ્યાતમો ભાગ.

ઉતકૃષ્ટથી ૧૫ ધનુષ, ૨ રત્નિ અને ૧૨ અંગુલ.

શર્કરાપ્રભા - ભવધારણીય જઘન્યથી અંગુલનો

અસંખ્યાતમો ભાગ.

ઉત્કૃષ્ટથી, ૧૫ અંગુલ, ૨ રત્નિ, ૧૨ અંગુલ.

ઉ. વૈક્રિય - જઘન્યથી અંગુલનો સંખ્યાતમો ભાગ.

ઉતકૃષ્ટથી ૩૧ ધનુષ, ૧ રત્નિ.

વાલુકાપ્રભા - ભવધારણીય જઘન્યથી, અંગુલનો અસંખ્યાતમો ભાગ.

ઉત્કૃષ્ટથી, ૩૧ ધનુષ, ૧ રત્નિ.

ઉ. વૈક્રિય - જઘન્યથી અંગુલનો સંખ્યાતમો ભાગ.

ઉતકૃષ્ટથી ૬૨ ધનુષ, ૨ રત્નિ.

પંકપ્રભા - ભવધારણીય જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ.

ઉત્કૃષ્ટથી, ૬૨ ધનુષ, ૨ રત્નિ.

ઉ. વૈક્રિય - જઘન્યથી અંગુલનો સંખ્યાતમો ભાગ.

ઉતકૃષ્ટથી ૧૨૫ ધનુષ.

ધૂમપ્રભા - ભવધારણીય જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ.

ઉત્કૃષ્ટથી, ૧૨૫ ધનુષ.

ઉ. વૈક્રિય - જઘન્યથી અંગુલનો સંખ્યાતમો ભાગ.

ઉતકૃષ્ટથી ૨૫૦ ધનુષ.

તમ:પ્રભા - ભવધારણીય જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ.

ઉત્કૃષ્ટથી, ૨૫૦ ધનુષ.

ઉ. વૈક્રિય - જઘન્યથી અંગુલનો સંખ્યાતમો ભાગ.

ઉતકૃષ્ટથી ૫૦૦ ધનુષ.

તમસ્તમા - ભવધારણીય જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ.

ઉત્કૃષ્ટથી, ૫૦૦ ધનુષ.

ઉ. વૈક્રિય - જઘન્યથી અંગુલનો સંખ્યાતમો ભાગ.

ઉતકૃષ્ટથી ૧૦૦૦ ધનુષ.

નારકો, અસુરાદિ ભવનપતિઓ, પૃથ્વીકાયિકાદિ, વિકલેન્દ્રિયો, પંચેન્દ્રિય તિર્યંચો, માનવો, વ્યન્તરો, જ્યોતિષ્કો, અને વૈમાનિકાદિ ચૌવીસે દંડકની પદ્ધતિએ નારકાદિની ચર્ચા કર્યા પછી ક્રમગત ભવનપતિદેવોની ચર્ચા પણ ભવધારણીય અને ઉત્તર વૈક્રિય સ્વરૂપે કરાશે. તે આ પ્રમાણે.

હે ગૌતમ ! અસુરકુમારોની ભવધારણીય સ્થિતિ જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટથી ૭ રત્નિ પ્રમાણ. ઉત્તર વૈક્રિય જઘન્યથી અંગુલનો સંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટથી એક લાખ યોજન જાણવી. આ પ્રમાણે નાગકુમાર સ્તનિતકુમાર, વાયુકુમાર, વિદ્યુત્કુમાર, સુવર્ણકુમાર, ઉદધિકુમાર, આદિ દશે પ્રકારના દેવો માટે જાણવું.

કેટલાકો ઉત્કૃષ્ટ સ્થિતિ હજારયોજનની માને છે.

પૃથ્વીકાયિકો માટે :-

સામાન્ય રીતે પૃથ્વીકાયિકો, સૂક્ષ્મપૃથ્વીકાયિકો, સૂક્ષ્મઅપર્યાપ્તપૃથ્વીકાયિકો, સૂક્ષ્મપર્યાપ્તકો, સામાન્ય રૂપે બાદરપૃથ્વીકાયિકો, અપર્યાપ્તબાદર અને પર્યાપ્તબાદર પૃથ્વીકાયિકો. આ સાતે પૃથ્વીકાયિકોની જઘન્ય અને ઉત્કૃષ્ટ અવગાહના અંગુલના અસંખ્યેય ભાગે જાણવી.

શંકા :- બન્નેની અવગાહના એક સરખી જ હોય તો જઘન્ય અને ઉત્કૃષ્ઠની ભેદ રેખા શા માટે ? જવાબમાં જાણવાનું કે જૈન શાસનની સમયગણત્રી સૂક્ષ્મતમ હોવાથી બીજા ધર્મવાળાઓને માટે સર્વથા અકલ્પનીય રહેલી છે. યદ્યપિ અસંખ્યેય, અસંખ્યેય જ હોય છે. તો પણ કેવળજ્ઞાનીની દષ્ટિએ અસંખ્યેયના પણ અસંખ્યેય ભેદો હોવાથી ઉત્કૃષ્ટ અને જઘન્યમાં વિરોધ નથી. અસત્ક-કલ્પનાથી આપણે જાણવું હોય તો એક રૂપીઆના સૌ પૈસા છે અને એક પૈસાની સો કોડીઓ છે. તેમાં એકાદ પૃથ્વીકાય જીવની અવગાહના એક પૈસા જેટલી, બીજાની બે પૈસા જેટલી, કોઈની એક કોડી જેટલી બીજાની બે કોડી યાવત્ એક પૈસા જેટલી કે એક રૂપીઆ જેટલી પણ હોઈ શકે છે. આ પ્રમાણે અસંખ્યેયના અસંખ્યેય ભાગ સમજી લેવા.

અપકાય, તેજસ્કાય, વાયુકાય અને વનસ્પતિકાય જીવો માટે પણ પૃથ્વીકાયિકો પ્રમાણે જ અવગાહના જાણવી અને બધાઓના સામાન્ય, સૂક્ષ્મ પર્યાપ્ત, અપર્યાપ્ત, બાદર, પર્યાપ્ત અને અપર્યાપ્ત આદિ સાતે સ્થાનો જાણવા. કેવળ બાદર પ્રત્યેક વનસ્પતિકાય પર્યાપ્તોની જઘન્યથી અંગુલના અસંખ્યાતમે ભાગે અને ઉત્કૃષ્ટથી કંઈક વધારે હજાર યોજનની અવગાહના જાણવી, તે કેવળ સમુદ્રમાં થયેલા ગોતીર્થ આદિમાં રહેલા કમળના ઝાડની નાલની અપેક્ષાએ હજાર યોજનથી વધારે છે.

શંકા :- યદિ પર્યાપ્ત અને અપર્યાપપ્ત રૂપે અવગાહના કહેવાતી હોય તો નારક અને અસુરકુમારાદિ દેવોમાં પણ પર્યાપ્ત અને અપર્યાપ્તની ભેદ રેખા શા માટે નહિ ? જવાબમાં જાણવાનું કે તે બધાય લબ્ધિ પર્યાપ્તિથી, પર્યાપ્ત જ હોય છે માટે તેઓમાં અપર્યાપ્ત લક્ષણનો અભાવ છે અથવા સૂત્રગતિ વિચિત્ર હોવાથી નારક અને અસુરકુમારોને અપર્યાપ્તમાં ગણ્યા નથી.

બે ઈન્દ્રિય જીવોની, સામાન્ય, અપર્યાપ્ત અને પર્યાપ્ત આ ત્રણે સ્થાને અવગાહના વિચારવાની છે. કેમ કે બે ઈન્દ્રિયાદિ જીવો સૂક્ષ્મ હોતા નથી. માટે બે ઈન્દ્રિયની બાદર અવગાહના સ્વયંભૂરમણાદિ સમુદ્રોમાં થનારા શંખના જીવોની અપેક્ષાએ બારયોજનની જાણવી. એટલે કે શંખો

બાર યોજન જેટલા મોટા પણ હોય છે. તેમાં કેટલાય દેવદત્ત નરશંખો પણ હશે જ. માટે જ કહેવાયું હશે કે –

'पदे पदे निधानानि, योजने रसकुम्पिका ।
भाग्यहीना न पश्यंति, बहुरत्ना वसुन्धरा ।।

તેઈન્દ્રિય જીવોની અવગાહના ઉત્કૃષ્ટથી ત્રણ ગાઉની છે. તે અઢી દ્વીપની બહાર જન્મેલા કર્ણશૃંગાલી એટલે જૂ માટે છે. સારાંશ કે, અનન્ત સંસારની અનન્તમાયાને છદ્મસ્થો શી રીતે જાણી શકવાના હતાં. જીવવિશેષ અને સ્થાનવિશેષની આ વાત છે. સંસારમાં અસંખ્ય દ્વીપો, અને સમુદ્રો છે, અનન્ત પર્વતો છે જેમાં નાના પર્વતો, મોટા પર્વતો અને બહુમોટા પર્વતો પણ છે, વનરાજીનો પાર નથી, નદીઓનો પાર નથી. તો તેમાં થનારા જીવોની લંબાઈ, મોટાઈની ખબર ચર્મચક્ષુઓના માલિકોને શી રીતે પડશે ? આપણા ઘર આંગણે કાનખજુરા કે વિંછીઓને જોયા પછી પેપરોમાં તેનાથી પણ ચાર ગુણા કાનખજુરા કે વિંછીઓને જોઈએ સાંભળીએ ત્યારે આપણે માનવા પણ તૈયાર નથી હોતા તો પછી ભરતક્ષેત્રતો પરફ યોજનની મર્યાદાવાળો છે અને તેનાથી ચાર કે ચાલીસ ગુણા મોટા ક્ષેત્રોમાં ભયંકર ઝંગળોમાં યદિ તેઈન્દ્રિયની અવગાહના ત્રણ ગાઉની શા માટે ન હોઈ શકે ? પરન્તુ આ વાત મિથ્યાદર્શની, મિથ્યાભિમાનીને કે દુરભવ્યને ન સમજાય તો આપણે શું

કરવાના હતાં ત્યારે જ તો આર્ય સમાજના અધિનાયક દયાનન્દ સરસ્વતી કહે છે કે જૈનોના ઘરમાં જૂ ત્રણ ગાઉમની હોય તો જૈનોનું માથું કેટલા ગાઉનું ? જવાબમાં જણવાનું કે સાધુવેષ, બ્રહ્મચારીપણુ કે વિદ્વત્તા આદિમાં કેવળ ચર્મચક્ષુપણુ પણ હોઈ શકે છે અને તેના કારણે ઘણી વાતો સમજવામાં ન આવે અને કેવળજ્ઞાનીનું શાસન હૃદયંગમ ન થાય તે સ્પષ્ટ વાત છે.

ચાર ઈન્દ્રિયજીવોની અવગાહના ઉત્કૃષ્ટતાથી ચાર ગાઉની છે તે અઢી દ્વીપની બહાર થનારા ભ્રમર આદિ જીવોની અપેક્ષાએ જણવી.

આ પ્રમાણે નારક, અસુરકુમાર, પૃથ્વીકાય અને વિકલેન્દ્રિય જીવોની ચર્ચા કર્યા પછી પંચેન્દ્રિય તિર્યંચો માટે ના પ્રશ્નો છે અને ઉત્તરો છે. જે સામાન્ય રૂપે ઉત્કૃષ્ટતાથી હજાર યોજન અને જઘન્યથી અંગુલનો અસંખ્યેય ભાગ સામાન્યથી સમજી લેવાનું છે. આ કારણે ઉત્કૃષ્ટથી અવગાહનાની વાત કરીશું.

જલચર, સ્થલચર અને ખેચર આ ત્રણ ભેદ પંચેન્દ્રિય તિર્યંચના છે. તેમાં મગરમચ્છ, માછલા, કાચબા આદિ જીવો જલચર કહેવાય છે. ગાય ભેંસ, હાથી, બકરાદિ જમીન પર ચાલનારા હોવાથી સ્થળચર કહેવાય છે અને કબૂતર, ગીધ, ચકલા, મોર આદિ જીવો આકાશમાં ઉડનારા

હોવાથી ખેચર જાણવા, તથા

સંમૂર્ચ્છિમ - ગર્ભધારણ કર્યા વિના જન્મે તે.
ગર્ભજ - ગર્ભમાં રહ્યાં પછી જન્મે તે.
પર્યાપ્ત - સ્વયોગ્ય પર્યાપ્તિઓ પૂર્ણ કરે તે.
અપર્યાપ્ત - પર્યાપ્તિઓ પૂર્ણ કર્યા વિના મરે તે.

તેમાં સામાન્યરૂપે જળચર તિર્યંચ પંચેન્દ્રિય જીવોની:-

(૧) ઉત્કૃષ્ટ અવગાહના - ૧ હજાર યોજન.
(૨) " અપર્યાપ્તકોની - અંગુલનો અસંખ્યેય ભાગ.
(૩) " પર્યાપ્તકોની - ૧ હજાર યોજન.
(૪) " ગર્ભજોની - ૧ હજાર યોજન.
(૫) " અપર્યાપ્તકોની - અંગુલનો અસંખ્યેય ભાગ.
(૬) " પર્યાપ્તકોની - ૧ હજાર યોજન.
(૭) જળચર સંમૂર્ચ્છિમ - ૧ હજાર યોજન.

હજાર યોજન પ્રમાણના માછલા સ્વયંભૂરમણ સમુદ્રમાં થાય છે.

નોંધ - પાણીમાં ઉત્પન્ન થનારા આ જીવો પરસ્પર એક બીજાના પ્રાય: કરી ભક્ષ્ય ભક્ષક હોય છે. માટે જ **'मत्स्यगलागल'** ન્યાય પ્રસિદ્ધિમાં આવ્યો છે. મનુષ્યાવતારમાં દુર્બુદ્ધિવશ, માયાવશ, સ્વાર્થવશ,

વિષયવાસનાવશ બનીને વ્યાપારમાં, વ્યવહારમાં, અસંખ્ય જીવોની હત્યા કરાવનારા, કપડા બનાવવાની મિલો, મશીનો, તેજાબ તથા કોલસાના વ્યાપારો, કસાઈઓની સાથે વ્યાજના લોભમાં લેવડ-દેવડ કરનારા, વેશ્યાઓ સાથે ઘીરઘારના વ્યાપાર કરનારા, જંગલોમાં આગ લગાડનારા, જીવતાં ઢોરોના મર્યા પછી તેના ચામડાના વ્યાપારા કરનારા. આદિ ૧૫ કર્માદાનના વ્યાપારમાં ગળાડુબ રહેનારા. માનવોને તિર્યંચ પંચેન્દ્રિયના અવતારમાં જન્મ લેવો અનિવાર્ય છે. જ્યાં ભક્ષ્ય અને ભક્ષક બની જીવન પૂર્ણ કરવાનું છે. હજાર યોજનના શરીરવાળા માછલાઓ બીજા માછલાઓ સાથે રણમેદાને ચઢી લોહી લુહાણ થતાં હશે ત્યારે તેમની વેદનાનો અન્દાજ લગાવીએ તો કંપારી આવ્યા વિના રહેવાની નથી. માછલાઓ પ્રાય: કરી સાતમી નરક સુધી પણ જઈ શકે છે. તન્દુલમત્સ્યનું ઉદાહરણ આપણી જીભ પર જ રમે છે.

સ્થળચર પંચેન્દ્રિય તિર્યંચો પણ.

ચઉપગા ગાય આદિ પગે ચાલનારા ઉર: પરિસર્પ, સાપ આદિ છાતીથી ચાલનારા ભુજ પરિસર્પ નોળીયા, ખીસકોલી આદિ હાથથી ચાલનારા.

આમાંથી ચારપગા સ્થલચર પંચેન્દ્રિય માટે પ્રશ્ન છે. જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ ઉત્કૃષ્ટથી

છ ગાઉ.

સંમૂર્ચ્છિમ ચતુષ્પદ ઉત્કૃષ્ટથી ગાઉપૃથક્ત્વ (બે ગાઉથી નવગાઉ ચુધીને પૃથક્ત્વ કહેવાય છે.)

અપર્યાપ્ત, સં. પંચેન્દ્રિય બન્ને પ્રકારે એટલે જઘન્ય અને ઉત્કૃષ્ટથી અંગુલનો અસંખ્યાતમો ભાગ.

પર્યાપ્તો ઉત્કૃષ્ટથી ગાઉ પૃથકત્વ.

ગર્ભજ ચતુષ્પદ - ઉત્કૃષ્ટથી છ ગાઉ.

" અપર્યાપ્ત - બન્ને પ્રકારે અંગુલનો અસંખ્યાતમો ભાગ.

" પર્યાપ્તો - ઉત્કૃષ્ટથી યોજન પૃથક્ત્વ.

ગર્ભજ ઉરપરિસર્પ - ઉત્કૃષ્ટ અવગાહના ૧૦૦૦ યોજન.

" અપર્યાપ્તકો - બન્ને રીતે અંગુલનો અસંખ્યાતમો ભાગ.

" પર્યાપ્તો - અંગુલનો અસંખ્યાતમો ભાગ.
ઉત્કૃષ્ટથી યોજનપૃથક્ત્વ.

ગર્ભજ ભૂજપરિસર્પ - ઉત્કૃષ્ટથી ગાઉ પૃથક્ત્વ.

સમ્મૂર્ચ્છિમ ભૂજપરિસર્પ - " ધનુષપૃથક્ત્વ.

અપર્યાપ્તકો બન્ને રીતે અંગુલનો અસંખ્યાતમો ભાગ.

પર્યાપ્તકો ઉત્કૃષ્ટથી ધનુષ પ્રમાણ.

અને ઉત્કૃષ્ટથી ગાઉ પૃથક્ત્વ.

ગર્ભજ ખેચર ઉત્કૃષ્ટથી ઘનુષપૃથક્ત્વ.

સમ્મૂર્ચ્છિમ ખેચર - ૨ થી ૯ ઘનુષ.

ગર્ભજ - ઉત્કૃષ્ટથી ઘનુષપૃથક્ત્વ.

અપર્યાપ્તકો - બંન્નેથી અંગુલના અસંખ્યાતમા ભાગે.

પર્યાપ્તકો - ઉત્કૃષ્ટથી ઘનુષપ્રમાણ.

તિર્યંચ પંચેન્દ્રિયસ્થળચર છ ગાઉનું શરીર, દેવગુરૂ, ઉત્તરકુરૂમાં જન્મેલા હાથીને આશ્રય કરી સમજવું.

મનુષ્યો :- જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ.

ઉત્કૃષ્ટથી ત્રણ ગાઉ તે દેવકુરૂ ઉત્તરકુરૂમાં જન્મેલા મનુષ્યોની અપેક્ષાએ જાણવા.

સંમૂર્ચ્છિમ મનુષ્યોને માટે બંન્ને રીતે અંગુલનો અસંખ્યાતમા ભાગે.

સ્થંડિલ, પેશાબ, કફ, વમન, રક્ત, વીર્ય, પિત્ત, પરૂ, એઠવાડ, આદિમાં ઉત્પન્ન થયેલા સંમૂર્ચ્છિમ જીવો ઉત્કૃષ્ટથી પણ અંગુલના અસંખ્યાતમા ભાગે છે. અને અપર્યાપ્તરૂપે જ મરે છે.

દેવોની અવગાહના :-

ભવધારણીય અને ઉત્તર વૈક્રિયરૂપે અવગાહના,

વાણમંતર અને જ્યોતિષ્કોની, અસુરકુમારોની જેમ જાણવી. સૌધર્મદેવોની ભગધારણીય અવગાહના સાત રત્નિ અને ઉત્તર વૈક્રિયથી એક લાખ યોજન.

ઈશાન દેવોની સૌધર્મની માફક જાણવી.

સનત્કુમાર ઉત્કૃષ્ટથી છ રત્નિ.

અને માહેન્દ્રદેવલોકની પણ છ રત્નિ.

બ્રહ્મલોક અને લાંતકની પાંચ રત્નિ.

મહાશુક્ર અને સહસ્રાર ની ચાર રત્નિ.

આનત, પ્રાણત, આરણ, અચ્યુત આ ચારની ત્રણ રત્નિ.

નવગ્રૈવેયકની બે રત્નિ.

અનુત્તરોની એક રત્નિ.

આ દેવોને ઉત્તર વૈક્રિય અવગાહના નથી.

પ્રમાણાંગુલ એટલે શું ?

આત્માંગુલ તથા ઉત્સેધાંગુલની ચર્ચા કર્યા પછી ક્રમાગત, પ્રમાણાંગુની ચર્ચા કરતાં સૂત્રકાર ફરમાવે છે કે.

'से किं तं पमाणंगुले ? पमाणंगुले, एगमेगस्स...

ઉત્સેધાંગુલનું પ્રમાણ જે કહેવાઈ ગયું છે, તેનાથી ચારસો ગુણ વધારે પ્રમાણાંગુલ હોય છે અથવા

પરમપ્રકષરૂપે પ્રમાણાંગુલ છે. આનાથી વધારે બીજું માપ નથી. અથવા સમસ્ત લોકવ્યવહાર અને રાજયાદિ સ્થિતિનાં ઘડવૈયા તથા આ અવસર્પિણીના પ્રથમ રાજા, પ્રથમ મુનિ, પ્રથમ કેવળજ્ઞાની અને પ્રથમ તીર્થંકર પરમાત્મા શ્રી ઋષભદેવ અથવા ભરત રાજાના અંગુલને પ્રમાણાંગુલ જાણવું. પુણ્યાતિશાયી તે ચક્રવર્તીને ૧૪ રત્નો હોય છે. તેમાંથી કાકણીરત્નનું જ્ઞાન શિષ્યને કરાવવા માટે સૌ પ્રથમ તે રત્નની વાત કરવાની છે. એકે એક ચક્રવર્તીને, આઠ સૌવર્ણિકનું એક કાકણી રત્ન હોય છે. જે છ, તલાદિઘર્મથી યુકત છે. તેની એક એક કોટિ ઉત્સેધાંગુલના વિષ્કંભ પ્રમાણની છે. જે ભગવાન મહાવીરસ્વામીના અર્ધાંગુલ પ્રમાણની છે. તેનાથી હજાર ગુણા વધારે પ્રમાણાંગુલ જાણવું. જે અન્યાન્ય કાળમાં થનારા ચક્રવર્તીઓનું કાકણી રત્ન તુલ્ય જાણવું. ચક્રવર્તીરાજાનું રાજય, પૂર્વ, પશ્ચિમ અને દક્ષિણ દિશા સમુદ્ર અને ઉત્તર દિશાના હિમવાન પર્વતની મર્યાદા સુધીનું છે. સારાંશ કે ત્રણે દિશામાં આવેલા સમુદ્રની મર્યાદા સુધી અને ઉત્તરમાં હિમવંત પર્વતની મર્યાદા સુધીનું રાજય સ્થિર હોય છે. આ પ્રમાણે છ ખંડનું સમ્પૂર્ણ ભારતદેશના રાજયનું પાલન કરનારા ભરત ચક્રવર્તી રાજા સૌ પ્રથમચક્રવર્તી થયા છે. આ નામ ઉપરથી આ દેશનું નામ ભારત પડયું છે. તેના પાંચ ખંડોમાં મ્લેચ્છો છે અને એક ખંડમાં આર્યો છે. આ છ ખંડોની પ્રજા ચક્રવર્તી રાજાની

આજ્ઞાને શિરોધાર્ય કરી જીવન યાપન સુખ પૂર્વક પ્રસાર કરે છે. તેમની પાસે રહેલું કાકિણી રત્ન નું પ્રમાણ -

૪ મધુરતૃણફળ પ્રમાણ	- ૧ સફેદ સર્ષપ.
૧૬ સર્ષપ	- ૧ ધાન્યમાષફળ.
૨ ધાન્યમાષફળ	- ૧ ગુંજ.
૫ ગુંજ પ્રમાણ	- ૧ કર્મમાષક.
૧૬ કર્મમાષક પ્રમાણ	- ૧ સુવર્ણ.

સુવર્ણ એટલે સોનું નહિ પણ માપ છે.

આવાં આઠ સુવર્ણોના માપ પ્રમાણ કાકણી રત્ન બને છે. આમાં મધુરતૃણફળ, ભરત ચક્રવતીના કાળમાં થનારા સમજવા. તે રત્નના ચારે દિશામાં ચાર અને ઉંચેનીચે ૨ મળીને છ તલ હોય છે. અને પ્રત્યેકને ૧૨, અગ્ર એટલે ખૂણા હોય છે અને કાકણી પોતે સોનારના એરણ તુલ્ય જાણવી. તેની એક એક કોટિ ઉત્સેધાંગુલ જાણવી. કેટલાક ચાર અંગુલ પ્રમાણ કાકણી રત્નને માને છે. સત્ય કેવળજ્ઞાની જાણે. આ પ્રમાણાંગુલથી નરકભૂમિના રત્નકાંડો, પાતાલ કળશાઓ, દેવોના ભવનો, તેમના પ્રસ્તરો નારકના પ્રસ્તરો, દેવવિમાનો, ટંક, કુંડ, પર્વત, શિખર વાળા પર્વતો, વિજયો, વર્ષધર પર્વતો, દ્વીપો, સમુદ્રો આદિને માપવા. એ જ એનું પ્રયોજન છે.

નોંધ - દેશની ભૌગોલિક અને ઐતિહાસિક

પરિસ્થિતિ -

૧૦ કોડાકોડી સાગરોપમની એક અવસર્પિણી હોય છે. તેને છ આરા હોય છે. ૪ કોડાકોડી સાગરોપમ-પહેલો આરો. ૩ કોડાકોડી સાગરોપમનો બીજો આરો, ૨ કોડાકોડી સાગરોપમનો ત્રીજો આરો, ૪૨ હજાર વર્ષ ન્યૂન ૧ કોડાકોડી સાગરોપમનો ચોથો આરો, ૨૧ હજાર વર્ષનો પાંચમો આરો અને ૨૧ હજાર વર્ષનો છઠ્ઠો આરો અને અવસર્પિણી પૂર્ણ થાય છે. સંસાર કોઈનાથી પણ ઉત્પાદ્ય ન હોવાથી અનાદિકાળનો છે. એક સમયને માટે પણ સંસારનો માનવ, પશુ, પંખી, કીટાદિનો નાશ થતો નથી. તેમ તેમને કોઈ ઉત્પન્ન કરી શકતો નથી. સંસાર જેવો આજે છે. તેવો જ ભૂતકાળમાં હતો અને ભાવી કાળમાં પણ રહેવાનો. જીવોના કર્મો જૂદા જૂદા હોવાથી હવામાનને લઈ, જીવનધર્મમાં ફેર પડે તે સંસારનો સ્વભાવ છે. છતાં સર્વશ્રેષ્ઠ અને સૌને ઉપાદેય માનવધર્મ ક્યારે ય નાશ પામતો નથી. વનસ્પતિ સૃષ્ટિ પણ માનવસમાજના પુણ્ય પાપને આધીન હોવાથી એક સમય તેવો હતો જ્યાં નજર નાખો ત્યાં કલ્પવૃક્ષો જ પ્રચૂરમાત્રામાં દેખાતા હતાં. જેનાથી માનવમાત્ર પોતાની ક્ષુધા-પ્યાસ અને બીજા પણ ખાવાપીવાના પદાર્થોથી પોતાનો નિર્વાહ આરામ પૂર્વક કરી લેતો હતો. સામગ્રી જ એટલી બધી હતી કે, કોઈને પણ સંગ્રહ કરવાની, ચોરી કરવાની અથવા બીજાને અંગૂઠો બતાવવાની આવશ્યકતા

પણ ન હતી. આવા સમયે જે માનવસમાજ હતો તે યુગલિયાના નામે ઓળખાતો હતો. પહેલો બીજો આરો એટલે સાત કાડાકોડી, સાગરોપમના સમય સુધી યુગલિયા હતા, યુગલિયા પણ આપણા જેવા માનવ જ હોય છે. જેઓ માતાની કુક્ષિમાં ૯ માસ રહી તે જન્મતા હતાં સ્તનપાન, ભૂખ-પ્યાસ આદિ પ્રવૃત્તિઓ આપણી જેમ જ હતી, ત્યાં પરિગ્રહનો અભાવ હોવાથી કલેશ, કંકાસ, મારફાટ, વૈરવિરોધ આદિ દૂષણો તેમના હોતા નથી. માટે ત્યાં કોઈ રાજા નહિ, સિપાઈ નહિ, વ્યાપારી નહિ. તો પછી ગુંડાતત્ત્વ ત્યાં હોય જ શા માટે ? અને ત્રીજો આરો પણ ઘણો ઘણો પૂર્ણ થયો ત્યાં સુધી યુગલિયા હતાં. પણ હવામાન કોઈ કાળે એક સમાન હોતો નથી અને કલ્પવૃક્ષોનો પ્રભાવ ધીમે ધીમે ઘટતો ગયો. સાવ ઘટતો ગયો. ખાવાપીવાની વસ્તુઓ ઓછી થતી ગઈ. તેના કારણે એટલે ભૂખ નહિ સંતોષાતી હોવાના કારણે કષાયો વધતાં ગયા, ચીજોને સંતાડી દેવાની ભાવના વધતી ગઈ. સમયે સમયે જીભા-જોડી પણ થતી ગઈ. પરિણામે નાભિરાજા (કુળકર)એ પોતાના પુત્ર ઋષભદેવને રાજા બનાવ્યા. રાજનીતિ ઘડાઈ દંડ્યને દંડની, અને માન્યને માન દેવાની નીતિઓ પણ રચાઈ, ત્યારે સમજાયું કે હવે યુગલિઓનું પરિવર્તન કરી તેમને માનવ કર્તવ્યની દિશામાં પરિવર્તિત કરી લેવા જોઈએ અને આ રીતે તેમને સમજાવીને, બુઝાવીને ધમકાવીને પણ માનવધર્મની સ્થાપના થતાં પુત્ર

પુત્રીઓની લગ્નસંસ્થામાં આમૂલચૂલ પરિવર્તન કરવામાં આવતાં. લગ્નસંસ્થાને પરસ્પર એટલે મારી પુત્રી તમને, તમારી પુત્રી ત્રીજાને, ત્રીજાની પુત્રી ચોથાને...આપવાનું થતાં, સગાસ્નેહી વધતાં ગયા. લેવડદેવડની પણ કલ્પના થતાં યુગલિયાઓમાંથી યૌગલિક વ્યવસ્થાના બદલે માનવકર્મની વ્યવસ્થા સાથે માનવસમાજ હોંશે હોંશે વધતો ગયો. ઋષભદેવ જે તીર્થંકર રૂપે અવતર્યા હતાં, ત્રણજ્ઞાનથી યુકત હતાં, મોક્ષગામી જીવ હતાં તો પણ માનવસમાજનું કલ્યાણ તેમના જીવનની કળાઓ, શિક્ષણો આદિ આપવામાં પણ માનવસમાજનું કલ્યાણ સમજી તીર્થંકર હોવા છતાં પણ ઋષભદેવે **'पयाहियाए उवदिसई'** પ્રજાના હિતને માટે નાપિત, કુંભાર, સુથાર, લુહાર, ધોબી આદિની કળાઓનું શિક્ષણ ઋષભદેવે આપ્યું છે. અવસર્પિણી કાળ હોવાથી એટલે પડતો કાળ હોવાથી જયાં લેવડ દેવડ હોય છે ત્યાં વૈર, વિરોધ, લડાઈ, ઝઘડા ઉદ્‌ભવે છે, વધે છે, વધારાય છે અને મારફાટ પણ થઈ જાય છે અને તેના કારણે દંડનીતિ પણ કડક બનાવવી પડે છે. આ પ્રમાણે માનવ સમાજને ધાર્મિક, વ્યાવહારિક, વ્યાપારિક અને કૌટુમ્બિક દષ્ટિએ સદ્ધર કર્યા પછી અને પોતાના આયુષ્યમાંથી એક લાખ પૂર્વ બાકી રહ્યાં ત્યારે, સંસારની માયાનો ત્યાગ કરી ઋષભદેવે નિર્ગ્રન્થ ધર્મનો સ્વીકાર કર્યો એટલે દીક્ષાનો માર્ગ સ્વીકાર્યો અને જગત જીવો ઉપર સર્વથા અદ્વિતીય ઉપકાર

કરી, જેની ભવિતવ્યતા પરિપક્વ થઈ હતી તેમને સંયમ માર્ગ અપનાવ્યો અને લાખો કરોડો જીવોને મોક્ષ માર્ગ બતાવ્યો. ઈત્યાદિ કારણોને લઈ પ્રભુને સ્તવતા કહ્યું કે દેવો, દેવેન્દ્રોથી અર્ચિત હે પ્રભો ! તમે જ સંસારને સમ્યગ્ બુદ્ધિનો બોધ કરાવેલો હોવાથી તમારા સિવાય બીજો કોઈ બુદ્ધદેવ છે જ નહિ. કેમ કે આહાર દાન, પાણીદાન, ઔષધદાન, સુવર્ષ કે ગાયદાનાદિ દાનો કરતાં પણ મોહકર્મી આત્માઓને સદ્બુદ્ધિનું દાન જ સર્વશ્રેષ્ઠ દાન છે.

ત્રણે ભુવનના માનવસમાજને આધ્યાત્મિક શાંતિ દેવાવાળા હોવાથી તમારા સિવાય બીજો શંકર મહાદેવ છે જ નહિ **'शंकरोतीति शंकर'** ભૌતિકવાદ, પુત્રવાદ, સ્ત્રીવાદ, આદિના આશીર્વાદ દેવા વાળા ઘણા છે. પણ માનવને મિથ્યાત્વના અંધકારમાંથી સમ્યક્ત્વના પ્રકાશમાં પાપકર્મોના સેવનથી મૃત્યુના મુખમાં જતાં જીવોને અહિંસાદિ અમૃત તત્ત્વોનું પ્રકાશ આપીને જીવોને સુખશાંતિ અને સમાધિનો માર્ગ બતાવનાર હોવાથી વસ્તુતઃ તમે જ શંકર છો અને સંસારની માયા સ્વરૂપ શૃંખલામાં બંધાયેલા ફસાયેલા માનવોને મોક્ષમાર્ગે બતાવનાર તમારા સિવાય બીજો બ્રહ્મા કયો ? અર્થાત્ તમે જ બ્રહ્મા છો.

સમવસરણમાં ચતુર્મુખે દેશના આપેલી હોવાથી તમે જ ચતુર્મુખવાળા બ્રહ્માજી છો. માટે ત્રણે લોકના માનવ તથા

દેવો કરતાં પણ સ્પષ્ટ છે કે તમારા સિવાય બીજે પુરૂષોત્તમ કોઈ નથી.

આ પ્રમાણે આ દેશમાં આધ્યાત્મિકના માર્ગનું નિર્માણ કરી મોક્ષ માર્ગના દ્વાર ખૂલા કર્યા અને નિર્વાણ પામ્યા. ત્યાર પછી થોડા વર્ષોમાં ત્રીજે આરો પૂર્ણ થયો. ચોથો આરો બેઠો. જેમાં અજિતનાથ પ્રભુથી લઈ મહાવીરસ્વામી સુધીનો તેવીશ તીર્થંકરો થયાં.

સંસારના માનવોની સમયે સમયે જયારે પુણ્યકર્મિતા ઘટતી જતી હોય ત્યારે, દેશને સંભાળવાની તાકાત ચક્રવર્તીમાં જ હોવા થી ઋષભદેવના પુત્ર ભરત ચક્રવર્તી આ ભારત દેશના સર્વપ્રથમ ચક્રવર્તી થયા. તીર્થંકરો, અને ચક્રવર્તીઓનો જન્મ. ૧૪ સ્વપ્ન સૂચિત હોવાથી તીર્થંકરોથી ઉતરતાં. પુણ્યકર્મી ચક્રવર્તિઓ હોય છે. પૂર્વભવમાં સુદેવ (અરિહંત પરમાત્મા) સુગુરૂ (પંચમહાવ્રતધારી મુનિ ભગવંતો) તથા દયાધર્મથી પરિપૂર્ણ જૈનધર્મની અભૂતપૂર્વ આરાધનાના કારણે લાખો, કરોડો, અબજો, સંખ્યાત, અસંખ્યાત જીવોને અભયદાન દેવાના કારણે ન કલ્પી શકાય તેટલું પુણ્ય ઉપાર્જન કરેલો હોવાથી, તથા પીડિતોની પીડા, દુ:ખીઓના દુ:ખ, દૂર કરવાના કારણે હજારો, લાખો, કરોડો માનવો મનુષ્યાવતારમાં કે દેવાવતારમાં તે ચક્રવર્તીના મિત્રો પરમમિત્રો બનેલા હોવાથી

હર સમયે દેવો તેમની સેવામાં ઉપસ્થિત જ હોય છે. તેમની પાસેના ૧૪ રત્નો પણ હજારો દેવોથી અધિષ્ઠિત હોવાના કારણે રાજય વ્યવસ્થામાં ક્યાં ય ગડબડ કે વિરોધ આવતો નથી. પરક યોજન ૬ કળા (૧ યોજનના ૧૯ ભાગ પૈકી છ ભાગ) પ્રમાણ ભરત ક્ષેત્રને પૂર્વ પશ્ચિમમાં સ્થિત વૈતાઢય પર્વત બે વિભાગમાં વિયોજિત કરે છે. છતાં પણ ચક્રવર્તીઓ પોતાના રત્નોના કારણે તે પર્વતની મહાભયંકર તમિસ્રા ગુફામાંથી પહેલી પાર જઈને પણ ત્યાંના ખંડોને જીતી લે છે. આ પ્રમાણે છ ખંડના પૂર્ણ ભોકતા ચક્રવર્તી હોય છે. તેમની પાસે સ્થિત દેવ અધિષ્ઠિત રત્નો કેટલા પ્રભાવશાળી હોય છે તેનું વર્ણન પણ જાણી લઈએ...

(૧) ચક્રરત્ન :- ઘનુષ પ્રમાણયુકત આ ચક્ર શત્રુના મસ્તકને છેદે છે એટલે કે સર્વથા અજેય હોય છે.

(૨) છત્રરત્ન :- ઘનુષ પ્રમાણયુકત આ રત્ન ચક્રવર્તીના હાથનો સ્પર્શ થતાં જ બાર યોજન વિસ્તૃત થાય છે.

(૩) દંડરત્ન :- ઘનુષ પ્રમાણ આ રત્ન ખાડા ટેકરાવાળી વિષમ ભૂમિને એક સરખી કરે છે અને જરૂર પડે ત્યારે હજાર યોજન ભૂમિ ખોદે છે. છ ખંડ સાધવા માટે આ દંડ રત્નથી સંસારની ભૌગોલિક સ્થિતિ એક સમાન રહેતી નથી. માટે આવશ્યકતાનુસારે

સમુદ્રના અને મોટી નદીઓના પ્રવાહને પણ બદલી નાખવાની ક્ષમતા આ રત્નમાં છે.

(૪) ચર્મરત્ન :- બે હાથ પ્રમાણ આ રત્ન જરૂર પડે ત્યારે ચક્રવર્તીના સ્પર્શથી બાર યોજન લાંબુ થાય ફળાદેશમાં સવારે ધાન્ય વાવ્યું હોય તો સાંજે ખાવા લાયક બની જાય છે.

(૫) ખડ્ગરત્ન :- બત્રીસ આંગળના આ રત્ન વડે ચક્રવર્તી સદૈવ અજેય રહેવા પામે છે.

(૬) કાકણીરત્ન :- ચાર આંગળનું આ રત્ન વૈતાઢ્ય પર્વતની બન્ને ગુફામાં બન્ને બાજુ પ્રકાશ આપે છે.

(૭) મણિરત્ન :- ચાર આંગળ લાંબુ અને બે આંગળ પહોળું હોય છે. તેને છત્રરત્નના તુંબ ઉપર બાંધવાથી બાર યોજન સુધી પ્રકાશ થાય છે. તથા હાથે કે માથે બાંધ્યું હોય તો સર્વ વ્યાધિઓનો નાશ કરે છે. આ સાતે રત્નો એકેન્દ્રિય જાતિના છે.

(૮) પુરોહિતરત્ન :- શાંતિકર્મ કરનારા છે.

(૯/૧૦) અશ્વ અને ગજ રત્ન :- મહા પ્રરાક્રમી હોય છે.

(૧૧) સેનાનીરત્ન :- ચક્રવર્તીની સહાયતા વિના પણ ગંગા અને સિન્ધુના ઉપર નીચેના મળી ચાર ખંડ જીતે છે.

(૧૨) ગૃહપતિરત્ન :- ઘરની સઘળી ચિંતા બરાબર રાખનાર છે.

(૧૩) વાર્ધકીરત્ન :- મકાનો તથા નદી પરના પુલોને બાંધે છે.

(૧૪) સ્ત્રીરત્ન :- ચક્રવર્તીને જ ભોગ્ય આ સ્ત્રી રત્ન રૂપવતી હોય છે.

ઉપર પ્રમાણેના આ રત્નો એક એક હજાર યક્ષોથી અધિષ્ઠિત હોય છે. બે હજાર યક્ષો ચક્રવર્તીના બે બાહુના રક્ષક છે. એકન્દર ૧૬ હજાર યક્ષો ચક્રવર્તીના સેવક હોય છે.

આ ઉપરાંત નૈસર્પ, પાંડુક, પિંગલક, સર્વરત્ન, મહાપદ્મ, કાળ, મહાકાળ, માણવક અને મહા શંખ આ નવે નિધાનો પણ ચક્રવર્તીના તાબે હોય છે.

આ નિધાનો ઉત્સેધાંગુલે આઠ યોજન ઉંચા, નવ યોજન પહોળા અને બાર યોજન લાંબા પેટીના આકારે ગંગા નદીના મુખ આગળ રહેલા હોય છે. ચક્રવર્તી છ ખંડ સાધે ત્યાર પછી તેમની સાથે જ નગરમાં પ્રવેશે છે અને પાતાલભૂમિમાં રહે છે.

આ પ્રમાણે ચક્રવર્તીઓના રત્નોના કારણે દેશની ભૌગોલિક સ્થિતિ બદલાતી રહેતી હોય છે.

કાલ પ્રમાણ:-

જે પ્રદેશનિષ્પન્ન અને વિભાગનિષ્પન્ન રૂપે બે પ્રકારે છે. તેમાં એક સમય માટેની જ જેની સ્થિતિ હોય તે એક સમય સ્થિતિવાળો. આ પ્રમાણે બે, ત્રણ, દશ યાવત્ અસંખ્યાત સમયની સ્થિતિવાળા પરમાણુ અથવા સ્કન્ધ પ્રદેશનિષ્પન્ન કહેવાય છે. વિભાગનિષ્પન્ન કાલ પ્રમાણ આ પ્રમાણે છે.

સમય, આવલિકા, મુહૂર્ત, દિવસ, અહોરાત, પક્ષક્ષ (પખવાડિયું) માસ, સંવત્સર, યુગ, પલ્યોપમ, સાગરોપમ, પુદ્ગલ પરાવર્તન ના જે ભાગો છે. તે જ પ્રદેશોછે. તેથી ઉત્પન્ન થતો, એક સમયની સ્થિતિવાળાથી લઈ અસંખ્યાત સુધી જાણવું. આનાથી આગળ પુદ્ગલોની એકરૂપમાં સ્થિતિ હોતી નથી. આવલિકા આદિ જે કાલ પ્રમાણ છે તે વિભાગનિષ્પન્ન છે.

સમય એટલે શું ?

સૂક્ષ્મમતિ સૂક્ષ્મ વસ્તુનો જ્ઞાતા જૈનશાસન હોવાથી, કાલની મર્યાદાને છેલ્લામાં છેલ્લી મર્યાદા સુધી લઈ જવા માંગે છે. તેમાં પણ સમય કોને કહેવાય ? તે વાત સૂત્રકાર પોતે જ ફરમાવે છે. કેવળ વ્યવહાર અથવા ચામડાની આંખવાળા પંડિતો એક મિનિટને કે એક સેકંડને પણ સમયના નામે ઓળખાવે છે. પરન્તુ જૈનશાસન પ્રમાણે

ાને સમ્યક્ કહી શકાતો નથી. માટે અત્યન્ત વિસ્તૃત અને વિશદ ચર્ચાથી સમય શું હોઈ શકે ? તેની સમજણ ઉદાહરણના માધ્યમથી આ પ્રમાણે આવે છે.

હૃષ્ટ-પુષ્ટ, સત્યુગમાં જન્મેલો, નિરોગ, સ્થિર હાથવાળો, બાહુની તાકાતવાળો, રોજ વ્યાયામ કરનારો, અત્યન્ત દઢ શરીરવાળો, પોતાના કાર્યમાં સાવધાન, કાપડને ફાડવાની આવડત વાળો, વિચારપૂર્વક કામ કરનારો, મેધાવી, નિપુણ, ચતુર, યુવાન દરજીના છોકરાના હાથમાં એક સાડી આપીએ અને આંખના પલકારે જ એક હાથ જેટલી સાડીને ફાડી નાખે. તો, શું હે ભગવંત ! આને એક સમય કહેવાંશે ? અર્થાત્ એક જ સમયમાં તેણે સાડી ફાડી નાખી એમ કહેવામાં વાંધો શું છે ? જવાબમાં ભગવંતે કહ્યું, 'હે ગૌતમ ! આખી દુનિયાની નજર સામે ભલે તે દરજીના છોકરાએ એક જ ઝપાટામાં સાડી ફાડી, પણ તેના ઉપરના એક દોરાને ફાડ્યા વિના તેના નીચેના દોરા શી રીતે ફાડશે ? માટે ઉપરના દોરાને ફાટવાનો સમય જૂદો અને નીચેનો કાલ જૂદો સમજવો. ત્યારે શું જે સમય ઉપરનો દોરો તૂટ્યો તેને જ સમય માની લેવાનું ? જવાબમાં ભગવંતે ફરમાવ્યું કે, 'હે ગૌતમ ! તેને પણ સમય ન કહેવાય. કેમ કે ઉપરના એક દોરામાં પણ સંખ્યાત સંખ્યાના તંતુઓ ગોઠવાયેલા છે. તેમાં ઉપરનો રેસો છેદાય નહિ ત્યાં સુધી નીચેનો રેસો શી રીતે છેદાશે ? ત્યારે શું ઉપરલો રેસો

છેદાયો તેને જ સમય માની લઈએ. ભગવંતે કહ્યું કે, એક રેસામાં પણ અનન્ત પક્ષમો રહેલા જોવાય છે. માટે ઉપરનો પક્ષમ જે સૂક્ષ્મ હોય છે તે ન છેદાય ત્યાં સુધી નીચેનો પક્ષમ છેદાતો નથી, માટે તેનાથી પણ સમય સૂક્ષ્મતર છે. તેથી સૌથી ઉપરનો પક્ષમનો જે છેદનકાલ છે તેના કરતાં પણ-

'एत्तोविणं, सुहुमतराए समये'

આ સમયનો વિભાગ થઈ શકતો નથી. એટલે કે સમય છેલ્લામાં છેલ્લો નિરંશકાલ છે. જેને અદ્ધા કહેવાય છે.

કોષ્ઠક

આવા અસંખ્ય સમય	- ૧ આવલિકા.
સંખ્યાત આવલિકા	- ૧ ઉચ્છવાસ.
સંખ્યાત આવલિકા	- ૧ નિશ્વાસ.

જે વૃદ્ધ, રોગી ન હોય અને યુવાન હોય તેનો શ્વાસોશ્વાસ, ૧ પ્રાણ.

૭ પ્રાણ	- ૧ સ્તોક.
૭ સ્તોક	- ૧ લવ.
૭૭ લવ	- ૧ મુહૂર્ત.

૩૭૭૩ ઉચ્છવાસ	– ૧ મુહૂર્ત.
૩૦ મુહૂર્ત	– ૧ દિવસરાત.
૧૫ દિવસરાત	– ૧ પક્ષ.
૨ પક્ષ	– ૧ માસ.
૨ માસ	– ૧ ઋતુ.
૩ ઋતુ	– ૧ અયન.
૨ અયન	– ૧ વર્ષ.
૫ વર્ષ	– ૧ યુગ.
૨૦ યુગ	– ૧૦૦ વર્ષ.
દસસો વર્ષ	– ૧ હજાર વર્ષ.
૮૪ લાખ વર્ષ	– ૧ પૂર્વાંગ.
૮૪ લાખ પૂર્વાંગ	– ૧ પૂર્વ.
૮૪ લાખ પૂર્વ	– ૧ ત્રુટિતાંગ.
૮૪ લાખ ત્રુટિતાંગ	– ૧ ત્રુટિત.
૮૪ લાખ ત્રુટિત	– ૧ અટડાંગ.
૮૪ લાખ અટડાંગ	– ૧ અડદ.
૮૪ લાખ અડદ	– ૧ અવવાંગ.
" " અવવાંગ	– ૧ અવવ.
" " અવવ	– ૧ હુહુકાંગ.
" " હુહુકાંગ	– ૧ હુહુક.
" " હુહુક	– ૧ ઉત્પલાંગ.
" " ઉત્પલાંગ	– ૧ ઉત્પલ.
" " ઉત્પલ	– ૧ પદ્માંગ.

" " પદ્માંગ	- ૧ પદ્મ.
" " પદ્મ	- ૧ નલિનાંગ.
" " નલિનાંગ	- ૧ નલિન.
" " નલિન	- ૧ અચ્છનિકુરાંગ.
" " અચ્છનિકુરાંગ	- ૧ અયુતાંગ.
" " અયુતાંગ	- ૧ અયુત.
" " અયુત	- ૧ પ્રયુતાંગ.
" " પ્રયુતાંગ	- ૧ પ્રયુગ.
" " પ્રયુગ	- ૧ નયુતાંગ.
" " નયુતાંગ	- ૧ નયુત.
" " નયુત	- ૧ ચૂલિકાંગ.
" " ચૂલિકાંગ	- ૧ ચૂલિકા.
" " ચૂલિકા	- ૧ શીર્ષપ્રહેલિકાંગ.
" " શીર્ષપ્રહેલિકાંગ	- ૧ શીર્ષપ્રહેલિકા.

અહિ સુધી ગણિતનો વિષય છે. આગળ નથી માટે ઉપમાઓથી સમજવાનું છે.

શીર્ષપ્રહેલિકા સુધીમાં વર્ષોની સંખ્યા આંકડામાં જાણકાર પાસેથી જાણી લેવી.

ઔપમિક કાલ

ભૂતકાલ અને ભવિષ્યકાલ અનવધિ હોવાથી કેટલીક વાતોને સંખ્યામાં ગણી શકવા જેટલી ક્ષમતા હોતી નથી.

ત્યારે તેને જણાવવા માટે ઉપમાનો આશ્રય લેવો અનિવાર્ય છે. દેવો તથા નારકોની આયુષ્યમર્યાદા, તથા બાંધેલા કર્મો આત્માના પ્રદેશો સાથે કેટલી મર્યાદામાં રહેશે ? ઈત્યાદિ પ્રસંગોને કહેવા માટે સંખ્યાવાચક શબ્દો જ્યારે કોઈની પાસે પણ નથી હોતા ત્યારે શિષ્યોને સમજાવવા માટે ઉપમા આપીને તે વાત સમજાવવી પડશે, કેમ કે સંખ્યાની ગણત્રી શીર્ષપ્રહેલિકામાં સમાપ્ત થઈ જાય છે. માટે ઉપમાથી બનેલું હોય તે ઔપમિક છે. જ્ઞાનાતિશય વિનાના આપણા જેવાઓ ઉપમા વિના કાલની મર્યાદાને ગ્રહણ કરી શકવા માટે સમર્થ નથી.

પલ્યોપમ અને સાગરોપમ રૂપે ઔપમિક બે પ્રકારે છે. આગળ કહેવાશે તેવા ધાન્ય માપવાના પલ્યની ઉપમા જેમાં દેખાય તેને પલ્યોપમ કહેવાય છે તથા સાગર (સમુદ્ર) ની ઉપમાને સાર્થક કરતો સાગરોપમ નામે બીજો ભેદ છે.

ઉદ્ધાર પલ્યોપમ, અદ્ધાપલ્યોપમ અને ક્ષેત્રપલ્યોપમ રૂપે પલ્યોપમના ત્રણ ભેદ છે. તેવી રીતે ઉદ્ધા સાગરોપમ, અદ્ધાસાગરોપમ અને ક્ષેત્રસાગરોપમના પણ ત્રણ ભેદ છે. આગળ કહેવાશે તે વાલાગ્રોનો, તેના ખંડોનો પ્રતિ સમય તે ખાડામાંથી ઉદ્ધરણ, અપહરણ એટલે બહાર કાઢવો તે ઉદ્ધાર પલ્યોપમ છે. અને સો સો વર્ષે બહાર કાઢવો તે અદ્ધાપલ્યોપમ છે. તેવી રીતે ક્ષેત્રપલ્યોપમ પણ જાણવો.

ઉદ્ધારપલ્યોપમ એટલે ?

આ સૂક્ષ્મ તથા વ્યાવહારિક રૂપે આના બે ભેદ છે. તેમાં સૂક્ષ્મની વાત પછી કરીશું, પણ તેને સારી રીતે સમજવા માટે સૌ પ્રથમ વ્યાવહારિકની વાત કરવી ઠીક રહેશે. સંસારમાં ઘણી વાર અનુભવાય છે કે, યદ્યપિ આ વાતનું ખાસ પ્રયોજન નથી તો પણ તેને એટલા માટે સમજવાની જરૂર છે જેથી આવશ્યક અને પ્રયોજનવાળી વાતને સમજવામાં વાર લાગતી નથી. સાંવ્યવહારિક પ્રત્યક્ષ ગૃહ્યમાન હોવાથી યથાસ્થિત બાળો અખંડિત અગ્રભાગો જ વ્યવહારોપયોગમાં આવતા હોવાથી વ્યાવહારિક કહેવાય છે. તે આ પ્રમાણે.

ધાન્ય માપવાના પલ્ય જેવું ગોલ, ઉત્સંઘાગુલથી નિષ્પન્ન એક યોજન લંબાઈ, એક યોજન પળોહાઈ, અને એક યોજન ઉંડાઈ અને કંઈક ન્યૂન એક યોજનનો છઠ્ઠો ભાગ વધારે ત્રણ યોજન પરિધિવાળા ખાડામાં એક, બે, ત્રણથી લઈ સાત સાત સુધીના વાલાગ્રોને તે ખાડામાં ઠાંસી ઠાંસીને તેવી રીતે ભરવામાં આવે, જેમાં અગ્નિ અને વાયુ પણ પ્રવેશી શકે નહિ. કોઈ જાતનો સડો લાગવા ન પામે. તેવી રીતે વાલાગ્રોથી ભરેલા ખાડામાંથી એક એક સમયે એક એક વાલાગ્રને બહાર કાઢતાં, જેટલા સમયે ખાડો સર્વથા ખાલી થાય એટલે કે, તેમાં એક પણ વાલાગ્ર રહેવા

ન પામે. તેટલી કાલમર્યાદાને ઉદ્ધારપલ્યોપમ કહેવામાં આવે છે. તેવા દશ કરોડને દશ કરોડથી ગુણતા ઉદ્ધારસાગરોપમ કહેવાશે.

શિષ્ય પોતાના ગુરૂને પૂછે છે કે, આવી રીતના વ્યાવહારિક પલ્યોપમ સાગરોપમનું પ્રયોજન શું છે ? જવાબમાં કહેવાયું કે, આનું પ્રયોજન કંઈ પણ નથી. તો પછી તેનો ઉપન્યાસ નિરર્થક થયો કહેવાશે ? જવાબમાં જણવાનું કે - બાદરની પ્રરૂપણા વિના સૂક્ષ્મ પલ્યોપમ જણી શકાય નહિ માટે સૂક્ષ્મની જણકારી સરળ બને તે માટે વ્યાવહારિક કરી હોવાથી સાર્થક છે.

સૂક્ષ્મ ઉદ્ધારપલ્યોપમ...

વ્યાવહારિકમાં સહજ રૂપે વાલાગ્રો જે લીધા છે તેના તે વાલાગ્રના અસંખ્યેય ટૂકડા કર્યા પછી તે ખાડામાં ભરવાના છે. તે ટૂકડાને વિશુદ્ધ ચક્ષુદર્શની જ જોઈ શકે છે. છતાં પણ તેનું પ્રમાણ બતલાવતા કહ્યું કે - તેનો અસંખ્યેય ભાગ પણ સૂક્ષ્મ પનક (લીલફૂલ)ના શરીરની અવગાહના કરતાં પણ અસંખ્યેયગુણ છે. તે લંબાઈ, ઉંડાઈ અને ચૌડાઈ વાળા ખાડામાં તે વાલાગ્રોના ખંડો ભરવા અને સમયે સમયે તેનો ઉદ્ધાર કરવો તે સૂક્ષ્મ ઉદ્ધારપલ્યોપમ કહેવાય છે. ૧૦ કોડાકોડી પલ્યોપમને એક સૂક્ષ્મ સાગરોપમ જણવો, એનો માપ ૨૫ કોડાકોડી પલ્યોપમ = ૨।। સાગરોપમ દ્વીપ,

સમુદ્રોની સંખ્યાની ગણના આ પલ્યોપમથી થાય છે. જે ૨૫ કોડાકોડી પલ્યોપમ પ્રમાણ છે.

અદ્ધાપલ્યોપમ...

સૂક્ષ્મ અને વ્યાવહારિક રૂપે બે પ્રકારે છે. પૂર્વોક્ત પ્રકારે, એક એક યોજન પ્રમાણ લાંબા ઉંડા અને પહોળા ખાડામાં તે વાલાગ્રો ભરવા, ઠાંસી ઠાંસીને ભરવા અને સો સો વર્ષે એક એક વાલાગ્ર બહાર કાઢવો જેટલો સમય લાગે તે વ્યાવહારિક અદ્ધાપલ્યોપમ કહેવાય છે અને દશ કોડાકોડી પલ્યોપમનો એક અદ્ધા સાગરોપમ છે. સૂક્ષ્મ અદ્ધાપલ્યોપમ માટે તે વાલાગ્રનો અસંખ્યેય ભાગ લેવો અને તેને સો સો વર્ષે બહાર કાઢવો. તે સૂક્ષ્મ અદ્ધાપલ્યોપમ છે. ૧૦ કોડાકોડીનો સાગરોપમ કહેવાશે. ૧૦ કોડાકોડી સૂક્ષ્મ અદ્ધાપલ્યોપમ = ૧ સૂક્ષ્મ અદ્ધા સાગરોપમ.

આ અદ્ધાપલ્યોપમ કે સાગરોપમનું પ્રયોજન નારક, દેવ, મનુષ્ય અને તિર્યંચ જીવાત્માઓના આયુષ્યનો નિર્ણય કરવાનું છે. અર્થાત્ નારક દેવોના ૩૩, સાગરોપમ કંઈ રીતે લેવા તેનો નિર્ણય આ અદ્ધાપલ્યોપમ આપે છે.

સૂત્રકાર જ ફરમાવે છે કે, ચારે ગતિના જીવોના આયુષ્યનો નિર્ણય અદ્ધા પલ્યોપમ કે સાગરોપમથી કરવાનો છે.

૨૪ દંડકની પદ્ધતિએ જીવોના આયુષ્યની ચર્ચા કરાય છે. તેમાં સૌ પ્રથમ નારકોની ચર્ચા છે જઘન્ય એટલે છેલ્લામાં છેલ્લી અને ઉત્કૃષ્ટ એટલે વધારેમાં વધારે આયુષ્યની મર્યાદા કેટલી ? જેનાથી નારકાદિ ભવોમાં રહેવાય, એટલે કે આયુષ્યકર્મના અનુભવની પરિણતિ થાય તેને સ્થિતિ કહેવામાં આવી છે. યદ્યપિ આયુષ્ય કર્મના બંધનથી નિર્જરાકાલ સુધીની સામાન્ય રૂપે કર્મશાસ્ત્રોમાં સ્થિતિ કહેવાઈ ગઈ છે, તો પણ આયુષ્યકર્મોનો પુદ્ગલોનો અનુભવ કરવો તે જીવિત છે. શાસ્ત્રકારોને પણ દશ હજાર વર્ષ આદિની સ્થિતિનું પ્રતિપાદન કરવા માટે જ ઈષ્ટ છે. અન્યથા નરકગતિમાં આવતાં પહેલાના ભવમાં, જેટલો કાલ જીવ રહે તો કંઈક વધારે દશ હજારની મર્યાદા કહી હોત. પરન્તુ વધારે શબ્દનો પ્રયોગ કર્યા વિના દશ હજાર વર્ષ કહ્યાં છે માટે નરકગતિને પ્રાપ્ત થતાં જીવોના પ્રથમ સમયથી જ નારકાયુષ્યનો જે અનુભવાલ છે તેને સ્થિતિ જાણવી. મતલબ કે ગતિ નામ કર્મના કારણે નરકગતિમાં ઉત્પન્ન થનારો જીવ તે સમયથી જ આયુષ્ય કર્મનો અનુભવ કરે છે.

સાતે નરકભૂમિની આયુષ્ય સ્થિતિ.

સામાન્ય રૂપે દશ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટથી ૩૩, સાગરોપમની છે.

રત્નપ્રભાના નામની પ્રથમ નરકની જઘન્ય સ્થિતિ

દશ હજાર વર્ષની અને ઉત્કૃષ્ટથી એક સાગરોપમની ૭ અપર્યાપ્ત (કરણ અપર્યાપ્તની અપેક્ષાયે) પ્રથમ નારકોની જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિ અન્તમુહૂર્તની છે. તે પછી તે જીવ પર્યાપ્તત્વને પામે છે. પર્યાપ્ત નારકો જઘન્યથી અન્તમુહૂર્ત અલ્પ દશ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટથી અન્તમુહૂર્ત અલ્પ, ૧ સાગરોપમની જાણવી.

બીજી શર્કરાપ્રભા, જઘન્ય, ૧ સાગરોપમ, ઉત્કૃષ્ટ, ૩ સાગરોપમ.

વાલુકાપ્રભા, જઘન્યથી ૩ સાગરોપમ, ઉત્કૃષ્ટ, ૭ સાગરોપમ.

પંકપ્રભા, જઘન્યથી, ૩ સાગરોપમ, ઉત્કૃષ્ટથી ૧૦ સાગરોપમ.

ધૂમપ્રભા, જઘન્યથી ૧૦ સાગરોપમ. ઉત્કૃષ્ટથી ૧૭ સાગરોપમ.

તમ:પ્રભા, જઘન્યથી ૧૭ સાગરોપમ. ઉત્કૃષ્ટ ૨૨ સાગરોપમ.

તમસ્તમા, જઘન્યથી ૨૨ સાગરોપમ. ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમ.

અપર્યાપ્તોનો અન્તમુહૂર્ત કાલ જાણવો, સામાન્ય રૂપે અપર્યાપ્તોના કાલને બાદ કરી જે સ્થિતિ રહે તે પર્યાપ્તકોની

જાણવી.

નારક, દેવ અને અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા તિર્યંચ તથા મનુષ્યો, કરણ અપેક્ષાએ અપર્યાપ્ત હોવા છતાં લબ્ધિપર્યાપ્તિને લઈ પર્યાપ્જ માનવાના છે, શેષ જીવો લબ્ધિથી પર્યાપ્ત અને અપર્યાપ્ત હોય છે.

અસુરકુમારાદિને માટે આયુષ્યસ્થિતિ.

જઘન્યથી દશ હજાર વર્ષ. ઉત્કૃષ્ટ કંઈ વધારે સાગરોપમ.

દેવીઓ ઉત્કૃષ્ટ ૪।। પલ્યોપમ.

નાગકુમાર. જઘન્ય ૧૦ હજાર વર્ષ ઉત્કૃષ્ટ કંઈક અલ્પ બે પલ્યોપમ.

દેવીઓ કંઈક ઓછા ૧ પલ્યોપમ.

આ પ્રમાણે સ્તનિત સુધીના દેવોની આયુષ્ય સ્થિતિ જાણવી. પૃથ્વીકાયિકો માટે - પર્યાપ્ત, અપર્યાપ્ત, સૂક્ષ્મપૃથ્વીકાય તથા બાદર અપર્યાપ્તક પૃથ્વીકાયિકો, જઘન્ય અને ઉત્કૃષ્ટથી અન્તમુહૂર્તની આયુષ્ય મર્યાદા છે.

બાદર પર્યાપ્ત પૃથ્વીકાયિકો જઘન્યથી અન્તમુહૂર્ત અને ઉત્કૃષ્ટથી ૨૨ હજાર વર્ષની સ્થિતિ વાળા છે.

અપકાયિકો, પર્યાપ્તક, અપર્યાપ્તક સૂક્ષ્મઅપ્કાયિકો અને બાદર અપર્યાપ્તક અપ્કાયિકોની જઘન્ય અને ઉત્કૃષ્ટથી અન્તમુહૂર્ત આયુઃસ્થિતિ છે. જ્યારે

બાદર પર્યાપ્તકોની જઘન્યથી અન્તમુહૂર્ત અને ઉત્કૃષ્ટથ સાત હજાર વર્ષની તેજસ્કાયિક (તેઉકાય) પર્યાપ્ત, અપર્યાપ્ત સૂક્ષ્મ તેઉકાય બાદર અપર્યાપ્ત તેઉકાય જઘન્ય, ઉત્કૃષ્ટથી અંતમુહૂર્તસ્થિતિ બાદર પર્યાપ્ત તેઉકય જઘન્યથી અંતમુહૂર્ત ઉત્કૃષ્ટથી ત્રણ અહોરાત. વાયુકાયિકો સૂક્ષ્મ પર્યાપ્ત અપર્યાપ્ત અને બાદર અપર્યાપ્તકોની ન્યન્ય, ઉત્કૃષ્ટથી અન્તમુહૂર્ત બાદર પર્યાપ્તક વાયુકાયિકોની જઘન્ય અંતમુહૂર્ત અને ઉત્કૃષ્ટથી ત્રણ હજાર વર્ષની.

વનસ્પતિકાયિક: સૂક્ષ્મ, પર્યાપ્ત, અપર્યાપ્ત અને બાદર પર્યાપ્ત, અપર્યાપ્ત સાધારણ વનસ્પતિકાય, બાદર અપર્યાપ્ત પ્રત્યેક વનસ્પતિકાય પ્રત્યેક વનસ્પતિકાયની જઘન્યથી અને ઉત્કૃષ્ટથી અંતમુહૂત સ્થિતિ અને આદર પર્યાપ્ત પ્રત્યેક વનસ્પતિન્ત જઘન્યથી અંતમુહૂત ચને ઉત્કૃષ્ટથી દશ હજાર વર્ષ છે..

બેઇન્દ્રિય :- ઘન્યથી અન્ત મુહૂતની ઉત્કૃષ્ટથી ૧૨ વર્ષની છે. અપર્યાપ્તક બેઇન્દ્રિય જઘન્યથી અન્ત મુહૂત અને ઉત્કૃષ્ટ થી અન્ત મુહૂતકમ ૧૨ વર્ષની છે.

તેઇન્દ્રિય :- જઘન્યથી અન્ત મુહૂત ઉત્કષ્ટથી ૪૯ અહોરાતની અપર્યાપ્ત તેઇન્દ્રિયની બંને રીતે અન્ત મુહૂતની પર્યાપ્ત તેઇન્દ્રિય જઘન્યથી અન્ત મુહૂત અને ઉત્કૃષ્ટથી

અન્તમુર્હૂત કમ. ૪૯ દિવસની.

ચતુરિન્દ્રિય :- જઘન્યથી અન્ત મુર્હૂત પર્યાપ્તકોની બન્ને રીતે અન્તમુર્હૂત પર્યાપ્તકોની જઘન્યથી અન્ત મુર્હૂત અને ઉત્કૃષ્ટથી અન્તમુર્હૂત કમ છમાસની.

પંચેન્દ્રિય તિર્યચોની :- જઘન્યથી અન્તમુર્હૂત અને ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમની આયુષ્ય મર્યાદા છે.

જલચર તિર્યંચોની જઘન્યથી અન્ત મુર્હૂત અને ઉત્કૃષ્ટથી એક પૂર્વ કોટિ એટલે એક કરોડ પૂર્વની જરવી.

સંમૂચ્છિમ જલચર:- જઘન્યથી અન્ત મુર્હૂત અને ઉત્કૃષ્ટથી એક કરોડ પૂર્વ.

અપર્યાપ્તકોની બન્ને પ્રકારે અન્તમુર્હૂતની જાણવી.

અને ઉત્કૃષ્ટથી અન્તમુર્હત કમ એક કરોડ વર્ષની.

	જઘન્ય	ઉત્કડષ્ટ
ગર્ભજ જલચર પર્યાપ્ત	અંતમુર્હૂત	પૂર્વ ક્રોડ વર્ષ
ગર્ભજ અપર્યાપ્ત	''	અંતમુર્હૂત
સક્ષમુચ્છિમ જલચર પર્યાપ્ત	''	૧ પૂર્વક્રોડ પર્વ
'' અપર્યાપ્ત	''	અંતમુર્હૂત
ગર્ભજ ચતુષ્પદ પર્યાપ્ત	''	ત્રણ પલ્યોપમ
'' અપર્યાપ્ત	''	અંતમુર્હૂત

સમ્મુર્ચ્છિમ ચતુષ્પદ પર્યાપ્ત	,,	૮૪ હજાર વર્ષ
,, અપર્યાપ્ત	,,	અંત મુર્હૂત
ગર્ભજ ઉરૂપરિસર્પ પર્યાપ્ત	,,	૧ પૂર્વક્રોડ વર્ષ
,, અપર્યાપ્ત	,,	અંતમુર્હૂત
સમ્મુ ઉરપરિસર્પ પર્યાપ્ત	,,	૫૩ હજાર વર્ષ
,, અપર્યાપ્ત	,,	અંતમુર્હૂત
ગર્ભજ ભુજપરિસર્પ પર્યાપ્ત	,,	૧ પૂર્વ ક્રોડ વર્ષ
,, અપર્યાપ્ત	,,	અંતમુર્હૂત
સમ્મુ. ભુજપરિસર્પ પર્યાપ્ત	,,	૪૨ હજાર વર્ષ
,, અપર્યાપ્ત	,,	,,
ગર્ભજ ખેચર પર્યાપ્ત	,,	એક પલ્યોપમનો અસંખ્યાનમો ભાગ
,, અપર્યાપ્ત	,,	અંતમુર્હૂત
સમ્મુ. ખેચર પર્યાપ્ત	,,	૭૨ હજાર વર્ષ
,, અપર્યાપ્ત	,,	અંતમુર્હૂત

ગર્ભજ ખેચર પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ પર્યાપ્ત ખેચર ઉત્કૃષ્ટથી અન્તમુર્હૂત કમ એક પલ્યોપમ અસંખ્યાતમો

ભાગ સર્વત્ર અપર્યાપ્તકોની અન્તમુર્હૂત જાણવી. અપાર્યાપ્તમાંથી પર્યાપ્ત જીવોની ઉત્કૃષ્ટ સ્થિતિમાંથી અન્ત મુર્હૂત કમ જાણવી.

હે પ્રભો ! મનુષ્યોની આયુષ્યસ્થિતિ કેટલી કહેવામાં આવી છે ? હે ગૌતમ ! જઘન્યથી અન્ત મુર્હૂર્ત અને ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમ જેટલી છે. સંમૂર્ચ્છિમ મનુષ્યોની બન્ને પ્રકારે અન્ત મુર્હૂર્ત પ્રમાણ છે. પર્યાપ્તની ઉત્કૃષ્ટસ્થિતિ જયાં અંતર્મુર્હૂર્ત ન્યૂન જણાવી છે તે કરણ પર્યાપ્તની અપેક્ષાએ ઉત્કૃષ્ટ સ્થિતિ સમજવી. અપર્યાપ્ત મનુષ્ય બન્ને રીતે અન્તર્મુર્હૂર્ત સ્થિતિવાળા છે અને પર્યાપ્ત મનુષ્યો જઘન્યથી અન્તર્મુર્હૂર્ત ન્યુન ત્રણ પલ્યોપમ સ્થિતિવાળા છે.

વાનમન્તર (વાણવ્યંતર) દેવો જઘન્યથી દશ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટથી એક પલ્યોપમ જાણવી.

વાનમન્તર દેવીઓ જઘન્યથી દશ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટથી ૦।। પલ્યોપમ જાણવી.

જયોતિષ જઘન્ય સ્થિતિ પ્યોપમનો આઠમો ભાગ (૧/૮ પલ્યોપમ).

જયોતિષદેવીઓ જઘન્યથી પલ્યોપમનો આઠમો ભાગ અને ઉત્કૃષ્ટથી પચાસ હજાર વર્ષ વધારે ૦।। પલ્યોપમ જાણવી.

ચન્દ્રવિમાનોના દેવોની જઘન્યથી પલ્યોપમનો ચોથો ભાગ અને ઉત્કૃષ્ટથી એક લાખ વર્ષ વધારે પલ્યોપમની.

ચન્દ્રવિમાનના દેવીઓ જઘન્યથી પલ્યોપમનો ચોથો ભાગ અને ઉત્કૃષ્ટથી પચાસ હજાર વર્ષ વધારે અર્ધ પલ્યોપમની.

સૂર્યવિમાન દેવ, જઘન્યથી પલ્યોપમનો ચોથો ભાગ અને ઉત્કૃષ્ટથી એક હજાર વર્ષ અધિક એક પલ્યોપમ.

સૂર્યવિમાનની દેવીઓ જઘન્યથી પલ્યોપમનો ચોથો ભાગ અને ઉત્કૃષ્ટથી પાંચસો વર્ષ વધારે ૦।। પલ્યોપમ.

ગ્રહદેવો જઘન્યથી પલ્યોપમનો ચોથો ભાગ અને ઉત્કૃષ્ટથી એક પલ્યોપમ.

ગ્રહદેવીઓ જઘન્યથી પલ્યોપમનો ચોથો ભાગ અને ઉત્કૃષ્ટથી ૦।। પલ્યોપમ.

નક્ષત્રદેવો જઘન્યથી પલ્યોપમનો ચોથો ભાગ.

ઉત્કૃષ્ટથી ૦।। પલ્યોપમ.

નક્ષત્રદેવીઓ જઘન્યથી પલ્યોપમનો ચોથો ભાગ.

ઉત્કૃષ્ટથી કંઈક વધારે પલ્યોપમનો ચોથો ભાગ.

તારાદેવો જઘન્યથી કંઈક વધારે પલ્યોપમનો આઠમો ભાગ.

ઉત્કૃષ્ટથી પલ્યોપમનો ચોથો ભાગ.

તારાદેવીઓ જઘન્યથી પલ્યોપમનો આઠમો ભાગ.

ઉત્કૃષ્ટથી કંઈક વધારે પલ્યોપમનો આઠમો ભાગ.
વૈમાનિક દેવો જઘન્યથી એક પલ્યોપમ.
ઉત્કૃષ્ટથી ૩૩ સાગરોપમ.
" દેવીઓ જઘન્યથી પલ્યોપમ જેટલી.
ઉત્કૃષ્ટથી પપ પલ્યોપમ.

૧. સૌધર્મદેવો જઘન્યથી એક પલ્યોપમ.
ઉત્કૃષ્ટથી બે સાગરોપમ.
પરિગૃહીત દેવીઓ જઘન્યથી એક પલ્યોપમ.
ઉત્કૃષ્ટથી સાત પલ્યોપમ.
અપરિગૃહીત દેવીઓ જઘન્યથી એક પલ્યોપમ.
ઉત્કૃષ્ટથી પચાસ પલ્યોપમ.

૨. ઈશાનદેવો જઘન્યથી કંઈક વધારે પલ્યોપમ.
ઉત્કૃષ્ટથી કંઈક વધારે બે સાગરોપમ.
પરિગૃહીત દેવીઓ જઘન્યથી કંઈક વધારે એક પલ્યોપમ.
ઉત્કૃષ્ટથી ૯ પલ્યોપમ.
અપરિગૃહીત દેવીઓ જઘન્યથી કંઈક વધારે એક પલ્યોપમ.
ઉત્કૃષ્ટથી પપ પલ્યોપમ.

૩. સનત્કુમારદેવો જઘન્યથી ૨ સાગરોપમ.
ઉત્કૃષ્ટથી ૭ સાગરોપમ.

૪. માહેન્દ્રદેવો જઘન્યથી કંઈક વધારે ૨ સાગરોપમ.
ઉત્કૃષ્ટથી કંઈક વધારે ૭ સાગરોપમ.

૫. બ્રહ્મલોકદેવો જઘન્યથી ૭ સાગરોપમ.
ઉત્કૃષ્ટથી ૧૦ સાગરોપમ.

૬. લાન્તક જઘન્યથી " ".
ઉત્કૃષ્ટથી ૧૪ સાગરોપમ.

૭. મહાશુક્રદેવ જઘન્યથી " ".
ઉત્કૃષ્ટથી ૧૭ સાગરોપમ.

૮. સહસ્રારદેવ જઘન્યથી " ".
ઉત્કૃષ્ટથી ૧૮ સાગરોપમ.

૯. આનતદેવ જઘન્યથી " ".
ઉત્કૃષ્ટથી ૧૯ સાગરોપમ.

૧૦. પ્રાણતદેવ જઘન્યથી " ".
ઉત્કૃષ્ટથી ૨૦ સાગરોપમ.

૧૧. આરણદેવ જઘન્યથી " ".
ઉત્કૃષ્ટથી ૨૧ સાગરોપમ.

૧૨. અચ્યુતદેવ જઘન્યથી " ".
ઉત્કૃષ્ટથી ૨૨ સાગરોપમ.

આ પ્રમાણે નવગ્રૈવેયક જઘન્ય અને ઉત્કૃષ્ટથી ૧-૧ સાગરોપમ વધારતાં જઘન્યથી ૩૦ સાગરોપમ અને

ઉત્કૃષ્ટથી ૩૧ સાગરોપમ થશે.

વિજય, વૈજયંત, જયંત અને અપરાજિતમાં આ ચારે દેવલોકની જઘન્યસ્થિતિ ૩૧ સાગરોપમની અને ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમની. જ્યારે સર્વાર્થ સિદ્ધ વિમાનમાં જઘન્ય અને ઉત્કૃષ્ટ રૂપે ૩૩ સાગરોપમની જાણવી.

બધા ય દેવો અપર્યાપ્ત અવસ્થામાંથી નિયમા પર્યાપ્ત અવસ્થા પ્રાપ્ત કરશે.

ક્ષેત્ર પલ્યોપમ

સપ્રયોજન અદ્ધાપલ્યોપમની ચર્ચા પૂર્ણ થઈ છે, હવે વ્યાવહારિક ક્ષેત્ર પલ્યોપમ અને ક્ષેત્ર સાગરોપમની વાત કરવાની છે. એક યોજન લંબાઈ, ઉંડાઈ અને પહોળાઈ વાળા ખાડામાં એક, બે, ત્રણ યાવત્ સાત દિવસના વાળાગ્રો, ઠાંસી ઠાંસીને ભરવાં, જેમાં અગ્નિ કે વાયુનો પણ પ્રવેશ અશકય બને. તે પલ્યના આકાશ પ્રદેશોને વ્યાપ્ત થયેલા વાળાગ્રોને એક એક સમયે બહાર કાડવા તે જેટલા સમયમાં પૂર્ણ થાય તે ક્ષેત્ર પલ્યોપમ છે. ૧૦, કોડાકોડીથી ગુણતાં ૧ સાગરોપમ થાય છે.

સૂક્ષ્મ ક્ષેત્ર પલ્યોપમ માટે જાણવાનું કે ખાડાના આકાશ પ્રદેશો સાથે સ્પૃષ્ટ અસ્પૃષ્ટ વાળાગ્રો લેવા તે પણ તેના અસંખ્ય ટૂકડા લેવા. આકાશ પ્રદેશ સૂક્ષ્મ હોવાથી વાળાગ્રોથી સ્પૃષ્ટ પણ હોઈ શકે અને અસ્પૃષ્ટ પણ હોઈ

શકે છે.

શંકા :- ઠાંસી ઠાંસીને વાળાગ્રો ભરેલા હોય ત્યારે આકાશ પ્રદેશથી અસ્પૃષ્ટ કંઈ રીતે હોઈ શકે ? જવાબમાં જણવાનું કે જેમ એક કોઠામાં, મોટા મોટા કોળાઓ પૂર્ણ રૂપે ભરી દીધેલા હોય તે સમયે સૌ કોઈને લાગે કે કોઠો પૂર્ણ રૂપે ભરેલો છે. પણ જણવાનું કે કોળા મોટા આકારે હોવાથી એક અને બીજા કોળાની વચ્ચે ઘણી જગ્યા અવકાશવાળી હોવાથી તેમાં બીજોરા નાખવામાં આવે તો પણ બે, ત્રણ, ચાર, પાંચ કોળાઓના પોલાણમાં જે જગ્યા રહેલી છે. તેમાં બીજોરા સમાઈ શકે છે. બીજોરા પણ મોટા હોય છે. તેના પોલાણમાં વિલ્વો, તેનાથી નાના બોર, સરસવ, છેવટે ગંગા નદીની બારીક રેત પણ નાખીએ તો પણ કોળાઓથી અસ્પૃષ્ટ રહેલા આકાશ પ્રદેશોમાં બધાય સમાઈ જાય છે. તેવી રીતે આકાશ પ્રદેશો સૂક્ષ્મ છે અને એક એક વાળાગ્રના અસંખ્ય ટૂકડા સ્થૂળ છે માટે અવકાશ હોવાની સંભાવના છે. અથવા અત્યન્ત નિબિડ સ્તમ્ભમાં પણ લોખંડની ખીલીનો સમાવેશ થાય છે. તેવી રીતે અહિ પણ જણવો.

આ ક્ષેત્ર પલ્યોપમ, દષ્ટિવાદના કેટલાક પદાર્થોને માપવા માટેનું પ્રયોજન છે.

આ પ્રમાણે ઉદ્ધાર, અદ્ધા અને ક્ષેત્ર પલ્યોપમની તથા સાગરોપમની વાતો પૂર્ણ થઈ છે.

દ્રવ્યો કેટલા પ્રકારે છે ?

યદિ સૂક્ષ્મ ક્ષેત્ર સાગરોપમથી દ્રવ્યો મપાતા હોય તો હે પ્રભો ! તે દ્રવ્યો કેટલા પ્રકારે છે ? હે ગૌતમ ! તે દ્રવ્યો જીવ અને અજીવ રૂપે બે પ્રકારે છે.

પરમાત્મ સ્વરૂપને પ્રાપ્ત કરવાની સમ્પૂર્ણ યોગ્યતાને પ્રાપ્ત થયેલા તીર્થંકરદેવોના જીવો, - ૩ ભવ પહેલા એટલા બધા ભાવદયાલુ હોય છે જેના કારણે તેમના રોમે રોમમાં આવી ભાવનાનો ઉદ્‌ભવ થાય છે. તે આ પ્રમાણે છે.

(૧) જીવાત્માઓના બહિરાત્માથી અન્તરાત્મામાં અને છેવટે પરમાત્મપદ પ્રાપ્ત કરાવવા માટે હું શકિતમાન થાઉં.

(૨) અહિંસા, સંયમ અને તપથી પરિપૂર્ણ અરિહંત પરમાત્માનું શાસન છે. તેને જગતના જીવો સમજે, હૃદયંગમ કરે અને પોતાના વ્યવહારમાં ઉતારવા પામે તે રીતે મારે પોતાને પણ પૂર્ણ અહિંસક, સંયમી અને તપોધર્મી બનવા સિવાય બીજો માર્ગ નથી.

(૩) શ્રીમંતાઈ અને સત્તા બન્ને ભાવ રોગ હોવાથી મારે તે માર્ગે જવા કરતાં, ત્યાગ, સર્વસ્વત્યાગ, યાવત્ કાયાની માયાને પણ છોડીને તપશ્ચર્યા રૂપી અગ્નિમાં મારા કર્મોને શીઘ્રતાથી બાળી નાખનારો બનવા પામુ

જેથી કેવળ જ્ઞાનની જ્યોત પ્રાપ્ત કરી શકું.

(૪) સંસારના જીવોને જાતિવાદ, સમ્પ્રદાયવાદ, અને મિથ્યાજ્ઞાનમાંથી બહાર લાવીને સત્યસ્વરૂપ આત્મધર્મમાં સ્થિર કરી તેમને મુક્તિમાર્ગ બતાવનારો થાઉં.

(૫) માયામૃષાવાદનું પોષણ કરે તેવા હિંસકાદિ ક્રિયાકાંડોનો ત્યાગ કરાવી તેમને અહિંસક ક્રિયાના માલિક બનાવનાર થાઉં.

ઈત્યાદિ ભાવદયાથી પ્રેરાઈને, તીર્થંકર પરમાત્માના જીવો સંયમ સ્વીકાર કરીને મોહકર્મના મૂળિયા ઉખેડી નાખે છે. કેવળજ્ઞાનને પ્રાપ્ત કરે છે, જાણે **'विश्वोपकार की भूतं तीर्थ कृत् कर्म निर्मिति.** 'વિશ્વના ઉપકાર માટે જ ઉપાર્જિત તીર્થંકર નામ કર્મનો ઉદય થાય છે. સમવસરણમાં બિરાજમાન થઈ યથાર્થવાદિની દેશના આપે છે.

ગૌતમસ્વામીએ પૂછ્યું કે હે પ્રભો ! દ્રવ્યો કેટલા પ્રકારે હોઈ શકે છે ? ગૌતમ સ્વામી ચાર જ્ઞાનના માલિક છે. કેવળજ્ઞાન પ્રાપ્ત કરવાની ચરમસીમામાં પ્રવિષ્ટ થઈ ગયેલા છતાં પણ જગત જીવસોના કલ્યાણ માટે દ્રવ્યો સંબંધી પ્રશ્નો પૂછે છે.

જીવોને જ્યાં સુધી દ્રવ્યોનું સત્ય સ્વરૂપ જાણવામાં ન આવે ત્યાં સુધી તેમનું મિથ્યાજ્ઞાન, ભ્રમજ્ઞાન, સંશયજ્ઞાન

અને વિપરીત જ્ઞાનની માયા ક્યારે ય મટવાની નથી. પ્રશ્નના જવાબમાં ભગવંતે કહ્યું કે હે ગૌતમ ! સંસારના પંડિતોએ ગમે તેવા દ્રવ્યોની કલ્પના કરી હોય તો પણ તે બધા ય કાં તો તે દ્રવ્યત્વને પ્રાપ્ત થઈ શકતાં નથી અથવા તો આગળ કહેવાશે તે છ દ્રવ્યોમાં સમાવેશ પામી શકે છે.

ગુણ અને ગુણીનો તાદાત્મ્ય સંબંધ સૌને પ્રત્યક્ષ છે તો પછી 'સમવાય'ને માનવાની આવશ્યકતા રહેતી નથી. પહેલા તો, ગુણી ને ગુણો ક્યારે ય જૂદા પડતા નથી. બેશક ! તારતમ્ય ભાવને લઈ ઓછાવત્તાપણું થાય તેમાં કંઈ પણ કહેવાપણું નથી.

સામાન્યવિશેષને પણ જૂદા માનવાની જરૂર નથી કેમ કે ઘટ જ્યારે ઉત્પન્ન થાય છે, ત્યારે ઘટત્વ નામનું સામાન્ય સ્વયં ઉત્પન્ન થઈ જાય છે. તેવી રીતે લાલ રંગનો ઘડો આમાં પણ લાલ વિશેષણને ભાડુતી માનવાની જરૂર નથી પણ વસ્તુમાત્રમાં વિશષધર્મો સ્વતઃ સિદ્ધ છે. જ્યારે જલ્પા વિતંડાવાદની ભાષા સભ્ય પુરૂષોની હોઈ શકે જ નહિ. સંસારના માનવોને સુખ, શાન્તિ અને સમાધિની ચાહના જ હોય તો તેના માટે સમ્યગ્જ્ઞાન જ સર્વગ્રાહી ઉપાદેય છે. જીવ (ચેતન) અજીવ (જડ) આ બે દ્રવ્યોના મિશ્રણ સિવાય ત્રીજો પદાર્થ ક્યાંય દેખાતો નથી. તેમ જ કોઈએ જોયો પણ નથી. તેથી સારી રીતે જાણી શકાય છે કે ચેતન અને જડ આ બે તત્ત્વો મુખ્ય છે. જેમાં થોડી

ઘણી પણ ચેતના, જ્ઞાનસંજ્ઞા દેખાય તે જીવ છે. ચાહે પછી તે વનસ્પતિમાં હોય કે શહેનશાહમાં હોય તે બધા ય જીવ દ્રવ્યો છે. અન્યથા જમીનમાં ગેહું આદિના દાણા પડતાં જ અંકુરા કયાંથી થાય. તેને ડાળો, ફળો પાંદડાઓ પણ કયાંથી હોય ? જમીનમાંથી લાખો કરોડો ટન, લોખંડ, પત્થર, સોનું, ચાંદી, પિત્તલ, તાંબુ, કોલસા આદિ નીકળે છે છતાં તે દ્રવ્યો કયારે ય ખૂટયા નથી. જયારે જડ પદાર્થ જે અજીવ છે તેમાં કયારે ય ચેતના દેખાતી નથી, કોઈએ જોઈ પણ નથી. અને હજાર પ્રયત્ન કર્યે કોઈ જોઈ શકવાનો નથી. આ કારણે જ યથાર્થવાદી, સર્વજ્ઞ સર્વદર્શી અરિહંત પરમાત્માઓ ફરમાવે છે કે, જીવ અને અજીવ રૂપે દ્રવ્યો બે જ છે.

હે પ્રભો ! અજીવ દ્રવ્ય કેટલા પ્રકારે છે ?

સૂત્રમાં જીવ દ્રવ્ય પ્રથમ સ્થાને હોવા છતાં અજીવ દ્રવ્ય માટેનો પ્રશ્ન શા માટે ? જવાબમાં જાણવાનું કે, જીવ દ્રવ્ય માટેનું વક્તવ્ય થોડું હોવાથી સૌ પ્રથમ અજીવની ચર્ચા કરી લેવામાં બાધ નથી. તે રૂપી અજીવ દ્રવ્ય અને અરૂપી અજીવ દ્રવ્ય રૂપે અજીવના બે ભેદ છે. રૂપી એટલે જેમાં સ્પર્શ, રસ, ગંધ અને વર્ણ હોય તે રૂપી કહેવાય છે અને જેમાં આ ચારે ગુણો ન હોય તે અરૂપી કહેવાય છે.

અરૂપી અજીવ દ્રવ્યો કેટલા પ્રકારે છે ?

હે ગૌતમ ! તેના આ પ્રમાણે દશ ભેદ છે.

(૧) ધર્માસ્તિકાયસ્કંધ, (૨) ધર્માસ્તિકાય દેશ, (૩) ધર્માસ્તિકાય પ્રદેશ, (૪) અધર્માસ્તિકાય, (૫) અધર્માસ્તિકાય દેશ, (૬) અધર્માસ્તિકાય પ્રદેશ, (૭) આકાશાસ્તકાય, (૮) આકાશાસ્તિકાય દેશ, (૯) આકાશાસ્તિકાય પ્રદેશ, (૧૦) અદ્ધાકાલદ્રવ્ય.

'धम्माऽधम्मागासा तियतिय भेदा, तहेव अद्धा य खंध देश पएसा' .. (નવ તત્ત્વગાથા - ૮)

યદ્યપિ આ ત્રણે દ્રવ્યો, અખંડ અને એક જ છે, તેમાં ભેદની કલ્પના નથી છતાં પણ નયવાદને લઈ તેમાં ત્રણ ત્રણ ભેદ પડયાં છે. સંગ્રહનયની માન્યતા છે કે, ધર્માસ્તિકાય એક જ છે અને અખંડ છે, માટે તેમાં ભેદની કલ્પના કરવી ઠીક નથી. વ્યવહારનયનો અભિપ્રાયે બુદ્ધિથી પરિકલ્પિત બે ભાગ, ત્રણ ભાગ રૂપ દેશ. તથા પ્રદેશ જે પ્રમાણે સંપૂર્ણ ધર્માસ્તિકાય જીવ અને પુદ્ગલોને ગતિ સહાયક બને છે. તે પ્રમાણે તેના દેશો પણ જીવાદિને ગતિ સહાયક બનવામાં બાધ નથી કરતાં. જ્યારે ઋજુસૂત્ર નયનું માનવું છે કે, પોતપોતાના સામર્થ્ય વડે જીવ પુદ્ગલને ગતિમાં ધર્માસ્તિકાયના પ્રદેશો પણ સહાયક બને છે. તે પ્રદેશ બુદ્ધિ કલ્પિત અને બીજો વિભાગ ન પાડી શકાય તથા ધર્માસ્તિકાયથી જૂદો પણ ન પડી શકે તેને પ્રદેશ કહેવાય

છે. સારાંશ કે ધર્માસ્તિકાયની માફક તેના દેશો અને પ્રદેશો પણ ગતિ સહાયક બને છે માટે દેશ, પ્રદેશ અને ધર્માસ્તિકાય આમ ત્રણ ભેદ પડે છે તેવી રીતે અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાયના પણ ત્રણ ત્રણ ભેદ જાણવા.

અદ્ધાસમય - આમાં એક વચન હોવાનું કારણ વર્તમાનકાલ એક જ સમય રૂપ હોય છે અને અતીત (ભૂતકાલ) નિશ્ચયનયના મતે વિનષ્ટ થઈ, ગયેલો હોવાથી અને અનાગત (ભવિષ્યકાલ) હજી અનુત્પન્ન હોવાથી અસત્ છે. આ કારણે જ એક સમય પ્રમાણ કાલ દ્રવ્યની દેશ પ્રદેશની ચિંતા કરવાની નથી. કેમ કે એક જ સમયમાં, સર્વથા નિરંશ હોવાથી દેશ-પ્રદેશની કલ્પના અસંભવિત છે. આ પ્રમાણે. અરૂપી અજીવ દ્રવ્યો દશ પ્રકારે પૂર્ણ થયા. રૂપ, રસ, ગંધ અને સ્પર્શ જેમાં નથી તે અરૂપી હોવાથી ચક્ષુગોચર નથી.

ચક્ષુગોચર ધર્માસ્તિકાયાદિ નથી તો તેમને માનવા શા માટે ? જવાબમાં જાણવાનું કે સંસારમાં ઘણા પદાર્થો તેવા છે જે ચક્ષુગોચર ન હોવા છતાં માનવા જ પડે છે. આ પણી ચોથી પેઢીના આગેવાન કોણ હતાં ? કયા નામે હતાં ? કેવા સ્વભાવના હતાં ? તે આપણે મુદલ જાણતા નથી છતાં રાગ, દ્વેષના ભરેલા આપણ માતાપિતાના કહેવાથી માનવા પડે છે, દેશ દેશાન્તરની વાતોને, ભૂગોળને

ઈતિહાસને પણ સ્કૂલના માસ્તરો દ્વારા જાણવી પડે અને સાચી માનવી પડે છે. તો પછી જે અતીન્દ્રિય જ્ઞાની છે, તેમનાં જીવનમાં રાગ દ્વેષ ન હોવાથી તેમને અસત્ય-ભાષણનું પ્રયોજન રહેતું નથી, માટે જ સર્વથા સત્યભાષણ અરિહંત પરમાત્માઓનુ હોવાથી તેમની કરેલી પ્રરૂપણા ને માનવાની જ રહી.

બીજી વાત આ છે કે ઘણા પદાર્થો ચક્ષુગોચર ન હોય પણ સ્પર્શેન્દ્રિય ગોચર હોય તો માનવા જ પડે છે.

બીજી વાત આ છે કે, ૪૫ લાખ યોજન સિદ્ધશિલાના અન્તમાં કોઈએ ભીંત બનાવી નથી. તો પણ સિદ્ધાત્માને અલોકાકાશમા જતો રોકનાર તો ધર્માસ્તિકાય જ છે, કારણ કે અલોકાકાશમાં તેની સત્તા હર હાલતમાં પણ નથી, માટે સિદ્ધના જીવોને આગળ જવા માટે શક્યતા નથી. તેવી રીતે ગતિમાં સહાયક ધર્માસ્તિકાયની સત્તા પણ લોકાકાશના અન્તમાં વિરામ પામે છે તેથી અલોકાકાશમાં જવા માટે સહાયક ન હોવાથી તે ત્યાં જઈ શકવા માટે સમર્થ નથી.

જૈનશાસનની આ મર્યાદાને શંકરાચાર્ય જાણતા ન હોવાના કારણે કહી શકે છે કે જૈનોના તીર્થંકરો હજી પણ આકાશમાં ભટકી રહ્યાં છે પણ હકીકતમાં ધર્માસ્તિકાયના અભાવે જીવ સિદ્ધશિલાને ઉલ્લંઘી શકતો નથી અને અધર્માસ્તિકાયના કારણે જીવો સિદ્ધશિલાના અન્તમાં

સ્થિર થઈ જાય છે.

પુદ્ગલાસ્તિકાય સ્કંધ, દેશ, પ્રદેશ અને પરમાણુ રૂપે ચાર પ્રકાર છે દ્વયણુક, ત્રયણુક, યાવત્ અનન્ત પરમાણુ નિષ્પન્ન સ્કન્ધ છે.

દેશ - સ્કન્ધ, પ્રતિબદ્ધ સવિભાજય (જેના વિભાગ થઈ શકે તે) ભાગ દેશ.

પ્રદેશ - સ્કન્ધ પ્રતિબદ્ધ (સાથે જોડાયેલ) અવિભાજય (જેના બે ભાગની કલ્પના કેવલજ્ઞાનમાં પણ ન થઈ શકે તે) ભાગ પ્રદેશ.

પરમાણુ - સ્કન્ધથી છૂટો અવિભાજય ભાગ તે પરમાણુ.

તેમાં હજી બીજો પરમાણુ મળ્યો નથી. તે પરમાણુ છે. આમાં રૂપ, રસ, ગંધ અને વર્ણ રહેલા હોવાથી પુદ્ગલદ્રવ્ય રૂપી છે. અનન્ત પરમાણુ નિષ્પન્ન સ્કન્ધો જેમ અનન્ત છે તેમ દ્વિપ્રદેશિક, ત્રિપ્રદેશિક, સંખ્યાત, અસંખ્યાત પ્રદેશિક સ્કન્ધો પણ અનન્ત અનન્તની સંખ્યામાં છે.

જીવ દ્રવ્યની અનન્તા કેવી રીતે ?

આ પ્રમાણે જીવ દ્રવ્યો પણ અનન્તની સંખ્યામાં જાણવા કેવી રીતે ? જવાબમાં સૂત્રકાર જ ફરમાવે છે કે - હે ગૌતમ ! સાતે નરકગતિમાં રહેલા નારક જીવો

અસંખ્યાત છે. ભવનપતિદેવોની સંખ્યા અસંખ્યાત છે. વાયુકાયિક જીવો અસંખ્યાત છે. પૃથ્વીકાયિક જીવો અસંખ્યાત છે, વનસ્પતિકાયિક જીવો અનન્ત છે. બેઈન્દ્રિય જીવો અસંખ્યાત છે. આ પ્રમાણે તેઈન્દ્રિય, ચતુરિન્દ્રિય, પંચેન્દ્રિય, તિર્યંચજીવો, મનુષ્યો, વાણમંતર, જ્યોતિષ અને વૈમાનિક દેવો પણ અસંખ્યાત છે. જ્યારે સિદ્ધશિલામાં વિરાજમાન જીવો અનન્ત છે માટે ગૌતમ ! હું અને પહેલાના તીર્થંકરો અથવા ભવિષ્યના તીર્થંકરો પણ એક જ વાત કહે છે કે જીવો અનન્ત છે.

તો પરમાત્માઓ પણ હોઇ શકશે ?

સિદ્ધના જીવો અન્ત છે. તો પરમાતત્માઓને પણ અનન્ત માનવા પડશે ?

જવાબમાં જાણવાનું કે શુદ્ધ, પવિત્ર અને નિર્મમત્વ ભાવની વર્દ્ધિકા, તપશ્ચર્યા રૂપી અગ્નિમાં કર્મોના મૂળીયાઓને સર્વથા નિર્મૂલ કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યા પછી જ પરમાત્મ પદને પ્રાપ્ત કરેલા પરમાત્મા, સાકાર અને સયોગી નિરાકાર અને અયોગી અવસ્થા મેળવે છે. માટે પરમાત્માઓ અનન્ત હોય તે માન્ય કરવા યોગ્ય વાત છે, **''परमश्चासौ आत्मा चेति परमात्मा''**

અપૂર્વકરણ વડે અનાદિ રાગ-દ્વેષની ગ્રંથિને તોડી

અનિવૃત્તિકરણ (અધ્યવસાય વિશેષ) દ્વારા આગળ વધતાં સમ્યગ્દર્શનની સ્પર્શના થતાં શારીરાદિથી પર આત્માનુભવ થવો તે અંતરાત્મા અને ઘાતીકર્મનો ક્ષય કરી કેવલજ્ઞાન-દર્શન પ્રગટ થતાં જ્ઞાનાનંદમાં મગ્ન પરમાત્મા, સંસારની માયામાં રચ્યો પચ્યો બહિરાત્મા પોતાની અદમ્ય ઉત્સાહ શક્તિ વડે, જ્યારે ક્યારે અપૂર્વ અને અનિવૃત્ત પુરૂષાર્થના જોરે, અનાદિકાળની કર્મસત્તા ને મારી ભગાડે છે, ત્યારે તેઓ પરમાત્મા બનવા પામે છે. આજ સુધીમાં અનન્ત જીવો પરમાત્મ પદને પ્રાપ્ત થયેલા છે.

એક ભરત આશ્રયી એક કાલચક્રમાં ચોવીશી-૨ પાંચ ભરત, પાંચ ઐરાવત આશ્રયી એક કાલચક્રમાં ચોવીશી-૨૦ થાય. એક ઉત્સર્પિણી કાલમાં એક ચૌવીસી અને અવસર્પિણીમાં પણ એક ચૌવીસી, આમ ૨૦ કોડાકોડી સાગરોપમના એક કાલચક્રમાં બે ચૌવીસી થઈ. કેવળજ્ઞાન પ્રાપ્ત તીર્થંકર પરમાત્મા પોતાની વિદ્યમાનતામાં લાખો, કરોડો જીવોને **'सम्यग्दर्शनज्ञान चारित्राणि मोक्ष मार्गः ।'** આ માર્ગની સમ્યગ્ આરાધનામાં જોડાવી આપે છે. તેમાંથી કેટલા ય જીવો, કેવળજ્ઞાનની જ્યોત પ્રાપ્ત કરી મોક્ષના માલિક બને છે જ્યારે બીજાઓ આરાધના બલે, તેવા ઉચ્ચા સ્થાને પહોંચી જાય છે કે જેનાથી ત્રણ, ચાર, પાંચ કે સાતમાં ભવે મોક્ષમાં જાય છે. કોઈક વળી ૨૫-૫૦ ભવે મોક્ષમાં જાય છે.

આકાશમાં ચન્દ્ર અને સૂર્યની હાજરી અચૂક હોય જ છે. તેવી રીતે અરિહંત તીર્થંકરોની હાજરી પણ સર્વથા અનિવાર્ય છે. કોઈક સમય પણ તેવો નથી જેમાં તીર્થંકર પરમાત્માઓની અવિદ્યમાનતા હોઈ શકે. બેશક ! ભરત અને ઐરાવત ક્ષેત્રમાં તીર્થંકરોની હાજરી સદાકાળ માટે નથી હોતી પણ મહાવિદેહ ક્ષેત્રમાં તો સદાકાલ તેઓ; વિદ્યમાન હોય જ છે. અત્યારે પણ પાંચ પાંચ મહાવિદેહના મળી ૨૦ તીર્થંકરો છે. અસંખ્ય દ્વીપ સમુદ્રો આ ભૂખંડમાં છે. તેમાં અઢી દ્વીપ પ્રમાણ ક્ષેત્રમાં આવેલા ભરત ઐરાવત અને મહાવિદેહ ક્ષેત્રમાં જ તીર્થંકરો, ચક્રવર્તીઓ, વાસુદેવો, બલદેવો અને પ્રતિવાસુદેવો તેમ જ ધર્મની આરાધના રહેલી છે. જ્યારે અઢી દ્વીપના અન્ય ક્ષેત્રો જે અકર્મભૂમિઓ છે તેમાં તીર્થંકરો આદિનો જન્મ નથી ગમનાગમન નથી તેમ જ કોઈ ધર્મારાધના નથી.

વધારેમાં વધારે ૧૭૦, તીર્થંકર અને ઓછામાં ઓછા ૨૦ તીર્થંકરોની વિદ્યમાનતા હોય છે. આવી પરિસ્થિતિમાં સિદ્ધશિલામાં અનન્ત આત્માઓ પરમાત્મપદને ભોગવી રહ્યાં છે. જૈનશાસનની અકાટ્ય માન્યતા છે કે સિદ્ધશિલાના આત્માઓ બધા ય પરમાત્મા છે જે ચારગતિ રૂપ સંસારના દેવો, દેવેન્દ્રો, માનવો, ચક્રવર્તીઓ, વાસુદેવો અને રાજ મહારાજાઓને માટે સર્વથા અને સર્વદા પૂજ્ય છે, આરાધ્ય છે, વંદનીય છે માટે તેમની પૂજા કરીને વન્દના કરીને

માનવમાત્ર સંસારની માયાપ્રત્યે ઉદાસીન બને છે વૈરાગ્યવંત બને છે અને કર્મપિંજરમાંથી મુક્ત બની સંયમી બને છે.

આવા અરિહંત પરમાત્માઓ નિરંજન, નિરાકાર અને શુદ્ધ સ્વરૂપી હોવાથી સંસારના ઉત્પાદનમાં સંરક્ષણમાં અને સંહારમાં શા માટે ભાગ લેશે ? મતલબ કે, સંસારની માયાવી રચનામાં, પાલનમાં, અને સંસારનો નાશ કરવામાં ક્યારે ય પ્રત્યક્ષ કે પરોક્ષ ભાગ લેતા નથી, તેમ હસ્તક્ષેપ પણ કરતાં નથી અને કરે તે ઈશ્વર હોઈ શકે નહિ.

જેઓએ એક જ ઈશ્વરની કલ્પના કરી છે, તેમના મતે આત્મા ત્રણ પ્રકારના છે.

૧. સંસારી આત્મા.
૨. મુક્ત આત્મા.
૩. અવતારી આત્મા.

તેઓની માન્યતા છે કે સંસારને જ્યારે જરૂર પડે ત્યારે અવતાર લેવાનો ઠેકો એક જ આત્મા પાસે હોય તો સારૂં પણ તેમનો આ તર્ક કે માન્યતા બુદ્ધિગમ્ય નથી. કેમ કે અવતાર લેનારો જ્યારે અવતરિત થવાનો હોય ત્યારે મલમૂત્રાદિથી પરિપૂર્ણ માતાની ગંદી કુક્ષિમાં નવમહિના પૂર્ણ કરે છે, જન્મે છે, બાલ્યક્રીડા કરે છે, પરણે છે, ભોગવિલાસોની મજા લુટે છે, રણમેદાનો રમે છે, લાખો કરોડો

માનવોને, હાથીઓને, ઘોડાઓને, ઉંટોને મૃત્યુના ઘરે મોકલે છે, મરેલા માનવોની ધર્મપત્નીઓ વિધવાના વેષમાં આવીને, તથા તેમની માતાઓ પુત્રવિનાની બનીને ચોધાર રડે છે, કલ્પાન્ત કરે છે, છાતી કુટી કુટીને, મૃત્યુ જેવી દશા ભોગવે છે. ઈત્યાદિ કારણોને લઈ આપણે તેમને પૂછીએ કે આવા કર્મો, રાગ-દ્વેષ વિના થતાં નથી અને જયાં જયાં રાગ દ્વેષ જન્ય ક્રીડાઓ છે ત્યાં તેમને એટલે અવતારીઓને પાપ નહિ લાગતું હોય ? યદિ આપણા જેવાઓને પાપ લાગતું હોય તો અવતારી આત્માને પાપ ન લાગે. આવું કેવી રીતે બનશે ?

સંસારની ક્રિયા માત્રમાં ક્યાં ય રાગ, ક્યાં ય દ્વેષ તો સૌને માટે એક સરખા જ રહેલા હોય છે. ૧૬-૧૬ હજાર સ્ત્રીઓ સાથે વિલાસ કરનારો આત્મા રાગ વિનાનો હોઈ શકશે ? લાખો માનવોને મારનારામાં દ્વેષ બુદ્ધિ શી રીતે નકારાશે ?

બાલ્ય ક્રીડામાં પણ ગોપીઓના વસ્ત્રહરણ કરી તેમને નગ્નાવસ્થામાં જોવી અથવા તેમને સંતાપવી અથવા નજર ચૂકવીને તેમના માખણની ચોરી કરવી આદિ કાર્યોમાં ક્યાં ય પણ ઈશ્વરીયતત્ત્વ દેખાતું નથી.

સંસારને ઈશ્વરે જ બનાવ્યું હોય તો રામચન્દ્ર ભગવાનની ઘરવાળી સીતાને ઉપાડી જનાર અને

રણમેદાનમાં રામને મારી નાખવાનો ભાવ રાખનાર રાવણને શા માટે બનાવ્યો ? કૃષ્ણના માથા પર કંસ, દુર્યોધન, શિશુપાલ, અને જરાસંધ જેવા શત્રુઓને ન બનાવ્યા હોત તો પરમાત્માને શું વાંધો હતો ?

કદાચ તમે કહેશો કે - કર્યા કર્મો તો સૌ કોઈને ભોગવવા જ પડે છે. તો પછી સૌથી વધારેમાં વધારે બળ ધરાવનારી કર્મસત્તા જ રહી પછી બેચારા ઈશ્વરને વચ્ચે લાવવાની જરૂર નથી જ.

ઈત્યાદિ કારણોને લઈ અરિહંતોનું શાસન અવતારવાદને માનવા તૈયાર નથી.

સંસારના સંચાલનમાં ઈશ્વરીય હસ્તક્ષેપ નથી. પણ વિશિષ્ટ શક્તિ સમ્પન્ન સંસારી આત્મા ચાહે ચક્રવર્તી હોય, વાસુદેવ (અર્ધચક્રવર્તી) હોય બલદેવ હોય યા રાજા મહારાજા હોય તેઓ જ પોતાની શક્તિવિશેષથી સંસારનું આધિપત્ય ભોગવે છે અને જ્યારે સંસારના ભોગવટામાંથી વૈરાગ્યભાવ, ઉદાસીનભાવ, અને નિર્મમત્વભાવનો પ્રાદુર્ભાવ થાય છે. ત્યારે સારા સંસારની માયાનો ત્યાગ કરી, સંયમી બને છે, તપસ્વી બને છે અને કર્મોનો ખાતમો કરી કેવળજ્ઞાનના માલિક બને છે. અર્થાત્ સત્ય સ્વરૂપે પરમાત્મા બને છે, આવા પરમાત્માઓને સંસાર સાથે સંસારની માયા સાથે કંઈ પણ લેણાદેણી નથી હોતી. કેમ

કે તેઓ હવે કૃતકૃત્ય થઈ ગયા છે. સારાંશ કે જન્મતાં જ કોઈ ભગવાન હોતા નથી પણ કેવળજ્ઞાન પ્રગટ થયા પછી પાંચહ્રસ્વાક્ષરથી આયુષ્ય અધિક હોય ત્યાં સુધી સાકાર - સયોગી પરમાત્મા અને પાંચહ્રસ્વાક્ષર આયુષ્ય શેષ રહે ત્યાંથી નિરાકાર - અયોગી પરમાત્મા કહેવાય છે.

ભગવાન મહાવીર સ્વામીએ કહ્યું કે 'હે ગૌતમ ! સિદ્ધશિલા પ્રાપ્ત કરેલા જીવો જયારે અનન્ત છે તો જીવ દ્રવ્યો પણ અનન્ત હોય તે માનવા જેવી વાત છે. આમાં આટલું જાણવાનું કે, નરકાદિની અસંખ્ય ગણત્રી સામાન્યરૂપે કહી છે માટે અસંખ્યેયનું પ્રમાણ શું ? તે જણાતું નથી, માટે ઔદારિક શરીર સ્વરૂપ બોધ થયા પછી જણાશે તેથી તે શરીરોની ચર્ચા હવે કરી લઈએ

હે પ્રભો શરીર કેટલા પ્રકારે કહ્યાં છે ?

ગૌતમ ! સંસારભરના અનન્ત શરીરો પાંચ પ્રકારે હોય છે. અર્થાત્ પાંચ શરીરોમાં બધા ય જીવોના સમાવેશ થઈ જાય છે. શરીરોના નામ આ પ્રમાણે છે.

ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ.

જીવ અને શરીરનો સંબંધ.

બોધ :- અનાદિકાલથી જીવોએ કર્મોને સંગૃહીત કરેલા

હોવાથી, સુવર્ણની ખાણમાં સોનું અને માટી જેમ પુરૂષ કે ઈશ્વરના પણ પ્રયત્ન વિશેષ વિના ભેગા મળેલા છે. સોનું અને માટી કોણે ભેગા કર્યા ? શા માટે કર્યા ? ક્યારે કર્યા ? કયા સાધનોથી કર્યા ? ઈત્યાદિ પ્રશ્નોનિરર્થકસર્વથાનિરર્થક એટલા માટે છે કે તેનો જવાબ કોઈની પાસે પણ નથી કેમ કે :- કેટલા ય પદાર્થો પ્રકૃતિ સિદ્ધ હોય છે. અનાદિ અનન્ત શક્તિનો પ્રાદુર્ભાવ થતાં જીવાત્મા જેમ કર્મોથી વિમુક્ત બને છે અને સિદ્ધશિલામાં અનન્ત સુખોનો ભોક્તા બને છે. સુવર્ણકાર (સોની) પણ માટીથી સુવર્ણને જૂદું ક્યાં નથી કરતો ? અને પ્રયોગ વિશેષથી સર્વથા શુદ્ધ થયેલા સુવર્ણમાં માટીનો એક પણ પરમાણુ રહેવા પામતો નથી. તેવી રીતે જીવાત્મા, ભવ્યાત્મા, આસન્ન ભવ્યાત્મા. તદ્ભવમુક્તિગામી આત્મા પણ તપશ્ચર્યા વિશેષથી સર્વથા શુદ્ધ થઈ જાય છે. પરન્તુ જયાં સુધી તે શુદ્ધતમ થતો નથી. ત્યાં સુધી કરેલા, કરાવેલા શુભાશુભ કર્મોથી આવૃત્ત હોવાના કારણે તથા તે કર્મોને ભોગવવાને માટે શરીર ગ્રહણ કરવાની જરૂર પડે છે. **'भोगायतनं शरीरम्'**નું તાત્પર્ય એટલું જ છે કે શરીરના માધ્યમથી જ કર્મો ભોગવાય છે. માટે મુકતાત્મા સિવાય કોઈ જીવ વિશેષ શરીર વિનાનો હોઈ શકે નહિ.

શરીર સૂક્ષ્મ અને બાદર (સ્થૂળ) બે પ્રકારે છે.

સૂક્ષ્મનો અર્થ એટલો જ છે કે એક સમયને માટે

પણ ચાહે તે વિગ્રહ ગતિમાં હોય કે અવિગ્ર ગતિમાં હોય તો પણ તૈજસ અને કાર્મણ શરીર આત્માની સાથે જ રહે છે. શાસ્ત્રોમાં પણ કહ્યું છે કે આ બન્ને શરીરો પરમસૂક્ષ્મ છે એટલે ચક્ષુગોચર નથી. અપ્રતિઘાત એટલે આ બન્ને શરીરો કોઈનાથી પણ પ્રતિઘાત થતાં નથી તેમ પોતે પણ કોઈને પ્રતિઘાત કરતાં નથી. જીવાત્માની સાથે અનાદિ સંબંધથી સંબંધિત છે. એટલે કે જીવ સૌ પ્રથમ કર્મ વિનાનો હતો પછી સંસારની માયામાં લપટાયો અને કર્મોથી સંબંધિત થયો. આ વાત જૈન શાસનને એટલા માટે માન્ય નથી કે કર્મો વિનાનો જીવાત્મા ક્યારે ય હતો નહિ અને કર્મમુક્ત જીવાત્માને ક્યારે ય કર્મો લાગતા નથી. (ઘઉ) ગેહુંના બીજમાંથી બીજતત્ત્વ બળી ગયું હોય પછી તેને અંકુરો ક્યાંથી ફુટવાનો હતો. આવી રીતે જીવ ચાહે બ્રહ્મલોકનો બ્રહ્મા હોય, દેવલોકનો દેવેન્દ્ર હોય તો પણ કર્મમુક્ત ન હોવાથી તેમને પણ કર્મોના કારણે જન્મ મરણ કરવા સર્વથા અનિવાર્ય છે માટે જ બ્રહ્માઓ અને ઈન્દ્રો પણ અસંખ્ય થયા છે અને થશે. અવતારી આત્માનો ભેદ જૈનશાસનને માન્ય નથી કેમ કે જૈન શાસને સંસારી અને મુક્ત જીવ આ પ્રમાણે જીવોના બે ભેદ જ માન્યા છે. અવતારીને અવતાર એટલા માટે લેવાનો છે કે તે હજી સંસારી છે. આ કારણે જ આ બન્ને શરીરો સંસારી જીવમાત્રને હોય છે.

જયારે ઔદારિક, વૈક્રિય અને આહારક શરીરો ઋણાનુબંધોને ભોગવવા માટે અમુક સમયની મર્યાદા પ્રમાણે ધારણ કરવાં પડે છે અને છોડવા પડે છે. કેમ કે તે શરીરો સ્થૂળ હોવાથી, આયુષ્ય કર્મનો અન્તિમપ્રદેશ, એટલે કે શ્વાસોશ્વાસનો છેલ્લો શ્વાસ પૂર્ણ થયે મનુષ્ય અને તિર્યંચોનું ઔદારિક શરીર નારક તથા દેવોનું વૈક્રિય શરીર અને ચતુર્દશ પૂર્વધારીઓને આહારક લબ્ધિ ફોરવ્યા પછી તેનો કાળ પૂર્ણ થતાં આહારક શરીર છોડી દીધા વિના બીજો કોઈ માર્ગ નથી. (યદ્યપિ સૂક્ષ્મ નામકર્મના ઉદયવાળા તિર્યંચોને ઔદારિક શરીર સૂક્ષ્મ હોય છે અર્થાત્ ચક્ષુગોચર હોતું નથી) આ પ્રમાણે સંસારસરના સ્ટે જ પર અનન્ત ચક્રવર્તીઓ, વાસુદેવો, પ્રતિવાસુદેવો, બલદેવો, ઈન્દ્રો, ઈન્દ્રાણીઓ, જગદમ્બાઓ અને મૂછ પણ નીંબુ ફેરવનારાઓ પણ આવ્યા અને અમુક સમય સુધી રમ્યા, કૂદ્યા, મોજ મજા કરી, ભોગવિલાસો માણી નગ્નરૂપે આવ્યા હતાં અને નગ્નરૂપે જ પાછા અનન્ત આકાશમાં ગરકાવ થઈ ગયા. બેશક ! કોઈ રોતા ગયા, રોવડાવતાં ગયા, કોઈ ભૂખે મરતાં ગયા, કોઈ છાતી કૂટતા ગયા, રીબાતા ગયા, લડતા ઝઘડતાં ગયા. સારાંશ કે સંસારના સ્ટેજે કોઈને પણ અમર બનાવ્યો નથી. સંસારસ્વયં નાશવંત હોય વિનશ્વર હોય, ચંચલ હોય, તો બીજાને શી રીતે અમર બનાવી શકશે ?

હવે પાંચે શરીરોના તાત્પર્યને સમજીએ..

(૧) ઔદારિક શરીર.

દેવાધિદેવ તીર્થંકર પરમાત્માઓ અને ગણધર આદિ ભગવંતો જેવા મહાપુરૂષોના શરીરની અપેક્ષાએ તથા બાકીના ચારે શરીરો કરતાં પણ શ્રેષ્ઠતમ, ઉદાર તત્ત્વોથી પરિપૂર્ણ હોવાના કારણે આ શરીર ઔદારિક કહેવાય છે. અથવા કંઈક વધારે હજાર યોજનના પ્રમાણવાળું અને શેષ શરીરો કરતાં મોટું હોવાથી ઔદારિક કહેવાય છે. માટે જ દેવદુર્લભ છે. કેમ કે :- મુક્તિ-મોક્ષમાં જવા માટે આ શરીર જ મુખ્ય દ્વાર છે. જેની પ્રાપ્તિમાં પૂર્વભવના ઘણા ભવોમાં કરેલા પુણ્યકર્મો કામ કરતા હોવાથી સંસારની અનંત જીવરાશિમાં, અપેક્ષાયે ઔદારિક શરીર ધારી માનવ વધારે સુખી દેખાય છે. બેશક ! ક્રિયમાણ પુણ્યકર્મોની સાથોસાથ પાપકર્મો વધારે પડતાં પાપકર્મો જ્યારે મિશ્રિત થાય છે, ત્યારે હલ્કી ખાનદાની મળે, ગરીબાઈ વધારે રહે, ત્રણ સાંધતા તેર તૂટે, વસ્ત્ર, ભોજન, રહેઠાણ, મિત્રમંડળી, કુટુંબ પરિવારની અનુકૂળતા ન રહે, તેમ છતાં અનુભવ આમ કહે છે કે બીજી જીવસૃષ્ટિ કરતાં માનવસૃષ્ટિને કુદરતની મદદ વધારે મળે છે. પૃથ્વી, પાણી, અગ્નિ, વનસ્પતિ, સૂર્ય-ચન્દ્રનું તેજ અને છાયા સૌને માટે એક સમાન જ છે. મતલબ કે કુદરતને ત્યાં કોઈનો પણ પક્ષપાત નથી જ છતાં જે ભેદ રેખા દેખાય છે તે સ્વાર્થાન્ધ માનવસર્જિત છે.

(૨) વૈક્રિય શરીર.

અત્યન્ત પાપકર્મી અને પૂણ્યકર્મી જીવાત્માઓ નરકભૂમિ કે દેવગતિમાં પગ મૂકતાં જ પોતપોતાના પાપ અને પુણ્ય કર્મોને ભોગવવા માટે તેમને વૈક્રિય શરીરની પ્રાપ્તિ થાય છે. એટલે કે દેવ અને નારકોના શરીર વૈક્રિય હોય છે. આ શરીર નારક જીવોને સીમાતીત કરેલા પાપ કર્મો, વૈર કર્મો, હત્યા કર્મો આદિને ભોગવવા માટે અને દાન, શિયળ, તપ તથા શુદ્ધ અને પવિત્ર ભાવોથી ઉપાર્જિત પુણ્ય કર્મોને ભોગવવા માટે દેવોને પણ આ વૈક્રિય શરીર હોય છે. તેમનું ઉત્તર વૈક્રિય શરીર લાખ યોજન અને ભવધારણીય શરીર પાંચસો ધનુષ્ય પ્રમાણ હોય છે. આ શરીરના કારણે તેઓ નાના, મોટા રૂપો બનાવી શકે છે. આકાશમાં ઉડી શકે છે. જળ, સ્થળના ગમે તે સ્થાને આંખના પલકારે જઈ શકે છે. દશ્ય અને અદશ્ય રૂપો ધારી શકે છે. ઈત્યાદિ જૂદી જૂદી જાતની વિક્રિયાઓનું કારણ વૈક્રિય શરીર છે.

પારા જેવું હોવાથી નારકીય જીવો એકબીજાથી અથવા પરમાધામી જેવા મહાદુષ્ટ અસુરદેવોથી ગમે તેટલા કૂટાય, છેદાય, ફાડાય, ફોડાય, સેકાય અથવા કુહાડા કે કરવતથી કપાય તો પણ વિખરાયેલા પારાની જેમ સંધાતા વાર લાગતી નથી.

વૈરાનુબંધી, હિંસાનુબંધી, રૌદ્રધ્યાનાનુબંધી અને વિષયાનુબંધી આદિ તીવ્રાતિ તીવ્ર રૂપે કરેલા કરાયવેલા કર્મોને નરકાદિ ગતિમાં ભોગવ્યા વિના છુટકો નથી. તથા અનપવર્તનીય આયુષ્યકર્મના કારણે તેમનાં ભાગ્યમાં અકાળ મૃત્યુ પણ નથી. તેમ જ નરકભૂમિમાંથી ભાગી છુટવા માટે બારીબારણા પણ નથી.

દેવો પુણ્યાતિશાયી હોવાથી તેમને સાતાવેદનીય કર્મના કારણે ગમે તેટલા રૂપાળા શરીર હોય, કપૂરની ગોટી જેવી સુગન્ધી કાયા હોય, અત્તરની વાવડીમાં સ્નાન કરતાં હોય, પોત પોતાની પરિગૃહીત દેવીઓ સાથે અને ત્રીજા દેવલોકથી બારમાં દેવલોક સુધીના દેવો અપરિગૃહીત દેવીઓ સાથે મનગમતી શરીર-સ્પર્શ, સંગીત કે માનસિકિ મોજ કરી લેતાં હોય. પરસેવાની પીડાથી મુક્ત હોય અને મનોભોજન કરનારા હોય તો પણ છેવટે આયુષ્યકર્મ ક્ષીણ થતાં જ કાચીઘડીમાં જ મર્યા વિના છુટકો નથી.

''क्षीणे पुण्ये मर्त्यलोकं विशन्ति''

(૩) આહારક શરીર.

તથાવિધ વિશિષ્ટ પ્રયોજનવશ, ચતુર્દશ પૂર્વધારીઓને પોતાની લબ્ધિવિશેષ વડે હાથ પ્રમાણ શરીર ગ્રહણ કરવું પડે તે આહારક શરીર છે. અથવા જૈન શાસન અતીવસૂક્ષ્મતમ હોવાથી દ્રવ્યાનુયોગના ઘણા પદાર્થો

જાણકારી બહાર હોવાના કારણે શંકા પડતાં જ તે ચતુર્દશ પૂર્વધારીઓ સમીપમાં વિહરમાન કેળવી ભગવંત પાસે આ શરીરે જાય છે. શંકાનું નિવારણ થયા પછી આહારક શરીરને સંકેલી લે છે. અને પોતાના મૂળ શરીરમાં પ્રવેશ પામે છે.

આવા વિશિષ્ટ જ્ઞાનિઓને શંકા શા માટે પડે ?

આપણે એટલે ભરત તથા ઐરાવત ક્ષેત્રના મુનિઓ શ્રુતજ્ઞાન રૂપી સમુદ્રના આ કિનારે જ છીએ. ત્યારે ચતુર્દશ પૂર્વધારીઓ શ્રુતકેવળી કહેવાતાં હોવાના કારણે શ્રુતજ્ઞાનરૂપી સમુદ્રના સામે કાંઠે પહોંચી ગયેલા હોવા છતાં તેવા મહાપુરૂષોને શ્રુતજ્ઞાનની અમુક ધારામાં શંકા શા માટે પડતી હશે ? કેવળીગમ્ય કારણ ભલે ગમે તે હોય પરન્તુ અનુમાનથી આપણે પણ જાણી શકીએ છીએ કે જયારે જયારે આ જીવને ચાહે તે અગ્યારમે ગુણ સ્થાનકે બિરાજમાન હોય કે ચતુર્દશ પૂર્વધારી હોય. આ બંન્ને હજી છદ્મસ્થ હોવાના કારણે જીવતી ડાકણ જેવી અથવા કાળી નાગણ જેવી મોહનીય કર્મની ૨૮ પ્રવૃત્તિઓ મોઢું ફાડીને તે સાધકને ગમે ત્યારે પણ નીચે સ્થાને લાવી શકવા માટે પૂર્ણ સમર્થ છે. મોહકર્મની પ્રકૃત્તિઓમાં વૈષયિક અને કાષાયિક ભાવોનું બળ જેટલું ધારીએ તેટલું ઓછું નથી. ભણતાં ગુણતાં કે આવૃત્તિ કરતાં જે ક્ષણે ઉદયથી કે ઉદીરણાથી આંખ સામે

નૃત્ય કરતી આ બંન્નેના કારણે થોડીવારને માટે પણ સ્મરણશક્તિ બુદ્ધદેવના શૂન્યવાદ જેવી બની જાય છે. તેવી રીતે વ્યાખ્યાન કરતાં પૂર્વધારીઓને પણ કંઈક આવું જ થતું હશે. જેના કારણે શંકા ઉદ્‌ભવે છે. પણ પાપભીરૂતા તથા ઉત્સૂત્ર પ્રરૂપણાનો ભયંકરતમ દોષ જ્યારે ખ્યાલમાં આવે છે. ત્યારે તે મહાપુરૂષો પોતાની લબ્ધિવિશેષથી આહારક શરીરના માધ્યમથી કેવળી પાસે જઈ નિ:શંક થાય છે.

(૪) તૈજસ શરીર.

તૈજસ પરમાણુઓથી નિષ્પન્ન શરીરને તૈજસ શરીર કહેવાય છે. જે ખાધેલા આહારને પચાવવાનું કામ કરે છે. એટલે કે જે કંઈ ખોરાક ખવાય છે. તેને પચાવવાનું કામ ઈશ્વરનું નથી. પણ તૈજસ શરીરનું છે. અથવા તેજોલબ્ધિનું કારણ તૈજસ શરીર છે.

નોંધ :- વૈદિક સંસ્કૃતિએ સંસારના સંચાલનની પ્રત્યેક બાબતોમાં ઈશ્વરને વચ્ચે લાવી મૂક્યા છે. કોઈ પણ તત્ત્વની સૂક્ષ્મતત્તામાં પ્રવેશ કરવાની ક્ષમતા જ્યારે પંડિતોની પાસે હોતી નથી. ત્યારે વચ્ચે વચ્ચે બીજી વ્યક્તિને લાવવાની અપેક્ષા રહે છે. સાધારણ વ્યક્તિ પર તો સંસારના માનવોને શા માટે શ્રદ્ધા ઉત્પન્ન થાય. ત્યારે ઈશ્વર જેવી વ્યક્તિને ગોતવા સિવાય બીજો માર્ગ તેમની પાસે રહ્યો

નથી આવી સ્થિતિમાં...

આત્માની અનન્ત જ્ઞાનશક્તિને દબાવી દેનાર જ્ઞાનાવરણીયાદિ ચારે ઘાતિકર્મોનિ સમૂલ નાશ કર્યા પછી કેવળ જ્ઞાનની જ્યોત પ્રાપ્ત થતાં **''करामलक वद्विश्वं कलयन् केवलश्रिया''** **करामलकवत्** - હાથમાં રહેલા નિર્મળ જળની જેમ. દશે દિશાઓથી બરાબર નિર્ણીત થાય છે, તેમ કેવળજ્ઞાનિઓ પોતાના નિર્મળજ્ઞાનથી પૂરા બહ્માંડને સ્પષ્ટતાથી જોઈ શકે છે, જાણી શકે છે, આત્મામાં જેમ અનન્તશક્તિ રહેલી છે, તેવી રીતે કર્મસત્તા પણ અનન્ત શક્તિ ધરાવતી હોવાથી સંસારના બધા ય પ્રપંચો, ચેષ્ટાઓ, કર્માધીન છે. અને જ્યારે તેનો ઉદયકાળ આવવાનો હોય છે. ત્યારે પુદ્ગલ પરમાણુઓ પણ તેવી જ રીતે ગોઠવાઈ જઈ જાતકને ફળ દેવામાં સમર્થ બને છે.

માતાની કૂક્ષિમાં જે સમયે જીવ અવતરે છે, ત્યારે પૂર્વભવીય ઉપાર્જિત આહાર પર્યાપ્તિ નામ કર્મનો ઉદય થતાં જીવમાત્રને ઓજઆહાર રૂપે માતાપિતાના મિશ્રિત થયેલા શુક્રરજને ગ્રહણ કર્યા વિના એટલે તેવા પ્રકારના ગંદા પદાર્થોનો આહાર જીવમાત્રને લીધા વિના બીજો માર્ગ વ્યક્તિ વિશેષને માટે પણ છે જ નહિ અને લીધેલા આહારને પચાવવા માટે તૈજસ શરીર નામકર્મનો ઉદય થતાં આ શરીર પોતાનું કામ કરે છે અને આહારને પચાવી દે છે. કેમ કે તેના

પછી જ શરીર પર્યાપ્તિનો ઉદય કાળ રાહ જોઈને બેઠો છે. આ બધી ઘટનાઓમાં ઈશ્વર ક્યાં ય દેખાતો નથી. કોઈએ દેખ્યો નથી. અને હજાર પ્રયત્ને દેખાશે પણ નહિ. છતાં સંસારનું સંચાલન વિના રોક ટોક અવિરત ચાલુ જ છે.

ઉત્પત્તિ સ્થાને આવતાં જ અપર્યાપ્ત કે પર્યાપ્ત નામકર્મના ઉદયવાળા જીવો પ્રથમ સમયે જ પુદ્ગલો ગ્રહણ કરે છે અને તે સમયથી જ કર્માનુસાર શરીરાદિ પર્યાપ્તિની રચનાનું કાર્ય શરૂ થાય છે.

તૈજસ શરીર નામકર્મ ધ્રુવોદયી છે તેથી ઉદય નિરંતર ચાલુ હોય છે.

આ શરીર જેમ ખાધેલું પચાવે છે. તેમ સામે વાળાને શાપ કે આશીર્વાદ દેવામાં પણ સમર્થ છે. બેશક ! આ લબ્ધિનો વિકાસ જીવે કર્યો છે કે નહિ ? કેટલા પ્રમાણમાં કર્યો છે ? તે વાત જૂદી છે. માનવ પોતાના જીવનમાં સમતા, દયા, પ્રેમ, સહિષ્ણુતા ઉપરાન્ત પરોપકારિતાના ગુણો કેળવે ! તો તેમના આશીર્વાદથી બીજાઓનું ભલું થાય છે. તેમાં નવાઈ નથી. તેવી રીતે વૈરભાવ, ક્રોધભાવ આદિનો વિકાસ કરશે તો વાતે વાતે બીજાઓને શાપ દીધા કરશે. સારાંશ કે...

સૌને આશીર્વાદ દેવા અને સૌના આશીર્વાદ લેવા તે દેવતાઈ ગુણ છે અને સૌને શાપ કેવા કે લેવા તે રાક્ષસી

ગુણ છે. મતલબ કે આવા ભગ્યશાલિઓ રાક્ષસ કરતાં પણ ભૂંડા છે. આ કારણે જ કહેવાયું હશે કે...મેટ્રિક પાસ થઈને એજ્યુકેટેડ થઈ. એરકંડિશનમાં બેસી અમન ચમન કરવાં અથવા શ્રીમંતાઈ કે સત્તા પ્રાપ્ત કરવી તે સરળ છે. પણ દેવતાઈ ગુણોની કેલવણી અત્યન્ત અઘરૂં કામ છે.

[IT IS VERY DIFFICULT]

કાર્મણ શરીર.

આઠે પ્રકારના કર્મોની અનન્ત અનન્ત વર્ગણાઓથી નિષ્પન્ન થયેલું અને **'पुनरपिजननं पुनरपिमरणं पुनरपिजननी जठरे शयनम्'** ને સત્યાર્થ કરતું આ કાર્મણ શરીર છે. એટલે કે વારંવાર ઔદારિક, વૈક્રિય, આહારક શરીરોને લેવાનું અને મૂકવાનું મૌલિક કારણ કોઇ હોય તો ઇશ્વર નથી ઇશ્વરની સત્તા નથી. અથવા યમરાજ કે ધર્મરાજના હાથની પણ વાત નથી જ. જૈન શાસને આ કાર્મણ શરીરનેજ મુખ્ય સૂત્રધાર રૂપે માન્યુ હોવાથી જ્યારે જ્યારે, જેની સાથે, જે સમયમાં કર્મોનો ઉદય આવતાંજ તે તે ગતિમાં જવું પડે. અને તેવા પ્રકારના જ સદાચારી કે દુરાચારી માતાપિતા મળે. ગરીબાઇ કે શ્રીમંતાઇ મળે, રોગી કે નિરોગી શરીર મળે, મતલબ કે આ સૂક્ષ્મશરીરના કારણે જ સંસાર ના સ્ટેજ પર એક ઘાતક બને છે. તો બીજેઘાત્ય બને છે. એક મારક તો બીજો માર્ય, એક ગાલી દેનાર અને બીજો

ગાલી ખાનાર, એક કરજદાર બીજો લેણદાર બને છે. ઘરનો આગેવાન દેણદાર છે તો તેની પત્ની, પુત્રવધૂ, પૌત્ર, બેન, બેટી આદિ પૂરી ફેમીલીના જીવો તે આગેવાનના લેણદાર બનીને આવે છે. કેપસુલ કે સાકરની ચાસણીમાં લપટાયેલી કડવી દવા પણ કડવી લાગતી નથી. તેવી રીતે મોહકર્મની *જબરદસ્ત માયામાં લપટાયેલા જીવને તેમાં આનન્દ આવે* છે. ત્યારેજ તો એક બાજુ પુત્રોની કે પુત્રવધુઓની ગાળો ખાતો જાય, અપમાન સહન કરતો જાય છે. અને બીજા બાજુ 'રામજી રાજી હોય તો જ પુત્રાદિની પ્રાપ્તિ થાય છે. આના જેવા બધાય મામલામાં આ શરીરનો ચમત્કાર સ્પષ્ટ દેખાઇ આવે છે.

ઇશ્વર કોઇને ગાળો ભાંડવાનું કે કોઇની ધર્મ પત્નીને ઉપાડી જવાનું કહેતો નથી. તેમજ નથી કોઇને પણ દુર્બુદ્ધિ આપતો કે નથી સદ્‌બુદ્ધિ આપતો.

આ કારણેજ ઇશ્વરનું અનન્ય ભક્ત જૈનશાસન ઇશ્વરને પૂજય, આરાધ્ય સેવ્ય અને વન્દનીય માનીને ઇશ્વરની ઉપાસના કરે છે. અને ડંકાની ચોટ સાથે લલકાર કરે છે. કે, સંસારના સંચાલનમાં ઇશ્વરનો હાથ નથી પણ કાર્મણ શરીરનો હાથ છે.

આત્માના અસંખ્ય પ્રદેશ છે. તેના એક એક પ્રદેશ પર જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને

અન્તરાય, વેદનીય, આયુ નામ અને ગોત્ર કર્મની વર્ગણાઓ ચોંટેલી છે. આ કારણેજ ઇશ્વરની સત્તા ધરાવનાર આત્મા અત્યારે ઇશ્વર પણ નથી. નિરંજન - નિરકાર નથી. પરન્તુ કર્મોના ભારથી દબાઇ ગયેલો રંક હોવાથી અર્ધી રોટલીના ટૂકડાને માટે પણ બીજાનો દાસ બનીને બેઠો છે. પાવલી પૈસો ભેગો કરવા માટે શ્રીમંતોને હાથ જોડે છે. અને વિષય વાસનાનો આનન્દ લુટવા માટે ધર્મ પત્નીનો ગુલામ બનીને તેના ઇસારે નાચવા વાળો બને છે. પોતાના પુણ્યકર્મોનું દેવાળું કાઢીને પણ તેને ખુશ રાખવા માટે પોતાની સમ્પૂર્ણ શક્તિનો ઉપયોગ કરે છે. એક માનવ જ્ઞાની છે બીજો અજ્ઞાની. એક આંખે અંધ, કાને બહેરો, પગે લંગડો બને છે. જ્યારે બીજો આંખ, કાન અને પગે સશક્ત બનવા પામે છે. એક ક્રોધનો અવતાર સમો છે. તો બીજો સમતાનો સાગર છે. ઇત્યાદિ કાર્યોમાં કાર્મણ શરીરનું પ્રભુત્વ સ્વીકારવું તેજ સમ્યગ્જ્ઞાન છે.

કયાં જીવોને કેટલા શરીરો હોય છે નરક ગતિમાં રહેલા નારક જીવોને વૈક્રિય તૈજસ અને કાર્મણ શરીરો હોય છે.

અસુર કુમારાદિ સ્તનિત સુધીના દેવોને પણ વૈક્રિય તૈજસ અને કાર્મણ શરીરો હોય છે.

પૃથ્વી કાયિક અપ્કાયિક તેજસ્કાયિક અને વનસ્પતિ કાયિકોને ઔદારિક તૈજસ અને કાર્મણ શરીરો

જાણવા.

વાયુ કાયિકોને ઔદારિક વૈક્રિય તૈજસ અને કાર્મણ શરીરો હોય છે.

નોંધ:- વાયુકાયિક જીવો પણ એકેન્દ્રિય છે, તો પણ આગમમાં લબ્ધિના હિસાબે વાઉકાય - ગતિત્રસ કહ્યા છે. વૈક્રિય લબ્ધિ બે પ્રકારે છે. નારક અને દેવોને તે ગતિમાં પગ મૂકતાજ સ્વાભાવિક વૈક્રિય શરીર હોય છે. જ્યારે મનુષ્ય અને તૈર્યચોને તપવિશેષની શક્તિવડે અમૂકોને આલબ્ધિ પ્રાપ્ત થાય છે. અને વાયુકાયિકોને સ્વાભાવિક કે તપો લબ્ધિ વિના પણ જન્મસિદ્ધ કૃત્રિમ હોય છે. જેથી દશેદિશાઓમાં હરી ફરી શકે છે.

વિકળેન્દ્રિયો પૃથ્વીકાયિકોની જેમ જાણવા.

મનુષ્યોને ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ, સૂક્ષ્મ - બાદર, પર્યાપ્ત કે અપર્યાપ્ત હોય તે બધાય ઔદારિક શરીરવાળા છે. બેઇન્દ્રિય તેઇન્દ્રિય, ચતુરિન્દ્રિય, પંચેન્દ્રિય તિર્યચમાં પાણીમાં ચાલનારા, જમીનપર ચાલનારા, ગાય, ભેંસ આદિ અને આકાશમાં ઉડનારા, કાગડા, કબૂતર આદિ જીવોને ઔદારિક શરીર છે. અસંખ્ય સમુદ્રોમાં થનારા માછલા, મગરમચ્છો, તલાબોમાં થનારા કાચબા દેડકા આદિ જીવોને ઔદારિક શરીર છે. લીલ ફૂલ, શાક ભાગી હોય. કીડા - મકોડા કે સાપ નોલીયા હોય.

માખી- મચ્છર કે તીડ હોય. તે બધાય અને અસંખ્ય દ્વીપ સમુદ્રોમાં થનારા અસંખ્ય જાતિના નાના મોટા જીવો હોય. લીંબડા, નીંબુ. રાયણ કે જામફળ આદિના ફળો હોય. તે બધાય તથા યુગલિયા, વિદ્યાધરો કે મારવાડ, ગુજરાત આદિ બ્રહ્માંડમાં થનારા માનવો કે સ્ત્રીઓ હોય. અથવા તેમના પેટમાં કોડલામાં ઉત્પન્ન થનારા કરમીયા હોય. જૂ. કે માકણ હોય તે બધાય ઔદારિક શરીરના માલિકો છે.

જગતભરના ઔદારિક શરીરોની સંખ્યા કેટલી ?

ત્યારે હવે જાણવાનું રહેશે કે, આ બધા ઔદારિક શરીરોનું સંખ્યા પ્રમાણ કેટલું ?

જવાબમાં ચરાચર સંસારને પ્રત્યક્ષ કરનારા તીર્થંકર પરમાત્માઓએ કહ્યું કે, હે ગૌતમ ! આ શરીર બદ્ધ અને મુક્ત રૂપે બે પ્રકારે જાણવાનું છે. એટલે કે, બદ્ધ ઔદારિક અને મુક્ત ઔદારિક નામે, ઔદારિક શરીરો બે પ્રકારે જાણવા.

પ્રશ્ન કરવાના સમયે કે તેના પહેલા પણ જેઓ ઔદારિક શરીરમાં છે. તે બધાય બદ્ધ ઔદારિક શરીરવાળા છે. અને મોક્ષમાં જવાના સમયે કે ભવાન્તરના સમયે જીવાત્માઓથી છોડી દીધેલા શરીરોને મુક્ત ઔદારિક જાણવા. શરીરોની સંખ્યા માટેના પ્રશ્નમાં ભેદોની વાત તેમની

સંખ્યા કહેવામાં સુગમતા પડતી હોવાથી સાર્થક છે. સંખ્યાનું પ્રમાણ કોઇક સ્થળે અભવ્યોને આશ્રય કરી દ્રવ્યવડે શ્રેણી પ્રતરનો આશ્રય કરી ક્ષેત્રવડે, અને સમયાદિવડે કાળથી કહેવાશે. દ્રવ્યમાં ભાવનોસમાવેશ કરી લીધો હોવાથી. તેને જૂદો કહેવાનો અર્થ નથી.

બદ્ધ ઔદારિક શરીરોનું પ્રમાણ કાળ અને ક્ષેત્રથી આ પ્રમાણે છે. નારક અને દેવોને ઔદારિક શરીર ન હોવાથી શેષ તિર્યંચ અને મનુષ્યોને ઔદારિક નામકર્મને લઇ તેમને આ શરીર લેવાની ફરજ પડે છે.

બદ્ધ ઔદારિક શરીરો અસંખ્યેય કહેવામાં આવ્યા છે. અસંખ્યેયના પણ અસંખ્યેય પ્રકાર હોવાથી. ભગવંતે કહ્યું કે; અસંખ્ય ઉત્સર્પિણી અને અવસર્પિણીના જેટલા સમયો છે. તેટલા પ્રમાણના ઔદારિક શરીરો છે. સારાંશ કે એક સમયમાં યદિ એક એક શરીર મૂકવામાં આવે તો અસંખ્ય ઉત્સર્પિણી અને અવસર્પિણીઓના જેટલા સમયો હોય. તેટલા બદ્ધ ઔદારિક શરીરો છે. ક્ષેત્રથી અસંખ્યેય પ્રદેશાત્મક પોત પોતાની શરીર અવગાહનામાં યદિ એક એક શરીર સ્થાપિત કરવામાં આવે તો તે શરીરોથી અસંખ્ય લોકો ભરાઇ જાય છે. એટલે કે આકાશના એક એક પ્રદેશ પર યદિ ઔદારિક શરીરોને મૂકવામાં આવે તો લોકો ભરાઇ જાય તેટલા ઔદારિક શરીરો છે. પરન્તુ

શાસ્ત્ર નિષિદ્ધ આ કલ્પના કરતાં પહેલી કલ્પના બંધ બેસતી છે. કેમકે સિદ્ધાંતમાં એક શરીરની જઘન્ય અવગાહના લોકાકાશના અસંખ્યાતમાં ભાગ જેટલી છે. અને લોકોકાશનો અસંખ્યાતમો ભાગ પણ અસંખ્યાત પ્રેદશાત્મક છે.

શંકા :- જીવો અનન્ત છે, એવું અમે સાંભલતા આવ્યા છીએ. તો તેમના શરીરોમાં પણ અનન્ત હોવા જોઇએ છતાં આપશ્રી અસંખ્યાત કેમ ફરમાવો છો. જવાબમાં જણવાનું કે, પ્રત્યેક શરીરી એટલે કે સાધારણને, છોડી શેષ જીવો અસંખ્યેય છે. જયારે સાધારણ જાતિમાં રહેલા જીવો અનન્ત છે. શી રીતે ? જવાબમાં ફરમાવ્યું કે, સાધારણમાં રહેલા છે. એટલે કે એક શરીરમાં અનન્ત જીવો રહે તે અનન્ત કાય કહેવાય છે. માટે ઔદારિક જીવો અનન્ત હોવા છતાં પણ તેના શરીરો અસંખ્ય છે. તેમ કહેવામાં વાંધો નથી.

મુહ્રત જીવો અર્થાત્ ભવાન્તર સમયે યા મોક્ષ ગમન સમયે જીવો જે ઔદારિક શરીરોનો ત્યાગ કર્યો છે. તે શરીરો અનન્ત છે. પ્રતિસયમે એક એક શરીરની સ્થાપના કર્યે અનન્ત ઉત્સર્પિણીઓ અને અવસર્પિણીઓનો જે સમય હોય તેની તુલ્ય હોય છે.

દ્રવ્યથી અભવ્ય જીવાત્માઓ, દ્રવ્યસંખ્યાથી અનન્ત ગુણા છે, અને સિદ્ધાત્માઓની અપેક્ષા અનન્ત ભાગે છે.

સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યા પછી પુનઃ મિથ્યાત્વને પ્રાપ્ત કરનારા જીવો પ્રતિ પતિત કહેવાય છે. તેમનાથી મુક્ત ઔદારિક શરીરો, અભવ્યોથી અનન્ત ગુણા અને સિદ્ધોથી અનન્ત ભાગે કહેવાયા છે. તુલ્યથી જાણવું કે કદાચ હીન હોય સમ હોય વધારે હોય !

શંકા – મુક્ત ઔદારિક શરીરોનું અનન્ત પણ એટલે કે આ શરીરના માલિક બે હોય છે. એકતો મુક્તિ તરફ પ્રસ્થાન કરનાથી ત્યાજયેલુ અને બીજુ મુત્યુના ક્ષણે મરનારાઓએ ત્યજી દીધેલું શરીર અહિ બીજાને માટે શંકા કરતાં ગૌતમસ્વામીજી પૂછે છે કે, શ્મશાનાદિ ગત તે શરીરો શું અક્ષત રહેતા હશે ? કે ખંડીભૂત થયેલા અને પરમાણુત્વ પરિણામ પામેલા લેવા ? પહેલો પક્ષ ઠીક નથી. કેમકે શ્મશાનમાં ગયેલું તે શરીર અનન્ત કાળ સુધી અવસ્થિત રહેતું નથી. એટલે કે થોડો સમય પછી ભસ્મીભૂત થતું હોવાથી. તેમાં આનન્ત્ય નથી. બીજો પક્ષ પણ ઠીક નથી. કેમકે, એવો કોઇ પુદ્ગલ પરમાણું નથી. જે ભૂતકાળમાં એક એક જીવાત્માએ ઔદારિક શરીર તરીકે તે પુદ્ગલોને અનન્તીવાર પરિણામીને મુક્ત કરેલા ન હોય ? તેથી સમ્પૂર્ણ પુદ્ગલાસ્તિ કાયને આ જીવે ગ્રહણ કરેલ છે. આમ થાય તો અભવ્યો કરતાં અનન્ત ગુણા અને સિદ્ધો કરતા અનન્ત ભાગે આ શાસ્ત્રીય વચનને વાંધો આવશે.

જવાબમાં ભગવંતે કહ્યું કે- હે ગૌતમ ! તમારા કલ્પેલા બન્ને પક્ષો જૈનશાસનને માન્ય નથી.

ઔદારિક શરીરોની અસંખ્યેતા:

સૂક્ષ્મગતિ સૂક્ષ્મ જૈન શાસનની સમય ગણત્રી કે જીવસંખ્યાની ગણત્રીનો ખ્યાલ સૌ કોઇ ના મગજમાં શીઘ્રતાથી ન આવે તે માનવા યોગ્ય છે. પણ હકીકત હકીકત છે. આપણા જેવા છ દ્મોસ્થો ત્યાં સુધી ન પહોંચી શકીએ તો પણ બુદ્ધિને થોડી સૂક્ષ્મ, પૂર્વગ્રહ રહિત અને મનને શ્રદ્ધાન્વિત કરી લઇએ તો સર્વથા અગમ્ય વાતોને થોડે ઘણે અંશે અનુમાનિત કરી શકીએ છીએ.

અસંખ્ય ઉત્સર્પિણી અને અવસર્પિણીના સમયો જેટલા બદ્ધ ઔદારિક શરીરો અત્યારે પણ સ્પષ્ટ દેખાય છે. જેમકે:- કેવળજ્ઞાન થી સ્પષ્ટ દેખાયેલા દ્વીપો અને સમુદ્રોને કેવળજ્ઞાનીએ અસંખ્યની સંખ્યામાં માન્યા છે. એટલે કે પ્રત્યક્ષ જોયા છે. સૌ કોઇને પ્રત્યક્ષ દેખાતી વનસ્પતિને જ સામે રાખીને વાત વિચારીએ તો માલુમ પડશે કે કેવળીગમ્ય સિદ્ધાન્ત ખરેખર સત્ય સિદ્ધાન્ત છે. આપણા ગામના ભાગોલમાં રહેલી નાની મોટી વનસ્પતિઓના ઝાડો છોડો વેળાઓની સંખ્યા કેટલી ? તે પણ ગણી શકાતી નથી.

એક પાદડે એક જીવ છે. તે તો આકાર વિશેષથી પણ જાણી શકીએ છીએ. આવી પરિસ્થિતિમાં એક ઝાડના પાંદડા પણ નથી ગણી શકાતા તો પછી ગામમાં, ખેતરોમાં, પર્વતોમાં, નદીનાળાના કિનારોમાં રહેલી એકજ ગામની વનસ્પતિના પાંદડા શી રીતે ગણાશે ? કોણ ગણશે ? તો પછી પૂરા બ્રહ્માંડમાં રહેલા ઝાડ, પાંદડાને ગણવાની શક્યતા તો ૩૩, કરોડ દેવ દેવીઓ પાસે પણ ક્યાંથી હોય ?

આંગળીમાંથી ટપકતા પાણીના એક બુંદમાં ૩૬૪૫૦ ચાલતા ફરતા જીવોને આજના સાયન્સે પણ કબૂલ્યા છે. આ સંખ્યાતો તેમાં ઉત્પન્ન થયેલા ત્રસજીવોની છે. ત્યારે પાણીના બુંદમાં જીવો કેટલા ? અને યત્રવારિ તત્ર વનસ્પતિ આન્યાયે તેના જીવો કેટલા ? કોણ માપી શકવાનો હતો ? તો પછી એક ગ્લાસમાં માટલામાં, વાવડીમાં, તલાબમાં અને છેવટે સ્વયંભૂરમણ સુધીના સમુદ્રમાં રહેલા પાણીના જીવો શી રીતે મપાશે ? તેમાં રહેલા કલ્પનાતીત માછલા, મગર આદિના નાના મોટા જીવોને, તલાબ નદીમાં રહેલા દેડકા, કાચબા આદિ જળચર જીવોને ગણવા કોણ સમર્થ છે ?

વનસ્પતિમાં પણ ભીડાં, કરેલા, કંકોડા, તુરીયા, મરચા, કોથમીર આદિ શાક ભાજીઓ ફુટમાં રહેલા ઢગલા

બંદ જાતિના ફળો, પુષ્પો અને તેમા રહેલા બીજે તથા માખી મચ્છર માકણ જૂ લીખ આદિ ક્ષુદ્ર જન્તુઓની સંખ્યાતો સર્વથા કલ્પનાતીત છે.

તેમ છતાં આ પદાર્થો છે. જીવો છે આ બધી વાતો પ્રત્યક્ષ ગમ્ય જ છે. છતાં માપવાની શક્યતાં નથી જ છતાં આની સંખ્યા અસંખ્યેય છે. જયારે સાધારણ વનસ્પતિમાં રહેલા જીવો અનન્ત છે. પણ શરીરોતો અસંખ્યેય જ છે.

વૈક્રિય શરીર પણ બદ્ધ અને મુક્તરૂપે બે પ્રકારે છે તેમાં બદ્ધવૈક્રિય શરીર અસંખ્ય છે અને અસંખ્ય ઉત્સર્પિણી અને અવસર્પિણી ના સમય પ્રમાણમાં છે. આ શરીર નારક (નરક ગતિમાં રહેલા નારકો) દેવો (ચારે પ્રકારની દેવગતિઓમાં રહેલા દેવો) ને, તથા વૈક્રિય લબ્ધિવાળાઓને ઉત્તરવૈક્રિય શરીરના કરણ કાળે વૈક્રિય શરીર હોય છે. તેથી સામાન્ય રૂપે ચાર ગતિના જીવોને આશરીર અસંખ્ય માત્રામાં જાણવા જાણવા. મુક્ત વૈક્રિય શરીર ઔદારિકની જેમ અનન્ત જાણવા.

દેવોની સંખ્યાતો, ૩૩ કરોડનીજ મનાઇ છે. જવાબમાં જાણવાનું કે અરિહંત પરમાત્માનું શાસન ત્રિકાળાબાધિત હોવાના કારણે, દેવો અસંખ્ય માત્રામાં છે. 'વ્યવહાર માર્ગ ચર્મ ચક્ષુગ્રાહ્ય છે ત્યારે કેવળી શાસન દિવ્યદષ્ટિ ગ્રાહ્ય છે.

આહારક શરીર.

આ શરીર ચતુર્દશપૂર્વધારી સિવાય બીજે ક્યાંય પણ હોતું નથી. દેવો, દેવેન્દ્રો, ચક્રવર્તીઓ કે વાસુદેવો ગમે તેટલા શક્તિસમ્પન્ન હોઈ શકે છે. પણ સંસારની કેટલીય વસ્તુઓને પ્રાપ્ત કરવા માટે શારીરિક શક્તિ કામે નથી આવતી અને ખાસ જણવાનું કે સંયમની શક્તિ તેના કરતાં પણ ઘણી વધારે છે. આ કારણે જ ચક્રવર્તીઓ કે ઈન્દ્રોના મસ્તક પણ સંયમી ને ઝુકે છે. માટે છઠ્ઠાગુણ સ્થાનકે સ્થિત ચતુર્દશ પૂર્વલબ્ધિ સમ્પન્ન આત્માને જ આ શરીર ગ્રહણ કરવાની શક્તિ સુલભ હોય છે. વિરહ કાળ જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી છ માસ છે. બદ્ધ આહારક શરીર ક્યારે હોય અને કયારે ન હોય. યદિ હોય તો જઘન્યથી એક, બે, ત્રણ અને ઉત્કૃષ્ટથી બે હજારથી નવ હજાર સુધી જણવા જયારે મુક્ત આહારક શરીરો અનન્ત છે.

જીવોથી મૂકાયેલા આહારક શરીર જયારે અનન્ત છે. ત્યારે આપણા આત્માનો પણ નંબર લાગ્યો જ હશે ? કેટલી વાર આહારક શરીર આપણાથી મૂકાયું હશે તે ભગવાન જણે... હકીકત આ છે કે તેનાથી આગળ આપણે વધી ન શકયા. કારણમાં શરીરની, તથા સંસારની માયા સિવાય બીજું કયું કારણ ? અને સંસારની માયામાં પણ વિષયવાસનાની માયા. કષાયોની માયા, ઈન્દ્રિયોની ગુલામી અહંતત્વની જોરદાર ઉપાસના સિવાય બીજુ કંઈ માયા ?

તથા અગ્યારમે ઉપશાન્ત ગુણસ્થાનકે પહોંચ્યા પછી અધ:પતન થવામાં કયું કારણ ? મતલબ કે મોહનીયકર્મના ક્ષય તરફ આપણે આજ સુધી આગળ વધી ન શકયા માટે જ ઠાણાંગ સૂત્રમાં કહેવાયું છે કે સંયમીએ **કોહમુંડે, માનમુંડે, માયામુંડે** અને **લોહમુંડે** તરફ જ ધ્યાન આપવાનું હતું પણ... હાય રે સંસારની માયા !

તૈજસ શરીર.

બદ્ધ તૈજસ શરીરો અનન્તની સંખ્યામાં જાણવા. કાળથી અનન્ત ઉત્સર્પિણી અવસર્પિણીના સમયોની તુલ્ય છે. ક્ષેત્રથી અનન્તલોકના પ્રદેશોની રાશિ સમાન છે. (લોક એક જ છે. અનંત સંખ્યા જણાવવા અસત્કલ્પનાએ અનંતલોક સમજવા) દ્રવ્યથી અનન્તગુણા અર્થાત્ ભાગ ન્યૂન સર્વે જીવોની સંખ્યા પ્રમાણ છે. કેમ કે તૈજસ શરીરના માલિકો અનન્ત છે.

ઔદારિક શરીર મનુષ્ય અને તિર્યંચોને જ હોવાથી તેમને અનન્ત કહ્યાં નથી. કેવળ સાધારણ શરીર અનન્ત છે. જયારે તૈજસ શરીરના માલિકો ચારે ગતિના જીવો છે. સંસારી જીવો સિદ્ધોથી અનન્તગુણા છે. કેવળ સિદ્ધોને તૈજસ શરીર નથી.

તૈજસ અને કાર્મણના સ્વામીઓ સમાન છે અને સર્વદા સાથે જ રહેનારા છે. માટે કાર્મણની વક્તવ્યતા

તૈજસની સમાન જાણવી.

૨૪ દંડક જીવોમાં ક્રમશઃ એની વિચારણા—

નારકોને ઔદારિક શરીર ન હોવાથી તેઓ બદ્ધ ઔદારિક નથી. જ્યારે મુક્ત ઔદારિક શરીરો અનન્તા કહ્યાં છે. સારાંશ કે વર્તમાનમાં વૈક્રિય શરીરવાળા હોવાથી ઔદારિકનો અભાવ છે અને ભૂતમાળમાં તિર્યંચાદિ ગતિમાં હોવાથી મુક્ત ઔદારિક અનન્તા જાણવા. બદ્ધ વૈક્રિય શરીર અસંખ્યેય છે. કારણ કે પ્રતિનારક ને એક એક વૈક્રિય શરીર હોય છે અને નારકો અસંખ્યેય છે. કાળથી અસંખ્ય ઉત્સર્પિણી અવસર્પિણીઓના સમય પ્રમાણમાં છે. ક્ષેત્રથી પ્રતરના અસંખ્યેય ભાગમાં રહેનાર અસંખ્ય શ્રેણીઓના પ્રદેશ સંખ્યા પ્રમાણમાં જાણવા. આહારક શરીરની સંભાવના નારકોને નથી. છતાં મુક્ત આહારક શરીરો ઔદારિકની જેમ અનન્ત જાણવા. કેમ કે, પૂર્વભવીય મનુષ્યાવતારોમાં લીધેલા અને મૂકેલા આહારક શરીરો પ્રમાદાદિના કારણે પતિત થઈ નારકોમાં ઉત્પત્તિની સંભાવના હોવાથી અનન્તા મનાયા છે. તૈજસ અને કાર્મણ શરીરો વૈક્રિયની સમાન જાણવા.

મતલબ કે સાતે નરકગતિમાં રહેલા, નારક જીવો એક, બે, હજાર, લાખ, કરોડ, દશ કરોડ, ૧૦૦ કરોડ આદિ નથી પણ અસંખ્યેય છે.

અસુરાદિકુમાર દેવો પણ નારકની જેમ જાણવા. કેવળ સંખ્યામાં અલ્પ કહ્યાં છે. માટે શરીરો પણ થોડા છે. બદ્ધ આહારક શરીર નથી.

પૃથ્વીકાયિકો - બદ્ધ અને મુક્ત શરીરો ઔદારિકની જેમ સમજવા. બદ્ધ શરીરો અસંખ્યેય પ્રમાણ જે કહ્યું છે તે લઘુતર અસંખ્યેય જાણવું. આ રીતે અપ્કાય અને તેજસ માટે પણ જાણવું.

વાયુકાયિકો - પૃથ્વીકાયિકોની જેમ જાણવા કેવળ બદ્ધ વૈક્રિય શરીરો અસંખ્ય છે.

વનસ્પતિ કાયિકો માટે ઘણી વનસ્પતિઓના સાધારણ શરીર હોવાથી જીવો અનન્ત હોવા છતાં શરીરો અસંખ્યાત જાણવા. તૈજસ અને કાર્મણ શરીરો પ્રત્યેક જીવોના જૂદા હોવાથી અનન્ત છે.

બે ત્રણ અને ચતુરિન્દ્રિયોના બદ્ધ ઔદારિક શરીરો અસંખ્યેય છે. મુક્ત શરીરો અનન્તા છે. વૈક્રિય અને આહારક શરીર બદ્ધ નથી. પણ મુક્ત શરીરો અનન્તા છે.

પંચેન્દ્રિય માટે જાણવાનું કે બદ્ધ અસંખ્યેય છે અને મુક્ત અનન્તા છે.

સંસારભરમાં સૌથી થોડા પંચેન્દ્રિય જીવો છે. તેનાથી ચાર ઈન્દ્રિય જીવો વિશેષ અધિક છે. તેનાથી તેઈન્દ્રિય જીવો વધારે છે. બે ઈન્દ્રિયો તેનાથી વધારે છે. અને સૌથી

વધારે એકેન્દ્રિય જીવો અનન્તા ગુણ વધારે જાણવા.

મનુષ્યોને માટે જાણવાનું કે બદ્ધ ઔદારિક શરીરો કદાચ સંખ્યેય પણ હોય અને અસંખ્યેય પણ હોય. જઘન્ય પદે સંખ્યેય જાણવા. કેમ કે, મનુષ્યો બે પ્રકારે છે. એક તો વમન, પિત્તાદિમાં ઉત્પન્ન થયેલા સંમૂર્ચ્છિમો અને બીજા સ્ત્રી ગર્ભથી ઉત્પન્ન થયેલા ગર્ભજો, તેમાંથી સંમૂર્ચ્છિમો ક્યારેક હોય છે અને ક્યારેક નથી હોતા, જઘન્યથી તેમનો વિરહકાલ એક સમયનો છે. ઉત્પન્ન સંમૂર્ચ્છિમો જઘન્યથી અને ઉત્કૃષ્ટથી અન્તર્મુહૂર્ત સ્થિતિવાળા હોવાથી આગળ તેમનો વિરહકાળ છે. જ્યારે તેઓ થાય છે ત્યારે જઘન્યથી એક, બે, ત્રણની સંખ્યામાં અને ઉત્કૃષ્ટ અસંખ્યાત. શેષ મનુષ્યો સંખ્યેય હોય છે. પણ અસંખ્યેય હોતા નથી. જ્યારે સંમૂર્ચ્છિમો હોતા નથી ત્યારે ગર્ભજો ગ્રહણ કરવાં અન્યથા જઘન્યપદ નિરર્થક બનશે. માટે સ્વભાવથી જ સંખ્યેય છે અને તેમના શરીરો પણ બદ્ધ સંખ્યેય જાણવા મુક્ત ઔદારિક અનન્તા છે.

શેષ વાણમંતર, જ્યોતિષ અને વૈમાનિકોને મૂળ અને ટીકાથી જાણવા જે સ્પષ્ટ છે.

આ પ્રશ્નોત્તરોનો રહસ્યાર્થ શું છે ?

આ પ્રશ્નો અને જવાબોનો ભાવ આ છે. અનાદિકાળના આ સંસારમાં અત્યાર સુધી અનન્ત કાલચક્ર પૂરા થયા

છે. જીવમાત્રે પણ માયાવી સંસારમાં રખડપટ્ટી કરતાં કરતાં અનન્તકાલ ચક્રો પૂર્ણ કર્યા છે. શરીર વિનાનો કોઈ પણ જીવ ક્યારે ય રહી શકતો નથી. ત્યારે અત્યાર સુધી આ જીવાત્માએ કેટલા શરીરો ધારણ કર્યા હશે ? તેની સંખ્યા બતાવવાનો ઉદ્દેશ આ સૂત્રમાં રહ્યો છે. ઔદારિક શરીરો અનન્ત સંખ્યામાં લીધા છે અને છોડ્યા છે; કેમ કે જે શરીર ધારણ કર્યું હોય તેને પાછો મૂક્યા વિના, છોડ્યા વિના જીવવિશેષને પણ બીજો માર્ગ નથી. ઈન્દ્રો, બ્રહ્માઓ, વાસુદેવો, પ્રતિવાસુદેવો, ચક્રવર્તીઓ, તપસ્વીઓ, મહાતપસ્વીઓ, ગરીબો, મહાગરીબો, ઈન્દ્રાણીઓ, દેવીઓ, જગદમ્બાઓએ પણ શુભાશુભ કર્મોને ભોગવવા માટે શરીરો લીધા, પાછા છોડવા પડ્યા અને અનન્ત આકાશમાં રખડપટ્ટી કરી. પાછા બીજા અવતારમાં અત્યારે ક્યાં હશે ? તે ભગવાન જાણે ! કેવળજ્ઞાન પ્રાપ્ત કરી મોક્ષમાં જ્યાં સુધી જવાનો ચાન્સ નશીબમાં નથી હોતો ત્યાં સુધી સંસારની ચારે ગતિના ચોગાનમાં રખડપટ્ટી મટવાની નથી.

આ કારણે ઔદારિક શરીરો પણ અનન્તા લીધા. અને મૂક્યા, વૈક્રિય શરીરે દેવયોનિ કે નરકગતિમાં પણ અનન્તો વાર ગયા અને નીકલ્યા.

આહારક લબ્ધિ સંસારચક્રમાં એક જીવને વધુમા વધુ ચાર વાર પ્રાપ્ત થાય છે.

૧૪ પૂર્વના માલિકો પણ અનન્ત વાર બન્યા અને

પાછા નરકના અવતાર ને પામ્યા મતલબ કે ચતુર્દશ પૂર્વધારીપણામાં આહારક શરીરો અને અગ્યારમે ગુણસ્થાનકે પહોંચ્યા પછી પણ તે શરીરો છોડવા પડયાં અને ચારે ગતિમાં રખડતા રહ્યાં.

અને **''પુનરપિ જનનં પુનરપિ મરણં પુનરપિ જનની જઠરે શયનં''** જન્મવું, મરવું અને માતાની ગંદીકોટડીમાં કેદી બનવું સૌના ભાગ્યમાં લખાયેલું છે. જે જીવો સાથે વૈરઝેરના કે મિત્રતાના સંબંધો બાંધેલા છે અને તેઓ જયાં જન્મ્યા છે. ત્યાં આપણે પણ જન્મ લેવાનું ફરજીયાત છે. પછી કાલબાદેવી રોડ, પ્રભાદેવી, મુંબાદેવી, ગણદેવી, નાગદેવી રોડ હોય, ગાંધી, નહેરૂ, કસ્તૂરબા, ભૂલાભાઈ આદિ રોડ હોય ત્યાં તથા પાછા પાપકર્મોનો ઉદય આવે ત્યારે નરક, ભૂંડ, કાગડા, દીપડાના અવતારો લેવાના રહે છે. આવી રીતે અન્ન્ત કાલચક્રો રખડપટ્ટીમાં પૂર્ણ કર્યા. યમદૂતોના કે પરમાધામીઓના ડંડા ખાવા પડયાં કોઈક ભવમાં બીજાના હાથે માર ખાતાં ખાતાં ભૂખે મરતાં અને રીબાતાં રીબાતાં ભવો પૂર્ણ કરવા પડયાં. આમાં બધે સ્થળે સંસારની માયાનો ચમત્કાર છે. જીવતી ડાકણ કરતાં પણ વધારે ખતરનાક આ માયા ડાકણને જે ભાગ્યશાળી જિનેશ્વર દેવની છાવણીમાં આવશે. તેઓને માયા કંઈ પણ કરવાની નથી.

આ પ્રમાણે કાલપ્રમાણની ચર્ચા પૂરી કર્યા પછી હવે ભાવ પ્રમાણના પ્રસંગે સૂત્રકાર ફરમાવે છે. કે

से किं तं भावप्पमाणे ? तिविहे पण्णत्ते, तं जहा गुणप्पमाणे, नयप्पमाणे संखप्पमाणे (સૂ. ૧૪૬)

ભાવ પ્રમાણના આ ત્રણ ભેદો છે.

થવું તે ભાવ છે. વસ્તુમાત્રમાં જ્ઞાનાદિ અને વર્ણાદિનો પરિણામ થયા કરે છે. સારાંશકે કોઈક સમયે જ્ઞાનાદિ વડે જીવોમાં પરિણામ અને કોઈક સમયે વર્ણાદિને લઈ જીવોમાં કે વસ્તુમાં પરિણમન થયા કરે છે. તે ભાવ છે પ્રમિતિ અર્થાત્ વસ્તુનો પરિચ્છેદ(જ્ઞાન) થવામાં તે કારણ છે માટે તેની પ્રમાણતા જાણવી. જેના વડે વસ્તુ(પદાર્થ)નો પરિચ્છેદ થાય તે પ્રમિતિ છે. આવું જ્ઞાન ત્રણ પ્રકારે થાય છે.

ગુણપ્રમાણ વડે.
નયપ્રમાણ વડે.
અને સંખ્યાપ્રમાણ વડે.

તેમાં ગુણપ્રમાણ એટલે જ્ઞાનાદિ ગુણો જ પ્રમાણ હોવાથી તેને ગુણપ્રમાણ કહે છે.

અનન્ત ધર્માત્મક વસ્તુના એક અંશનું જ્ઞાન તે નયપ્રમાણ છે.

અને સંખ્યાન અર્થાત્ સંખ્યા જ પ્રમાણ હોય તે સંખ્યાપ્રમાણ છે.

ગુણપ્રમાણ પણ જીવ ગુણપ્રમાણ અને અજીવ ગુણપ્રમાણ રૂપે બે પ્રકારે છે. પ્રથમમાં અલ્પ કહેવાનું હોવાથી અજીવ ગુણપ્રમાણને કહે છે. જે વર્ણ ગુણપ્રમાણ, ગન્ધ ગુણપ્રમાણ, રસ ગુણપ્રમાણ, સ્પર્શ ગુણપ્રમાણ અને સંસ્થાન ગુણપ્રમાણ રૂપ પાંચ ભેદે છે.

વર્ણ ગુણપ્રમાણ પણ કૃષ્ણવર્ણ ગુણપ્રમાણ યાવત્ શુક્લ ગુણપ્રમાણ રૂપે પાંચ પ્રકારે છે.

ગંધવર્ણ ગુણપ્રમાણ સુરભિગંધ અને દુરભિ ગુણપ્રમાણે બે ભેદ છે.

રસ ગુણપ્રમાણ, તિક્તરસ ગુણપ્રમાણ યાવત્ મધુરરસ ગુણપ્રમાણે પાંચ ભેદે છે.

સ્પર્શ ગુણપ્રમાણ-કર્કશ યાવત્ મૃદુગુણ સ્પર્શ રૂપે આઠ પ્રકારે છે.

સંસ્થાન ગુણપ્રમાણ પાંચ પ્રકારે છે.

પરિમંડલસંસ્થાન - વલયની જેમ ગોળાકારે હોય છે.

વૃત્તસંસ્થાન - લોખંડના ગોળા જેવું હોય છે.

ત્ર્યસ્રસંસ્થાન - સિંઘોડાની જેમ ત્રણ ખુણીઓ છે.

ચતુરસ્રસંસ્થાન - ચાર ખૂણીઓ.

આયતસંસ્થાન - લાંબુ હોય છે.

આનો ભાવાર્થ કંઈક આવો હશે પાંચે વર્ણગુણો અને

સંસ્થાનગુણ, આ બધાય અજીવતત્ત્વના ભેદ છે, છતાં તે વડે વસ્તુની જાણકારી થાય છે કે, આ વસ્ત્ર સફેદ છે, લાલ છે, આની સુગંધ સુરભિ છે અને તેની દુર્ગન્ધ મારતી, આમાં મીઠોરસ વધારે આમાં ઓછો, યાવત્ આ ખારો ખાટો તીખો કડવો છે. આનો સ્પર્શ ખરબચડો છે, મુલાયમ છે અને આ આકાર લાંબો, ગોળ આદિ છે. આ માણસ કાળા રંગનો છે અને સફેદ છે અને આ કંઈ લાલસવાળો છે આનું માથું ગોળ છે, ત્રિખુણીઓ છે. ઈત્યાદિ વર્ણો વડે વસ્તુ ઓલખાય છે.

જીવ ગુણપ્રમાણ ત્રણ ભેદે છે.

જ્ઞાન ગુણપ્રમાણ.
દર્શન ગુણપ્રમાણ.
અને ચારિત્ર ગુણપ્રમાણ.

સારાંશ કે , આ ત્રણે ગુણો જીવ ના છે, અજીવના નથી. તેથી આ ગુણો વડે માણસની ઓલખાણ થાય છે.

જ્ઞાનરૂપ ગુણ, પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન અને આગમથી ચાર પ્રકારે છે.

(૧) પ્રત્યક્ષ - પોતાના જ્ઞાનવડે અર્થોને - પદાર્થોને પ્રાપ્ત કરે તે અક્ષ એટલે જીવ કહેવાય છે. અથવા સર્વે અર્થોને જણે તે જીવ છે.

પ્રાપ્ત થયેલા પદાર્થોને આશ્રિત કરે, સ્વીકાર કરે

તે પ્રત્યક્ષ છે. આ અર્થોમાં દ્વિતીયાદિ તત્પુરૂષ સમાસ જણવો. કેમ કે, અર્થોનો સાક્ષાત્કાર કરવાથી જીવને જે જ્ઞાન થાય તે પ્રત્યક્ષ છે. જયારે બીજાઓ ''**अक्षं अक्षं प्रति प्रत्यक्षम्**'' અવ્યવીભાવ સમાસને ઈચ્છે છે પણ આ વાત ઠીક નથી. કેમ કે આ સમાસમાં નપુંસક લિંગની પ્રધાનતા હોવાથી પ્રત્યક્ષ શબ્દની ત્રિલિંગતા નહિ થાય. અને થાય છે જરૂર જેમ કે - **प्रत्यक्षा बुद्धिः प्रत्यक्षो बोधः, प्रत्यक्षंज्ञानम्.** માટે કહ્યું તેમ પ્રત્યક્ષ શબ્દ તત્પુરૂષ સમાસવાળો જ જણવો.

ઈન્દ્રિય પ્રત્યક્ષ અને નોઈન્દ્રિય પ્રત્યક્ષ રૂપે તેના બે ભેદ છે. ત્યાં શ્રોત્ર, ચક્ષુ, ઘ્રાણ, જિવા અને સ્પર્શ ઈન્દ્રિયો આત્માને જ્ઞાન થવામાં સહકારી કારણરૂપે છે.

કેમ કે પુદ્ગલની બનેલી ઈન્દ્રિયો જડસ્વભાવવાળી હોવાથી તેઓ ઉપાદાન કારણરૂપે હરહાલતમાં પણ નથી. માટે સહકારી કારણ રૂપે જ માનવાની રહી. જેમ કે મકાનની બારીઓ જડ હોવાથી પોતે જ્ઞાન પ્રાપ્ત કરવામાં ક્યારે ય સમર્થ બનતી નથી. પણ બારીમાં બેઠેલો પુરૂષ રસ્તા પણ જનાર આવનારેને પ્રત્યક્ષ કરે છે. આ પ્રમાણે શરીર રૂપી મકાનમાં પાંચે ઈન્દ્રિયો બારી સ્વરૂપે છે. જેની ઉત્પત્તિમાં અર્થાત્ શબ્દ, રસ, રૂપ, ગન્ધ અને સ્પર્શ વિષયક જ્ઞાન થવામાં અલિંગિક એટલે હેતુ વિના જ જે જ્ઞાન થાય તે ઈન્દ્રિય પ્રત્યક્ષ છે. જેમ ધૂમ હેતુથી અગ્નિનું જ્ઞાન થાય

છે, તેમ ઈન્દ્રિયો હેતુ છે માટે લિંગિક છે, પરન્તુ જીવથી પર એટલે વ્યતિરિક્ત નિમિત્તોને લઈ જે જ્ઞાન થાય તે વસ્તુત: અર્થ સાક્ષાત્કારિત્વનો સ્વભાવ હોવાથી તે પરોક્ષ જ્ઞાન કહેવાય છે. ''**ज्ञानादन्योऽर्थो परः** આ સૂત્રથી જ્ઞાનથી એટલે આત્માથી વ્યતિરિક્ત વસ્તુ પર મનાય છે. ઈન્દ્રિયો પર છે; તેની સહાયતાથી જે લિંગિકજ્ઞાન થાય તે પરોક્ષસ્વરૂપ બનવા પામે છે. તત્ત્વાર્થ સૂત્રમાં 'आद्ये परोक्षम्' એટલે કે ઈન્દ્રિયો અને મન વડે જે જ્ઞાન થાય તે મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન પરોક્ષ છે. તથાપિ લોકવ્યવહારમાં આ જ્ઞાન, પ્રત્યક્ષ રૂપે રૂઢ હોવાથી સાંવ્યાવહારિક રૂપે પ્રત્યક્ષમાં ગણત્રી કરી છે. તથા જે ઈન્દ્રિય પ્રત્યક્ષ નથી તે નોઈન્દ્રિય પ્રત્યક્ષ જાણવો. અહિ 'નો' શબ્દ સર્વ નિષેધમાં હોવાથી જે જ્ઞાનમાં ઈન્દ્રિયો પ્રવર્તતી નથી કેવળ જીવ જ અર્થોને સાક્ષાત્કાર કરે તે નોઈન્દ્રિય પ્રત્યક્ષ છે,

ઈન્દ્રિય પ્રત્યક્ષ.

પાંચે જ્ઞાનેન્દ્રિયો વડે થતું આ જ્ઞાન, શ્રોત્રેન્દ્રિય પ્રત્યક્ષ, ચક્ષુરિન્દ્રિય પ્રત્યક્ષ, ઘ્રાણેન્દ્રિય પ્રત્યક્ષ, જિવ્હેન્દ્રિય પ્રત્યક્ષ અને સ્પર્શેન્દ્રિય પ્રત્યક્ષ રૂપે પાંચ ભેદે છે.

(૧) મતિજ્ઞાન. (૨) મતિઅજ્ઞાન.

(૩) શ્રુતજ્ઞાન. (૪) શ્રુતઅજ્ઞાન.
(૫) અવધિજ્ઞાન. (૬) વિભંગજ્ઞાન.
(૭) મનઃપર્યવજ્ઞાન. (૮) કેવળજ્ઞાન.

આ પ્રમાણે જ્ઞાનના આઠે ભેદ છે. તેમાં ૧-૩-૫-૭-૮ સંખ્યકજ્ઞાન સમ્યગ્જ્ઞાન છે અને ૨-૪-૬ સંખ્યકજ્ઞાન અજ્ઞાન છે. જે જ્ઞાનમાં સંશય, વિપર્યય અને અનધ્યવસિત હોય તે જ્ઞાન પણ અજ્ઞાન છે. આ ત્રણે અજ્ઞાનોમાં, પંડિતો-મહાપંડિતો, ધારાવાહી સંસ્કૃત પ્રાકૃત બોલનારા હોય કે લાખો કરોડો શ્લોકોના બનાવનાર હોય, ગંગા-યમુના-ગોદાવરીમાં ત્રણ ત્રણ વાર સ્નાન કરી રાખ ચોલનારા હોય. પંચાગ્નિ કે શિર્ષાસનમાં ધ્યાનમગ્ન બનેલા હોય તે બધાય અજ્ઞાન એટલા માટે છે કે, જીવાદિતઇવોના જાણકાર ન હોવાથી મિથ્યાત્વ મોહને દબાવી દેવાની શક્તિ સમ્પન્ન હોતા નથી. માટે ભાંગ, ગાંજે, ચરસના માર્ગે ચડીને વ્યસનોના માલિક બને છે, ફળ સ્વરૂપે જમદગ્નિ, વિશ્વામિત્ર, દુર્વાસા, અગ્નિશર્મા જેવા મહાન તપસ્વીઓ પણ સમય આવતાં કષાયાધીન વિષયાધીન બનીને પોતાના યોગમાર્ગથી ભ્રષ્ટ થયા છે.

તપશ્ચર્યા, ધ્યાન, ઈશ્વર પ્રણિધાનાદિક અનુષ્ઠાનો. આત્માના ભયંકરતમ શત્રુ મિથ્યાત્વમોહને ઘટાડવા માટે કરવાના હોય છે અને જેમ જેમ આ રાક્ષસ (મિથ્યાત્વમોહ) કંટ્રોલમાં આવશે તેમ તેમ મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને

વિભંગજ્ઞાનના પડદા ખસતા જશે અને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થતાં તે જ્ઞાન સમ્યગ્જ્ઞાન બનતાં વાર કરતો નથી. મતલબ કે, મિથ્યાત્વ અવસ્થામાં જે જ્ઞાન હતું તેમાંથી પૌદ્ગલિક એટલે વૈષયિક અને કાષયિક વાસના મટતી જશે અને આધ્યાત્મિકતા વધતી જશે. ફળ સ્વરૂપે ઈન્દ્રિયોના, મનના, શરીરના અને જીવનના વિકારો શાન્ત થશે અને તેમ થતાં સ્વચ્છ એટલે નિર્વિકારી બનેલી ઈન્દ્રિયો દ્વારા થતું જ્ઞાન પણ સમ્યગ્ થશે.

ઈન્દ્રતીતિ ઈન્દ્ર: એટલે જીવને જેના માધ્યમથી જ્ઞાન થાય તે ઈન્દ્રિયો, જ્ઞાનેન્દ્રિયો કહેવાય છે એટલે કે આત્મા નામના શેઠને જ્ઞાન પ્રાપ્ત કરાવવા માટે ઈન્દ્રિયો સબલ સાધન છે.

સંસારભરમાં વિષયો પણ પાંચ જ છે. જે કામભોગને નામે પ્રસિદ્ધ છે. ચક્ષુ (આંખ) અને કાન. આ બે ઈન્દ્રિયો કામના નામે અને જીભ, નાક અને સ્પર્શ ઈન્દ્રિયો ભોગપ્રધાન છે. મતલબ કે ચક્ષુ દ્વારા જોવાયેલા કે કાનથી સંભળાયેલી વાતોથી જીવાત્માને રાગનો ભાવ જાગશે, જીવ ચંચલ બનશે. જોયેલા અને સાંભળેલા કામોને, ભોગમાં લેવા માટે કટિબદ્ધ થશે. પરિણામે જીભ, નાક અને સ્પર્શથી તે કામોનો ભોગ કરશે.

ઈન્દ્રિયોની શક્તિ પણ એક સમાન નહિ હોવાનું કારણ પૂર્વભવીય આવરણીય કર્મો છે. જેમ કે...

શ્રોત્રેન્દ્રિય	- શ્રોત્રેન્દ્રિયાવરણીય કર્મ.
ચક્ષુરિન્દ્રિય	- ચક્ષુરિન્દ્રિયાવરણીય કર્મ.
ઘ્રાણેન્દ્રિય	- ઘ્રાણેન્દ્રિયાવરણીય કર્મ.
જિવેન્દ્રિય	- જિવેન્દ્રિયાવરણીય કર્મ.
સ્પર્શેન્દ્રિય	- સ્પર્શેન્દ્રિયાવરણીય કર્મ.

ઉપર પ્રમાણે પાંચે ઈન્દ્રિયો દ્વારા થતાં જ્ઞાનને રોકવામાં, અસ્પષ્ટ અને સંદિગ્ધજ્ઞાન થવામાં, વિપરીત કે મિથ્યાજ્ઞાન થવામાં શ્રોત્રેન્દ્રિયાવરણીયાદિ કર્મો કામ કરે છે. કર્મો જડ છે, છતાં ચૈતન્યસ્વરૂપી અને અનન્તશક્તિના માલિક આત્માને સ્પષ્ટ સમ્યગ્જ્ઞાન થતું નથી. પરિણામે મોહકર્મના નશામાં બેભાન બનેલો આત્મા ઈન્દ્રિયાધીન બની કષાયાધીન બનવા પામશે. અને કષાયી આત્મા પોતાના મન-વચન અને કાયાએ કયારે ય પણ એકાગ્ર કરી શકવાનો નથી. અને જેના યોગો (મન,વચન,કાયા) એકાગ્ર નથી. તેમનાં જીવનમાં બાર ભાવના અને મૈત્રી આદિ ચારે ભાવનાનો ચમત્કાર પણ સર્જાતો નથી. આવી સ્થિતિમાં તેઓના ભાગ્યમાં આર્તધ્યાન અને રૌદ્રધ્યાનથી અરિફ્ત બીજું કંઈ પણ શુભાનુષ્ઠાન, શુદ્ધભાવ, શુભભાવ, ભાવદયા, ભાવદાન, ભાવત્યાગ અને ભાવ સંયમ આદિ ઉમદાતત્ત્વોનો સ્પર્શ પણ આત્મા કરી શકવા સમર્થ બનવાનો નથી.

ઈન્દ્રિયોના આવરણીય કર્મોના કારણે તે જીવોના અવગ્રહઈહા, અવાય અને ધારણા પણ અસ્પષ્ટ રહેતાં તેમનું મતિજ્ઞાન પણ શુદ્ધ બનવાનું નથી.

પૂર્વભવમાં મતિજ્ઞાનની થોડીઘણી પણ ઉપાસના કરીને અવતરેલા ભાગ્યશાળીઓ પણ, યદિ આ મનુષ્યભવમાં સાવધાન રહેવા ન પામ્યા, તો મોહકર્મના પ્રબલ ઉદયના કારણે પોતાના આન્તર અને બાહ્યજીવનમાં, શુભલેશ્યાઓના સ્થાને ધીમેધીમે અશુભલેશ્યાઓનો ભેર વધતો જશે. પરિણામે કુટિલતા, ભયગ્રસ્તતા, દૈન્યવૃત્તિ, લોભ, ધર્મઅનાદર, કામદેવ અને ક્રોધના આવેગો વધવાના કારણે જીવનમાં પુરૂષાર્થ નામનું તત્ત્વ પણ અલવિદા લેશે.

'कुटिलताभये दैन्यं लोभो धर्मस्यहीनता
कामक्रोधौ दयाहानिः मतिदोषा प्रकीर्तिताः ।
(स्वकीयोऽयं श्लोकः)

નોઈન્દ્રિયથી એટલે ઈન્દ્રિયોની સહાયતા વિના જ જે જ્ઞાનગુણ ઉત્પન્ન થાય તે, અવધિજ્ઞાન, મનઃ પર્યવજ્ઞાન અને કેવળજ્ઞાનરૂપે ત્રણ ભેદે છે.

સદ્‌ગુણો ક્યારે ય આકાશમાંથી ટપકતાં નથી પણ તેમને પ્રાપ્ત કરવાની જિજ્ઞાસા થાય તો આત્મપુરૂષાર્થથી જ સદ્‌ગુણો પ્રાપ્ત થવાના છે. અવધિજ્ઞાનાદિ ત્રણે જ્ઞાનો શાંથી ઉત્પન્ન થશે ? જવાબમાં જૈનશાસને કહ્યું કે, તેને આવરનારા અવધિજ્ઞાનાવરણીય,

મનઃ-પર્યવજ્ઞાનાવરણીય અને કેવળજ્ઞાનાવરણીય કર્મો છે, જે ત્યાગ, તપની અભૂતપૂર્વ સાધના વિના ક્યારે ય દબાવવાના નથી. માટે મોક્ષ મેળવવાની ઝંખના જ હોય તો ત્રણે આવરણોમાં બેને ખસેડવાનો અને કેવળજ્ઞાનાવરણીય કર્મનો સર્વથા ક્ષય કરવા માટે પ્રયત્ન કરવો જોઈએ.

અનુમાન પ્રમાણ.

પૂર્વવત્, શેષવત્ અને દૃષ્ટસાધર્મ્યવત્ રૂપે અનુમાનના ત્રણ ભેદ છે.

અનુમાન થવામાં લિંગગ્રહણ અને સંબંધસ્મરણ બે કારણો છે. જેનાથી સાધ્યની સિદ્ધિ થાય તે લિંગ-નિશાન-ચિહ્ન. અથવા સાધ્ય વિના જેની ઉત્પત્તિ ન થાય તે લક્ષણ હેતુનો છે અને તે બંન્ને એટલે સાધ્ય(અગ્નિ) હેતુ (ધૂમ)ના સંબંધની સ્મૃતિપૂર્વક જે જ્ઞાન થાય તે અનુમાન જ્ઞાન છે. કોઈ સાધકને બીડી સળગાવવા માટે અગ્નિને ગોતવો ક્યાં ? તે સમયે કોઈના મકાન પરથી ઉપર જતો ધૂમાડો જોવાયો, ત્યારે તેને યાદ આવ્યું કે મારા ઘરે પણ જયારે જયારે ધૂમાડો દેખાતો હતો, ત્યારે જરૂરથી અગ્નિ પણ વિદ્યમાન હતો. માટે આ ઘરે ધૂમાડો દેખાય છે તેથી અગ્નિ પણ જરૂરથી હોવો જોઈએ. આમ અગ્નિ એ સાધ્ય છે તેની સાથે અવિનાભાવસંબંધથી ધૂમાડો

સંબંધિત છે. આમ ધૂમાડારૂપ લિંગથી એટલે નિશાનથી પોતાના ઘરના રસોડાની જેમ અગ્નિની સિદ્ધિ થાય છે. માટે 'અન્યથાડનુપપન્નત્વં હેતોઃ લક્ષણમ્ ।' અર્થાત્ ધૂમાડાની સાથે અગ્નિનો અવિનાભાવસંબંધ છે. માટે તાર્કિક ભાષામાં બોલાય છે 'યત્ર યત્ર ધૂમઃ તત્ર તત્ર અગ્નિઃ' જ્યાં ધૂમ છે ત્યાં અગ્નિ હોય જ. 'યત્ર યત્ર જીવઃ તત્ર તત્ર ઉપયોગ વત્ત્વમ્' જ્યાં જ્યાં જીવ છે ત્યાં ઉપયોગ હોય જ છે. અર્થાત્ ધૂમથી જેમ અગ્નિની સિદ્ધિ નિશ્ચિત્ત છે. તેમ ઉપયોગ લક્ષણથી જીવની સિદ્ધિ થાય છે.

પૂર્વવત્ અનુમાન એટલે શું ?

થોડા કે વધારે સમય પ્રથમ વિશિષ્ટ પ્રકારના ચિહ્નથી ઉપલબ્ધિ થઈ હોય તેના ઉપરથી વસ્તુનો નિર્ણય કરવો તે પૂર્વવત્ અનુમાન છે. ચિહ્નને જોઈ લીધા પછી વસ્તુને ઓલખી લેવી જેમ કે બાલ્યાવસ્થામાં એક માતાનો પુત્ર પરદેશ ગયો. લાંબા સમયે તે ઘેર આવ્યો. ત્યારે તેના શરીર પર અમુક ચિનને જોઈ માતાએ પુત્રને ઓલખી લીધો. તો આ ઓલખાણમાં નાની ઉમ્રે પુત્રના શરીર પર.

૧. જન્મતાં જ કોઈ ક્ષત હોય. એટલે કે ગમે ત્યારે પણ ઓલખી શકાય તેવો ચિહ્ન હોય.
૨. કૂતરા આદિ જનાવરે કરડ્યા પછીનો વ્રણ હોય.
૩. કાળા અડદના દાણા જેવો મષો હોય.

૪. અથવા તલ હોય. ઈત્યાદિ નિશાનો જેના પર હોય તેને જોઈ 'આ મારો પુત્ર જ છે' આવી રીતે માતાને જ્ઞાન થાય તે ચિનાદિના અનુમાનથી થાય છે. તેનો પ્રયોગ આ પ્રમાણે..

"મત્પુત્રોડયં અનન્યસાધારણ ક્ષતાદિલક્ષણ વિશિષ્ટલિંગોપ લબ્ધેરિતિ"

પુત્રને પ્રત્યક્ષ કર્યા પછી પણ ઓલખી શકાય છે તો અનુમાનની આવશ્યકતા શી ? જવાબમાં જણવાનું કે પુરૂષનું પિંડ માત્ર પ્રત્યક્ષ હોવા છતાં, તેમાં સંદેહ હોઈ શકે છે કે –

'આ મારો પુત્ર હશે ?, કે બીજે કોઈ ? પરન્તુ શરીર પર અમુક ચિનથી જ અનુમાન થાય છે કે આ મારો પુત્ર જ છે. ઈંગિત, આકાર, ક્રિયા, ભાષણ, નેત્ર વક્ત્રવિકાર વડે આન્તરમના જણી શકાય છે.

શેષવત્ અનુમાન પાંચ પ્રકારે છે.

કાર્યથી, કારણથી, ગુણથી, અવયવથી, અને આશ્રયથી. જેમ કે આ અવાજ શંખનો, ભેરીનો, બળદનો, મયૂરનો, ઘોડાનો, હાથીનો છે. એટલે કે અવાજ પર તે તે વસ્તુઓનું અનુમાન કરવું અથવા માર્ગ પર પહેળી લાદ (વિષ્ટા)ને જોઈ હાથીનો, અથવા રથનો અવાજ સાંભળીને

રથનો, ઘોડાનું હણહણવું, હાથીનું ચીસવું, મયૂરની કેકાનું અનુમાન કરવું. આ પ્રમાણે લિંગથી ઉત્પન્ન થયેલા કાર્યનું અનુમાન.

કારણરૂપ લિંગથી ઉત્પન્ન થતું અનુમાન આ પ્રમાણે છે. આ તંતુઓ પટ (વસ્ત્ર)ના કારણ રૂપ છે. પણ પટ તંતુઓનું કારણ નથી. તૃણ વિશેષ સાદડી (કટ)નું કારણ છે.

ગુણથી, લિંગજન્ય અનુમાન, કસોટી પર સુવર્ણને ઘસવાથી ઉત્પન્ન થયેલી રેખાથી સુવર્ણનું અનુમાન કરવું. ગંધથી પુષ્પનું અનુમાન, રસથી લવણાદિનું, આસ્વાદથી મદિરાનું, સ્પર્શથી વસ્ત્રનું અનુમાન કરવું તે ગુણ નિષ્પન્ન છે. અવયવથી શરીરના એક અવયવરૂપ જેમ કે શૃંગથી મહિષનું, શિખાથી કુકડાનું, દાંતથી હાથીનું, દાઢથી વરાહનું, પિંછાથી મયૂરનું, ખરીથી ઘોડાનું, નખથી વાઘનું, પૂંછડાથી વાનરનું, ચૂડી પહેરેલા હાથથી સ્ત્રીનું અનુમાન કરવું.

આશ્રયથી એટલે અમુકચિનોથી આશ્રયીનું અનુમાન કરવું. જેમ કે ધૂમાડાથી અગ્નિનું, બલાકા પંક્તિથી પાણીનું, મેઘવિકારથી વરસાદનું, શીલસદાચારથી કુળપુત્રનું અનુમાન કરવું. તે આશ્રય રૂપ લિંગથી આશ્રયીનું શેષવત્ અનુમાન છે.

દષ્ટસાધર્મ્ય અનુમાન બે પ્રકારે છે.
સામાન્યદષ્ટ અને વિશેષ દષ્ટ.

વૈધર્મ્ય ઉપમાન :-

જેમાં સમાનતા નથી હોતી તેવી ઉપમાને વૈધર્મ્ય ઉપમાન કહે છે. જેમ કે શબલા ગાયનું વાછરડું શાબલેય છે પણ બીજી સફેદ આદિ ગાયોના વાછરડા તેના જેવા નથી. યદ્યપિ પશુ શરીર (ગાયનું શરીર) બન્નેમાં સમાન છે. પણ રંગમાં જ ફરક છે. માટે આ વૈધર્મ્ય ઉપમાન કહેવાય છે. વાયસ અને પાયસમાં વાયસ (કાગડો) સચેતન છે અને પાયસ (ખીર) અચેતન છે. યદ્યપિ આ બન્નેમાં ઘણા ધર્મોનો વિસંવાદ છે. તો પણ આ બન્નેમાં બે વર્ણોની સમાનતા તો સ્પષ્ટ છે. નીચ માણસે નીચ માણસ જેવું જ કામ કર્યું છે. આમાં જાણવાનું કે યદ્યપિ નીચ માણસ ખરાબ કામ જ કરે છે. તો પણ ગુરૂનો ઘાત આદિ નિકૃષ્ટતમ પાપ કરતો નથી. પણ આ ભાઇએ તો ગુરૂ આદિનો ઘાત કર્યો છે માટે આમ કહેવાય છે કે નીચ માણસે નીચ જેવું કામ કર્યું છે. દાસે દાસ જેવું. કાગડાએ કાગડા જેવું અને કૂતરાએ કૂતરા જેવું કામ કર્યું છે.

આગમ પ્રમાણ

લૌકિક અને લોકોત્તર રૂપે આગમના બે ભેદ મનાયા છે.

(૧) અજ્ઞાની મિથ્યા દષ્ટિના માલિકોએ પોતાની સ્વચ્છંદ બુદ્ધિની કલ્પનાથી બનાવેલા મહાભારત, રામાયણ,

ચારવેદ. પુરાણ આદિ ગ્રન્થોને લૌકિક આગમ રૂપે જણવા.

(૨) તપશ્ચર્યા અને સંયમની અભૂતપૂર્વ આરાધનાથી પ્રાપ્ત થયેલા કેવળજ્ઞાન અને કેવળદર્શન વડે ત્રણે લોકના ત્રણે કાળના સર્વે ભાવોને, પર્યાયોને, ગતિઓને, આગતિઓને, કર્મોના ફળોને જણનારા ત્રૈલોક્ય પૂજિત, સર્વજ્ઞ, સર્વદર્શી અરિહંત પરમાત્માઓના પ્રણીત આગમ લોકોત્તર આગમ છે. આ બન્નેની વ્યાખ્યાઓ ભાવશ્રુતના વ્યાખ્યાન દરમ્યાન કરાઈ ગઈ છે. અથવા સૂત્રાગમ, અર્થાગમ અને તદુભયાગમ રૂપે આગમ ત્રણ પ્રકારે છે. સૂત્રને સૂત્રાગમ, તેનો અર્થ તે અર્થાગમ અને સૂત્ર તથા અર્થની જણકારી તદુભયાગમ છે.

આત્માગમ, અનન્તરાગમ અને પરંપરાગમ રૂપે પણ આગમના ત્રણ ભેદ છે.

ગુરૂના ઉપદેશ વિના આત્માને સત્યજ્ઞાન થવું તે આત્માગમ કહેવાય છે. ક્ષાયિક સમ્યક્ત્વની પ્રાપ્તિ થયા પછી. તીર્થંકરોના આત્માઓનું મતિજ્ઞાનાવરણીય, શ્રુતજ્ઞાનાવરણીય કર્મ અને અવધિજ્ઞાનાવરણીય કર્મોની સ્થિતિ. ૨૨ લગભગ નેવ્વાનબુન થવાની અણી પર આવી ગયેલા હોવાથી તેમનું મતિજ્ઞાન શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન પણ શુદ્ધતમ થઈ ગયેલા હોય છે. આ કારણે જ પૂર્વ ભવના આરાધિત આ ત્રણે જ્ઞાનો જે ભવમાં તીર્થંકર થવાના હોય છે તે ભવમાં જન્મતા જ સાથે હોય છે. માટે જ તેઓને

આત્માગમ છે. મતલબ કે શુદ્ધતમ મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનમાં પૂર્ણ બ્રહ્મલોક (૧૪ રજ્જુ પ્રમાણ) તેમના માટે પ્રત્યક્ષ હોય છે. માટે જ જ્ઞાનની દષ્ટિએ તેમનાંમાં સર્વવ્યાપિત્વ માનવામાં વાંધો નથી. પણ ભગવાનના મોઢામાં પૂર્ણ બ્રહ્માંડના સમાવેશની કલ્પના અયથાર્થ એટલા માટે છે કે, આંખ પણ ન પહોંચી શકે તેટલા મોટા સમુદ્રો, ઉલ્લંઘી ન શકાય તેટલા મોટા પર્વતો, નદીનાળાઓ, આંબલી, પીપલ અને વડના તોતિંગ ઝાડો ભગવાનના મોઢામાં શી રીતે સમાવિષ્ટ થવાના હતા ? આ કારણે જ જૈન શાસને કહ્યું કે, બાલકોને ગમારોને, પંડિતોને પણ હસવું આવે તેવી કપોલકલ્પિત કલ્પના કરવાથી ભગવાનની સ્તુતિ કે પ્રશંસા થતી નથી પણ મશ્કરી થાય છે અને આરાધ્યપદ પ્રાપ્ત ભગવાનની મશ્કરી કરાવવાથી માણસ ધાર્મિક નથી બનતો પણ પાખંડી બને છે. અહિંસાના નામે ઘેટા, બકરા, પાડા, ગાયોના માંસને આરોગનાર બને છે અને ગરિષ્ઠ પદાર્થોને પચાવવા માટે શરાબ પાન કર્યા વિના અને તેના નશામાં બેભાન બની પરસ્ત્રીગમન કે વેશ્યાગમન કર્યા વિના બીજો માર્ગ કયો ?

આર્થિક આત્માગમ ના માલિક હોવાથી વર્ધમાન કુમારને (મહાવીર સ્વામીને) ભણાવવા માટે નિશાળે મૂકવામાં આવે છે. પૂરી જીન્દગી સુધી પોતાની પાડશાળામાં ન ગણાય તેટલા રાજકુમારો; શ્રીમંતપુત્રો અને પ્રચંડ બુદ્ધિના વારસદાર વિદ્યાર્થીઓને ભણાવીને તીવ્રાતિતીવ્ર બુદ્ધિની

કર્કશતાને પ્રાપ્ત થયેલા પંડિતજીના મનમાં ગુપ્ત રીતે રહેલી શંકાઓને આઠ વર્ષની ઉમ્રના મહાવીર સ્વામીએ મટાડી ત્યારે જ જગતના જીવો જાણી શક્યાં હતાં કે મહાવીર સ્વામી જેવો બ્રહ્મજ્ઞાની બીજો કોઈ નથી જે ભણ્યા નથી છતાં જ્ઞાનના સાગર છે. આ કારણે જ ઇશ્વર શરીરથી લોકવ્યાપી નથી પણ જ્ઞાનથી લોક વ્યાપી છે. જે યથાર્થ છે.

ગણધરો, હજી કેવળજ્ઞાનના માલિક ન થવાના કારણે જ્ઞાનાતિશય વિનાના હોવાથી અર્થનો આગમ તેમના માટે અનન્તર છે. સમવસરણમાં બિરાજમાન થયેલા અરિહંતોના શ્રીમુખેથી પ્રસૂત આગમની વાણી સાંભલ્યા પછી જ આગમનું જ્ઞાન થાય છે. માટે અનન્તરાગમ અને ''અર્હદ્વક્ત્ર પ્રસૂતં ગણધર રચિતે દ્વાદશાંગં વિશાલમ્'' આ ન્યાયે સૂત્રોને દ્વાદશાંગીમાં ગૂથનારા હોવાથી સૂત્રો તેમને આત્માગમ છે. અને અર્થ અનન્તરાગમ છે. જમ્બૂસ્વામીને સૂત્રનું અનન્તરાગમ છે. કેમ કે તીર્થંકરભગવંત પાસેથી તેમને મલ્યું નથી. પણ પોતાના ગુરૂ પંચમ ગણધર શ્રીસુધર્માસ્વામી પાસેથી મલ્યું છે. જયારે પ્રભવસ્વામીને તે જ્ઞાન પરમ્પરાગમ છે.

સમવસરણમાં સયોગી (કેવળજ્ઞાની) પરમાત્મા, પોતાના ભાષાવર્ગણાના કર્મોને (પુદ્ગલોને)ક્ષય પમાડવા માટે તથા ભવ્ય જીવોના કલ્યાણ માટે દેશના આપે છે. મતલબ કે સંકલ્પિત ભાષા હોઠ, દાંત, તાલુ, મસ્તિષ્ક

અને જિવા સાથે ટકરાઈને બહાર આવે છે. માટે જગતભરના બધાય શાસ્ત્રો, આગમો, પુરાણો બાઈબલ અને વેદો પણ પૌરૂષેય છે એટલે કે પુરૂષ વિશેષથી ઉદ્‌ભૂત થાય છે અને શ્રોતા પોતે પોતાના કાન વડે સાંભળે છે. ''શબ્દગુણમાકાશં'' પરન્તુ નાના મોટા પઠિત અપઠિત છેવટે રબારીનો છોકરો પણ સમજે છે કે શબ્દો ક્યારેય પણ વરસાદની જેમ આકાશમાંથી પડતાં નથી. પણ માણસના મોઢામાંથી બહાર આવે છે. શબ્દમાત્ર પુદ્‌ગલ હોવાથી પૌદ્‌ગલિક કહેવાય છે અને જે પુદ્‌ગલ છે તેનો અવરોધ થઈ શકે છે. માટે ટી.વી.માં, ફીલ્મમાં, ફ્રેનો ગ્રાફમાં, તેને પકડી શકીએ છીએ. ગુણ ક્યારેય પણ ગુણીને છોડતો નથી. તો પછી તેને પકડમાં શી રીતે લઇ શકાશે. ઇત્યાદિ કારણોને લઇ શબ્દો ચાહે વેદમાં હોય કે બુદ્ધના કે જૈનાગમમાં હોય તે કદિ પણ અપૌરૂષેય હોઇ શકે જ નહીં. તથા અપૌરૂષેય શબ્દો પ્રામાણિક, ન્યાય્ય કે ધર્મ્ય પણ હોઇ શકે નહીં. વેદોને અપૌરૂષેય માનવામાં મોટામાં મોટો દોષ એ થયો છે કે માંસાહારીઓ દ્વારા તેમાં માંસના મંત્રો, મૈથુન કર્મના મંત્રો ઘુસેડી દેવામાં આવ્યા છે અને આ બધાય મંત્રો ઇશ્વરના નામે ચઢી ગયા. માટે જ રાગદ્વેષના ક્ષયપૂર્વક આપ્ત બનેલા અરિહંત પરમાત્માઓનું આગમ જ પ્રમાણ કોટિમાં અગ્રેસર બનવા પામે છે. જેમાં પશુઓના બલિદાન, અશ્વમેધ, નરમેધ આદિ ક્રૂર હત્યાઓનો એક પણ મંત્ર નથી.

દર્શન ગુણ પ્રમાણ :-

ચક્ષુદર્શન ગુણ પ્રમાણ, અચક્ષુદર્શન ગુણ પ્રમાણ, અવધિદર્શન ગુણ પ્રમાણ અને કેવળદર્શન ગુણ પ્રમાણ રૂપે ચાર ભેદ છે. આઠે કર્મોમાં દર્શનાવરણીય કર્મ બીજા નંબરે તથા ઘાતિકર્મ સ્વરૂપે છે. પ્રાયઃ કરી આત્માની સમ્પૂર્ણ શક્તિઓનો ઘાત કરે. એટલે કે સર્વશક્તિ સમ્પન્ન આત્મા પણ આ કર્મોના કારણે શક્તિહીન બને, લાચાર બને, કિંકર્તવ્યમૂઢ બને. તેમાં ઘાતિ કર્મો પ્રધાનતયા કામ કરે છે. આ કારણે જ ૭ લાખ પૃથ્વીકાયિકો, ૭ લાખ અપ્કાયિકો ૭ લાખ તેજસકાયિકો, ૭ લાખ વાયુકાયિકો ૧૦ લાખ પ્રત્યેક વનસ્પતિ કાયિકો. ૧૪ લાખ સાધારણ વનસ્પતિકાયિકો. ૮૪, લાખ જીવાયોનિમાંથી પર, લાખ જીવાયોનિના જીવોને અચક્ષુરિન્દ્રિય કર્મનો પ્રબળ ઉદય હોવાથી, સ્પર્શનેન્દ્રિયને છોડી નાક, જીભ, ચક્ષુ અને કાન નામની ચારે ઇન્દ્રિયોનો સર્વથા અભાવ હોય છે. બે લાખ બે ઇન્દ્રિય જીવોને નાક ચક્ષુ અને કાન ઇન્દ્રિયોનો અભાવ હોય છે. આ પ્રમાણે પ૮ લાખ જીવો યોનિના જીવોને ચક્ષુ અને કાન હોતા નથી. કારણ કે પૂર્વભવમાં મિથ્યાત્વના જોરે ઉપાર્જિત નિકૃષ્ટતમ પાપો. અસંખ્યાત જીવો સાથે લેવડ દેવડમાં, વિષયવાસનામાં, જે પદ્ધતિએ વૈરાનુબન્ધિ કર્મો કર્યા છે. તેને ભોગવવાને માટે એકેન્દ્રિયાદિ અવતાર અનિવાર્ય હોય છે. અનાદિ અવ્યવહાર રાશિમાંથી નીકળીને આવેલા પૃથ્વીકાયાદિમાં ઘટિત નથી. તેમના જીવનમાં

સમ્યગ્દર્શનનો પ્રકાશ મુદલ નથી. અને મેળવી શકે તેમ પણ નથી. આયુષ્યની મર્યાદા પણ અસંખ્યાત અને અનન્ત ઉત્સર્પિણી તથા અવસર્પિણી પર્યન્તની છે. તેમ છતાં રાઘાવેધની સમાન. મનુષ્યાવતારમાં અવતરેલા જીવાત્માને. દર્શનાવરણીય કર્મના ક્ષયોપશમથી સામાન્યથી. એટલે નામ, ઠામ અને આકાર વિનાનું અચક્ષુદર્શન ચક્ષુદર્શન, અવધિદર્શનના વિષયભૂત સામાન્ય બોધરૂપ જ્ઞાન પ્રાપ્ત થાય છે.

સંસારની (કર્મસત્તાની) વિચિત્રતાને લઇ, આપણે સૌ અનુભવીએ છીએ કે, એક બાજુ પુણ્યકર્મના કારણે શ્રીમંતાઇ છે. રૂપસત્તા છે, જ્યારે બીજી બાજુ આંધળાપણું, એકાક્ષિપણું, કાણા, બાડાપણું, છેવટે પોતાની પડખે રહેલી વસ્તુને પણ ન જોઇ શકે તેટલી હદે આંખોની કમજોરી લઇને અવતરેલા છે. આમાં ચક્ષુદર્શનાવરણીય કર્મનું પ્રાધાન્ય સ્પષ્ટ દેખાઇ આવે છે અને અચક્ષુ દર્શનાવરણીય કર્મના કારણે મૂંગાપણું, બહેરાપણું, લંગડાપણું, ઠુંઠાપણું ઉપરાન્ત મનના કમજોર ગાંડા ફરેલા મિજાજના માનવો પણ દેખાય છે, ઇત્યાદિ પ્રસંગોને જોયા પછી જાણવાનું સરળ રહેશે કે કૃતકર્મો, કેટલા બધા તાકાતવાળા હોય છે. છતાં આષાઢ શ્રાવણ માસની નદીના જોરદાર વેગમાં ઘસડાતાં, ઘસડાતાં પત્થરો પણ ગોળાકારના ક્યાં નથી થતાં ? તેવી રીતે સંસારની માર ખાતાં જીવો પણ કોઇક ભવમાં જ્ઞાન અને દર્શન પ્રાપ્ત કરવા માટે સમર્થ બને છે. જ્ઞાનની વાત

પહેલા કહેવાઇ ગઇ છે હવે દર્શન માટે વિચારીએ.

જે જ્ઞાનમાં કોઈ જાતનો આકાર કે વિશેષણ ન હોય. તેને દર્શન કહેવાય છે. 'સામે કંઈક દેખાય છે' 'શું દેખાય છે ?' તેની ખબર નથી. પણ કંઇકને કંઇ છે. જરૂર આ જ્ઞાનને જૈન શાસને દર્શન રૂપે સંબોધ્યું છે. તે આત્માનો ગુણ હોવાથી પ્રમાણ છે. ઇન્દ્રિયો ભાવ અને દ્રવ્યરૂપે બે પ્રકારે છે. વિગ્રહ ગતિમાં કે અવિગ્રહગતિમાં જીવાત્માને ભાવેન્દ્રિયો અવશ્ય હોય છે. અને તેને અવરોધ કરનાર ભાવેન્દ્રિયાવરણીય કર્મ પણ સાથે જ હોય છે. જ્યારે દ્રવ્યેન્દ્રિયો વર્તમાનભવ પૂરતી જ હોય છે અને તેના આવરણીયકર્મો પણ સાથે હોય છે. ગાય વિના વાછરડું અને વાછરડા વિના ગાય રહેતી નથી. તેવી રીતે વાછરડા જેવા કર્મો પણ જીવાત્માના પ્રતિ પ્રદેશે બંધાયેલા છે, જોરદાર બંધાયેલા છે, તીવ્રરસ અને તીવ્રસ્થિતિમાં બંધાયેલા છે. કેટલાક નિકાચિત (ભોગવ્યા વિના ન છુટે) રૂપે અને કેટલાક અનિકાચિત રૂપે પણ બંધાયેલા છે.

આ બન્ને ઇન્દ્રિયો પ્રાય: કરી એક બીજાનો સહકાર ઇચ્છનારી હોવાથી. ભાવેન્દ્રિયાવરણીય કર્મોનો ક્ષયોપશમ હોય અને દ્રવ્યેન્દ્રિયોનો ઉપઘાત પણ થયો ન હોય તો ચક્ષુદર્શનની લબ્ધિ પ્રાપ્ત કરેલા જીવોને નિયત સ્થાનમાં રહેલા ઘટાદિ દ્રવ્યોમાં ચક્ષુદર્શન થતાં વાર લાગતી નથી.

આંખનો ડોળો, કાનમાં રહેલો પડદો જે પૌદ્ગલિક

છે. તેના પર કોઇક કારણે આઘાત લાગે ત્યારે બધુય બરાબર હોવા છતાં તે માણસ જોઇ શકતો નથી. સાંભળી શકતો નથી. જયારે બીજી બાજુ ભાવેન્દ્રિયની ક્ષયોપશમ લબ્ધિ ન હોવાના કારણે આંખ કાન બરાબર હોવા છતાં પણ તેના સ્પેશિયાલિસ્ટ ડાક્ટરો પણ સર્વથા નિષ્ફળ રહેવા પામે છે. માટે જ કર્મોની ગતિને ગહન કહી છે.

આપશ્રીએ જયારો આકાર અને વિકલ્પ રહિત જ્ઞાનને દર્શન રૂપે માન્યું છે. તો આંખેથી જોવાયેલો 'ઘટ' તો વિશેષ પ્રકારે જોવાઇ રહ્યો છે. તેનું શું ? જવાબમાં જણવાનું કે, જૈન તાર્કિકોએ સામાન્ય અને વિશેષમાં અભેદ માન્યો હોવાથી, સામાન્યથી વ્યતિરિક્ત વિશેષ અને વિશેષને છોડી સામાન્ય નામની કોઇ વસ્તુ છે જ નહીં, મતલબ કે વૈશેષિક દર્શનની જેમ સામાન્ય અને વિશેષ સર્વથા સ્વતંત્ર દ્રવ્યો છે જ નહીં. અથવા આ બન્નેને દ્રવ્ય સ્વરૂપે માનવાની જરૂર પણ નથી, કેમ કે, વસ્તુમાત્રના ઉત્પાદન સમયે જ ઘટમાં ઘટત્વ (સામાન્ય) અને રક્તત્વ (વિશેષ)નો વ્યવહાર થઇ જાય છે તથા ચક્ષુને છોડી શેષ ચારે ઇન્દ્રિયો અને મનને અચક્ષુદર્શનમાં સમાવિષ્ટ કર્યા છે, તેમાં પણ શ્રોત્રેન્દ્રિયાવરણીય ઘ્રાણેન્દ્રિયાવરણીય કર્મોનો ક્ષયોપશમ થાય, સાથોસાથ તે દ્રવ્યેન્દ્રિયોનો ઉપઘાત પણ ન થાય તો કાન, નાક, જીભ અને સ્પર્શ તથા મનની લબ્ધિઓના માલિક તે સાધકની બધી ઇન્દ્રિયો પોતપોતાના વિષયનું જ્ઞાન ઉપાર્જન કરાવવામાં શક્તિ સમ્પન્ન બનશે.

શેષ ઇન્દ્રિયોમાં ચક્ષુનો સમાવેશ ન કર્યો તેનું કારણ એક જ છે કે ચક્ષુ અપ્રાપ્યકારી છે. એટલે કે કોઇની પણ આંખ પદાર્થ પાસે, અથવા કોઇ પણ દૃશ્ય વસ્તુ આંખ પાસે આવતી નથી. માટે ચક્ષુ અપ્રાપ્યકારી છે. જ્યારે બીજી બધી ઇન્દ્રિયો પ્રાપ્યકારી છે. એટલે કે સંગીતનો અવાજ કાન પાસે ટકરાશે, લીંબુનો રસ જીભ સાથે સંબંધિત થશે, સુગન્ધ કે દુર્ગન્ધ નાક સાથે અને ચામડી સાથે બીજી વસ્તુનો સ્પર્શ થતાં તે તે ઇન્દ્રિયોના માધ્યમથી આત્માને જ્ઞાન થવા પામશે માટે આ ઇન્દ્રિયો પ્રાપ્યકારી છે. સારાંશ કે આ ઇન્દ્રિયોને એટલા માટે જ જ્ઞાનેન્દ્રિયો કહી છે. શ્રીખંડના વાટકામાં પડેલા ચમચાને શ્રીખંડનો રસાસ્વાદ કોઇ કાળે પણ થતો નથી. તેવી રીતે આંખથી જોવાય, કાનથી સંભલાય, જીભથી આસ્વાદાય, નાકથી સૂંઘાય કે ચામડીથી સ્પર્શાય પણ તેનું જ્ઞાનતો આત્માને જ થવાનું છે. અન્યથા ૪૦ વર્ષની ઉમ્રે અંધત્વ કે બધિરત્વને પ્રાપ્ત થયેલો માણસ તે પહેલાની બધીય વાતોનું વર્ણન તો બરાબર કહે છે. ત્યારે સમજવાનું સરળ રહેશે કે, જ્ઞાન સમ્પન્ન આત્મા જ ઇન્દ્રિયોના માધ્યમથી જ્ઞાન પ્રાપ્ત કહે છે. ઇન્દ્રિયો પુદ્ગલોથી બનેલી હોવાથી જડ છે.

અવધિદર્શનાવરણીય કર્મના ક્ષયોપશમથી પ્રાપ્ત થયેલું દર્શન, અવધિદર્શન કહેવાય છે. આ લબ્ધિ જેમને પ્રાપ્ત થયેલી હોય તે સાધક સર્વે રૂપીદ્રવ્યોને જાણે છે અને જુવે છે. પણ આ જ્ઞાન ક્ષાયોપશમિક હોવાથી શેષ

રહેલા એટલે સત્તામાં રહેલા અવધિદર્શના વરણીય કર્મોના કારણે દ્રવ્યગત અનન્તપર્યાયોને જાણવાની ક્ષમતા આ દર્શનમાં હોતી નથી. કહેવાયું છે કે, "આ દર્શન વસ્તુગત સંખ્યેય, અસંખ્યેય પર્યાપોને વિષય કરે છે. જયારે જઘન્યથી રૂપ, રસ, ગન્ધ અને સ્પર્શ રૂપે ચાર પર્યાયોને જ જાણે છે.

કેવળદર્શનાવરણીય કર્મનો ક્ષય થવાથી ઉત્પન્ન થતી કેવળદર્શનની લબ્ધિવાળો સાધક, સર્વે દ્રવ્યોને તથા તે દ્રવ્યના દશ્ય અદશ્ય પર્યાયોને સાક્ષાત્કાર કરે છે.

મનઃ પર્યવજ્ઞાન :-

સંજ્ઞી પંચેન્દ્રિય જીવો કોઇપણ વસ્તુનું ચિંતન મનથી કરે છે. ચિંતનના સમયે ચિંતનીય વસ્તુના ભેદ પ્રમાણે ચિંતનકાર્યમાં પ્રવર્તેલું મન ભિન્ન ભિન્ન આકૃતિઓને ધારણ કરે છે આ આકૃતિઓ એ જ મનના પર્યાય છે અને એ આકૃતિઓ સાક્ષાત મનઃ પર્યવજ્ઞાનથી જણાય છે અર્થાત્ આ જ્ઞાનથી ચિંતનશીલ મનની આકૃતિઓ જણાય છે ચિંતનીય વસ્તુ નહીં આમાં આકૃતિ એ વિશેષ હોવાથી આ જ્ઞાનમાં સામાન્ય બોધ જેવું હોતું નથી.

મનઃ પર્યવજ્ઞાન સદૈવ વિશેષ વસ્તુને જ ગ્રહણ કરે છે. સામાન્ય ને નહીં માટે આ જ્ઞાનને દર્શન કહ્યું નથી. જેમ કે, અવધિજ્ઞાન કેવળરૂપી દ્રવ્યને જ જાણવાની

ક્ષમતાવાળો હોવાથી તે ઘટને જોઇ શકે છે. પણ તે કેવા રંગનો છે ? તેને વિચારવાની તાકાત અવધિજ્ઞાનમાં નથી. જ્યારે મનઃ પર્યવજ્ઞાન માનસિક પરિણામોને જાણવાની ક્ષમતા રાખે છે. માટે આ જ્ઞાન વિશેષ પ્રકારે જ થાય છે.

ચારિત્ર ગુણપ્રમાણ :-

સામાયિક ચારિત્ર ગુણપ્રમાણ છેદોપસ્થાનીય ચારિત્રગુણ પ્રમાણ, પરિહાર વિશુદ્ધિ ચારિત્ર ગુણપ્રમાણ સૂક્ષ્મસમ્પરાય ચારિત્ર ગુણપ્રમાણ, અને યથાખ્યાત ચારિત્ર ગુણપ્રમાણ સ્વરૂપે સમ્યક્ચારિત્રના પાંચ પ્રકાર કહેવાયા છે.

ચારિત્ર એટલે શું ?

ચતુર્ગતિરૂપ સંસારવર્તી જીવમાત્રને કર્મવશ, મનોયોગ, વચનયોગ અને કાયયોગની વિદ્યમાનતા રહેલી જ છે. અને જ્યાં જ્યાં આ ત્રણે યોગો હોય છે. ત્યાં ત્યાં તેના વ્યાપારો પણ નકારી શકાતા નથી, પરન્તુ પ્રશ્ન આ છે કે વ્યાપાર કેવો કરવો ? મનુષ્યેતર સૃષ્ટિને માટે તો કંઇ પણ કહેવાનો અર્થ નથી. કારણ કે તેઓ કર્મોના ક્લેશોમાં ગળેડુબ થયેલા છે. યદ્યપિ મનુષ્યો પણ કર્મક્લેશોના કારણે વૃત્તિ (માનસિક વ્યાપારી) પ્રવૃત્તિ (શારીરિક વ્યાપારી) વાળા છે. તો પણ તેમની પાસે

મતિજ્ઞાનથી પ્રાપ્ત થયેલી સદ્‌બુદ્ધિ અને મતિજ્ઞાનાવરણીય કર્મના ઉદયે દુર્બુદ્ધિ વિશેષ પ્રકારે વિદ્યમાન છે. જેઓ મતિજ્ઞાનાવરણીય કર્મોના ભારી આત્મા છે તેમના માટે પણ કહેવાનો કંઇ પણ અર્થ નથી. જ્યારે થોડે ઘણે અંશે સદ્‌બુદ્ધિ, સદ્વિવેક અને સદુપયોગની પ્રાપ્તિ જેમને થઇ હશે ? તે ભાગ્યશાળીઓને જ વિચારવાનું છે કે ૮૪ લાખ જીવાયોનિમાં સર્વશ્રેષ્ઠ મનુષ્યાવતારને પ્રાપ્ત કર્યા પછી, મારે મદ-વચન અને કાયાથી પ્રવૃત્તિ, કરાવી જ હોય તો, નિંદનીય પ્રવૃત્તિ કે અનિંદનીય પ્રવૃત્તિ કરવી ? કેમ કે, ''એક ક્ષણને માટે પણ આત્મા કે મન પ્રવૃત્તિ વિના રહી શકવાનો નથી.

ખાનપાન, વ્યવહાર અને પુત્ર પરિવારાદિના ભરણ પોષણ માટે કંઇ પણ કરવાનું સર્વથા અનિવાર્ય હોવાથી તે તે કાર્યો સૌ કોઇને કરવાના રહે છે. છતાં પણ જ્યાં સુધી બની શકે ત્યાં સુધી સર્વથા નિંદનીય જેના કારણે માનવતા, દયા અને પરોપકારિતાદિ ગુણો મશ્કરી રૂપે બને તેવા હિંસક અને જૂઠથી પૂર્ણ પ્રવૃત્તિ ન કરે તે ઇચ્છનીય છે.

તે સિવાય બીજી ઘણી પ્રવૃત્તિઓ એવી છે જેના મૂળમાં મિથ્યાજ્ઞાન, મિથ્યાદર્શન, પૂર્વગ્રહ આદિ કામ કરતાં હોય છે. જેમ કે વારંવાર નદીઓમાં સ્નાન, પંચાગ્નિ તપ, ભાંગ, ગાંજા અને ચરસની ચલમો પીવી. તે ઉપરાન્ત સમજદારીમાં આવ્યા પછી પણ અતિશય લોભ વશ થઇને ૧૫ કર્માદાનના

વ્યાપારો, અનન્તકાય અને અભક્ષ્ય પદાર્થોના ભોજન કરવા આદિ કાર્યો નિંદનીય છે. અગમ્ય કારણોને લઇ કરવા પડે તે વાત જૂદી છે પણ તે કાર્યો, ભોજનો વ્યાપારો કરવા જ જોઇએ. આદિ વાતો ખોટી એટલા માટે છે કે, જીવાત્માને ધર્મનો રંગ વૈરાગ્યનો રંગ લાગ્યો નથી. તેમ નવા પાપોના દ્વાર બંધ કર્યા વિના અને જૂના પાપોને નાશ કર્યા વિના આત્મોન્નતિ નથી. આવું સત્યજ્ઞાન થયું ન હોવાથી માણસ મિથ્યાત્વ તરફ પ્રસ્થાન કરે છે.

સમ્યક્ચારિત્ર.

સમ્યગ્ વિશેષણ વિશિષ્ટ ચારિત્ર જ સમ્યક્ચારિત્ર કહેવાય છે. જે સમ્યગ્જ્ઞાન વડે નિંદનીય અને અનિંદનીય કાર્યો ખ્યાલમાં આવે અને સમ્યક્ચારિત્ર વડે નિંદનીય માર્ગનો ત્યાગ અને અનિંદનીય માર્ગનો સ્વીકાર કરવાનો ભાવ જાગે. તે ચારિત્ર છે. સર્વસાવદ્ય યોગની વિરતિ (ત્યાગ) કરવી તે ચારિત્ર છે, મતલબ કે દૈનિક, રાત્રિક, ક્રિયાઓમાં પૃથ્વીકાય, અપ્કાય, વાયુકાય, અગ્નિકાય અને વનસ્પતિ અને ત્રસકાયાદિ એકેય જીવના પ્રાણોને હાનિ ન પહોંચે તે ચારિત્ર છે. જેના સામાયિકાદિ પાંચ ભેદ છે.

(૧) સામાયિક
(૨) રાગદ્વેષની પ્રવૃત્તિમાં સમભાવે રહેવું.
(૩) નિંદક અને પ્રશંસક માનવો પ્રત્યે સમભાવે રહેવું.

(૪) પત્થર અને સુવર્ણ પ્રત્યેની માયાનો ત્યાગ કરવો. એટલે કે સુવર્ણને પત્થરની જેમ માનવો.
(૫) જેનાથી થોડે ઘણે અંશે પણ રાગ દ્વેષ, રતિ-અરતિ થાય તે માર્ગો, મિત્રો પુસ્તકો અને તેમનો સહવાસ પણ છોડી દેવો.

ઇત્યાદિ પ્રસંગોમાં સમભાવ કેળવવો તે સમાય છે. અને સ્વાર્થમાં 'ઇકણ્' પ્રત્યય આવવાથી સામાયિક શબ્દ બને છે. આ સામાયિકાદિ ચારિત્ર આત્માનો ગુણ હોવાથી ચારિત્રગુણ પ્રમાણ કહેવાય છે. સ્વલ્પકાળ પ્રમાણ અને જીવનના અન્તિમશ્વાસ પર્યંતની સામાયિકના પણ બે ભેદ છે. સાધક જ્યાં સુધી મહાવ્રતોનું ઉચ્ચારણ કરે નહીં ત્યાં સુધી તેનું સામાયિક અલ્પકાલીન કહેવાય છે. જે પ્રથમ અને ચરમ તીર્થંકરોના કાળ દરમ્યાન સાધુ - સાધ્વીઓને હોય છે. આજના વ્યવહારમાં જે કાચીદીક્ષા કહેવાય છે. આમાં પોતાના આત્માને ચારિત્રની ટ્રેનિંગ લેવાની હોય છે અને જ્યારે ખાત્રી થઇ જાય છે ત્યારે મહાવ્રતોનું ઉચ્ચારણ કરાવાય છે. જેને વડીદીક્ષા કહીએ છીએ. જેમાં યાવજ્જીવ એટલે કે જીવનના છેલ્લા શ્વાસ સુધી મહાવ્રતોની આરાધના કરવાની છે. આ ચારિત્ર છેદોપસ્થાપનીય નામે સંબોધાય છે. વધારાનું વિસ્તૃત વર્ણન એટલે શેષ ચારિત્રોનું સ્પષ્ટીકરણ મારા લખેલા ભગવતી સૂત્રોના ભાગમાંથી જાણવું.

નય પ્રમાણ

પ્રસ્થક, વસતિ અને પ્રદેશ દષ્ટાન્તથી નય ત્રણ પ્રકારે કહેવાયું છે. નયોની સ્પષ્ટ રૂપરેખા પહેલા ચર્ચાઇ ગઇ છે. માટે પ્રસ્તુત સૂત્રની પૂરતી જ ચર્ચા કરીશું અને તે પણ આ ત્રણેના ઉદાહરણોના માધ્યમથી સૂત્રકારે પણ આ રીતે જ ચર્ચા કરી છે.

નૈગમ, વ્યવહાર, સંગ્રહ, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત નામે નયોસાત પ્રકારે છે.

સંસારભરના માનવોની વ્યવહાર પદ્ધતિ બોલવાની પદ્ધતિ તેમ જ સૌના હૈયામાં રહેલા આશયો, અભિપ્રાયો અને તે આશયોને પ્રકાશિત કરવાની રીતભાત કોઇની પણ એક સમાન રહેતી નથી. વાત એક જ હોય પણ સૌ તે વાતને પોતપોતાના મતિજ્ઞાન પ્રમાણે સમજવાની અને સમજાવવાની પદ્ધતિનો આશ્રય લઇ ભાષાવ્યવહાર કરશે. યદ્યપિ કોઇની ભાષામાં આડંબર શબ્દાલંકાર હોય છે. તો બીજાની ભાષા સીધી સાદી હોય છે. તો પણ તેના અર્થને બીજો માનવ સમજી લે છે.

ટોપ પડી, ઘંટ વાગ્યો, મીલનો ભુંગરો વાગી રહ્યો છે. આ વાક્યોના શબ્દાર્થ સાથે કોઇને પણ લાગતું વલગતું નથી, પણ સૌને તેના ભાવાર્થ સાથે મતલબ રહેલો હોય છે કે નૌકરીમાંથી કે કામધંધામાંથી છુટ્ટી પડી (રિસેસ પડી)

નગરવાસિઓ સમજી જાય તે પ્રમાણે ૧૨ વાગ્યાના સમયનો નિર્ણય કરી ટોપ પડે, ઘંટ વાગે કે ભુંગરો બોલે. લોકો મજદુરો તત્કાળ છુટા થાય છે અને પોતપોતાના ઘરથી લાવેલા ભાથાના ડબા ખોલી ખાવા બેસી જાય છે. નયપદ્ધતિ પણ કંઇક આના જેવી જ છે, જેમ કે એક સુતારે પોતાના મનમાં પ્રસ્થ બનાવવાનો સંકલ્પ કર્યો... પ્રસ્થ એટલે જેમાં અમુક વજન પ્રમાણ ધાન્ય સમાઇ શકે તેને પ્રસ્થ કહેવાય છે. તે લોખંડનું, પીતલનું, કે લાકડાનું પણ હોઇ શકે છે. સુતારને લાકડાનું બનાવવું હતું તે માટે લાકડું પણ તેની પાસે નથી પણ મનમાં સંકલ્પિત શબ્દની વિવક્ષા કરીને ભાષા પ્રયોગ આ પ્રમાણે કરે છે. ખંભા પર કુહાડો મૂકી આ ભાઇ જંગળ તરફ જાય છે. તે સમયે બીજો કોઇ પૂછે છે કે, ''તમે ક્યાં જાઓ છો ?'' જવાબમાં સુતારે કહ્યું કે, '' પ્રસ્થ લેવા જઉં છું.'' જંગળમાં ગયો ઝાડને કાપવા લાગ્યો ત્યારે કોઇના પૂછવાથી જવાબ આપ્યો કે- 'હું પ્રસ્થ કાપી રહ્યો છું.' લાકડું કાપી ઘેર લાવ્યા પછી સુતાર તેને છોલવા લાગ્યો, ત્યારે કોઇએ તેને પૂછ્યું કે, '' શું છોલી રહ્યાં છો ?'' જવાબમાં કહ્યું કે, '' હું પ્રસ્થ છોલી રહ્યો છું. ત્યાર પછી પ્રસ્થક નિમિત્ત કાષ્ઠના મધ્ય ભાગને ખોદીને બહાર કાઢતાં જોયું અને પૂછ્યું કે, ''શું કરી રહ્યાં છો ?'' ત્યારે સુતારે કહ્યું કે, ''હું પ્રસ્થક ઉત્કીર્ણ કરૂં છું.'' તૈયાર થયા પછી તેના જવાબમાં કહ્યું કે, ''હું પ્રસ્થકના આકારને અંકિત

કરી રહ્યો છું. આ બધા પ્રશ્નો અને ઉત્તરો યદ્યપિ ગામડીઆ છે, તો પણ તેને સત્ય તરીકે જાણવા અને સમજવા એટલા માટે હિતાવહ છે કે વ્યવહારમાં બોલાતી ભાષા પણ લગભગ અસત્ય હોતી નથી. માટે સમ્યગ્જ્ઞાન એટલે, વસ્તુના સત્ય સ્વરૂપને સમજવામાં તેના યથાર્થનો નિર્ણય કરવો તે સમ્યગ્જ્ઞાન છે. ગામડીઆઓની ભાષાને અસભ્ય કહી તેની મશ્કરી કરનાર સમ્યગ્જ્ઞાન કેવી રીતે મેળવશે ?

યથાર્થદ્રષ્ટા, યથાર્થવાદી ભગવાન મહાવીરસ્વામીએ, તે સમયના ધર્મના ઝઘડાઓ તથા જૂદાજૂદા પાખંડો, મઠો અને વાતેવાતે ડંડાડંડી કરીને દેશ બરબાદ કરનારા પાખંડ તત્ત્વોને જોઇ લીધા પછી, તેમજ એક બાજુ દરેક પ્રસંગને તત્ત્વને 'જ' લગાડી વાતેવાતે તોફાનકરનારા ક્રિયાવાદિઓ, અક્રિયાવાદિઓ, અજ્ઞાનવાદિઓ, વિનયવાદિઓના કારણે ભારતદેશના અધિનાયકો, શ્રીમંતો તેમ જ મધ્યમવર્ગીઓની બુદ્ધિ સર્વથા અકિંચિત્કર બનવા પામી હતી, તે સમયે સ્યાદ્વાદના માધ્યમથી ભગવંતે કહ્યું કે, 'હે ભાગ્યશાલિઓ ! કોઇ પણ વાતને-ચર્ચાને અવળા માર્ગે લઇ જવા કરતાં સવળે માર્ગે તેનો નિર્ણય કરવાનું રાખશો તો તમે કંઇક ફાયદામાં રહેવા પામશો. 'તમારો દેવદત્ત ભાઇ ક્યાં ગયો છે ?' એમ તમને કોઇ પૂછે ત્યારે તમે કહેશો કે, 'તે દિલ્લી ગયો છે.' તમને પણ આટલી તો ખબર છે કે, મુંબઇ સેન્ટ્રલથી દિલ્લી જવાની

ગાડી ૪=30 મિનિટે ઉપડે છે અને તમને 3 વાગ્યે પૂછનાર પૂછે છે. તમારો ભાઇ હજી તો મુંબઇ સેન્ટ્રલ સ્ટેશનના પ્લેટફોર્મ પર બેઠો છે અને દિલ્લી જવાની ગાડી હજી તૈયાર પણ નથી અને પ્લેટફોર્મ પર આવી પણ નથી. છતાં મારો ભાઇ દિલ્લી ગયો છે. આવી રીતનો જવાબ શૌ કોઇ આપે છે. હું તમને પૂછું છું કે, આવા પ્રકારના ભાષા વ્યવહારને તમે જૂઠો માનવા જશો તો સંસારમાં સંવાદિતા કેવી રીતે ઉભી કરશો ? માટે વસ્તુને જોવામાં માપદંડ બદલી નાખો અને જે રીતે શાસ્ત્રોની ચર્ચા સંસારના વ્યવહાર સાથે બંધ બેસતી થાય, તે પદ્ધતિએ વિચારવાનું રાખશો તો તમારો માનવાવતાર, પંડિતાઇ વાફ્છટા આદિ લેખે લાગશે અને તેમ થતાં સમ્યગ્જ્ઞાન પણ પ્રાપ્ત કરી શકશો. જેથી વાતેવાતે વિતંડાવાદ, જીભાજોડી આદિ માનસિક પાપોમાંથી પણ તમે તમારી જાતને બચાવી શકશો.

બોલવાવાળાની અપેક્ષા સમજવી અને તેમાંથી સત્યતા તથા યથાર્થતા ગોતવી તે સ્યાદ્વાદ કહેવાય છે. ક્યારેક અનન્ત ધર્માત્મક પદાર્થમાંથી એક જ ધર્મનો નિર્ણય કરવાનો હોય ત્યારે નયવાદનો આશ્રય જ સીધો સાદો માર્ગ છે. હું પ્રસ્થક બનાવું તેવો સંકલ્પ સુતારે કર્યો છે અને તેના કારણે વિવક્ષિત પદાર્થ માટેના ભાષા વ્યવહારને આપણે જોઇ ગયા છીએ.

વસ્તુને જાણવાના ઘણા અભિપ્રાયો જે નયમાં હોય તે નૈગમ નય કહેવાય છે. 'નૈકેગમા: યસ્યસ: નૈગમ:' આના અવિશુદ્ધિ, વિશુદ્ધ અને વિશુદ્ધતર જેવા ઘણા ભેદો છે. સંકલ્પિત વિષય છે પ્રસ્થક બનાવવું. તેમાં વિવક્ષિત પર્યાયરૂપે માને છે. જે કે અત્યારે પ્રસ્થક પર્યાય સન્નિહિત નથી. ફક્ત સુતારના સંકલ્પમાં છે. એટલે કે મનમાં તે વિષે સંકલ્પ માત્ર સ્ફૂર્યો છે, જયારે જવાબ દેવાયો છે. નિષ્પન્ન થયેલા, પ્રસ્થકને માનીને, માટે સુતારનો અભિપ્રાય અવિશુદ્ધ નૈગમનયાયાનુસારી છે. કારણ કે પ્રસ્થક હજી કોઇ પણ અંશમાં ઉત્પન્ન થયો નથી તો પણ તેને લેવા માટે જઇ રહ્યો છે. તેથી કારણમાં કાર્યનો ઉપચાર કરી આ પ્રમાણે જવાબ આપ્યો છે. ગમે તે દેશના લોકવ્યવહારમાં આ જાતનો ભાષા વ્યવહાર જોવામાં આવે છે. જયારે કાષ્ઠને છેદે છે, તે વિશુદ્ધ નૈગમ નય છે. કેમ કે પ્રસ્થક પ્રત્યે છેદનક્રિયા આસન્ન કારણ છે. માટે અહીં પણ કારણમાં કાર્યનો ઉપચાર છે. જયારે પહેલાના જવાબમાં કાષ્ઠમાં અતિવ્યવહિતા હોવા બદલ થોડી પણ આસન્નતા હતી નહીં. જયારે બીજી વારના જવાબમાં આસન્નતા દેખાય છે. આ પ્રમાણે પૂર્વ પૂર્વની અપેક્ષાએ ઉત્તર ઉત્તરના જવાબોમાં વિશુદ્ધતા રહેલી છે. પ્રસ્થકને છોલવામાં વિશુદ્ધતર નૈગમ નય છે. પાછળના બે જવાબોમાં વિશુદ્ધતર નૈગમ નય જાણવા.

વ્યવહાર નય

આ નય લોકવ્યવહારની પ્રધાનતા વાળો છે. માટે પૂર્વોક્ત અવસ્થાઓમાં પ્રસ્થક શબ્દનો વ્યવહાર દેખાય છે. આ કારણે બન્ને નયો આ વિષયમાં તુલ્ય છે.

સંગ્રહ નય

સામાન્ય રૂપે સમસ્ત વસ્તુને ગ્રહણ કરતો હોવાથી જ્યારે તૈયાર થયેલ પ્રસ્થક, મેય એટલે ભરવાની વસ્તુઓથી પૂરિત થાય ત્યારે જ વસ્તુતઃ પ્રસ્થક શબ્દ વાચ્ય બને છે. માટે પૂર્વોક્ત બન્ને નયોથી આ નય શુદ્ધ છે.

ઋજુસૂત્ર નય

પ્રસ્થકને પ્રસ્થક રૂપે માને જ છે, પણ ધાન્યાદિક મેય પદાર્થો પણ પ્રસ્થક છે. આમ ઋજુસૂત્ર માને છે. કેમ કે આ નય ભૂત અને ભવિષ્ટ પર નજર કરતો નથી. પરન્તુ વર્તમાનને દૃષ્ટિગોચર કરે છે. એટલે કે, પ્રસ્થક પોતાના કાર્યમાં પ્રવૃત્ત થયેલ છે અને ધાન્યાદિક તેના વડે મપાઇ રહ્યાં છે, માટે આ નય વિશુદ્ધતર છે. જ્યારે શબ્દ નયો શબ્દ પ્રધાન હોવાથી શબ્દ પ્રમાણે જ અર્થોનો નિર્ણય કરે છે. આ ત્રણે નયોના મતમાં પ્રસ્થક સ્વરૂપના જ્ઞાનથી ઉપયુક્ત થયેલ જીવ પ્રસ્થક કહેવાય છે. કેમ કે આ નયો ભાવ પ્રધાન છે. શબ્દ જે અર્થમાં રહેલ હોય છે તેને જ માનનારા આ નયો છે. એટલેકે જે રીતે શબ્દ વ્યવસ્થિત

છે. તે રીતે જ અર્થને પ્રાપ્ત કરે છે.

વસતિ દષ્ટાન્ત

વસતિ એટલે રહેવું તેના દષ્ટાન્તથી નયોનો વિચાર આ પ્રમાણે કરવો, જેમ કે પાટલીપુત્રમાં રહેતા અમુક પુરૂષને એક માણસ પૂછે છે કે: 'આપશ્રી ક્યાં રહો છો ? ત્યારે અવિશુદ્ધ નૈગમનયનો મતાનુસારી જવાબ આપે છે કે, ''હું લોકમાં રહું છું'' પરન્તુ લોક અને અલોક રૂપે લોક બે પ્રકારે છે. અલોકમાં તો રહી શકાય નહીં ત્યારે ઉર્ધ્વલોક, અધોલોક અને તિર્યગ્લોકમાંથી આપશ્રી કયા લોકમાં રહો છો ? કેમ કે વિશુદ્ધ નૈગમનય અતિવ્યાપ્તિવાળું હોવાથી, લોકમાં રહું છું આ જવાબ ઠીક નથી લાગતો, માટે જવાબમાં કહ્યું કે, હું તિર્યક્લોકમાં રહું છું. વિશુદ્ધ નૈગમનય ફરીથી પૂછે છે, તિર્યક્લોકમાં પણ આપશ્રી જમ્બૂદ્વીપથી લઇ સ્વયંભૂરમણ સુધીના અસંખ્ય દ્વીપ સમુદ્રોમાં બધે સ્થાને રહો છો ? વિશુદ્ધ નૈગમ કહે છે કે, હું જમ્બૂદ્વીપમાં રહું છું. આ દ્વીપમાં પણ ભરતક્ષેત્ર, ઐરવતક્ષેત્ર, હૈમવતક્ષેત્ર, હૈરણ્યવતક્ષેત્ર, હરિવર્ષ, રમ્યક્વર્ષ, દેવકુરૂ, ઉત્તરકુરૂ પૂર્વમહાવિદેહ પશ્ચિમમહાવિદેહ આ બધાય ક્ષેત્રોમાં તમે રહો છો ? ત્યારે વિશુદ્ધતર નૈગમનય મતાનુસારી કહે છે, હું ભરતક્ષેત્રમાં રહું છું. ભરત ક્ષેત્રમાં પણ દક્ષિણાર્ધ અને ઉત્તરાર્ધ બે વિભાગ છે. તો તમે કયા ભરતમાં રહો છો ?

ત્યારે વિશુદ્ધતર નયવાદી દક્ષિણાર્ધ ભરતમાં રહેવાનું કહે છે. ગામ-નગર- આકર- ખેડ- કબ્બડ-મંડલ- દ્રોણમુખ આદિ સર્વેમાં રહો છો ? જવાબમાં કહે છે કે હું પાટલિપુત્રમાં દેવદત્તના ઘરે તેના પણ ગર્ભગૃહમાં રહું છું ઇત્યાદિ પ્રકારે ભાષાવ્યવહાર થાય છે અને તેમાં કોઇને પણ અજુગતું લાગતું નથી. નૈગમની જેમ વ્યવહારનયને પણ જાણવો. જ્યારે સંગ્રહનય આસન પર બેઠેલાને માને છે. ઋજુસૂત્ર આકાશ પ્રદેશમાં અવગાઢને માને છે. કારણ કે ગર્ભગૃહમાં પણ આસન પર બેઠો હશે, આસન પણ આકાશ પ્રદેશમાં રહે છે, જ્યારે; ત્રણે શબ્દનયો પોતાના આત્મભાવમાં રહેલાને માન્ય કરે છે.

પ્રદેશ દષ્ટાન્ત

જેનો બીજો વિભાગ ન થાય તે દ્રવ્યનો છેલ્લો દેશ તે પ્રદેશ જાણવો. તેને દષ્ટાન્ત રૂપે માનીને નયવાદે આ રીતે વિચારવાનું છે. નૈગમનયના મતે ધર્માસ્તિકાય પ્રદેશ, અધર્માસ્તિકાય પ્રદેશ, આકાશાસ્તિકાય પ્રદેશ, જીવાસ્તિકાય પ્રદેશ, સ્કન્ધ પ્રદેશ અને આ પાંચે દ્રવ્યોના બે પ્રદેશથી બનેલ દેશપ્રદેશ આ પ્રમાણે છ પ્રદેશ છે. આ નૈગમનયની માન્યતા છે. પણ આ સંગ્રહનયને મંજુર નથી, તર્ક આપતાં કહે છે કે નૈગમનયની છ પ્રદેશોની માન્યતા ઠીક નથી. કેમ કે ધર્માસ્તિકાયાદિ દ્રવ્યસંબંધી દેશનો જે

પ્રદેશ છે તે વસ્તુતઃ તે તે દ્રવ્યોનો જ પ્રદેશ મનાય છે. માટે છ પ્રદેશના સ્થાને તમારે પાંચ પ્રદેશો જ માનવા જોઇએ. જેમ મારા દાસે (નૌકરે) એક ગધેડો ખરીદ્યો. તે મારો જ કહેવાશે, કેમ કે દાસ મારો છે તો તેની વસ્તુઓ પણ મારી જ મનાય છે. તેમ પ્રદેશ પણ જે દ્રવ્યનો છે તે તેનો જ મનાતો હોવાથી પાંચ પ્રદેશની માન્યતા જ સંગત માન્યતા છે. સંગ્રહને જવાબ દેતો વ્યવહારનય આમ કહે છે. પાંચ માણસોનું અમુક એક દ્રવ્ય (સુવર્ણાદિ) સામાન્ય હોય તો તે પ્રમાણે પાંચે દ્રવ્યોનો એક પ્રદેશ સૌને માટે સામાન્ય હોય તો પાંચ પ્રદેશ માનવામાં વાંધો નથી. પણ તેવું નથી. માટે કહેવું જોઇએ કે પ્રદેશ પાંચ પ્રકારે છે. દ્રવ્યો જ્યારે પાંચ પ્રકારે છે તો પ્રદેશો પણ પાંચ પ્રકારે માનવા જોઇએ. આ રીતની નયવાદની ચર્ચા મૂળસૂત્રમાં ટીકામાં પણ સ્પષ્ટ છે, મતલબ કે બીજો કોઇ ધર્મને તિરસ્કાર્યા વિના પોતાની વાત કહેવી તે સુનય છે અને 'જ' લગાડીને બીજા ધર્મોનો તિરસ્કાર કરી પોતાની વાતને સિદ્ધ કરવી તે દુર્નય છે.

સંખ્યાપ્રમાણ એટલે શું ?

પ્રમાણાન્તર્ગત સંખ્યાની ચર્ચા આ પ્રમાણે જાણવી. જે નામ સંખ્યા, સ્થાપના સંખ્યા, દ્રવ્યસંખ્યા, ઔપમ્ય સંખ્યા, પરિમાણ સંખ્યા, જ્ઞાન સંખ્યા, ગણના સંખ્યા અને ભાવ સંખ્યા આ પ્રમાણે સંખ્યા શબ્દની ચર્ચા આઠે

પ્રકારે કરવામાં આવશે. જેનાથી વસ્તુ પરિછેદિત કરાય તેને સંખ્યા કહેવાય છે. સૂત્રમાં સંખ શબ્દ પડ્યો હોવાથી તેના સંખ્યા અને શંખ આ બન્ને અર્થો થાય છે. જેમ કે ગો શબ્દના પશુ, ભૂમિ, અપ વાણી, કિરણ આદિ અર્થો થાય છે. તેમ સંખના પણ સંખ્યા અને શંખ અર્થો સુસંગત છે. અર્થાત્ જેની જયાં ઉપયોગિતા હશે. ત્યાં બન્ને અર્થોની સમીક્ષા થશે. નામ અને સ્થાપના સંખ્યાનો નિક્ષેપ આવશ્યકની જેમ જાણવો. દ્રવ્યના જ્ઞ અને ભવ્યથી વ્યતિરિક્ત દ્રવ્યશંખના ત્રણ ભેદ છે. એક ભવિક, બદ્ધાયુષ્ક અને અભિમુખ નામગોત્ર જે જીવ પોતાના વર્તમાન ભવ (શરીર)ને છોડીને સીધેસીધો, દ્વીન્દ્રિયાન્તર્ગત શંખ યોનિમાં ઉત્પન્ન થાય. યદ્યપિ શંખના આયુષ્યનો બંધ કર્યો નથી. તો પણ ચાલુ ભવના જન્મદિનથી લઇ તે એક ભવિક શંખનો જીવ કહેવાશે. જે જીવે શંખપ્રાયોગ્ય આયુષ્ય કર્મ બાંધી લીધું હોય તે બદ્ધાયુષ્ક કહેવાશે. અને શંખભવને પ્રાપ્ત જન્તુઓને અવશ્ય જઘન્યથી અને ઉત્કૃષ્ટથી અન્તમુહૂર્ત માત્ર વ્યવધાન પછી શંખ નામકર્મનો ઉદય આવશે, તે દ્વીન્દ્રિય જાતિકર્મ નીચગોત્રકર્મ આદિ કર્મોને લઇને અભિમુખનામ શંખ કહેવાશે. આગળ જઇ આ ત્રણે પ્રકારના જીવો ભાવશંખમાં પરિણત થઇ જશે. આ ભેદ ભવ્ય અને જ્ઞ શરીરથી વ્યતિરિક્ત દ્રવ્યશંખનો જાણવો.

૨, ૩, ૪, ૫, ભવે શંખયોનિ પ્રાપ્ત કરનારને

દ્રવ્યશંખ એટલા માટે કહ્યું નથી કે, ભાવશંખ બનવામાં તેમને આટલા ભવોનો વ્યવધાન છે. તે કારણે એક ભવાદિને જ દ્રવ્યશંખત્વ કહેવાય છે. હવે આ જીવો કાળથી કેટલા સમય સુધી રહેશે ? જવાબમાં કહેવાયું છે યદિ પૃથ્વી આદિ કોઇક ભવમાં અન્તર્મુહૂર્ત જીવિત રહી પછી તરત જ શંખયોનિમાં ઉત્પન્ન થાય તે અન્તર્મુહૂર્ત શંખ કહેવાશે અને મત્સ્યાદિ ભવે પૂર્વ કોટિ જીવિત રહી શંખમાં ઉત્પન્ન થશે તે પૂર્વ કોટિ એકભવિક કહેવાશે. અહીં એટલું જાણવાનું અન્તર્મુહૂર્તથી હીન આયુ કોઇનું નથી માટે જઘન્યથી અન્તર્મુહૂર્ત કહેવાયું છે અને પૂર્વકોટિથી વધારે આયુષ્ય હોય તે અસંખ્યાત વર્ષ આયુષ્યવાળો હોવાથી દેવગતિમાં ઉત્પન્ન થશે. શંખમાં નહીં માટે ઉત્કૃષ્ટથી પૂર્વકોટિ કહેવાય છે. આયુષ્યકર્મનું બંધન અનુભૂયમાન આયુષ્યમાં જઘન્યથી અન્તર્મુહૂર્ત શેષ રહે ત્યારે અને ઉત્કૃષ્ટથી પૂર્વકોટિના ત્રીજ ભાગે આયુષ્યનું બંધન થાય છે. નિકટ ભવિષ્યના ક્ષણોમાં જ શંખમાં જન્મવું હોય તો જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી અન્તર્મુહૂર્ત કાળ જાણવો. ત્યાર પછી ભાવ શંખ બનશે.

નૈગમ, વ્યવહાર અને સંગ્રહનય સ્થૂળ દૃષ્ટિવાળા હોવાથી ત્રણે જાતના શંખને માન્ય કરે છે. આ દૃષ્ટિ કારણમાં કાર્યનો ઉપચાર કહે છે. જેમ કે ભવિષ્યમાં રાજકુમાર, રાજા બનશે માટે કુમારને પણ રાજા કહેવામાં વાંધો નથી. આ

ત્રણે નયોથી ઋજુસૂત્ર વિશુદ્ધ હોવાથી પ્રથમને છોડી બાકીના બેને સ્વીકારે છે. જ્યારે શબ્દનયો છેલ્લાનો સ્વીકાર કરે છે.

ઔપમ્ય સંખ્યા

ઔપમ્ય એટલે ઉપમા અને વસ્તુના પરિચ્છેદનું નામ સંખ્યા છે ઉપમા આપીને વસ્તુનો નિર્ણય કરવો અથવા તો ઉપમા પ્રધાન જે વસ્તુનો નિર્ણય હોય તે ઔપમ્ય સંખ્યા છે. જેના ચાર ભેદ છે.

(૧) સદ્વસ્તુ, સદ્વસ્તુની સાથે ઉપમિત કરવામાં આવે.
(૨) સદ્વસ્તુ, અસદ્વસ્તુની સાથે ઉપમિત કરાય.
(૩) અસદ્વસ્તુ, સદ્વસ્તુની સાથે ઉપમિત કરાય.
(૪) અસદ્વસ્તુ, અસદ્વસ્તુની સાથે ઉપમિત કરાય.

જે વસ્તુની સત્ કે અસત્ ઉપમા દેવાની હોય તે ઉપમાન છે અને સત્ કે અસત્ વસ્તુ વડે જેને ઉપમિત એટલે ઉપમા દેવાની હોય તે ઉપમેય જાણવો.

પ્રથમ ભંગમાં — તીર્થંકર પરમાત્મા ઉપમેય છે, તેમના વક્ષ:સ્થળ, બાહુ આદિ કોના જેવા છે ? તેને ઉપમિત (વિશેષિત) કરવા માટે ઉપમાનભૂત વસ્તુ કંઇ છે ? સારાંશ કે, ઉપમેય તીર્થંકર પરમાત્મા, કપાટાદિના ઉપમાનથી તેમનું સ્વરૂપ નિશ્ચિત થાય છે, તે ઔપમ્ય સંખ્યા છે. તીર્થંકરની છાતી કેવી છે ? તે નગરના મુખ્યદ્વારના કપાટ જેવી

વિશાલ, હાથ પરિઘ જેવા લાંબા અને મજબુત, વક્ષ:સ્થળ શ્રીવત્સ લાંછનથી યુક્ત, દુંદુભીના નાદ જેવો તેમનો ઘોષ છે અવાજ છે. અહીં તીર્થંકરોની છાતી હાથ વક્ષ:સ્થળ અને નિર્ઘોષને કપાટ, પરિઘ, શ્રીવત્સ અને દુંદુંભીની ઉપમા દેવામાં આવી છે. આમાં પરમાત્માની છાતી સદ્વસ્તુ છે અને કપાટાદિ પણ સત્ છે.

બીજા ભંગમાં - સદ્વસ્તુને અસદ્વસ્તુ સાથે ઉપમિત કરવાનો આ બીજા ભાગમાં દેવ, નારક, મનુષ્ય અને તિર્યચનું આયુષ્ય પલ્યોપન અને સાગરોપમ પ્રમાણ છે. આમાં નારકાદિનું આયુષ્ટ સદ્રૂપ છે અને પલ્યોપમાદિ અસદ્રૂપ છે કેમકે યોજન પ્રમાણ પલ્યમાં નાંખી દીધેલા બાળાગ્રોની પરિકલ્પના માત્રથી કલ્પિત છે. નારકાદિનું આયુષ્ય ઉપમેય છે. અને પલ્યોપમાદિ ઉપમાન છે. આ રીતે ઉપમા દેવાથી તેમનાં આયુષ્યનું મહત્વ વધી જાય છે. તે આ પ્રમાણે નરક ગતિનું આયુષ્ય ૩૩, સાગરોપમનું છે. સાગરોપમ એટલે ૧૦ કોડાકોડી પલ્યોપમ = ૧ સાગરોપમ કહેવાય છે. આવા ૩૩, સાગરોપમ આ વાતને સાંભલ્યા પછી ભવ્યાત્માને થાય કે હાય રે ! પાપો કરવાથી આટલા સાગરોપમો સુધી નરક ભૂમિમાં રહેવાનું ? આમ વિચાર કરતાં માણસ પાપોથી પાપ ભાવનાઓથી પાપ ચેષ્ટાઓથી ભયગ્રસ્ત થાય છે.

અસદ્ભૂત વસ્તુને સાથે ઉપમિત કરવાના ત્રીજ ભંગ

માટે જાણવાનું કે – હાડકાઓને ધ્રુજાવનારી અને શરીરને કમ્પાવનારી પૌષ માસની ઠંડી મોસમ પછી, ઋતુઓની રાણી જેવી વસન્તઋતુ આવે છે. જે બધી ઋતુઓમાં સૌને આનન્દ દાયક હોય છે. તે સમયે કુદરતની અચિન્ત્ય શક્તિના કારણે વૃક્ષોના જૂના પાંદડા જીર્ણશીર્ણ થઇ ખરવામાંડે છે, અને નવી કુંપલોનું આવાગમન થાય છે. અનિત્ય, વિનશ્વર અને ક્ષણિક સંસારના સંચાલનની આ વિચિત્રતા છે કે, સંસારની આંખે દેખાતી એકેયે વસ્તુ એકજ રંગમાં સ્થિતિમાં કે રૂપમાં કોઇ કાળે એક સમાન રહેવા પામતી નથી. માટે જ કહેવાયું છે કે શરીર અને તેની માયા અનિત્ય છે, વૈભવ એટલે યુવાવસ્થા, ગુલાબી ચેહરા, અને શ્રીમંતાઇ પણ શાશ્વતી નથી પણ વિજળીના ચમકારા જેવી છે, યમરાજની સવારી અથવા આયુષ્ય કર્મની મર્યાદાનો અન્ત રાહ જોઇને જ બેઠો છે માટે ધર્મ ભાવના ધાર્મિક જીવન સત્યમયી અને સદાચારી સમ્પન્ન યુવાવસ્થા જ શશ્વતી છે. એટલે કે જીવનને અમૃત તત્વ અપાવનારી છે, અન્યથા કવિઓની કલ્પનાનું અમૃત ગોતવા છતાં પણ ક્યારેય અને ક્યાંયથી પણ મળવાનું નથી.

બ્રાહ્મણ સૂત્રોમાં પણ ઇન્દ્રો બ્રહ્માઓ, ઢગળબંધ થયા અને મર્યા છે. તે ઓના નશીબમાં પણ અમૃત પાન હતું નહીં તો આપણ જેવાની શી વાત કરવાની ? માટે કવિઓની કલ્પનાના ચક્રાવે ચઢી, અમૃતને ગોતવામાં, કામધેનુને

મેળવવામાં, ચિંતામણિને પ્રાપ્ત કરવામાં કે નાગના માથાપર રહેલા મણિને મેળવવામાં, મંત્રજાપ કરવામાં કવિઓના વિશ્વાસે જીન્દગીને બરબાદ કરશો નહીં. છતાં આ વસ્તુઓના સત્યાર્થને મેળવવો હોય તો લબ્ધિભંડાર ગૌતમસ્વામીના ચરણોજ અમૃત છે. અને જૈન શાસન ચિંતામણિ તુલ્ય છે.

હવે આપણે તૃતિય ભંગનું સ્વરૂપ જણીએ. વસન્ત ઋતુ સમયે પીપલ વૃક્ષના પાંદડાઓ પોતાના મૂળસ્થાનથી જીર્ણશીર્ણ થઇને નીચે પડ્યા અને ધૂળમાં રગદોલાઇ ગયા. સાથે સાથે વૃક્ષને જાણે નવું જીવન આવી ગયું હોય, આવેલા નવા પાંદડાઓનું વર્ણન કરતા ટીકાકાર કહે છે કે અભિનવ, કમનીય કામિનીના કરતળના સ્પર્શ જેવા મુલાયમ, આંખોને ગમીજાય હૃદયને આનન્દિત કરે તેવા મુલાયમ પાંદડા જાણે ! ખડખડ હસતા હોય તેવા શોભી રહ્યા છે. તે સમયે ધૂળમાં ધૂસરિત થયેલા અને જાણે પોતાની દયનીય દશાને રોતાં હોય તેમ જૂના પાંદડાઓ નવા આવેલા પાંદડાઓને ઉપદેશ આપતા કહે છે કે, આ વૃક્ષ પર જેવા તમે આજે શોભી રહ્યા છો. તેવા અમે પણ એક દિવસે તમારી જેમ હસતા હતાં પણ કર્મોની કઠિનાઇના કારણે આજે અમારી આ દશા થવા પામી છે.

બન્ધુઓ સમજી લેજો કે તમે આજે જેવા છો આવતી કાળે અમારી જેવાજ થઇ જવાના છો. માટે અમારી ગરીબાઇ પર દીનવસ્થાપર શા માટે હસી રહ્યા છો. કેમકે આવતી

કાળ તો તમારા માટે પણ આવવાની છે. ઋદ્ધિ સમૃદ્ધિમાં છલકાઇ જવું તથા દીન દુ:ખી અને અનાથોને જોઇ હસવું તો સારૂ નથી. આગમ સૂત્રની આ પ્રાકૃત ગાથાને ગુતરાતી કવિએ અનુવાદિત કરી કહ્યું કે.

''પીપલ પાન ખરતાં, હસતી કંપલીય
અમવીતી તુમ વીતશે ઘીમી બાપલીયા''

કથાનો ઉપનય આ છે કે વૃક્ષના પાંદડાઓ યદ્યપિ એકેન્દ્રિય હોવાથી તેમને જીભ નથી માટે બોલી શકે તેમ નથી જ. તો પણ ઉપમા - ઉપમેય ભાવને સૂત્રકાર સમજાવે છે કે આ સંસાર સૌ ને માટે કાચની બંગડી જેવો છે.

ઋદ્ધિ સમૃદ્ધિ વિજળીના ચમકારા જેવી છે. કાયાની માયા નાગણ જેવી છે. મદમાતું રૂપાળું શરીર પાણીના પરપોટા જેવું છે. સત્તા પીપલના પાન જેવી છે માટે સમજી લેજે કે એક સરખી દશા, યુવાની, ચમકતી કાયા, શ્રીમંતાઇની સ્થિરતા કોઇની પણ રહી નથી. માટે સંસારની વિનશ્વર માયાને શણગારવા કરતા આત્માને શણગારવાનું રાખશો. અહીં જીર્ણશીર્ણ પાંદડા ઉપમેય છે અને કિશલય (નવાપાંદડા) ઉપમાન છે.

ચતુર્થ ભંગ- અસદ્‌ભૂતને અસદ્‌ભૂતની ઉપમા જેમકે ગધેડાને સીંગનો અભાવ છે. તે સૌ કોઇ જાણે છે. તેમ સમલાને પણ સીંગ નથી છતાં તેમ કહી શકીએ છીએ. ગધેડાના સિંગ કેવા ? જવાબમાં સસલાના સિંગ જેવા બન્ને અસદ્‌ભૂત હોવા છતા ઉપમા ઉપમેય ભાવને વાંધો નથી.

પરિમાણ સંખ્યા

પરિમાણ પર્યવાદિ એટલે જેના વડે નિર્ણય થાય તે સંખ્યા છે. પર્યવાદિ સંખ્યા પરિમાણ સંખ્યા તે કાલિકશ્રુત અને દૃષ્ટિવાદ વિષયક ભેદ છે. મતલબ કે પર્યવાદિ સ્વરૂપ વડે પરિમાણ વિશેષથી કાલિક શ્રુતનો નિર્ણય કરવો તે પરિમાણ સંખ્યાનો ભાવ છે. પર્યવ (પર્યાય - ધર્મ) તદ્રૂપસંખ્યા, તે કાલિકાશ્રુતમાં અનન્ત પર્યાયાત્મિક જાણવી કેમકે એકએક અકારાદિ અક્ષર તેનો વાચ્ય જીવાદિ વસ્તુઓના પ્રત્યેકના અનન્ત પર્યાયો જાણવા તો પણ અકારાદિ અક્ષરો સંખ્યેય કહ્યા છે.

દ્વયાદિ અક્ષર સંયોગરૂપ સંઘાતો પણ સંખ્યેય છે. સિપ્રત્યય અને તિવાદિ અન્તવાળા પદોપણ સંખ્યેય છે. ગાથાદિનો ચતુર્થાંશ પાદ પણ સંખ્યેય છે. શ્લોકો પણ સંખ્યેય છે. છન્દો વિશેષ રૂપ ગાથાઓ સંખ્યેય છે.

નિક્ષેપ - નિર્યુક્તિ, ઉપોદ્ઘાત નિર્યુક્તિ અને સૂત્રસ્પર્શક નિર્યુક્તિ આ ત્રણ પ્રકારની નિર્યુક્તિઓ તેની વ્યાખ્યા અનુયોગ દ્વાર અધ્યયનો શ્રુતસ્કન્ધો આદિ સંખ્યે અંગવાળા છે. તેવી રીતે દૃષ્ટિવાદ પણ નર્યવ સંખ્યાથી અનુયોગદ્વાર પ્રાભૃત, પ્રાભૃત પ્રાભૃત વસ્તુ સંખ્યાસુધી જાણવો.

જ્ઞાન સંખ્યા - જે માણસ જે શબ્દને જાણે તે જ્ઞાન સંખ્યા છે. જેમ શબ્દને જાણે તે શાબ્દિક (વૈયાકરણી) ગણિતને જાણતે ગણક (જ્યોતિષી) નિમિત્તને જાણે તે

નૈમિતિક કાળને જાણે તે કાળજ્ઞાની વૈદ્યકને જાણે તે વૈદ્ય *આદિ જ્ઞાન સંખ્યા છે.*

ગણણ સંખ્યા

ગણવાની સંખ્યામાં એકની સંખ્યા જાણવી નહીં કેમકે એક ઘટને જોયો તો ઓ ઘટ છે તેમ સમજી જવાય છે. લેવડ દેવડમાં પણ એક રૂપીઓ સંખ્યા રૂપે ગણાતો નથી આ કારણે બે થી લઇ સંખ્યાની ગણત્રી થાય છે તે સંખ્યેય - અસંખ્યેય અને અનન્તરૂપે ત્રણ પ્રકારે છે. તેમાં કોઇ વસ્તુ સંખ્યેય રૂપમાં છે બીજા અસંખ્યયેય રૂપમાં અને છેવટે અનન્ત રૂપમાં પણ હોઇ શકે છે. તેમાં જે સંખ્યેય છે તેના જઘન્ય ઉત્કૃષ્ટ અને અજઘન્ય અનુત્કૃષ્ટરૂપે ત્રણ ભેદ છે. સારાંશ કે સંખ્યેય પણ જઘન્યથી તેનું પ્રમાણ કેટલું ? ઉત્કૃષ્ટથી કેટલું અને તે બન્નેની વચ્ચેનું પ્રમાણ કેટલું ?

જે અસંખ્યેય છે તે પરિત્ત અસંખ્યેય. યુક્ત અસંખ્યેય અને અસંખ્યેયા સંખ્યેય રૂપે ત્રણ ભેદે છે તેમાં એક એકના જઘન્ય ઉત્કૃષ્ટ અને અજઘન્ય અનુત્કૃષ્ટ રૂપે ગણતા નવ ભેદ થયા આ પ્રમાણે અનન્તના પણ અસંખ્યાત જેમ અનન્ત પણ નવ ભેદે પરિત્તાનન્ત, યુક્તાનન્ત અને અનન્તાન્તકમ્, તેમાં પણ જઘન્ય અને અજઘન્યોત્કૃષ્ટ રૂપે બે ભેદે છે. માટે આના જઘન્ય - અજઘન્યોત્કૃષ્ટ રૂપ આઠભેદ કઇ રીતે થયા. હવે આમાં પણ જઘન્યથી સંખ્યેયની બે સંખ્યા અને ત્રણ ચાર

આદિન્યોત્કૃષ્ટમાં લેવી ક્યાંસુધી ? તો કહે છે કે જ્યાંસુધી ઉત્કૃષ્ટથી સંખ્યેય એટલે સંખ્યેયનો અંત, અસંખ્યેયનો અંત અને અનન્તનો પણ અંત આ કઇ રીતે.

જૈન શાસ્ત્રની આ ગણત્રી અતિસૂક્ષ્મ છે. જે બીજે ક્યાંય નથી શીર્ષ પ્રહેલિકા કરતાં પણ ઘણી વધારે સૂક્ષ્મ છે.

ઉત્કૃષ્ટસંખ્યાંતુ

જંબૂદ્વીપ પ્રમાણ ૧ લાખ યોજન

પ્યાલા ચાર ૧૦૦૦યોજન ઉંડા વેદિકા સહિત શિલા સુધી સરસવના દાણાથી ભરેલો પ્રથમ પ્યાલો જેમાંથી એક એક દાણો દ્વીપ - સમુદ્રમાં નાખતા જ્યાં ખાલી થાય તે દ્વીપ સમુદ્ર પ્રમાણ અનવસ્થિત પ્યાલાની કલ્પના કરી પુનઃ સરસવથી ભરી ઉપર મૂજબ એક એક દાણો નાખતાં જ્યાં ખાલી થાય તે દ્વીપ યા સમુદ્ર પ્રમાણ પુનઃ કલ્પવો અને બીજા શલાકા પ્યાલામાં દાણો-૧ નાખવો આમ પહેલો પ્યાલો ખાલી થતાં બીજા પાલામાં એક દાણો નાખતાં તે પૂર્ણ થાય એટલે બીજો ખાલી કરવો તે ખાલી થતાં ત્રીજા પાલામાં એક દાણો નાખવો. આમ પહેલા પાલાથી બીજો પાલો ભરવો બીજો ખાલી થતાં એકેક દાણો ત્રીજામાં નાખી ત્રીજો ભરવો. ત્રીજો ભરાઇ જતાં તે ખાલી કરી એકેક દાણો ચોથા પ્યાલામાં નાખી તે ભરવો ચોથો પ્યાલો ભરાયા પછી ભરાયેલો રાખવો પછી ત્રીજો પ્યાલો ભરાતાં તે ભરેલો રાખવો પછી બીજા પાલો ભરાતાં તે ભરેલો રાખવો અને છેલ્લો

અનવસ્થિત જયાં ખાલી થયો હોય તે દ્વીપ સમુદ્રના માપ પ્રમાણે કલ્પી તે ભરવો આમ ચાર પ્યાલાના સરસવનો ઢગલો અને ત્રણ પ્યાલા દ્વારા દ્વીપ- સુમુદ્રમાં નાખેલા સરસવનો સાથે ઢગલો કરી એક દાણો ઓછો કરવો તે ઉત્કૃષ્ટ સંખ્યાતું જાણવું.

ભાવ શંખ

આયુષ્ય તથા પ્રાણાદિને ધારણ કરનારા, શંખગતિ શંખનામ અને ગોત્ર આદિથી તિર્યંચ ગતિમાં રહેનારા દ્વીન્દ્રિયાદિ જાતિ, ઔદારિક શરીર અને અંગોપાંગ તથા નીચ ગોત્રના લક્ષણ યુક્ત ગોત્ર કર્મને વેદનારા જીવો ભાવશંખ કહેવાય છે.

આ પ્રમાણે પ્રમાણદ્વાર પૂર્ણ થયું અને ક્રમ પ્રાપ્ત વક્તવ્યતા દ્વારની ચર્ચા કરાશે.

વક્તવ્યતા એટલે શું ?

જયાં સંભાવના દેખાય, ત્યાં અધ્યયનાદિમાં સ્થિત પ્રતિ અધ્યયનનો અર્થાત્ શાસ્ત્ર વચનનો જે અર્થ થતો હોય તેનું કથન કરવું વ્યાખ્યાન કરવું તેને વક્તવ્યતા કહેવાય છે. જે સ્વસમય વક્તવ્યતા, પરસમયવક્તવ્યતા અને સ્વપરસમય વક્તવ્યતા રૂપે ત્રણ ભેદે છે. આ વિષયને સ્પષ્ટ કરીએ.

(૧) સ્વસમય વક્તવ્યતા - સમયનો અર્થ સિદ્ધાન્ત છે તેનું કથન કરવું, જેમકે ધર્માસ્તિકાયાદિ

અસ્તિકાયો પાંચ જ છે. અસ્તિ એટલે પ્રદેશ અને કાય એટલે સમૂહ અર્થાત્ પ્રદેશોનો સમૂહ તે અસ્તિકાય છે, કેવળ કાળ દ્રવ્યનિરંશ હોવાથી તે અસ્તિકાય સમ્પન્ન નથી. સંસારમા, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય અને પુદ્ગલાસ્તિકાયથી અતિરિક્ત બીજે એકેય પદાર્થ નથી. ધર્માસ્તિકાયનું લક્ષણ ગતિ સહાયક છે. અધર્માસ્તિકાય અધર્માસ્તિકાયનું સ્થિર લક્ષણ, આકાશાસ્તિકાયનું અવગાહન લક્ષણ, પુદ્ગલાસ્તિકાયનું જીર્ણાદિ લક્ષણ, અને જીવાસ્તિકાય ઉપયોગ લક્ષણ યુક્ત છે. પોતપોતાના લક્ષણો વડે દ્રવ્યોની વિદ્યમાનતા સિદ્ધ થાય છે.

પ્રરૂપણા - અર્થાત્ તે દ્રવ્યોમાં આકાશાસ્તિકાય અનંત પ્રદેશ સંપન્ન શેષ દ્રવ્યો અસંખ્યાત પ્રદેશ સંપન્ન છે. દષ્ટાંતથી માછલાઓને ગતિમાં સહાયક જલ છે. જીવ અને પુદ્ગલોની ગતિ - આગતિ ભાષા મન-વચન અને કાયાના યોગ આદિ ચેષ્ટાઓમાં ધર્માસ્તિકાયનો પ્રભાવ છે. આ રીતે સિદ્ધાન્ત ને બાધ ન થાય તે રીતે બીજા દ્રવ્યોની પણ વ્યાખ્યા પોતાની બુદ્ધિ પ્રમાણે કરવી. તે સ્વસમય વક્તવ્યતા છે. પર સમય વક્તવ્યતા જેમાં પરસમયની વ્યાખ્યા થાય. તે પરસમય વક્તવ્યતા છે, જેમકે - સૂત્રકૃતાંગ સૂત્રમાં લોકાયત મતની(ચાર્વાકા મતની) વ્યાખ્યા આ પ્રમાણે કરવામાં આવી છે. "લોકમા પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને આકાશ નામે પાંચ મહાભૂતો છે.

જે સમસ્ત લોકમાં વ્યાપક હોવાથી મહાભૂત કહેવાય છે. આ પાંચ ભૂતોને છોડી જીવ નામક સ્વતંત્ર દ્રવ્ય નથી પાણીમાં કાંકરી નાખતાં જેમ પરપોટો થાય છે. ગોળ ને સડાવ્યે શરાબ થાય છે. તેવી રીતે સ્ત્રીની કુક્ષિમાં પાંચ મહાભૂતો ભેગા મળતાં પરપોટાની જેમ અથવા મદશક્તિની જેમ ચૈતન્ય (જીવ) ઉત્પન્ન થાય છે. માટે મરી ગયા પછી પરલોકમાં જવાવાળો કોઇ નથી. પરપોટો ફૂટે અને પાણીમાં મળી જાય તેમ પંચમહાભૂતોના વિનાશ સાથે. જીવનો વિનાશ થાય છે, કેમકે ભૂતો અને જીવ એકજ છે. આ પ્રમાણેની વાતો લોકાયત મતમાં પ્રતિપાદન થયેલી હોવાથી પરસમય વક્તવ્યતા જાણવી. આ સિદ્ધાન્ત જૈન શાસનને માન્ય નથી.

સ્વપર સમય વક્તવ્યતા - જેમકે ઘરમાં રહેતા ગૃહસ્થી અરણ્યમાં વસતો તાપસાદિ, પ્રવ્રજિત થયેલા બુદ્ધ આદિના સાધુઓનું કથન છે કે, આમારા મતને સ્વીકારનારાઓ સમ્પૂર્ણ દુઃખોથી મુક્ત થાય છે. આ વાતને સાંખ્યાદિ કહે તો પરસમય જાણવો અને જૈનો કહેતો સ્વસમય અર્થાત્ - ગૃહસ્થો કે સાધુઓ યદિ જૈનત્વ સમ્પન્ન જૈન શાસન ને સ્વીકાર કરે તો, સમ્પૂર્ણ દુઃખોનો નાશ કરનારા થાય છે.

નયો વડે આ ત્રણેની વિચારણા

નૈગમ અને વ્યવહાર નય, ત્રણે પ્રકારની વક્તવ્યતાને માન્ય કરે છે, કેમ કે નૈગમનય અતિ વિશાલ હોવાથી વસ્તુને સ્વીકારવામાં તેની પાસે ઘણા ગમ એટલે પ્રકાર છે, જયારે વ્યવહારનય લોકમાં જેવા પ્રકારનો

વ્યવહાર હોય તેને સંબંધિત કરનારા હોવાથી તથા લોકમાં બધા પ્રકારો રૂઢ હોવાથી તેના મતે ત્રણ પ્રકારની વક્તવ્યતા માન્ય છે. જ્યારે ઋજુસૂત્રનય વિશુદ્ધતર હોવાથી સ્વસમય અને પર સમયની વક્તવ્યતાને માન્ય કરે છે. ત્રીજી વક્તવ્યતાને માટે તે કહે છે કે, જે સ્વસમય વક્તવ્યતા છે તે તેમાં એટલે સ્વસમયમાં અન્તર્ગત છે અને પરસમય વક્તવ્યતા તે પરસમયમાં પ્રવિષ્ટ હોવાથી ત્રીજીને સ્વતંત્ર માનવાની જરૂરત નથી. સૂત્રોની ગતિ વિચિત્ર હોવાથી સંગ્રહ નયનો જૂદો ગણ્યો નથી. જ્યારે શબ્દનયો શુદ્ધતમ હોવાથી કેવળ સ્વસમય વક્તવ્યતાને જ માને છે. બીજી બે ને માનવા તૈયાર નથી અથવા પરસમય વક્તવ્યતા નામની કોઇ વસ્તુ છે જ નહીં.

સૂત્રકાર જ્યારે પર સમય વક્તવ્યતા અને સ્વપર સમય વક્તવ્યતાને માન્ય કરે છે. ત્યારે શબ્દ નયોને અમાન્ય કરવાની જરૂરત શા માટે પડી ? જવાબમાં જાણવાનું કે સૂત્રકાર ઉદારમના હોવાથી તેમાં પણ પ્રસ્તુત સૂત્ર નવા નિશાળિયા જેવા શિષ્યોને જૈન શાસનમાં દૃઢ કરવાને માટે પ્રતિજ્ઞાબદ્ધ હોવાથી એક વાતને જૂદા જૂદા પ્રકારે પણ માનવાની શક્યતા નકારી શકાતી નથી. પરન્તુ સિદ્ધાન્તની યથાર્થતા સુધી પહોંચડાવાનું કામ તો ટીકાકારનો છે. અને ટીકાકાર પણ સિદ્ધાન્ત માન્ય વસ્તુ સ્થિતિને કહેનારા હોય છે. અથવા સૂત્રકાર પોતે ઉદાર હોવા છતાં પણ સ્વસમયમાં ચૂસ્ત હોવાથી વ્યવહાર નયે વસ્તુનો નિર્દેશ કરી, પાછી લાલબત્તી પણ બતાવી શકવામાં પૂર્ણ સાવધાન હોય છે.

પદાર્થમાત્રમાં સ્થૂળતા અને સૂક્ષ્મતા સ્વત: રહેલી જ છે, માત્ર વિચારકની વિચાર દષ્ટિ કેવી છે ? તે જોવાનું છે, અથવા સૂક્ષ્મજ્ઞાન પ્રાપ્ત કરવામાં અને હેયનો ત્યાગ કરી ઉપાદેયતત્વની પ્રાપ્તિ કરવામાં પ્રસંગાનુંસાર નૈગમનયથી પણ વિચાર કરવાનો રહે છે અને આજ વાતને બીજા પ્રસંગે એવંભૂતનયે પણ વિચારવાની રહે છે. આ કારણે જ પ્રથમના ચાર નયો અર્થ પ્રધાન હોવાથી થોડી વિશાળ દષ્ટિ રાખનારા છે. જયારે પાછળના ત્રણનયો શબ્દ પ્રધાનતાવાળા હોવાથી. તેમને તે વાત મંજુર ન હોય તે દેખીતી વાત છે. શબ્દ નયોનું મન્તવ્ય છે કે, પદાર્થ જે શબ્દથી બોલાતો હોય તેના મૂળસુધી સાધકને પહોંચાડીને ઠેઠ એવંભૂતનય સુધી પહોંચાડીને સ્થિર કરી દે છે.

દ્રવ્યહિંસા અને ભાવહિંસા જે આપણા આત્માના પ્રતિ પ્રદેશમાં અનાદિકાળથી સ્થાન જમાવી ને બેઠી છે. નયવાદો જ તમને બંન્ને હિંસામાંથી બહાર લાવીને ભાવ અહિંસકની સ્ટેજપર લાવીને મૂકી દેશે.

સ્વસમય વક્તવ્યતાને સિદ્ધ કરી પર સમય વક્તવ્યતાનું ખંડન કરવા માટે સૂત્રકારે જે પદો મૂક્યા છે. તે આ પ્રમાણે છે.

अणट्ठे, अहेऊ, असब्भावे, अकिरिए, उम्मग्गे, अणुवएसे, मिच्छादंसण मिति कट्टु (સુત્ર ૧૫૧)

આ પદોને કંઇક વિસ્તારથી ચર્ચીએ.

(૧) અણટ્ટે - એટલે અનર્થક, પરસમયની વક્તવ્યતા

અનર્થ છે. પરસમય એટલે જૈન શાસનથી વ્યતિરિક્ત શાસન, ધર્મ, દર્શન, અનર્થક છે. અર્થાત્ અર્થ વિનાના હોવાથી પર સમય વક્તવ્યતાને માનવાથી કંઇ પણ અર્થ સરવાનો નથી. ''આત્મા નથી જ'' આ પ્રમાણે સૌને માટે સ્વવિદિત આત્માનો પ્રતિષેધ કરવાથી તેમની વક્તવ્યતા અર્થભૂત શી રીતે હોઇ શકે ? જૈનાચાર્યો તેમને પૂછે છે કે ! તમારે ત્યાં આત્માનો સર્વથા અભાવ જ હોય તો ગધેડાના સીંગની જેમ તેનો પ્રતિષેધ કરવાનો અર્થ કયો ? કેમકે તમારા મતે આત્મા નથી. તાર્કિકોએ કહ્યું કે શરીરમાં હું નથી આ ચિંતવન જ આત્માને સિદ્ધ કરે છે. કેમકે 'શરીર' જૂદી વસ્તુ છે અને 'હું' જૂદી વસ્તુ છે. આ વાક્ય જ દ્રાવિડન્યાયે પણ સિદ્ધ કરે છે કે 'હું' એટલે જ આત્મા બીજી વાત આ છે કે વસ્તુ સર્વથા અવિદ્યમાન હોય તે માટે શંકા પણ કોઇને થતી નથી, જેમકે ગધેડાને સીંગ છે કે નહીં આવી શંકા આજ સુધી કોઇને પણ થઇ નથી. જયારે આત્મા છે કે નહીં ? તેવી શંકા જયારે થાય છે તેનું કારણ આટલું જ છે કે દુનિયા ભરના પંડિત મહાપંડિત, તાર્કિક, નાસ્તિક, આસ્તિક સૌને માટે 'આત્મા સ્વવિદિત છે.'' ખૂબ જાણી લેવાનું છે કે, તર્કો એક વસ્તુ છે. સિદ્ધાન્ત બીજી વાત છે અને સ્વાનુભવ સર્વથા જૂદી વાત છે.

આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ, આ ચારે સંજ્ઞાઓ જેને હોય તે બધાય જીવાત્માઓ જ હોય છે. કારણ કે,

'જીવ નથી, આત્મા નથી પરભવ નથી પુણ્ય કે પાપ કશું નથી, આમ કહેનાર ચાહે ચાર્વાક હોય, જૈમેની હોય, ગોશાલો હોય કે ખુદ્ધ દેવ હોય પણ તેમના શસ્ત્રો જોયા પછી ખબર પડે છે કે બુદ્ધ દેવને છોડી શેષ બધાય ચારે સંજ્ઞાના ગુલામ હતા અન્યથા ખાનાર કોણ ? સ્ત્રી સંગ કરનાર કોણ ? ભયગ્રસ્ત થનાર કોણ ? અને બાળ બચ્ચાઓના ભરણ પોષણ માટે પરિગ્રહનો ગુલામ કોણ ? તમે કદાચ કહેશે કે આ બધી ક્રિયાઓ શરીરની છે. તો જવાબમાં જાણવાનું કે, મડદામાં પણ પાંચભૂતો વિદ્યમાન છતાં તે ખાવાપીવાની કે સ્ત્રીસંગ આદિની એકેય ક્રિયા કેમ કરતો નથી ? તમે કહેશો કે પાંચભૂતમાંથી પવન નામનો ભૂત શરીરમાંથી નીકળી ગયો છે. તો પંપદ્વારા પવન ભર્યા પછી પણ તે ખાતોપીતો કેમ નથી ? બીજી વાત આ છે કે તમારા મતે માનેલા પંચભૂતો સ્વયં જડ હોવાથી તેમાં ચૈતન્ય શક્તિ કેવી રીતે ? કોનાથી ? ઉત્પન્ન થશે. તલમાં તેલ છે પણ રેતમાં થી તેલ કેવી રીતે કાઢશો ? માટે પંચભૂત જડ હોવાથી તેમાં ક્યારેય પણ ચૈતન્ય આવવાનું નથી. ઇત્યાદિ કારણે જ અનર્થોની પરંપરા સર્જનારો તમારો મત અનર્થ કારક હોવાથી અનર્થ છે.

(૨) અહેતુત્વ – પર સમય વક્તવ્યતાને અમાન્ય કરવામાં બીજુ કારણ અહેતુત્વ છે. કોઇ પણ સાધ્યની સિદ્ધિ કરવી હોય તો સાધ્યની સાથે અવિના ભાવિ એટલે કે હેતુ માત્રનો સાધ્યની સાથે રહેવું જ જોઇએ તો કાર્ય સિદ્ધિ થવામાં વાંધો નથી. જયા ધૂમાડો હોય ત્યાં ત્યાં અગ્નિ હોય જ, એટલે કે ધૂમાડો અગ્નિવિના

થતો જ નથી. પણ અગ્નિ હોય ત્યાં ધૂમાડો હોય કે ન પણ હોય, સગડીમાં કે લોખંડના ગોળામાં અગ્નિ છે પણ ધૂમાડો નથી, તેવી રીતે તમે આત્માના અભાવને સિદ્ધ કરવા માટે કૂદકાતો મારો છો. પણ હેતુ દેવામાં કેવી ભૂલ ખાઇ ગયા છો, આત્મા નથી. શા માટે નથી ? ગુણોની ઉપલબ્ધિ નથી માટે, પણ આ હેતુ, હેતુ નથી પણ હેત્વાભાસ છે. કેમકે = આત્મામાં, પ્રત્યેક આત્મામાં નાના મોટા સૌ કોઇને આત્મામાં હમેશાને માટે રહેનારા જ્ઞાનાદિગુણો, સુખ દુ:ખ સંયોગ વિયોગાદિ ગુણો પ્રત્યક્ષ દેખાઇ રહ્યા છે, જેમ એક સ્થાને રહેલ ઘટ દેખાય છે તો તેમાં રહેલા લાલ આદિ ગુણો પણ સૌને પ્રત્યક્ષ છે. તેવી રીતે આત્મા ગુણી છે. અને જ્ઞાનાદિ ગુણો સાથે તાદાત્મ સંબંધથી સંબંધિત છે. કહેવાયુ પણ છે કે 'જ્ઞાનાદિ ગુણોને લઇ આત્માની સત્તા સર્વત્ર એટલે કે, સંસારાવસ્થામાં કે મુક્તાવસ્થામાં પણ માન્ય છે, જેમ રૂપરંગાદિની ઉપલબ્ધિથી ઘટાદિ પ્રત્યક્ષ છે. માટે આત્મા છે જ નહીં. આમ કહેવું હાસ્યાસ્પદ છે. જૈન શાસને મુક્તાવસ્થામાં પણ જ્ઞાનાદિ ગુણોને માન્ય રાખ્યા છે.

(૩) અસદ્ ભાવત્વ :- પરસમય વક્તવ્યતાને ન માનનારા શબ્દનયોએ અનર્થ અહેતુ આદિ વડે વિચારણા કર્યા પછી હવે અસદ્ભાવ તેની અસત્યતા બતલાવે છે. પદાર્થ માત્રને એકાન્ત ક્ષણિક માનતા હોવાથી તેમની આમાન્યતા અસદ્ભૂત છે. કેમકે સંસારના વ્યવહાર સાથે ક્ષણિકવાદનો મેળ કોઇ કાળે પણ જામતો નથી.

તેના પ્રરૂપક બુદ્ધદેવ પણ ઘણા વર્ષો સુધી પૃથ્વીને પાવન કરતા રહ્યા છે. ઉપદેશો આપ્યા છે. પોતાનો સંઘ સ્થાપ્યો છે. સંઘની વ્યવસ્થા માટેના વિધિ વિધાનોની રચના કરી છે. ઇત્યાદિ પ્રસંગોમાં ક્ષણિકવાદને માનવા બેસીએ તો સંસાર વ્યવહાર બગડી જશે. જૈમિની, ચાર્વાક સાંખ્યના પુરસ્કર્તા પણ જન્મ્યા હતા. મોટા થતા વ્યવહાર ચલાવ્યો ભણ્યા, ભણાવ્યા, ઉપદેશ આપ્યો, ગ્રન્થ કર્તા થયા આ બધી વાતો ક્ષણિકવાદમાં બની શકે તેમ છે જ નહીં. બીજી વાત આ છે કે, જીવમાત્ર ધર્મ કરે, અધર્મ કરે પાપકરે, દાનપુણ્ય કરે, તો આના ફળો તથા આના કારણે સદ્‌ગતિ કે દુર્ગતિની વ્યવસ્થા પણ બગડી જશે. અને એમ થયું તો આખાય સંસારનો વ્યવહાર જ કદ્રૂપો થઇ જશે. અથવા ધર્મ, અધર્મ આદિ નિર્હેતુક જ સિદ્ધ થશે. પછી દેવગતિ, નરકગતિમાં જવાવાળો કોણ ? અને સૌના શાસ્ત્રો તે તે ગતિઓનું વર્ણન કરે છે. તે સર્વથા નિરર્થક સિદ્ધ થશે. માટે પરસમય વક્તવ્યતાનો સિદ્ધાન્ત કોઇને પણ માન્ય નથી. બેશક વૈરાગ્ય પૂર્તિ માટે ક્ષણિકવાદને માનવામાં વાંધો નથી.

(૪) અક્રિયાત્વ, નામનુ દૂષણ પણ શૂન્યવાદને લાગુ પડ્યા વિના રહેવાનું નથી. કેમકે સર્વ શૂન્યમાં ક્રિયા કરવા વાળો કોણ ? શા માટે ક્રિયા કરશે ? અને કરાવશે ? ખાવા માટે કોળીઓ એક જણ તોડે, ચાવે બીજો, અને રસાસ્વાદ ચાખે ત્રીજો, ઇત્યાદિ વાતો શૂન્યવાદમાં સુસંગત બનશે ખરી ? હવે બીજી વાત પૂછીએ કે

સર્વજગત શૂન્ય જેમણે માન્યું છે. તો પ્રતિ સમયે મરનારા જીવમાં કર્તૃત્વ નો અભાવ હોવાથી શૂન્યવાદની પ્રરૂપણા પણ શી રીતે કરી હશે ? આ બધા કારણોને લઇને પ્રવ્રજિત થવું, મુંડાવું, ભોજનને માટે જવું, ઉપદેશ કરવો, ગામેગામ જવું, આ બધી ક્રિયાઓ કરવાનું પ્રયોજન રહેશે નહીં અને સંસારમાં ચાહે ગમે તેવા અકાટય વિદ્વાન હોય. વક્તા હોય, પંડિતો હોય તો પણ તે સો ગૃહસ્થાશ્રમમાં રહ્યા હશે ત્યાં સુધી પરણવાની ક્રિયા, ભોગવિલાસની, કમાવવાની ખાવાની આદિ વ્યવહાર કર્યા પછી જ પ્રવ્રજિત થયા હશે ? આકાશમાંથી તો ભગવા વસ્ત્રો પહેરીને કોઇ આવ્યો નથી માટે પરસમય વક્તવ્યતામાં અકિરિયાનો મોટામાં મોટો દોષ મોઢું ખોલીને બેઠેલા અજગર ની જેમ તમને તથા તમારા વાદને ખાઇ જશે.

(૫) ઉન્માર્ગત્વ - કોઇ પણ તત્વને નિર્ણય ગુરૂગમથી ન કર્યો હોય, ત્યારે તેમના બોલેલા વચનોમાં, વિરોધા ભાસ આવ્યા વિના રહેતો નથી. જેમકે ''ચર અચર કોઇ પણ જીવને મારવો નહી, અને પ્રત્યેક જીવોને પોતાના આત્માની સમાન સમજનારો ધાર્મિક છે.'' આ પ્રમાણે કહ્યા પછી ત્રણ ઓછા છ હજાર (૫૯૯૭) પશુઓને અશ્વમેધ યજ્ઞની વચ્ચે મારવા જોઇએ. હોમવા જોઇએ, ઇત્યાદિ વચનોથી જણાય છે કે તેમના શાસ્ત્રોમાં પશુઓના બલિદાનની વાત ભરી પડેલી છે. આના કારણે જ શાસ્ત્રોના નામે સૌ કોઇને ઉન્માર્ગે

જવા માટે નો માર્ગ ખુલ્લો થાય છે. આ રીતે પૂરા સંસારમાં વૃદ્ધિંગત થયેલા માંસાહાર ના મૂળમાં કપોલ કલ્પિત શાસ્ત્રોજ કારણ રૂપે બનવા પામ્યા છે.

(૬) અનુપદેશિત્વ – એટલે સ્થળે સ્થળે શાસ્ત્રોમાં જયારે પશુવધ, માંસાહારઆદિના વચનો સૂક્તો મંત્રો આવતા હોય તો શાસ્ત્રોના નામે વિષય વાસના, શરાબ પાન, વેશ્યાગમન આદિમાર્ગે જતાં માનવને કોણ રોકી શકશે ? ઉપરોક્ત પ્રસંગો મિથ્યાદર્શન ના હોવાથી તથા તેમના બનાવેલા હોવાથી પરસમય વક્તવ્યતા ને માનવાનો નિષેધ વ્યાજબી છે.

સારાંશ કે કોઇ પણ તત્વની ચર્ચા કરવા અગાઉ સૌ કોઇ પોતાનો હઠાગ્રહ, કદાગ્રહ અને પૂર્વગ્રહ છોડ્યા પછી ચર્ચા કરશે તો કંઇક પામશે. જીવન ટૂંકુ છે. માટે કુતર્કો વિતંડાવાદો અને મિથ્યા કલ્પાનાઓમાં જીવન ખતમ કરવું હિતાવહ નથી.

માટે જૈન શાસને કહ્યું કે ગમે તેવી ચર્ચા કરીએ પણ મારી વાત આમ જ છે.

ઠું કહું છું તે જ સાચુ છે.

મારૂ વક્તવ્ય અને પ્રવચન શાસ્ત્રમાન્ય જ છે. આ પ્રમાણે 'જ' લગાડીને વાતો કરવાવાળાઓ ક્યારેય સ્યાદ્વાદતત્વને સમજી શકશે નહીં. તો આચરવાની વાત જ ક્યાં રહી ? માટે સ્વસમય વક્તવ્યતામાં શ્રદ્ધાલુ બનીને જીવનને સંઘર્ષમાંથી બચાવવું શ્રેયસ્કર છે.

અર્થાધિકાર

સામાયિકાદિ અધ્યયનો જે મૌલિક અર્થ છે, તેને જ અર્થાધિકાર કહેવાય છે. જેમકે-

સાવદ્યયોગની વિરતિ એટલે સામાયિક નામોચ્ચાર પૂર્વક ભગવંતોને વન્દન તે ચતુર્વિંશતિસ્તવ પરમોપાદેય ગુરૂને વન્દન. તે વન્દન.

પાપોનું વિસર્જન એટલે પ્રતિક્રમણ.
પાપોત્પાદક શરીરની માયાનો ત્યાગ કાયોત્સર્ગ.
નવા પાપોના દ્વાર બંધ કરવા તે પ્રત્યાખ્યાન.

ઉપરોક્ત છ પદોની વ્યાખ્યા પ્રથમ કરાઇ ગઇ છે.

સામાયિકાદિમાં આદિ શબ્દથી સર્વે પદોમાં અર્થાધિકાર અનુવર્તે છે. જેમ પુદ્ગલાસ્તિકાયમાં પ્રતિપરમાણુ મૂર્તત્વની અનુવૃત્તિની જેમ આ છપદોમાં પ્રતિપદે અર્થાધિકાર સમાયેલો છે.

સમાવતાર

વસ્તુનો સ્વમાં. પરમાં, અને તદુભયમાં સમવતરણ થવું તે સમાવતાર છે. નામ સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ સ્વરૂપે તેના છ ભેદ છે. તેમાં નામ, સ્થાપના અને દ્રવ્યમાં જ્ઞતથા ભવ્ય શરીરની વાતો દ્રવ્યાવશ્યકની જેમ જાણી લેવી. જ્યારે તદ્વ્યતિરિક્ત દ્રવ્યસમાવતાર ત્રણ પ્રકારે છે.

(૧)આત્મસમાવતાર. (૨)પરસમાવતાર.

(૩)તદુભય સમાવતાર તેમાં જેટલા દ્રવ્યો છે તે બધાય પોતાનામાંજ સમવતરિત હોવાથી આત્મ સમાવતાર કહેવાય છે. મતલબ કે, બધાય દ્રવ્યો સ્વકિય સ્વરૂપમાં વસ્તુ અને તેનું સ્વરૂપ અભિન્ન હોવાથી આત્મ સમવતરિત મનાયા છે. આ વાત કેવળ નિશ્ચય મતથી જાણવી. જયારે વ્યવહાર નયે પર માં અર્થાત્ બીજા દ્રવ્યમાં સમવતરિત હોવાથી પરસમાવતાર હોય છે. જેમ કુંડમાં બોર છે. એટલે કે, યદ્યપિ બોર પોતાના આત્મસ્વરૂપથી પોતાનામાં સમવતિરત હોવા છતાં પણ વ્યવહરનયે પરમાં એટલે કુંડમાં પડ્યાં હોવાથી પરસમાવતાર કહેવાય છે. તદુભયની વાત કરતાં કહે છે કે કટ, ભીંત, દેહલી, પટ્ટ આદિના ઘરમાં રહેલસ્તંભ સ્તંભ સ્વરૂપે આત્મભાવમાં અને ઘરમાં અર્થાત્ પરમાં હોવાથી તદુભય સમાવતાર કહેવાય છે. તદુભય સમાવતારના ભેદમાં, આત્મ સમાવતાર અને પરસમાવતારનો સમાવેશ થઇ જાય છે, જેમ કે બોર, બોરના રૂપમાં હોવાથી પરને સ્વતંત્ર માનવાની આવશ્યકતા નથી. માટે જ સૂત્રકારે બીજારૂપે આત્મ અને તદુભય રૂપે બે ભેદ બતાવ્યા છે.

સૌથી પહેલા આપણે જાણવાનું રહેશે કે.
ચતુષષ્ટિકા એટલે વજનમાં ચાર પલ પ્રમાણ.
દ્વાત્રિંશિકા એટલે વજનમાં આઠપલ પ્રમાણ.
ષોડશિકા એટલે વજનમાં સોલ પલ પ્રમાણ.
અષ્ટભાગિકા એટલે વજનમાં બત્રીસ પલ પ્રમાણ.
ચતુર્ભાગિકા એટલે વજનમાં ચોસઠ પલ પ્રમાણ.

અર્ધમણીક એટલે વજનમાં ચોસઠ પલ પ્રમાણ.
મણિકા એટલે વજનમાં ૧૨૮, પલ પ્રમાણ.
બીજારૂપે મણિકાનો ચોસઠમો ભાગ ચતુષષ્ટિકા.
બીજારૂપે મણિકાનો ૩૨,મો ભાગ દ્વાત્રિંશિકા.
બીજારૂપે મણિકાનો ૧૬,મો ભાગ ષોડશિકા.
બીજારૂપે મણિકાનો ૮, મો ભાગ અષ્ટભાગિકા.
બીજારૂપે મણિકાનો ૪, થો ભાગ ચતુર્ભાગિકા.
બીજારૂપે મણિકાનો અર્ધોભાગ અર્ધમણિકા.
બીજારૂપે મણિકાનો અન્યૂન મણિકા.

સંભવ છે કે આ વજનના નામો હશે ? હવે સૂત્રાનુસારે જણીએ. ચતુષષ્ટિકા પોતાના સ્વરૂપમાં આત્મ સમવતરિત છે. અને દ્વાત્રિંશિકામાં પરસમવતરિત છે. આ રીતે દ્વાત્રિંશિકા ષોડશિકામાં, ષોડશિકા અષ્ટભાગિકામો અને તે ચતુર્ભાગિકામાં તે અર્ધમાણિકામાં અને આનો પણ સમાવતાર મણિકામાં થવાના કારણે દ્રવ્યથી આ સમાવતાર તદ્દવ્યતિરિક્ત જણવો.

ક્ષેત્ર થી સમાવતાર

ભરત ક્ષેત્રથી લઇ લોકપર્યન્ત ક્ષેત્રવિભાગને એટલે કે, નાનું ક્ષેત્ર મોટામાં સમવતરિત થાય. તે ક્ષેત્ર સમાવતાર છે. જેમકે ભરત ક્ષેત્ર, પોતાનામાં સમવતરિત હોવા છતાં તદુભય ભેદે. જમ્બૂદ્વીપમાં પણ અવતરિત થાય છે. કેમકે ભરત કરતા જમ્બૂદ્વીપ વિશાળ છે. જમ્બૂદ્વીપ પણ તિર્યગ્ લોકમાં અને તે પણ લોકમાં સમવતરિત છે.

કાલ સમાવતાર

કાલ એટલે સમય જે નિરંશ સ્વરૂપે છે. અને પોતાનામાં આત્મ સમવતરિત હોવા છતાં. તદુભય ભેદે, આવલિકામાં પણ સમવતરિત છે, કેમકે આવલિકામાં ઘણા સમયો સમાવિષ્ટ છે, આ ક્રમે આના કરતાં આણપ્રાણના સમયો અને તેનાથી પણ સ્તોક. લવ. મુહૂર્ત અહોરાત, પક્ષ, માસ, ઋતુ, અયન, સંવત્સર, યુગ, સો વર્ષ, હજાર વર્ષ લાખવર્ષ, પૂર્વાંગ, પૂર્વ ત્રુટિતાંગ યાવૃતશીર્ષ પ્રહેલિકા સુધી જાણવું. આનો પણ સમાવતાર પલ્યોપમ, સાગરોપમ, ઉત્સર્પિણી, અવસર્પિણી પુદ્ગલ પરાવર્ત, અતિત, અનાગત, સર્વાદ્ધા સુધી જાણવું એટલે કે નાની વસ્તુ મોટી વસ્તુમાં સમવતરિત થાય છે.

ભાવ સમાવતાર

ભાવનો સંબન્ધ આત્મા સાથે છે, જે અનાદિકાળથી પ્રવાહ બદ્ધ અનન્તાનન્ત કર્મોની વર્ગણાથી બંધાયેલો છે. મતલબ કે, અસંખ્યાત પ્રદેશાત્મક આત્માના આઠ રૂચક પ્રદેશોને છોડી, એક એક પ્રદેશ પર જ્ઞાનાવરણીયાદિ એક એક કર્મની અનન્ત વર્ગણા ચોંટેલી છે. સત્તામાં પડેલી તે કર્મ સત્તા, અબાધા કાળને છોડી દીધા પછી ઉદયમાં આવતી હોય છે, ઉદીરણા કરણ વડે પણ ઉદયમાં લાવી શકાય છે. આવી રીતે કર્મોના ઉદયકાળમાં તે જીવનને પણ ઔદારિક ભાવવર્તતો હોય છે. તેમાંયદિ, મિથ્યાજ્ઞાન, મિથ્યાદર્શનનું

મિશ્રણ થઇ જાય તો જીવને પણ અશુભ અને અશુદ્ધ લેશ્યાઓનો માલિક બનતા. વાર લાગતી નથી. અને તેમ થયું તો રાગ દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ, વિષય વાસના, તથા પરિગ્રહમાં અત્યાસકિતના કારણે શરાબના નશામાં બેભાન બનેલાની જેમ તે જીવાત્મા પણ સંસારની માયામાં તેવી રીતે મસ્ત બનશે. જેના કારણે આત્માનો, આત્માના ગુણોનો, ઇશ્વરનો અને ઇશ્વરી માયાનો પણ ખ્યાલ ક્યારેક આવશે નહીં. વ્યવહારનયે કદાચ ઇશ્વર પૂજન, દાનદિ શબ્દો તેની જીભ પર જ રમ્યા કરશે. જયારે આત્મારામની દશા ધોયેલા મૂળાની જેવી જ રહેવા પામશે.

આવી સ્થિતિમાં પણ આસન્ન ભવ્યતાનો પરિપાક ભાગ્યમાં હોય તો, સંસારની માયાને ભોગવતાં કોઇક સમયે તેવા પ્રકારની ઠોકર વાગી જાય છે. જેના કારણે. સંત સમાગમ કરવાની ભાવના જાગશે. જીવ અને અજીવ ના ભેદો જાણશે. પાપ અને પુણ્યના પ્રકારો અને ફળોને જાણશે. અને છેવટે તેને થશે. કે સંસારની માયાજ વિશ્વાસ ઘાતિની છે માટે ની જિજ્ઞાસા થશે. પ્રયત્ન કરશે. અને ધીમે ધીમે નવા કર્મોના બંધનને છોડવા માટે વ્રતધારી બનશે. તથા જૂના કર્મોને ખંખેરી દેવા માટે સાત્વિક તપનું સેવન કરશે. આવી ક્રિયાઓને જૈનશાસને ક્ષાયોપશમિક ભાવ કહ્યો છે. અને તપશ્ચર્યાની અગ્નિ જેરદાર બની જાય. તેમાં કર્મોના મૂળિયા એક પછી એક ભસ્મસાત્ થતાં જાય તેને ક્ષાયિક ભાવ કહ્યો છે.

આ સૂત્રમાં સમાવતારનો વિષય છે. એટલે ક્રોધનો

સમાવતાર શામાં થશે ? આવી રીતે માનનો, માયાનો, લોભનો સમાવતાર શામાં અને કંઇ પ્રક્રિયાથી થશે ? આ પ્રક્રિયા જે કંઇ થાય છે. તે સાંખ્યોની પ્રકૃતિમાં કે વેદાન્તિઓની માયામાં થતી નથી કેમકે તે બંન્ને માયા અને પ્રકૃતિ સ્વતઃ જડ હોવાથી તે કંઇ પણ કરી શકવાની નથી. જયારે સ્યાદ્વાદના અન્તસ્તલ સુધી પહોંચીને સંસારના ભાવોને તથા તે ભાવોને સાનન્દ માનનારા જીવાત્માઓને પ્રત્યક્ષ કર્યા પછી જ તીર્થંકર પરમાત્માઓએ કહ્યું કે કર્મોનો ભોક્તા જેમ જીવ છે. તેમ તેનો કર્ત્તા પણ જીવ જ છે. કેમકે જે કર્તા હશે તે જ ભોક્તા બનશે. ક્રોલસો ખાધો જ ન હોય તો કાળું મોઢું કોઇનો પણ શા માટે થવા પામશે ? તેવી રીતે કર્મોનો કર્ત્તા કોઇ પણ ન હોય તો બળજબરી થી જીવોને કર્મોના ભોક્તા બનાવવા આના જેવું અસત્ય ભાષણ બીજું ક્યું ?

આ કારણે કર્મોનિ કરનાર મુક્ત થનાર પણ જીવ છે. ખાણમાંથી નીકળેલી સુવર્ણ રેતને પણ પ્રક્રિયા વિશેષથી સોનાર (GOLD SMITH) પણ સુવર્ણથી રેતને સર્વથા જૂદી કરે છે. તેવી રીતે. મિથ્યાત્વ, અવિરતિ કષાય, યોગ અને પ્રમાદના કારણે જીવમાત્ર કર્મોની રેતને ભેગી કરે છે. અને સમ્યક્ત્વ, વિરતિ, નિષ્કષાય. સમિતિગુપ્તિ ધર્મ તથા જાગરણ દશાના કારણે નવા કર્મોનું સંવરણ પણ કરે છે અને નિર્જરણ પણ કરે છે.

ઔદયિક (ઉદય નિષ્પન્ન) ભાવજન્ય ક્રોધ,માન, માયા, લોભ આદિ અર્થાત્ ક્રોધ આત્મભાવે ક્રોધમાં,

માન-માનમાં, માયા-માયામાં અને લોભ-ભોભમાં જ સમવતરિત થાય છે. તો પણ તદુપ સમાવ તારનામતે ક્રોધ-માનમાં, માન-માયામાં અને માયા-લોભમાં સમાવતાર પામે છે. સારાંશ કે ક્રોધ-માનમાં સમવતરિત થાય છે. તેનો ભાવ આ પ્રમાણે છે... સુખ- દુ:ખ સયોગ - વિયોગ હાસ્ય - રૂદન આદિ કર્મોનો ઉદયકાળ પણ પ્રાય: કરી સનિમિત્તક મનાયો છે. મોહ કર્મ સત્તામાં પડ્યું છે, માટે ક્રોધ નામક મોહકર્મ પણ સત્તામાં પડેલું હોવાથી તેને ઉદિત થવા માટે નિમિત્ત તો જોશે. ત્યારે સૂત્રકાર ફરમાવે છે કે જેને માન કર્મ ગેર હાજર હોય તેને ક્રોધ આવતો નથી શામાટે નથી આવતો ? ત્યારે જણવાનું રહેશે કે, જૈન શાસને, માન-મદના, જાતિમદ, લાભમદ, કુલમદ, બળમદ, ઐશ્વર્યમદ, રૂપમદ, તપોમદ અને શ્રુતમદ નામે આઠ ભેદો પ્રરૂપ્યા છે. એટલે કે માનરૂપી પર્વતના આ આઠ શિખરો મનાયા છે. આના ઉપર આરૂઢ થયેલ માનવ, જયારે, બીજ માનવને પોતાની સમાન અથવા ચઢિયાતો જાણે છે. અથવા અભિમાનના નશામાં નૌકર, ભાગીદાર આદિને આપેલી આજ્ઞાને માન્ય ન કરી હોય. ત્યારે અસહિષ્ણુતા નામની ડાકણ અને તેનો પ્રતિકાર કરવામાં ન આવે તો ક્રોધ નામનો ભૂત- મહાભૂતનો વળગાડ વલગ્યા વિના રહેતો નથી. ફળ સ્વરૂપે ક્રોધમાં ઘમઘમતો તે માનવ પાપોદ્ધાર ખૂલા મૂકીને ગુરૂ, વડિલ, ધર્મ આદિની શરમ રાખ્યાવિના ગાંડાની જેમ સંસારની સ્ટેજ પર ભવ પૂર્ણ કરી. દુર્ગતિમાં પટકાઇ જાય છે.

માનનો સમાવતાર ઔદાયિક ભાવે માયામાં એવી રીતે થશે કે માયા એટલે પોતાના જીવનમાં કંઇ પણ ભલીવાર ન હોય. છતાં બધું મારામાં જ છે. આ કારણે તેના જીવનમાં જૂઠ, પ્રપંચ, માયામૃષાવાદ, આદિનો પ્રવેશ સુલભ બનતાં માન અહંકાર કર્યાદિના બીજો માર્ગ નથી. અને લોભને રાક્ષસની ઉપમા આપી છે. શા માટે ? તેના રૂપો, નાટકો અને નૃત્યો પણ જૂદા જૂદા આ પ્રમાણે છે. એકને દ્રવ્યનો લોભ, બીજાને વિષય વાસનાનો, ત્રિજાને પુત્રનો, ચોથાને ઇજજત આબરૂનો, પાચમાને પરિવાર વધારવાનો, છઠ્ઠાને મિથ્યા પ્રતિષ્ઠાનો, સાતમાને આડંબર વધારવાનો લોભ હોય છે. ઇત્યાદિ કારણે લોભને રાક્ષસ કહ્યો છે. જેના ઉદરમાં માયા પણ સમવતરિત થઇ જાય છે. કેમકે સીમાતીત લોભી માણસ માયાવી પ્રપંચી અને સંસારનો વૈરી બને છે. આ બધી વાતો ઔદાયિક ભાવમાં વર્ત્તતા જીવાત્માની છે.

ક્ષાયિક ભાવની વિચારણા કરતાં કહ્યું કે, જયારે ગુરૂકુળવાસ, સ્વાધ્યાય મગ્નતા આદિ ગુણોની આરાધનાથી જીવાત્માને અનિવૃત્ત કરણ એટલે અનપવર્તનીય આત્માની અનાદિ કાળની મડદાલ વૃતિ બેદર કાર વૃત્તિનો ત્યાગ કરી. ઉજાગર દશામાં પ્રવેશ પામે છે અને ક્રમે ક્રમે કર્મોના દલિકોનો ક્ષય કહે છે. તેને ક્ષપક શ્રેણિ કહેવાય છે. કષાયોના ક્ષયનો ક્રમ આ પ્રમાણે છે. જયારે માનનો ક્ષય કરવો હોય ત્યારે તેને માયામાં, માયાનો લોભમાં સમાવતાર કરે છે. અને માન, માયા લોભના ક્ષયમાં આગળ વધે છે. આ પ્રમાણે પરસ્પર એકબીજાનો સમાવતાર સમજી લેવો, રાગદશા

લોભાત્મક હોવાથી લોભનો રાગમાં, રાગ પણ મોહમાં, મોહ પણ કર્મ હોવાથી આઠે પ્રકારની કર્મ પ્રકૃતિઓમાં અને કર્મ પ્રકૃતિઓ પણ ઔદયિક અને ઔપશમિકાદિ ભાવમાં હોવાથી છ ભાવોમાં અને ભાવ જીવાશ્રિત હોવાથી જીવમાં અને જીવ પણ જીવાસ્તિકાયનો ભેદ હોવાથી તેમાં સમવતરિત જાણવો.

સામાયિકાદિનો સમાવતાર શામાં થશે ?

સામાયિકાદિનો વિષય સુખ પૂર્વક સમજી શકાય તેવો હોવાથી તથા સૂત્રકારોની પ્રવૃત્તિ પણ વિચિત્ર હોવાથી સૂત્રમાં સામાયિકની ચર્ચા કરી નથી. તો પણ સ્થાન શૂન્યતા રહેવા ન પામે તે માટે ટીકાકારે સામાયિકાદિના સમાવતારની ચર્ચા કરતાં કહે છે કે, ઉત્કીર્તન નામક આનુપૂર્વીમાં ગણનાપૂર્વીમાં પૂર્વાનુપૂર્વી નામે સામાયિનો પ્રથમ નંબર અને પશ્ચાનુપૂર્વીના મતે છેલ્લો નંબર જાણવો નામ પ્રકરણમાં ઔદાયિક છ નામો ગણાવ્યા છે, તેમાં સામાયિક શ્રુતજ્ઞાન રૂપ હોવાથી ક્ષાયોપશમિક ભાવમાં સમવતરિત થશે. ભાષ્યકારે પણ કહ્યું છે કે, સામાયિક ચારિત્ર, શ્રુતજ્ઞાના વરણીય કર્મના ક્ષયોપશમ જન્ય હોવાથી તેનો અવતાર ક્ષાયોપશમિક ભાવમાં સુસંગત છે. ઔદયિક ભાવમાં કર્મોનો ઉદયકાળ અને તેનાથી નિષ્પન્ન ભાવો ઉદયમાં વર્તતા હોય છે. જ્યારે સામાયિકમાં કર્મોનો ઉદય નથી પણ ઉદયમાં આવતાં કર્મોનો સમ્યગ્જ્ઞાન પૂર્વક ક્ષય કરવાનો હોય છે. અને ઉદયમાં આવવાની તૈયારીવાળા કર્મોને દબાવી દેવાના ભાવ હોવાથી. સામાયિકનો સમાવતાર ક્ષાયોપશમિક ભાવમાં યુક્તિ સંગત છે. જીવના ભાવ સ્વરૂપ હોવાથી સામાયિકનો ભાવ પ્રમાણમાં તેમાં પણ ગુણ પ્રમાણ

અને સંખ્યા પ્રમાણમાં અવતરિત થશે. જીવના ઉપયોગ ધર્મ સ્વરૂપ સામાયિક હોવાથી જીવ ગુણ પ્રમાણમાં, અને જ્ઞાન દર્શન તથા ચારિત્રરૂપે ત્રણે ઉપયોગમાં સિદ્ધ જ્ઞાન પ્રમાણમાં સમાવતાર પામશે. તેમાંપણ પ્રત્યક્ષ અનુમાન, ઉપમાન અને આગમ પ્રમાણમા અને તેમાં પણ લૌકિક અને લોકોત્તરિકમાંથી લોકોત્તર આગમમાં તથા આત્મારામ અન્તરાગમ અને પરમ્પરાગમ રૂપે ત્રણે આગમમાં સમાવતાર જાણવો.

(નોંધ) પૌદ્ગલિકવાદ ભૌતિકવાદ કે માયા વાદ ના રંગમાં રંગાયેલો કે રંગાવેલો સંસારનો પ્રપંચ માત્ર ઔદાયિક ભાવ છે. પુણ્યકર્મ જ્યાં સુધી હશે ત્યા સુધી વાંધો ન પણ આવે. પરન્તુ મર્યા પછી શું ? માટે ઘડી આધી ઘડીને માટે પણ ઔદયિક ભાવનો ત્યાગ કરી. જાણી બુઝીને ત્યાગ કરી. અથવા બલજબ્બરીથી ત્યાગ કરી ક્ષાયોપશમિક ભાવમાં આવવાનો પ્રયત્ન કરવો તેને આત્મિક પુરૂષાર્થ કહેવાય છે. ક્ષાયોપશમિક ભાવ, સંવર ભાવ કે સામાયિક ભાવ, શબ્દો જ જૂદા છે પણ અર્થમાં ભાવાર્થમાં લગભગ એક જ અર્થ ને સૂચિત કરે છે કે, ભાગ્યવાન્ ! દુર્ગતિના દ્વાર બંધ કરી આવતા ભવને સુધારવા માટે જ મનુષ્યાવતાર છે. આ લક્ષ્ય તારી સામે હશે તો આગળ વધવામાં વાર નહીં લાગે.

આ પ્રમાણે સમાવતાર પૂર્ણ થયો. અને તેમ થતાં, ઉપક્રમ નામનું પ્રથમ દ્વારપણ પૂર્ણ થયું છે.

★ ઉપક્રમદ્વાર સમાપ્ત ★

ક્રમાગત હવે નિક્ષેપ દ્વારનું વિવેચન કરાશે.

૧] નિક્ષેપ દ્વાર :-

નિક્ષેપનો અર્થ પહેલા કહેવાઇ ગયો છે. ઓઘનિષ્પન્ન, નામનિષ્પન્ન અને સૂત્રાલાપક રૂપે તેના ત્રણ ભેદ છે. સામાન્ય શ્રુતાભિધાન અધ્યયનાદિથી નિષ્પન્ન, ઓઘનિષ્પન્ન છે, તે શ્રુતના, સામાયિક શ્રુત, ચતુર્વિંશતિસ્તવ શ્રુત આદિ વિશેષ રૂપે અભિધાન કરવું તે નામ નિષ્પન્ન છે. અને કરેમિ ભંતે સામાયિકં.. સૂત્રોચ્ચોરણ પૂર્વક નિષ્પન્ન તે સૂત્રાલાપક - નિષ્પન્ન છે. ઓઘનિષ્પન્ન નિક્ષેપના અધ્યયન, અક્ષીણ આય, અને ક્ષપણા રૂપે ચાર ભેદ છે. ક્રમશ: ચારેનો નિક્ષેપ આ પ્રમાણે જણવો નામ અધ્યયન. તેમાં નામ અને સ્થાપનાને દ્રવ્યાવશ્યકની સદ્દશ જાણવા, દ્રવ્ય અધ્યયનના આગમ અને નોઆગમથી બે ભેદ જાણવા. જે ભાગ્યશાળીએ છ અધ્યયન શીખ્યું હોય પણ ઉપયોગ રહિત હોવાથી તે દ્રવ્ય છે. નો આગમ થી જ્ઞશરીર ભવ્ય શરીર અને તદ્વ્યતિરિક્ત અધ્યયન ત્રણ પ્રકારે છે. તેમાં સાધુનામૃત શરીરને જોઇ કહેવાય છે કે, આ મુનિ ષડાવશ્યકના સારા જ્ઞાતા હતાં. અને બાળમુનિને જોઇ કહેવાય છે કે, ભવિષ્યમાં આ મુનિ સારાવિદ્વાન થશે. આનાથીવ્યતિરિક્ત પુસ્તકમાં લખેલું લખાયેલું દ્રવ્યાધ્યયન છે. ભાવ અધ્યયન પણ આગમ અને નોઆગમ થી બે પ્રકારે છે. તેમાં મન - વચન કાયાને એકાગ્ર કરી. ઉપયોગ પૂર્વકનું અધ્યયનાદિ છે. તે ભાવ અધ્યયન

કહેવાય છે. જયારે નો આગમથી ભાવ અધ્યયન આ પ્રમાણે છે. જેમાં અધ્યાત્મનું આનયન થાય ભાવથી નોઆગમ છે, મતલબ કે 'આત્મનિઅધિ' ઇતિઅધ્યાત્મ એટલે કે આત્માનું લક્ષ્ય કરીને તથા તેને શુદ્ધ - શુદ્ધતમ બનાવવાને માટે જે સામાયિકાદિ થાય તેને અધ્યાત્મ કહેવાય છે. અનાદિકાળના સંસારમાં આવા ભાવાનુષ્ઠાનો પ્રાપ્ત થયા હશે કે નહીં ? તેનો નિર્ણય કરવા કરતાં આ વિષમ વિષમતમ કાળમાં પણ આપણા ભાગ્યોદયે ફરીથી મનુષ્યાવતારમાં પણ ઉચ્ચ ખાનદાની પૂર્વક જૈનશાસન, શ્રદ્ધા અને તે માટેનું શરીર મન તથા વચન બળ જયારે પ્રાપ્ત થયું છે. તો તેનો લાભ યથા શક્ય અને યથા પરિસ્થિતિ લઇએ તો વાંધો આવે તેમ નથી. પ્રવાહ બદ્ધ અનન્તાન્ત કર્મોના ભારથી આત્માની પુરૂષાર્થ શક્તિનો ઉપયોગ કરે. અને ૪૮, મિનિટ ને માટે પણ સંસારની સમ્પૂર્ણ માયાનો ત્યાગ કરી દેવાય તો પણ હાનિ નથી. પણ લાભ ઘણો છે.

વિપશ્યનાયોગ તથા કુંડળિનીને જાગૃત કરવાની યોગ પ્રક્રિયાઓમાં, સામાયિક યોગ જ સર્વશ્રેષ્ઠ મૌલિક કારણ છે. વિપશ્યનાયોગમાં અથવા યોગના કેન્દ્રોમાં જઇને તમે પદ્માસન લગાવી શકશો. નાકની અણીપર આંખને સ્થિર કરી શકશો. વસ્ત્ર અને શરીરની પવિત્રતા પૂર્વક, ધીમા લાંબા, કે વધારે લાંબા શ્વાસ ઉચ્છવાસના માધ્યમથી કુંભક દ્વારાશ્વોશ્વાસને રોકી પણ શકશો. નાક, કાન, આંખ અને હોઠ પર આંગળીઓ મૂકી, ૨-૪, મિનિટ સુધી સ્થિરતા

પણ મેળવી શકશો. અથવા બહારના માયાવી વ્યવહારને ખુશ કરવા માટે યોગિરાજનું પ્રમાણ પત્ર પણ મેળવી શકશો. પણ આન્તરમન (જે અત્યન્ત ગુપ્તમન છે.)ના તોફાનોને શમાવી ન શક્યા, ભોગવાયેલી અથવા ભોગમાટે તૈયાર કરેલી વિષય વાસનાની સ્મૃતિઓને, અથવા કષાયોની ગુંડાગિરિને દબાવી ન શક્યા તો તમે ન રહેશો ઘરના કે ઘાટના ! ક્ષભકથી શ્વાસોશ્વાસ પછી તમે યોગિરાજની બિરૂદાવળી પ્રાપ્ત કરશો તથાપિ ગુપ્તમન ના ગુપ્ત પાપોને કંટ્રોલમાં ન કરી શક્યાતો ?

આવી સ્થિતિમાં ભાવદયાના સાગર ભગવાન મહાવીર સ્વામીએ કહ્યું કે સાધક ! તારે આત્માનું કલ્યાણ જ કરવું હોય, સૂકીગયેલા ચામડા જેવાઆત્માને મૂલાયમ કરી, તેમાં દર્શન-જ્ઞાન અને ચરિત્રના બીજારોપણ કરી. મુક્તિમોક્ષ, કેવળજ્ઞાન અને મહાવિદેહમાં સીમન્ધર પ્રભુના ચરણોમાં દીક્ષિત થવાના મીઠા - મધુરા ફળોને મેળવવાના ભાવ હોય તો નીચે પ્રમાણેની આધ્યાત્મિક યોગ સાધનાનો અભ્યાસ કરજે.

(૧) ક્રોધ - માન- માયા અને લોભ આ ચારે કષાયો આત્માના હાડવૈરી છે. તેમ સમજી આ ચંડાલ ચોકડીની વૃત્તિ અને પ્રવૃત્તિ થી પણ દૂર રહેજે. પ્રશસ્ત કષાયોની ઉંધી વૈતરણમાં ફસાઇને પણ કષાયોનું સેવન તારા માટે હાનિપ્રદ થશે.

(૨) પાંચેઇન્દ્રિયોના પાંચે ઘોડાઓને સર્વથા કંટ્રોલમાં લીધા

વિના કષાયોનો ત્યાગ સર્વથા દુર્લભ છે. આત્માના પ્રત્યેક પ્રદેશમાં ચોટેલા કષાયોના પરમાણુઓને દૂર કરવા માટે દુનિયા ભરના મંત્રો, તંત્રો કે તાન્ત્રિકો પણ કામ આવવાના નથી. માટે કષાયોના કારણે સેકંડે સેંકડે ચંચલ બનતા આત્માને યોગ ભૂમિકા પ્રાપ્ત કરાવવીજ હોય તો ઇન્દ્રિયોના મારણ, તાડન, તર્જન કે તેમનું દમન કર્યા વિના કષાયોને જીતવા માટે બીજો માર્ગ કોઇની પાસે પણ નથી.

(૩) પાંચેઇન્દ્રિયોના કામભોગોને સર્વથા શક્તિહીન જ કરવા હોય તો. મનનું પવિત્રી કરણ સર્વથા અનિવાર્ય છે. અને તે માટે બારભાવના તથા ચાર ભાવનાઓનું અવલંબન, ચિંતવન, મનન જ રાજમાર્ગ છે. ઉપર પ્રમાણેની પ્રક્રિયાઓમાં અણીશુદ્ધ પાસ થયા વિના, વિપશ્યનાનું ધ્યાન કે કુંડળિનીને જગૃત કરવા માટેના ફાફા મારવામાં જીવન બરબાદ કરવાનું કંઇ અર્થ નથી.

ચિત્તને (ગુપ્ત મનને) સ્થિર કરવા માટે અથવા બે ઘડી માટે પણ સ્થિર કરવાના બે જ માર્ગ છે.

(૧) ઇન્દ્રિયો અને કષાયોની અપ્રશસ્તાને લઇ નૂતન પાપો પ્રતિ સેકંડ આવી રહ્યા છે. તેને રોકી લેવા.

(૨) સ્વાધ્યાય દેવ કે ગુરૂ વન્દન, કાર્યોત્સર્ગ આદિથી જૂના પાપોને ખંખેરી નાખવા.

ઉપર પ્રમાણેની બન્ને ક્રિયાઓનું અવલંબન જ મોક્ષ

છે: હઠયોગના માધ્યમથી બાહ્યેન્દ્રિયોને કંટ્રોલમાં લેવા કરતા સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ચારિત્રથી મનને, ઇન્દ્રિયોને, અને શરીરને કંટ્રોલમાં લેવા બિનઘાસ્ત માર્ગ છે. વધારી દીધેલા પાપાનો અપચય (ક્ષય) અને નવા પાપાનો અનુપચય (અબન્ધ) સામાયિકનું ફળ છે. જ્ઞાનક્રિયાત્મક હોવાથી આગમના એક દેશમાં રહે છે. માટે નોઆગમમાં સમાવેશ કર્યો છે. અહીં અધ્યયન, અક્ષીણ, આય અને ક્ષપણા આ ચારે નામો સામાયિક, ચતુર્વિંશતિ સ્તવના સામાન્ય છે. માટે જ સામાયિક અધ્યયન કહેવાય છે. તેને જ અક્ષીણ આય અને ક્ષપણા પણ કહી શકીએ છીએ.

૨] અક્ષીણ :-

સામાયિક અને તેનું ફળ પણ અક્ષીણ છે. નામ, સ્થાપના દ્રવ્યથી આગમ અને નોઆગમમાં જ્ઞ અને ભવ્ય શરીરની ચર્ચા દ્રવ્યાવશ્યકની જેમ જાણવી કેવળ નો આગમમાં લોક અને અલોકની જેમ શ્રેણિ (પ્રદેશ) છે. તે પ્રદેશને એક પછી એક કાઢતા રહીએ તો પણ લોકા લોકના પ્રદેશોનો અંત નથી. માટે તદ્વ્યતિરિક્ત દ્રવ્યતા આકાશ પ્રદેશાન્તર્ગત હોવાથી અક્ષીણતા જાણવી. આગમથી ભાવ અક્ષીણતા અર્થાત્ સાધક તેમાં ઉપયોગવંત હોવાથી જાણવી. તેમાં પણ વૃદ્ધો આ પ્રમાણે કહે છે. ચતુર્દશ પૂર્વધારી જ્યારે આગમમાં ઉપયોગ વાળા હોય છે. ત્યારે અન્તમુહૂર્ત પ્રમાણ તે ઉપયોગના પર્યાયોનો પણ અનન્ત ઉત્સર્પિણી અને અવસર્પિણી પૂર્ણ થાય તો પણ તે પર્યાયો પૂર્ણ થતા નથી

મતલબ કે જ્ઞાનના, ચરિત્રના, ક્રિયાના ઉપયોગમાં આટલી બધી શક્તિ રહેલી છે. માટેજ કહેવાયુ હશે કે, ''જ્ઞાનીશ્વાસોશ્વાસમાં કરે કર્મનો ક્ષય અર્થાત્ કર્મોના અનન્ત પર્યાયોનો ક્ષય કરે છે. આ વાત ભાવ અક્ષીણતા માટેની છે. જ્યારે ભાવથી નો આગમનો આશ્રય કરી. શ્રુતજ્ઞાની જ્યારે શિષ્યોને સામાયિક શ્રુતજ્ઞાનનું પ્રદાન કરે છે. તો પણ વાચના દાતાને તે અક્ષીણ જ હોય છે. જેમકે એક સ્થાનમાં રહેલ દીપ હજારો દીપોંને પ્રકાશિત કરે છે. તો પણ મૂળદીપ તેમનો તેમ ચમકતો જ રહે છે. મતલબ કે પોતે ક્ષીણ થતો નથી અહીં આચાર્ય ભગવંતો દીપ સમાન છે. તેમનાથી શિષ્ય વર્ગ શ્રુત સમ્પદાને પ્રાપ્ત કરે છે. આગમ દાતા ઉપયોગવંત હોવાથી આગમ છે. તથા વાણી અને કાયાની ક્રિયામાં નો આગમ જાણવું.

૩] આય :-

નિક્ષેપનો ત્રીજો ભેદ આપ છે. જેનો અર્થ પ્રાપ્તિ લાભ થાય છે. નામ સ્થાપના અને દ્રવ્યથી આગમ તથા નોઆગમનો પ્રપંચ આવશ્યકની જેમ જાણવું. કેવળ દ્રવ્યનો આગમ તદ્વ્યતિરિક્ત, લૌકિક કુપ્રાવચનિક અને લોકોત્તરિક રૂપે ત્રણ પ્રકારે છે. લૌકિક પણ સચિત, અસચિત અને મિશ્રરૂપે ત્રણ પ્રકારે છે તેમાં દ્વિપદમાં દાસ, દાસી આદિ બે પગવાળોની પ્રાપ્તિ ચતુષ્પદ, હાથી, ઘોડા, અને અપદમાં આંબા આદિ જાણવા અચિત્તમાં સુવર્ણ, રજત (ચાંદી) મણિ (ચન્દ્રકાન્તાદિ) મોતી, શંખ, (રત્નવિશેષ)

શિલા (રત્ન વિશેષ) પ્રવાલ, લાલરત્ન, પદ્મરાગ આદિની પ્રાપ્તિ થવી. મિશ્રમાં શણગારેલા દાસદાસી જાણવા. કુપ્રાવચનિકને પણ લૌકિકની જેમ કલ્પવા.

લોકોત્તરિક આય પણ સચિત, અચિત અને મિશ્ર રૂપે ત્રણ પ્રકારે છે.

સચિત્તમાં શિષ્યઆદિની પ્રાપ્તિ.

અચિતમાં પાત્ર, કંબલ, દંડ, પાદુપુંછન આદિ મિશ્રમાં શિષ્ય સાથે પાત્ર કંબલાદિની પ્રાપ્તિ.

ભાવ નિક્ષેપે આય :-

તે આગમ અને નોઆગમથી બે પ્રકારે છે. આગમથી ભાવ - આયનો ગૂઢાર્થ આ પ્રમાણે છે. ૪૮,મિનિટને માટે કે જીવનના છેલ્લા શ્વાસ સુધી સામાયિકને સ્વીકાર કરનારો ભાગ્યશાળી. નીચે લખેલી વાતોનો ખ્યાલ રાખે કે પૂર્વ ભવમાં કોઇ મુનિરાજોના ચરણોની સેવાના પરિણામે મને સામાયિક ધર્મની પ્રાપ્તિ થઇ હશે, તેના રૂડા સંસ્કારો આ ભવમાં પણ મને ઉદયમાં આવ્યા છે. તે મારા શુભોદયને માટે છે. તો પ્રાપ્ત થયેલી સામાયિકમાં ૧૦, મનના, ૧૦ વચનના અને બાર કાયાના દોષોમાંથી એકેય દોષનું સેવન મારા માટે હાનિકારક છે. માટે ખૂબ સાવધાની પૂર્વક મન - વચન અને કાયાની એકાગ્રતા પૂર્વક અને ભવોભવ આવો સામાયિક ધર્મ ઉદયમાં આવે તેવો સંકલ્પ કરી. ૪૮,મિનિટ શુદ્ધ અવસ્થામાં પૂર્ણ કરીશ આવી રીતે ઉપયોગ પૂર્વક

કરાતી સામાયિકને જ ભાવ-આય કહેવાય છે. જ્યારે નોઆગમથી ભાવ આય પ્રશસ્ત અને અપ્રશસ્ત રૂપે બે પ્રકારે છે. સમ્યગ્ દર્શન - સમ્યગ્ જ્ઞાન અને સામાયિકના સંસ્કારો આત્માના પ્રદેશો સાથે ચોલમજીઠીયા રંગે સમ્મિલિત થાય તે પ્રશસ્ત આય છે. અને અરિહંત સિદ્ધ ગુરૂ અને પોતાના આત્માની સાક્ષી એ લીધેલી સામાયિકમાં ક્રોધ, માન, માયા, લોભ તથા ભોગવેલા વિષયોની તથા તે રાત્રિઓની મિઠ્ઠી મધુરી સ્મૃતિમાં અને કલેશ, ભીભા જેડી, રાજકથા, દેશકથા, ભોજન કથા અને સ્ત્રી કથામાં સામાયિકના ૪૮, મિનિટ પૂરા કરવા તે અપ્રશસ્ત આય છે. એટલે કે આવી રીતે જે સામાયિક વિષાનુંષ્ઠાન અથવા ગરળાનુષ્ઠાન કહેવાશે.

(નોંધ) ક્ષાયોપશમિક સમ્યગ્ દર્શનની આજ મોટામાં મોટી કરૂણતા છે કે, જ્ઞાનોદય અને જ્ઞાનાવરણીયોદય, ચારિત્રોદય અને ચારિત્રમોહનીયોદય આદિ કર્મોની એક બીજા થી વિરૂદ્ધ પ્રકૃતિઓ લગભગ સાથે જ વર્તતી હોય છે, જેમકે મતિજ્ઞાન કે ચારિત્રોદય ના કારણે આવા ભાવ થાય છે કે "સંસાર વિષ ભરેલા નાગ જેવો છે. એની માયા નાગણ કરતાં પણ ભૂંડી છે. જેનો ડંખ કોઇને બાલ્યકાળમાં, કોઇને પરણ્યા પછીની જુવાનીમાં, કોઇને પ્રૌઢાવસ્થામાં, તો કોઇને વૃદ્ધાવસ્થામાં પણ લાગ્યા વિના રહેતો નથી. અને ડંખ લાગેલો માનવ બેહાલ થઇને, આર્તધ્યાન અને રૌદ્રધ્યાન નો માલિક બની યમસદન ને પ્રાપ્ત થાય છે." મને ડંખ લાગે તે પહેલા. ગુરૂકુળ વાસમાં રહી શુદ્ધચારિત્ર પૂર્વક

૪૮,મિનિટનું સામાયિક તેવી રીતે કરૂં જેનાથી મારો આત્મા ભવવિનાનો થાય. આવા વિચારો ચારિત્રોદય કે મતિજ્ઞાનના ફળો છે. પણ આની પાછળ ચારિત્ર મોહનીય કર્મ અને મતિજ્ઞાનાવરણીય કર્મની સવારી પણ તૈયાર થઇને બેઠી છે. જેનાથી સામાયિક લીધા પછી કાંતો ગપ્પીદાસની પાસે ઉંઘણસીની પાસે અથવા ધર્મની આડમાં દેવ, ગુરૂ અને ધર્મના નિંદકની પાસે બેસીને પોતાના અમૂલ્ય ચારિત્ર ધર્મને ગંદો કરી નાખશે. મતલબ કે પૂર્વોપાર્જિત સત્કર્મ અને દુષ્કર્મને લઇ આપણા આત્માની દશા આવી થઇ જતાં વાર કરતી નથી. માટે ૨૩ કલાક અને ૧૨ મિનિટ દરમ્યાન ભલે સંસારની માયામાં રહું પણ ૪૮ મિનિટ સુધી આ સંસારમાં મારો કોઇ નથી. હું કોઇનો નથી. ઇત્યાદિ પવિત્ર ભાવનો વધારો કરે અને આંખ - કાન તથા જીભને સર્વથા મૌન આપીને સ્વાધ્યાયમાં અથવા ગુરૂ સાન્નિધ્યમાં સમય પસાર કરશે તો દર્શન જ્ઞાન ચારિત્રની શુદ્ધિ થશે. જે આત્મ કલ્યાણનો આ સીધો માર્ગ છે. આવી રીતે દઢ સંકલ્પ કરે. ત્યાગ કરવા માટે પ્રેકટીસ કરે. તો કોઇને કંઇ પણ વાંધો આવે તેમ નથી.

નિક્ષેપનો ચોથો ભેદ ક્ષપણા છે. ક્ષપણા અપચય અને નિર્જરા આ ત્રણે પર્યાયવાચી શબ્દો છે. કર્મોને ખંખેરી નાખવા, બાળી નાખવા અને અનાદિ કાળથી આત્મ પ્રદેશોપર મજબુત પકડ જમાવી બેઠેલા કર્મોને વિદાય કરવા નિમૂળ કરવા તે ક્ષપણા, અપચય કે નિર્જરા કહે છે.

ભોગવ્યા વિના કર્મોનો ક્ષય કરી શકાતો હશે ?

સંસારના બધાય શાસ્ત્રો, પંડિતો, મહાપંડિતો પણ કહે છે કે, કરેલા કર્મો ભોગવવા જ પડે છે; તો પછી તેના ક્ષયની વાતો શી રીતે સમજાતી હશે ? જબાવમાં જણવાનું કે, બાપદાદાઓની પરમ્પરાથી ચાલતી વ્યાવહારિક ભાષામાં ઘણી વખતે મૂઢતા વિચાર હીનતા અજ્ઞાનતા અને સત્ય ભાષાને સમજવાની બેદરકારી કામ કરતી હોય છે. જ્યારે નિશ્ચયાત્મક સત્યતામાં સમ્યગ્જ્ઞાન, વિચારકતા, મનનશીલતા અને જૈનાચાર પદ્ધતિને જાણવાની જિજ્ઞાસા કામ કરે છે. બેશક ! લાખો કરોડો માનવોને, સયોગવિયોગ દુઃખદારિદ્રય ઘનહીનતા રૂપહીનતા જ્ઞાનહીનતા આદિના કારણે માનસિક ત્રાસ ભોગવતા જોઇએ છીએ ત્યારે થોડીવારને માટે લાગે છે. કે કરેલા કર્મો ભોગવવા જ પડે છે. આમાં કર્મવાદ, કર્મસિદ્ધાન્ત પણ થોડીવારને માટે સાક્ષી આપે છે કે કૃત કર્મો ભોગવ્યા વિના આત્મ પ્રદેશથી છુટા પડી શકતા નથી.

ખૂબ સમજી લેવાનું છે કે, ભગવાન મહાવીર સ્વામીના કર્મવાદ પર ભાગ્યવાદનો પડછાયો છે જ નહીં પરન્તુ પુરૂષાર્થ વાદનો પડછાયો છે. ખૂબ સારી રીતે સમજવાનું હશે કે સાતે કર્મોનો ક્ષયોપશમ કે ક્ષય થાય છે, જ્યારે મોહકર્મનો ઉપશમ પણ થાય છે. એટલે કે જીવનમાં થોડીક પાપ ભીરૂતા સંસાર પ્રત્યે ઉદ્વિગ્નતા ઉદાસીનતા અને સંસારની માયાની ક્ષણ ભંગુરતાનો ખ્યાલ આવી ગયો હશે તો મોહકર્મનો

અને તેની એક એક પ્રકૃતિનો ઉપશમ કરવાની ભાવના ઉત્પન્ન થશે. અને ઘણા અનિષ્ટોમાંથી પોતાના આત્માને જળકમળવત્ બનાવી દુઃખોની માયાજાળથી બચી જશે. અન્યથા ખાવા પીવામાં, રહેણી કરણીમાં, વ્યાપાર રોજગારમાં, લેવડ દેવડમાં અને છેવટે ભોગવિલાસોના માર્ગે ચઢી જીવનને બરબાદ કરશે. માનવમાત્રને આવા અનિષ્ટોમાંથી બચાવવાના પવિત્ર ઉદ્દેશે જ ભગવાન મહાવીર સ્વામીએ ભોગોપભોગ વિરમણવ્રત અનર્થ દંડ વિરમણ વ્રત, પરિગ્રહ પરિમાણ વ્રત અને છેવટે અતિથિ સંવિભાગ વ્રત જેવા વ્રતોની બક્ષિસ કરી છે. પણ માનવ જીવનની કરૂણતા છે કે તે જાણી બુઝીને સીધે માર્ગે ન આવતા પાપ માર્ગે જાય છે. અને જ્યારે ૨૫ - ૫૦ લાખની રેડ પડે છે, ભરબજારમાં મનીબેગ લુટાઇ જાય છે. વૃદ્ધાવસ્થાના પ્રવેશદ્વારે આવતા જ હાર્ટ એટક બી.પી, ભગંદર, કેંસર, દમ, મહાદમ, આદિની જીવલેણ બિમારીઓથી ગ્રસ્ત થાય છે. ત્યારે પણ આત્મા જાગૃત થતો નથી.

મોહકર્મનો ઉપશમ: ખૂબ જ શ્રદ્ધા પૂર્વક સ્વીકારેલા વ્રતધારીના ભાગ્યમાં રહે છે.

હવે જાણવાનું સુલભ રહેશે કે મહાવીર સ્વામીના કર્મવાદ ઉપર ભાગ્યવાદ નહી પણ પુરૂષાર્થવાદનો પડછાયો છે. આ કારણે જ.

(૧) કરેલા કર્મો નો ઉદય.
(૨) કરેલા કર્મોની ઉદીરણા.

(૩) કરેલા કર્મોની અપવર્તના.
(૪) કરેલા કર્મોની ઉદ્‌વર્તના.
(૫) કરેલા કર્મોનું સંક્રમણ કરણ.

સારાંશ કે મિથ્યાત્વના ગાઢ અન્ધકારમાંથી બહાર આવીને સમ્યક્ત્વ, સમ્યગ્‌દર્શનના પ્રકાશમાં પ્રવેશ કરેલા આત્મામાં સમ્યગ્‌જ્ઞાન અને સમ્યક્‌ચારિત્રનો સર્વથા અદ્વિતીય પુરુષાર્થ ખૂબ જોરદાર બની જાય તો લાંબી મર્યાદાવાળા કર્મોને ટૂંકી મર્યાદામાં પણ લાવી શકે છે. અત્યન્ત ચિકકણા રસવાળા કર્મોને રસહીન અથવા મન્દતમ રસવાળા પણ કહી શકવાની તાકાત આત્મામાં છુપાયેલી છે. બાંધેલા પાપકર્મોને પુણ્યકર્મોમાં પણ ફેરવી શકે છે. આવી રીતે પુરૂષાર્થ વાદના જોરે બાંધેલા તીવ્રતમ, તીવ્રતર અને તીવ્ર કર્મોને મન્દતમ, મન્દતર અને મન્દ પણ કરી શકાય છે. અન્યથા.

(૧) સાતમી નરક ભૂમિમાં જવા માટે ઉપાર્જન કરેલા કર્મ દલિકોમાંથી ૪-૫-૬-૭, નરકોના કર્મના દલિકોનો ક્ષય, શીરીતે કરી શક્યા હશે ?

(૨) પાંચમી નરકમાં જવાની યોગ્યતા અને તૈયારીવાળો ચંડકૌશિક નાગરાજ આઠમાં સ્વર્ગે ગયો છે. તે તમે સાંભળ્યુ તો હશે જ ?

(૩) આર્ત્તધ્યાનના વિચારોમાં મગ્ન બનેલ કીડ યુગલ, (પોપટ યુગલ) અરિહંત પરમાત્માની અક્ષત પૂજાની શુદ્ધ ઉદીરણા વડે દેવ લોકમાં ગયું છે. તે તમે જાણતા

નથી ?

(૪) બાવળના કાંટાની અસહ્ય વેદનાને સહન કરતું કેળનું પાદડું મરૂદેવીમાતાના અવતારને પામી એક જ ભવમાં મોક્ષે શી રીતે ગયા હશે ?

(૫) સીમાતીત રંગરાગમાં, ફ્રેશનાલિટીમાં પદ્મની જેવી બત્રીસ સ્ત્રીઓના ભોગવિલાસમાં પૂર્ણ મસ્ત રહેનાર શાલીભદ્રજીને તમે ઓળખો છો ?

આંખનો ડોળો બદલતાજ સંસારની માયા ને લાત મારી ઉર્ધ્વગમન કરવા માં શું કારણ હશે ?

(૬) બાર વાગ્યાની ગરમ રેતીને પણ સહન ન કરનાર અરણિક મુનિરાજ ધમધબતી શીલા પર અનશન કરી. આપણા સૌને માટે ઉદાહરણ રૂપે બનવા પામ્યા છે. તે વાત ને તમે ભૂલ્યાતો નથી ને ?

ઇત્યાદિ અગણિત ઉદાહરણોમાં પુરૂષાર્થવાદના ચમત્કારને ભૂલશો નહીં હવે સમજમાં આવી ગયું હશે કે, આત્મા પોતેજ કર્મોનો કર્તા છે. ભોક્તા છે અને તેનાથી સર્વથા મુક્ત થવાની શક્તિ પણ આત્મામાં જ છે.

ક્ષપણાનો નિક્ષેપ :-

નામ સ્થાપના તથા આગમ નોઆગમથી ક્ષપણાનો દ્રવ્ય નિક્ષેપ પૂર્વવત્ જાણી લેવું આગમથી ભાવ નિક્ષેપા તે કહેવાશે. જેમાં સામાયિક કરનાર સૂત્રોચ્ચાર કરનાર,

એકાગ્રતા પૂર્વક સામાયિકમય બની જાય છે. નોઆગમથી ભાવસામાયિકનું સ્વરૂપ આ પ્રમાણે છે.

''સંસારની પ્રવૃત્તિ અને વૃત્તિનો સમ્પૂર્ણ ત્યાગ કરી. જેનો આત્મા સંયમ (મૂળગુણ) નિયમ (ઉત્તરગુણ) અને તપ (અનશનાદિ)માં સન્નિહિત છે. તેને સામાયિક કહેવાય છે.'' ''જે ત્રસ અને સ્થાવર જીવો પ્રત્યે સમાન ભાવે રહે છે. એટલે કે કોઇ પણ જીવની હત્યા, મન - વચન કાયાથી કરતો નથી, કરાવતો નથી, અને કરનારનું અનુમોદન કે સહવાસ પણ કરતો નથી તે સામાયિક છે.'' યદ્યપિ સંયમમાં સ્થિરતા રાખનારો, સર્વે જીવો પ્રત્યે દયાલુ જ હોય છે, તો પણ જૈન ધર્મ દયાપ્રધાન દયા મૂલક હોવાથી ત્રસ સ્થાવર જીવોની દયાને સૂચિત કરતો પ્રસ્તુત શ્લોક પૃથક્ મૂક્યો છે. સર્વે જીવો પ્રત્યે સમાન ભાવ રાખનાર શ્રમણ છે. 'મને જેમ દુ:ખ, ગાલી, અપમાન, હાનિ, ચોરી, બદમાશી ગમતા નથી તો મારે પણ કોઇને દુ:ખ થાય, રોવું પડે, તેવું વર્તન કરવું ન જોઇએ. તથા મને જે વાત પ્રિય છે તે બીજાઓને પણ હોઇ શકે છે આ કારણે સામાયિક સ્થ આત્મા કોઇનો દ્વેષી નથી. તેમ રાગવંત પણ નથી. આ પ્રમાણે જેમનું મન કેળવાયેલું હોય તે સામાયિકના માલિક છે.

જૈન શ્રમણ કેવો હોવો જોઇએ ?

(૧) ઉરગ - એટલે સાપ પોતે પોતાનું ઘર બનાવતો નથી પણ ઉંદરડાઓએ બનાવેલા મકાનમાં રહે છે. તેમ

જૈનમુનિ પોતાના માટે મકાન બનાવતો નથી.

(૨) ગિરિ – એટલે ગમે તેટલા વરસાદ, ગરમી અને ઠંડીમાં પર્વત સદૈવ એક સમાન રહે છે, તેમ જૈનમુનિ પણ પરિષહ અને ઉપસર્ગોમાં સમાન રહે છે.

(૩) જવલન – એટલે તપશ્ચર્યારૂપી અગ્નિથી દેદીપ્યમાન તેજસ્વી હોય છે અને અગ્નિ જેમ તૃણકાષ્ઠાદિથી અતૃપ્ત રહે છે તેમ સાધુ પણ સૂત્રાર્થથી અતૃપ્ત રહેવા પામે છે.

(૪) સાગર – ની જેમ ગંભીર હોવાથી જ્ઞાનાદિરત્ન પ્રધાનમુનિ પોતાના સંયમની મર્યાદાને સ્વપ્નમાં પણ છોડતા નથી.

(૫) આકાશ – ની જેમ આલંબન વિનાનો હોય છે.

(૬) તરૂગણ – સુખ દુઃખમાં પણ પોતાની માનસિક વ્યથાને પ્રદર્શિત કરતો નથી.

(૭) ભ્રમર ની જેમ એકસ્થાનમાં રહેતો નથી.

(૮) મૃગ ની જેમ સંસારના ભયસ્થાનોથી ઉદ્વિગ્ન હોય છે.

(૯) પૃથ્વી ની જેમ સર્વે ખેદોમાં સંતાપોમાં સહિષ્ણુ હોય છે.

(૧૦) કમળ કાદવથી ઉત્પન્ન થવા છતાં તેનો એકેય દુર્ગુણ કમળમાં હોતો નથી. તેવી રીતે કામ ભોગોથી ઉત્પન્ન છતાં પણ તેમાં લેપાતો નથી.

(૧૧) રવિની જેમ સર્વત્ર પ્રકાશમાન હોય છે.

આવા પ્રકારનો મુનિ સમતા પ્રધાન હોવાથી સુમન બને છે. કોઇ પણ વૃક્ષને ફળ આવતા પહેલા પુષ્પ આવે છે. અને સંસ્કૃતમાં પુષ્પને સુમનસ કહેવાય છે. તેવી રીતે મોક્ષ ફળની પ્રાપ્તિ પહેલા સાધક માત્રને સુમનસ અર્થાત્ પવિત્રમન વાળા થવાની આવશ્યકતા છે. આવા સામાયિકમાં જ્ઞાનક્રિયાનો સમાવેશ છે. માટે ક્રિયાને લઇ નોઆગમ જાણવો.

સૂત્રાલાયક નિષ્પન્ન નિક્ષેપ

આગળ અનુગમ દ્વારનો ભાવાર્થ કહેવાશે ત્યારે આનુ વિવેચન તેમાં સમાઇ જશે માટે અહીં વિવેચન કરવાની આવશ્યકતા નથી. કેવળ સૂત્રના આ લાપક પૂર્વક જેમકે **करेमिभंते सामायिअं...** ઉચ્ચારણનો ભાવજ સૂત્રા લાપક છે.

આ પ્રમાણે નિક્ષેપદ્વાર સમ્પૂર્ણ થયું.

અનુગમ દ્વાર :-

અનુયોગનું ત્રિજું દ્વાર અનુગમ છે. સૂત્રને અનુકૂળ અર્થની વ્યાખ્યા કરવી તેને અનુગમ કહેવાય છે. તેના સૂત્રાનુગમ અને નિર્યુકિત અનુગમરૂપે બે ભેદ છે. નિર્યુક્તિનાં અર્થ આ પ્રમાણે છે. ''નિ' એટલે હમેશાને માટે સૂત્રની સાથે એકીભાવવડે સંબંધિત નિર્યુકત (અર્થ) તેમની યુક્તિ એટલે સ્પષ્ટ રૂપે આખ્યાન કરવું તેને નિર્યુક્તિ કહેવાય છે. આમાં યુકૃત શબ્દનો લોપ થવાથી આ શબ્દ બનવા પામે છે. આનો પણ સ્પષ્ટાર્થ આ છે કે, નામ- સ્થાપના દ્રવ્ય, કાળ, ભવ અને ભાવ આદિવડે સૂત્રનું વિભાજન કરવું. સારાંશ કે સૂત્રમાં આવેલા એક શબ્દને નામ વડે સ્થાપનાવડે, દ્રવ્ય કાળ ભવ અને ભાવવડે તેનું સ્પષ્ટીકરણ કરવું તે નિર્યુક્તિ કહેવાય છે.

જયાં સુધી મારા અભ્યાસની વાત છે. ત્યાંસુધી આવા પ્રકારની પદ્ધતિ જૈનાચાર્યો સિવાય બીજા કોઇની નથી. વૈરાગ્ય, જ્ઞાન, દુ:ખ, રોગ, વિયોગ આદિના કારણે દીક્ષિત થયેલા શિષ્યોને જાતિકુળ સમ્પ્રદાય ધર્મ આદિના રૂઢ થયેલા કુસંસ્કારોને સમાપ્ત કરાવીને સારા અર્થના ભાગીદાર કેવી રીતે બનાવવા, જેથી તેઓના પરમ્પરાના કુસંસ્કારો નાબુદ થાય, વૈષયિક અને કાષાયિક ભાવો સમાપ્ત થાય, જાતિ - ઘમંડ, ખાનદાન ઘમંડ આદિના મિથ્યાભ્રમોમરે અને શનૈ: શનૈ: પણ સત્યાર્થ જાણવાનો આભિલાષી બને, તેવો ઉદાર આશય નિર્યુક્તિકારનો હોય છે. અને તેમાં તેઓ પૂર્ણ સફળ બન્યા છે. સૂત્રાનુગમ જ નિક્ષેપનિર્યુક્તિ અને સૂત્રસ્પર્શિકા

નિર્યુક્તિ રૂપે ત્રણ ભેદ છે.

ઉપોદ્‌ઘાત એટલે વ્યાખ્યાયેય સુત્રને વ્યાખ્યાવિધિની સમીપ લાવવું તે ઉપોદ્‌ઘાત નિર્યુક્તિ છે. સૂત્રાલાપક નામ નિક્ષેપના પ્રસ્તાવે આગળ કહેવામાં આવશે. અહીં કેવળ ઉપોદ્‌ઘાત નિર્યુક્તિને બે ગાથાઓ વડે સ્પષ્ટ કરવાની છે. તે ૨૫, દ્વારોવડે સ્પષ્ટ થશે. તે આ પ્રમાણે ઉદ્દેશ, નિર્દેશ, નિર્ગમ, ક્ષેત્ર, કાળ, પુરુષ કારણ, પ્રત્યય, લક્ષણ, નય, સમાવતાર, કિંકતિવિધ, કસ્ય, કુત્ર, કેષુ, કથં, અનુમત, કિચ્ચિર ભવતિકાળ, કતિ, અન્તર, અવિરહિય ભવા, આકર્ષ સ્પર્શન, નિર્યુક્તિ ઇત્યાદિ પદોવડે સમાયિકને સ્પષ્ટ કરવાનું છે. મુક્તિમાર્ગનો પ્રથમ સોપાન સમ્પૂર્ણ હોય પદાર્થોમાં સર્વ શ્રેષ્ઠ ઉપાદેય સામાયિક હોવાથી તેની વિસ્તૃત વ્યાખ્યા કલ્યાણકારી બનશે.

(૧) ઉદ્દેશ - કોઇનું પણ નામ કરણ કર્યા વિના સામાન્યથી કહેવું કે, આ અધ્યયન છે.

(૨) નિર્દેશ - નામ લઇને વિશેષ પ્રકારે વાત કરવી તેને નિર્દેશ કહે છે. જેમકે આ સામાયિક અધ્યયન છે.

શંકા -સામાન્ય વિશેષની વાત, નિક્ષેપદ્વારમાં કહેવાઇ ગઇ છે. તો પછી અહીં ફરાથી શા માટે ?

જવાબમાં જાણવાનું કે, ઉપોદ્‌ઘાત નિર્યુક્તિમાં સામાન્ય તથા વિશેષરૂપે સિદ્ધ થયેલા શબ્દોને જ નિક્ષેપ કરવાના હોય છે. માટે શંકા અસ્થાને છે.

(૩) નિર્ગત સામાયિક શબ્દ ક્યાંથી નીકળ્યો ? ક્યા ક્ષેત્રમાં

અને કાળમાં ? જવાબમાં જણવાનું કે મગધ દેશના મહાસેન વનમાં વૈશાખ સુદિ ૧૧, ના દિવસે પૂર્વાહ્નકાળમાં ભગવાન મહાવીર સ્વામીના મુખ કમળમાંથી સામાયિક શબ્દનો ઉચ્ચાર થયો છે. ક્યાં કારણે ? હું કેવળી છું અર્હન્ છું આ વિશ્વાસ (પ્રત્યય)થી જ ભગવંતે સામાયિકનો ઉપદેશ કર્યો છે. અને ભગવંત સર્વજ્ઞ છે. તેવો વિશ્વાસ થતાંજ કેવળજ્ઞાનના સમીપે પહોંચવાની તૈયારીવાળા ગૌતમ સ્વામીજીએ આ સામાયિક શબ્દ સાંભળે છે. સામાયિકનું લક્ષણ જણાવતાં પ્રભુએ કહ્યું કે સમ્યક્ત્વ સમાયિક, શ્રુતસામાયિક અને ચારિત્રસામાયિક આ ત્રણ ભેદ સામાયિકના છે. તેમાં સમ્યક્ત્વસામાયિકનું તાત્વિક અનુશીલન કરતાં જીવમાત્રને જીવાદિ તત્વો પ્રત્યે શ્રદ્ધા ઉત્પન્ન થાય છે. અને અનુશીલ વધતું જાય તો તે તત્વોનું સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત થાય છે. તથા ચારિત્ર સામાયિક યદિ મન - વચન - કાયામાં દૂધ અને સાકરની જેમ એકાકાર થાય તો સમ્યક્ ચારિત્રની પ્રાપ્તિ વૃદ્ધિ અને શુદ્ધિ થાય છે. દેશવિરતિ ચારિત્રમાં કેટલાક અંશે પાપોની નિવૃત્તિ (વિરતિ) અને કેટલાક અંશે પ્રવૃત્તિ (અવિરતિ) હોય છે. નયોથી નિર્ણય આ પ્રમાણે કરવાનું છે, કે પહેલાના ભવ્ય જમાનામાં, ચરણકરણાનુંયોગ, દ્રવ્યાનુયોગ, ગણિતાનુંયોગ અને કથાનુયોગ આ ચારે અપૃથક્ (એક) હતાં પણ જેમ જેમ બુદ્ધિબળ ઘટતું ગયું તેમ તેમ આ ચારે યોગોને પૃથક્ પૃથક્ કર્યા તેમાં નૈગમ, વ્યવહાર અને સંગ્રહ

નય ત્રણે સામાયિકોને માન્ય કરે છે. જ્યારે ઋજુસૂત્રનય અને શબ્દનયો કેવળ ચારિત્ર સામાયિકને જ માને છે અને કહે છે કે મોહનીય કર્મની સમ્પૂર્ણ નિર્જરા, ચારિત્ર સામાયિકને આધીન છે. સરળાર્થ આ પ્રમાણે છે કે જીવાત્મા જ્યારે સમ્યકત્વ સામાયિક (સમ્યગ્દર્શન) શ્રુતસામાયિક (સમ્યગ્જ્ઞાન) અને ચારિત્ર સામાયિક (સમ્યક્ ચારિત્ર) મતલબ કે દર્શન જ્ઞાન તથા ચારિત્રનું એકી કરણ સધાય ત્યારે તે ભવ્યાત્મા મોક્ષ માર્ગ પર સમારૂઢ થઇ કેવળજ્ઞાન મેળવવા માટે હકદાર બને છે. સામાયિક જીવ સ્વરૂપ છે, અર્થાત્ જીવમાંજ સામાયિકનો વાસ છે. અજીવમાં નથી. સાધકની શુદ્ધિની તરતમતાને લઇ સમ્યક્ત્વ સામાયિકમાં ઔપશમિક, ક્ષાયિક અને ક્ષાયોપશમિક ભાવોની વિદ્યમાનતા કલ્પી શકાય છે.

શ્રુતસામાયિક સૂત્ર અર્થ અને સૂત્રાર્થના ભેદે ત્રણ પ્રકારે છે.

ચારિત્ર સામાયિક અગાર અને અનગાર ભેદે બે પ્રકારે છે.

આગાર એટલે ગૃહસ્થાશ્રમીને દેશવિરતિ અને અનગાર એટલે મુનિને સર્વ વિરતિ સામાયિક છે.

જીવના ભાવ, સ્વભાવ, પ્રવૃતિ, રહેણી કરણી આદિમાં અલ્પાંશે કે સર્વાંશે સંયમના તથા તપના સંસ્કારો દેખાય તે સામાયિક છે. જીવમાત્ર પ્રત્યે

નિર્દયરસ પરિણામ, ક્રૂર અને ઘાતક પરિણામ ન હોય તેને સામાયિક છે. મતલબકે દયા જૈન ધર્મનો પ્રાણ હોવાથી જયારે માનસિક જીવનમાં ભાવદયા કે સ્વદયાના ભાવો થાય તે સામાયિક છે.

સામાયિક ક્યાં હોય છે ? આ દ્વારની વાત કરતાં ક્ષેત્ર, દિશા, કાળ, ગતિ, ભવ્ય, સંજ્ઞી, ઉચ્છવાસ, દષ્ટિ અને આહાર આદિ દ્વારોથી સામાયિક ક્યાં હોય છે ? તેની વાત કરી છે. તેને સંક્ષેપથી જાણવાનો પ્રયાસ કરીએ તે પહેલા જાણી લેવું ઠીક રહેશે કે, અનાદિ કાળથી અનન્ત ભવોમાં મનુષ્યવતાર દરમ્યાન, ત્રણે પ્રકારના સામાયિકોની આરાધના કરેલી હોવી જોઇએ. એટલે તે સામાયિકોના થોડા ઘણા સંસ્કારો પણ આત્મામાં પડેલા હોવાથી. તેનો ઉદયકાળ ક્યાં સ્થાને ? આવી શકશે તેની આ વાત છે. કેમ કે આરાધના અને વિરાધનાનો ક્રમ પણ સાથે જ પડેલો હોય છે. તેથી વિરાધના કારણે, ગમે તેવા ક્ષેત્રોમાં, જાતિઓમાં ખાનદાનમાં પણ જન્મી શકે છે. સાથે સાથે અસ્પષ્ટ રૂપે આરાધના સંસ્કારો પણ ઉદયવર્તી હોય છે. તેમાં સમ્યક્સામાયિક અને શ્રુત સામાયિકના સર્વથા આછા પાતલા સંસ્કારોના કારણે તે જીવાત્મામાં થોડું ભવ્યત્વ કલ્પી શકાય છે. આજે પણ આપણે અનુભવીએ છીએ કે, પોતપોતાના પારંપરિક ધર્મમાં પૂર્વગ્રહગ્રસ્ત હોવા છતાં પણ કેટલાક મુસલમાનો, ઇસાઇઓ, વેદધર્મીઓ, કસાઇઓ અને

છેવટે ગણિકાઓ પણ તેવી રીતની જોવા મળશે. જેઓ જૈનસાધુ - સાધ્વીઓના મહાવ્રતો પ્રત્યે, ત્યાગ અને તપશ્ચર્યા પ્રત્યે સરળ પરિણામી અને જિજ્ઞાસુ પરિણામી પણ દેખાય છે, ત્યારે માનવાનું જ રહ્યું કે તેઓએ ગમે તે ભવોમાં, ગમે તે ક્ષેત્રમાં, ગમે તે મુનિરાજે પાસેથી સમ્યક્ત્વ અને શ્રુતની આરાધના કરીજ હશે.

ભવ્યત્વ પ્રાપ્ત જીવ ચાહે દેવલોકમાં હોય, અધોલોકમાં હોય, અથવા ગમે તે ગામોમાં, પલ્યોમાં, વિજયોમાં પણ પૂર્વના બંને સામાયિકોને ધારણ કરનારા છે. અઢીદ્વીપને છોડી શેષ તિર્યગ્લોકમાં જે ભવ્યો છે, તેમને પણ બેસામાયિક છે, જ્યારે સર્વવિરતિ સામાયિક તો કેવળ મનુષ્યોમાં તથા સ્ત્રીઓમાં જ હોય છે. શેષમાં નહીં આસન્ન ભવ્ય પ્રાપ્ત થયેલા તિર્યંચોમાં દેશ વિરતિ સામાયિક માન્ય છે. જેમકે ચંડકૌશિક નાગરાજ સુનન્દા સાધ્વીજી પ્રતિ બોધિત હાથી. મુનિસુવ્રત સ્વામીથી ઉપદેશ પ્રાપ્ત અશ્વ, પર્વતની ગુફામાં સતીધૂર્યા દમયન્તીથી ઉપદેશ પ્રાપ્ત નાગરાજ આદિ જીવાત્માઓ દેશવિરતિ ધર્મને પ્રાપ્ત કરી દેવલોકના માલિક બનવા પામ્યા છે. 'હવે હું દરમાંથી ફેણ બહાર કાઢીશ નહીં'' આવી કડક પ્રતિજ્ઞા જ દેશવિરતિ ધર્મ કહેવાય છે. જીવમાત્રનું કલ્યાણ કરાવવામાં સર્વ શ્રેષ્ઠ, દેશવિરતિ ધર્મ મનુષ્ય ક્ષેત્રમાં અને તેનાથી બહાર પણ હોઇ શકે છે.

પહેલાના કોઈ પણ ભવમાં સમ્યક્ત્વ, શ્રુત તથા વિરતિની આરાધના કરનારા ગમે ત્યાં હોય તે પૂર્વપ્રતિપન્નક કહેવાય છે અને ચાલુ ભવમાં વિરતિ આદિ પ્રાપ્ત કરાય તે પ્રતિપદ્યમાન કહેવાશે. ક્ષેત્ર અને ભાવની અપેક્ષાએ દિશા બે પ્રકારે છે. તેમાં પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ રૂપ ચારો દિશામાં સમ્યક્ત્વ, શ્રુત, દેશવિરતિ અને સર્વવિરતિના પ્રતિપદ્યમાન જીવોની સંભાવના હોઈ શકે છે, ત્યારે પહેલાની ત્રણ સામાયિકોના પ્રતિપન્નક ભવ્ય જીવો પણ છે. પરન્તુ ચારિત્ર સામાયિકના પૂર્વપ્રતિપન્નક જીવો પૂર્વ અને પશ્ચિમ દિશામાં નિયમથી હોય છે. તથા દક્ષિણ અને ઉત્તર દિશામાં તેમની ભજના જાણવી. કારણ આપતા કહ્યું કે દુષમદુષમાદિ કાળમાં ભરત તથા ઐરાવત ક્ષેત્રમાં સર્વવિરતિનો ઉચ્છેદ મનાયો છે. વિદિશાઓમાં બન્ને પ્રકારના જીવો નથી. કેમ કે વિદિશાઓ એક પ્રદેશિક છે તથા ઉર્ધ્વ અધોદિશા ચતુષ્પ્રદેશિક છે માટે તેમાં જીવોની અવગાહના માન્ય નથી. જ્યારે ૧૮, પ્રકારે ભાવદિશા છે. સંમૂર્ચ્છિમ મનુષ્યો, ગર્ભજ કર્મભૂમિ મનુષ્યો, ગર્ભજ અકર્મભૂમિ મનુષ્યો, પક-અન્તદ્વીપજ મનુષ્યો. (૪) બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચતુરિન્દ્રિય અને પંચેન્દ્રિયો (ચાર પ્રકારના તૈર્યંચો) પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ (ચાર પ્રકારના સ્થાવર) અગ્રબીજ, મૂળ બીજ, પર્વબીજ, સ્કન્ધ બીજ (ચાર પ્રકારની વનસ્પતિ) નરકગતિ, દેવગતિ આદિ ઉપર પ્રમાણે ૧૮ પ્રકારની ભાવદિશા કહેવાય છે. તેમાં ચારે

સ્થાવર અને ચારે વનસ્પતિ સ્વરૂપ ભાવદિશામાં ચારે સામાયિકના માલિકો, પૂર્વપ્રતિપન્નક અને પ્રતિપદ્યમાન પણ નથી. કેમ નથી ? જવાબમાં જણવાનું કે ચારે ગતિઓમાં મનુષ્યગતિને મોક્ષનું દ્વાર એટલે કે જંકશન તુલ્ય અને દેવદુર્લભ કહી છે. પુણ્યાતિશયના કારણે મેળવેલ મનુષ્યાવતારમાં, સીમાતીત, અર્થાત્ જૈનત્વની મર્યાદાને સમ્પૂર્ણતયા દેશવટો આપી, વિષયવાસના વશ, લોભાન્ધ કે સ્વાર્થાન્ધ બનીને જૂદી જૂદી જાતની ઉમ્રની સ્ત્રીઓના ભોગવિલાસોમાં જીન્દગીને ખપાવી દેનાર તથા અસંખ્યાત જીવોનું હનન, મારણ થાય તેવા પ્રકારની તલ, મગફળી અને કપાસિઆ આદિ ઓઈલ મીલો, તેજાબ, સાબુ અને કેમિકલના વ્યાપારો, કપડા, સણ આદિની મોટી મોટી મીલો, જંગળોના ઠેકા લઇ કોળસા પડાવવા, ઝાડો કપાવવા તથા બિલ્ડર થઇને મોટી મોટી બિલ્ડીંગો બંધાવવી આદિ ૧૫ કર્માદાનોમાં દયા રહેતી નથી. ધર્મના સંસ્કારો રહેતા નથી,,ટકતા નથી અને ક્રૂર, ઘાતકી, પ્રપંચી જીવનના માલીકોમાં સમકિત - સમ્યગ્દર્શન હોતું નથી. હોય તો પણ મૃત્યુ સમયે વમન થયા વિના રહેતું નથી. આવી સ્થિતિમાં તેવા જીવોનો અવતાર એકેન્દ્રિય યોનિ સિવાય બીજે ક્યાંય પ્રાય: કરીને નથી અને ત્યાં ગયેલો જીવ એટલે કે એકેન્દ્રિયાવતારને પામેલો જીવ કેટલીય ચૌવિસીઓ થયા પછી પણ બહાર આવતો નથી. આ કારણે જ પરમાત્માએ કહ્યું કે, માનવ ! ચાર દિવસના ચાંદના જેવા સંસારને

છેવટે તો હાથ ઘસીને છોડવો પડશે. માટે ધાર્મિક બનજે, શ્રદ્ધાલુ બનજે અને વ્રતધારી બનવા માટે અભ્યાસ કરજે.

બે, ત્રણ અને ચાર ઇન્દ્રિય સમ્પન્ન અપર્યાપ્તક જીવોને સમ્યક્ત્વ અને શ્રુત સામાયિકમાં પૂર્વપ્રતિપન્નક હોય છે કેમ કે સાસ્વાદ સમકિતી જીવનો ઉત્પાદ ત્યાં માન્ય છે. આ સ્થાને ઉપદેશશ્રવણ આદિનો અભાવ હોવાથી પ્રતિપદ્યમાન જીવો નથી તથા દેશવિરતિ અને સર્વવિરતિ ઘરો પણ નથી. પંચેન્દ્રિય તિર્યંચોમાં સમ્યક્, શ્રુત અને દેશવિરતિઘરો પૂર્વપ્રતિપન્નક હોય છે. જ્યારે પ્રતિપદ્યમાન જીવો માટે ભજના જાણવી. સર્વવિરતિઘરો બંને પ્રકારે નથી. નરક, દેવ અને અકર્મભૂમિમાં પૂર્વના બે સામાયિકોમાં પૂર્વપ્રતિન્નક જીવો હોય છે. પ્રતિપદ્યમાન જીવો કદાચ હોય કે ન હોય. કર્મભૂમિ મનુષ્યોમાં ચારે સામાયિક પ્રતિપન્નકો હોય છે. પ્રતિપદ્યમાન ભાજ્ય છે, અને સંમૂર્ચ્છિમ મનુષ્યોમાં ચારે સામાયિકોના પૂર્વ અને પ્રતિપદ્યમાન જીવો નથી. આવી રીતે બીજા દ્વારો અને ૧૬માં દ્વારના ૩૬ અન્તદ્વારોને અન્યત્ર જાણવાનો પ્રયાસ કરવો. (૧૬)

સત્તરમું દ્વાર 'કેષુ' અર્થાત્ કયા દ્રવ્યોમાં અને કંઈ પર્યાયોમાં સામાયિક પ્રાપ્તિ થાય ? જવાબમાં કહેવાયું કે સમ્યક્ત્વ સામાયિક સર્વે દ્રવ્યો અને પર્યાયોની શ્રદ્ધાવાળું હોય છે. મતલબ કે બધા દ્રવ્યો અને પર્યાયોની શ્રદ્ધામય હોય છે. શ્રુતસામાયિકને સર્વે પયાર્યોનો નિષેધ છે. કેમ

કે અભિલાપ્ય અને અનભિલાપ્ય સ્વરૂપે પદાર્થો બે પ્રકારે છે. તેમાંથી અનભિલાપ્ય ને શ્રુત ગ્રહણ કરતું નથી. તેવી રીતે ચારિત્ર માટે પણ જાણવું. જ્યારે દેશવિરતિ બંનેને એટલે દ્રવ્ય તથા પર્યાયને ગ્રહણ નથી કરતું. 'देशविरइं पडुच्च, दोण्हवि पडिसेहणं कुज्जा' દેશવિરતિધરનું ચારિત્ર દ્રવ્ય તથા પર્યાયમાં શા માટે પ્રવેશતું નથી. તે બહુશ્રુત પાસેથી જાણવું. (૧૭)

सामायिकं कथं प्राप्यते ?....

સામાયિકને પ્રાપ્ત થવામાં "મનુષ્યત્વ, આર્યક્ષેત્ર, જાતિ, કુળ, રૂપ, આયુષ્ય, બુદ્ધિ, ધર્મશ્રવણ, ધર્મધારણ, શ્રદ્ધા, સંયમ, ભવભવાન્તરમાં રખડતા જીવને પુણ્યાતિશય પ્રાપ્ત થયા વિના ખાનપાન, કુટુંબ પરિવાર આદિની પ્રાપ્તિ પણ સુલભ હોતી નથી. તો પછી પાપ દ્વારોની નિવૃતિ સ્વરૂપ સામાયિક ધર્મની પ્રાપ્તિ તથા તેની ભાવ આરાધના મેળવવી હરહાલતમાં સરળ નથી. છતાં પણ મનુષ્યત્વાદિની પ્રાપ્તિ થયા પછી તેની પ્રાપ્તિ અને આરાધનામાં વાંધો નથી આવતો. મતલબ કે, સંસારની બધી પૌદ્ગલિક વસ્તુઓ પણ સર્વત્ર અને સર્વદા મળતી નથી, તો પછી આત્મિક વસ્તુને મેળવવા માટે આધ્યાત્મિક પુરૂષાર્થ કર્યા વિના બીજો માર્ગ કયો ? કેમ કે સામાયિક ધર્મ સીધે સીધો આત્મા સાથે સંબંધ રાખે છે. માટે આત્મિક વસ્તુ માટે આત્મિક પુરૂષાર્થ જ કામ લાગશે. માનવ શરીર

મળવું અને તેમાં ભાવદયા, ભાવક્ષમા પૂર્વકની દ્રવ્ય અને ભાવ પાપોની નિવૃત્તિ દ્વારા માનવતા મેળવવામાં શરીરની તાકાત કામે આવતી નથી પણ જગૃત થયેલા આત્માની અદમ્ય શક્તિ કામે આવે છે. અનાર્ય ક્ષેત્ર કરતાં આર્ય ક્ષેત્ર, અનાર્ય જાતિ અને કુળ કરતાં આર્યજાતિ અને કુળ હજારો ગુણા શ્રેષ્ઠ એટલા માટે છે કે આ સ્થાનોમાં અહિંસાદિની આરાધના પ્રત્યે ભાવોત્પતિ થતાં વાર લાગતી નથી. રૂપોપત્તિ સાથે શરીરની નિરોગી અવસ્થા મનને ઇન્દ્રિયોને સ્વસ્થ રાખવામાં મદદગાર બનશે. પરિણામે "स्वस्थेचित्ते सर्वं स्वस्थम्" આ ન્યાયે શરીરરૂપી ભાડાના મકાનમાં રહેલો આત્મા પણ સ્વસ્થ બનવા પામશે. સાથે સાથે આર્ત્તધ્યાન તથા રૌદ્રધ્યાન વિનાનો બનશે. અને ફરીથી મારે દુર્ગતિમાં જવું નથી, પરમાધામીઓની માર તથા યમદૂતોના ડંડા ખાવા નથી, માવડીઓની ગંદી કોટડીમાં નવ મહિના સુધીનો કારાવાસ ભોગવવો નથી અર્થાત્ જન્મ મરણના ફેરામાંથી મારો આત્મા મુક્ત થાય તે માટે સદ્બુદ્ધિના વિકાસમાં આગળ વધશે. જેના સહવાસમાં આવતાં જ અહિંસા-સંયમ અને તપોધર્મ સ્વરૂપ દેશના (વ્યાખ્યાન) સાંભળશે. સાંભળેલી વાતોને હૈયામાં ધારી રાખશે. જેના કારણે સદ્વિવેક નામના ધર્મની પ્રાપ્તિ થતા વાર લાગશે નહીં. ધર્મની માતા દયા છે અને પિતા વિવેક છે. માટે બન્ને માનવીય ગુણોમાંથી સદ્ધર્મ નામના પુત્રની પ્રાપ્તિ સુલભ બનશે. ફળસ્વરૂપે આત્મામાં અદ્ભુત સર્વથા

અદ્‌ભુત સંયમ અર્થાત્ પાપોની, પાપ દ્વારોની, પાપી ચેષ્ટાઓની નિવૃત્તિ થશે. મતલબ કે દ્રવ્ય અને ભાવની શુદ્ધિ વધતા જ સામાયિક સાર્થક બનશે. (૧૮)

કાળદ્વારની વાત કરતાં સૂત્રકારે કહ્યું કે શ્રુત અને સમ્યગ્‌ની મર્યાદા ૬૬ સાગરોપમની છે. અને વિરતિની કંઈક ઓછી પૂર્વકોટિની મર્યાદા છે. પ્રથમના ત્રણ જઘન્ય સ્થિતિ અન્તર્મુહૂર્તની અને સર્વવિરતિની એક સમયથી છે, કારણ કે જે સમયમાં મહાવ્રત ઉચ્ચર્યા અને બીજા સમયે જ આયુષ્યનો ક્ષય કદાચ થાય તેથી એક સમયની કહી છે.

આ રીતે બીજા દ્વારો બહુશ્રુત પાસેથી જાણવા.

ઉપોદ્‌ઘાતનિર્યુક્તિ અનુગમનું પ્રકરણ પૂર્ણ થયું.

સૂત્ર સ્પર્શક નિયુક્તિ અનુગમ.

એટલે અસ્ખલિત, અમીલિત અવ્યત્યામ્રેડિત, પ્રતિપૂર્ણ શબ્દ, કંઠોષ્ઠ વિપ્રમુક્ત અને ગુરૂવચનોપગત રૂપે અણિ શુદ્ધ સૂત્રનું ઉચ્ચારણ કરવું તે સૂત્રસ્પર્શક નિર્યુક્તિ અનુગમ કહેવાય છે. આ શબ્દો આવશ્કના પ્રકરણમાં સ્પષ્ટ કર્યા છે, ત્યાંથી અર્થો જાણી લેવા.

આ ઉપરાન્ત સૂત્ર સંબંધી બીજા પણ દોષોનો પરિહાર કરવો જરૂરી છે. કહ્યું પણ છે કે જેમાં સૂત્ર લઘુ હોય, અર્થ મહાન હોય, ૩૨ દોષ રહિત હોય, ૮ ગુણ યુક્ત હોય આટલા લક્ષણો વાળું સૂત્ર કહેવાય છે જેમ કે :-

"उत्पादव्यय ध्रौव्ययुक्तं सत्" આ સૂત્રમાં અર્થદોષ, શબ્દદોષ અને સિદ્ધાન્ત દોષ પણ નથી. કેમ કે ઉત્પાદ અને વ્યય વિનાનું સત્ હોતું જ નથી. તેમ સત્ માત્રને ઉત્પાદવ્યય હોય જ છે. માટે આ સૂત્રમાં આગળ કહેવાશે તે ૩૨ દોષમાંથી એક પણ દોષ નથી. માટે અણિશુદ્ધ સૂત્ર છે ?

સૂત્રના બત્રીસ દોષ કયા ?

આ દોષોને અનુક્રમે જાણીએ.

(૧) અલીક :- એટલે અસત્ય જે અભૂતોદ્ભવન અને ભૂતનિનવ નામે બે પ્રકારે છે. જેમ કે — "जगत्कर्ता ईश्वरः" આમાં ઇશ્વરને જગત્કર્તા માનવો તે અસત્ય પ્રલાપ છે. તેવી રીતે સૌ કોઇને સ્વસંવિદ હોવા છતાં 'આત્મા નથી' તે વિદ્યમાન વસ્તુનો અપલાપ રૂપ ભૂતનિહ્નવ અસત્ય વચન છે.

(૨) ઉપઘાત :- જગતના જીવોનો વધ થાય તેવા સૂત્રો જેમ કે — "वेदविहिता हिंसा, हिंसा न भवति" આ સૂત્રના કારણે જગતભરમાં પંચેન્દ્રિય મૂંગા પ્રાણીઓ અસંખ્યની સંખ્યામાં પ્રતિદિન યમસદન પહોંચી રહ્યાં છે.

(૩) નિરર્થક દોષ :- ક્રમ બરાબર હોય પણ અર્થ શૂન્યતા સ્પસ્ટ દેખાતી હોય. જેમ કે 'અ આ ઇ ઈ....' આવા સૂત્રો

નિરર્થક મનાયા છે.

(૪) અસંબદ્ધ :- જેમાં અર્થની સંગતિ રતિમાત્ર ન હોય. જેમ કે 'દશ દાડમ' આમાં દશને દાડમ સાથે અને દાડમને દશ સાથે અર્થસંગતિ નથી.

(૫) છલદોષ :- જેમાં અનિષ્ટ અર્થની સંભાવનાથી વિવક્ષિત અર્થનો અપલાપ કરાતો હોય, જેમ કે — "नवकम्बलोऽयं" કહેવાવાળાનો આશય છે કે આ માણસ પાસે નવ એટલે નૂતન કંબલ છે પણ આ અર્થનો અપલાપ કરી... આ માણસ પાસે નવ સંખ્યાના કંબલ છે. આ છલદોષ કહેવાય છે.

(૬) દ્રુહિલદોષ :- જેનાથી ભોલાભદ્રિક શ્રદ્ધાલુઓ ભોળવાઈને ઉન્માર્ગે જાય, જેમ કે —

"एतावादेव लोकोऽयं यावान्द्रियगोचरः ।
भद्रे ! वृकपदं पश्य, यद्वदन्ति-अबहुश्रुताः ॥
पिबरवादच चारुलोचने, यदतीतंवरगात्रि ! तन्नते ।
नहिभीरु ! गतं निवर्तते, समुदयमात्रमिदं कलेवरम् ॥

અર્થ :- જે આંખે દેખાઈ રહ્યો છે, આટલો જ સંસાર છે. પુણ્ય પાપ નથી. માટે મન આવે તે ખાવ, પી, મોજ મજા કર, કેમ કે વીતી ગયેલો ભૂતકાળ તારો નથી. આવા સૂત્રો દ્રુહિલદોષ વાળા હોવાથી સર્વથા ત્યાજય છે.

(૭) નિરસાર :- યુક્તિરહિત સૂત્ર જેમ શૂન્યવાદ.

(૮) અધિક દોષ :- એક હેતુ અને એક દષ્ટાન્તથી વાત સમજાઈ જાય છે તો પણ "अनित्यः शब्दः कृतकत्वात् प्रयत्नान्तरीयकत्वात् घटवत् पटवत्:" આમાં બે હેતુની જરૂર નથી.

(૯) હીન દોષ :- હેતુ અને દષ્ટાન્તથી હીન હોય. જેમ કે- "अनित्यः शब्दः घटवत्, આમાં હેતુ નથી, "अनित्यः शब्दः कृतकत्वात् આમાં દષ્ટાન્ત નથી માટે હીન દોષ કહેવાય છે.

(૧૦) પુનરૂક્ત દોષ :- જે વાત પ્રસિદ્ધ હોય તેને ફરીથી કહેવી. જેમ કે — "पीनोऽयं देवदत्तः दिवा न भुंक्ते" તગડો દેવદત્ત દિવસે ખાતો નથી.. આટલા શબ્દો પૂર્ણ હતાં. કેમ કે આનાથી ભાવ સમજાઈ જાય છે કે - દિવસે ખાતો નથી છતાં દેવદત્ત પુષ્ટ છે. માટે રાત્રે ખાતો હશે ? છતાં रात्रौ भुंक्ते આ શબ્દો વધારાના છે. 'स्वागतम्' શબ્દમાં આવનારનો બહુમાન સચવાઈ જાય છે. ત્યારે 'सुस्वागतम्' માં 'सु' શબ્દ વધારે લગાડવાથી કયો ફાયદો...?

(૧૧) વ્યાહત દોષ :- જ્યાં પૂર્વથી પરનો વિરોધ હોય જેમ કે, "કર્મ છે, ફળ છે, પણ કર્મોનો કર્ત્તા કોઇ નથી. આ સૂત્ર પૂર્વાપરમાં વિરોધી છે, કેમ કે કર્મ છે ફળ છે. પછી તેનો કર્ત્તા કોઇ નથી. આમ બોળવું ઠીક નથી.

(૧૨) અયુક્ત દોષ :- બોલવામાં કે લખવામાં અયુક્ત દોષ એટલે જે વાત તલમાત્ર યુક્ત નથી એટલે બંધ બેસતી નથી. જેમ કે, "હાથીઓના ગંડસ્થળમાંથી મદનો પ્રવાહ એટલો હતો જેથી નદીમાં પૂર આવ્યો અને તેમાં હાથી ઘોડા

તણાઇ ગયાં અથવા મુનિ ભગવંતના દર્શન વન્દન કરી શ્રાવકોની હર્ષ પૂર્ણ આંખોમાંથી એટલા બધા આંસુઓ ટપકી પડયાં કે આખો ઉપાશ્રય પાણીથી ભરાઇ ગયો.

આ બંન્નેમાં અયુક્ત દોષ છે. વાક્છટા અને વક્તૃત્વતા પણ મર્યાદામાં રહે ત્યાં સુધી સારી.

(૧૩) ક્રમનું ધ્યાન રાખ્યા વિના વાત કરવી. જેમ કે 'श्रोत्रचक्षुर्घ्राणरसनस्पर्शनानां विषयाः' આમાં પાંચે ઇન્દ્રિયો જે ક્રમમાં છે તો તેના વિષયનું પ્રતિપાદન ક્રમપૂર્વક હોય તો સારૂં.

(૧૪) વચનભિન્નતા :- જેમ 'वृक्षाः ऋतौ पुष्पितः' અહીં 'पुष्पिता' શબ્દ જોઇએ.

(૧૫) વિભક્તિભિન્નં :- 'वृक्षः पश्य' ના બદલે वृक्षं શબ્દ જોઇએ.

(૧૬) લિંગભિન્નં :- 'अयंस्त्री' ના બદલે इयंस्त्री શબ્દ મૂકવો જોઇએ.

(૧૭) અનભિહિતં :- જે વાત સિદ્ધાન્ત માન્ય નથી તે માનવી. જેમ કે, "જૈન શાસનમાં જીવ અજીવ રાશિ બે પ્રકારે છે. પણ નોજીવ નોઅજીવની કલ્પના કરવી દોષ છે.

(૧૮) વિભક્તિ રહિત શબ્દનો પ્રયોગ વ્યાકરણ દૂષિત છે.

(૧૯) સ્વભાવદોષ :- વસ્તુના સ્વભાવથી વિપરિત જેમ કે અગ્નિ ઠંડી છે. આકાશ રૂપી છે.

(૨૦) વ્યવહિત :- પ્રકૃત એટલે ચાલુ વિષયમાં બીજો વિષય ઉતારવો.

(૨૧) કાળ દોષ :- ભૂતકાળના પ્રયોગને વર્ત્તમાનકાળમાં મૂકવો.

(૨૨) યતિ દોષ :- ગાથા, આર્યા કે શ્લોકમાં જયાં વિરામ લેવો હોય ત્યાં ન લેવો આનાથી રાગ તૂટી જશે. રાગ તૂટતા સંગીત તૂટશે. અનં સંગીત તૂટતાં કર્મોની નિર્જરાનો ભાસ અભરાઇએ મૂકાશે. તેવી રીતે સ્તવન, સઝ્જાયમાં પણ સંગીત તોડશો નહીં.

(૨૩) છવિદોષ :- ભાષા સુંદર બને તે માટે થોડા વિશેષણો મૂકીને ભાષા પ્રયોગ કરવો. બાલોઘાવતિ ના બદલે શોભનો બાલો ઘાવતિ.

(૨૪) સમય વિરુદ્ધ :- સ્યાદ્વાદનો સિદ્ધાન્ત જૈન શાસનનો હોવાથી પોતાની ભાષામાં સ્યાદ્વાદને ભૂલી ન જવાય. અન્યથા હઠાગ્રહ, કદાગ્રહ, મિથ્યાગ્રહ ભાગ્યમાં રહેશે.

(૨૫) વચનભંગ :- બંડળ ફ્રેક વાત કરવી.

(૨૬) અર્થપત્તિદોષ :- ગામના કે મારા કૂતરાને મારશો નહીં. આમ બોલવામાં બીજા બધા કૂતરા કે પશુઓને

મારવામાં બાધ નથી. પ્રકારાન્તરે બીજા જીવોની હત્યાની ભાષા પણ દોષ છે.

(૨૭) અસમાસ દોષ :- સમાસયુક્ત મહાવીર શબ્દ ઠીક છે. પણ મહાન વીર ઠીક નથી.

(૨૮) ઉપમા દોષ :- મેરૂને સરસવની ઉપમા ન દેવાય.

(૨૯) રૂપક દોષ :- અવયવીના વર્ણનમાં અવયવનું વર્ણન કરવું.

(૩૦) નિર્દેશ દોષ :- જે વાત તમે કહેવા માંગો છો તે નિર્દેશ પ્રમાણે જ બોલવી.

(૩૧) પદાર્થ દોષ :- 'સતોભાવઃ સત્તા' આમાં એટલે વસ્તુમાં રહેલી સત્તા જ તેની પર્યાય છે. જે અભિન્ન છે. પણ વૈશેષિકો તેને ભિન્ન માને છે.

(૩૨) સંધિ દોષ :- સંધિના નિયમ લાગુ પડતાં હોય તો સંધિ ન કરવી તે દોષ છે.

ઉપર પ્રમાણેના ૩૨ દોષોથી વિમુક્ત અને ૮ ગુણોથી યુક્ત સૂત્રયુક્તિયુક્ત છે. આનાથી આ વાત સ્વસમયની છે કે, પરસમયની છે ? સમજવામાં વાંધો આવશે નહીં. મતલબ કે સૂત્રોચ્ચાર નિર્દોષ હોય તો અર્થાધિકારની પ્રાપ્તિ થતાં વાર લાગતી નથી. કેમ કે કેટલાક અર્થાધિકારો ક્ષયોપશમની વિચિત્રતાને લઈ સૌ કોઈને અનાધિગત હોય છે. માટે સૂત્રોને બોલનારો સ્વચ્છા, અખંડિત શનૈ: શનૈ:

તથા મધુર કંઠે ઉચ્ચારણ કરશે તો સાંભળનારના હૃદયમાં આનન્દનો અતિરક થતાં ક્ષયોપશમની પ્રાપ્તિ પણ સુલભ રહેશે. અને બીજા જીવોને ક્ષત્રયોપશમ કરાવવા જેવી નિર્જરા બીજી કંઈ હોઈ શકે ?

છેવટે —

"संहिया य पयं चेव पयत्थो पयविग्गहो ।
चालणा य पसिद्धी य, छव्विहं विद्धिलक्खणं ॥

(૧) संहिया :- અસ્ખલિત રૂપે પદોનું ઉચ્ચારણ કરવું. જેમ 'करेमि भंते सामाइअं'

(૨) पयं :- આમાં ત્રણ પદો છે. ૧ કરેમિ, ૨ ભંતે અને સામાઇઅં ત્રીજું પદ છે.

(૩) पयत्थं :- આ પદો દ્વારા ૪૮ મિનિટ સુધી સાવદ્યનો ત્યાગ કરવાની પ્રતિજ્ઞા સ્વીકારે છે. 'समस्य आयः समायः समाय एव सामायिकं.

(૪) पयविग्गहो :- પ્રકૃતિ અને પદનું વિભાગીકરણ કરવું.

(૫) चालणा :- પોતાની મેળે જ શંકાઓ કરવી અને સમાધાન મેળવવું.

(૬) पसिद्धी :- પછી મૂળ વાત ઉપર આવી જવું.

★★★ અનુગમ પ્રકરણ પૂર્ણ થયું. ★★★

નય પ્રકરણ

અનુયોગના ઉપક્રમ, નિક્ષેપ, અનુગમ અને નય - આ ચાર દ્વારો છે. તેમાંથી આદિના ત્રણ સવિસ્તર ચર્ચાઇ ગયા પછી હવે નયનો અવસર છે. નૈગમ, સંગ્રહ વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત આદિ સાતની સંખ્યામાં નયો છે. તેમાં પહેલા ચાર આર્થિક અને છેલ્લા ત્રણ શાબ્દિક નયો છે. બીજી રીતે પણ દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક, ત્રીજી રીતે વ્યવહાર અને નિશ્ચય રૂપે તથા ચોથા રૂપે જ્ઞાનનય અને ક્રિયા નયે પણ બે ભેદો છે. જે સ્યાદ્વાદમુદ્રામાં મુદ્રિત હોય ત્યારે સુનય અને એક બીજાના આશયને સમજ્યા વિના નિરપેક્ષ રીતે વાત કરે ત્યારે તે નયો દુર્નયસ્વરૂપને ધારણ કરે છે. સંસારને યદિ અમૃતમય બનાવવો હોય સમ્યક્જ્ઞાન પ્રાપ્ત કરવું હોય તો હંમેશાને માટે સૌ કોઇએ સાપેક્ષ ભાષાનો જ ઉપયોગ કરવો જોઇએ. કેમ કે પ્રત્યક્ષ દેખાતા સંસારમાં દ્રવ્યો એક સમાન નથી, પર્યાયો પણ એક સમાન નથી. તેમ પર્યાયોને ધાર્યા વિનાનું દ્રવ્ય પણ નથી અને દ્રવ્ય પણ પર્યાયોને અપનાવ્યા વિના કોઇને પણ કામમાં આવતું નથી. માટે જ પદાર્થના નિત્યનો, અનિત્યનો, શાશ્વત કે અશાશ્વતનો નિર્ણય કોરા દ્રવ્યની અપેક્ષાએ કે પર્યાયોની અપેક્ષાએ કરીએ તો. વાદ-વિવાદ, વિતંડાવાદ અને કુતર્કોની માયાજાલમાંથી ક્યારેય બહાર નીકલી શકવાના નથી. અને તેમ થયું તો પંડિતાઇ, મહાપંડિતાઇ, વાક્છટા, આદિ ઉમદા તત્ત્વો પણ

આપણા દેવદુર્લભ જીવનમાં સંવાદ સર્જી શકે તેમ નથી.

દ્રવ્યમાંથી પ્રયોગથી કે સ્વભાવથી અમુક પર્યાયોનો વ્યય થાય છે અને બીજા પર્યાયોનો ઉત્પાદ પણ સાથે જ થાય છે. મતલબ કે દ્રવ્યોમાં પર્યાયોનો ઉત્પાદ આજે થાય અને વ્યય કાળે થાય આવું કોઇ કાળે બની શકે તેમ નથી. મતલબ કે અમુક પર્યાયોનો ઉત્પાદ અને અમુક પર્યાયોનો વ્યય સાથે જ થાય છે. જે સૌ કોઇને સગી આંખે દેખાય તેવી વાત છે. આવી સ્થિતિમાં કોઇને નિત્ય જ અને બીજાને અનિત્ય જ કહેવું તે યુક્તિયુક્ત નથી. કેમ કે સંસારવર્તી એક પણ દ્રવ્ય સર્વથા નિત્ય નથી. તો અનિત્ય પણ નથી. જીવ શાશ્વત જ છે એટલે નિત્ય જ છે. તેમ પણ શી રીતે કહેવાય ? માટે સાપેક્ષ ભાષાનો વ્યવહાર કરીએ, જેમ કે :- માટી દ્રવ્યની અપેક્ષાએ ઘટ નિત્યપણ છે. કેમ કે, માટી, દ્રવ્યનો ક્યારેય નાશ થવાનો નથી, જયારે માટી દ્રવ્યમાં જે આકાર વિશેષ ઉત્પન્ન થયો છે તેને ઘટ કહેવાય છે. માટે ઘટ અનિત્ય પણ છે. સારાંશ કે માટી, સુવર્ણ, રૂ, જીવ, પીત્તલ, ચાંદી આદિ દ્રવ્યો છે જયારે ઘટ, બંગડી, ખમીસ, મનુષ્ય, હાંડો, કડા આદિ પર્યાયો છે. માટે દ્રવ્યાર્થિક નયે દ્રવ્યો ભલે નિત્ય રહ્યાં અને પર્યાયાર્થિક નયે પર્યાયોની અપેક્ષા રાખીને દ્રવ્ય અનિત્ય પણ કહી શકાય છે. આવી રીતે કર્મવશ બનેલો આત્મા ગમે તે ગતિઓમાં ભટકે તો પણ જીવદ્રવ્યને વાંધો

નથી પણ પર્યાયોના કારણે જીવની સંજ્ઞા બદલાતી રહે છે. જેમ કે – આ દેવ છે, માનવ છે, દેડકો, વાઘ, શિયાળ, કીડો, મકોડો, ગાય, ભેંસ કે નારક છે, તેવી રીતે આ ત્રિવેદી, ચતુર્વેદી, ઔદિચ્ય બ્રાહ્મણ, કાન્યકુબ્જ બ્રાહ્મણ, આ ઓસવાલ, પોરલવા, મારવાડી, ગુજરાતી, કોઠારી, બાહ્મના, ભંડારી, આદિ અગણિત પર્યાયોમાં જીવ તેનો તે જ છે. કેવળ પર્યાયો જ બદલાતા રહ્યાં છે અને આ પર્યાયોના પાપે, અભિશાપે, સુખ દુઃખ, સંયોગ તથા વિયોગ આદિ દ્વન્દ્વોને જીવ પોતે ભોગવી રહ્યો છે. પણ પર્યાયો જીવ નથી. પણ જડ છે. 'જયારે આત્મા ચૈતન્ય સ્વરૂપી છે અને જડ તથા ચૈતન્યનું મિશ્રણ જ સંસાર છે માટે જીવાત્મા ને જૂદા જૂદા શરીરો, વર્ણો, આદિ પર્યાયો ધારવા જરૂરી છે. મોક્ષમાં ગયેલા સિદ્ધાત્માઓ પણ અનન્ત જ્ઞાન, અનન્ત દર્શન, અનન્ત સુખ આદિના પર્યાયોના માલિક છે. મતલબ કે મુક્તાવસ્થામાં પણ જીવ, જ્ઞાનમય છે.

સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રાણિ મોક્ષમાર્ગ.

આ ત્રણે પદોમાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ચાહે ક્ષાયોપશમિક હોય કે ક્ષાયિક હોય, મુક્તિમાં જવા માટે તે કારણ છે. જયારે યથાખ્યાત નામે ક્ષાયિક ચારિત્ર તે કાર્ય છે. માટે દર્શનજ્ઞાનની આરાધનાનો ફળાદેશ ચારિત્ર છે. કંદોઈને ત્યાં તૈયાર થયેલા ઘેવર લાડવા જોયા, જાણ્યા,

પણ કેવળ જોયા જાણવા માત્રથી પેટ ભરાય તેમ નથી. માટે મની બેગ લઇ, કંદોઇને ત્યાં જઇ, લાડવા ખરીદવા રૂપ ક્રિયાઓ કર્યા વિના બીજો માર્ગ કોઇની પાસે નથી. અને ખરીદેલા લાડવા પેટમાં પધરાવવા એ જ ફળાદેશ છે.

આ રીતે મોક્ષ મેળવવા માટે દર્શનજ્ઞાનની આરાધના આવશ્યક છે અને જેમ જેમ કારણોમાં શુદ્ધતા, શુદ્ધરતા અને શુદ્ધતમતા વધતી જશે. તેમ તેમ મુક્તિ મેળવવા માટેનું યથાખ્યાત ચારિત્ર પણ પ્રાપ્ત થશે. જે ક્રિયા કલાપો વિધિ-અનુષ્ઠાનોનું ફળ છે.

લંગડો માણસ માર્ગને જોઇ શકે છે. પણ ચાલવાની ક્રિયા કરી શકવા માટે સમર્થ નથી. જ્યારે અંધ માણસ ચાલી શકે છે. પણ માર્ગને જોઇ શકતો નથી. એટલે કે જ્ઞાન વિનાનો છે. માટે સામે લાગેલી ભયંકર આગને અંધ માણસ જોઇ શકતો નથી અને લંગડો આગળ વધી શકતો નથી. પરિણામે બંનેને વિના મોતે મર્યા વિના બીજો કોઇ માર્ગ નથી.

આવી રીતે દર્શનજ્ઞાન વિનાનો માનવ અંધ છે અને ચારિત્ર વિનાનો લંગડો છે. શેષ વિસ્તારથી ટીકાથી જાણવો જે સુસ્પષ્ટ અને સરળ ભાષામાં છે.

★★★ અનુયોગ દ્વાર સૂત્ર સમ્પૂર્ણ. ★★★

ટીકાકાર પ્રશસ્તિ

પ્રાય: કરી અન્ય શાસ્ત્ર દૃષ્ટ સપૂર્ણ અર્થ આ ટીકામાં સંકલિત કર્યો છે. મતલબ કે, મારી બુદ્ધિની કલ્પનાનો એક પણ શબ્દ ઉમેર્યો નથી. તેમ છતાં પરકીય દોષના ત્યાગમાં અને ગુણોને સ્વીકારવામાં બુદ્ધિ સમ્પન્ન સજજન મહાશયો યદિ સૂત્રને ઉલંઘી કંઇ પણ લખાયું હોય તો મારા પર અનુગ્રહ કરી સુધારી લે, કારણ કે, મતિજ્ઞાનાવરણીય અને શ્રુતજ્ઞાનાવરણીય કર્મને વશ બનેલા છદ્મસ્થો ભૂલને પાત્ર છે. આ ટીકા દ્વારા મને કંઇ પણ પુણ્ય થયું હોય તેનું ફળ સર્વે ભવ્ય જીવો કર્મરજને ખંખેરી ને મુક્તિની મંજિલ પ્રાપ્ત કરી; સંસાર મુક્ત બનવા પામો.

હર્ષપૂરીય નામક ગચ્છમાં, ગુણરત્નોમાં રોહિણગિરિ, ગંભીરતામાં સમુદ્ર, ચારિત્ર ગુણની ઉંચાઇમાં પર્વત, સૌમ્યત્વમાં ચન્દ્રની તુલનામાં આવનારા જયસિંહ સૂરીશ્વરજી મ. થયાં. તેમની પરમ્પરામાં આચાર્યશ્રી અભયદેવ સૂરીશ્વરજી મ. થયા, જે નવાંગી ટીકાકાર નહીં પણ મલધારીય ઉપાધિ યુક્ત હતાં તેમના ચરણ કમળોમાં હું દીક્ષિત થયો. શિક્ષિત થયો અને શિષ્ટ જનની તુષ્ટિ માટે અત્યન્ત ઉપાદેય અનુયોગ દ્વાર સૂત્ર પર ટીકા બનાવી છે.

"લેખકની પ્રશસ્તિ"

દીર્ઘ તપસ્વી, નિર્મલ અને પરિપૂર્ણ કેવળજ્ઞાનના ધારક ચતુર્મુખે દેશનાદાયી, ચરમ તીર્થંકર, દેવાધિદેવ ભગવાન મહાવીર સ્વામીના પાટ પર બિરાજમાન પંચમ ગણધર શ્રી સુધર્માસ્વામીજી આદ્યપટ્ટધર હતા. અનુક્રમે જમ્બૂસ્વામી, પ્રભસ્વામી અને ૭૪,મી પાટે, શાસ્ત્રવિશારદ, જૈનાચાર્ય, નવયુગ પ્રવર્તક શ્રીમદ્વિજય ધર્મસૂરીશ્વરજી મ.

બિરાજમાન થયા.

''वृद्धिचन्द्रगुरोः पार्श्वे भावनगर संस्थिते ।
दीक्षितः शिक्षितो जातो, मुनिधर्मे समाहितः ॥१॥
संयम पालने श्रेष्ठो, गुप्ति समिति रक्षकः ।
अहिंसाधर्म रक्षायै, सदोद्यमी हितावहः ॥२॥
ज्ञानी ध्यानी तथा त्यागी, जितेन्द्रियः सदा शमी ।
आचार्यो धर्मसूरीशो, वर्ण्योऽभूज्जैन शासने ॥३॥
विद्याविजयः शिष्योऽभूद् - भव्यस्तस्य महात्मनः
वक्तृत्व शक्ति सम्पन्नः, प्रथितोऽस्ति महीतले ॥४॥
ब्रह्मनिष्ठः सदा दान्तोऽ हिंसा धर्म प्रचारकः ।
शासनदीपने ख्यातो, देहकान्ति सुशोभितः ॥५॥
एतादृशो गुरोः पादे करांची सिन्धदेशके ।
वेदांक द्वयमोक्षाब्दे (१९९४) वैक्रमे मृगमास के ॥६॥
शुक्लपक्ष दशम्याञ्च दीक्षितोऽस्मि स्वभावतः ।
अलसो मन्दबुद्धिश्च तथा प्यध्ययने श्रमी ॥७॥
अनुयोगस्य सूत्रस्य, यथामति विवेचकः ।
कुतोऽपि स्खलितोऽभूवंचेत् क्षाम्यो भवता तदा ॥८॥
सप्तबेदखद्विवर्षे (२०४७) आश्विनी पूर्णिमा दिने ।
अन्धेर्यो मोह मय्याश्च फलितोऽघ ममश्रमः ॥९॥
गुरुर्देवो, गुरुर्देवो, गुरुदेवो चगत्त्रये ।
गुरुकृपा प्रसादेन, सर्व समीहितं भवेत् ॥१०

મુંબઇ અંધેરી (ઇસ્ટ) શ્રી શંખેશ્વર પાર્શ્વનાથના ચરણસાન્નિધ્યમાં વિક્રમ સં.૨૦૪૭ ના પર્યુષણ પર્વાધિરાજદિવસે આ પ્રસ્તુત ગ્રન્થ પૂર્ણ થયો છે.

★★★★★

